આ. શ્રી વાદિદેવસૂરિ રચિત

શ્રી પ્રમાણનયતત્ત્વાલોક

(વિવેચન સાથે)



-: સંપાદિકા :-

પૂ. સા. શ્રી મહાયશાશ્રીજી મ. સા.

-: પ્રકાશક :-

આ. ઓંકારસૂરિ જ્ઞાનમંદિર-સૂરત

શ્રીમાન્-વાદિદેવસૂરિ-પ્રણિત

શ્રી પ્રમાણનયતત્ત્વાલોક

ષડ્દર્શનપ્રૌઢપંડિતશ્રીરામગોપાલાચાર્ય કૃત
બાલબોધિની ટીકા અને વિશદ ગુજરાતી વિવેચન સાથે

: સંપાદિકા :
પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.

: પ્રકાશક :
આ. ઉંકારસૂરિ જ્ઞાનમંદિર - ગ્રંથાવલી
આ. ઉંકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સુરત.

શ્રી પ્રમાણનયતત્ત્વાલોક

કર્તા : આ. શ્રી વાદિદેવસૂરિ મ.

Pramãnnay Tattvãlok

By. Achaary Shri Vadidevasooriji

વિ. સં. ૨૦૫૯ ઈ. સ. ૨૦૦૩

નકલ : ૧૦૦૦ મૂલ્ય : ૧૦૦ = ૦૦

: પ્રાપ્તિસ્થાન :

- **આ. ઉંકારસૂરિ જ્ઞાન મંદિર**
  આ. ઉંકારસૂરિ આરાધના ભવન
  સુભાષ ચોક, ગોપીપુરા-સૂરત-૩૯૫૦૦૧.
  ફોન. (૦૨૬૧) ૨૪૨૬૫૩૧
- **વિજયભદ્ર ચે. ટ્રસ્ટ**
  પાર્શ્વ ભક્તિનગર હાઈવે, ભીલડીયાજી,
  જી. બનાસકાંઠા-૩૮૫૫૩૦. ફોન : ૦૨૭૪૪ - ૨૩૩૧૨૯
- **આ. ઉંકારસૂરિ ધર્મોદ્યાન**
  વાવપથક ધર્મશાળા, તળેટી રોડ, પાલીતાણા. ફોન : ૦૨૮૪૮-૫૩૨૫૩
- **આ. ઉંકારસૂરિ ગુરુમંદિર**
  વાવપથકની વાડી, દશાપોરવાડ સોસા.,
  પાલડી ચાર રસ્તા, અમદાવાદ-૭. ફોન : ૦૭૯-૬૫૮૬૨૯૩

: મુદ્રક :

કિરીટ ગ્રાફીક્સ

૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર, ગોલવાડ, રતનપોળ, અમદાવાદ-૧.
ફોન : (O) ૫૩૫૨૬૦૨ (R) ૬૬૨૨૮૦૬

પ્રકાશકીય

આચાર્ય પ્રવર **વાદિદેવસૂરિજી** મ.સા.નો અનૂઠો ગ્રંથ **'પ્રમાણનય તત્ત્વાલોક'** બાલબોધિની ટીકા અને વિશદ ગુજરાતી વિવેચન સાથે પ્રગટ કરતાં અમને અતિ આનંદ થાય છે.

આ ગ્રંથ અને ટીકા જૈન ન્યાયને સમજવા માટેના પ્રારંભિક પાઠ્ય-પુસ્તક તરીકે અતિ ઉપયોગી છે. એની અનેક આવૃત્તિઓ પણ થઈ છે.

ટીકા સાથેના આ ગ્રંથનું સરળ-સરસ-પ્રવાહી ભાષાંતર વિવેચન વિદુષી સાધ્વીશ્રી **મહાયશાશ્રીજીએ** કર્યું છે.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશનનો લાભ **શ્રી વીલેપાર્લે શ્વે. મૂ. પૂ. સંઘ** તથા પૂ. સાધ્વી શ્રી **ધર્મરત્નાશ્રીજી** મ.ની પ્રેરણાથી **'શ્રી પંચ મહાજન ધર્માદા ટ્રસ્ટ -મંડાર'** ના જ્ઞાનખાતામાંથી અને પૂ. સા. શ્રી **પુષ્પમિત્રાશ્રીજી**ની પ્રેરણાથી **શ્રી અરિહંત એપાર્ટમેંટ તારદેવ-મુંબઇ શ્રાવિકા સંઘ**ના જ્ઞાનદ્રવ્યમાંથી લીધો છે. તે બદલ તેઓના આભારી છીએ.

અભ્યાસીઓને ઉપયોગી એવા આ વિવેચન સાથેના ગ્રંથનું પ્રકાશન થતાં એક બહુમૂલ્ય પુસ્તક સુલભ બન્યું છે. આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમને ગૌરવની લાગણી થાય છે. સહુ આનો ઉપયોગ કરી જૈન દર્શનના પદાર્થોની સમ્યક્ સમજ મેળવે એ જ અભિલાષા.

ટ્રસ્ટીગણ

ૐકારસૂરિ આરાધના ભવન

સૂરત.

પ્રમાણ-નય તત્ત્વાલોક

અર્થ સૌજન્ય

પૂ. સાધ્વીશ્રી ધર્મરત્નાશ્રીજીની પ્રેરણાથી

'શ્રી પંચમહાજન ધર્માદા ટ્રસ્ટ-મંડાર

જ્ઞાનદ્રવ્યમાંથી અને

પૂ. સાધ્વીશ્રી પુષ્પમિત્રાશ્રીજીની પ્રેરણાથી

શ્રી અરિહંત એપાર્ટમેંટ તારદેવ-મુંબઇ

શ્રાવિકા સંઘના જ્ઞાન દ્રવ્યમાંથી લાભ લીધો છે.

ધન્યવાદ !

શ્રી ચિંતામણી-પાર્શ્વનાથાય નમઃ

શ્રી સિદ્ધિ-ભદ્ર-ઊઁકાર-અરવિન્દ-યશોવિજય-મુનિચન્દ્રસૂરિભ્યો નમઃ

સંપાદકીય

શ્રી પ્રમાણનય તત્ત્વાલોક ગ્રન્થની શ્રી રામગોપાલાચાર્યકૃત બાલબોધિની ટીપ્પણીનો ભાવાનુવાદ શ્રી પરમકૃપાવતાર પરમાત્માના અનુગ્રહથી તથા ગુરુવર્યોની કૃપાથી પ્રાથમિક જૈન ન્યાયશાસ્ત્રના જિજ્ઞાસુ સમક્ષ મૂકતા આનંદ થઇ રહ્યો છે.

...પ્રકાશનની પૂર્વસન્ધ્યા...

આ ગ્રન્થનું પ્રથમવાર અધ્યયન સુરતમાં પંડિતવર્ય શ્રી ધીરુભાઇ પાસે કરવાનું થયું ત્યારે ઘણા બધા જ્ઞાનભંડારોમાં તપાસ કરાવવા છતાં પુસ્તક પ્રાપ્ત ન થયું તે સમયે ઝેરોક્ષ કોપી કરાવીને તેના આધારે અભ્યાસ પૂર્ણ કર્યો પરંતુ ત્યારે મનોભૂમિમાં એક બીજ પડ્યું કે આ ન્યાયશાસ્ત્રના જિજ્ઞાસુ અભ્યાસીઓને ઉપયોગી એવા પાઠ્યપુસ્તકનું પુનઃમુદ્રણ થવું જરૂરી છે, પછી તે બીજને અંકુરિત કરવામાં પૂજયશ્રીની પ્રેરણાના અમી સીંચાયા અને પરમાત્માની કૃપાથી ભાવાનુવાદ સાથે ગ્રંથરત્ન પુસ્તક સ્વરૂપે ફલિત થઇ અભ્યાસુઓ સમક્ષ પ્રસ્તુત થઇ રહ્યું છે.....

કૃતજ્ઞ ભાવની વ્યક્તિ...ઋણ સ્વીકૃતિ...ચરણે અગણિત નતિ...

- દિવ્યાંશીષદાતા, યુગમહર્ષિ શ્રી દાદા ગુરુદેવશ્રી **ભદ્રસૂરીશ્વરજી મહારાજા**
- ભાગવતી દીક્ષા દાતા, સદાય સ્વાધ્યાય અને સંયમની સુધાનું સિંચન કરનારા, ગુરુદેવ શ્રીમદ્‌વિજય **ઊઁકારસૂરીશ્વરજી મહારાજા.....**
- સ્વાધ્યાયૈકલક્ષી, સરલસ્વભાવી, પૂજ્ય આચાર્ય ગુરુદેવશ્રી **અરવિન્દસૂરીશ્વરજી મહારાજા.....**
- અનુભવના ઉદ્‌ગાતા, પ્રતિપળ પ્રસન્નતાનો પમરાટ જગાવનારા, સમયે સમયે અધ્યયન-અધ્યાપન લેખન માટેની પ્રેરણા-પ્રોત્સાહન આપનારા, પૂજ્ય આચાર્ય ભગવંત, ગુરુદેવ શ્રીમદ્ વિજય **યશોવિજયસૂરીશ્વરજી મહારાજા.....**

- પુસ્તક પ્રકાશન અંગેની તમામ જવાબદારી પોતાના શિરે લઈ, પોતાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ યોગ્ય સમયે સલાહ સૂચન દ્વારા સંશોધનના રસને ઉત્તેજિત કરનારા સંશોધન પ્રેમી વિદ્વદ્વર્ય પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**
- પરોપકારી તપસ્વી પૂજ્ય મુનિરાજ શ્રી **ચંદ્રયશવિજયજી મ.સા.**
- કાર્યમાં પ્રોત્સાહિત કરનારા વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી પૂ. **ભાગ્યેશવિજયજી મ.સા.** તથા પૂ. મુનિરાજ શ્રી **મહાયશવિજયજી મ.સા.**
- અજોડ આરાધિકા પૂ. દાદીગુરુણીશ્રી **મનકશ્રીજી મ.સા.**
- જીવનશિલ્પના ઘડવૈયા વાત્સલ્ય ગંગોત્રીસમા પૂ. ગુરુણીશ્રી **સુવર્ણાશ્રીજી મ.સા.**
- પુસ્તક પ્રકાશન અંગે દ્રવ્યવ્યય માટે મંડાર શ્રી જૈન સંઘને પ્રેરણા કરનારા સ્વાધ્યાયપ્રેમી પૂ.સા. શ્રી **ધર્મરત્નાશ્રીજી મ.સા.,**

તથા પૂ. સા. શ્રી **પુષ્પામિત્રાશ્રીજી મ.સા.** અનન્યોપકારિણી પરમહિતૈષિણી તપસ્વિની ગુરુમાતાશ્રી **સત્યરેખાશ્રીજી મ.સા.**

સર્વે પૂજ્યોના ચરણકજે ભાવભરી વંદના.....

...અવસરે કેમ વિસરાય...

આ ગ્રન્થનું અધ્યયન કરાવનાર તથા ઘણી પ્રવૃત્તિ વચ્ચે પણ સમય કાઢીને આ ભાવાનુવાદને સાદ્યન્ત તપાસી આપનાર તેમાં યોગ્ય સલાહ સૂચન આપનારા પંડિતવર્ય શ્રી **ધીરૂભાઈ**ની ઉપકાર સ્મૃતિ પણ સહેજે થઈ આવે છે. પુસ્તક પ્રકાશનના પ્રથમ પ્રયાસને કારણે તદ્યોગ્ય જાણકારીનો અભાવ હોવા છતા વિના મુશ્કેલીએ સુંદર રીતે મુદ્રણાદિને સૌષ્ઠવ આપનારા **કિરીટ ગ્રાફીક્સ**ના શ્રીયુત **કિરીટભાઈ, શ્રેણિકભાઈ,** આદિને આ અવસરે કેમ વિસરાય?

આ ભાવાનુવાદમાં છદ્મસ્થતા અનાભોગ, પ્રમાદને કારણે પરમપવિત્ર જિનાજ્ઞાને પ્રતિકૂળ કંઈ પણ થયું હોય અને કંઈપણ ક્ષતિ થઈ હોય તો એ બદલ મિચ્છામિ દુક્કડમ્ દેવાપૂર્વક સુજ્ઞજનોને તે ક્ષતિને ક્ષમ્ય કરવા વિનમ્રભાવે વિનંતી કરું છું.

વિર્લેપાર્લા-મુંબઈ
વિ.સં. ૨૦૫૮

લિ. પૂજ્ય પ્રસત્તિપાત્રી સત્યશિશુ

શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ઊંકાર-ભદ્રંકર-જનક-હ્રીંકાર વિજયેભ્યો નમઃ

પ્રસ્તાવના

આ. મુનિચન્દ્રસૂરિ

વાદિદેવસૂરિ મહારાજ રચિત પ્રમાણનયતત્ત્વાલોક ગ્રંથનું ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવું સુંદર વિવેચન પ્રસિદ્ધ થઈ રહ્યું છે તે ઘણાં હર્ષનો વિષય છે.

વિદુષી સાધ્વી શ્રી **મહાયશાશ્રીજી**એ ઘણાં અભ્યાસીઓને અધ્યાપન કરાવ્યા પછી આ વિવેચન લખ્યું છે. એટલે પ્રારંભિક અભ્યાસીને જરૂરી બધી વિગતો આમાં આવરી લેવાઈ છે.

પ્રમાણનયતત્ત્વાલોક ગ્રંથ ઉપર વ્યાખ્યા સાહિત્ય.

જો કે સ્વયં વાદિદેવસૂરિ મહારાજે સ્યાદ્વાદરત્નાકર નામની સ્વોપજ્ઞ વિશદ ટીકા લખી છે. આ ટીકા એના નામ મુજબ રત્નાકર-સાગર જેવી વિશાળ (૮૪૦૦૦ શ્લોક પ્રમાણ) છે. કમભાગ્યે એ સંપૂર્ણ મળતી પણ નથી[1] ?

સાગર જેવી આ ટીકાનું અવગાહન કરવા ગ્રન્થકારશ્રીના વિદ્વાન શિષ્ય આ. રત્નપ્રભસૂરિજીએ રત્નાકરાવતારિકા ટીકા લખી છે. તે પણ પ્રાથમિક અભ્યાસ માટે સુગમ નથી. આથી પં. **રામગોપાલાચાર્યે** આના ઉપર બાલાવબોધિની નામનું ટિપ્પણ લખેલું છે. તેની ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઈ છે.

ભટ્ટ રામચન્દ્રશાસ્ત્રીએ રચેલી અરુણમિત્રા ટીકાની પણ બે આવૃત્તિઓ હિંદી અનુવાદ સાથે પ્રગટ થઈ છે.

પં. મફતલાલભાઈના ગુજરાતી અનુવાદ અને વિશેષાર્થ સાથે વિ.સં. ૧૯૮૯માં પ્રમાણનય ગ્રંથ પ્રકાશિત થયેલો છે. જે અત્યારે અપ્રાપ્ય છે.

આ બધા કારણોસર પ્રમાણનયતત્ત્વલોક ઉપર ગુજરાતી ભાષામાં વિવેચનની જરૂર હતી જે પ્રસ્તુત પ્રકાશનથી પૂર્ણ થાય છે.

---

૧. પં. મફતલાલભાઈના જણાવ્યા મુજબ સ્વોપજ્ઞ લઘુટીકા પણ રચાઈ છે. (પ્રમાણનય-પ્રસ્તાવનામાંથી)

ગ્રંથ અને ગ્રંથકાર.

પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર તરીકે પ્રસિદ્ધ થયેલા આ ગ્રંથનું નામ પ્રમાણનયતત્ત્વાલોક છે. પરંતુ આ ગ્રંથ અલંકાર જેવો હોવાથી ગ્રંથના નામ સાથે અલંકાર શબ્દ જોડાઈ ગયો છે એવું તારણ મુનિશ્રી હિમાંશુવિજયજીએ રામગોપાલાચાર્યકૃત ટિપ્પણીવાળા સંસ્કરણની પ્રસ્તાવનામાં આપ્યું છે.[1]

પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર **એક અનૂઠો ગ્રંથ** છે. સમગ્રપણે પ્રમાણની ચર્ચા કરતો આવો ગ્રંથ મળવો મુશ્કેલ છે. **પોતાના સમય** સુધી રચાયેલા તમામ શ્વેતાંબર દિગંબર જૈન સાહિત્યનું અવગાહન કરી અહીં નવનીત પીરસ્યું છે. અને આ નવનીત એવી સુલલિત ભાષામાં રજુ કર્યું છે કે એના વાંચનમાં તર્કની કર્કશતા નહીં પણ સાહિત્યનો આસ્વાદ અનુભવી શકાય.

આઠ પરિચ્છેદ અને ૩૭૮ સૂત્રાત્મક આ ગ્રંથમાં આવતા વિષયોની જાણકારી અન્યત્ર અપાયેલા વિષયાનુક્રમમાંથી મળી રહે છે.

અહીં કેટલીક વિશેષ બાબતો જોઈએ.

પ્રાચીન ગ્રંથોમાં જ્ઞાનના પાંચ પ્રકારનું વિશદવર્ણન જોવા મળે છે. અહીં એની સપ્રમાણ સિદ્ધિ કરી છે.

પ્રમાણના બે પ્રકારોની ચર્ચા તત્ત્વાર્થ વગેરે સૂત્રોમાં કરવામાં આવી છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ અને અવધિજ્ઞાન વ. ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન હોવાનું જાણીતું છે. (आद्ये परोक्षम्, प्रत्यक्षमन्यत्) પણ અહીં આ ચર્ચા તાર્કિક ભૂમિકા ઉપર કરી છે.

ગ્રન્થ અને ગ્રન્થકારશ્રી વિષે ઘણાં વિદ્વાનોએ ઘણું લખ્યું છે.

પં. મફતલાલ ઝવેરચંદે જે ટુંકમાં લખ્યું છે કે તે આ પ્રમાણે છે :

ન્યાય વિષયક ચાલતી ભિન્ન ભિન્ન સર્વ દર્શનની ચર્ચાઓ અને ન્યાયના મુખ્ય મુદ્દાઓનો વાસ્તવિક સાંગોપાંગ ચિતાર આપવામાં આ ગ્રન્થ અજોડ છે. સંમતિતર્ક જેવા ગ્રંથોમાં અને બીજા કોઈ ગ્રન્થોમાં નહીં છેડાયેલા અનેક વિષયોને ને પોતાના કાળસુધી ચાલતાં દર્શન વિષયક મતભેદોને અત્યંત સાંગોપાંગ રીતે એકીકરણ કરી વાસ્તવિક ન્યાય જૈનોનું શું છે તે આ ગ્રન્થમાં તેમણે સચોટ પ્રતિપાદન કર્યું છે. (પ્રમાણનય૦ નાં ગ્રંથકારનો જીવન પરિચયમાંથી)

---

૧ આ પ્રસ્તાવનામાં વિદ્વાન મુનિરાજે સ્યાદ્વાદ રત્નાકર, રત્નાકરાવતારિકામાં **પ્રમાણનયતત્ત્વાલોક** એ પ્રમાણે પાઠ હોવાનો અને રત્નાકરાવતારિકાની આગ્રાની હસ્તલિખિત પત્રમાં પ્રથમ પરિચ્છેદના અંતે 'પ્રમાણનયતત્ત્વાલોક' એવો પાઠ હોવાનો ઉલ્લેખ કર્યો છે. જો કે સ્યાદ્વાદ રત્નાકર વગેરે મુદ્રિત પુસ્તકોમાં 'પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર' જ જોવા મળે છે.

ગ્રન્થકાર શ્રી વાદિદેવસૂરિ મ.

વિક્રમના બારમા સૈકામાં મંડાર નગરમાં વીરનાગ નામના પોરવાલ શ્રેષ્ઠિ વસતા હતા. શેઠાણીનું નામ જિનદેવી હતું. લગ્ન થયાને ઘણાં વર્ષો થયા પણ શેઠને કંઈ સંતાન ન હતું. શેરમાટીની ખોટના કારણે દંપતિ બેચેન હતા.

જન્મ : એક દિવસ જિનદેવીએ સ્વપ્નમાં ચંદ્રને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. સ્વપ્ન જોઈ શેઠાણી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા.

પરમાત્મા મહાવીર ભગવાનની ૪૦ મી પાટે થયેલા મહાન તપસ્વી આજીવન વિગયત્યાગી અને પ્રૌઢવિદ્વાન વડગચ્છીય આ. ભ. શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા. આ દિવસોમાં મંડારનગરમાં જ બિરાજમાન હતા. વીરનાગ આચાર્યશ્રીને પોતાના ઉપકારી માનતો હતો. આચાર્યશ્રીને સ્વપ્નનું ફળ પૂછ્યું.

આચાર્ય ભ. કહે : ''જગતને પ્રકાશ આપે એવો પુત્ર તમારે ત્યાં આવશે.''

શેઠ-શેઠાણીના આનંદનો પાર ન રહ્યો !

વિ.સં. ૧૧૪૩ મહાવદ ૬ સોમવારે હસ્તનક્ષત્રમાં શેઠાણી જિનદેવીએ પુત્ર-રત્નને જન્મ આપ્યો. સ્વપ્નમાં પૂર્ણ-ચન્દ્રને જોયેલો એટલે 'પૂર્ણચન્દ્ર' નામ પાડ્યું.

વખતને વીતતાં ક્યાં વાર લાગે છે. પૂર્ણચન્દ્ર આઠેક વર્ષનો થયો. નિશાળે બેસાડવાનો શેઠ વિચાર કરતાં હતાં. એવામાં એ પ્રદેશમાં દુષ્કાળ પડ્યો. ધંધારોજગાર મંદ પડ્યા.... એમાં મહામારીનો ઉપદ્રવ થયો... લોકો જીવ લઈને ભાગવા માંડ્યા.

વીરનાગ પરિવાર સાથે ભરૂચ પહોંચ્યો. આ. મુનિચન્દ્રસૂરિજી પણ આ સમયે ત્યાં હતા. વીરનાગને થોડું આશ્વાસન મળ્યું. આચાર્ય મ. ની પ્રેરણા થતાં શ્રાવકોએ વીરનાગને રહેવા વગેરેની સગવડ કરી આપી.

નવા ક્ષેત્રમાં નવો જ ધંધો કરવામાં મુશ્કેલી પડે તે સ્વાભાવિક છે. આઠ વર્ષનો પૂર્ણચન્દ્ર સમજદાર હતો. એ પણ મરી-મસાલાના પડીકા લઈ શેરીઓમાં વેચવા ફરતો.

ચમત્કાર : એક દિવસ એક શેઠના ઘેર ગયો તો ચોકમાં સોનામહોરના ઢગલા જોયા. એણે કહ્યું : શેઠ ! આમ સોનામહોરો ચોકમાં કેમ નાંખી છે ?'

શેઠને કોલસા દેખાતા'તા. પરંતુ એમને લાગ્યું આ બાળક ભાગ્યશાળી છે. એમણે કહ્યું : 'બેટા ! તું મને તારા હાથે ટોપલામાં ભરીને આપને, અને પૂર્ણચન્દ્રના હાથનો સ્પર્શ થતાં જ કોલસાના બદલે સોનૈયા દેખાવા માંડ્યા.

શેઠે બાળક પૂર્ણચન્દ્રને એક ખોબો ભરી સોનામહોર આપી. પૂર્ણચન્દ્રે પિતાને વાત કરી. પિતાએ આ. મુનિચન્દ્રસૂરિને વાત કરી.

દીક્ષા : આચાર્ય ભગવંત કહે : ''વીરનાગ ! તારો દિકરો લક્ષણવંતો છે. એ જો જિનશાસને સમર્પિત કરે તો મહાન પ્રભાવક બને.''

''ગુરુદેવ, અમારા વૃદ્ધ દંપતિનો આ એક માત્ર આધાર છે. છતાં આપ કહો તે માન્ય છે.''

આચાર્ય ભગવંત કહે : ''મારા ૫૦૦ સાધુઓ તારે પુત્ર સમાન સમજવા.''

શેઠ કહે : ''ભલે ગુરુદેવ. આ પુત્ર આપને સોંપુ છું.''

પૂર્ણચન્દ્રને પણ ગુરુદેવ પાસે બહુ ગમ્યું. એ ભણવા લાગ્યો. એકાદ વર્ષમાં એણે ઘણો અભ્યાસ કરી લીધો.

વિ.સં, ૧૧૫૨માં દીક્ષા આપવામાં આવી પૂર્ણચન્દ્ર બાલમુનિ રામચન્દ્ર બન્યા! આ. ભ. મુનિચન્દ્રસૂરિ મહારાજાએ વાદિવેતાલ આ. ભ. શાંતિસૂરિજી મ. પાસે અધ્યયન કરેલું. એમની પાસે થોડા વર્ષોના અધ્યયનમાં રામચન્દ્રમુનિ ન્યાય અને સિદ્ધાંતના મર્મજ્ઞ વિદ્વાન બની ગયા. વાદ કરવાની કળા એમનામાં સહજ ખીલેલી હતી. એમણે જિતેલા વાદિઓના નામ આ પ્રમાણે મળે છે. શિવસુખ (ધોળકા), કાશ્મિર સાગર (સાંચોર), ગુણચંદ્ર દિગંબર (નાગોર), શિવભુતિ (ચિત્તોડ), ગંગાધર (ગ્વાલિયર), ધરણીધર (ધારા), પદ્માકર (પુષ્કરિણી), કૃષ્ણ (ભરૂચ), ધીસાર (નરવર), વસુભૂતિ વગેરે.

વાદિદેવસૂરિ ચરિત્ર પ્રમાણે આ સમયે એમના ગુરુભાઈઓમાં વિદ્વાનો થયા જે રામચન્દ્રમુનિના મિત્રો હતા, તેમના નામ આ પ્રમાણે મળે છે. વિમલચંદ્ર, આશોકચંદ્ર, હરિચંદ્ર, પાર્શ્વચંદ્ર. શ્રી ત્રિપુટી મ. ના મતે આ નામો ની વિગત

આમ સમજવી. ઉપાધ્યાય વિમલચન્દ્ર, વડગચ્છના હરિભદ્ર, સોમચન્દ્ર (ક.સ. હેમચન્દ્રસૂરિ), ચન્દ્રસૂરિ (રાજગચ્છ), શાંતિસૂરિ (પિપ્પલગચ્છ સ્થાપક), અશોકચંદ્રસૂરિ (સુવિહિતગચ્છ), (જૈન પરંપરાનો ઇતિહાસ ભા.૨. પૃ. ૪૪૨)

આચાર્ય પદ : યુવાન મુનિ રામચન્દ્રમુનિની યોગ્યતા જોઇ આ મુનિચન્દ્રસૂરિ મ. એ તેમને વિ.સં. ૧૧૭૪ મહા. સુ. ૧૦ ના આચાર્યપદે આરૂઢ કર્યા. નામ રાખ્યું. આ. દેવસૂરિ

પરિવારમાં દિક્ષા : આ. દેવસૂરિજીના સંસારી સગાં-સબંધીઓમાંથી આ પ્રમાણે દીક્ષા થઇ છે. માતા, પિતા, ભાઇ [1]વિજય(વિજયસેનસૂરિ) બહેન સરસ્વતી, વિમલચંદ્ર ફઇ ચંદનબાળા.

પ્રતિષ્ઠા : ધોળકાના શેઠ ઉદયને શ્રીસીમંધરસ્વામિની પ્રતિમા ભરાવેલી. અટ્ઠમ કરી શાસનદેવીને પૂછતાં દેવીએ આ. દેવસૂરિજીના હસ્તે અંજનશલાકા કરાવવા સલાહ આપી. વિ.સં. ૧૧૭૫માં અંજન-પ્રતિષ્ઠા ઉદાવસહીમાં આચાર્યશ્રીના હસ્તે થયા.

વિહાર : આબૂ ચડતાં અંબાપ્રસાદ મહેતાને સાપ કરડ્યો. આચાર્યશ્રીના ચરણ-જલથી તેનું ઝેર ઉતરી ગયું.

સહુ હેમખેમ દેલવાડા પહોંચ્યા. શ્રી ઋષભદેવ ભ. ના દર્શન-વંદનાદિ કર્યા.

રાત્રે અંબિકાદેવીએ પ્રત્યક્ષ થઇ જણાવ્યું કે "આપના ગુરુ મ. નું આયુષ્ય હવે માત્ર આઠ માસ બાકી છે, માટે પાછા ફરો." આચાર્યશ્રીએ તરત નાગોર તરફનો વિહાર મુલતવી રાખ્યો પાટણ ગુરુ મ. ના સાંનિધ્યમાં પહોંચી ગયા.

આ. મુનિચન્દ્રસૂરિ મ. એ અનસન સ્વીકાર્યું વિ.સં. ૧૧૭૮ કા.વ.૮ના તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો.

સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય ચાલતું હતું. એક દિવસ ભાગવત દર્શનના પંડિત દેવબોધિએ રાજસભાના દ્વારે પાટિયું લગાવ્યું. તેમાં આ પ્રમાણે શ્લોક હતો.

एक-द्वि-त्रि-चतुः पञ्च-षण्मेनकमनेन का ? ।
देवबोधे मयि क्रुद्धे षण्मेनकमनेन कः ?॥

---

१. ઉપદેશમાળા દોઘટ્ટી ટીકા પ્રશસ્તિ જૂઓ.

વાદ કરવા માટેના દેવબોધિના પડકારને ઝીલવા કોઇ આગળ ન આવ્યું. છ મહિના વીતી ગયા. શ્લોકનો અર્થ કોઇ કરી શકતું નથી. રાજા સિદ્ધરાજને લાગ્યું કે પાટણની વિદ્વત્સભાની આમાં લઘુતા થાય છે. કોઇકે આનો અર્થ કરી આપવો જોઇએ.

અંબાપ્રસાદ નામના મંત્રિએ કહ્યું : રાજન્ ! આ. શ્રી દેવસૂરિજી મ. જબરા વિદ્વાન છે. અને તેઓશ્રી હમણાં પાટણમાં બિરાજમાન છે.

રાજાની વિનંતીથી આચાર્યશ્રી પધાર્યા.

શ્લોકનો અર્થ એમણે આ પ્રમાણે કર્યો.

'કોઇ દર્શન એક પ્રમાણ માને છે, કોઇ બે, ત્રણ ચાર, પાંચ કે છ પ્રમાણ માને છે. દેવબોધિ એવો હું ગુસ્સે થાઉં તો ષડ્દર્શનમાંથી એકપણ બાકી ન રહે.'

શ્લોકનો અર્થ સાંભળી દેવબોધિએ પણ કાનની બૂટ પકડી સ્વીકાર્યું કે આ અર્થ બિલકુલ સાચો છે.

આચાર્યશ્રીએ સિદ્ધરાજ જયસિંહ, નાગપુરના રાજા આહ્લાદન, કુમારપાલ વગેરે રાજાઓને પ્રતિબોધિત કર્યા હતા.

૩૫ હજાર અજૈનોને જૈન બનાવ્યા હતા. (ગચ્છમતપ્રબંધ પૃ. ૧૭૪)

વિ.સં. ૧૧૭૯માં પાટણમાં થાહડે ભરાવેલા જિનાલયમાં શ્રી મહાવીરસ્વામી ભ. આદિ બિંબોની પ્રતિષ્ઠા આચાર્યશ્રીના હસ્તે થઇ.

દિગંબર જોડે વાદ.

આ. દેવસૂરિજીએ વિ.સં. ૧૧૮૦નું ચાતુર્માસ કર્ણાવતીમાં સિદ્ધ નામના શ્રાવકના ઉપાશ્રયમાં કર્યું. દિગંબરાચાર્ય કુમુદચંદ્રનું પણ કર્ણાવતીમાં જ ચોમાસું હતું દિગંબરાચાર્યનું શાસ્ત્રીયજ્ઞાન વિશેષ નહોતું છતાં વાદ-વિવાદ કરવાની એની ઇચ્છા પ્રબળ હતી. આ પૂર્વે ૮૪ વાદ જિતેલ હોવાથી ઘમંડ પણ હતો.[1]

---

૧. (અહીં કેટલીક વિશેષતા અને કેટલોક ઘટનાભેદ પૂ. આ.ભ.શ્રી પ્રદ્યુમ્નસૂરિમ.સા.ના લેખના આધારે આ પ્રમાણે) પાટણમાં વાદ થયો તેના દોઢ-બે વર્ષ પહેલાં ચૈત્રવાલ નગરમાં એક શ્વેતામ્બરાચાર્ય શ્રી ધનેશ્વરસૂરિની સાથે, ત્યાં સ્થિરતા કરીને રહેલા એક દિગંબર આચાર્યે વાદ કરવાની તૈયારી કરી અને તેમાં એવી આકરી શરત (પણ) કરવામાં આવી કે જો દિગંબર હાર પામે તો અહીં રહેલા (૭૦૦) સાતસો દિગંબર સાધુએ શ્વેતાંબર પરંપરાનો સ્વીકાર કરવો. દિગંબર વાદી હાર્યા–સાતસો મુનિઓ શ્વેતાંબર પરંપરામાં ભળી શ્વેતાંબર સાધુઓ બની ગયા–તેમનો સમુદાય ચૈત્રવાલ ગચ્છ નામે જ ઓળખાવા લાગ્યો–આ આચાર્ય શ્રી ધનેશ્વરસૂરિજી જુદા છે. ➔

ચોમાસા દરમિયાન આ. દેવસૂરિ મ.સા. ને વાદ-વિવાદમાં ખેંચવા દિગંબરાચાર્યે ઘણાં પ્રયત્નો કર્યા. આ. દેવસૂરિજી પ્રશમરસનાં ભંડાર હતા. તેઓ ગુસ્સે ક્યારે પણ થતાં નહીં. દિગંબરાચાર્યે શિખવાડી મોકલેલા ચારણો વગેરેએ આ. દેવસૂરિજીને વાદ માટે ઉશ્કેરવા ઘણાં પ્રયત્ન કર્યો પણ બધાં નિષ્ફળ ગયા. માણિક્યમુનિએ કુમુદચન્દ્રે મોકલેલા ચારણોને જડબાતોડ જવાબ આપવા માંડ્યા પણ આચાર્યશ્રીએ એમને રોક્યા.

છેવટે આ. કુમુદચન્દ્રે આ. દેવસૂરિજીના એક વયોવૃદ્ધસાધ્વીજીને રસ્તા વચ્ચે ઊભા રાખ્યા. અને "દિગંબર મત સાચો છે. સ્ત્રીને મુક્તિ ન હોય. તમારો મત ખોટો છે. તમારા આચાર્યમાં શક્તિ હોય તો મારી જોડે વાદ કરે.." વગેરે બાબતો કહી.

વૃદ્ધ સાધ્વીજીને આ રીતે દિગંબરાચાર્ય રસ્તા વચ્ચે ઊભી રાખી આવી કદર્થના કરી તે ઘણું ખૂચ્યું. સાધ્વીજી તુરંત આ. દેવસૂરિ મ. પાસે આવ્યા.

અને શત્રુંજય મહાત્મ્યના રચયિતા ધનેશ્વરસૂરિજી જુદા છે. આ જે ઘટના બની એની ચોંટ દીગંબર પરંપરામાં ઊંડી લાગી–જ્યારે કુમુદચંદ્ર ભટ્ટારક ગાદીએ આવ્યા ત્યારે તેમણે મનમાં ગાંઠ વાળી કે એકવાર શ્વેતાંબરોને વાદમાં હરાવવાને તેમને દિગંબર બનાવવા–તેમણે રાજકીય વગપણ વધારેલી સિદ્ધરાજ જયસિંહ સાથે અને તેના અધિકારી વર્ગ સાથે પણ ઘરોબો કેળવેલો. થોડો વર્ષ રાહ જોઈ પણ કોઈ શ્વેતાંબરાચાર્ય એવા ન મળ્યા. વાદ કરવા મુરાદ બર લાવવા હલકો ઉપાય અજમાવ્યો એક વખત પાટણમાં એક વયોવૃદ્ધ સાધ્વીજી ગામ બહાર સ્થંડિલ ભૂમિએથી પાછા ફરતા હતા ત્યારે કુમુદચન્દ્ર ભટ્ટારકના માણસોએ તેમને રસ્તા વચ્ચે આંતર્યા અને તેમની પાસે નાચ કરાવ્યો–સાધ્વીજી દ્વારા પાટણના સંઘને કહેવામાં આવ્યું અને પાટણનો સંઘ રાજનગર (કર્ણાવતી)માં બિરાજમાન શ્રી દેવસૂરીશ્વરજી મહારાજ પાસે ગયો અને આ.દિ. કુમુદચન્દ્ર દ્વારા સાધ્વીજીના થયેલા અપમાનની વાત કરી. તે સાંભળીને શ્રી દેવસૂરીશ્વરજી મહારાજને ક્રોધ આવ્યો અને પ્રબંધમાં જણાવ્યું છે તે મુજબ શ્રી દેવસૂરીશ્વરજી મહારાજને જીંદગીમાં એક જ વાર ક્રોધ આવ્યો છે.–"જો શ્વેતાંબરો હારે તો બધા જ શ્વેતાંબરોએ દિગંબર બની જવું અને જો દિગંબર હારે તો દીગંબરોએ ગુજરાત છોડી જવું" આવી શરત મુકી. આવી વિચિત્ર શરત હોવા છતાં આચાર્ય શ્રીદેવસૂરીશ્વરજી મહારાજે સ્વીકારી. કુમુદચંદ્રના હૃદયમાં તીવ્ર દ્વેષ હતો તેથી અધિકારીઓને પુષ્કળ પૈસા આપીને જ્યારે શ્રી દેવસૂરીશ્વરજી અને તેમનું શિષ્યવૃન્દ સભામાં આવે ત્યારે તેમનું અપમાન કરવુ. એવું શીખવ્યું. મુખ પાસે મુહપત્તિ કેમ રાખે છે? કારણ કે તેમનાં મુખમાંથી દુર્ગંધ આવે છે. માટે રાખે છે. આવું કહીને પાછા કાઢે છે. આવા પ્રસંગે કવિ ચક્રવર્તી શ્રીપાળ બહુ જ સક્રિય બન્યા છે. રાજાને વાસ્તવિકતાથી માહિતગાર કર્યા વાદ જે થયો તેનો આંખે દેખ્યો અહેવાલ સંસ્કૃત સાહિત્યમાં ઐતિહાસિક નાટક કહેવાય તેવા મુદ્રિત કુમુદચન્દ્ર પ્રકરણમ્ નામના નાટકમાં કવિ યશચન્દ્રે આપ્યો છે.

ઠપકો આપતાં કહે : તમને મોટા આ. મા. (મુનિચન્દ્રસૂરિજી)એ શાસ્ત્રો અને ન્યાયના ગ્રંથો શા માટે ભણાવ્યા છે ? તમારા જેવા વિદ્વાન બેઠા હોય અને દિગંબરો અમારી વિડંબના કરે તો તમારી વિદ્વત્તા શા કામની ?''

આચાર્ય દેવસૂરિજીએ સાધ્વીજીને સમજાવી ઉપાશ્રયે મોકલ્યા. આ. કુમુદચન્દ્ર જોડે વાદ કરવો એવો નિર્ણય કર્યો. પણ, એ પાટણની રાજસભામાં, કર્ણાવતીમાં નહીં. કેમકે રાજધાની અણહિલપુર પાટણ હતી. સિદ્ધરાજની સભામાં વાદમાં વિજય મેળવવાથી શાસન-પ્રભાવના પણ ઘણી થાય.

પં. માણેકચંદ્ર પાસે પાટણના સંઘ ઉપર પત્ર લખાવ્યો. 'અમારી ઇચ્છા ત્યાં રાજસભામાં દિગંબર વાદી જોડે વાદ કરવાની છે.'

ખેપિયો પત્ર લઇ રવાના થયો નવ કલાકમાં પાટણ પહોંચ્યો.

સંઘે પત્ર વાંચ્યો. અને તરત ઉત્તર લખ્યો. આપ પાટણ પધારો. અમે પણ આપનો વિજય જોવા ઉત્સુક છીએ. આ કામ નિર્વિઘ્ને પાર પડે તે માટે મંગલ તરીકે અહીં ૩૦૭ શ્રાવક-શ્રાવિકાઓએ આયંબિલ શરૂ કર્યા છે.'

ચાતુર્માસ પૂર્ણ થયે આ. દેવસૂરિજીએ આ. કુમુદચન્દ્રને કહ્યું: ''શાસ્ત્રાર્થ કરવો હોય તો પાટણ આવો. પાટણની રાજસભામાં શાસ્ત્રાર્થ કરવા અમે તૈયાર છીએ.''


આ. કુમુદચંદ્ર કહે : ''ભલે, હું પણ પાટણ આવીશ.''

આ. દેવસૂરિએ વિહાર કર્યો. [1]વિજયના સૂચક સરસ શુકનો થયા. પાટણ પહોંચી સિદ્ધારાજને મળ્યા.

આ. કુમુદચન્દ્રે કર્ણાવતીથી વિહાર કર્યો ત્યારે અશુભ શુકનો થવા છતાં એને ગણકાર્યા વિના એણે પાટણમાં પ્રવેશ કર્યો.

---

૧ પ્રભાવક ચારિત્ર (૨૧/૧૩૬)મુજબ આ. દેવસૂરિજીની પ્રયાણ કુંડલી આ પ્રમાણે છે. (પ્રમાણનય : 'મુનિ હિમાંશુ વિ.ની પ્રસ્તાવના માંથી)



પાટણ પહોંચી રાજ્યના અગત્યના અધિકારીઓને લાંચ-રુશ્વત દ્વારા પોતાના તરફી બનાવવા પ્રયત્નો ચાલુ કરી દીધા, કેટલાક પંડિતો દિગંબર તરફી બની ગયા.

શેઠ થાહડ અને શેઠ નાગદેવને આ ઘટનાની ખબર મળતાં એમણે પણ આ પદ્ધતિએ પંડિતોને શ્વેતાંબર તરફી બનાવવા વિચાર્યું. પણ, આ દેવસૂરિ મ. એ કહ્યું : ધનના બળથી વિજય મેળવવાનો અર્થ નથી. તમે ચિંતા ન કરો. દેવ-ગુરુ કૃપાથી બધું સારું થશે.

રાજા સિદ્ધરાજે પંડિતો મોકલી બન્ને પક્ષના પ્રતિજ્ઞા પત્રો લખાવ્યા.

દિગંબરાચાર્ય કર્ણાટક બાજુના હતા. અને મીનળદેવીનું પીયર પણ કર્ણાટક હોવાથી આ. કુમુદચન્દ્રે મીનળદેવીનું વલણ પોતાના તરફ ફેરવ્યું હતું.

કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજીએ રાજમાતા મીનળદેવીને કહ્યું કે દિગંબરો એ સિદ્ધ કરવા માંગે છે કે સ્ત્રી ગમે તેટલો ધર્મ કરે તો પણ એ મોક્ષમાં જવા હકદાર નથી. જ્યારે અમે એ સિદ્ધ કરવા માંગીએ છીએ કે મોક્ષમાં જવા માટે સ્ત્રી પણ પુરુષ જેટલી જ અધિકારીણી છે. આ વાત જાણ્યા પછી મીનળદેવીએ પોતાનું વલણ તટસ્થ બનાવી દીધું.

વાદ પ્રારંભ

વાદ માટે વૈશાખ સુ.૧૫ વિ.સં. ૧૧૮૧નો દિવસ નક્કી થયો.

આ. દેવસૂરિજી, આ. હેમચન્દ્રસૂરિજી, આ. જયસિંહસૂરિ, આ. યશોભદ્રસૂરિજી, આ. શ્રીચન્દ્રસૂરિ, આ. રાજવૈતાલિક, વગેરે અને કવિ શ્રીપાલ વગેરે શ્રાવકો શ્વેતાંબર પક્ષે બેઠા અને સામે પક્ષે આ. કુમુદચંદ્ર અને ત્રણ કેશવ પંડિતો વગેરે બેઠા.

શાસ્ત્રાર્થને થોડી વાર હતી. આ કુમુદચન્દ્રમાં વધુ પડતો આત્મવિશ્વાસ હતો. આ. હેમચન્દ્રસૂરિ છત્રીસ વર્ષના નવયુવાન હતા. આ. દેવસૂરિજીની વય પણ આડત્રીસ વર્ષની હતી. આવા યુવાનીઆઓને વાદ-વિવાદનો શું અનુભવ હોય? એમ માની આ. કુમુદચન્દ્રે પૂછ્યું :

तक्र पीतम् ? છાશ પીધી છે ? છોકરાથી છાસ ન પીવાય એવું દિગંબરનું કહેવું હતું. આ. હેમચન્દ્રસૂરિ હાજર જવાબી. તરત ઇંટનો જવાબ પત્થરથી આપ્યો.

આખી વાત જુદા પાટે ચડાવી દીધી. અને કહ્યું **तक्रं तुं श्वेतं भवति।** છાસ ધોળી હોય છે. પીળી નથી હોતી. આ. કુમુદચન્દ્ર ગુસ્સે થયા : તું બાળક છે ? **बालोऽसि।** આ. હેમચન્દ્રસૂરિએ આ પ્રશ્નનો જવાબ તો દિગંબરના લમણાંમાં વાગે એવો જોરદાર આપ્યો "બાળક તે છે જેને લંગોટી પણ ન પહેરી હોય. !"

આ. કુમુદચંદ્રને ઘણો ગુસ્સો ચડ્યો પણ આ નવયુવાનો એને ક્યાં ગાંઠે એવા હતા.

શાસ્ત્રાર્થનો સમય થયો. આ. કુમુદચંદ્ર : અમારો સિદ્ધાંત આ છે. :

केवलि हूओ न भुंजइ, चीवरसहियस्स नत्थि निव्वाणं ।

इत्थी हुआ न सिज्झइ, मयमेयं कुमुदचंदस्स ॥

કેવળી આહાર ન કરે સવસ્ત્ર મોક્ષે ન જવાય, સ્ત્રી મોક્ષે ન જાય.

આ. દેવસૂરિએ શ્વેતાંબર મત જાહેર કર્યો.

કેવલી પણ ભોજન કરે, સવસ્ત્ર પણ મોક્ષે જઇ શકે સ્ત્રી પણ જઇ શકે.

શાસ્ત્રાર્થની પ્રતિજ્ઞા આ પ્રમાણે હતી. દિગંબરો હારે તો પાટણ છોડે. શ્વેતાંબરો હારે તો દિગંબર મત સ્વીકારે. જો કે આ પ્રતિજ્ઞા પક્ષપાત ભરેલી હતી પરંતુ આ. દેવસૂરિજીને વિજયની પૂરી શ્રદ્ધા હતી માટે સ્વીકારી. વાદિવેતાલ આ. શાંતિસૂરિ મ.સા. એ ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર વિસ્તૃત ટીકા રચી છે. એ ટીકામાં આપેલી સ્ત્રી-મુક્તિ અંગેની દલીલો આ. દેવસૂરિ મ.સા. એ સડસડાટ ચાલુ કરી. આચાર્યશ્રીએ પોતાની યુક્તિઓ ત્રણ વખત દોહરાવી છતાં, આ. કુમુદચન્દ્ર તે ધારી શક્યા નહીં. એ કહે : આ વાદને વસ્ત્ર ઉપર લખી લો.

લવાદ તરીકે બેઠેલા મહર્ષિ નામના પંડિતે કહ્યું : વાદી લખવાનું કહે છે એટલે મૌખિક ચર્ચા પૂર્ણ થાય છે. મૌખિક ચર્ચામાં શ્વેતાંબરોને જિતેલા જાહેર કરવામાં આવે છે.

લેખિત ચર્ચા

લેખિત ચર્ચામાં આ. દેવસૂરિજીની દલીલો વાંચી આ. કુમુદચંદ્ર કહે: **कोटा कोटी** શબ્દ અશુદ્ધ છે.

પણ ત્યાં ઉપસ્થિત વ્યાકરણજ્ઞ કાકલ કાયસ્થે એ શબ્દ શુદ્ધ હોવાનું નિયમોથી

સિદ્ધ કરી આપતાં આ. કુમુદચન્દ્રની દલીલ રદ થઈ.

આખરે શ્વેતાંબરોના વિજય થયો. આ. કુમુદચન્દ્રે સ્વીકાર્યું આ. દેવસૂરિ મહાન છે.

રાજા સિદ્ધરાજે આ. દેવસૂરિને વાદીન્દ્રનું બિરૂદ આપ્યું અને વિજયપત્ર લખી આપ્યો.

ભવ્ય વિજય મળવા છતાં આ. દેવસૂરિજી એટલા જ શાંત અને સ્વસ્થ જણાતાં હતા. એમણે કહ્યું : ''હારનારનો કોઈએ તિરસ્કાર ન કરવો.''

આ. કુમુદચંદ્ર પાછલા બારણેથી ચાલ્યા ગયા. આ. દેવસૂરિ ભવ્ય સામૈયા સાથે રાજદરબારથી નિકળ્યા રાજા સિદ્ધરાજ જયસિંહ આચાર્યશ્રીના હાથનો ટેકો ઝીલીને ચાલતો હતો. શ્વેતાંબરોના હૈયામાં હરખ સમાતો ન હતો.

આ વિજયની ખુશાલીમાં સિદ્ધારાજે છાલા વિગેરે ૧૨ ગામ અને એક લાખ રૂા. આચાર્યશ્રીને આપવા ઘોષણા કરી.

આચાર્યશ્રીએ કહ્યું : જૈન સાધુ અકિંચન હોય છે. અમે આવું દાન સ્વીકારતાં નથી. છેવટે રાજાએ આ રકમમાંથી ભવ્ય જિનાલય બંધાવ્યું. રાજવિહાર તરીકે પ્રસિદ્ધ થયેલા આ જિનાલયમાં ૮૫ આંગળની વિશાળકાય શ્રી ઋષભદેવ ભગવંતની પિત્તળની પ્રતિમાની પ્રતિષ્ઠા વિ.સં. ૧૧૮૩ ના વૈ. સુ. ૧૨ ના દિવસે આચાર્ય દેવસૂરિ આદિ ચાર કુલના આચાર્યોની નિશ્રામાં થઈ.

આ વિજયની ખુશાલીમાં મંત્રી આલિકે સિદ્ધપુરમાં ચતુર્મુખ જિનપ્રસાદ બનાવ્યો. એની પ્રતિષ્ઠા વિ.સં. ૧૧૯૮માં આ. દેવસૂરિના હસ્તે થઈ.

આરાસણ (કુંભારિયાજી) માં પાસિલશ્રેષ્ઠિએ બંધાવેલા નેમિનાથ ભ. ના જિનાલયની પ્રતિષ્ઠા પણ આ. દેવસૂરિના હસ્તે વિ.સં. ૧૧૯૩ (અથવા વિ.સં. ૧૨૨૬) માં થઈ.

ફલોદિ તીર્થ : આ. દેવસૂરિ મ. એ શાકંભરી તરફ વિહાર કર્યો ત્યારે મેડતામાં ચાતુર્માસ અને ફલોદિમાં માસકલ્પ કર્યો હતો. આ સમયે શ્રી પાર્શ્વનાથ ભ. ની પ્રતિમા પ્રગટ થઈ હતી.

આ પ્રતિમાનો જિનાલયમાં પ્રવેશ વિ.સં. ૧૧૯૯ ફા.સુ. ૧૦ આચાર્યશ્રીના

વાસક્ષેપ પૂર્વક તેમના શિષ્ય પં. સુમતિવિજય ગણિએ કરાવેલો, અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૨૦૪ મહા સુ. ૧૩ ના આ. દેવસૂરિજીની આજ્ઞાથી આ. જિનચન્દ્રસૂરિએ કરાવી હતી.

ભોરલ તીર્થ : આચાર્યશ્રી થરાદ-વાવ પાસે પીપ્પલવાટકના જંગલમાંથી વિહાર કરતાં હતાં ત્યારે સિંહ સામે મળ્યો. આચાર્યશ્રીએ રેખા દોરતાં ચાલ્યો ગયો. સાથેના મુનિઓ ક્ષુધા-તૃષાથી પીડાતા હતા. આચાર્યશ્રી ધ્યાનમાં બેઠા. થોડીવારમાં ત્યાંથી સાર્થ નિકળ્યો. ગોચરી-પાણી વહોરાવી સુપાત્રદાનનો લાભ લીધો.

આ સ્થળે પછી ભોરલતીર્થ થયું. (આ સ્થળ દેવતભેડા તરીકે જાણીતું છે.)

મહેલમાંથી પૌષધશાળા : પાટણમાં મહામાત્ય સાંતનૂએ ૮૪ લાખ રૂપિયા ખર્ચી ભવ્ય મહેલ બનાવેલો. લોકો એના વખાણ કરતાં થાકતાં નહીં. આ. દેવસૂરિ મ.સાને મંત્રીએ ગૃહાંગણે પગલાં કરાવ્યા. આચાર્યશ્રી બિલકુલ મૌન હતા. મંત્રીએ નાના મહારાજને પૂછ્યું : 'આચાર્ય ભગવંત આ મહેલ વિષે કેમ કંઈ બોલતા નથી. શું આમાં કંઈ ખામી છે ?'

મુનિરાજ કહે : 'ગૃહસ્થને રહેવાના મકાનની અમારે પ્રશંસા કરવાની ન હોય. હા, આ ધર્મસ્થાન હોય તો અવશ્ય એના માટે પ્રસંશાના શબ્દો બોલી શકાય.'

મંત્રીએ ત્યાં જ ઘોષણા કરી કે- આ મહેલને હું પૌષધશાળા તરીકે આજથી જાહેર કરું છું.' અને તરત આચાર્યશ્રીએ પ્રશંસા કરતાં કહ્યું : ધર્મઆરાધના કરવા માટે બહુ સરસ મકાન છે. અહીં જે કંઈ આરાધના થશે એનું પુણ્ય તમને મળશે.

આચાર્યશ્રીના વેણ સાંભળી મંત્રી પ્રસન્ન બની ગયા.

આ. શ્રી વાદિદેવસૂરિ મ.સા. રચિત ગ્રંથો.

૧ **પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર ૩૭૪ મૂળ સૂત્ર** (ઘણાં સ્થળેથી પ્રકાશિત)

૨ **સ્યાદ્વાદ રત્નાકર' ઉપરોક્ત ગ્રંથ ઉપર વિશાળકાળ (૮૪૦૦૦ શ્લોક પ્રમાણ) ટીકા વર્તમાનમાં અપૂર્ણ મળે છે.**

મનસુખભાઈ ભગુભાઈ, અમદાવાદ, મોતીલાલ લદ્ધાજી પુના વગેરે સ્થળેથી પ્રકાશિત. વી.સં. ૨૪૫૩ થી ૨૪૫૭ ચારભાગમાં.

૩ **મુણિચંદસૂરિગુરુ થુઈ, ગા. ૫૫**

૪ **મુનિચંદ્રગુરુસ્તુતિ શ્લો. ૨૫** (પ્રકરણસમુચ્ચયમાં પ્રકાશિત)

૫ **ગુરુવિરહ વિલાપ**

૬ **જીવાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે** (ગ્રં. ૨૨૦૦) રચના સં.૧૧૬૨ (મૂળ હેમચંદ્ર ગ્રંથમાળા પાટણથી પ્રકાશિત)

૭ **દ્વાદશવ્રત સ્વરૂપ** (પ્રકરણ સમુચ્ચયમાં પ્રકાશિત)

૮ **કુરુકુલ્લાદેવી સ્તુતિ** (શ્રી ચતુરવિજય સંપાદિત)

૯ **પાર્શ્વ ધરણેન્દ્ર** સ્તુતિ (શ્રી ચતુરવિજય સંપાદિત)

૧૦ **કલિકુંડ પાર્શ્વનાથ યંત્ર સ્તવન** શ્લો.૧૦ (શ્રી ચતુર વિ. સંપાદિત)

૧૧ **જીવાજીવાભિગમસૂત્ર લઘુવૃત્તિ** (જૈન ગ્રંથાવલી)

૧૨ **યતિદિનચર્યા ગા. ૩૯૬** (તં જયઇ સુહં કમ્મં થી શરૂ થતી) જૈન ગ્રંથાવલી

૧૩ **ઉપધાન સ્વરૂપ** (બૃહત્ ટિપ્પણમાં ઉલ્લેખ)

૧૪ **પ્રભાત સ્મરણ** (બૃહત્ ટિપ્પણ માં ઉલ્લેખ)

૧૫ **ઉપદેશ કુલક** (અપભ્રંશ)

૧૬ **શ્રાવક ધર્મકુલક ૫૭ ગાથા** (લિંબડી ભંડાર)

૧૭ **સંસારોદ્વિગ્નમનોરથકુલક** (લિંબડી ભંડાર)

આ. શ્રી વાદિદેવસૂરિજીના ગ્રન્થોની વિગત અમે જૈન પરંપરાનો ઈતિહાસ, જૈન ગ્રન્થાવલી, જિનરત્નકોશ વગેરેના આધારે આપી છે. આ બધા ગ્રન્થો અમે જોઈ શક્યા નથી. એટલે અન્ય દેવસૂરિ કૃત ગ્રન્થનો આમાં ઉલ્લેખ આવી ગયો હોય તેવો સંભવ છે.

આ. ભ. વાદિદેવસૂરિજીની શિષ્યપરંપરાનો કોઈ સ્થળે વ્યવસ્થિત ઉલ્લેખ મળ્યો નથી, ભિન્ન-ભિન્ન ઉલ્લેખોના આધારે તેઓશ્રીના શિષ્યોના આટલા નામો મળ્યા છે.

૧. ભદ્રેશ્વરસૂરિ (સ્યા. રત્ના.) ૨. રત્નપ્રભસૂરિ (સ્યા. રત્ના.) ૩. માણિક્યસૂરિ (મુદ્રિત કુમુદચન્દ્ર) ૪. અશોક (મુદ્રિત કુમુદચન્દ્ર) ૫. વિજયસેન (મુદ્રિત કુમુદચન્દ્ર) ૬. પૂર્ણદેવસૂરિ (જાલોર લેખ) ૭. જયપ્રભ (પ્રબુદ્ધરોહિણેય) ૮. પદ્મચન્દ્રગણિ (પ્રાચીન લેખ સંગ્રહ) ૯. પદ્મપ્રભસૂરિ (સારસ્વત ટીકા) ૧૦. મહેશ્વર (કુમારપાલ પ્રતિ. પ્ર) ૧૧. ગુણચન્દ્ર (હૈમવિભ્રમ) ૧૨. શાલિભદ્ર

(ગચ્છમત પ્ર.) ૧૩. શ્રી જયમંગલ (વૃત્ત રત્નાકરટીકા) ૧૪. શ્રી રામચન્દ્ર **(Ipigraphia)** વિશેષ માટે મુનિ હિમાંશુ વિજયની પ્રસ્તાવના જોવી.

જૈન ગૂર્જર કવિરેવા (બીજી આવૃત્તિ ભા. ૯ પૃ. ૯૯) માં આ શ્રી વાદિદેવસૂરિજીના હસ્તે આચાર્યપદ પામનાર ૨૪ મુનિઓના નામ આ પ્રમાણે આપ્યા છે.–

''પદ્મપ્રભ, મહેન્દ્ર (આવશ્યક સમતિ ટીકાના કાર્તા), રત્નપ્રભ (રત્નાવતારિકા ટીકને ઉપદેશમાણા ટીકાના કર્તા), મનોરમ, ભદ્રેશ્વર, માનતુંગ, શાંતિ, વર્ધમાન, ચન્દ્રપ્રભ, જયપ્રભ, પૂર્ણભદ્ર, પરમાનંદ, દેવેન્દ્ર, પૂર્ણદેવ, યશોભદ્ર, વજસેન, પ્રસન્નચન્દ્ર, કુમુદ, પદ્મદેવ, માનદેવ ષેણ, હરિષેણ અને સોમ (વૃત્તરત્નાકર ટીકાના કર્તા.)

દિગંબરો ઉપરનો વિજય એ શકવર્તી પ્રસંગ હતો. આ પ્રસંગને અનુલક્ષીને કવિ યશચન્દ્રે 'મુદ્રિત કુમુદચંદ્ર નાટક' રચ્યું છે. (યશો વિ. ગ્રંથમાળમાંથી પ્રકાશિત)

આ વિજય વિષે કાલિકાલસર્વજ્ઞ આ .ભ. શ્રી હેમચન્દ્રસૂરિ મ. કે જેઓ આ ચર્ચામાં આ. દેવસૂરિ મ.ના સહાયક હતા – તેઓશ્રી લખે છે કે-

यदि नाम कुमुदचन्द्रं नाजेष्याद् देवसूरिरहिमरुचिः ।

कटिपरिधानमधास्यत् कतमो श्वेताम्बरो जगति ? ॥

જો સૂર્ય જેવા તેજસ્વી આ. દેવસૂરિજીએ કુમુદચન્દ્રને ન જિત્યો હોત તો આજે જગતમાં ક્યો શ્વેતાંબર સાધુ ચોલપટ્ટો પહેરતો હોત ?

આ. પ્રદ્યુમ્નસૂરિ (રાજગચ્છ) લખે છે કે–

वस्त्र प्रतिष्ठाचार्याय नमः श्री देवसूरये ।

यत्प्रसादमिवाभाति सुखप्रश्नेषु साधवः ॥ (समरादित्य संक्षेप)

'સ્વામિ શાતા છે જી ? પ્રશ્નના ઉત્તરમાં સાધુઓ દેવ-ગુરુ પસાય જેમની કૃપાથી કહી શકે છે તે વસ્ત્ર-પ્રતિષ્ઠાપક આ. દેવસૂરિજીને નમન.

દિગંબરાચાર્ય કુમુદચન્દ્રનો વાદમાં ઘોર પરાજય થયો. પણ પરાજયને સમભાવે સહી લેવાની કે સ્વીકારી લેવાની ક્ષમતા ન હતી.

આ. દેવસૂરિજીએ પરાજિતનો પણ તિરસ્કાર ન કરવા સિદ્ધારાજને સૂચન કરેલું. એ એમણે વિજયને પચાવી જાણ્યાનું સૂચક હતું.

આ. કુમુદચંદ્રે પોતાને હરાવનાર શ્વેતાંબર આચાર્યને માંત્રિક શક્તિથી ઉપદ્રવ

કરવા પ્રયાસ કર્યો.

આ. વાદિદેવસૂરિજીના શિષ્યોએ સવારે પ્રતિલેખન વખતે જોયું તો એમની ઉપધિ વગેરે વસ્ત્રોને ઉંદરોએ કરડી ખાધેલી. આટલા બધા ઉંદરોનો આવો ઉપદ્રવ અભૂતપૂર્વ હતો. શિષ્યોએ આચાર્ય મ. ને જાણ કરી. આચાર્ય મહારાજ તરત પામી ગયા કે આ કામ પરાજિત દિગંબરનું જ છે.

તેઓશ્રીની સૂચના થતાં શ્રાવકોએ કાંજી ભરેલા કુંભનું મોઢું લોટના પિંડથી બંધ કરતાં કુમુદચન્દ્રને તકલીફ થવા માંડી'

થોડીવારમાં દિગંબર શ્રાવકો હાંફળા-હાંફળા દોડી આવ્યા. માથેથી પાઘડી ઉતારી પગમાં પડ્યા. ગુરુદેવ ! ક્ષમા કરો અમારા આચાર્યને તકલીફમાંથી મુક્ત કરો.....!

આ. વાદિદેવસૂરિજીએ શાંતિથી શ્રાવકોની વાત સાંભળી અને પૂછ્યું:

આ. કુમુદચન્દ્રને શું તકલીફ થાય છે ? શ્રાવકો વર્ણન કરે એટલામાં આ. કુમુદચંદ્ર પોતે ત્યાં આવી ગયા. ભારે બેચેન જણાતાં દિગંબરાચાર્ય આ. શ્રી વાદિદેવસૂરિજીના ચરણોમાં પડતા કહેવા લાગ્યા. ક્ષમા કરો. મારી ભૂલ થઇ ગઇ.

આચાર્યશ્રી તો સમતાના સાધક હતા. દિગંબરાચાર્યને બોધપાઠ મળી ગયો હતો. થોડી વારમાં આ. કુમુદચન્દ્રને સ્વસ્થતા આવી. આચાર્યશ્રીને પ્રણામ કરી વિદાય થયા. પાટણને પણ સદા માટે અલવિદા કરી વિહાર કરી દીધો.

આ. ભદ્રેશ્વરસૂરિને ગચ્છ ભળાવી વિ.સં. ૧૨૨૬માં શ્રાવણ વદ ૭ ના ૮૩ વર્ષની વયે આ. દેવસૂરિજી કાળધર્મ પામ્યા.

આ. વાદિદેવસૂરિજીના જીવન-કવન અંગે પ્રભાવક ચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, તપગચ્છ પટ્ટાવલી, ઉપદેશતરંગિણી, પટ્ટાવલીઓ, શિલાલેખો વગેરેમાં વિગતો મળે છે. ઉપરાંત 'વાદિદેવસૂરિ ચરિત્ર' નામના સ્વતંત્ર ગ્રંથની રચના પણ થઇ છે. દુર્ભાગ્યે એની અપૂર્ણ પ્રતિ જ મળે છે. આ પ્રતિ બિકાનેરના શ્રી અગરચંદ નાહટાના સંગ્રહમાં છે આ પ્રતિનો પરિચય શ્રી નાહટાજીએ જૈન સત્યપ્રકાશ અંક ૮ પૃ. ૨૯૧-૨૯૪માં આપ્યો છે.

■ ● ■

ઇતિહાસના આયનામાં મંડાર

સિરોહી જિલ્લામાં આવેલું મંડાર પ્રાચીન ઐતિહાસિક નગર છે. શ્રી ત્રિપુટી મ. લખે છે કે-

મંડાર[1] ગામનાં બીજા નામો મડ્ડાહડા, મદાહત, માધુહડા, મઢાર, મંઢાર, મડાર મળી આવે છે. આજે અહીં જૈનોનાં ૬૫૦ ઘર વિદ્યમાન છે. તપાગચ્છ, અંચલગચ્છ, મડાહડાગચ્છ અને લોંકોગચ્છના ઉપાશ્રયો છે. ભ. શીતલનાથ તેમજ ભ. મહાવીરસ્વામીનાં દેરાસરો છે.

વડગચ્છના આ. વાદિદેવસૂરિ (જન્મ સં. ૧૧૪૩),

થારાપદ્રગચ્છના આ. ચક્રેશ્વરસૂરિ (સં. ૧૧૮૪-૧૨૨૧),

ઉપકેશગચ્છના આ. સિદ્ધસૂરિના સંતાનીય આ. દેવગુપ્તસૂરિ (સં. ૧૪૮૬)

અહીં જન્મ્યા હતા; કેમકે તેમના નામની પહેલા મહાહડીય, મડ્ડારીય વિશેષણો લગાડેલાં જોવાય છે.

(અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૧૧૪, ૬૨૨)

મડારથી મડાહડાગચ્છ નીકળ્યો તે આ. ચક્રેશ્વરસૂરિથી શરૂ થયો હતો. પ્રતિમા લેખોમાં આ. ચક્રેશ્વરસૂરિને વડગચ્છની સંવિજ્ઞવિહારી શાખાના આ. વર્ધમાનસૂરિના શિષ્ય બતાવેલા છે. (જૈ. પ. ઇ. ભા-૨ પૃ.૨૦૪)

---

૧ : પ્રબંધોમાં મડ્ડાહડ, મદાહત નામ આવે છે.

પં. મફતલાલ ગાંધી (પ્રમાણનય તત્ત્વાલોકાલંકારની પ્રસ્તાવનામાં) આ મંડાર યા મદુઆ વૈષ્ણવોનું તીર્થ મદુઆ હોવાનો અભિપ્રાય આપે છે. પં. કલ્યાણવિજયજી ગણિ (પ્રભાવક ચરિત્ર પ્રબંધ પર્યાલોચનમાં) આવો જ અભિપ્રાય આપે છે.

શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ (આ. વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ પૃ. ૧૩૨-૧૩૩માં) મડ્ડાહત તે મંડાર છે. જ્યારે મદુઆજી સ્થળનું પ્રાચીન નામ તો ફીલણીગાંવ છે. રાજા અંબરિષની રાણી તોરાવટીએ 'મધુસૂદન'નું મંદિર બનાવ્યા પછી સંવત ૧૬૦૦ આસપાસમાં આ. સ્થળ મધુઆજી, મદુઆજી તરીકે પ્રસિદ્ધ થયું છે, તેઓ લખે છે કે- "આ સ્થાન માટે મડ્ડાહત, મડ્ડાહત, મડ્ડાહડ નો ઉલ્લેખ ક્યાંય નથી."

અગરચંદજી નાહટા, મુનિ જયંતવિજયજી આદિએ. મડ્ડાહડ તે વર્તમાનનું મંડાર હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે.

દેલવાડા લુણગવસહીના વ્યવસ્થાલેખમાં આ પ્રમાણે લખેલ છે, તે મંદિરનો વાર્ષિક અઠ્ઠાઇ મહોત્સવ ફાગણ વદ-૮ ના દિવસે મડાહડના જૈનોએ મનાવવો એવો ઉલ્લેખ છે.

સિરોહી શ્રી અજિતનાથ ભ. ના જિનાલયમાં પાર્શ્વનાથ ભ. ની પ્રતિમા ઉપર આ પ્રમાણે લેખ છે. સં ૧૧૩૮ માગશર સુ. ૧૦ ધારાગચ્છે મડાહડ સ્થાને વર્ધમાન શ્રેયોર્થે દેવચંદ્ર સુતેન વણદેવે કારિતં મણિભદ્રયક્ષનું મંદિર મંડાર દેવીના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. તેની બહાર વિ.સં. ૧૨૮૭ નો શિલાલેખ છે.

આ. ચક્રેશ્વરસૂરિ

આ. ચક્રેશ્વરસૂરિ અંગે ત્રિપુટી મ. લખે છે કે.....

તેઓ મડાહડમાં જન્મ્યા હતા. તેમનાંથી ''મડાહડગચ્છ'' નીકળ્યો. તે તથા તેમના શિષ્ય આ. પરમાનંદસૂરિના ઉપદેશથી શેઠ દેશલ પોરવાલે ભ. મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું. સં. ૧૧૮૪ ના મહા સુદિ ૧૧ ના રવિવારે પાટણમાં રાજા સિદ્ધરાજના રાજ્યમાં 'જ્ઞાતધર્મ-કથાંગ' વગેરે સૂત્રો તથા ટીકાઓ વગેરે ચાર પુસ્તકો લખાવ્યાં. શેઠ સિદ્ધરાજ પોરવાલ તથા તેની પત્ની રાજિમતીએ સંવત ૧૧૮૭ ના કાર્તિક સુદ્દિ ૨ના રોજ પાટણમાં આગમ, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે આગમના પુસ્તકો લખાવ્યા. તે શ્રાવકે સં. ૧૨૧૨ માં ચંદ્રાવતીમાં ગુર્જરેશ્વર રાજા કુમારપાલના પ્રીતિપાત્ર રાજા ધારાવર્ષદેવના રાજકાળમાં 'રયણચૂડા-કહા' લખાવી. (જૈન. પુ. પ્ર. સં., પુષ્પિકા : ૬૯)

સં ૧૧૮૭ના ફાગણ વદિ ૪ને સોમવારે આબૂ તીર્થમાં ભ. ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરી. (જૈન પરંપરાનો ઇતિહાસ પૃ. ૨૦૬)

આ. કમલપ્રભસૂરિ

તેમના ઉપદેશથી સિરોહી નગરમાં ભગવાન અજિતનાથના દેરાસરમાં મડાહડગચ્છમાં ભગવાન ચિંતામણિ પાર્શ્વનાથનો ભદ્રપ્રાસાદ બન્યો; અને આચાર્યે તેમાં સર્વધાતુની પરિકરવાળી તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, આવો લેખ એક કાઉસગ્ગિયા મૂર્તિ નીચે છે. (જૂઓ, ભા. ૩, પ્રક. ૫૧, પૃ ૫૧૬).

મડાહડગચ્છ પટ્ટાવલી

મડાહડગચ્છ વિષે ત્રિપુટી મ.એ આ પ્રમાણે વિગતો આપી છે.

આ. ચક્રેશ્વરસૂરિ અને શેઠ સિદ્ધદેવ બંને થારાપદ્રગચ્છના અને બંને મડાહડ(મંડાર) ના હતા. આથી માનવું પડે છે કે, થારાપદ્રગચ્છના આ. વર્ધમાનસૂરિના શિષ્ય આ. ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

પ્રતિમાલેખોને આધારે જણાય છે કે, મડાહડગચ્છ એ વટેશ્વરગચ્છની એક શાખા છે. સાધારણ રીતે વડગચ્છ અને વટેશ્વરગચ્છ એક મનાય છે, તેથી તે વડગચ્છની શાખારૂપે નોંધાયો છે. ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે, આ સંવિજ્ઞ-વિહારી ગચ્છ (સં. ૧૧૮૭, સં. ૧૩૩૫, સં. ૧૩૩૭, સં. ૧૩૩૮) હતો. સં. ૧૩૩૫ અને સં. ૧૩૭૦, સં. ૧૩૭૧, સં. ૧૩૮૭ ના પ્રતિમાલેખોમાં મડાહડીય અને મડાહડીયગચ્છ ના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. એટલે એ વાત ચોક્કસ થાય છે કે, વટેશ્વરગચ્છના આ. ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

(પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૧૮૪,૨૮૪,૨૯૧,૨૯૨,૫૫૦) અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ, લેખાંક : ૧૧૪ (૨૯૭, ૫૪૩)

મડાહડગચ્છની ઘણી પરંપરાઓ ચાલી છે. તેમજ તેમાંથી રત્નપુરા, જાખડિયા, જાલોર વગેરે શાખાઓ નીકળી છે. (જૈ. પ. ઇ. પૃ. ૨૦૫)



અગત્યના પ્રકાશનો

પૂ.આ.ભ. શ્રી યશોવિજયસૂરિ મ.સા. ની વાચનાઓ

- દરિસણ તરસિએ ભા. ૧-૨
- આપ હિ આપ બુઝાય
- ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો
- આતમજ્ઞાની શ્રમણ કહાવે
- આત્માનુભૂતિ
- બિછુરત જાયે પ્રાણ
- સો હિ ભાવ નિર્ગ્રંથ
- મેરે અવગુણ ચિત્ત ન ધરો
- પ્રભુનો પ્યારો સ્પર્શ

આ. વિજય મુનિચન્દ્રસૂરિ સંપાદિત - સંકલિત ગ્રંથો

• હીરસૌભાગ્ય (સટીક)	
• પ્રવચન સારોદ્ધાર વિષમપદ વ્યાખ્યા	
• દસસાવગચરિયં/ધર્મરત્નકરંડક	
• કથારત્નાકર/પ્રભાવકચરિત્ર ગુજરાતી ભાષાંતર	
• ઉપમિતિ કથોદ્ધાર	કર્તા : પં. શ્રી હંસરત્નગણી
• વીરનિર્વાણ સંવત ઔર જૈન કાલગણના	પં. કલ્યાણ વિજયગણી
• ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ-૧,૨. શ્રી લક્ષ્મીવલ્લભીટીકા સાથે	સંપા. મુનિ ભાગ્યેશવિજય
• શ્રમણ ભગવાન મહાવીર	પં. કલ્યાણ વિજયગણી
• કલ્યાણ કલિકા ભાગ-૨	સંપા. મુનિ ભાગ્યેશવિજય
• દસવૈકાલિકસૂત્ર :	પૂ.આ.ભ.શ્રી ભદ્રંકરસૂરિ મ.સા. ના વિવેચન સાથે
• કર્મગ્રંથ (ભાગ ૧ થી ૫) : સવિવેચન :	રમ્યરેણુ
• શાંતિનાથ ચરિત્ર : સાનુવાદ:	રમ્યરેણુ

પ્રાપ્તિસ્થાન :

આ. શ્રી ઉંકારસૂરિ આરાધના ભવન

સુભાષ ચોક, ગોપીપુરા, સૂરત - ૩૯૫ ૦૦૧.

આચાર્ય શ્રી ઓંકારસૂરિ જ્ઞાનમંદિર - ગ્રંથાવલી

પ્રભુવાણી પ્રસારસ્તંભ

- શ્રી સમસ્ત વાવપથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ-ગુરુસ્મૃતિ પ્રતિષ્ઠા સ્મૃતિ
- શેઠ શ્રી ચંદુલાલ કકલચંદ પરિવાર (વાવ) (બનાસકાંઠા)
- શેઠ શ્રી ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવાર ચાતુર્માસ સમિતિ (જુનાડીસા)
- શ્રી ધર્મોત્તેજક પાઠશાળા - શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ
- સૂઈ ગામ જૈન સંઘ - સૂઈગામ (બનાસકાંઠા)
- શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ - વાંકડિયા વડગામ (રાજસ્થાન)
- શ્રી ગરાંબડી જૈન સંઘ - ગરાંબડી (બનાસકાંઠા)
- શ્રી રાંદેર રોડ જૈન સંઘ - સુરત.
- શ્રી વીલેપાર્લા શ્વે. મૂ. પૂ. જૈન સંઘ એન્ડ ચેરિટીઝ - મુંબઈ

પ્રભુવાણી પ્રસાર અનુમોદક

- શ્રી મોરવાડા જૈન સંઘ - મોરવાડા (બનાસકાંઠા)
- શ્રી ઉમરા જૈન સંઘ - સુરત
- શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ - સુરત

આચાર્ય શ્રી ઓંકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રન્થાવલી

(પ્રાચીન ગ્રન્થોદ્ધાર તથા નવીન ગ્રન્થોના પ્રકાશનની યોજના)

લાભ લેવાના પ્રકારો

પ્રભુવાણીનો પ્રસાર સ્તંભ	:	૧,૧૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રસારક	:	૬૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રસાર અનુમોદક	:	૩૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રસાર ભક્ત	:	૧૫,૧૧૧/-
આજીવન સદસ્ય	:	૨૧૦૧/-

ચેક/ડ્રાફ્ટ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તપાગચ્છ ગોપીપુરા (સુરત) ના નામનો મોકલવો.

પત્રવ્યવહાર : **સેવંતીલાલ એ. મહેતા**

આચાર્ય શ્રી ઓંકારસૂરિ આરાધના ભવન, સુભાષચોક, ગોપીપુરા, સુરત.

ફોન ૦૨૬૧-૨૪૨૬૫૩૧, ૨૪૩૯૦૨૪

વિષયાનુક્રમ

વિષય	પૃષ્ઠ
પ્રકાશકીય	૩
સંપાદકીય	૫
પ્રસ્તાવના	૭
ગ્રન્થકાર પરિચય	૯
ઈતિહાસના આયનામાં મંડાર	૨૨
મડાહડ ગચ્છ પટ્ટાવલી	૨૩
પ્રથમ પરિચ્છેદ (૧-૪૧)	
મંગલાચરણ	૧
આદિવાક્ય	૪
પ્રમાણનું લક્ષણ	૭
અવ્યાપ્તિ વિગેરે લક્ષણદોષો	૭
બીજા સૂત્રના પદકૃત્યો	૯
જ્ઞાન એજ પ્રમાણ	૧૧
સન્નિકર્ષાદિનું ખંડન	૧૩
સન્નિકર્ષાદિના ભેદો	૧૪
સન્નિકર્ષો સ્વનિર્ણયમાં અકરણ	૧૬
સન્નિકર્ષો અર્થ નિર્ણયના અકરણ	૧૬
પ્રમાણમાં વ્યવસાયપદની સાર્થકતા	૧૭
સમારોપની વ્યાખ્યા	૨૧
સમારોપના ભેદો	૨૧
વિપર્યયનું લક્ષણ	૨૧
ખ્યાતિના પ્રકારો	૨૨
પંચીકરણ પ્રક્રિયા	૨૬
સંશયનું લક્ષણ-ઉદાહરણ	૨૮
અનધ્યવસાયનું લક્ષણ-ઉદાહરણ	૨૯
પ્રમાણમાં 'પર' શબ્દની સાર્થકતા	૩૦
પ્રમાણમાં 'સ્વ' પદની સાર્થકતા	૩૪

વિષય	પૃષ્ઠ
પ્રામાણ્યનું લક્ષણ	૩૭
અપ્રમાણ્યનું લક્ષણ	૩૭
પ્રામાણ્યાપ્રામાણ્યોત્પત્તિજ્ઞપ્તિવિચાર	૩૮
બીજો પરિચ્છેદ (૪૨-૬૮)	
પ્રમાણના મુખ્ય ભેદો	૪૨
પ્રત્યક્ષનું લક્ષણ	૪૩
પ્રત્યક્ષના પ્રકારો	૪૪
ઈન્દ્રિયાનિન્દ્રિય ભેદનું સ્વરૂપ	૪૬
અવગ્રહાદિ ભેદોનું સ્વરૂપ	૫૧
ઈહાથી સંશયની ભિન્નતા	૫૪
અવગ્રહાદિમાં કથંચિત્ ભેદસિદ્ધિ	૫૫
ભેદને સિદ્ધ કરનારા ત્રણ હેતુ	૫૬
અવગ્રહાદિના ક્રમની સિદ્ધિનું અનુભવન	૫૯
પારમાર્થિક પ્રત્યક્ષના ભેદો	૬૧
અવધિજ્ઞાનનું સ્વરૂપ	૬૩
મનઃપર્યવજ્ઞાનનું સ્વરૂપ	૬૩
સકલ પ્રત્યક્ષ કેવલજ્ઞાન સ્વરૂપ	૬૪
સર્વજ્ઞની સિદ્ધિ કરનારા હેતુઓ	૬૫
સર્વજ્ઞ અને કવલાહારનો અવિરોધ	૬૭
ત્રીજો પરિચ્છેદ (૬૯-૧૪૦)	
પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ	૬૯
પરોક્ષ પ્રમાણના ભેદો	૭૦
સ્મરણનું લક્ષણ - ઉદાહરણ	૭૧
પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ - ઉદાહરણ	૭૧
ઉપમાન પ્રમાણનું ખંડન	૭૪
તર્કજ્ઞાનના-સ્વરૂપ વિષયાદિ	૭૬

વિષય	પૃષ્ઠ
તર્કનું ઉદાહરણ	૭૭
સ્વાર્થ-પરાર્થ, અનુમાનના બે પ્રકારો	૭૮
સ્વર્થાનુમાનનું લક્ષણ	૭૯
હેતુનું સલ્લક્ષણ	૮૦
નૈયાયિકાદિમાન્ય હેતુનું ખંડન	૮૧
સાધ્યના સ્વરૂપનું કથન	૮૪
વ્યાપ્તિ ગ્રહણકાળે સાધ્યધર્મ કથન	૮૭
અનુમિતિકાળે સાધ્યધર્મી કથન	૮૮
ત્રણ પ્રકારના પક્ષની સિદ્ધિ	૮૯
પરાર્થાનુમાનનું લક્ષણ	૯૧
પક્ષપ્રયોગની આવશ્યકતા	૯૨
પક્ષપ્રયોગ ન સ્વીકારતા બૌદ્ધનું ખંડન	૯૪
પરાર્થ પ્રત્યક્ષનું લક્ષણ	૯૫
પરાર્થાનુમાનમાં બે અવયવની નિષ્પત્તિ	૯૬
તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ એમ હેતુના બે પ્રકારો	૯૭
પરાર્થાનુમાનમાં દૃષ્ટાન્ત - વચનનું ખંડન	૧૦૦
અન્તર્વ્યાપ્તિ બહિર્વ્યાપ્તિ કથન	૧૦૨
પરાર્થાનુમાનમાં ઉપનય અને નિગમનની અસમર્થતા	૧૦૪
મન્દમતિવાળા જીવોને આશ્રયી દૃષ્ટાન્ત-ઉપનય નિગમનનું કથન	૧૦૫
દૃષ્ટાન્તનું લક્ષણ તથા ભેદો	૧૦૬
સાધર્મ્ય-વૈધર્મ્ય લક્ષણ નિર્દેશ	૧૦૭
ઉપનયનું લક્ષણ-ઉદાહરણ	૧૦૭
નિગમનનું લક્ષણ-ઉદાહરણ	૧૦૮
પક્ષ વિગેરેની અવયવસંજ્ઞા	૧૦૮
હેતુના પ્રકારોનું કીર્તન	૧૦૯

વિષય	પૃષ્ઠ
ઉપલબ્ધિ-અનુપલબ્ધિ હેતુ વિધિનિષેધના સાધક	૧૦૯
વિધિ-પ્રતિષેધના લક્ષણ	૧૧૦
પ્રતિષેધના પ્રકારો	૧૧૦
પ્રાગ્‌ભાવનું લક્ષણ-ઉદાહરણ	૧૧૧
પ્રધ્વંસાભાવનું લક્ષણ-ઉદાહરણ	૧૧૨
ઇતરેતરાભાવનું લક્ષણ-ઉદાહરણ	૧૧૩
અત્યન્તાભાવનું લક્ષણ-ઉદાહરણ	૧૧૪
ઉપલબ્ધિના બે પ્રકારો	૧૧૫
અવિરુદ્ધોપલબ્ધિ હેતુના છ પ્રકારો	૧૧૫
કારણ હેતુની સિદ્ધિ	૧૧૭
પૂર્વચર-ઉત્તરચરની પૃથક્ત્વસિદ્ધિ	૧૧૮
કારણની નિર્વ્યાપારતાનું ખંડન	૧૨૩
સહચર હેતુની સિદ્ધિ	૧૨૪
સાધર્મ્ય વૈધર્મ્ય દૃષ્ટાન્ત સાથે વ્યાપ્ય હેતુનો પંચ અવયવવાળો વાક્ય પ્રયોગ	૧૨૫
કાર્યાવિરુદ્ધોપલબ્ધિ હેતુનું દૃષ્ટાન્ત	૧૨૬
કારણાવિરુદ્ધોપલબ્ધિ હેતુનું દૃષ્ટાન્ત	૧૨૭
પૂર્વચર-ઉત્તરચર સહચરનું દૃષ્ટાન્ત	૧૨૭
વિરુદ્ધોપલબ્ધિના સાત પ્રકારો - ઉદાહરણો	૧૨૯
અનુપલબ્ધિ હેતુનાં પ્રકારો	૧૩૩
અવિરુદ્ધ અનુપલબ્ધિ હેતુના સાત પ્રકારો	૧૩૩
અવિરુદ્ધ અનુપલબ્ધિ હેતુના સાત ઉદાહરણો	૧૩૪
વિરુદ્ધાનુપલબ્ધિના પ્રકારો-ઉદાહરણ	૧૩૭
હેતુના ભેદો-પ્રભેદોનો ચાર્ટ	૧૪૦

ચતુર્થ પરિચ્છેદ (૧૪૧-૧૯૨)

આગમનું લક્ષણ	૧૪૧
આપ્તપુરુષના દૃષ્ટાન્તો	૧૪૨

વિષય	પૃષ્ઠ
આપ્તપુરુષનું લક્ષણ	૧૪૩
આપ્તપુરુષના ભેદો	૧૪૪
વેદના અપૌરુષેયનું ખંડન	૧૪૪
વર્ણ-પદ-વાક્ય સ્વરૂપ વચન	૧૪૭
વર્ણમાં પૌદ્ગલિકત્વની સિદ્ધિ	૧૪૭
પદ અને વાક્યનું સ્વરૂપ કથન	૧૫૦
શક્તિ અને સંકેત દ્વારા શબ્દ અર્થના બોધકારક	૧૫૧
શબ્દનું સ્વાભાવિક અને પરાપેક્ષિત સ્વરૂપ કથન	૧૫૩
શબ્દોના સ્વાર્થકથનમાં સપ્તભંગનું અનુસરણ	૧૫૫
સપ્તભંગીનું સ્વરૂપ	૧૫૫
સપ્તભંગીમાંનો પ્રથમ ભાંગો	૧૬૧
ત્રણ એવકારનું સ્વરૂપ	૧૬૧
સપ્તભંગીમાંના બીજા વિગેરે ભાંગા	૧૬૬
સાતભાંગામાં મુખ્યગૌણત્વના કથન દ્વારા સ્યાદ્વાદ કથન	૧૭૧
વિધિ-નિષેધ પ્રધાન શબ્દનું ખંડન	૧૭૨
સાત જ ભાંગા છે ન્યૂનાધિક નથી તેનું કથન	૧૭૯
સાત ભાંગાના અનંતર-પરંપર કારણો	૧૮૦
કાલાદેશનું લક્ષણ	૧૮૩
વિકાલાદેશનું લક્ષણ	૧૮૮
પ્રમાણજ્ઞાન અર્થપ્રકાશમાં પ્રતિબન્ધક-અપગમ કથન	૧૮૮
અર્થ પ્રકાશમાં તદુત્પત્તિ-તદાકારતાનું ખંડન	૧૮૯

વિષય	પૃષ્ઠ
પાંચમો પરિચ્છેદ (૧૯૩-૨૦૨)	
વસ્તુનું લક્ષણ	૧૯૩
સામાન્ય-વિશેષાત્મક પ્રમેયની સિદ્ધિ	૧૯૫
તિર્યગ્ સામાન્ય લક્ષણ	૧૯૮
ઉર્ધ્વતા સામાન્યનું લક્ષણ	૧૯૯
ગુણ લક્ષણ	૨૦૦
પર્યાય લક્ષણ	૨૦૦
છટ્ઠો પરિચ્છેદ (૨૦૩-૨૬૨)	
પ્રમાણફળનું લક્ષણ	૨૦૩
અનંતર-પરંપર બે પ્રકારનું ફલ	૨૦૩
પ્રમાણથી પ્રમાણનું ફળ ભિન્નાભિન્ન	૨૦૬
પ્રમાણ અને તેનું ફળ તેને વિષે કથંચિત્ અભેદ સિદ્ધિ	૨૦૭
પ્રમાણ અને તેના ફળ વિષે કથંચિત્ ભેદ કથન	૨૧૨
પ્રમાણ અને ફળનો વ્યવહાર કાલ્પનિક છે તેવા મતનું ખંડન	૨૧૮
પ્રમાણાભાસ	૨૨૦
સંવ્યવહારિક પ્રત્યક્ષાભાસ	૨૨૩
પારમાર્થિક પ્રત્યક્ષાભાસ	૨૨૪
સ્મરણાભાસ	૨૨૫
પ્રત્યભિજ્ઞાભાસ	૨૨૬
તર્કાભાસ	૨૨૭
પક્ષાભાસો	૨૨૯
હેત્વાભાસો	૨૩૮
અસિદ્ધ હેત્વાભાસ	૨૩૮
ઉભયાસિદ્ધ હેત્વાભાસ	૨૩૯
અન્યતરાસિદ્ધ હેત્વાભાસ	૨૪૦
વિરુદ્ધ-હેત્વાભાસ	૨૪૧

વિષય	પૃષ્ઠ
અનૈકાન્તિક હેત્વાભાસ	૨૪૩
અનૈકાન્તિક હેત્વાભાસના ભેદો	૨૪૪
દૃષ્ટાન્તાભાસ	૨૪૫
સાધર્મ્યદૃષ્ટાન્તાભાસના પ્રકારો	૨૪૬
દૃષ્ટાન્તાભાસના નવદૃષ્ટાન્તો ક્રમશઃ	૨૪૬
વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસના પ્રકારો ક્રમશઃ વૈધર્મ્ય	૨૫૧
દૃષ્ટાન્તાભાસના દૃષ્ટાન્તો	૨૫૨
ઉપનયાભાસ	૨૫૭
નિગમનાભાસ	૨૫૮
આગમાભાસ	૨૫૯
પ્રમાણસંખ્યાભાસ	૨૬૦
પ્રમાણવિષયાભાસ	૨૬૧
પ્રમાણફલાભાસ	૨૬૨

સાતમો પરિચ્છેદ (૨૬૩-૨૯૬)

નયનું લક્ષણ	૨૬૩
નયાભાસનું લક્ષણ	૨૬૪
નયના પ્રકારો	૨૬૪
દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય	૨૬૫
નૈગમનય - લક્ષણ	૨૬૬
નૈગમનયના ભેદો-ઉદાહરણો	૨૬૭
નૈગમનયાભાસ	૨૬૯
સંગ્રહનય-લક્ષણ ભેદો	૨૭૦
સંગ્રહનયાભાસ	૨૭૨
વ્યવહારનય-લક્ષણ ઉદાહરણ	૨૭૫
વ્યવહારનયાભાસ	૨૭૬
ચાર્વાકદર્શનમત	૨૭૭
ઋજુસૂત્રનું લક્ષણ	૨૭૭
ઋજુસૂત્રનયાભાસ	૨૭૯
શબ્દનયનું લક્ષણ	૨૮૦
શબ્દનયાભાસ	૨૮૧
સમભિરૂઢ નયનું લક્ષણ	૨૮૩
સમભિરૂઢનયા ભાસ	૨૮૪
એવંભૂતનયનું લક્ષણ	૨૮૫
એવંભૂતનયાભાસ	૨૮૬
શબ્દનય-અર્થનય	૨૮૭
નયવિષય વિચારણા	૨૮૯
નયસપ્તભંગી વિચાર	૨૯૧
પ્રમાતા (આત્મા)નું સ્વરૂપ	૨૯૨
અન્યદર્શનકારમાન્ય આત્મસ્વરૂપના નિષેધકારક સ્વરૂપ	૨૯૪
મોક્ષસ્વરૂપ	૨૯૫

આઠમો પરિચ્છેદ (૨૯૭-૩૧૨)

વાદનું લક્ષણ	૨૯૭
વાદિના ભેદો	૨૯૮
જિગીષુ-તત્ત્વનિર્ણિનીષુનું સ્વરૂપ	૨૯૮
તત્ત્વનિર્ણિનીષુના ભેદો	૨૯૯
પરત્ર તત્ત્વનિર્ણિનીષુના ભેદો	૩૦૦
પ્રતિવાદીના ભેદો-પ્રભેદો	૩૦૦
વાદીમાં વાદ અંગઘટકો	૩૦૩
વાદના ચાર અંગનું નિરૂપણ	૩૦૭
વાદી અને પ્રતિવાદીનું કાર્ય	૩૦૮
સભ્યોનું લક્ષણ	૩૦૮
સભાપતિનું લક્ષણ તથા કાર્ય	૩૧૦
વાદમાં સમયમર્યાદાની વિચારણા	૩૧૧

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન



વિલેપાર્લા (પૂર્વ) જૈન સંઘ

શ્રી વિલેપાર્લા શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આંગણે

નવ નિર્મિત

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયમાં

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદા આદિ જિન બિંબોની

અંજન શલાકા પ્રાણ-પ્રતિષ્ઠા પ્રસંગે

આ ગ્રંથ રત્નનું પ્રકાશન થઇ રહ્યું છે.

: પાવન નિશ્રા :

પૂ.આ.ભ.શ્રી અશોકચંન્દ્રસૂરિ મ.સા. પૂ.આ.ભ.શ્રી અરવિંદસૂરિ મ.સા.

પૂ.આ.ભ.શ્રી સોમચન્દ્રસૂરિ મ.સા. પૂ.આ.ભ.શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા.


: પ્રતિષ્ઠા :

મહા સુ. ૭ વિ. સં. - ૨૦૫૯ તા. ૭-૨-૨૦૦૩

શ્રી વિલેપાર્લા શ્વે. મૂ. પૂ. જૈન સંઘ એન્ડ ચેરિટીઝ

૨૭, મહાત્મા ગાંધી રોડ, વિલેપાર્લા (ઈસ્ટ)

મુંબઈ-૫૭ ફોન : ૨૮૩૪૦૮૦૨



શ્રીમાન્-વાદિદેવસૂરિ-પ્રણિત

શ્રી પ્રમાણનયતત્ત્વાલોક

ॐ ह्रीं श्रीं अर्हं नमः

श्री गौतमस्वामिने नमः

श्रीवादिदेवसूरिभ्यो नमः

श्रीॐकारसूरिसद्गुरुभ्यो नमः

श्री वादिदेवसूरिविरचित प्रमाणनय तत्त्वालोक....

प्रथम परिच्छेद

ग्रन्थकारस्य मंगलाचरणम्

रागद्वेषविजेतारं, ज्ञातारं विश्ववस्तुनः ।

शक्रपूज्यं गिरामीशं तीर्थेशं स्मृतिमानये ॥ १ ॥

ગ્રંથકારશ્રીનું મંગલાચરણ

रागद्वेषेति. રાગદ્વેષને વિશેષ પ્રકારે જીતનારા, વિશ્વના (સમસ્ત) પદાર્થોને જાણનારા, ઈન્દ્રોને પૂજ્ય, વાણીના સ્વામી એવા તીર્થનાં ઈશનું હું સ્મરણ કરું છું.

टिप्पणीकारस्य मङ्गलाचरणम्

ટિપ્પણીકાર મહર્ષિનું મંગલાચરણ..

नत्वा गुरुक्रमाम्भोजं स्मृत्वा सर्वेश्वरंविभुम् ।

टिप्पणी बालबोधाय, लिख्यते बालभाषया ॥

नत्वेति. ગુરુના ચરણકમળને નમીને, સર્વના ઈશ્વર એવા વિભુનું સ્મરણ કરીને, બાળજીવોના બોધને માટે, સરલભાષામાં ટિપ્પણી લખુ છું.

अथ तत्रभवन्तः पूज्यपादाः सकलकवितार्किकचक्रचक्रवर्तित्वेन विश्रुताः श्री वादिदेवसूरयः प्रारिप्सितग्रन्थनिर्विघ्नपरिसमाप्तये इष्टदेवता-नमस्कारात्मकं कृतं मङ्गलं शिष्यशिक्षायै ग्रन्थादौ निबध्नन्ति रागद्वेषेति-

[1]अर्हं, तीर्थेशं-तीर्थं :- साधु-साध्वी-श्रावक-श्राविका इत्येवंरूप-श्चतुर्विधश्रमण-संघस्तस्येशं स्वामिनं, स्मृतिं-स्मरणम् आनये-प्रापयामि स्मरामीत्यर्थः । कीदृशं तीर्थेशम्? रागद्वेषविजेतारं-रागद्वेषयोर्विशेषेण-

१ अर्हं - कर्तृनिर्देशः पं. वज्रसेनविजयजी गणि सम्पादक पुस्तिकायां.

अपुनर्जेयतारूपेण जेतारं-जयनशीलम्, ''तृन्'' इत्यनेन ताच्छीलिकस्तृन् तथा विश्ववस्तुनः-त्रिभुवनवर्तिसामान्यविशेषात्मकस्य पदार्थजातस्य, ज्ञातारम् अवबोद्धारम्, शक्रपूज्यं-शक्राणां-इन्द्राणां पूज्यं-पूजनीयम्, गिरामीशं-गिरां वाणीनामीशं-स्वामिनम्, यथावस्थिवस्तुविषयत्वेनैतासां प्रयोक्तृत्वात् । अनेन विशेषणचतुष्टयेन भगवतः चत्वारो मूलातिशयाः प्रतिपादिताः । तथाहि अपायापगमातिशयः, ज्ञानातिशयः, पूजातिशयः, वागतिशयश्चेति ।

સકલકવિ અને તાર્કિકોના સમૂહમાં ચક્રવર્તીસ્વરૂપે પ્રસિદ્ધિને પામેલ પૂજ્યપાદશ્રી વાદિદેવસૂરિ મહારાજશ્રીએ પ્રારંભ કરેલા એવા (આ) ગ્રંથની નિર્વિઘ્નપૂર્ણતાને માટે અને (કોઈપણ કાર્યના પ્રારંભમાં મંગલ કરવું જોઈએ એમ) શિષ્યોને શીખવવા માટે ઈષ્ટદેવતાને નમસ્કાર કરવા સ્વરૂપ મંગલ (પ્રથમશ્લોક દ્વારા) કરે છે.

अर्हं-अर्हतीति-अर्हं-યોગ્ય હોવું (ધાતુ અને પ્રત્યય ઉપરથી જે શબ્દ બનેલો હોય તે વ્યુત્પત્તિનિમિત્તકશબ્દ કહેવાય જેમ કે तत्त्वं शृणोतीति-श्रावकः આ શબ્દ વ્યુત્પત્તિમાન્ છે તથા કર્ત્તાએ શબ્દના અક્ષરોને જોડીને શાસ્ત્રાધારે પોતે કલ્પિત કરેલો અર્થ જેમાં હોય તે નિર્યુક્તિનિમિત્તક શબ્દ કહેવાય જેમ કે શ્રાવક શબ્દમાં ''શ્રા'' એટલે શ્રદ્ધા ''વ'' એટલે વિવેક અને ''ક'' એટલે ક્રિયા કરનાર આ કર્ત્તાએ નિર્ધારેલો અર્થ છે. માટે નિર્યુક્તિશબ્દ કહેવાય) તેમ અહીં પણ ટીકામાં મૂકેલા अर्हं શબ્દમાં પણ ૩૪ અતિશયોથી-યુક્ત એવો અર્થ વ્યુત્પત્તિઅર્થ જાણવો.

तीर्थेशं- તીર્થ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાસ્વરૂપ ચતુર્વિધ શ્રીસંઘ, તેના સ્વામી તે તીર્થેશ કેવા છે ? [૧] रागद्वेषविजेतारं- રાગ અને દ્વેષને વિ=વિશેષકરીને એટલે ફરી ન જીતવા પડે તેવી રીતે જીતવાનો સ્વભાવ છે જેનો એવા તીર્થેશને... અહીં विजेतारं શબ્દમાં શીલ (સ્વભાવ) અર્થમાં तृन् પ્રત્યય થયો છે.

[૨] विश्ववस्तुनः ज्ञातारं : ત્રણે જગતમાં રહેલા સામાન્ય અને વિશેષાત્મક એવા પદાર્થને જાણનારા.

[૩] शक्रपूज्यं- ઈન્દ્રોને પૂજનીય [૪] गिरामीशं- વાણીના સ્વામી અરિહંત પરમાત્મા યથાયોગ્ય વસ્તુના વિષયસ્વરૂપે વાણીનો પ્રયોગ કરનાર

છે એટલે કે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ કથન કરનારા છે માટે વાણીના સ્વામી કહેવાય છે. આ ઉપરોક્ત જણાવેલ ચાર વિશેષણો દ્વારા અરિહંત પરમાત્માના ચાર મૂલ-અતિશયોનું પ્રતિપાદન કરેલું છે તે આ પ્રમાણે रागद्वेषविजेतारं પદ દ્વારા અપાયાપગમાતિશય, विश्ववस्तुनः ज्ञातारं પદદ્વારા જ્ઞાનાતિશય, शक्रपूज्यं પદદ્વારા પૂજાતિશય, गिरामीशं પદદ્વારા-વચનાતિશય.

ન્યાયની ભાષામાં ''ननु'' અને ''अथ'' શબ્દથી પૂર્વપક્ષ શરૂ થાય છે. અને ''इति चेत्'' શબ્દો દ્વારા પૂર્ણ થાય છે. ક્યારેક પ્રારંભમાં આવા શબ્દોલ્લેખ વિના જ પૂર્વપક્ષ શરૂ થાય છે. અને ''इति चेत्'' દ્વારા પૂરો થાય છે. ક્યારેક પૂર્વપક્ષનો પ્રારંભ ''ननु - अथ'' શબ્દથી થાય છે અંતે ''चेत्'' શબ્દ નથી હોતો માત્ર ''इति'' શબ્દ જ હોય છે. અહીં પણ ગ્રંથકારશ્રી ननु. ઇત્યાદિ ગ્રંથદ્વારા પૂર્વપક્ષ સંબંધી શંકાનું ઉદ્ભાવન કરી પ્રશ્ન રજુ કરે છે.

ननु निर्विघ्नग्रन्थसमाप्तिं प्रति मङ्गलस्य कथं कारणत्वम्? विनापि मङ्गलं किरणावल्यादौ ग्रन्थपरिसमाप्तिदर्शनाद् व्यतिरेकव्यभिचारस्य, कादम्बर्यादौ कृतेऽपि मङ्गले समाप्त्यभावादन्वयव्यभिचारस्य च विद्यमानत्वात्, तस्माद-नारम्भणीयं मङ्गलमिति चेत्, न, किरणावल्यादौ ग्रन्थाद् बहिरेव मङ्गलस्य कृतत्वाद् विघ्नात्यन्ताभावाद्वा ग्रन्थसमाप्तिसम्भवात्, कादम्बर्यादौ तु कृतेऽपि मङ्गले विघ्नबाहुल्याद् विघ्नानुरुपस्य मङ्गलस्याभावाद् वा समाप्त्यभावान्ना-न्वयव्यतिरेकव्यभिचारः, तस्मान्मङ्गलनिर्विघ्नग्रन्थसमाप्त्योः कार्यकारणभावे न काऽपि क्षतिरिति दिक् ।

प्रश्न : નિર્વિઘ્ન ગ્રન્થની સમાપ્તિપ્રત્યે મંગલ કારણ કેવી રીતે બને ? કારણ કે મંગલ વિના પણ કિરણાવલી આદિમાં ગ્રન્થની સમાપ્તિ દેખાતી હોવાથી એટલે કે કારણ વિના કાર્ય થવાથી= यदसत्त्वे यत्सत्त्वं व्यतिरेक व्यभिचार આવ્યો તથા કાદંબરી આદિમાં મંગલ કરાયે છતે સમાપ્તિનો અભાવ હોવાથી એટલે કે કારણ હોવા છતાં કાર્યનો અભાવ હોવાથી-यत्सत्वे यदसत्त्वं अन्वयव्यभिचार विद्यमान छे (तेथी) समाप्तिमाटे मंगलनो आरंभ કરવો તે યોગ્ય નથી.

उत्तर : ''न'' इति, જો તમે એમ કહેતા હોતો ન કહેવું કારણ કે કિરણાવલી વિગેરે ગ્રન્થમાં પ્રારંભમાં ભલે મંગલ નથી દેખાતું છતાં ત્યાં

ગ્રન્થબાહ્ય એટલે કે માનસિક ભાવમંગલ કરેલું હોવાથી અથવા વિઘ્નના અત્યંત અભાવમાં (મંગલવિના) કાર્યની (ગ્રન્થની) સમાપ્તિ સ્વરૂપ વ્યતિરેક વ્યભિચારની આપત્તિ તમે આપી શકશો નહીં. વળી કાદમ્બરી વિગેરે ગ્રન્થમાં મંગલ કરાયે છતે વિઘ્નના બહુલપણાથી, (વિઘ્નો ઘણા હોવાથી) અથવા ગ્રન્થને અનુરૂપ મંગલનો અભાવ છે. તેથી મંગલરૂપ કારણ હોતે છતે પણ સમાપ્તિ રૂપકાર્યનો અભાવ છે. તેથી અન્વયવ્યભિચાર આવશે તેવું તમે કહી શકશો નહીં. આમ થવાથી મંગલ એ કારણ અને સમાપ્તિ એ કાર્ય એ રીતે કાર્યકારણભાવ માનવામાં કોઈ ક્ષતિ નથી....

ग्रन्थ-प्रयोजनम् —

प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थमिदमुपक्रम्यते ॥ १-१ ॥

પ્રમાણ અને નયના સ્વરૂપના નિર્ણય માટે આ શાસ્ત્રનો આરંભ કરીએ છીએ.

प्रकर्षेण-संशयादिराहित्येन मीयते-ज्ञायते यत् तत् प्रमाणम्, नीयते-गम्यते श्रुतप्रमाणपरिच्छिन्नैकदेशोऽनेनेति नयः, प्रमाणं च नयश्चेति-प्रमाणनयौ, प्रमाणपदस्य बह्वच्त्वेऽपि अभ्यर्हितत्वात् पूर्वनिपातः, प्रमाण-नययोस्तत्त्वं-स्वरूपं प्रमाणनयतत्त्वम् तस्य व्यवस्थापनं प्रमाणनयतत्त्वव्यवस्थापनम् तदेव प्रयोजनं यत्र तत् प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थम्, क्रियाविशेषणमेतद्, न तु इदंशब्दनिर्दिष्टस्य शास्त्रस्य, तस्य करणत्वेनैव तत्रोपयोगात् । इदं बुद्धौ प्रतिभासमानं शास्त्रमुपक्रम्यते-बहिः शब्दरूपतया प्रारभ्यते । ''प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते'' इति न्यायेन प्रयोजनमन्तरा प्रेक्षावत्प्रवृत्त्यनुपलम्भादिदमादिवाक्यं प्रयोजनं प्रतिपादयितुं शास्त्रादावुपन्यस्तम् । अत्र **बौद्धाः** वदन्ति- इदमादिवाक्यं प्रयोजनमभिधातुं नाऽलम्, प्रयोजनगोचरसंशयोत्पादकत्वेनैव तस्य चरितार्थत्वादिति । तदसत्, आदिवाक्यं विनैव शास्त्रमात्रावलोकनेनापि इदं शास्त्रं सप्रयोजनमप्रयोजनं वा ? इति प्रयोजनभावाभावपरः संशयः समाविर्भवति तथा च न तदर्थमादिवाक्यमावश्यकम् अपि तु प्रयोजनप्रतिपादकत्वेनैव सप्रयोजनमिति मन्तव्यम् ॥१॥

प्रकर्षेणेति.- સંશયાદિ દોષોથી રહિત જે જણાય તે **પ્રમાણ** કહેવાય છે.

આગમપ્રમાણથી જણાયેલ પદાર્થના એકધર્મનો બોધ જેનાવડે થાય તે **નય** કહેવાય છે. **प्रमाणाच्च नयश्चेति-प्रमाणनयौ** [એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે.]

પ્રશ્ન : વ્યાકરણમાં એવો નિયમ છે કે અલ્પસ્વરવાળો શબ્દ દ્વન્દ્વસમાસમાં પૂર્વનિપાત થાય અને ઘણા સ્વરવાળો શબ્દ પછી મૂકાય તો અહીં દ્વન્દ્વસમાસમાં નય શબ્દ અલ્પસ્વરવાળો હોવા છતાં ઘણા સ્વરવાળા પ્રમાણ શબ્દની પછી કેમ મૂકાયો ?

ઉત્તર : **પ્રમાણ** પદ ઘણા સ્વરવાળુ હોવા છતાં તેનો પૂર્વનિપાત પૂજ્યવાચી હોવાથી કરવામાં આવ્યો છે કેમકે પ્રમાણવસ્તુનો વાસ્તવિક બોધ કરાવે છે જ્યારે નય વસ્તુનો એકાંશથી બોધ કરાવે છે માટે પ્રમાણ સર્વાંગી બોધકારક હોવાથી પૂજ્યવાચી છે માટે પૂર્વે મૂકાયો છે.

પ્રમાણ અને નયનું **तत्त्वं** એટલે સ્વરૂપ, **प्रमाणनयतत्त्वस्य व्यवस्थापनं**- પ્રમાણ અને નયના સ્વરૂપનું વ્યવસ્થાપનં તેજ છે પ્રયોજન જેનું તે- **"प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थम्"** પ્રમાણ અને નયના સ્વરૂપના નિર્ણયમાટે, **"प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थ"** આ પ્રથમપદ **"उपक्रम्यते"** ક્રિયાપદનું વિશેષણ છે પરંતુ **"इदम्"** આ શબ્દથી નિર્દેશ કરાયેલ શાસ્ત્રનું **प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थम्** એ પદ વિશેષણ નથી, કારણ કે આચાર્યમહારાજશ્રી આ શાસ્ત્રવડે પ્રમાણ અને નયોના સ્વરૂપની વ્યવસ્થા કરે છે. આમાં આચાર્યભગવંત કર્ત્તા છે. શાસ્ત્ર એ કરણ છે તત્ત્વ એ કર્મ છે. વ્યવસ્થા કરાવવી તે ક્રિયા છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે શાસ્ત્ર તત્ત્વોનો નિર્ણય કરતું નથી પરંતુ શાસ્ત્રો-દ્વારા તત્વવિદ્ પુરુષો તત્ત્વનો નિર્ણય કરે છે. માટે શાસ્ત્ર એ કરણ છે. અને આચાર્ય ભગવંત કર્તા છે. શાસ્ત્રમાં કર્તાપણાનો માત્ર ઉપચાર છે માટે **प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थम्** એ ક્રિયા-વિશેષણ જાણવું. શાસ્ત્ર બે પ્રકારે છે. (૧) અર્થસ્વરૂપ= **अंतःशास्त्रं**- અર્થબોધ ઉચ્ચારણ કરાતો નથી, તેનું ભાન હૃદયગત હોય છે, માટે તે અંતઃશાસ્ત્ર કહેવાય છે. (૨) શબ્દસ્વરૂપ- **बहिः शास्त्रं**- પ્રથમ શબ્દ બોલાય, પછી અર્થ- બોધ થાય માટે, શ્રોતાના હૈયામાં ઉત્પન્ન થનારા શાસ્ત્રનું કારણ છે જે તે વક્તાના શબ્દસ્વરૂપ બહિર્શાસ્ત્ર કહેવાય છે. શાસ્ત્રકાર ભગવંતને આ આખું ય શાસ્ત્ર સ્વસંવેદનથી અંતરમાં અર્થસ્વરૂપે પ્રત્યક્ષ સ્ફૂરાયમાન છે તેથી **"इदम्"** એટલે આ દેખાય

છે તે, [ક્યાં દેખાય છે એવું પૂછે કોઇ તો] **बुद्धौ प्रतिभासमानं**= એમની બુદ્ધિમાં આખું શાસ્ત્ર પ્રતિભાસમાન થયેલું છે.

પ્રશ્ન : બુદ્ધિમાં સઘળુએ શાસ્ત્ર જણાઈ ગયું છે તો "**उपक्रम्यते**=" આરંભ કરાય છે એવું શા માટે કહ્યું ?

ઉત્તર : હૃદયગત [અંતરમાં] શાસ્ત્ર રચાઈ ગયું છે પરંતુ શબ્દરૂપે શાસ્ત્રની રચના કરાય છે શબ્દરૂપ બહિઃશાસ્ત્ર પ્રગટ કરવું તેજ આ ગ્રંથનું પ્રયોજન છે.

"પ્રયોજન વિના બાળજીવો પણ પ્રવૃત્તિ કરતા નથી" એ જ ન્યાયને અનુસરીને પ્રયોજન વિના બુદ્ધિમાનને પ્રવૃત્તિ પ્રાપ્ત થતી નથી અર્થાત્ સજ્જનોની પ્રવૃત્તિ તો પ્રયોજન-વાળી જ હોય છે. પ્રયોજન વિના બાળજીવો પણ પ્રવૃત્તિ કરતા નથી તો બુદ્ધિમાન ક્યાંથી કરે ? આથી પ્રયોજન બતાવવા માટે **प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थं** આ આદિવાક્ય શાસ્ત્રની (ગ્રન્થની) શરૂઆતમાં રજુ કર્યું છે.

પ્રમાણ અને નયનું સ્વરૂપ અભિધેય-વાચ્ય છે અને આ શાસ્ત્ર વાચક છે આ બંનેનો સંબંધ સાક્ષાત્ ન કહેવા છતાં સામર્થ્યથી જણાઈ આવે છે.

પ્રયોજન બે પ્રકારે છે. (૧) કર્ત્તાસંબંધી (૨) શ્રોતાસંબંધી.

(૧) પ્રમાણનયના સ્વરૂપનો નિશ્ચય શ્રોતાને કરાવવો તે કર્ત્તાનું પ્રયોજન છે.

(૨) પ્રમાણનયના સ્વરૂપનો નિશ્ચય કરવો તે શ્રોતાનું પ્રયોજન છે.

પૂર્વપક્ષ : અહીં બૌદ્ધો કહે છે કે આદિવાક્ય છે તે પ્રયોજન કહેવાને માટે સમર્થ નથી પરંતુ પ્રયોજનવિષયક સંશયોની ઉપસ્થિતિ કરવી તેમાં આદિવાક્યની સફળતા છે આવી તેઓની માન્યતા છે તેની સામે ગ્રન્થકારશ્રી જણાવે છે કે.

ઉત્તરપક્ષ : તમારૂં કહેવું બરાબર નથી કેમ કે આદિવાક્ય વિના શાસ્ત્રને જોવા માત્રથી જ આ શાસ્ત્ર પ્રયોજનસહિત છે કે પ્રયોજનરહિત છે. તથા પ્રયોજનના ભાવરૂપ છે કે અભાવરૂપ છે તેમ સંશય પ્રગટ થઈ જ જાય છે. [અન્ય શાસ્ત્રના સાધર્મ્યને લઈને પણ તેવો સંશય પ્રગટ થઈ જાય છે] તેથી તે સંશયને માટે આદિવાક્ય આવશ્યક નથી પરંતુ પ્રયોજનના પ્રતિપાદન માટે જ આ આદિવાક્ય છે માટે આ શાસ્ત્ર પ્રયોજનસહિત છે એમ માનવું જોઈએ.

प्रमाणस्य व्याख्या —

હવે પ્રમાણની વ્યાખ્યા બતાવે છે.

स्वपरव्यवसायिज्ञानं प्रमाणम् ॥ १-२ ॥

પોતાનો અને પરનો નિશ્ચય કરાવનારું એવું જે જ્ઞાન તે પ્રમાણ છે.

स्वम्- ज्ञानस्वरुपम् परः- ज्ञानाद् भिन्नोऽर्थः स्वं च परश्चेति स्वपरौ तौ विशेषेणावस्यति-निश्चिनोतीत्येवं शीलं यस्य तत् स्वपरव्यवसायि । ज्ञायते प्राधान्येन विशेषो गृह्यतेऽनेनेति ज्ञानम्, [राद्धान्ते वस्तुनः सामान्यविशेषात्मकत्वाद् यदा ग्राहकं ज्ञानं विशेषांशं गौणीकृत्य सामान्यांशं प्राधान्येन गृह्णाति तदा तद् दर्शनपदेनाभिधीयते, यदा सामान्यांशं गौणीकृत्य विशेषांशं प्रधानरूपतया गृह्णाति तदा तद् ज्ञानशब्देनोच्यते]

स्व= જ્ઞાનસ્વરૂપ અને પરः= જ્ઞાનથી ભિન્ન એવા ઘટપટાદિ પદાર્થો, સ્વશ્ચ પરશ્ચેતિ સ્વપરૌ પોતાનો અને બાહ્યપદાર્થોનો વિશેષ કરીને [વાસ્તવિક રીતે] નિશ્ચય કરાવવો એ જેનો સ્વભાવ છે તે- **स्वपरव्यवसायि**, જે જણાય તે જ્ઞાન કહેવાય એટલે કે વસ્તુમાં રહેલ વિશેષધર્મ જેના વડે ગ્રહણ કરાય તે **ज्ञान** કહેવાય છે. [સિદ્ધાન્તમાં વસ્તુ સામાન્યવિશેષાત્મક છે તેમાં જે વિશેષ અંશ એવા જ્ઞાનને ગૌણ કરીને સામાન્ય અંશને પ્રધાનતાથી ગ્રહણ કરે છે તે સામાન્ય-બોધને **दर्शन** કહેવાય છે. જ્યારે સામાન્યઅંશને ગૌણકરીને વિશેષ-અંશને પ્રધાનપણે ગ્રહણ કરનારો જે બોધ છે તે **ज्ञान** કહેવાય છે.]

अत्र प्रमाणम् लक्ष्यम् स्वपरव्यवसायित्वे सति ज्ञानत्वं लक्षणम्, असाधारणधर्मो हि लक्षणम्, असाधारणत्वं च लक्ष्यतावच्छेदकसमनियतत्वम्। लक्षणस्य त्रीणि दूषणानि सन्ति, अव्याप्त्यतिव्याप्त्यसंभवभेदात्, तत्र लक्ष्यैकदेशावृत्तित्वमव्याप्तिः, यथा- 'गोः कपिलत्वं लक्षणम्' इत्युक्ते श्वेतगवादौ भवत्यव्याप्तिः श्वेतगवि कपिलत्वस्याभावात् । लक्ष्यवृत्तित्वे सत्यलक्ष्यवृत्तित्वमतिव्याप्तिः यथा- 'शृङ्गित्वं गोर्लक्षणम्' इत्युक्ते महिषादावतिव्याप्तिः, शृङ्गित्वरुपधर्मस्य तत्रापि विद्यमानत्वात् । लक्ष्यमात्रावृत्तित्वमसम्भवः यथा- 'एकशफत्त्वं गोर्लक्षणम्' इत्युक्ते गोमात्रस्यैकशफत्वाभावादसम्भवः । सास्नादिमत्वं गोत्वमिति तु दूषणत्रयरहितं लक्षणम्

एवमिदमपि प्रमाणलक्षणं दूषणत्रयरहित्वान्निरवद्यम् तथाहि- प्रमाणमात्रे लक्षणस्य सत्त्वान्नाव्याप्तिः, अप्रमाणतो व्यावृत्तत्वान्नातिव्याप्तिः, लक्ष्यमात्रे लक्षणस्य विद्यमानत्वादेव नासम्भवः ।

અહીં સૂત્રમાં ''प्रमाणम्'' પદ એ લક્ષ્ય છે અને 'स्वपरव्यवसायिज्ञानम्' એ પદ લક્ષણ છે. વસ્તુનું અસાધારણ સ્વરૂપ તે વસ્તુનું લક્ષણ કહેવાય છે. [જેનાવડે વસ્તુ ઓળખાય તે] અસાધારણધર્મ- 'लक्ष्यतावच्छेदकसमनियतत्वम्' એટલે કે લક્ષ્ય જે પ્રમાણ લક્ષ્યતાવચ્છેદક- પ્રમાણત્વ તેની સાથે समनियतत्वम्= વ્યાપીને રહે તે અસાધારણધર્મ છે. દા.ત. : ગાય સ્વરૂપ એવા અધિકરણમાં રહેનાર ગોત્વની સાથે सास्नामत्वम् વ્યાપીને રહે છે માટે તે અસાધારણ-ધર્મ છે. તેવી જ રીતે પ્રમાણ એવા અધિકરણમાં રહેનાર પ્રમાણત્વની સાથે સ્વપરવ્યવસાયિત્વ એવું જ્ઞાનત્વ વ્યાપીને રહે છે માટે તે પ્રમાણનું અસાધારણ (લક્ષણ) ધર્મ સ્વપરવ્યવસાયિજ્ઞાનત્વ થશે તાત્પર્યાર્થ આ પ્રમાણે છે કે જે વસ્તુનું જે લક્ષણ હોય તે સમાયજાતીય દરેકમાં હોવું જોઈએ અને વિજાતીયમાં ન હોવું જોઈએ, સ્વજાતિમાં ઘટે કે ન ઘટે પરંતુ ભિન્નજાતિમાં ઘટે તો તે અતિવ્યાપ્તિ દોષયુક્ત છે લક્ષણના ત્રણ દૂષણો છે. (૧) અવ્યાપ્તિ (૨) અતિવ્યાપ્તિ (૩) અસંભવ.

(૧) अव्याप्ति- લક્ષ્યના એકદેશમાં જેની વૃત્તિ ન હોય તે... જેમકે- ગાયનું કપિલત્વ એ લક્ષણ કરીએ તો શ્વેતવિગેરે ગાયમાં કપિલત્વનો અભાવ હોવાથી તે લક્ષણ અવ્યાપ્તિ દોષ યુક્ત છે.

(૨) अतिव्याप्ति- લક્ષ્યમાં રહ્યે છતે અલક્ષ્યમાં પણ જે લક્ષણ રહે તે જેમ કે ગાયનું શૃંગિત્વ લક્ષણ અતિવ્યાપ્ત દોષ દૂષિત છે કેમ કે ગાયમાં શૃંગિત્વ ધર્મ વિદ્યમાન હોવા ઉપરાંત મહિષ વિગેરેમાં પણ શૃંગિત્વ ધર્મ વિદ્યમાન છે માટે આ લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું છે.

(૩) असंभव- લક્ષ્યમાત્રમાં ન રહેવું તે... જેમકે ગાયનું એકશફત્વ (એકખરી) એવું લક્ષણ. ગાયમાત્રમાં તેનો અભાવ હોવાથી અસંભવ દોષવાળું છે. પરંતુ गोः सास्नादिमत्वं એવું લક્ષણ ત્રણે દોષોથી રહિત છે. એ જ પ્રમાણે પ્રમાણનું લક્ષણ ત્રણે દૂષણોથી રહિત હોવાથી દોષવગરનું છે તે આ પ્રમાણે- પ્રમાણમાત્રમાં લક્ષણ ઘટતું હોવાથી અવ્યાપ્તિ દોષ આવતો નથી. તથા ભ્રમિત-

જ્ઞાન વિગેરે અપ્રમાણમાં પ્રમાણનું લક્ષણ જતું નથી માટે અતિવ્યાપ્તિ દૂષણવાળું નથી લક્ષ્યમાત્રમાં લક્ષણ વિદ્યમાન હોવાથી અસંભવ દોષ પણ નહીં લાગે.

જ્ઞાનં પ્રમાણમિત્યુક્તે સંશયાદાવતિવ્યાપ્તિઃ સ્યાદ્ અતઃસ્વપરવ્યવસાયીતિ પદમ્, નૈયાયિકાભિમતસ્ય જડસ્વરુપસ્ય સન્નિકર્ષાદેઃ, સ્વસમયપ્રસિદ્ધસ્ય સન્માત્રવિષયસ્ય દર્શનસ્ય ચ પ્રામાણ્યનિરાકરણાર્થં જ્ઞાનમિતિ પદમ્, બૌદ્ધૈઃ પરિકલ્પિતસ્ય નિર્વિકલ્પસ્ય પ્રામાણ્યવ્યવચ્છેદાર્થં વ્યવસાયીતિ પદમ્, જ્ઞાનાદ્વૈતવાદિનાં મતમત્યસિતું પરેતિ, નિત્યપરોક્ષજ્ઞાનવાદિનાં મીમાંસકાનામ્, એકાત્મસમવાયિજ્ઞાનાન્તરપ્રત્યક્ષવાદિનાં નૈયાયિકાનામ્, અચેતનજ્ઞાનવાદિનાં સાંખ્યાનાં ચ મતં નિરાકર્તું સ્વેતિ। સમગ્રલક્ષણં તુ ''અર્થોપલબ્ધિઃ પ્રમાણમ્'' ઇત્યાદીનાં પરપરિકલ્પિતાનાં લક્ષણાનાં વ્યવચ્છેદાર્થમિતિ દિક્ ॥ ૨॥

સ્વપરવ્યવસાયિ જ્ઞાનં પ્રમાણંએ લક્ષણના દરેક પદોની સાર્થકતા જણાવે છે.

(૧) આ લક્ષણમાં જ્ઞાનં પ્રમાણમ્ આવું લક્ષણ કરે તો સંશય વિગેરેમાં અતિવ્યાપ્તિ આવે કારણ કે સંશય વિપર્યય અને અનધ્યવસાય આ ત્રણ અયથાર્થ જ્ઞાનના જ ભેદ છે તેથી તેમાં જ્ઞાનપણું હોવાથી અતિવ્યાપ્તિ આવે તેનું નિવારણ કરવા માટે સ્વપરવ્યવસાયિ પદ જરૂરી છે. એટલે કે સ્વપરનો નિશ્ચયાત્મક બોધ કરાવે તે જ્ઞાન પ્રમાણ છે. સંશય વિગેરેમાં તો યથા સ્થાણુર્વા પુરુષો વા આમ સંશય હોવાથી સ્વપરનો નિશ્ચય કઈ રીતે થાય? આમ સંશયાત્મક-જ્ઞાનમાં નિશ્ચયાત્મક બોધનો અભાવ હોવાથી લક્ષણ તેમાં નહીં જાય તેથી અતિવ્યાપ્તિ નહીં આવે....

(૨) ''સ્વપરવ્યવસાયિ પ્રમાણમ્'' આવું લક્ષણ કરીએ તો નૈયાયિકે માનેલા જડસ્વરૂપ એવા સન્નિકર્ષ વિગેરે તથા પોતાના એટલે કે જૈનદર્શનમાં પ્રસિદ્ધ, સત્તામાત્રના વિષયને જણાવનારૂં દર્શન પણ સ્વ અને પરનો બોધ કરાવનાર છે માટે એને પણ પ્રમાણ માનવાનો પ્રસંગ આવે પરંતુ અહીં તો આવા સામાન્ય બોધનું પ્રયોજન નથી કેમ કે તેનાથી હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ થતી નથી તેથી સન્નિકર્ષ તથા દર્શનમાં અતિવ્યાપ્તિના વારણ માટે જ્ઞાનપદની પણ આવશ્યકતા છે.

નૈયાયિકો ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ=સમ્પર્ક તે પ્રમાણ છે આવું માને છે તે બરાબર નથી કારણ કે અજાણ્યા ફલનો થાળ હોય અને ચક્ષુરિન્દ્રિયનો

સંયોગ થાય તો આ ક્યું ફલ છે ? તેનો બોધ થતો નથી. મડદાની જીભ ઉપર સાકર મૂકો તો મધુરતાનો બોધ થતો નથી માટે તે સન્નિકર્ષો જ્ઞાનસ્વરૂપ નથી તેથી સન્નિકર્ષ-અપ્રમાણ છે તે સન્નિકર્ષો આગળ કહેવાશે.

તેમજ દર્શનથી અસ્તિત્વમાત્ર-આ કંઈક છે તેવું જાણે છે તેનાથી વિશેષધર્મોને જાણી શકાતા નથી તેથી હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કે લેવડ-દેવડ કંઈ થતું નથી સામાન્યમાત્ર બોધથી વ્યવહાર થઈ શકે નહીં માટે જ્ઞાન એજ પ્રમાણ છે.

(૩) ''स्वपरज्ञानं प्रमाणम्'' આવું લક્ષણ કરે તો બૌદ્ધે માનેલા નિર્વિકલ્પક જ્ઞાનમાં પ્રમાણતાની અતિવ્યાપ્તિ આવે માટે તેની પ્રમાણતાનું ખંડન કરવા માટે ''व्यवसायि'' પદ જરૂરી છે. નિર્વિકલ્પજ્ઞાનમાં દૂર દોરડું પડેલું છે ત્યારે આ કંઈક છે એવું પોતાને અને પરને જણાવે છે પણ તે નિશ્ચય કરાવનાર બનતું નથી તથા સંશયાદિમાં પ્રમાણતા ન આવી જાય માટે વ્યવસાયિ પદ કહેલ છે.

(૪) ''स्व-व्यवसायि ज्ञानं प्रमाणम्'' આવું લક્ષણ કરેતો પરપદાર્થના સમૂહને નહીં માનનારા જ્ઞાનાદ્વૈતવાદીના મતમાં અંતિવ્યાપ્તિ આવે. કારણ કે, જ્ઞાનાદ્વૈતવાદી માને છે કે જગતમાં જ્ઞાન જ છે અજ્ઞાનના વશથી પદાર્થની ભ્રાન્તિ થાય છે જેમ ઝાંઝવાના જળમાં જળ નથી છતાં જળની ભ્રાન્તિ થાય છે તેમ ઘટપટાદિ પદાર્થો નથી છતાં પણ ભ્રમણા થાય છે તેથી આવી રીતે તેમના દર્શનનું ખંડન કરવા ''पर'' પદ ઉપયોગી છે.

(૫) ''परव्यवसायि ज्ञानं प्रमाणम्'' આવું લક્ષણ કરીએ તો નિત્ય-પરોક્ષજ્ઞાનવાદી મીમાંસકો તથા નૈયાયિકો (વૈશેષિકો) તથા સાંખ્યદર્શનના મતમાં અતિવ્યાપ્તિ આવે તેથી તેમના કદાગ્રહને તોડવા માટે ''स्व'' પદની સાર્થકતા છે.

તેમની માન્યતાઓ આ પ્રમાણે છે :-

મીમાંસકો : જ્ઞાન એ નિત્યપરોક્ષ છે. જ્ઞાન કદાપિ પ્રત્યક્ષ થતું નથી એટલે કે સ્વયં જણાતું નથી પર પદાર્થને જણાવે છે પણ પોતાને જણાવી શકતું નથી. જેમ કે ડોલમાં મૂકેલો દીવો ઘટપટાદિ પદાર્થોને જણાવે છે પણ દીવો દીવાને જણાવતો નથી એવી જ રીતે જ્ઞાન તે પર પદાર્થનો નિશ્ચય કરાવનાર છે પણ

પોતાને જણાવનાર નથી આવી માન્યતામાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ જાય, તે દૂર કરવા માટે "स्व" પદ મુકવું જરૂરી છે.

નૈયાયિકો : દ્રવ્ય અને ગુણને અન્યોન્ય ભિન્ન પદાર્થ તરીકે માને છે તેથી તેમના મતે આત્મા (દ્રવ્ય) અને જ્ઞાન (ગુણ) ભિન્ન છે તેથી આત્મામાં જ્ઞાન, સમવાય નામના સંબંધથી રહે છે તે જ્ઞાન ઘટપટાદિ પદાર્થોને જણાવે છે પરંતુ પર પદાર્થને જણાવનાર આ જ્ઞાન એ શું? શેનાથી જણાય છે ? એવી જ્ઞાનને જાણવાની જિજ્ઞાસા થયા પછી જે આત્મામાં આ જ્ઞાન પ્રત્યક્ષ થયું છે તે જ આત્મામાં સમવાય સંબંધથી રહેનાર બીજું માનસ-પ્રત્યક્ષ થાય છે તે પ્રથમ જ્ઞાનનો બોધ કરાવે છે જેમ કે-ઘટ દેખતાં જ આત્મામાં ઘટવિષયક જ્ઞાન થાય છે પરંતુ મને ઘટનું જ્ઞાન થયું છે કે નહીં એનો નિશ્ચય આ જ્ઞાનથી નથી થતો પરંતુ બીજા સમયના જ્ઞાનથી થાય છે એટલે કે બીજા સમયના જ્ઞાનથી પ્રથમ સમયનું જ્ઞાન જણાય છે કે મને ઘટનું જ્ઞાન થયું આવી ગ્રન્થીવાળામાં લક્ષણ ન ઘટે માટે "स्व" પદ મૂકવું આવશ્યક છે.

સાંખ્યો : જ્ઞાનને જડ માને છે તેમના મતે પ્રકૃતિ અને પુરુષ બે જ તત્ત્વ છે. પ્રકૃતિ (મહત્)માંથી બુદ્ધિ (જ્ઞાન) ઉત્પન્ન થાય છે તે બુદ્ધિ અરીસા જેવી છે. જડ=ચિત્શૂન્ય છે માટે તે સ્વને જણાવતી નથી પરને જણાવનાર છે તેથી તેમાં પણ લક્ષણની અતિવ્યાપ્તિ ન થાય માટે "स्व" પદ મૂક્યું છે.

अर्थोपलब्धिः प्रमाणम् એવું જે નૈયાયિકો વિગેરે પ્રમાણનું લક્ષણ માને છે તેનો વ્યવચ્છેદ કરવા स्वपरव्यवसायिज्ञानम् प्रमाणम् આવું સમગ્ર લક્ષણ જાણવું. તથા આદિ પદથી अविसंवादिज्ञानम् प्रमाणम् इति बौद्धाः તથા अनधिगततथाभूतार्थनिश्चायकं प्रमाणमिति भाट्टाः વિગેરે અન્યદર્શનકારો એ માનેલી પ્રમાણતાનો વ્યવચ્છેદ કરવા આ સાંગોપાંગ લક્ષણ જાણવું.

अथ ज्ञानशब्दस्य सार्थकता दर्शनार्थमाह —

પ્રમાણના લક્ષણમાં બતાવેલ જ્ઞાન પદની સાર્થકતા ત્રણ સૂત્રો દ્વારા જણાવે છે :

अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कार क्षमं-
हि प्रमाणमतो ज्ञानमेवेदम् ॥ १-३ ॥

પ્રમાણ ઈષ્ટવસ્તુ (ઉપાદેય)ના સ્વીકાર (પ્રવૃત્તિ) કરાવવામાં અને અનિષ્ટ વસ્તુ (હેય)ના ત્યાગ કરાવવામાં સમર્થ છે અને આ પ્રમાણ જ્ઞાન સ્વરૂપ છે.

વિશેષાર્થ : ઉપાદેય અને હેય શું છે ? તેને જાણવા માટે પ્રમાણની આવશ્યકતા છે. પ્રમાણની ઉપયોગિતા પ્રમાણને જ્ઞાન માનવાથી જ સિદ્ધ થાય છે કેમ કે પ્રમાણ જ્ઞાનસ્વરૂપ ન હોય અને અજ્ઞાનસ્વરૂપ માનીએ તો હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિનો વિવેક ન થઈ શકે માટે પ્રમાણ જ્ઞાનસ્વરૂપ જ છે.

अभिमतमुपादेयं, अनभिमतं-हेयम् । प्रयोगश्च-प्रमाणं ज्ञानमेव अभिमतानभिमतवस्तु स्वीकार-तिरस्कारक्षमत्वात्, यन्न ज्ञानं तन्नाभिमतवस्तुंस्वीकार तिरस्कारक्षमं च प्रमाणम्, अतो ज्ञानमेवेदम् ॥ ३ ॥

अभिमतं= ઉપાદેય अनभिमतं= હેય તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે:-

પક્ષ સાધ્ય સાધન

प्रमाणम्, ज्ञानमेव, अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमत्वात् પ્રમાણ જ્ઞાન સ્વરૂપ જ છે, અભિમત અને અનભિમત વસ્તુના સ્વીકાર અને ત્યાગ કરવામાં સમર્થ હોવાથી, જે જ્ઞાન નથી તે ઈચ્છિત કે અનિષ્ટ વસ્તુના સ્વીકાર અને તિરસ્કાર કરવામાં સમર્થ નથી જેમકે-થાંભલાં વિગેરે [દૃષ્ટાન્ત], ઈચ્છિત વસ્તુનો સ્વીકાર અને અનિષ્ટનો તિરસ્કાર કરવામાં સમર્થ પ્રમાણ છે [ઉપનય], તેથી પ્રમાણ જ્ઞાનસ્વરૂપ જ છે (નિગમન). કોઈપણ વસ્તુનો બીજાને નિર્ણય કરાવવો હોય ત્યારે પાંચ અવયવ દ્વારા (पञ्चावयवी वाक्यं) નિશ્ચય કરાવાય છે તે આ સૂત્રમાં બતાવ્યું છે.

પ્રતિજ્ઞા (પક્ષ), હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય, નિગમન તે આ પ્રમાણે :

(૧) प्रमाणम् ज्ञानमेवं [पक्षवाक्य] (૨) अभिमतानभिमतवस्तुस्वीकार तिरस्कारक्षमत्वात् (हेतुवाक्य) (૩) यन्न ज्ञानं तन्नाभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमं यथा स्तम्भादिः [व्यतिरेक व्याप्तिपूर्वक दृष्टान्त वाक्य] (૪) अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमं च प्रमाणम् [उपनयवाक्य] (૫) अतो ज्ञानमेवेदम् [निगमनवाक्य].

न वै सन्निकर्षादेरज्ञानस्य प्रामाण्यमुपपन्नं तस्यार्थान्तरस्येव स्वार्थव्यवसितौ साधकतमत्वानुपपतेः ॥ १-४॥

અજ્ઞાનસ્વરૂપ સન્નિકર્ષનું પ્રમાણપણું ઘટતું નથી. (વ્યાજબી નથી) કારણ કે તે સન્નિકર્ષો અજ્ઞાનસ્વરૂપ ઘટાદિ પદાર્થોની જેમ પોતાના અને પરના નિશ્ચયમાં સમર્થ નથી [તે સાધકતમ ન હોવાથી સન્નિકર્ષો પ્રમાણ તરીકે ઘટતા નથી.]

ત્રીજા સૂત્રમાં જણાવ્યા મુજબ પ્રમાણ જ્ઞાનસ્વરૂપ જ છે એમ સિદ્ધ કરવા છતાં નૈયાયિકો કહે છે કે કોઈપણ વસ્તુના પ્રત્યક્ષજ્ઞાન માટે સન્નિકર્ષ એ જ પ્રમાણ છે. અને સન્નિકર્ષ અજ્ઞાનસ્વરૂપ છે માટે તેમની તે દલિલને રદ કરવા અનુમાન પ્રમાણથી પક્ષવિગેરે પંચાવયવી વાક્યપ્રયોગ દ્વારા સન્નિકર્ષ તે પ્રમાણ નથી એમ આ સૂત્રમાં જણાવે છે.

अज्ञानस्य-जडस्वरूपस्य, सन्निकर्षादेः-इन्द्रियार्थसम्बन्धादेः प्रामाण्यं नोपपद्यते, तस्य-सन्निकर्षादेः अर्थान्तरस्येव घटादेरिव, स्वार्थव्यवसितौ-स्वार्थनिश्चितौ, साधकतमत्वानुपपतेः। अयमर्थः- यथा घटो जडत्वात् स्वनिश्चये अर्थनिश्चये च साधकतमो न भवति तथैव इन्द्रियविषयसम्बन्धरूपः सन्निकर्षोऽपि स्वनिश्चये अर्थनिश्चये च करणं न भवितुमर्हति जडत्वादेव। प्रयोगश्च- सन्निकर्षादिर्न प्रमाणम् स्वार्थव्यवसितावसाधकतमत्वात्, यत् स्वार्थव्यवसितावसाधकतमं तन्न प्रमाणम् यथा घटः, स्वार्थव्यवसितावसाधकतमश्च सन्निकर्षादिस्तस्मान्न प्रमाणम् ।

જડાત્મક (અજ્ઞાનસ્વરૂપ એવા) ઈન્દ્રિય અને પદાર્થના સંબંધરૂપ સન્નિકર્ષો વિગેરેની પ્રમાણતા ઘટી શકતી નથી કારણ કે तस्य- તે સન્નિકર્ષાદિ अर्थान्तरस्येव- ઘટાદિ વસ્તુની જેમ પોતાના અને પરના નિર્ણયમાં સાધકતમ નથી [સ્વપરનો નિશ્ચય કરવા સ્વરૂપ કાર્યમાં અત્યંત ઉપકારી-અસાધરણ કારણ નથી] તેનો તાત્પયાર્થ આ પ્રમાણે છે કે- જેમ ઘડો જડ સ્વરૂપ હોવાથી પોતાનો કે પરનો નિશ્ચય કરવામાં સાધકતમ નથી તેની જેમજ ઈન્દ્રિય અને પદાર્થના સંબંધ સ્વરૂપ સન્નિકર્ષ પણ જડ હોવાથી પોતાના નિશ્ચયમાં કે પરના નિશ્ચયમાં સાધકતમ કારણ નથી. તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે. सन्निकर्षादिर्नप्रमाणम् स्वार्थव्यवसितावसाधकतमत्वात्= પોતાના અને પરના નિર્ણયમાં અસાધકતમ હોવાથી સન્નિકર્ષાદિ પ્રમાણ નથી. [પક્ષ-હેતુ વાક્ય] यत् स्वार्थव्यवसितावसाधकतम् तन्न प्रमाणम् यथा घटः જે સ્વપર નિર્ણયમાં

અસાધકતમ છે તે પ્રમાણ નથી જેમ ઘડો [दृष्टांतवाक्य] स्वार्थ-व्यवसिता-वसाधकतमश्च सन्निकर्षादिः= સન્નિકર્ષાદિ સ્વપરના નિર્ણયમાં અસાધકતમ છે. (ઉપનયવાક્ય) तस्मान्न प्रमाणम्= તેથી તે પ્રમાણ નથી (નિગમનવાક્ય)

नैयायिकाः प्रत्यक्षं प्रति सन्निकर्षस्य प्रामाण्यमङ्गीकुर्वन्ति, तथाहि- तेषां मते सन्निकर्षः षोढा-संयोगः, संयुक्त-समवायः, संयुक्तसमवेतसमवायः, समवायः, समवेतसमवायः, विशेषणविशेष्यभावश्चेति ।

तत्र चक्षुषा घटग्रहणे संयोगः सन्निकर्षः । घटरूपग्रहणे संयुक्तसमवायः चक्षुस्संयुक्तो घटः, तत्र रूपस्य समवायात् । रूपत्वग्रहणे संयुक्तसमवेतसमवायः, चक्षुस्संयुक्तो घटः, तत्र समवेतं रूपं, तत्र रूपत्वस्य समवायात् । श्रोत्रेन्द्रियेण शब्दग्रहणे समवायस्सन्निकर्षः, श्रोत्रेन्द्रियस्य गगनरूपत्वात् "कर्णशष्कुल्यवच्छिन्नं नभः श्रोत्रम्" इति वचनात् तत्र च शब्दस्य समवायात्। श्रोत्रेन्द्रियेण शब्दत्वग्रहणे समवेतसमवायः सन्निकर्षः, श्रोत्रसमवेतः शब्दः तत्र शब्दत्वस्य समवायात् । घटाभाववद् भूतलमित्यत्र विशेषण-विशेष्यभावः सन्निकर्षः चक्षुस्संयुक्तं भूतलं तत्र घटाभावस्य विशेषणत्वात्।

નૈયાયિકો પ્રત્યક્ષજ્ઞાન પ્રત્યે સન્નિકર્ષનું પ્રમાણપણું અંગીકાર કરે છે તે આ પ્રમાણે :-

તેઓના મતે સન્નિકર્ષ છ પ્રકારે છે. (૧) સંયોગ (૨) સંયુક્તસમવાય (૩) સંયુક્ત-સમવેત-સમવાય (૪) સમવાય (૫) સમવેતસમવાય (૬) વિશેષણવિશેષ્યભાવ...

(૧) સંયોગ : ચક્ષુવડે ઘટાદિ પદાર્થને ગ્રહણ કરવામાં આવે તે

(૨) સંયુક્તસમવાય : ઘટનું રૂપ ગ્રહણ કરવામાં આવે તે.... તેમાં ચક્ષુથી યુક્ત (સંયુક્ત) ઘટમાં સમવાય સંબંધથી રૂપ રહેતું હોવાથી તે સંયુક્તસમવાય સન્નિકર્ષ કહેવાય છે.

(૩) સંયુક્તસમવેતસમવાય : રૂપત્વ જાતિનો બોધ કરવામાં આવે છે. તેમાં ચક્ષુથી સંયુક્ત ઘટ, અને તેમાં સમવાય સંબંધથી રહેતું રૂપ, અને તે રૂપમાં સમવાય સંબંધથી રહેલી રૂપત્વ જાતિ, તેનો બોધ કરવામાં સંયુક્ત-સમવેતસમવાય સન્નિકર્ષ છે.

(૪) **સમવાય** : શ્રોત્રેન્દ્રિય વડે શબ્દને ગ્રહણ કરવામાં આ સન્નિકર્ષ છે. કારણ કે તેઓની માન્યતા આ પ્રમાણે છે. શ્રોત્રેન્દ્રિય આકાશસ્વરૂપ છે. કાનમાં રહેલું જે પોલાણ છિદ્ર-રૂપ આકાશ તેજ શ્રોત્ર છે. તથા શબ્દ તે આકાશનો ગુણ છે. આકાશમાં શબ્દ સમવાયસંબંધથી રહે છે માટે તે બન્ને વચ્ચે સમવાય સન્નિકર્ષ નૈયાયિકો સ્વીકારે છે.

(૫) **સમવેતસમવાય** : શબ્દત્વ જાતિને શ્રોત્રેન્દ્રિયવડે ગ્રહણ કરવામાં સમવેતસમવાય- સન્નિકર્ષ છે. શબ્દ એ ગુણ હોવાથી શ્રોત્રમાં સમવાય સંબંધથી રહેલો છે અને શબ્દમાં શબ્દત્વ જાતિ સમવાય સંબંધથી રહેલ છે, તેથી સમવેતસમવાયસન્નિકર્ષ કહેવાય છે.

(૬) **વિશેષણવિશેષ્યભાવ** : ચક્ષુથી સંયુક્ત ભૂતલ, તેમાં ઘટનો અભાવ જાણવો... તે ભૂતલનું વિશેષણ થાય છે અથવા ક્રિયાપદ સાથે સમાનાધિકરણ થવાથી વિશેષ્ય થાય છે ભૂતલે ઘટાભાવઃ ઘટાભાववत् ભૂતલં ।

किञ्च, आत्मादिचतुष्टयसन्निकर्षेण ज्ञानमुत्पद्यते, आत्मा मनसा युज्यते, मन इन्द्रियेण, इन्द्रियमर्थेनेति । सुखादिप्रत्यक्षे तु त्रयाणामेव सन्निकर्षः, आत्मा मनसा युज्यते, मनः संयुक्तसमवाय सम्बन्धेन सुखादिना, आत्मप्रत्यक्षे तु योगिनां द्वयोरात्ममनसोरेव सन्निकर्षः, अनुमानादिकं प्रति तु द्वयोरात्ममनसोः सन्निकर्ष इति नैयायिकमतम् ॥ ४ ॥

નૈયાયિકોએ જે બાહ્ય એવી પાંચેઇન્દ્રિયોદ્વારા પ્રત્યક્ષ કરવામાં સન્નિકર્ષનું પ્રમાણપણું સ્વીકાર્યું છે, તે વાત આપણે ઉપર જોઈ ગયા.

હવે આત્માની સાથે સન્નિકર્ષનું પ્રમાણપણું સ્વીકારવું હોય તો અભ્યંતર-મનની સાથે આત્માનો સન્નિકર્ષ થાય છે. તેનું પ્રમાણપણું સિદ્ધ કરે છે. આત્માદિ પદાર્થોનું જ્ઞાન ચારવસ્તુના સન્નિકર્ષવડે ઉત્પન્ન થાય છે. [૧]આત્મા મનની સાથે જોડાય, મન [૩]ઇન્દ્રિય સાથે જોડાય અને ઇન્દ્રિયો [૪]પદાર્થની સાથે જોડાય.

સુખ વિગેરે ગુણોના પ્રત્યક્ષથવામાં ત્રણનો જ સન્નિકર્ષ થાય [૧]આત્મા મનની સાથે જોડાય આત્માની સાથે સંયુક્ત એવું મન, તેમાં સમવાય સંબંધથી રહેલું સુખ[૩] તેથી સંયુક્ત સમવાય-સન્નિકર્ષ છે.

આત્મા નામના દ્રવ્યનું પ્રત્યક્ષ કરવામાં યોગીઓને તો વળી આત્મા અને મનનો બે જ સન્નિકર્ષ થાય છે. અનુમાન ઉપમાન વિગેરે પ્રત્યે આત્મા અને મનનો એમ બેનો સન્નિકર્ષ થાય છે. આવી માન્યતા નૈયાયિક ધરાવે છે.

તેઓની ઉપરમુજબની માન્યતા યોગ્ય નથી તે અનુમાન દ્વારા હવે પછીના સૂત્રમાં જણાવે છે.

साम्प्रतमस्य हेतोरसिद्धतापरिहारार्थं सूत्रद्वयमाह —

न खल्वस्य स्वनिर्णीतौ करणत्वं
स्तम्भादेरिवाचेतनत्वात् ॥ १-५ ॥
नाप्यर्थनिश्चितौ स्वनिश्चितावकरणस्य
कुम्भादेरिव तत्राप्यकरणत्वात् ॥ १-६ ॥

આ સન્નિકર્ષનું પોતાના નિર્ણયમાં કરણપણું નથી કારણ કે થાંભલા વિગેરેની જેમ અચેતન હોવાથી (અચેતન છે).

તેમજ અર્થના (પદાર્થના) નિશ્ચયમાં પણ કરણ નથી કારણ કે જે પોતાના નિશ્ચયમાં કુંભ વિગેરેની જેમ અકરણ હોય છે તે પરમાં પણ અકરણ હોય છે.

અહીં પહેલાસૂત્રમાં અચેતન હેતુથી સ્વનિશ્ચયનો અભાવ સિદ્ધ કર્યો છે તથા બીજા સૂત્રમાં સ્વનિશ્ચયના અભાવરૂપ હેતુથી અર્થનિર્ણયનો પણ અભાવ છે એમ સિદ્ધ કર્યું છે તે બંને અનુમાન પ્રયોગો આ પ્રમાણે છે :-

प्रयोगौ तु- सन्निकर्षादिः स्वनिश्चितौ करणं न भवति, अचेतनत्वात्।
योऽचेतनः स स्वनिर्णीतौ करणं न भवति, यथा स्तम्भः,
अचेतनश्च सन्निकर्षादिः तस्मात् स्वनिश्चितौ करणं न भवति ॥ ५॥
तथा सन्निकर्षादिरर्थनिश्चितौ करणं न भवति,
स्वनिश्चितावकरणत्वात्, य एवं स एवं यथा स्तम्भादिरिति ॥६॥

पक्ष साध्य हेतु

(१) **सन्निकर्षादिः स्वनिश्चितौ करणं न भवति अचेतनत्वात्** સન્નિકર્ષ વિગેરે સ્વનિશ્ચયમાં કરણ થતા નથી, અચેતન હોવાથી. (પક્ષ હેતુ) જે અચેતન હોય છે તે પોતાનો નિર્ણય કરતા નથી. જેમકે સ્તંભ વિગેરે (દૃષ્ટાંત) સન્નિકર્ષો અચેતન છે. (ઉપનય) તેથી પોતાનો નિશ્ચય કરતા નથી (નિગમન).

(२) सन्निकर्षादिः अर्थनिश्चितौ करणं न भवति, स्वनिश्चितावकरणत्वात् સન્નિકર્ષ વિગેરે પદાર્થનાં નિર્ણયમાં પણ કરણ થતા નથી કેમ કે પોતાના નિશ્ચયમાં અકરણ છે એટલે કે કરણરૂપ બનતા નથી (પક્ષહેતુ), य एवं स एवं यथा स्तम्भादिः, જે પોતાના નિશ્ચયમાં અકરણ છે તે પરના નિર્ણયમાં અકરણ છે. જેમ થાંભલા વિગેરે. (દૃષ્ટાંત) ઉપનય અને નિગમન પણ અધ્યાહારથી સમજી લેવા. જેમ કે- सन्निकर्षादिः स्वनिश्चितौ अकरणत्वं સન્નિકર્ષ વિગેરે પોતાના નિશ્ચયમાં અકરણ છે. (ઉપનય) तस्मात् अर्थनिश्चितौ करणं न भवति તેવી તે અર્થ નિર્ણયમાં કરણ થતા નથી. (નિગમન).

प्रथमसूत्रे दर्शितव्यवसायपदस्य सार्थकता सिसाधयिषया आह —

પ્રમાણની વ્યાખ્યામાં રહેલ વ્યવસાય પદની સાર્થકતા જણાવે છે.

तद् व्यवसायस्वभावं समारोपपरिपन्थित्वात् प्रमाणत्वाद्वा ॥ १-७ ॥

તે જ્ઞાન ભ્રમવિનાનું તથા પ્રમાણભૂત હોવાથી નિશ્ચયાત્મક સ્વભાવવાળું છે.

વિશેષાર્થ : આપણે જૈનો જ્ઞાનને પ્રમાણ માનીએ છીએ તેથી તે જ્ઞાન ભ્રમવગરનું પ્રમાણભૂત અને નિશ્ચય કરાવવાના સ્વભાવવાળું છે. જેમ કે દૂરથી સર્પ જોઈએ પણ, ચોક્કસ ન થાય ત્યાં સુધી પ્રમાણભૂત ન કહેવાય.

तत् प्रमाणभूतं ज्ञानं व्यवसायस्वभावं-निश्चयात्मकम्, समारोपपरिपन्थित्वात्-संशयादिविरुद्धत्वात्, प्रमाणत्वाद् वा, प्रमाणभूतस्य ज्ञानस्य व्यवसायात्मकत्वसाधने प्रत्येकमेवामू हेतू, तथाहि- प्रमाणभूतं ज्ञानं, व्यवसायस्वभावं, समारोपपरिपन्थित्वात्- एवं प्रमाणभूतं ज्ञानं, व्यवसायस्वभावं प्रमाणत्वात्, यत्र व्यवसायस्वभावं तत्र समारोपपरिपन्थि, प्रमाणं वा, यथा संशयादिर्घटादिश्च, समारोपपरिपन्थि प्रमाणं चेदं ज्ञानं, तस्माद् व्यवसायस्वभावमिति ।

જૈનો પાંચ-અવયવ પ્રયોગની મુખ્યતા રાખતા નથી. ગ્રન્થકારશ્રી આગળ पक्षहेतु-वचनात्मकं परार्थमनुमानमुपचारात् [३-२३] એ સૂત્રમાં પક્ષ હેતુ એમ બેથી અનુમાન પ્રયોગ થાય તેવું જણાવશે તેથી અહીં પણ મૂળસૂત્રમાં

तद्व्यवसायस्वभावं પદ પક્ષને જણાવે છે. તથા समारोपपरिपन्थित्वात् प्रमाणत्वात् આ બે પદો જુદા જુદા હેતુને જણાવે છે.

પ્રમાણભૂત એવું જે જ્ઞાન છે તે નિશ્ચયાત્મક છે કેમકે समारोप= સંશય વિપર્યય અને અનધ્યવસાયરૂપ અજ્ઞાનાત્મકનું परिपन्थित्वात्- વિરોધી હોવાથી એટલે કે [યથાવસ્થિત વસ્તુનું ગ્રાહક હોવાથી], તથા પ્રમાણ સ્વરૂપે હોવાથી, પ્રમાણભૂત જ્ઞાનને નિશ્ચયાત્મક સિદ્ધ કરવામાં બંને અલગ અલગ હેતુ છે તે આ પ્રમાણે (૧) પ્રમાણભૂતજ્ઞાન વ્યવસાય સ્વભાવવાળું છે ભ્રમાત્મક જ્ઞાનનું વિરોધી હોવાથી, (૨) પ્રમાણભૂતજ્ઞાન વ્યવસાય સ્વભાવવાળુ છે પ્રમાણભૂત હોવાથી (પક્ષ-હેતુ-વાક્ય)

જે જ્ઞાન વ્યવસાય સ્વભાવવાળું નથી તે જ્ઞાન સમારોપજ્ઞાનનું વિરોધી પણ નથી જેમ સંશય વિગેરે, તથા જે વ્યવસાય સ્વભાવવાળુ નથી તે પ્રમાણાત્મક પણ નથી જેમ ઘટ વિગેરે (દૃષ્ટાંત) જો જ્ઞાન સમારોપનું વિરોધી તથા પ્રમાણસ્વરૂપ છે (ઉપનય) તો તેથી આ જ્ઞાન નિશ્ચયાત્મક સ્વભાવવાળું છે. (નિગમન).

इदमत्रावधेयं-सुगतमते हि सर्वं वस्तुजातं क्षणिकम्, क्षणिकस्य वस्तुनो यत् प्रथमाक्षसन्निपातान्तरं ज्ञानमुत्पद्यते तन्नामजात्यादिकल्पनारहितत्वान्निर्विकल्पकमुच्यते, तदनन्तरं वासना-बलसमुज्जृम्भमाणविकल्पविज्ञानं संकेतकालदृष्टत्वेन वस्तु गृह्णाति, अत एवं संकेतकालभाविनं शब्दं च तत्र संघटयति, तथा च तदेव शब्द सम्पर्कयोग्यं यन्निर्विकल्पकपश्चाद्भाविवासना-समुद्भूतं विकल्पविज्ञानं, तद्विषयभूतस्संतानश्च । विकल्पविज्ञानं हि पूर्वदृष्टत्वेन सर्वं निश्चिनोति, बालोऽपि यावत्पूर्वदृष्टत्वेन स्तनं नावधारयति, न तावन्मुखमर्पयति स्तने, अत एव सर्वोऽपि लौकिकव्यवहारोऽनेनैव विज्ञानेन प्रचलति । निर्विकल्पं तु न निश्चायकं स्वलक्षणमात्रजन्यत्वात् तस्य च प्रथमक्षणे एव विनष्टत्वात् न शब्दसम्बन्धयोग्यं, अत एव न तद् व्यवहारपथमवतरति।

तदेतन्नावितथम्- निर्विकल्पकं यदि व्यवहारपथं नावतरति कथं तर्हि तस्य प्रामाण्यम् ? उत्तर-कालभाविनो व्यवहारजननसामर्थ्याद् विकल्पात् तस्य प्रामाण्याभ्युपगमापेक्षया वरं विकल्पस्यैव प्रामाण्याभ्युपगमः । किञ्च भवन्मते

सविकल्पं विज्ञानं स्वयमप्रमाणभूतम्, तथा सति कथं तद् निर्विकल्पस्य प्रामाण्यव्यवस्थापकं भवेदिति यत्किञ्चिदेतत् । तस्मात् प्रमाणभूतं ज्ञानं व्यवसाय-स्वभावमेवाभ्युपगन्तव्यं न निर्विकल्पमितिः भावः ॥ ७ ॥

જ્યારે ગ્રન્થકારશ્રીએ પ્રમાણભૂત જ્ઞાન જ નિશ્ચયાત્મક છે એવું સિદ્ધ કર્યું ત્યારે બૌદ્ધો નિર્વિકલ્પજ્ઞાનને પ્રમાણભૂત માને છે અને તેમાંથી ઉત્પન્ન થતું સવિકલ્પક તેને નિશ્ચયાત્મક અને અપ્રમાણભૂત માને છે. તેમની આ પ્રમાણેની માન્યતા તથા એનું ખંડન નીચે પ્રમાણે છે.

पूर्वपक्षी बौद्ध- સર્વ વસ્તુનો સમૂહ ક્ષણિક છે. તે ક્ષણિક પદાર્થ ઉપર પ્રથમ ઇન્દ્રિયોનો સંયોગ થયો, ત્યારપછી તરત જ નામજાતિ ગુણ ક્રિયા વિગેરેની કલ્પનાથી રહિત નિર્વિકલ્પ (પ્રત્યક્ષ) જ્ઞાન ઉત્પન્ન થાય છે (ઘટનું પ્રત્યક્ષ થયા પછી अयं घटः अयं घटः એ રીતે પ્રત્યક્ષજ્ઞાનને અનુરૂપ વિકલ્પ ઉત્પન્ન થાય તો તે નિર્વિકલ્પક જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણ છે અને જો જ્ઞાન થયા પછી તદનુરૂપ વિકલ્પ ઉત્પન્ન થાય નહીં તો તે પ્રમાણ નથી) तदनन्तरं वासना- ત્યાર પછી વાસનાના બળથી પ્રગટ થતું વિકલ્પવિજ્ઞાન= આવા આકારવાળી વસ્તુમાં તે સંકેત સમયે ઘટ કે પટનો સંકેત કર્યો હતો આ પણ તેવા જ આકારવાળી વસ્તુ છે, આમ સંકેત સમયે જોયેલી વસ્તુને સદૃશ આ વસ્તુ છે, તે સ્વરૂપે વસ્તુને ગ્રહણ કરે છે, સંકેત સમયે આવી વસ્તુને ઘટ કે પટ શબ્દથી ઓળખી હતી, માટે આ પણ ઘટ અથવા પટ છે એમ સામે પડેલી વસ્તુને શબ્દથી ઓળખે છે. આને संकेतकालदृष्टत्वेन संकेतकालभाविनं शब्दं કહેવાય અથવા તો- જેમ કે દેવદત્ત મિત્ર સાથે બજારમાં ગયો તેને ક્યારેય કેરીને જોયેલી નથી તેણે મિત્રને પૂછ્યું કે- આ શું છે ? તો મિત્રે કેરીનું જ્ઞાન કરાવ્યું તે જ્ઞાન બૌદ્ધના મતે ક્ષણિક (નિર્વિકલ્પ) હોવાથી નષ્ટ થઈ ગયું પરંતુ તે જ્ઞાનની વાસના પછીની ક્ષણોમાં ચાલું છે હવે ફરી જ્યારે દેવદત બજારમાં જાય છે, ત્યારે તે દિવસે મિત્રે કરાવેલ કેરીનું જ્ઞાન તેની વાસનાના બળથી કોઈના કહ્યા વગર જ થઈ ગયું તે પ્રથમવાર મિત્રે કરાવેલ કેરીનો સંકેત બીજીવખતે ઉપસ્થિત થયો તેનું નામ 'संकेतदृष्टत्वं' મિત્રે પહેલીવખતે જ કેરી શબ્દથી ઓળખાણ કરાવી તે 'संकेतकालभाविनशब्दं' કહેવાય આ સંકેતકાળે કહેલો શબ્દ બીજીવખતે કેરી જોતા જ સ્વયં જ इदम् सहकारफलम् એ પ્રમાણેના શબ્દને ત્યાં જોડે છે.

આમ સંકેતકાલભાવિશબ્દના સંપર્કને યોગ્ય એવું જે નિર્વિકલ્પજ્ઞાન, અને તેની પછી ઉત્પન્ન થયેલી વાસનાથી પ્રગટ થયેલું એવું વિકલ્પવિજ્ઞાન છે અને તેના વિષયભૂત એવું સંતાન છે. આ વિકલ્પજ્ઞાન જ પૂર્વે જોવા દ્વારા સર્વવસ્તુનો નિશ્ચય કરે છે. જેમ બાળક પણ પૂર્વે જોવા દ્વારા સ્તનનું અવધારણ=નિર્ણય કરતું નથી ત્યાં સુધી સ્તનને વિષે મુખને અર્પણ કરતું નથી આવી જ રીતિએ સર્વે પણ લૌકિક (પ્રવૃત્તિ-નિવૃત્તિ-સ્વરૂપ) વ્યવહારૅ આ વિકલ્પવિજ્ઞાનવડે જ ચાલે છે પરંતુ અનિર્ણયાત્મક એવું નિર્વિકલ્પજ્ઞાન તો ક્ષણિક અને નિરંશરૂપ-સ્વલક્ષણમાત્રથી ઉત્પન્ન થનારું છે તે તો પ્રથમક્ષણે જ નષ્ટ થયેલું હોવાથી શબ્દના સમ્પર્કને યોગ્ય નથી આથી જ નિર્વિકલ્પજ્ઞાન વ્યવહારપથમાં આવતું નથી એટલે કે વ્યવહારમાં ઉપયોગી થતું નથી.

ઉત્તરપક્ષ : બૌદ્ધની આ વાત સત્ય નથી જો નિર્વિકલ્પજ્ઞાન વ્યવહાર-માર્ગમાં આવતું જ નથી તો તેને પ્રમાણભૂત કઈ રીતે કહેવાય ? (સવિકલ્પજ્ઞાન વ્યવહારકરાવે–શબ્દપ્રયોગ કરાવે છતા તેને પ્રમાણ ન કહેતા નિર્વિકલ્પક જ્ઞાનને તમે પ્રમાણ કેમ માનો છો ?)

બૌદ્ધ (પૂર્વપક્ષ) : નિર્વિકલ્પકજ્ઞાન થયા પછી તરત વાસનાના કારણે વિકલ્પજ્ઞાન થાય છે અને તે વ્યવહારને ઉત્પન્ન કરવામાં સમર્થ છે માટે આવા સવિકલ્પજ્ઞાનથી નિર્વિકલ્પજ્ઞાનની પ્રમાણતા અમે સ્વીકારીએ છીએ.

ઉત્તરપક્ષ : તો પછી સવિકલ્પજ્ઞાનને જ પ્રમાણભૂત ગણવું એમાં જ ડહાપણ છે

પૂર્વપક્ષ : પણ સવિકલ્પવિજ્ઞાન તો વાસનાના બળથી ઉત્પન્ન થયું છે. વાસ્તવિક નથી માટે તે સ્વયં પ્રમાણભૂત નથી.

ઉત્તરપક્ષ : જો સ્વયં અપ્રમાણિક છે તો સવિકલ્પજ્ઞાન નિર્વિકલ્પજ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય શી રીતે કરાવી શકે? (શું કોઈક ચોરને શાહુકાર ઠરાવે તેટલા માત્રથી તે શાહુકાર થઈ જાય? અને તે ચોરના વચનમાં વિશ્વાસ કોણ કરે ?) આ બાબતમાં ઘણું કહી શકાય તેમ છે આ તો માત્ર ઇશારો જ કર્યો છે. ટૂંકમાં પ્રમાણભૂત જ્ઞાનને નિશ્ચયકરવાના સ્વભાવવાળું માનવું તે ઉચિત છે એટલે કે જે જ્ઞાન નિશ્ચય કરવાના સ્વભાવવાળું છે તે જ્ઞાન પ્રમાણભૂત છે નહીં કે નિર્વિકલ્પજ્ઞાન પ્રમાણભૂત છે.

समारोप-व्याख्या —

સમારોપ કોને કહેવાય તે જણાવે છે :

अतस्मिंस्तदध्यवसायः समारोपः ॥ १-८ ॥

જે વસ્તુ જેવા પ્રકારની ન હોય તેમાં તેવા પ્રકારનો નિર્ણય કરવો તે સમારોપ છે.

तदभाववति तत्प्रकारकं ज्ञानं समारोपः-

अयथार्थज्ञानमितियावत् ॥ ८ ॥

જે વસ્તુમાં જે ધર્મનો અભાવ છે તે ધર્મનું જ્ઞાન તેમાં કરવું તે સમારોપ કહેવાય છે અને આવું જ્ઞાન અયથાર્થ છે. દા.ત. છીપલીમાં રજતત્વ ધર્મ નથી છતા દૂરથી તેમાં જે રજતત્વનું જ્ઞાન તે અયથાર્થ જ્ઞાન કહેવાય છે.

समारोपज्ञानस्य भेदाः —

અયથાર્થ (સમારોપ) જ્ઞાનના ભેદો જણાવે છે.

स विपर्यय-संशयानध्यवसायभेदात् त्रेधा ॥ १-९ ॥

તે સમારોપ વિપર્યય, સંશય અને અનધ્યવસાયના ભેદથી ત્રણ પ્રકારે છે.

विपर्ययस्वरूपम् —

હવે તે પ્રકારોનું સ્વરૂપ અને દૃષ્ટાન્ત બતાવે છે.

विपरीतैककोटिनिष्ठङ्कनं विपर्यय ॥ १-१० ॥

विपर्ययस्य दृष्टान्तम् —

यथा शुक्तिकायामिदं रजतमिति ॥ १-११ ॥

જે વસ્તુ જેવા પ્રકારની હોય તેનાથી વિપરીત એવા એક પ્રકારનો નિર્ણય તે વિપર્યય છે. જેમ છીપલીમાં આ ચાંદી છે એવું જ્ઞાન તે વિપર્યયજ્ઞાન છે.

येनाऽऽकारेण वस्तु स्थितं तद्विपरीतैकाकारेण-

तस्य निश्चयनं विपर्ययः ॥ १० ॥

જે સ્વરૂપ વસ્તુમાં રહેલું છે તેનાથી વિપરીત એવું જે કોઇ સ્વરૂપ છે તેના વડે નિર્ણય કરવો તે વિપર્યય છે.

शुक्तिकायामरजताकारायां रजताकारेण यज्ज्ञानं स विपर्ययः विपरीत-ख्यातिरित्यर्थः । चांदी स्वરूपे જે નથી એવી છીપલીમાં चांदीस्वરूपे જે જ્ઞાન કરવું તે વિપર્યય છે. તેને વિપરીત-ખ્યાતિ કહેવાય છે.

ख्यातयो बहुविधाः- यथा-आत्मख्यातिः, असत्ख्यातिः, अख्यातिः, अनिर्वचनख्यातिः, सत्-ख्यातिः, अन्यथाख्यातिश्चेति । तत्र-आत्मख्यातिः- आत्मनः ज्ञानस्यैव ख्यातिः- विषयरूपतया भानम्, अयमर्थः- ''शुक्ताविदं रजतम्'' इत्यत्र ज्ञानस्यैव रजतरूपतया भानं भवति न च तत्र कश्चिद् बाह्योऽर्थो विद्यते 'अयं घटः इत्यादिषु सर्वत्र ज्ञानस्यैव विषयरूपतया प्रतिभासमानत्वात्, इति योगाचाराऽपरपर्यायविज्ञानवादिनो बौद्धाः ।

असत्ख्यातिः- असतो रजतादेः ख्यातिः- प्रतीतिः तथाहि- 'शुक्ताविदं रजतम्' इति प्रतिभासमानं वस्तु न ज्ञानरूपं भवितुमर्हति 'अहं रजतम्' इति अन्तर्मुखाकारतयाऽप्रतिभासमानत्वात् नाप्यर्थरूपं, रजतसाध्याया अर्थक्रिया अभावात् तस्मादसदेव रजतं तत्र चकास्तीत्यसत्ख्यातिरिति माध्यमिकाऽपर-पर्यायशून्यवादिनो बौद्धाः ।

अख्यातिरप्रतीतिः-विवेकाख्यातिरित्यर्थः । शुक्ताविदं रजतमित्यत्र प्रत्यक्षस्मरणरूपं प्रत्ययद्वयमुत्पद्यते, तत्रेदमंशः प्रत्यक्षस्य विषयः, हट्टस्थादि-रजतं तु स्मरणस्य विषयः, तयोः प्रत्यक्ष-स्मरणयोः शुक्ति-रजतयोश्चेन्द्रियदोष-वशाद् भेदग्रहणं न भवति इति भेदा(ऽविवेका)-ख्यातिरिति मीमांसकाः।

अनिर्वचनीयख्यातिर्नाम सत्त्वेनासत्वेन चानिर्वचनीयस्य रजतादेः ख्यातिः-प्रतीतिः तथाहि- 'शुक्ताविदं रजतम्' इत्यत्र रजतं न सद् बाध्यमानत्वात्, सतो न बाध्यमानत्वं यथा सत्यरजतम्, नाप्यसत् प्रतीय-मानत्वात्, असत् न प्रतीयते वन्ध्यास्तनन्धयवत्, तस्मादत्रानिर्वचनीय-रजतोत्पत्तिरङ्गीकर्तव्या, इति अद्वैतवेदान्तिनः ।

सत्ख्यातिर्नाम सतो-विद्यमानविषयस्य ख्यातिः प्रतीतिः तथाहि- 'शुक्ताविदं रजतम्' इत्यत्र शुक्तौ विद्यमानस्यैव रजतांशस्य प्रतीतिः ''तदेव सदृशं तस्य यत् तद् द्रव्यैकदेशभाक्'' इति नियमात् पञ्चीकरणप्रक्रियया च तत्र रजतांशानां विद्यमानत्वात् । अदृष्टवशात् तु भूयसामपि शुक्त्यंशानां न

प्रतीतिः, स्वल्पानामपि रजतांशानां प्रतीतिर्भवति अतः 'शुक्तौ इदं रजतम्' इति ज्ञानं यथार्थमेव तत्र ज्ञानविषयस्य विद्यमानत्वात्, विषयव्यवहारबाधात् तु भ्रमत्वेन व्यवहार इति विशिष्टाद्वैतवेदान्तिनः ।

अन्यथाख्यातिः- अन्यथा स्थितस्य वस्तुनोऽन्यरूपेण प्रतीतिः तथाहि- अन्यथा स्थितस्य शुक्त्यादिरूपस्यार्थस्यान्यथा-रजतादिरूपेण प्रतिभासनमन्यथा-(विपरीत) ख्यातिरिति जैनाः नैयायिकाश्च ।

एतासां खण्डनमण्डनप्रकारस्तु जिज्ञासुभिः स्याद्वादरत्नाकरादवसेयः ग्रन्थविस्तरभिया नात्र प्रपञ्च्यते ॥ ११ ॥

विशेषार्थ : दरेक दर्शनकारो "शुक्ताविदं रजतम्" शुक्तिकामां रजतनुं जे ज्ञान थाय छे तेने भ्रमात्मक माने छे. परंतु ते भ्रम केम कहेवो ए विषयमां दरेक दर्शनकारो पोतपोताना तत्वज्ञाननी प्रक्रियाने अनुसारे आ भ्रमज्ञाननी घटना करे छे. जुदा जुदा दर्शनना भेदथी तेना आठ प्रकारो छे. जेमांना अहिंया छ प्रकारो टीकाकारे जणावेल छे. (१) सांख्यसंमत प्रसिद्धार्थख्यातिवाद अने (२) मीमांसक संमत अलौकिकार्थख्यातिवाद आ बे बतावेला नथी.

दरेक दर्शनकारोनी सामे प्रश्न छे के शुक्तिमां रजतज्ञाननी उत्पत्तिनुं निमित्त शुं छे ? अथवा शुक्ति होवा छतां तेमां रजतनुं भान केम थाय छे? रजतनो तो नेत्र साथे सम्पर्क नहीं होवा छता तेमां रजतनुं ज्ञान केम थयुं? शुक्ति होवा छतां तेनुं ज्ञान केम न थयुं ? आमां कोनो दोष छे ? आत्मा= प्रमातानो शुक्ति=प्रमेयनो के ईन्द्रियोनो ? आ दोषनी विचारणामां दरेक दर्शनकारोनी मान्यता भिन्न भिन्न छे.

ख्यातिओ घणा प्रकारनी छे. जेम के (१) आत्मख्याति (२) असत्ख्याति (३) अख्याति (४) अनिर्वचनख्याति. (५) सत्-ख्याति (६) अन्यथाख्याति.

(१) तेमां आत्मख्याति : बौद्ध दर्शननी एक शाखा स्वरूप योगाचारवादी विपरीत ज्ञानने आत्मख्याति स्वरूपे माने छे. आत्मनः=ज्ञाननुं ज (पोतानुं) ख्याति=विषयस्वरूपे भान थवुं ते, एटले के "शुक्ताविदं रजतम्" छीपमां आ रजत छे तेवो जे रजतस्वरूप बोध छे तेमां बाह्य कोई पदार्थ विद्यमान नथी ज्ञाननुं ज रजतरूपे भान थाय छे. जेम अयं घटः 'आ घडो

છે' ઇત્યાદિમાં જે બોધ થાય છે, તેમાં સર્વસ્થાને જ્ઞાન જ ઘટાકારે પરિણમે છે જ્ઞાન જ પદાર્થરૂપે જણાય છે. આવું યોગાચાર કે જેનું બીજુનામ વિજ્ઞાનવાદી છે. તેઓ માને છે.

(૨) **असत्-ख्याति** : બૌદ્ધદર્શનના એક અંગસ્વરૂપ માધ્યમિકો= શૂન્યવાદીઓ વિપર્યયજ્ઞાનમાં असत्-ખ્યાતિ માને છે. असत् ख्याति એટલે કે વિવક્ષિત-વસ્તુ નહિં હોવા છતાં પણ વિવક્ષિતવસ્તુ હોવા રૂપે જે જ્ઞાન થાય છે એટલે કે અવિદ્યમાન એવા રજત વિગેરેની પ્રતિતી તે-असत् ખ્યાતિ છે.

તે આ પ્રમાણે- 'શુક્તિમાં આ રજત છે.' એવા પ્રકારનું જે વસ્તુસ્વરૂપ જણાય છે. તે જ્ઞાનનો ધર્મ છે કે અર્થનો ? જો તમે જ્ઞાનનો ધર્મ કહેશો તો આ વસ્તુ જ્ઞાનસ્વરૂપ થવાને માટે યોગ્ય નથી કારણ કે 'હું રજત છું' એવી અહંસ્વરૂપ પ્રતીતિ થાય તો જ્ઞાનસ્વરૂપ માની શકાય પરંતુ આ પ્રતીતિ અહંરૂપમાં થતી નથી બાહ્યરૂપે થાય છે, તેથી જ્ઞાનસ્વરૂપ ન માની શકાય તથા તમે અર્થ સ્વરૂપે છે, તેમ કહેશો તો તે પદાર્થરૂપે પણ માની નહીં શકાય કારણ કે રજતથી થતી અર્થક્રિયા [તેનો વિક્રય કરે તો મૂલ્યાંકન થવું તથા અલંકાર બનવા સ્વરૂપ કાર્યવાહી] થતી નથી તેથી છીપમાં असत् એવું જ રજત જણાય છે માટે असत्-ખ્યાતિ કહેવાય છે તેનો સાર આ પ્રમાણે છે કે શૂન્યવાદીઓ કોઇપણ વસ્તુને असत् એટલે કે નિઃસ્વભાવ જ માને છે. તે પદાર્થની વ્યવહારિક સત્તા માનીને તેની પરીક્ષા કરે છે એ છેવટે બધાની અસત્તા સિદ્ધ કરે છે.

માધ્યમિકની પોતાના પક્ષની કોઇ પ્રતિજ્ઞા કે સ્થાપના છે નહીં. બીજાની સત્તાને (પ્રસિદ્ધિને) અસંગત બનાવવી તે તેનું કાર્ય છે. તેથી તેના મતે સવિષયક સર્વે જ્ઞાનો મિથ્યાભ્રમરૂપ છે.

(૩) **अख्याति**= અપ્રતીતિ-વિવેકાખ્યાતિ એ પ્રમાણે જાણવું એટલે કે જેમાં વિવેકની અપ્રતીતિ છે. તે અખ્યાતિ છે. [જે વસ્તુ જે સ્વરૂપે છે તેને તે રૂપે જાણે તો વિવેક. તેવું ન જાણે તે અવિવેક. જેમાં વિવેક રૂપે બોધ નથી તે અખ્યાતિ.] 'શુક્તિમાં આ રજત છે' તેવા જ્ઞાનમાં પ્રત્યક્ષ અને સ્મરણરૂપ બે બોધ થાય છે તેમાં इदम्= આ અંશ પ્રત્યક્ષનો વિષય છે તથા દુકાનમાં રહેલું રજત સ્મરણનો વિષય છે એટલે કે સામે પડેલી છીપલીમાં ચળકાટને

જોઈને ભૂતકાળમાં જોયેલી આવી ચળકાટવાળી ચાંદીનું સ્મરણ થયું એમ ચાંદી સ્મરણનો વિષય બની પરંતુ ઇન્દ્રિયના દોષના કારણે શુક્તિ અને રજતમાં ભેદનું ગ્રહણ થતું નથી એટલે કે ભેદનો વિવેક કરી શકાતો નથી તે ભેદાખ્યાતિ કે વિવેકાખ્યાતિ સ્વરૂપ અખ્યાતિ મીમાંસકો (પ્રભાકર) માને છે. [ચાર્વાક મતાનુયાયીઓ પણ અખ્યાતિ સ્વીકારે છે.]

(૪) **અનિર્વચનીયખ્યાતિ** : સત્સ્વરૂપે જેને કહી શકાય તેમ નથી અને અસત્સ્વરૂપે પણ જેને કહી શકાય તેમ નથી, તેવા રજત વિગેરેની પ્રતીતિ છે, તેથી તે અનિર્વચનીય ખ્યાતિ છે.

તે આ પ્રમાણે- 'शुक्ताविदं रजतम्' આવી પ્રતીતિમાં રજત સત્ નથી તેથી તેને જણાવવા. અનુમાન પ્રયોગ કરે છે.

પક્ષ સાધ્ય હેતુ દૃષ્ટાન્ત

शुक्तिस्थितरजतं, न सत्, बाध्यमानत्वात् सत्यरजतवत्

જે અબાધ્યમાન હોય છે તે સત્ હોય છે જેમકે સાચું રજત. તેનો તાત્પર્ય આ પ્રમાણે છે. શુક્તિમાં રજત સત્ નથી કારણ કે જેની ઇન્દ્રિય સારી છે તે શુક્તિમાં શુક્તિનું જ જ્ઞાન કરે છે. આમ રજતનું જ્ઞાનબાધિત થાય છે માટે ત્યાં પ્રતિભાસમાન થતું રજત જ્ઞાન સત્ નથી (જે સત્ હોય તેનું જ્ઞાન બાધિત થાય નહીં જેમકે સત્યરજતને જોઈને રજતનું જ્ઞાન થાય છે માટે ત્યાં પ્રતિભાસમાન થતું રજત સત્ છે.) શુક્તિમાં પ્રતીત થતું રજત જ્ઞાન અસત્ પણ નથી કારણ તેની પ્રતીતિ થાય છે. જેમ- **शुक्तिस्थितरजतं नाप्यसत् प्रतीयमानत्वात् वन्ध्यास्तनन्धयवत्** જે અસત્ હોય તેની પ્રતીતિ ન થાય જેમકે વંધ્યાપુત્રની ક્યારેય પ્રતીતિ થતી નથી કારણ કે તે અસત્ છે. માટે તેને અસત્ પણ કહી શકાય તેમ નથી તેથી અહીં સત્ કે અસત્ રૂપે વ્યક્ત (પ્રગટ ન કહી શકાય) અનિર્વચનીય તેવા રજતની ઉત્પત્તિ માનવી જોઈએ એ પ્રમાણે અદ્વૈતવાદી વેદાન્તીઓનો મત છે.

(૫) **सत्-ख्यातिः**- સત્ એટલે કે વિદ્યમાન એવા વિષયની ખ્યાતિ= પ્રતીતિ.

તે આ પ્રમાણે 'शुक्ताविदं रजतम्' આવા બોધમાં શુક્તિમાં વિદ્યમાન એવા જ રજતાંશની પ્રતીતિ થાય છે.

પ્રશ્ન : શુક્તિમાં રજતાંશ શી રીતે હોઇ શકે ?

ઉત્તર : 'तदेव सदृशं तस्य यत् तद् द्रव्यैकदेशभाक्' આ નિયમથી તથા પંચીકરણની પ્રક્રિયા દ્વારા શુક્તિમાં રજતાંશની વિદ્યમાનતા સિદ્ધ કરી શકાય છે. એટલે કે तदेव सदृशं - તેનો તે ધર્મ જ તેના સમાન છે કે જે ધર્મ (તે) દ્રવ્યનો એક અંશ છે. એટલે કે કોઇપણ વસ્તુ અન્ય વસ્તુની સાથે ત્યારે સરખાવી શકાય જ્યારે તે વસ્તુનો એક અંશ તેનામાં વિદ્યમાન હોય. દા.ત. 'આંખડી અંબુજ પાંખડી' પ્રભુની આંખો એટલે જાણે કમળની પાંદડી જ જોઇ લો. અહીં કમળની એક પાંદડીના આકાર જેવી જ પ્રભુની આંખો લાંબી હોય છે માટે કમળની પાંખડી સાથે સરખાવી છે. એટલે કે પ્રભુની આંખોના આકારસ્વરૂપ એક ધર્મ એ કમળની પાંદડીના આકાર સમાન છે કે જે આકાર કમળસ્વરૂપ દ્રવ્યનો એક ભાગ છે. તેવી જ રીતે અહીં છીપમાં રહેલો ચળકાટ તે ચાંદીમાં રહેલ ચળકાટ સમાન છે, કે જે ચળકાટ ચાંદી સ્વરૂપ દ્રવ્યનો એક અંશ છે. આમ ચાંદીના ચળકાટસ્વરૂપ અંશની શુક્તિમાં વિદ્યમાનતા છે જ.

પઞ્ચીકરણ પ્રક્રિયા

'पञ्चकृतेभ्यो भूतेभ्यो स्थूलभूतान्युत्पद्यन्ते' इति तु अत्र वेदान्तः सिद्धान्तः

पञ्चीकरणरीतिश्च पञ्चदश्यां विद्यारण्यस्वामिभिरुक्ताः-

द्विधा विधाय चैकेकं चतुर्धा प्रथमं पुनः ।

स्वस्वेतर द्वितीयांशे - र्योजनात् पञ्चपञ्चते ॥

प्रथमम् अपञ्चीकृतान्येव भूतान्यासन् तत ईश्वरेच्छया स्थूलसृष्टिद्वारा जीवानां भोगार्थं परस्परमेलनं रूपं पञ्चीकरण बभूव । [सांख्य. बो]


પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ પાંચ ભૂતો કહેવાય છે. આપણે જે ભૂતો જોઇ રહ્યા છીએ તે શુદ્ધ પાંચ ભૂતો નથી પરંતુ પાંચભૂતમાંથી સ્થૂલભૂતો ઉત્પન્ન થયા છે, એમ વેદાન્તદર્શન માને છે.

વૈદિક દર્શનમાં 'પાંચતન્માત્રા' નામક એક અતીન્દ્રિય શક્તિશાળી કારણ છે જેમાંથી પાંચ શુદ્ધભૂતોની ઉત્પત્તિ થાય છે જેમકે શબ્દ તન્માત્રથી આકાશનો જન્મ, સ્પર્શતન્માત્રથી વાયુનો જન્મ, રૂપ તન્માત્રથી તેજનો જન્મ, રસ તન્માત્રથી જલનો જન્મ અને ગન્ધતન્માત્રથી પૃથ્વીનો જન્મ થાય છે. -આમ તેઓ માને છે. પણ આ શુદ્ધભૂતોનો આપણે ઉપયોગ કરી શકતા નથી.

આ શુદ્ધ પાંચ ભૂતો પહેલા પાંચ સ્વરૂપે નહોતા પરંતુ પછી ઈશ્વરની ઇચ્છા દ્વારા સ્થૂલસ્વરૂપે જીવોના ઉપભોગ માટે કરાયા છે.

પંચીકરણ એ એક પ્રક્રિયા છે પંચદશીગ્રન્થમાં વિદ્યારણ્યસ્વામીવડે કહેવાઇ છે. તે આ પ્રમાણેઃ

શ્લોકાર્થ : બે ભાગ કરીને પહેલામાં ચાર એકેક વિભાગ થાય અને બાકી રહેલો પોતાનો જે ભાગ તે બીજામાં જોડવાથી પાંચ થાય છે. દા.ત. પૃથ્વીનો એક ગોળો છે તેના બે સરખા વિભાગ કરવાનાં એક વિભાગમાં પૃથ્વીપિંડ રહેવા દેવાનો બીજા વિભાગમાં ચાર સરખા વિભાગ કરવાના એમાં એકમાં જલ બીજામાં તેજ, ત્રીજામાં વાયુ, ચોથામાં આકાશ આવી રીતે આખો પિંડ તૈયાર કરવાનો એજ રીતે જલ, તેજ, વાયુ અને આકાશના પિંડ પણ તૈયાર કરવાના. સ્પષ્ટ સમજાય તે માટે ચિત્ર અહિં બતાવાય છે.



આ રીતે જેમાં અડધો ભાગ પૃથ્વી છે તે પંચીકૃત પૃથ્વી કહેવાય છે. તેવી જ રીતે જેમાં અડધો ભાગ જલ છે છે તે પંચીકૃત જલ કહેવાય છે. જેમાં અડધો ભાગ તેજ છે તે પંચીકૃત તેજ કહેવાય છે. જેમાં અડધો ભાગ વાયુ છે તે પંચીકૃત વાયુ કહેવાય છે. જેમાં અડધો ભાગ આકાશ છે તે પંચીકૃત આકાશ કહેવાય છે. આ રીતે પંચીકરણ પ્રક્રિયા વેદાન્તીઓ માને છે. તેથી દરેક વસ્તુની સત્તા સર્વઠેકાણે વિદ્યમાન છે. માટે પ્રસ્તુત ગ્રંથમાં કહેવાનો ભાવ એમ છે કે પંચીકરણ પ્રક્રિયા વડે શુક્તિમાં રજતાંશ પણ વિદ્યમાન છે. તેથી શુક્તિમાં આ રજત છે એવું જ્ઞાન થાય છે.

પ્રશ્ન : શુક્તિમાં રજતાંશની પ્રતીતિ થાય અને એ સિવાયના પોતાના ઘણા અંશોની પ્રતીતિ ન થાય એવું શી રીતે બને ?

ઉત્તર : આમ થવાનું કારણ અદૃષ્ટ છે. અદૃષ્ટના કારણે શુક્તિમાં ઘણા બધા શુક્તિના અંશો હોવા છતા તેની પ્રતીતિ થતી નથી અને અલ્પ એવા રજતાંશોની પ્રતીતિ થાય છે. આથી **शुक्ताविदं रजतम्** આવું જ્ઞાન યથાર્થ છે ત્યાં જ્ઞાનવિષયસ્વરૂપ રજતાંશ વિદ્યમાન છે.

પ્રશ્ન : તો પછી આવી પ્રતીતિને ભ્રમ શા માટે કહેવામાં આવે છે ?

ઉત્તર : જ્ઞાનના વિષય સ્વરૂપ રજતાંશથી શુક્તિનો ચાંદી સ્વરૂપે વ્યવહાર કરવામાં બાધ આવે છે. માટે ચળકાટ સ્વરૂપ રજતાંશને લઈને શુક્તિમાં થયેલું રજતનું જ્ઞાન યથાર્થ હોવા છતાં આવી પ્રતીતિને ભ્રમાત્મક પ્રતીતિ સ્વરૂપે વ્યવહાર કરાય છે.

આવો વિશિષ્ટ-અદ્વૈતવાદી વેદાન્તીઓનો મત છે.

(૬) **અન્યથાખ્યાતિ** અન્યસ્વરૂપે રહેલી વસ્તુને અન્યરૂપે પ્રતીતિ કરવી. તે આ પ્રમાણે–અન્યસ્વરૂપે રહેલા શુક્તિ વિગેરે પદાર્થનું અન્યથા એવા રજતાદિ સ્વરૂપે જાણવું તે વિપરીત=અન્યથાખ્યાતિ છે.

પ્રશ્ન : 'शुक्ताविदं रजतम्' ઇત્યાદિ જ્ઞાનમાં ચાંદી તો છે નહીં અને તેનો ચક્ષુ સાથે સન્નિકર્ષ (જોડાણ) નથી છતાં આ છીપમાં ચાંદી છે આવું પ્રતિભાસમાન કઈ રીતે થાય ? અર્થાત્ એવો બોધ કઈ રીતે થાય ?

ઉત્તર : દોષના કારણથી, દેશાન્તર અને કાલાન્તરમાં વિદ્યમાન એવી વસ્તુમાં નિકટતાનાસ્વરૂપે જે જ્ઞાનનો વિષય બને છે તે માટે તેવા પ્રકારનો બોધ થાય છે તેને વિપરીતખ્યાતિ સ્વરૂપે કહેવાય છે.

આ વિપરીતખ્યાતિ નૈયાયિક જૈનો (વૈશેષિકો અને કુમારિલઆદિ) માને છે. વિશેષ જાણવાની ઇચ્છાવાળા જિજ્ઞાસુઓ વડે આ ખ્યાતિઓના ખંડન તથા સ્વપક્ષમંડન આદિ પ્રકારોનું જ્ઞાન સ્યાદ્વાદરત્નાકરગ્રન્થમાંથી જાણી લેવું અહીં તો ગ્રન્થવિસ્તારના ભયથી તેનો વિસ્તાર કરેલો નથી.

संशयस्वरूपम् —

સંશય સમારોપનું સદૃષ્ટાન્ત સ્વરૂપ જણાવે છે.

साधक-बाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शि ज्ञानं संशयः ॥ १-१२ ॥

संशयस्य दृष्टान्तम् —

यथाऽयं स्थाणुर्वा पुरुषो वा ॥ १-१३॥

સાધક અને બાધક પ્રમાણના અભાવથી અનિશ્ચિત એવા અનેક અંશને-(વિકલ્પને) સ્પર્શતું જ્ઞાન તે સંશય છે. જેમકે આ ઠુંઠું છે કે પુરૂષ છે ?

साधकप्रमाणाभावात् बाधकप्रमाणाभावाच्चानिश्चितानेकांशावगाहि ज्ञानं संशय इत्यर्थः ॥ १२ ॥

સાધક પ્રમાણના અભાવથી અને બાધક પ્રમાણના અભાવથી અનિશ્ચિત એવા અનેક કોટિને એટલે કે વસ્તુના અનેક અંશને સ્પર્શનારું જ્ઞાન તે સંશય છે.

प्रत्यक्षविषये धर्मिणि दूरादूर्ध्वतादिसाधारणधर्मदर्शनेन वक्त्रकोटरादिकरचरणादिविशेषधर्मस्मरणे सति एकतरनिश्चायकसाधकबाधकप्रमाणाभावाद् दोलायमानं 'स्थाणुर्वा पुरुषो वा ?' इत्याकारकं यज्ज्ञानं प्रादुर्भवति स संशयः, अयं प्रत्यक्षविषयः । अनुमानविषयस्तु क्वचिद् वनप्रदेशे शृङ्गमात्रावलोकनेन भवति संशयः, 'अयं गौर्वा स्याद् गवयो वा ?' इति ॥१३॥

પ્રત્યક્ષના વિષયભૂત એવા ધર્મીને વિષે દૂરથી ઉધ્વર્તાવિગેરે સામાન્ય-ધર્મના દર્શનદ્વારા તથા વાંકાચૂંકાપણું બખોલપણું તે સ્થાણુનાધર્મ અને હાથપગ વિગેરે પુરુષના વિશેષ ધર્મનું સ્મરણથયે છતે, કોઈપણ એકના નિશ્ચય કરાવનાર સાધક-બાધક પ્રમાણના અભાવથી, દોલાયમાન એટલે અનિર્ણયાત્મક જેમ કે આ સ્થાણુ છે કે પુરુષ છે ? એવા પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સંશય છે. ઇન્દ્રિયગોચર હોવાથી આ સંશયાત્મકજ્ઞાન પ્રત્યક્ષનો વિષય છે. વળી અનુમાનના વિષયમાં કોઈ વનપ્રદેશમાં દૂરથી જ માત્ર શીંગડાને જોવાથી સંશય થાય કે આ ગાય છે કે ગવય (રોઝ) એ પ્રમાણે અનુમાનં વિષયક પણ સંશય થાય છે.

अनध्यवसायस्य स्वरूपम् —

અનધ્યવસાય સમારોપનું દૃષ્ટાન્ત સહિત સ્વરૂપ જણાવે છે.

किमित्यालोचनमात्रमनध्यवसायः ॥ १-१४॥

अनध्यवसायदृष्टान्तम् —

यथा गच्छत्तृणस्पर्शज्ञानम् ॥ १-१५॥

આ કંઇક છે એ પ્રમાણે જણાતું સામાન્યમાત્ર જ્ઞાન તે અનધ્યવસાય. જેમ કે (રસ્તામાં) જતા એવા માણસને તૃણના સ્પર્શનું જ્ઞાન તે અનધ્યવસાય છે.

यथा गच्छतः पुरुषस्यान्यत्राऽऽसक्तचित्तस्य तृणस्पर्शे जाते एवं जातीयकं एवं नामकमित्यादि विशेषरूपेणावधारणं न भवति, अपि तु 'मया किमपि स्पृष्टम्' इत्याकारकमालोचनात्मकं यज्ज्ञानं भवति सोऽनध्यवसाय

इत्युच्यते। प्रत्यक्षविषयश्चायमनध्यवसायः । परोक्षविषयस्तु कस्यचिदपरिज्ञातगोजातीयस्य पुंसः क्वचन वननिकुञ्जे सास्नामात्रावलोकनेन पिण्डमात्रमनुमाय 'को नु खल्वत्र प्राणी स्यात्?' इत्यादि ॥१५॥

જેમાં વિશેષનું સ્પષ્ટપણે ભાન થતું નથી પરંતુ આ કંઈક છે એવા પ્રકારનું અત્યંત સામાન્ય જ્ઞાન તે અનધ્યવસાય કહેવાય છે.

જેમ અન્યવિષયમાં આસક્ત છે ચિત્ત જેનું, એવા રસ્તે જતા પુરુષને તૃણનો સ્પર્શ થાય છે, ત્યારે તે તૃણ આવી જાતિનું છે આવા નામવાળું છે એ પ્રમાણે વિશેષરૂપે નિર્ણય થતો નથી પરંતુ, મારા વડે કંઈપણ સ્પર્શાયું છે એવા પ્રકારનો સામાન્ય વિચારાત્મક જે બોધ થાય છે તે અનધ્યવસાય કહેવાય છે. પ્રત્યક્ષના વિષયભૂત આ અનધ્યવસાય કહેવાય છે. પરોક્ષના વિષયભૂત તો ગાય જેવા પ્રાણીથી તદ્દન અપરિચિત એવો કોઈ પુરુષ કોઈ વનના નિકુંજમાં સાસ્ના (ગોદડી) માત્ર જોઈને પિંડમાત્રનું અનુમાન કરીને આ કયું પ્રાણી હશે ? આવું વિચારે તો પરોક્ષ અનધ્યવસાય છે.

વિશેષાર્થ : અનધ્યવસાય વાસ્તવિક રીતે સમારોપ નથી કારણ કે આમાં વિપરીત વિષયનું ભાન થતું નથી પરંતુ સ્પષ્ટ બોધ નથી માટે તેને ઉપચારથી સમારોપ કહેવાય છે કારણ કે સમારોપનું નિમિત્ત યથાર્થ જ્ઞાન ન થવું તે અહીં છે માટે ઉપચારથી સમારોપ છે.

આ સંશય વિપર્યય અને અનધ્યવસાય ત્રણે જ્ઞાન નથી. કારણ કે તેમનામાં સ્વપરનો નિશ્ચય નથી આમાં જ્ઞાનનું લક્ષણ બરાબર ઘટી શકતું નથી. માટે અપ્રમાણ છે.

આ પ્રમાણે ઉપરના સૂત્રોદ્વારા 'વ્યવસાયિ' પદની આવશ્યકતા સિદ્ધ કરી તે પદ ન મૂકાયું હોત તો બૌદ્ધ સંમત નિર્વિકલ્પજ્ઞાન તથા પ્રભાકર સંમત વિપર્યય સંશય અને અનધ્યવસાય વિગેરે પ્રમાણ બની જાત પણ, વ્યવસાયી પદ મુકવાથી તે જ્ઞાન નિશ્ચય વગરનાં છે માટે પ્રમાણભૂત નથી એમ સિદ્ધ થયું.

प्रमाणव्याख्यायाम् दर्शित-परशब्दस्य सार्थकता —

પ્રમાણની વ્યાખ્યામાં આવેલ 'પર' પદની સાર્થકતા જણાવે છે.

ज्ञानादन्योऽर्थः परः ॥ १-१६ ॥

જ્ઞાનથી ભિન્ન બીજો પદાર્થ તે પર કહેવાય છે.

ज्ञानाद् भिन्नः पदार्थः परः ''स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्''(१-२) इत्यत्र परशब्दवाच्य इत्यर्थः । अनेन 'ज्ञानमेव तत्त्वम्' ज्ञानातिरिक्तत्वेन प्रतिभासमाना घटपटादयो बाह्यपदार्था ज्ञानस्यैवाकारविशेषा इति वदन्तो योगाचारापरपर्यायज्ञानाद्वैतवादिनो बौद्धाः निरस्ताः । तथाहि-यदि बाह्यपदार्थो नाङ्गीक्रियते तर्हि अयं घटः अयं पटः, इति घटपटाद्याकारविशिष्टं ज्ञानं किं निमित्तमुत्पद्येत ? अनादिवासनावैचित्र्यात् तादृशज्ञानमुत्पद्यते इति चेत्, ननु सा वासना ज्ञानादभिन्ना भिन्ना वाऽङ्गीक्रियते, यद्यभिन्ना तर्हि ज्ञानमेव तत्त्वं स्यात् न तु वासना नाम किञ्चित् तथा च कथं वासनावशाद् ज्ञाने घटाद्याकारसिद्धिः ? भिन्नत्वे तु ज्ञानाद्वैतहानिःस्यात्, ज्ञानातिरिक्तत्वेन वासनाया अप्यर्थत्वात्, तस्मान्न बाह्यार्थमन्तरा घटाद्याकारविशिष्टं ज्ञानमुपपद्यते इति बाह्यार्थोऽङ्गीकर्तव्य एवेति संक्षेपः । एते च बौद्धा वैभाषिक सौत्रान्तिक-योगाचार-माध्यमिकभेदाच्चतुर्विधाः ।

तत्र वैभाषिको बाह्यं घटपटादि, आन्तरं ज्ञानादि, च वस्तुतत्त्वं सत्यत्वेनाङ्गीकरोति । सौत्रान्तिक्रो यद्यपि बाह्यमान्तरं चेति द्विविधमपि तत्त्वं स्वीकरोति, तथापि बाह्यपदार्थानां प्रत्यक्षं नैव मन्यते, घटपटादिनानाकारं ज्ञानं वर्तते ततोऽनुमीयते बाह्यपदार्थाः सन्तीति अनुमानेन बाह्यपदार्थावगतिं ब्रूते । योगाचारस्तु बाह्यपदार्थानां सर्वथैवाऽपलापं करोति, केवलमान्तरेव ज्ञानाख्यं तत्त्वं स्वीकरोति, ज्ञानमेव ग्राह्यग्राहकरूपेण प्रतिभासते, न वस्तुतो बाह्यपदार्थाः सन्तीति सिद्धान्तयति। माध्यमिकस्तु सर्वशून्यमेव वदति, तथाहि- मानाधीना मेयसिद्धिरिति नियमेन पदार्थानां सिद्धिर्यदि प्रमाणाधीना, तर्हि प्रमाणस्य सिद्धिः केन ? अन्येन प्रमाणेन चेत्, तस्यापि कथम् ? अन्येन चेत्, तर्हि तस्याप्यन्येन, इत्यादिरूपेणानवस्था, यदि तेनैव प्रमाणेन तर्हि आत्माश्रयः, अतः प्रमाणं न सिध्यति, प्रमाणसिद्ध्यभावात् प्रमेयमपि न सिध्यतीति सिद्धा सर्वशून्यता ।

तथा च संग्रहश्लोकः श्रीहरिभद्रसूरीयषट्दर्शनसमुच्चयस्य श्रीगुणरत्नसूरिकृतायां टीकायाम्-

''अर्थो ज्ञानसमन्वितो मतिमता वैभाषिकेणोच्यते
प्रत्यक्षो नहि बाह्यवस्तुविसरः सौत्रान्तिकैराश्रितः ।
योगाचारमतानुगैरभिमता साकारबुद्धिः पराः
मन्यते बत मध्यमाः कृतधियः स्वस्थां परां संविदम् ॥
एषां खण्डनप्रकारस्तु ग्रन्थान्तरादवसेयः ॥१६॥''

'स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्' આ સૂત્રમાં બતાવેલ पर શબ્દ તે જ્ઞાનથી ભિન્ન એવા પદાર્થનો વાચક છે તેમ જાણવું.

જ્ઞાનથી ભિન્ન (અલગ) પદાર્થ છે એવું કહેવા દ્વારા 'જ્ઞાન એજ તત્ત્વ છે' જ્ઞાનથી ભિન્નસ્વરૂપે જણાતા ઘટપટ વિગેરે બાહ્યપદાર્થો જ્ઞાનના આકાર માત્ર જ છે એ પ્રમાણે કહેનાર યોગાચારવાદી અર્થાત્ જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો ખંડિત થયેલા જાણવા તે આ પ્રમાણે–

પ્રશ્ન : જો જ્ઞાનસિવાય અન્ય કોઇ બાહ્યપદાર્થો સ્વીકારવામાં ન આવે તો આ ઘટ છે આ પટ છે એ પ્રમાણે ઘટપટ વિગેરેના આકારવાળુ વિશિષ્ટજ્ઞાન કયા નિમિતને લઇને ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : અનાદિકાળની વાસના (મોહ-અજ્ઞાન)ની વિચિત્રતાથી ઘટપટાદિ આકારવાળુ તેવા પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : વાસના જે તમે સ્વીકારી છે તે જ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન છે?

ઉત્તર : જો વાસનાને જ્ઞાનથી અભિન્ન છે એવું કહેશો તો તે વાસના અને જ્ઞાન એક જ થઇ જાય, તત્ત્વથી તો વાસના જ્ઞાનસ્વરૂપજ બની ગઇ. તેથી વાસના નામનો કોઇ પદાર્થ રહેશે નહીં કે જે વાસના દ્વારા જ્ઞાનમાં ઘટપટ વિગેરે આકારની સિદ્ધિ કરી શકે.

અને જો વાસનાને જ્ઞાનથી ભિન્ન છે તેમ માનશો તો તમારા જ્ઞાનાદ્વૈત-વાદની હાનિ થશે, કારણ કે જ્ઞાનથી ભિન્ન એવી વાસના પણ પદાર્થરૂપે સ્વીકારવાથી (તમારા સિદ્ધાન્તની જ ક્ષતિ થાય છે) તેથી બાહ્ય પદાર્થ વિના ઘટપટ વિગેરે આકારથી વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન થતું નથી તેથી બાહ્ય એવો પદાર્થ સ્વીકારવો એ જ સંક્ષેપથી યોગ્ય છે. બૌદ્ધમતમાં ચાર વિભાગો છે (૧) વૈભાષિક (૨) સૌત્રાન્તિક (૩) યોગાચાર (૪) માધ્યમિક.

(૧) વૈભાષિક : બાહ્ય ઘટ પટ વિગેરે પદાર્થને અને અભ્યંતરજ્ઞાન વિગેરે પદાર્થને વસ્તુસ્વરૂપે=સત્ય તરીકે સ્વીકારે છે.(પરંતુ તે બંનેને ક્ષણિક માને છે)

(૨) સૌત્રાન્તિક : જો કે તેઓ ઘટપટ વિગેરે બાહ્ય અને જ્ઞાનવિગેરે અભ્યંતર તે બંનેને પદાર્થ રૂપે સ્વીકારે છે, તો પણ બાહ્ય પદાર્થો ઇન્દ્રિયગોચર હોવા છતા પ્રત્યક્ષ માનતા નથી. સૌ પ્રથમ ઘટ-પટ વિગેરેમાં **अयं घटः, अयं पटः** ઇત્યાદિ વિવિધ આકારવાળુ જ્ઞાન ઉત્પન્ન થાય છે. (જ્ઞાનના આધારે અહીં ઘટ હોવો જોઇએ, કારણ કે- મારું જ્ઞાન ઘટાકારે પરિણામ પામેલું છે, આવી રીતે ઘટપટાદિનું જ્ઞાન થયા પછી સામે રહેલા ઘટપટાદિનું અનુમાનથી ગ્રહણ કરે છે.) તેથી બાહ્યપદાર્થો અનુમાનથી જણાય છે એટલે કે અનુમાનવડે જ બાહ્ય પદાર્થનો બોધ થાય છે તેમ તેઓ માને છે.

(૩) યોગાચાર : બાહ્ય પદાર્થોનો સર્વપ્રકારે અપલાપ કરે છે ફક્ત અભ્યંતર એવા જ્ઞાનને જ તત્ત્વસ્વરૂપે માને છે (તેની યુક્તિ આ પ્રમાણે છે જેમ ઝાંઝવાના જળમાં જળ નથી છતાં ભ્રાન્તિ થાય છે, તેમ ઘટપટ વિગેરેનું જ્ઞાન થાય છે પણ, પદાર્થ નથી છતાં ભ્રાન્તિ છે.) ઘટપટાદિ બાહ્યપદાર્થોમાં ગ્રાહ્યગ્રાહકરૂપે જ્ઞાન જ જણાય છે. (ઝાંઝવાના જળમાં જેમ જ્ઞેય ન હોવા છતાં જ્ઞાન થાય છે તેમ દરેક જગ્યાએ જ્ઞેયના અભાવમાં જ જ્ઞાન થાય છે.) તેથી વાસ્તવિકપણે બાહ્યપદાર્થો નથી આવો તેમનો સિદ્ધાન્ત છે.

(૪) માધ્યમિક : સર્વ શૂન્ય છે. એટલે કે ઘટપટાદિ બાહ્ય પદાર્થો નથી અને જ્ઞાન પણ નથી. તે આ પ્રમાણે- 'પ્રમાણને આધીન પ્રમેયની સિદ્ધિ થાય' આ પ્રમાણેના નિયમવડે પ્રમેય એવા પદાર્થની સિદ્ધિ કરવી હોયતો પ્રત્યક્ષાદિ પ્રમાણની જરૂર પડે. તો તે પ્રમાણની સિદ્ધિ કઇ રીતે થાય ? જો અન્ય પ્રમાણવડે પ્રમાણની સિદ્ધિ થાય તેમ કહેશો તો, તે અન્ય પ્રમાણની સિદ્ધિ પુનઃ કોના દ્વારા થાય ? તેની સિદ્ધિ અન્ય વડે, (એમ અન્ય વડે અન્યની સિદ્ધિ કરશો તો) અનવસ્થા દોષ આવશે અને જો વિવક્ષિત એવા તે જ પ્રમાણવડે તેની સિદ્ધિ થાય એમ માનશો તો આત્માશ્રય નામનો દોષ આવશે. (પોતે પોતાની સિદ્ધિમાં કારણરૂપ બને તેને આત્માશ્રય દોષ લાગે) આથી પ્રમાણની સિદ્ધિ ન થાય તો પ્રમેયની સિદ્ધિ પણ ન થાય તેથી સર્વશૂન્ય છે એમ સિદ્ધ થાય છે.

તથા પૂ. શ્રી હરિભદ્રાચાર્યે રચેલ ષટ્દર્શનસમુચ્ચયની પૂ. શ્રી ગુણરત્નસૂરિજી મહારાજાએ કરેલી ટીકામાં આ ચાર પ્રકારના બૌદ્ધોનો સંગ્રહ કરતો શ્લોક આપેલો છે તેનો અર્થ આ પ્રમાણે છે : બુદ્ધિશાળી એવા વૈભાષિકવડે જ્ઞાનથી યુક્ત એવો પદાર્થ કહેવાયો છે. સૌત્રાન્તિક દ્વારા બાહ્યપદાર્થોનો સમૂહ પ્રત્યક્ષ મનાયો નથી. યોગાચારના મતને અનુસરનારા વડે જ્ઞેયાકાર એવું શ્રેષ્ઠ જ્ઞાન (માત્ર જ) મનાયું છે. અને સંસ્કારરૂપે કરાઈ છે બુદ્ધિ જેને એવા માધ્યમિકો (संविदम्-ज्ञान-स्वस्थां પોતાનામાં રહેલું) શ્રેષ્ઠ એવું જ્ઞાન પોતાનામાં રહેલું છે એટલે કે (જ્ઞાન કે પદાર્થ જેવું બાહ્ય કશું છે જ નહીં) શૂન્ય છે એવું માને છે આ ચારે બૌદ્ધોના ખંડન મંડન પ્રકારો આદિ વિશેષ વિગત સ્યાદ્વાદ રત્નાકર. રત્નાકરાવતારિકા ષટ્દર્શનાદિ ગ્રન્થોથી જાણી લેવા.

प्रमाणव्याख्यायाम् दर्शित- 'स्व-व्यवसायि' शब्दस्य सार्थकता—

પ્રમાણની વ્યાખ્યામાં બતાવેલ 'स्व-व्यवसायि' પદની સાર્થકતા જણાવે છે.

स्वस्य व्यवसायः स्वाभिमुख्येन प्रकाशनं बाह्यस्येव तदाभिमुख्येन, करिकलभकमहमात्मना जानामि ॥१-१७॥

જેમ બાહ્યપદાર્થોના અનુભવવડે જે જ્ઞાન થાય તે બાહ્યનિશ્ચય, તે પ્રમાણે તે જ જ્ઞાન પોતાના તરફના અનુભવવડે આંતરપ્રકાશ કરે તેને સ્વનિશ્ચય કહેવાય છે. જેમ કે હાથીના બચ્ચાને હું જાતે જ (જ્ઞાનદ્વારા) જાણું છું.

यथा ज्ञानस्य बाह्याभिमुख्येन-विषयानुभवनेन प्रकाशनं बाह्यव्यवसायः एवं स्वाभिमुख्येन प्रकाशनं-स्वव्यवसायः तथाहि-यथा 'करिकलभकमहमात्मना जानामि' इत्यत्र 'अहम्' इत्यनेन प्रमाता, 'करिकलभकम्' इत्यनेन प्रमेय 'जानामि-' इत्यनेन प्रमितिः प्रतीयते, तथैव 'आत्मना' इत्यनेन प्रमाणभूतं ज्ञानमपि प्रतीयत एव ॥ १७॥

વિશેષાર્થ : સ્વ અને પરનો નિશ્ચય કરાવનાર જ્ઞાન છે. જેમકે દીપક પરપદાર્થને ક્યારે જણાવે ? આપણી નજર પર તરફ હોય ત્યારે દીપક પર-પદાર્થને જણાવે છે. તેમ દીપક તરફ નજર જાય ત્યારે તે જ દીપક પોતાને પણ જણાવે છે. તેની જેમ જ્ઞાન પણ આપણી નજર બાહ્ય ઘટપટાદિ પદાર્થો તરફ હોય ત્યારે તેને જણાવે છે પરંતુ જ્યારે આપણી નજર જ્ઞાન તરફ હોય

ત્યારે જ્ઞાન (પોતાને-જ્ઞાનને) પણ જણાવે છે જેઓ જ્ઞાન પોતાને જણાવતું નથી માત્ર પરને જણાવે છે એવું માને છે તેને માટે આ સમજાવ્યું છે કે–

ટીકાર્થ : જેમ જ્ઞાનથી બાહ્યપદાર્થના અનુભવ વડે બાહ્યપદાર્થનો નિશ્ચય થાય છે. એ જ પ્રમાણે સ્વતરફ નજર હોય ત્યારે સ્વનો વ્યવસાય પણ થાય છે. (તે પણ જ્ઞાનનું કાર્ય છે) તે આ પ્રમાણે : જેમ હાથીના બચ્ચાને હું સ્વયં જાણું છું એમા 'अहम्' એ પદવડે પ્રમાતા (કર્તા), 'करिकलभ' એ પદવડે પ્રમેય એવો પદાર્થ, 'जानामि' પદ દ્વારા પ્રમિતિ જણાય છે, તેની જેમ 'આત્મના' એ પદવડે પ્રમાણભૂત જ્ઞાન જણાય છે. એટલે કે જ્ઞાન વડે કર્તા કર્મ અને ક્રિયા એમ ત્રણનો પ્રતિભાસ થાય છે. તે જ રીતે દીપકની જેમ કરણનો પણ અવશ્ય પ્રતિભાસ થાય છે. માટે જ્ઞાન સ્વયં અપ્રકાશક છે કે જ્ઞાનાન્તર થી જ્ઞાનપ્રકાશિત થાય છે આ બંને મતો વ્યાજબી નથી જ્ઞાન-સ્વપ્રકાશક પણ છે જ.

'ज्ञानं स्वव्यवसायि' अस्ति एव तत्पुनः दृष्टान्तेन साध्नोति —

જ્ઞાનસ્વનિશ્ચયવાળુ છે એ વાત સદૃષ્ટાંત જણાવે છે.

कःखलु ज्ञानस्याऽऽलम्बनं बाह्यं प्रतिभातमभिमन्यमानः तदपि तत्प्रकारं नाभिमन्येत मिहिराऽऽलोकवत् ? ॥१-१८॥

જેમ ગિરિ નગર વિગેરે સૂર્યના પ્રકાશના વિષય છે, તેથી તેઓનું જ્ઞાન થાય છે, એમ માનનાર પુરુષ સૂર્યના પ્રકાશને જ્ઞાત માને છે તેની જેમ ક્યો પુરુષ જ્ઞાનના બાહ્યવિષય ઘટાદિને પ્રતિભાત માન્યા છતાં જ્ઞાનને તે પ્રકારનું પ્રતિભાત ન માને ?

અયમર્થ :- यथा भास्करप्रभाभिर्घटपटादिकं वस्तुजातं पश्यन्तो जना भास्करप्रभामपि पश्यन्त्यैव, तथैव ज्ञानविषयीभूतानां कुम्भादीनां प्रकाशमभि-मन्यमानैः ज्ञानस्यापि प्रकाशोऽङ्गीकर्तव्य एव । एतेन 'ज्ञानमतीन्द्रियं ज्ञानजन्य-ज्ञातृता प्रत्यक्षा तया ज्ञानमनुमीयते' इति वदन्तो मीमांसकैकदेशिनो भाट्टाः, 'समुत्पन्नं हि ज्ञानं एकात्मसमवेतानन्तरसमयसमुत्पदिष्णुमानसप्रत्यक्षेणैव लक्ष्यते, न तु स्वेन' इति जल्पन्तो नैयायिकाश्च निरस्ता वेदितव्याः ।

વિશેષાર્થ : જેમ મીઠું શાકને ખારું કરે છે એવું માનતો ડાહ્યો માણસ મીઠું પણ ખારૂં છે એવું શું ન માને ? અર્થાત્ મીઠું ખારૂં જ છે તેમ સ્વીકારે છે. તેમ આપણે આપણી નજરને બદલવાની છે પર ઉપર દૃષ્ટિ હોય ત્યારે પરને જણાવે છે. તેમ જ્ઞાન સ્વતરફ નજર હોય, ત્યારે સ્વને પણ જણાવે છે.

ટીકાર્થ : જેમ સૂર્યની પ્રભાવડે ઘટપટાદિ વસ્તુના સમૂહને જોતા એવા માણસો સૂર્યની પ્રભાને પણ જુએ જ છે. તેની જેમ જ્ઞાનના વિષયભૂત એવા કુંભ વિગેરે પદાર્થને માનવા દ્વારા જ્ઞાનને પણ (સ્વ) પ્રકાશ્ય સ્વીકારવા યોગ્ય છે અને આ રીતે જ્ઞાન સ્વને જણાવે છે તેવું કહેવા વડે મીમાંસકોના એક વિભાગસ્વરૂપ કુમારિલભટ્ટના મતનું ખંડન થયું. તે આ પ્રમાણે માને છે :- 'જ્ઞાન તે અતીન્દ્રિય છે. જ્ઞાનથી જન્ય જે પરપદાર્થની જાણકારી તે પ્રત્યક્ષ છે. અર્થાત્ જ્ઞાન પરપદાર્થને પ્રત્યક્ષતા દ્વારા જણાવે છે અને જ્ઞાનનું અનુમાન કરાય છે' પરંતુ, (સ્વને જણાવતું નથી.) જ્ઞાન એ નિત્યપરોક્ષ છે. મને જ્ઞાન થયું છે એમ જ્ઞાન પોતે પોતાનો બોધ કરાવતું નથી. જેમ ખેતરમાં વાવેલું બીજ અદૃશ્ય હોવાથી અતીન્દ્રિય છે. છતા છોડ (જ્ઞાતા) તે પ્રત્યક્ષ છે તે બીજને જણાવે છે. એટલે કે પ્રત્યક્ષ છોડ પરોક્ષ બીજને જણાવે છે, તેમ જ્ઞાનમાંથી જન્ય જ્ઞાતા પ્રત્યક્ષ છે પણ જ્ઞાન અતીન્દ્રિય છે માટે સ્વપ્રકાશક નથી. આવો તેમનો મત છે.

समुत्पन्नं एकात्म. જે આત્મામાં સમવાય સંબંધથી (પ્રથમ) જ્ઞાન ઉત્પન્ન થયું છે, તે જ આત્મામાં સમવાય સંબંધથી રહેનાર પછીના સમયે ઉત્પન્ન થનાર માનસપ્રત્યક્ષ-જ્ઞાનવડે પ્રથમનું જ્ઞાન જણાય છે પરંતુ, સ્વયં પ્રથમ જ્ઞાનવડે નહીં. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે- આત્મા (દ્રવ્ય) જ્ઞાન (ગુણ) એ બંને પદાર્થો તેમના મતે ભિન્ન છે તેથી જ્ઞાન આત્મામાં સમવાય સંબંધથી રહે છે. જે આત્મામાં પ્રત્યક્ષ જ્ઞાન થયું, તે જ આત્મામાં સમવાય સંબંધથી રહેનાર બીજુ માનસ પ્રત્યક્ષજ્ઞાન થાય છે, જે માનસપ્રત્યક્ષજ્ઞાન, પ્રથમજ્ઞાનનો બોધ કરાવે છે પરંતુ, (**स्वेन**)= જ્ઞાન પોતાના વડે જણાતું નથી આવી માન્યતાવાળા નૈયાયિકોનું પણ સ્વપ્રકાશ જ્ઞાન સિદ્ધ કરવા દ્વારા ખંડન થઈ જાય છે.

अथ प्रमाणस्य-प्रामाण्य स्वरूपम् धर्मम् दर्शयति —

જ્ઞાનની પ્રમાણતાનું સ્વરૂપ જણાવે છે.

ज्ञानस्य प्रमेयाऽव्यभिचारित्वं प्रामाण्यम् ॥ १-१९ ॥

પ્રમેય જે ઘટપટાદિ પદાર્થો તેની સાથે જ્ઞાનનું અવ્યભિચારીપણું એટલે કે નિયત સાથે રહેવું તે પ્રમાણનું પ્રામાણ્યપણું છે.

ज्ञानस्य यत् प्रमेयाऽव्यभिचारित्वं-प्रमेयाऽविनाभावित्वं तदेव तस्य प्रामाण्यम् ।

अयं भावः- यादृशोऽर्थः प्रत्यक्षादिज्ञानेनाऽवगतः तादृश एव चेत् प्राप्यते तदा तज्ज्ञानं प्रमाणम् यथा सत्यरजतज्ञानम् ॥ १९ ॥

જ્ઞાનનું જે પ્રમેય સાથે અવિનાભાવરૂપે રહેવું તે જ તેનું પ્રમાણપણું છે. એટલે કે તેનો ભાવ આ પ્રમાણે છે- જેવા પ્રકારનો પદાર્થ પ્રત્યક્ષાદિ જ્ઞાનવડે જણાયો તેવા પ્રકારનો જ પદાર્થ પ્રાપ્ત થાય, તો તે જ્ઞાન પ્રમાણ કહેવાય છે. જેમ કે- સમ્યગ્ રજતમાં રજતનું જ્ઞાન. એટલે કે જે વિષયનું જ્ઞાન થયું તે જ વિષય જો હોય તો તે જ્ઞાનમાં પ્રામાણ્યતા છે.

प्रसङ्गेन 'अप्रामाण्यमपि' दर्शयति —

પ્રસંગે હવેના સૂત્રમાં અપ્રમાણતા જણાવે છે.

तदितरत् त्वप्रामाण्यम् ॥ १-२० ॥

જે પ્રમેયની સાથે જ્ઞાનનું વ્યભિચારીપણું હોય તે અપ્રમાણતા છે.

तस्मात्-प्रमेयाऽव्यभिचारित्वात्, इतरत्-प्रमेयव्यभिचारित्वम् अप्रामाण्यम्। यादृशोऽर्थो ज्ञानविषयतामागतस्तादृश एव चेन्न प्राप्यते तदा तज्ज्ञानाप्रमाणं यथा- 'शुक्तिकायामिदं रजतम्' इति ज्ञानम् ॥ २० ॥

પ્રમેયનું અવ્યભિચારીપણું, તેનાથી ઇતરત્=ઉલટુ એટલે પ્રમેયનું વ્યભિચારીપણું તે અપ્રમાણતા છે. જેવા પ્રકારનો પદાર્થ જ્ઞાનની વિષયતા પામ્યો હોય તેવા પ્રકારનો પદાર્થ જો પ્રાપ્ત ન થાય તો તે જ્ઞાન અપ્રમાણ કહેવાય છે. જેમ છીપલામાં આ રૂપું છે તે પ્રમાણેનું જ્ઞાન અપ્રમાણ છે.

प्रामाण्याप्रामाण्ययोरुत्पत्ति-ज्ञप्त्योः स्वरुपम् —

પ્રામાણ્ય અને અપ્રામાણ્યની ઉત્પત્તિ અને જ્ઞપ્તિની પદ્ધતિ જણાવે છે.

तदुभयमुत्पत्तौ परत एव ज्ञप्तौ तु स्वतः परतश्च ॥ १-२१ ॥

પ્રામાણ્ય અને અપ્રમાણ્ય તે બંને ઉત્પત્તિમાં પરથી છે અને જ્ઞપ્તિમાં સ્વથી અને પરથી છે.

ज्ञानगतप्रामाण्याप्रामाण्यविषये मिथो विवदन्ते दर्शनकाराः, तथाहि- उत्पत्तौ ज्ञप्तौ च ज्ञानानां प्रामाण्य स्वतः अप्रामाण्यं परत इति मीमांसका वेदान्तिनश्च । उभयत्रापि प्रामाण्याप्रामाण्यं परतः इति नैयायिकाः । अप्रामाण्यं स्वतः प्रामाण्यं परत इति सौगताः । तत्त्वविदस्तु तदुभयमुत्पत्तौ परत एव ज्ञप्तौ तु स्वतः परतश्च इति वदन्ति ।

तदुभयं-प्रमाण्यमप्रामाण्यं च उत्पत्तौ-स्वोत्पत्तौ परत एव-ज्ञानकारण-गत-गुणदोषाभ्यामेव उत्पद्यते इति शेषः, ज्ञप्तौ तु निश्चये तु स्वतः परतश्च, अभ्यास-दशाऽऽपन्ने करतलादिज्ञाने स्वतः, अनभ्यासदशाऽऽपन्ने सर्पादिज्ञाने परतः, संवाद-बाधकाभ्यां निश्चीयते ।

अयं भावः- ज्ञानसाधनम्- इन्द्रियादि यदि नैर्मल्यादिगुणविशिष्टं तर्हि तत् प्रमाणभूतं ज्ञानं जनयति, यदि तदेव काचकामलादिदोषविशिष्टं तर्हि अप्रमाणभूतं ज्ञानमुत्पादयति, तत्र ज्ञानोत्पत्तिं प्रतीन्द्रियाणां कारणत्वं, ज्ञानगत-प्रामाण्याप्रामाण्योत्पादकत्वे तु गुणदोषयोः कारणत्वमिति विवेकः, ज्ञानगत-प्रमाण्यस्य निश्चयस्तु अभ्यासदशाऽऽपन्ने करतलादिज्ञाने स्वत एव भवति, अनभ्यासदशाऽऽपन्ने-सत्यसर्पादिज्ञाने संवादकज्ञानाद् भवति ।

अप्रमाणस्य निश्चयस्तु अभ्यासदशाऽऽपन्ने मृगतृष्णिकादौ स्वत एव भवति, अनभ्यासदशापन्ने 'शुक्ताविदं रजतम्' इति ज्ञाने तु बाधकज्ञानाद् भवतीति।

यादृशोऽर्थः पूर्वज्ञाने प्रथापथमवतीर्णः तादृश एव येन ज्ञानेन व्यवस्था-प्यते, तत् संवादकमित्युच्यते । मन्दसामग्रीजन्यं संवाद्यं, उदग्रसामग्रीसमुत्पाद्यं संवादकमिति ॥ २१ ॥

જ્ઞાનમાં રહેલી પ્રમાણતા અને અપ્રમાણતાના વિષયમાં પરસ્પર દર્શનકારો વિવાદ કરે છે. તે આ પ્રમાણે.

			પ્રમાણતા	અપ્રમાણતા
મીમાંસકો	ઉત્પત્તિ -	જ્ઞપ્તિ	સ્વતઃ	પરતઃ
વેદાન્તિકો	ઉત્પત્તિ -	જ્ઞપ્તિ	સ્વતઃ	પરતઃ
નૈયાયિકો	ઉત્પત્તિ -	જ્ઞપ્તિ	પરતઃ	પરતઃ
બૌદ્ધો	ઉત્પત્તિ -	જ્ઞપ્તિ	પરતઃ	સ્વતઃ
જૈનો	ઉત્પત્તિ -		પરતઃ	પરતઃ
		જ્ઞપ્તિ	સ્વતઃ	સ્વતઃ
			પરતઃ	પરતઃ (અનભ્યાસદશામાં)

વિશેષાર્થ : મીમાંસક અને વેદાન્તિઓ એમ માને છે કે પ્રમાણજ્ઞાનમાં પ્રમાણતાની ઉત્પત્તિ અને જ્ઞપ્તિ સ્વથી અને અપ્રમાણજ્ઞાનમાં અપ્રમાણની ઉત્પત્તિ અને જ્ઞપ્તિ પરથી થાય છે. જે જાતનું જ્ઞાન ઉત્પન્ન થયું, દા.ત. સર્પનું જ્ઞાન, જ્ઞાન જે ઉત્પન્ન થાય છે તે પ્રમાણભૂત જ ઉત્પન્ન થાય છે તેવી સ્વતઃ ઉત્પત્તિ, અને પ્રકાશ કરનારું હોવાથી જ્ઞપ્તિ= જીવને આવું જ્ઞાન જ્યારથી થયું ત્યારથી સર્પને જણાવનારું હોવાથી પ્રમાણ જ છે માટે તેઓના મતે જ્ઞપ્તિ સ્વતઃ છે. હવે નજીક ગયા અને સર્પને બદલે રજ્જુ દેખાયું તેથી અપ્રમાણ થયું તેથી અપ્રમાણતાની ઉત્પત્તિ અને જ્ઞપ્તિ પરતઃ થઈ.

નૈયાયિક : ઉત્પત્તિ અને જ્ઞપ્તિમાં પ્રમાણતા અને અપ્રમાણતા પરતઃ છે. તેઓના મતે જ્ઞાનસ્વપ્રકાશક નથી પરપ્રકાશક છે તેથી ઉત્પત્તિ અને જ્ઞપ્તિ બંને પરથી થાય છે એમ માને છે.

બૌદ્ધો- ઉત્પત્તિ અને જ્ઞપ્તિમાં અપ્રમાણતા સ્વથી અને પ્રમાણતા પરથી થાય છે. જ્ઞાન જ્ઞેય એવા પદાર્થ વિના થતું ન હોવાથી જ્ઞાન અપ્રમાણ છે જેમ કે- મગજમાં જ્ઞાન થાય ત્યારે જ્ઞેય એવા પદાર્થ વિના શું પ્રયોજન? પદાર્થ દૂર રહેલો હોય ત્યારે સ્વજ્ઞાનથી પ્રવર્તક-નિવર્તક થતું નથી જ્યારે નજીકમાં જઈએ છીએ ત્યારે બોધ થાય છે એટલે પરપદાર્થથી જ્ઞાન જણાતું હોવાથી સ્વથી અપ્રમાણ છે પરપદાર્થ પોતે જણાતો હોવાથી પ્રમાણતા પરથી છે આ પ્રમાણે તેઓ માને છે.

જૈનદર્શનકાર - અપ્રમાણતા અને પ્રમાણતાની ઉત્પત્તિ પરથી છે જ્ઞાનની ઉત્પત્તિમાં અંતરંગ કારણ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ હોવા છતાં બાહ્ય

કારણો ચક્ષુરિન્દ્રિયાદિ નિર્દોષ અને નિર્મળ હોય તો જ પ્રમાણતારૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયમાં કંઇ દોષ હોય તો જ્ઞાનની અપ્રમાણતા ઉત્પન્ન થાય છે તેનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે.

ટીકાર્થ : જ્ઞાનના કારણભૂત ઇન્દ્રિયોમાં રહેલા ગુણ દોષ વડે જ પ્રમાણતા અને અપ્રમાણતા ઉત્પન્ન થાય છે એટલે કે ગુણદોષાત્મક પરની અપેક્ષા એ છે માટે ઉત્પત્તિમાં **परतः** છે. પ્રમાણતા અને અપ્રમાણતા તે બંનેની જ્ઞપ્તિ-અભ્યાસદશામાં (હથેળી વિગેરેનું જ્ઞાન કરવામાં) સ્વત જ થાય છે અને અનભ્યાસદશામાં જ્ઞાનની પ્રમાણતા અને અપ્રમાણતાનો નિશ્ચય સર્પ વિગેરેનું જ્ઞાન કરવામાં સંવાદક=પોષક [જ્ઞાનને પુષ્ટ કરનાર વસ્તુની સિદ્ધિ કરી આપે તેવો] અને શુક્તિમાં આ રજત છે એ પ્રમાણેના જ્ઞાનમાં બાધક [વસ્તુના અભાવને સિદ્ધ કરી આપે તેવા] વડે નિર્ણય થાય છે તેથી **परतः** છે તેનો ભાવ આ પ્રમાણે છે- જ્ઞાનના સાધનભૂત ઇન્દ્રિયો વિગેરે જો નિર્મળતા આદિ ગુણથી વિશિષ્ટ હોય તો તે જ્ઞાન પ્રમાણભૂત જ્ઞાનને જણાવે છે અને જો તે ઇન્દ્રિય પીળીયો વિગેરે દોષથી દૂષિત હોય તો અપ્રમાણભૂત જ્ઞાનને ઉત્પન્ન કરે છે. તેમાં જ્ઞાનની ઉત્પત્તિ પ્રત્યે ઇન્દ્રિયો કારણ છે અને જ્ઞાનમાં રહેલી પ્રમાણતા અને અપ્રમાણતા ને ઉત્પન્ન કરવામાં (તેના કારણરૂપ ઇન્દ્રિય વિગેરેના) ગુણ અને દોષનું કારણ છે એ પ્રમાણે વિવેક કરી લેવો. જ્ઞાનમાં રહેલી પ્રમાણતાનો નિર્ણય તો અભ્યાસદશામાં હથેલી વિગેરેના જ્ઞાનમાં સ્વતઃ જ થાય છે. અને અનભ્યાસદશામાં સત્યસર્પ વિગેરેના જ્ઞાનમાં સંવાદક-જ્ઞાનની આવશ્યકતા રહે છે અને અપ્રમાણ્યનો નિશ્ચય પણ અભ્યાસદશામાં મૃગતૃષ્ણિકા (ઝાંઝવાના જળ) વિગેરેમાં સ્વતઃ થાય છે અને અનભ્યાસદશામાં 'છીપલામાં આ રજત છે' એવા જ્ઞાનમાં બાધકજ્ઞાનથી થાય છે. [બાધકજ્ઞાનની આવશ્યકતા રહે છે] જેવા પ્રકારનો પદાર્થ પૂર્વજ્ઞાનની પદ્ધતિમાં અવતર્યો છે તેવા પ્રકારનો પદાર્થ જે જ્ઞાનવડે નિર્ણિત કરાય તે **संवादक** જ્ઞાન કહેવાય છે. મન્દ એવી સામગ્રીથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે **संवाद्य** છે અને તેજસ્વી સામગ્રીથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે **संवादक** છે તેમ જાણવું.

આ રીતે પ્રથમ પરીચ્છેદ સંપૂર્ણ **स्वपर व्यवसायि ज्ञानं प्रमाणम्** તેની વ્યાખ્યા રૂપે છે આખા પરિચ્છેદમાં પ્રમાણની વ્યાખ્યાના એકેક પદ ન મૂકે

તો શું શું વાંધો આવે એ વાત સ્પષ્ટ કરી, પ્રમાણનું સર્વોપરિશુદ્ધ અનુભૂત આ જ લક્ષણ યથાર્થ છે એ વાત તે તે સૂત્રો દ્વારા સિદ્ધ કરી બતાવી અને આ રીતે પોતાના સ્વરૂપને અને પરપદાર્થને જણાવનાર જ્ઞાન તે પ્રમાણ છે આ લક્ષણ પ્રત્યક્ષ અને પરોક્ષ સઘળાં ય ભેદોમાં સમાયેલુ છે. તેમજ અપ્રમાણ ઇન્દ્રિય-સન્નિકર્ષાદિમાં જરાપણ ઘટી શકતું નથી તેથી તદ્દન શુદ્ધ આ લક્ષણ છે.

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते
श्री वादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वालोके
प्रमाणस्वरूपनिर्णायकः
प्रथमः परिच्छेदः ।

આ પ્રમાણે બાલબોધિની નામની વ્યાખ્યા (ટિપ્પણી) વડે શોભિત તથા શ્રીવાદિદેવસૂરીજી મહારાજેએ રચેલ પ્રમાણનયતત્ત્વાલોકનામના ગ્રન્થમાં પ્રમાણના સ્વરૂપનો નિર્ણાયક એવો પ્રથમ પરિચ્છેદ જાણવો.

■ ● ■

द्वितीय-परिच्छेदः

[પ્રત્યક્ષ પ્રમાણ - વિચાર]

एवं प्रमाणस्य स्वरूपं प्रतिपाद्य सङ्ख्यां समाख्यान्ति —

પ્રમાણની સંખ્યા જણાવે છે.

तद् द्विभेदं प्रत्यक्षं च परोक्षं च ॥ २-१ ॥

તે પ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદે છે.

तत्-प्रमाणम् प्रत्यक्ष-परोक्षभेदेन द्विप्रकारमित्यर्थः ॥ १ ॥

પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે પ્રમાણ છે.

પદાર્થમાત્રનું વર્ણન લક્ષણ અને વિધાન દ્વારા થાય છે. તેમાં પ્રથમ પરિચ્છેદમાં પ્રમાણનું લક્ષણ બતાવ્યું, હવે તેના ભેદો બતાવે છે. સૂત્રમાં બે ચકાર મુકવાથી જણાવ્યું છે કે પ્રત્યક્ષ અને પરોક્ષ બંનેમાં પ્રામાણ્ય સરખું છે. એટલે કે બન્નેની પ્રમાણતા સમાન છે અને સ્વતંત્ર છે.

પ્રમાણની સંખ્યા વિષે અન્યની માન્યતા ભિન્ન ભિન્ન છે. તે આ પ્રમાણે

चार्वाकोऽध्यक्षमेकं, सुगत-कणभुजौ सानुमानं सशाब्दं,
तद्वैतं पारमर्षसहितमुपमया तत्त्रयं चाक्षपादः ।
अर्थापत्या प्रभाकृद्वदति च निखिलं मन्यते भट्ट एतत्,
साभावं द्वे प्रमाणे जिनपतिसमये स्पष्टतोऽस्पष्टतश्च ॥

(स्याद्वादरत्नाकरः रत्नाकरावतारिका)

(૧) નાસ્તિક - (ચાર્વાક) કેવળ પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે.

(૨) બૌદ્ધો-વૈશેષિકો - પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણને માને છે.

(૩) અક્ષપાદ - પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શાબ્દ એમ ચાર પ્રમાણ માને છે.

(૪) સાંખ્ય= - પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ પ્રમાણ માને છે.
પારમર્ષ (સાંખ્યદર્શનવાળા)

(૫) પૂર્વ મીમાંસક - પ્રત્યક્ષ - અનુમાન - ઉપમાન શબ્દ અર્થાપત્તિ
પાંચ પ્રમાણ માને છે.

(૬) ઉત્તર મીમાંસક- ઉપરનાં પાંચ સાથે અભાવનામનું છઠ્ઠું પ્રમાણ
(કુમારીલભટ્ટ) માનવાથી કુલ ૬ પ્રમાણ માને છે.

(૭) જૈનદર્શની- પ્રત્યક્ષ (સ્પષ્ટ) પરોક્ષ (અસ્પષ્ટ) એમ બે પ્રમાણ
માને છે.

ઉપરોક્ત બધા ભેદો વાસ્તવિક રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ આ બેમાં સમાઇ જાય છે. જગતમાં વસ્તુમાત્રનો બોધ બે રીતે જોવાય છે. એકમાં વસ્તુનો યથાતથ્ય બોધ પરની અપેક્ષા વિના થાય છે અને તે સ્પષ્ટ છે. જ્યારે બીજામાં વસ્તુનો વાસ્તવિક બોધ પરની અપેક્ષા દ્વારા કરવામાં આવે છે. અને તે અસ્પષ્ટ છે. આ બે સિવાય વસ્તુનો બોધ કોઇ ત્રીજી રીતિએ થતો નથી, માટે તેના બીજા જુદા ભેદો પાડવામાં આવ્યા નથી. બે જ ભેદો પ્રમાણના છે.

प्रत्यक्षं लक्षयन्ति –

પ્રત્યક્ષ પ્રમાણનું લક્ષણ બતાવે છે.

स्पष्टं प्रत्यक्षम् ॥ २-२॥

સ્પષ્ટ જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ છે.

स्पष्टत्वं प्रत्यक्षस्य लक्षणमित्यर्थः । प्रबलतरज्ञानावरणीयवीर्यान्तरायक्षयोपशमात्, क्षयाद् वा स्पष्टताविशिष्टं यज्ज्ञानं तत् प्रत्यक्षं ज्ञातव्यम् ॥ २ ॥

સ્પષ્ટજ્ઞાન તે પ્રત્યક્ષ છે (આ) લક્ષણ છે. જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાય કર્મના અત્યંત ક્ષયોપશમથી અથવા ક્ષયથી, સ્પષ્ટતાથી યુક્ત એવું જે જ્ઞાન છે તે પ્રત્યક્ષજ્ઞાન છે.

વિશેષાર્થ : જે જ્ઞાન ઇન્દ્રિયની આધીનતાથી સ્પષ્ટપણે ઉત્પન્ન થાય તે પ્રત્યક્ષ છે. આ લક્ષણ સાંવ્યવહારિક પ્રત્યક્ષને આશ્રયી ઘટી શકે છે. પરંતુ

પરમાર્થિક પ્રત્યક્ષની વ્યાખ્યા કરતા અક્ષ નો અર્થ જીવ લઈએ એટલે ઇન્દ્રિય-વિના જીવની જ સાંનિધ્યતાથી જે સ્પષ્ટ બોધ થાય તે પ્રત્યક્ષ આ પ્રમાણે પણ લક્ષણ આવે છે. अक्षणोति-व्याप्नोति जानातीत्यक्ष आत्मा-तन्मात्रापेक्षोत्पत्तिकं प्रत्यक्षम् अक्षशब्दो जीवपर्यायस्तश्चाक्षं प्रतिवर्तते इति प्रत्यक्षम् । આ વ્યાખ્યા પ્રમાણે અવધિ-મન-પર્યવ-કેવલજ્ઞાન પ્રત્યક્ષ છે.

વ્યવહારિક દૃષ્ટાન્તદ્વારા પ્રત્યક્ષ=સ્પષ્ટત્વને જણાવે છે.

જેમ કોઈ પિતા પોતાના અજ્ઞાન એવા બાળકને શબ્દો દ્વારા અગ્નિનું ભાન કરાવે છે. તેથી અગ્નિની કંઈક ઝાંખી બાળકને થાય છે. ત્યાર બાદ તે બાળકને બીજો કોઈ વ્યક્તિ ધુમાડો નીકળતો હોય તેવું સ્થાન દેખાડે છે ત્યારે તેને અગ્નિનો પૂર્વ કરતા વિશિષ્ટ બોધ થાય છે. અને ત્રીજો પુરૂષ તેની પાસે અગ્નિને લાવીને તેનો વિશેષતર બોધ કરાવે છે. આ ત્રણે જ્ઞાનમાં છેલ્લું જ્ઞાન સ્પષ્ટ અગ્નિનો બોધ કરાવે છે અને આ છેલ્લા બોધથી થયેલું જ્ઞાન તેને તે તે વસ્તુમાં સ્પષ્ટ દોરે છે તેથી તે પ્રત્યક્ષ કહેવાય છે.

स्पष्टत्वमेव स्पष्टयन्ति —

સ્પષ્ટત્વનું સ્વરૂપ બતાવે છે.

अनुमानाद्याधिक्येन विशेषप्रकाशनं स्पष्टत्वम् ॥ २-३॥

અનુમાન વિગેરે પ્રમાણો કરતા અધિકતરતાથી વિશેષબોધ થવો તે સ્પષ્ટ કહેવાય છે.

अनुमानादिप्रमाणैर्येषां नियतवर्णसंस्थानाद्याकाराणां प्रतिभासनं न भवति तेषामपि प्रतिभासनं प्रत्यक्षस्य स्पष्टत्वमिति ॥ ३॥

અનુમાનાદિ પ્રમાણોથી ચોક્કસ વર્ણ આકાર વિગેરેનો બોધ જેવો સ્પષ્ટ થતો નથી તેવો બોધ સ્પષ્ટ પ્રત્યક્ષથી થાય છે અર્થાત્ જે અનુમાન વિગેરેમાં જે બોધ થાય છે તેનાથી અત્યંત અધિકતાથી બોધ કરાવનારું સ્પષ્ટ જ્ઞાન તે પ્રત્યક્ષ છે.

प्रत्यक्षस्य प्रकारप्रकाशनायाहुः —

પ્રત્યક્ષ જ્ઞાનના પ્રકારો જણાવે છે.

तद् द्विप्रकारम्- सांव्यवहारिकं पारमार्थिकं च ॥ २-४॥

તે પ્રત્યક્ષજ્ઞાન બે પ્રકારનું છે. (૧) સાંવ્યવહારિક (૨) પારમાર્થિક

संव्यवहार-बाधारहितप्रवृत्तिनिवृत्ती प्रयोजनमस्येति सांव्यवहारिकः; परमार्थे भवं पारमार्थिकम् । अयं भावः- बाह्येन्द्रियादिसाधनेभ्यो यज्ज्ञानमुत्पद्यते तत्सांव्यवहारिकम्, इदम् अपारमार्थिकं, बाह्येन्द्रियादिसामग्रीसापेक्षत्वात् । अवधि-मनः पर्याय-केवलज्ञानरूपं तु परमार्थिकं प्रत्यक्षम्, बाह्येन्द्रियादिसामग्रीनिरपेक्षत्वात् तद्धि आत्मसन्निधिमात्रेणोत्पद्यते ॥ ४ ॥

સંવ્યવહાર-પીડારહિત [ઇષ્ટમાં] પ્રવૃત્તિ, અને અનિષ્ટમાં નિવૃત્તિરૂપ પ્રયોજન જેનું તે છે, સાંવ્યવહારિક કહેવાય છે, એટલે કે કોઇપણ જાતની બાધા વિના હિતકારી કાર્યમાં પ્રવૃત્તિ અને અહિતકારી કાર્યથી નિવૃત્તિ કરવી તેને સંવ્યવહાર (=સાચો વ્યવહાર) કહેવાય, આવા પ્રકારનો સમ્યગ્વ્યવહાર છે પ્રયોજન જેનું, એવા જ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે અને પરમાર્થમાં થયેલું તે, (સ્વાધીનપણે થયેલું તે) પારમાર્થિક કહેવાય છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે. ચક્ષુ વિગેરે બાહ્ય ઇન્દ્રિયાદિ સાધનની અપેક્ષાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સાંવ્યવહારિક કહેવાય છે. અને આ જ્ઞાન અપારમાર્થિક છે. કારણ કે બાહ્યેન્દ્રિયાદિ સામગ્રીથી સાપેક્ષ છે તથા અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનાત્મક જે જ્ઞાન છે તે પારમાર્થિક પ્રત્યક્ષ છે કેમકે બાહ્યેન્દ્રિયાદિસામગ્રીથી નિરપેક્ષ છે. કારણ કે આ પારમાર્થિકજ્ઞાન આત્માની ફક્ત સાંનિધ્યતાથી ઉત્પન્ન થાય છે.

વિશેષાર્થ : આ સાંવ્યવહારિક પ્રત્યક્ષ મતિજ્ઞાનનો એક પેટાવિભાગ છે અને જે મતિજ્ઞાનનું સ્વરૂપ શ્રી ઉમાસ્વાતિજી મહારાજએ તત્વાર્થમાં मतिस्मृतिः संज्ञा चिन्ताऽऽभिनिबोध इत्यनर्थान्तम् (सू.१-१३) આ સૂત્ર દ્વારા દર્શાવ્યું છે. તેમજ તે સૂત્રમાં રહેલા मति શબ્દથી તેઓ જણાવે છે કે આના દ્વારા જગતનો પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ વ્યવહાર ચાલે છે, માટે આ મતિજ્ઞાન સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. આ સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં નિર્મળતા છે, માટે પ્રત્યક્ષમાં લીધુ છે પરંતુ વસ્તુતઃ પરોક્ષ છે.

सांव्यवहारिकस्य प्रकारौ दर्शयन्ति —

સાંવ્યવહારિકના ભેદો જણાવે છે.

तत्राद्यं द्विविधमिन्द्रियनिबन्धनमनिन्द्रियनिबंधनं च ॥ २-५॥

તેમાં પ્રથમ સાંવ્યવહારિકજ્ઞાન (૧) ઇન્દ્રિયથી ઉત્પન્નથનારું અને (૨) અનિન્દ્રિય(મન)થી ઉત્પન્ન થનારૂં એમ બે પ્રકારે છે.

तत्र- उभयोर्मध्ये, आद्यं-सांव्यवहारिकं प्रत्यक्षं, द्विविधं-द्विप्रकारं, इन्द्रिय-निबन्धनं-चक्षुरादीन्द्रियहेतुकम्, अनिन्द्रियनिबन्धनं च-मनोहेतुकं चेत्यर्थः । चक्षुरादीन्द्रियजन्यं मनोजन्यं च यज्ज्ञानं तत् सांव्यवहारिकप्रत्यक्षमुच्यते इति समुदायार्थः ।

તે સાંવ્યવહારિક અને પારમાર્થિકજ્ઞાનમાં આદ્ય-એટલે સાંવ્યવહારિક પ્રત્યક્ષ બે પ્રકારનું છે. (૧) ચક્ષુ આદિ ઇન્દ્રિયો છે કારણ જેમાં તે ઇન્દ્રિયનિબન્ધન (૨) મન છે કારણ જેમાં તે અનિન્દ્રિયનિબન્ધન, તેથી ચક્ષુ વિગેરે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારું અને મનથી ઉત્પન્ન થનારું જે જ્ઞાન છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે.


इन्द्रियं-द्विविधं, द्रव्येन्द्रिय-भावेन्द्रियभेदात्, द्रव्येन्द्रियं द्विविधं, निर्वृत्तीन्द्रियोपकरणेन्द्रियभेदात्, निर्वृत्तिन्द्रियं द्विविधं, बाह्याभ्यन्तरभेदात्, तत्र बाह्यं-प्रत्यक्षेण परिदृश्यमानं कर्णशष्कुल्याद्यनेकप्रकारम्, आन्तरं-कदम्ब-पुष्पाद्याकारम् । उपकरणेन्द्रियं-आभ्यन्तरनिर्वृत्तीन्द्रियस्थितं स्वस्वविषय-ग्रहणशक्तिरूपं, यस्मिन् उपहते निर्वृत्तीन्द्रियसत्त्वेऽपि विषयग्रहणं न भवति तत् ।

भावेन्द्रियमपि द्विविधम्, लब्ध्युपयोगभेदात्, तत्र लब्धीन्द्रियं इन्द्रियावरणक्षयोपशमापरपर्यायार्थग्रहणशक्तिरूपम् । अर्थग्रहणव्यापाररूपमुपयोगेन्द्रियम्। चक्षुषोऽप्राप्यप्रकाशकारित्वम्, अन्येषामिन्द्रियाणां तु प्राप्यप्रकाशकारित्वमिति ।

टीकार्थ : ઇન્દ્રિયના બે ભેદ છે (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેંદ્રિય, દ્રવ્યેંદ્રિય બે પ્રકારે છે. (૧) નિર્વૃત્તીન્દ્રિય (૨) ઉપકરણેન્દ્રિય, નિર્વૃત્તીન્દ્રિય બાહ્ય અને અભ્યંતરભેદથી બે પ્રકારે છે. તેમાં પ્રત્યક્ષપણે બહારથી દેખાતા કાનના આકારાદિ તે બાહ્ય-નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય છે જે અનેક પ્રકારે છે. અને અભ્યંતર નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય-કદમ્બપુષ્પ વિગેરેના આકારવાળી, અંગુલના અસંખ્યાતમા ભાગની, શરીરની અંદરના ભાગમાં રહેનારી છે. ઉપકરણદ્રવ્યેન્દ્રિય-અભ્યંતર

નિર્વૃત્તિ-ઈન્દ્રિયમાં રહેલી પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિસ્વરૂપ છે જો આ ઉપકરણદ્રવ્યેન્દ્રિય હણાયેલી હોય તો નિર્વૃત્તીન્દ્રિય હોવા છતાં પણ વિષયનું ગ્રહણ થતું નથી.

ભાવેન્દ્રિય બે પ્રકારે છે. લબ્ધિ-ભાવેન્દ્રિય (૧) ઉપયોગભાવેન્દ્રિય (૨) તેમાં લબ્ધિભાવેન્દ્રિય એટલે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલી જ્ઞાનશક્તિ, તેનું બીજું નામ છે અર્થગ્રહણશક્તિસ્વરૂપા. તથા અર્થગ્રહણના વ્યાપારરૂપ જે ઈન્દ્રિય તે ઉપયોગેન્દ્રિય છે. ચક્ષુઅપ્રાપ્યકારી છે અને બાકીની બાહ્ય ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે.



વિશેષાર્થ : સાંવ્યવહારિક–આ વ્યવહાર યોગ્ય જ્ઞાનમાં એકમાં ઈન્દ્રિયની મુખ્યતા છે બીજામાં મનની મુખ્યતા છે. ઈન્દ્રિયમાં-સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય આ પાંચ છે. આ ઈન્દ્રિયો અનુક્રમે સ્પર્શ-રસ-ગંધ-રૂપ અને શબ્દ એમ પોતપોતાના વિષયને ગ્રહણ કરનારી છે આ ઈન્દ્રિય દ્રવ્ય અને ભાવ ભેદે છે તેમાં (૧) દ્રવ્યેન્દ્રિય-દ્રવ્યેન્દ્રિયનામકર્મના ઉદયના નિમિત્તવાળી છે. અને ભાવેન્દ્રિય જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અંને વીર્યાન્તરાયના ક્ષયોપશમની અપેક્ષાવાળી છે. દ્રવ્યેન્દ્રિય-નિર્વૃત્તિ-ઉપકરણ બે ભેદે છે તે (૨) નિર્વૃત્તિ-દ્રવ્યેન્દ્રિય (૩) બાહ્ય નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય પાંચે ઈન્દ્રિયોના બહારના અનેક આકારો જે છે તે છે. (૪) તથા મસુરનીદાળ કદમ્બપુષ્પાદિ અંદરના આકારરૂપે અભ્યંતર દ્રવ્યેન્દ્રિય છે તે બંને પુદ્ગલ સ્વરૂપ છે. જેમ તલવારની મ્યાન તલવારનું રક્ષણ કરે છે તેમ આ બાહ્યેન્દ્રિય અભ્યંતરઈન્દ્રિયનું રક્ષણ કરે છે. બાહ્યેન્દ્રિયની અંદર રહેલી અંગુલના અસંખ્યાતમા ભાગની બનેલી જે અભ્યંતરઇન્દ્રિય તલવાર સમાન છે. (૫) ઉપકરણ દ્રવ્યેન્દ્રિય તે શક્તિરૂપે છે તે તલવારની ધાર જેવી છે. જેમ તલવારની ધાર બુંઠી હોય તો છેદનક્રિયા ન થાય તેમ આ ઈન્દ્રિય ન

હોય તો બાહ્ય-અભ્યંતર નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય છતા વિષય પકડવાનું કાર્ય ન થાય. જેમ કે શ્રોત્રેન્દ્રિય હોવા છતાં પણ શબ્દરૂપ વિષય પકડવાની જે શક્તિ છે, તે જો ન હોય તો વિષય ગ્રહણ ન થાય માટે આ ઈન્દ્રિય તલવારની ધાર જેવું કામ કરે છે. અને ૧-બાહ્ય ૨-અભ્યંતર-નિર્વૃત્તિ ૩-ઉપકરણ-ઈન્દ્રિય આ ત્રણ પુદ્‌ગલ સંબંધી હોવાથી દ્રવ્યેન્દ્રિય છે.

(૬) લબ્ધીન્દ્રિય-જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમથી આત્મામાં પ્રગટ થયેલી શક્તિ. આ ઈન્દ્રિય તલવાર ચલાવવાની ક્રિયા જેવી છે તે શક્તિરૂપ કળા આત્મામાં જ છે. જેમ તલવાર હોય તેની ધાર પણ હોય પરંતુ તેનો ઉપયોગ કરતાં ન આવડે તો છેદનક્રિયા બરાબર ન થાય તેવી જ રીતે વિષયને ગ્રહણ કરવાની શક્તિ હોવા છતાં વિષયને જાણવાની કળા ન હોય તો યથાર્થ જ્ઞાન ન થઈ શકે માટે તે કળા સ્વરૂપે લબ્ધિ-ઈન્દ્રિય છે.

(૭) ઉપયોગેન્દ્રિય-જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમથી આત્મામાં પ્રગટ થયેલી વિષય જાણવાની શક્તિનો જે વ્યાપાર- (ઉપયોગ-વપરાશ). આ ઈન્દ્રિય તલવાર ચલાવવાની કળાનો ઉપયોગ કરવા તુલ્ય છે જેમ તલવાર ચલાવવાની ક્રિયા જાણવા છતા તેનો ઉપયોગ ન કરે તો કાર્યસિદ્ધ ન થાય તેવી જ રીતે વિષય જાણવાની-પકડવાની કળા પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ વિષયનો ઉપયોગ ન કરે તો યોગ્ય બોધ ન થાય. લબ્ધિથી મળેલી શક્તિ કાર્ય કરવાના સાધનરૂપે યોજાય (જોડાય) ત્યારે જે પરિણામ લાવે તે ઉપયોગ ભાવેન્દ્રિય છે. લબ્ધિ અને ઉપયોગ આ બંને ઈન્દ્રિયો આત્મશક્તિસ્વરૂપ હોવાથી ભાવેન્દ્રિય છે. અનિન્દ્રિય-તે મન છે આ મન સર્વ અર્થને ગ્રહણ કરનાર છે મનોવર્ગણાનાં પુદ્‌ગલોને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવે તે દ્રવ્યમન (પુદ્‌ગલરૂપ) છે. અને જ્ઞાનાવરણના ક્ષયોપશમ દ્વારા આત્મામાં પ્રગટ થયેલી ચિંતન-મનન લબ્ધિ તે ભાવમન છે અને આ મન આત્માની શક્તિ વિશેષથી બનેલું છે. આ મન મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય ગ્રહણ કરનાર છે.

પ્રશ્ન : પદાર્થ અને ઈન્દ્રિયોનો સંબંધ થવા છતા પણ મનના ઉપયોગ વિના જ્ઞાન થતું નથી માટે ઈન્દ્રિયનિબંધન અને અનિન્દ્રિયનિબંધન એવા બે ભેદો કહ્યા વગર અનિન્દ્રિયનિબંધન એવો એક જ ભેદ કહેવો જોઈએ.

ઉત્તર : ઇન્દ્રિયજ્ઞાન અને અનિન્દ્રિયજ્ઞાન તે બંનેમાં મન કારણ છે એટલે તે સાધારણ કારણ છે પણ ઇન્દ્રિય તો ઇન્દ્રિયજ્ઞાનમાં જ કારણ છે માટે તે અસાધારણકારણ છે. અને જે અસાધારણકારણ હોય તેનો જ કાર્યમાં વ્યપદેશ થાય છે તેથી બન્ને ભેદો યોગ્ય છે.

ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે અને બાકીની ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે.

नैयायिकादयस्तु सर्वेषामिन्द्रियाणां प्राप्यप्रकाशकारित्वमेव वदन्ति । बौद्धास्तु चक्षुःश्रोत्रेन्द्रियवर्ज्यानीन्द्रियाणि प्राप्यप्रकाशकारिणीति मन्यते ।

मनोऽपि द्रव्य-भावभेदाद् द्विविधम् अप्राप्यप्रकाशकारी चास्तीति। ॥५॥

ટીકાર્થ : નૈયાયિક વિગેરે સર્વે ઇન્દ્રિયોને પ્રાપ્યકારી જ માને છે. અને બૌદ્ધો ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિય વર્જીને બીજી ઇન્દ્રિયોને પ્રાપ્યકારી માને છે.

તથા મન દ્રવ્ય અને ભાવથી (પૂર્વે જણાવ્યા મુજબ) બે પ્રકારે છે અને તે અપ્રાપ્યકારી છે.

વિશેષાર્થ : વિષયની સાથે જોડાઈને જે ઇન્દ્રિય બોધ કરે તે **પ્રાપ્યકારી** અને વિષયથી દૂર રહીને જે ઇન્દ્રિય બોધ કરે તે **અપ્રાપ્યકારી**

સાકરમુખમાં મુકીએ ત્યારે રસેન્દ્રિય સાકર વિગેરે દ્રવ્યોની સાથે જોડાઈને મીઠાસનો બોધ કરે છે માટે તે પ્રાપ્યકારી છે ચક્ષુ રૂપગ્રાહિણી છે. રૂપ દૂર હોતે છતે જ ચક્ષુ રૂપને ગ્રહણ કરે છે આંખની સાથે જોડાઈને (રૂપ)ને ગ્રહણ કરતી નથી માટે તે અપ્રાપ્યકારી છે જેમ સામે રહેલી તલવાર વિગેરે

(૧) નૈયાયિકો ચક્ષુરિન્દ્રિયને પણ પ્રાપ્યકારી માને છે જેમ કે તેજના કિરણો પદાર્થ સાથે સંયોગ પામીને પદાર્થને જણાવે છે. જેમ કે બેટરીના કિરણો ઘટ વિગેરે પદાર્થ સાથે જોડાય અને પછી ઘટ દેખાય તેમ આંખના તેજના કિરણો પદાર્થ સાથે જોડાય અને પછી આ ઘટવિગેરે છે તેમ દેખાય છે. માટે ચક્ષુ પ્રાપ્યકારી છે. આવી માન્યતાની સામે કોઇ તેને પૂછે કે ચશ્મા સહિત ચક્ષુ હોય તો તેજના કિરણો પદાર્થ સાથે કઇ રીતે સંયોગ પામે ? તથા સ્વચ્છ પાણીની અંદર માછલા હોય તો તેજના કિરણો પાણી સાથે અથડાય તો આંખ ભીની બનવી જોઇએ અથવા પાણીથી તેજના કિરણોનો ઉપઘાત થવો જોઇએ, પરંતુ આવુ બનતુ નથી. તો નૈયાયિકો આવું સમાધાન આપે છે કે સ્વચ્છ કાચ તેજના કિરણોનો ઘાતક બનતો નથી તેથી કાચમાંથી તેજના કિરણો નીકળીને

ઘટ સાથે સંયોગ પામે છે માટે પ્રાપ્યકારી છે ઇત્યાદિ ઘણી દલિલો અન્યગ્રન્થોમાં તેઓએ કરી છે જે સર્વથા ખોટી છે.

(૨) બૌદ્ધો - ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયને અપ્રાપ્યકારી માને છે તેઓ આ પ્રમાણે કહે છે કે વક્તાના મુખથી બોલાતા શબ્દો શ્રોતાના કાન સુધી સીધા પહોંચતા નથી જળતરંગના ન્યાયવડે શબ્દોની ધારા ઉત્પન્ન થાય છે અને છેલ્લો શબ્દ શ્રોતાના કાને અથડાય છે માટે જે બોલેલો શબ્દ છે તે શબ્દ શ્રોતાના કાને જતો નથી તેથી તે અપ્રાપ્યકારી છે. આવી માન્યતા દ્વારા અપ્રાપ્યકારી માને છે. જિજ્ઞાસુઓ એ તેનું ખંડન રત્નકરાવતારિકા સ્યાદ્વાદ-રત્નાકર આદિ ગ્રંથોમાં સવિસ્તાર જોઇ લેવું.

अथाऽस्य द्विविधस्यापि प्रकारान् प्रकटयन्ति —

ઇન્દ્રિયનિબન્ધન અને અનિન્દ્રિયનિબંધનના પ્રકારો જણાવે છે.

एतद् द्वितयमवग्रहेहावाय-
धारणाभेदादेकशश्चतुर्विकल्पकम् ॥ ६ ॥

આ બંને અવગ્રહ ઇહા અપાય અને ધારણાના ભેદથી દરેક ચાર પ્રકારે છે.

एतद् द्वितयम्-इन्द्रियनिबन्धनमनिन्द्रियनिबन्धनं च, एकशः- प्रत्येकम् अवग्रह-ईहा-अवाय-धारणाभेदात् चतुर्विकल्पकम्=चतुर्भेदम् ॥ ६ ॥

આ ઇન્દ્રિયનિબન્ધન અને અનિન્દ્રિયનિબન્ધન એ બંને દરેક અવગ્રહ ઇહા અપાય અને ધારણાના ભેદથી ચાર વિકલ્પવાળા છે. (એટલે કે ચાર ચાર ભેદે છે)

વિશેષાર્થ : આ ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન વારંવાર પરિચિત હોવાથી ભેદ જેવું જણાતુ નથી પરંતુ, છેલ્લું વ્યવહાર યોગ્ય જ્ઞાન ન થાય ત્યાં સુધી તેમાં છ પ્રકારના સ્વરૂપો થાય છે. તેને જ દર્શન, અવગ્રહ, સંશય, ઇહા, અપાય અને ધારણા કહેવાય છે. છતાં દર્શન અને સંશય જ્ઞાનકોટિમાં સમાવિષ્ટ થતું નથી, માટે તે બંનેને છોડીને વ્યવહાર યોગ્ય જ્ઞાનના ચાર ભેદો અહીં પાડ્યા છે. કેમ કે દર્શન નિશ્ચયાત્મક (જ્ઞાન) ન હોવાથી પ્રમાણ નથી તથા પૂર્વે જોઇ ગયા તેમ સંશય એ સમારોપ હોવાથી પ્રમાણ નથી.

अवग्रहादीनां स्वरूपं सूत्रचतुष्टयेन स्पष्टयन्ति —

હવે અવગ્રહનું સ્વરૂપ જણાવે છે.

विषयविषयिसन्निपातानन्तरसमुद्भूतसत्तामात्रगोचर-दर्शनाज्जातमाद्यमवान्तरसामान्याकारविशिष्टवस्तुग्रहणम-वग्रहः ॥ २-७ ॥

વિષય અને વિષયીનો (યોગ્યદેશમાં) સંબંધ થવાથી ઉત્પન્ન થયેલું સત્તામાત્રના વિષયવાળું પ્રથમદર્શન ઉત્પન્ન થાય છે, અને તે દર્શનથી ઉત્પન્ન-થનાર અવાન્તર સામાન્યથી યુક્ત વસ્તુનું ગ્રહણ તે અવગ્રહ કહેવાય છે.

વિષયઃ- સામાન્યવિશેષાત્મકોઽર્થઃ, વિષયી-ચક્ષુરાદીન્દ્રિયાનિન્દ્રિય-સમુદાયઃ, તયોઃ સન્નિપાત=યોગ્યદેશાવસ્થાનમ્, તદનન્તરમુત્પન્નં યત્સત્તામાત્ર-વિષયકં દર્શનમ્=નિરાકારં જ્ઞાનમ્, તસ્માદનન્તરમુત્પન્નં યત્ સત્ત્વસામાન્યા-દવાન્તરમનુષ્યત્વાદિસામાન્યાઽકારવિશિષ્ટવસ્તુગ્રહણમ્ - અવગ્રહશબ્દવાચ્ય ઇત્યર્થઃ ॥૭॥

ટીકાર્થ : વિષય=સામાન્યવિશેષાત્મક એવો પદાર્થ, વિષયી=ચક્ષુ વિગેરે ઇન્દ્રિય અને મનનો સમુદાય, તે પદાર્થ અને ઇન્દ્રિયો વિગેરે જો યોગ્યદેશમાં રહેલાં હોય એટલે કે બંનેમાં અનુકુળ સંયોગ હોય, ત્યાર પછી ઉત્પન્ન થયેલું જે સત્તામાત્રના વિષયવાળું દર્શન=નિરાકારજ્ઞાન, તેની પછી ઉત્પન્ન થયેલું જે સત્ત્વ (સામાન્યથી) અવાન્તર મનુષ્યત્વાદિ સામાન્ય આકારથી યુક્ત એવું વસ્તુનું જે ગ્રહણ થાય તે અવગ્રહ કહેવાય.

વિશેષાર્થ : પ્રત્યેક પદાર્થ સામાન્ય અને વિશેષ સ્વરૂપ છે તેમાં સામાન્યના બે ભેદો હોય છે. (૧) પરસામાન્ય (મહાસામાન્ય) સત્ત્વ-સત્તામાત્ર સર્વે પદાર્થોમાં હોય છે. (૨) અપર સામાન્ય (અવાન્તરસામાન્ય) એક જાતીય એવા પદાર્થમાં રહેલી સમાનતા તે અવાન્તર સામાન્ય કહેવાય છે. જેમકે મનુષ્યત્વ, ગોત્વ, દેવત્વ, રૂપત્વ, ગુણત્વ વિગેરે જાતિઓ છે. વિષય અને વિષયીનો યોગ્યદેશમાં સંબંધ થવાથી સર્વપ્રથમ સત્તામાત્રને જાણનાર દર્શનોપયોગ ઉત્પન્ન થાય છે, તે પછી અવાન્તર મનુષ્યત્વાદિને જાણનાર

અવગ્રહ ઉત્પન્ન થાય છે. દર્શનમાં 'इदम् किञ्चित्' એટલું જ થાય છે. અવગ્રહમાં કંઈક અધિકબોધ થાય છે. જો કે કર્મગ્રન્થ વિશેષાવશ્યકભાષ્ય તત્વાર્થાદિસૂત્રમાં વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એમ અવગ્રહના જે બે ભેદો છે તે બંને ભેદોનો 'અવગ્રહ' રૂપ એક વિવક્ષીને આ સૂત્રમાં તેનો અર્થ સમજાવ્યો છે તેમાં વિષય-વિષયીનો સન્નિપાત માત્ર છે, તે **व्यंजनावग्रह** છે તેનાથી 'અસ્તિત્વ' માત્ર રૂપ મહાસામાન્યનો જે પ્રથમ બોધ થાય છે તે એક સમયના કાળવાળો **नैश्चयिक अर्थावग्रह** છે અને ત્યારબાદ અવાન્તર સામાન્યોથી યુક્ત એવો સામાન્યાકાર યુક્ત વસ્તુનો જે બોધ થાય છે તે વ્યવહારિક અર્થાવગ્રહ કહેવાય છે એમ અવગ્રહના સર્વ-વ્યાખ્યાનો આ સૂત્રમાં સમાવેશ પામે છે.

(૧) વિષય અને વિષયીનો સન્નિપાત **व्यंजनावग्रह** (૨) इदम् किञ्चिद-स्ति આવુ સત્તામાત્રનું જે જ્ઞાન તે **नैश्चयिक अर्थावग्रह** (૩) अयम् मनुष्यः વિગેરે અવાન્તરસામાન્યથી યુક્ત જે જ્ઞાન તે **व्यवहारिक अर्थावग्रह** છે.

ઈહાનું સ્વરૂપ જણાવે છે.

अवगृहीतार्थविशेषाकाङ्क्षणमीहा ॥ २-८ ॥

અવગ્રહથી જાણેલ પદાર્થને વિશેષ જાણવાની ઈચ્છા તે ઈહા છે.

अवगृहीतार्थस्य-मनुष्यत्वादिसामान्यरूपेण गृहीतस्यार्थस्य विशेषा-काङ्क्षणम्-'अनेन कान्यकुब्जेन भवितव्यम्' इत्येवं रूपमीहापदवाच्यम् ।८।

टीकार्थ : અવગ્રહથી ગ્રહણ કરેલા પદાર્થને મનુષ્યત્વાદિ સામાન્યરૂપ વડે ગ્રહણ કરેલા પદાર્થની વિશેષ આકાંક્ષા. જેમ આવા આવા ધર્મો વડે કરીને આ મનુષ્ય કન્યાકુમારીનો હોવો જોઈએ આ પ્રમાણેનું (જે જ્ઞાન તે) ઈહા કહેવાય છે.

विशेषार्थ : દર્શનોપયોગ રૂપ સત્તાને જાણ્યા બાદ, જ્ઞાનોપયોગ રૂપ અવાન્તર સામાન્ય મનુષ્યત્વાદિને જાણ્યા બાદ, તે જ જ્ઞાનોપયોગમાં તે મનુષ્ય કેવો છે આવી વિશેષ જાણવાની ઈચ્છા તે ઈહા છે. એક જ ઉપયોગમાં દર્શન અવગ્રહ (સંશય) ઈહા આદિ ભિન્ન ભિન્ન અવસ્થા છે. આ મનુષ્ય લાગે છે એવું જાણ્યા બાદ, આ મનુષ્ય પાટલીપુત્રનો છે કે કાન્યકુબ્જનો ? એવો સંશય

થાય છે ત્યારપછી કાન્યકુબ્જનો જણાવતા સાધકપ્રમાણથી અન્વયના નિશ્ચય તરફ અને બાધક પ્રમાણથી પાટલીપુત્રનો તો નથી જણાતો એવા વ્યતિરેકના નિષેધને અભિમુખ થવું (અપાય તરફ ઢળવું) તે ઈહા છે.

અપાયની વ્યાખ્યા બતાવે છે.

ईहितविशेषनिर्णयोऽवायः ॥ २-९॥

ઈહા દ્વારા જણાયેલા પદાર્થનો વિશેષ નિર્ણય કરવો તે અપાય કહેવાય છે.

ईहितविशेषस्य-ईहाविषयीकृतस्य वस्तुनो निर्णयः "अयं कान्यकुब्ज एव" इत्याकारको निश्चयः- अवायः ॥ ९ ॥

ઈહાથી વિશેષરૂપે કરાયેલી વસ્તુનો વિશેષ નિર્ણય. જેમ કે- આ પુરૂષ કાન્યકુબ્જ (કનોજ)નો જ છે એવા પ્રકારનો નિશ્ચય તે અપાય છે.

ધારણાનું લક્ષણ બતાવે છે.

स एव दृढतमावस्थापन्नो धारणा ॥ २-१०॥

તે જ અપાય જ્યારે અત્યંત નિશ્ચિત અવસ્થાને પામે છે ત્યારે ધારણા કહેવાય છે.

स एव-अवाय एव, दृढतमावस्थापन्नः- सादरस्य प्रमातुः किञ्चित् कालं तिष्ठन् धारणेत्यभिधीयते ।

इदमत्र सूत्र चतुष्टस्य तात्पर्यम्-इन्द्रियविषयसन्निपातानन्तरं प्रथमम् 'अस्ति किञ्चित्' इत्याकारं निराकारं ज्ञानमुत्पद्यते तद् दर्शनमित्यभिधीयते, तादृश-दर्शनानन्तरं मनुष्यत्वाद्यवान्तरसामान्याकारविशिष्टम्- 'अयं मनुष्यः' इत्याकारकं यज्ज्ञानमुत्पद्यते सोऽवग्रह इत्युच्यते, तदनन्तरम् 'अनेन कान्यकुब्जेन भवितव्यम्' इत्याद्याकारं विशेषाऽऽकाङ्क्षणमीहाज्ञानं भवति, ततः 'अयं कान्यकुब्ज एव' इत्याकारकं निश्चयात्मकं ज्ञानमुन्मज्जति सोऽवायः, स एवावायः सादरस्य प्रमातुः किञ्चित् कालं तिष्ठन् धारणेत्यभिधीयते ॥ १० ॥

તે જ અપાય અત્યંત દૃઢ અવસ્થાને પામતો છતો આદરસહિત એવા પ્રમાતાને કેટલોક કાળ સ્થિર રહે તે ધારણા કહેવાય છે. ધારણા=સંસ્કાર આવા જ્ઞાનો હૃદય ઉપર અંકિત થાય છે અને પછી કાલાન્તરે સ્મરણને યોગ્ય બને છે. ચારે સૂત્રનું તાત્પર્ય આ પ્રમાણે છે.

दर्शनोपयोग- अस्ति किञ्चित्, **अवग्रह-** अयं मनुष्यः, **ईहा-** अनेन कान्यकुब्जेन भवितव्यम्, **अपाय-** अयं कान्यकुब्ज एव, **धारणा-**अयं कान्यकुब्ज एव (इत्याकारोऽवायः) किञ्चित् कालं यावन्तिष्ठन्.

ઇન્દ્રિય અને પદાર્થના સંયોગ પછી પ્રથમ આ કંઈક છે.- આવા આકારનું નિરાકારજ્ઞાન ઉત્પન્ન થાય છે તે **દર્શન** એ પ્રમાણે કહેવાય છે. તેવા પ્રકારના દર્શન પછી મનુષ્યત્વાદિ અવાન્તર સામાન્ય આકારથી વિશિષ્ટ આ મનુષ્ય લાગે છે, એવા પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે **અવગ્રહ** છે. ત્યારબાદ આ કાન્યકુબ્જનો મનુષ્ય હોવો જોઈએ વિશેષ જાણવાની ઇચ્છા-જિજ્ઞાસા **ઇહા** જ્ઞાન છે. ત્યારબાદ આ કાન્યકુબ્જનો જ માનવ છે. એવા પ્રકારનું નિશ્ચયાત્મક જ્ઞાન જે પ્રગટ થાય છે તે અપાય છે. તે જ **અપાય** ઉપયોગવાળા પ્રમાતાને કેટલોક કાળ સ્થિર રહે છે તે **ધારણા** છે.

नन्वनिश्चयरूपत्वादीहायाः संशयस्वभावतैव, इत्यारेकामपाकुर्वन्ति —

સંશય અને ઈહાનો ભેદ બતાંવે છે.

संशयपूर्वकत्वादीहायाः संशयाद् भेदः ॥ २-११ ॥

ઈહા જ્ઞાન સંશયપૂર્વક થતુ હોવાથી ઈહા સંશયથી ભિન્ન છે.

ईहायाः 'अनेन कान्यकुब्जेन भवितव्यम्' इत्याकारकस्य ज्ञानस्य, संशयपूर्वकत्वात्-किमयं कान्यकुब्जः, उत पाञ्चालः ? इत्याकारक संशय-पूर्वकत्वात्, संशयाद् भेदः, ईहासंशयाद् भिन्नेत्यर्थः । संशयस्याप्रमाण-त्वादवग्रहादिषु पाठो न कृतः ॥ ११॥

આ કાન્યકુબ્જનો હોવો જોઈએ એવા સ્વરૂપવાળી ઈહાનો શું આ કાન્યકુબ્જનો છે કે પાંચાલનો છે ? એવા આકારવાળા સંશયથી ભેદ છે. સંશયથી ઈહા ભિન્ન છે. સંશય અપ્રમાણ હોવાથી (સમારોપનો પ્રકાર હોવાથી) અવગ્રહાદિમાં તેની નોંધ કરાઈ નથી.

પ્રશ્નઃ જેમ સંશયજ્ઞાનમાં નિશ્ચય નથી તેવી જ રીતે ઈહામાં પણ આ કાન્ય-કુબ્જનો જ છે એવો નિશ્ચય નથી. આ રીતે બંને સમાન છે, તો બંનેમાં ભેદ શું ?

ઉત્તર : પ્રથમ સંશય ઉત્પન્ન થાય છે પછી ઈહા થાય છે એટલે ઈહામાં ભેદ છે આ મનુષ્ય છે એવો અવગ્રહ થયા પછી અનેક અંશોને સ્પર્શનાર સંશયદ્વારા તે કર્ણાટકનો કે પાંચાલનો એવું સંશય જ્ઞાન થાય પછી અપાય અભિમુખ થઈને આ કર્ણાટકનો હોવો જોઈએ એવું જે જ્ઞાન તે ઈહા છે. સંશય ઈહામાં કારણ કાર્ય ભાવ હોવાથી પરસ્પર ભિન્ન છે સંશયપૂર્વક ઈહા હોવાથી સંશયકારણ છે અને ઈહા કાર્ય છે માટે સંશયથી ઈહા ભિન્ન છે.

दर्शनादीनां कथञ्चिदभेदेऽपि संज्ञाभेदं समर्थयन्ते —

દર્શન વિગેરે એક હોવા છતા નામ ભેદ છે તેનું કારણ જણાવે છે.

कथञ्चिदभेदेऽपि परिणामविशेषादेषां व्यपदेशभेदः ।२-१२।

કંઈક અભેદ હોવા છતા પણ પરિણામના ભેદથી દર્શન વિગેરેના જુદા જુદા ભેદ છે.

एषां-दर्शनावग्रहादीनां, कथञ्चिद्-द्रव्यनयापेक्षया, अभेदेऽपि=एकत्वेऽपि परिणामविशेषात्=पर्यायनयापेक्षया व्यपदेशभेदः=भिन्नत्वेन प्रतिपादनमित्यर्थः । एकजीवद्रव्ये दर्शनादीनां कथञ्चिदविश्वग्भावेन विद्यमानत्वादेकत्वे परिणामापेक्षया कथञ्चित् पृथक्त्वेन प्रतिपादनमिति भावः ॥ १२ ॥

આ દર્શન અવગ્રહ વિગેરેમાં દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કંઈક અભેદ હોવા છતાં=એકપણું હોવા છતાં પણ પર્યાયાર્થિકનયની અપેક્ષાથી ભિન્નતા પણ છે.

એકજીવદ્રવ્યમાં દર્શનવિગેરે કથંચિત્ અભેદભાવે વિદ્યમાન હોવાથી એક હોવા છતાં પણ પરિણામની અપેક્ષાએ કથંચિત્ ભિન્નતા પણ જણાય છે.

વિશેષાર્થ : આત્માનો એકનો એક ઉપયોગ અસંખ્યસમયાત્મક હોવા છતાં પણ તેમાં સમયે સમયે વિશેષતા થાય છે. એક જ આત્માનો ઉપયોગ સૌ પ્રથમ દર્શન પર્યાયમાં પરિણમે છે મહાસામાન્યને જાણે છે. ત્યાર બાદ તે જ ઉપયોગ અવગ્રહ પર્યાયમાં પરિણમે છે. અને અવાન્તર સામાન્યને જાણે છે. ત્યારબાદ તે જ ઉપયોગ સંશય પર્યાયમાં પરિણમે છે અને અનેક અંશોને સ્પર્શે છે. ત્યારબાદ તે જ ઉપયોગ ઈહા પર્યાયમાં પરિણમે છે અને નિશ્ચય તરફ ઢળે છે. ત્યારબાદ તે જ ઉપયોગ અપાય પર્યાયમાં પરિણમે છે અને નિર્ણય કરે છે. તે જ ઉપયોગ ધારણા પર્યાયમાં પરિણમે છે દૃઢતમ નિર્ણય

(સંસ્કાર) પણાને પામે છે. આ રીતે એક જ ઉપયોગ (અભેદ)ની ભિન્ન ભિન્ન અવસ્થા છે. તેથી આત્માનો ઉપયોગ હોવાથી દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એક છે. પરંતુ અવસ્થાભેદથી તેમના નામનો ભેદ છે માટે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કથંચિત્ ભેદ પણ સ્વીકાર્ય છે.

अथाऽमीषां भेदं भावयन्ति —

પરસ્પરભેદનું કારણ જણાવે છે.

असामस्त्येनाप्युत्पद्यमानत्वेन असंकीर्णस्वभावतयाऽनुभूयमानत्वाद्, अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशत्वात्, क्रमभावित्वात् चैते व्यतिरिच्यन्ते ॥ २-१३ ॥

અસંકીર્ણસ્વભાવ હોવાના કારણે અસમસ્તપણે (એકી સાથે ન) ઉત્પન્ન થતા હોવાથી, વસ્તુના નૂતન નૂતન પર્યાયોને જણાવનારા હોવાથી, અને ક્રમસર થતા હોવાથી, દર્શન વિગેરે પરસ્પર ભિન્ન સ્વરૂપ વાળા છે.

एते दर्शनावग्रहादयो व्यतिरिच्यन्ते-परस्परं पृथक्त्वेन वर्तन्ते । कस्माद् ? असंकीर्णस्वभावतयाऽनुभूयमानत्वात्-भिन्नर्भिन्नस्वरूपेण ज्ञायमानत्वात्। सामस्त्येनोत्पत्तिस्थले-नैषामसंकीर्णस्वभावतयाऽनुभूयमानतास्ति, अत उक्तम्-'असामस्त्येनाप्युत्पद्यमानत्वात्' इति कदाचिद् दर्शनमेव कदाचिद् दर्शनावग्रहौ, कदाचिद् दर्शनावग्रहसंशयेहा इत्यादिरूपेणासंपूर्णतयाऽप्युत्पद्यमानत्वात् । असामस्त्येनाप्युत्पद्यमानत्वमसंकीर्णस्वभावतयानुभूयमानत्वे हेतुः, असंकीर्णस्वभावतयाऽनुभूयमानत्वं च दर्शनावग्रहादीनां परस्परभिन्नत्वे हेतुः, अयमेको हेतुः अपूर्वापूर्ववस्तुप्रकाशकत्वात्-वस्तुनो भिन्नभिन्नधर्मस्य प्रकाशकत्वात्, अयं द्वितीयो हेतुः । क्रमभावित्वाच्च-क्रमेणोत्पद्यमानत्वाच्च, अयं तृतीयो हेतुः। तथा च येऽसंकीर्णस्वभावतयाऽनुभूयन्ते, अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकाः, क्रमभाविनो वा ते परस्परं व्यतिरिक्ताः यथा स्तम्भादयः, अनुमानादयः अङ्कुर-कन्दल-काण्डादयो वा तथा चैते दर्शनावग्रहादयः, तस्मात् परस्परं भिन्ना इति ॥ १३ ॥

દર્શન અવગ્રહ વિગેરે પરસ્પર ભિન્નતાથી રહેલા છે. કોનાથી ભિન્ન છે? એવો પ્રશ્ન થાય તો પરસ્પર ભિન્ન સ્વરૂપે જણાતા હોવાથી ભિન્ન છે. એટલે

કે દર્શન અવગ્રહ ઈહા અપાય અને ધારણા આ પાંચમાં જ્ઞાનમાત્રા હિનાધિક છે. જ્ઞાનમાત્રા હીનાધિક હોવાથી એકબીજામાં ભળી જતાં નથી તેને અસંકીર્ણ સ્વભાવ કહેવાય છે. આવો અસંકીર્ણ સ્વભાવ હોવાના કારણે પાંચે અવસ્થાઓનું સ્વરૂપ પરસ્પર પૃથગ્ પૃથગ્ હોવાનો અનુભવ થતો હોવાથી તે દર્શનાદિ પરસ્પરભિન્ન છે.

असामत्स्येनाप्युत्पद्यमानत्वं આ પદ असंकीर्णस्वभावतयानुभूयमानत्वात् એ પદનો હેતુ છે. દર્શન વિગેરે ઉત્પત્તિસ્થાનમાં (તેના ક્ષયોપશમવાળી વ્યક્તિમાં) દર્શનાદિ પાંચે પર્યાય ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવાય છે. આથી જ કહ્યું છે કે દર્શનાદિ એકી સાથે ઉત્પન્ન થતા નથી ક્યારેક ઉત્પત્તિસ્થાને માત્ર દર્શન થાય (સત્તા જણાય), ક્યારેક દર્શન-અવગ્રહ જણાય, ક્યારેક દર્શન અવગ્રહ સંશય અને ઈહા રૂપે જણાય. એકી સાથે ઉત્પન્ન થતા નથી તેથી ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવાય છે, આ હેતુ છે. દર્શન, અવગ્રહ વિગેરે ભિન્ન ભિન્ન છે તે સિદ્ધ કરવા ત્રણ હેતુ દ્વારા ત્રણ અનુમાન પ્રયોગ જણાવે છે–

પક્ષ साध्य साधन

एते दर्शनादयः परस्परं व्यतिरिच्यन्ते (१) असंकीर्णस्वभावतयाऽनुभूयमानत्वात् (२) अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशत्वात् (३) क्रमभावित्वात्.

(१) ये असंकीर्णस्वभावतयाऽनुभूयन्ते ते परस्परं व्यतिरिच्यन्ते, यथा स्तम्भादयः । (२) ये अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकाः ते परस्परं व्यतिरिच्यन्ते. यथा अनुमानादयः । (३) ये क्रमभाविनो ते परस्परं व्यतिरिच्यन्ते, यथा अङ्कुरकन्दलकाण्डादयः ।

प्रयोगार्थ : દર્શન આદિ પરસ્પર ભિન્ન છે, તે સાથે ઉત્પન્ન થતા હોવાથી ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવાય છે. (આ છએ છ ઉત્પન્ન થાય જ તેવું નથી, ક્યારેક એક, ક્યારેક બે-ત્રણ-ચાર આદિનું જ્ઞાન થાય છે. દર્શન વિગેરે એક હોત તો છ એ છ ઉત્પન્ન થવા જોઈએ, પરંતુ તેવું નથી) તેથી તે જુદા છે થાંભલા વિગેરેની જેમ. દર્શનાદિ સમજવા માટે સ્થૂલ (વ્યવહારિક) દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

પ્લેનમાં બેસનારને ઝડપથી ગતિ કરતો હોવાથી કંઈક પ્રસાર થયું એવું (किंचित् अस्ति) **દર્શન**, પ્લેન કરતાં ટ્રેનમાં જનાર ગતિ થોડી મંદ હોવાથી આ

વૃક્ષ વિગેરે છે તે અવગ્રહ, બસમાં બેઠેલાને **સંશય** થાય છે કે આંબાનું છે કે પીપળાનું વૃક્ષ છે ? સંશય, રીક્ષાની ગતિ મંદ હોવાથી આંબાનું ઝાડ હોવું જોઈએ **ઇહા,** સાયકલ ઉપર બેસનાર કે ચલાવનારને આ આંબાનું વૃક્ષ છે **(અપાય-ધારણા)**

દર્શન આદિની ઉત્પત્તિ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયાદિના ક્ષયોપશમથી થતી હોવાથી કર્મના વિચિત્ર ક્ષયોપશમથી પ્રમાતાને દર્શનાવરણીયનો ક્ષયોપશમ થાય અને જ્ઞાનાવરણીયનો ન થાય અથવા કંઈક મંદ થાય તો ક્યારેક દર્શન થાય, ક્યારેક દર્શન, અવગ્રહ થાય, આગળ ક્ષયોપશમ ન હોય તો તે જ્ઞાન ન થાય અને હોય તો ધારણા સુધી જઈ શકે છે.

(૨) દર્શન, અવગ્રહાદિ પરસ્પર ભિન્ન છે એક જ વસ્તુના નવીન નવીન પર્યાયને જણાવે છે. જેમ અનુમાન ઉપમાન વિગેરે પ્રમાણ જુદા છે અને જુદો જુદો બોધ કરાવે છે તેમ દર્શન સત્તા પર્યાયને, અવગ્રહ અવાન્તર સામાન્ય વિગેરેને જણાવે છે. તેથી પરસ્પર ભિન્ન છે.

(૩) દર્શન અવગ્રહ વિગેરે પરસ્પર ભિન્ન છે ક્રમસર ઉત્પન્ન થતા હોવાથી, જેમ અંકુરો (ફણગો) કંદલ (થડ) કાંડ (શાખા), ક્રમે ઉત્પન્ન થવાના કારણે જુદા છે, તેમ દર્શન પ્રથમ ઉત્પન્ન પછી અવગ્રહ વિગેરે ઉત્પન્ન થતા હોવાથી જુદા છે.

अथाऽमीषां क्रमनियमार्थमाहुः —

દર્શનાદિ ક્રમનો નિશ્ચય જણાવે છે.

क्रमोऽप्यमीषामियमेव तथैव संवेदनाद्,

एवं क्रमाविर्भूतनिजकर्मक्षयोपशमजन्यत्वाच्च ॥ २-१४॥

દર્શનાદિનો ક્રમ પણ આ જ છે. કારણકે- તેવા પ્રકારના ક્રમવડે અનુભવ થાય છે. (એવા અનુભવનું કારણએ છે કે- એ જ પ્રકારના ક્રમથી પ્રગટ થયેલ પોતાના કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

अमीषां-दर्शनावग्रहादीनां, क्रमोऽप्यमेव-आदौ दर्शनं, तदनन्तरमवग्रहः, ततः संशयः, पश्चादीहा, ततोऽवायः, ततो धारणा, इत्याकारक एव, तथैव संवेदनात्=अनुभूयमानत्वात्, एवं क्रमेणाविर्भूतो यो निजकर्मणो दर्शन-ज्ञाना-

ऽऽवरणस्वरूपस्य क्षयोपशमः तत्कार्यत्वाच्चायमेव क्रमः, येन क्रमेण दर्शनाद्यावरणकर्मणः क्षयोपशम भवति तेनैव क्रमेण दर्शनादयः उत्पद्यन्ते इति भावः ॥ १८॥

આ દર્શન અવગ્રહ આદિનો ક્રમપણ આ જ છે પ્રથમ દર્શન પછી, અવગ્રહ ત્યારબાદ સંશય, ત્યારપછી ઈહા, પછી અવાય, અને ત્યારપછી જ ધારણા સ્વરૂપ અનુભવાય છે. આ પ્રકારના પ્રગટ થયેલા જે પોતાના-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયાદિ કર્મનો ક્ષયોપશમ, આ ક્રમવડે ઉત્પન્ન થતો હોવાથી તેના કાર્યસ્વરૂપ એવા દર્શન અવગ્રહાદિ પણ આ ક્રમે થાય છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષયોપશમ તે કારણ છે અને દર્શન અવગ્રહાદિ-કાર્ય છે. કારણરૂપ ક્ષયોપશમથી યુક્ત એવો આત્માનો ઉપયોગ પ્રથમ સમય કરતા બીજા સમયે વિકાસ પામતો જાય છે તેમ દર્શનમાંથી અવગ્રહ તેમાંથી સંશય આ પ્રકારે જ્ઞાનની માત્રા વધતી જાય છે એ પ્રમાણે કારણની તારતમ્યતાથી કાર્યમાં પણ ફેરફાર થાય છે.

व्यतिरेके दोषमाहुः —

પૂર્વોક્ત ક્રમ ન માનીએ તો શું વાધો આવે ?

अन्यथा प्रमेयानवगतिप्रसङ्गः ॥ २-१५॥

આ ક્રમ આ રીતે સ્વીકારવામાં ન આવે તો પ્રમેય=પદાર્થનું જ્ઞાન થાય નહિં

अन्यथा-यथोक्तक्रमानङ्गीकारे, प्रमेयानवगतिप्रसङ्ग-वस्तुनोऽनवभास-प्रसङ्गः स्यात् ॥ १५ ॥

પૂર્વોક્ત (પહેલા દર્શન પછી અવગ્રહ સ્વરૂપ) ક્રમ ન સ્વીકારવામાં આવે તો વસ્તુના બોધનો જ અભાવ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

उक्तमेव क्रम व्यतिरेकद्वारा समर्थयन्ते —

ક્રમનું સમર્થન કરતાં જણાવે છે.

न खल्पदृष्टमवगृह्यते, न चानवगृहीतं संदिह्यते, न चासं-दिग्धमीह्यते, न चानीहितमवेयते, नाप्यनवेतं धार्यते ॥ १-१६॥

નહીં જોયેલી વસ્તુનો અવગ્રહ થતો નથી, અવગ્રહ નહીં કરાયેલમાં સંદેહ

થતો નથી, જેનો સંદેહ ન થયો હોય ત્યાં ઈહા થતી નથી, ઈહાનો વિષય ન થયો તેમાં અપાય થતો નથી, જ્યાં અપાય થયો ન હોય ત્યાં ધારણા થતી નથી.

अदृष्टे वस्तुनि अवग्रहो न भवति, अनवगृहीते संदेहो न भवति, असन्दिग्धे-ईहा न भवति, अनीहिते अवायो न भवति, अवायाऽविषयीकृते वस्तुनि धारणा न भवति ॥ १६ ॥

ટીકાનો અર્થ સૂત્રના અર્થ પ્રમાણે જાણી લેવો. એટલે કે સૂત્રના અર્થ ઉપરથી ટીકાનો અર્થ સ્પષ્ટ જણાઈ જાય છે. જુદો લખવાની જરૂર રહેતી નથી તેનો ભાવાર્થ આ પ્રમાણે છે કે વસ્તુનું પ્રથમ દર્શન જ ન થયું હોય તો તેનો અવગ્રહ કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. અને જો 'આ કંઈક છે' એવો સામાન્ય અવગ્રહ જ ન થયો હોય તો શું આ સર્પ હશે કે રજ્જુ ? એવો સંશય કેમ થઈ શકે ? અને સંશય વિના ઈહા અને ઈહા વિના અપાય અને તેના વિના ધારણા થઈ શકતી નથી જો અંકુરો જ ફૂટ્યો ન હોય તો થડ કેમ થાય ? જો થડ ન થાય તો શાખા પ્રશાખા ફૂલ ફલ કેમ થાય ? માટે તેની જેમ આ ક્રમે જ જ્ઞાનોત્પત્તિ થાય છે. તેમ જાણવું.

क्वचिदेषां तथाक्रमानुपलक्षणे कारणमाहुः —

ક્યારેક ક્રમનું ભાન થતું નથી તેનું કારણ સદૃષ્ટાન્ત જણાવે છે.

क्वचित् क्रमस्यानुपलक्षणमेषाम् आशूत्पादाद् उत्पलपत्र-शतव्यतिभेदक्रमवत् ॥ १-१७॥

દર્શનાદિની ઉત્પત્તિ જલ્દી થતી હોવાથી ક્યારેક ક્રમ દેખાતો નથી કમળના સેંકડો પાંદડાને ભેદવાના ક્રમની જેમ.

अयमर्थः- यथा सूच्यादिना क्रियमाणस्योत्पलशतपत्रस्य भेदक्रमः शीघ्रोत्पन्नत्वान्न ज्ञायते, तथा क्वचित् करतलादौ दर्शनादीनामपि क्रमो नानुभूयते ॥ १७ ॥

જેમ સોય આદિ વડે કરાતા કમળના સો પાંદડાને ભેદવાનો ક્રમ શીઘ્ર ઉત્પન્ન થતો હોવાથી જણાતો નથી તેમ ક્યારેક કરતલ (હથેળી) આદિમાં દર્શન અવગ્રહ આદિનો પણ ક્રમ અનુભવાતો નથી.

વિશેષાર્થ : જે વસ્તુ અતિ પરિચયવાળી હોય તેમાં પ્રથમ દર્શન થયું પછી અવગ્રહ, પછી સંશય, આદિ ક્રમનો અનુભવ થતો નથી જેમકે હથેળી. તેમાં એવુ ન સમજવું કે દર્શન, એવગ્રહ, ઈહા થયા વગર જ અપાય કે ધારણા થાય છે પરંતુ પૂર્વોક્ત ક્રમથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે પરંતુ અતિગાઢ પરિચયના કારણે તથા અતિશીઘ્રતાથી જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે તેથી તેના ક્રમનો અનુભવ થતો નથી. કમળના સેંકડો પાંદડા એકબીજા ઊપર ગોઠવ્યા પછી તેના ઉપર સોય કે ભાલો વિગેરે ખોસતા તે શસ્ત્ર ક્રમશઃ પાંદડાને વિંધે છે. પહેલા પછી બીજા પાંદડાને, પછી ત્રીજા પાંદડાને, એ રીતે વિંધે છે તો પણ અતિશીઘ્રતાથી ભેદાતા હોવાથી ખબર પડતી નથી. ક્રમ પૂર્વક થયું છતાં ક્રમ જણાતો નથી તેમ જ્ઞાન પણ અતિપરિચિતમાં શીઘ્રતાથી થાય છે તેથી ત્યાં ક્રમ જણાતો નથી.

परमार्थिकप्रत्यक्षं लक्षयन्ति —

પ્રત્યક્ષ પ્રમાણના ભેદમાંના બીજા પારમાર્થિક પ્રત્યક્ષને જણાવે છે.

पारमार्थिकं पुनरुत्पत्तामात्ममात्रापेक्षम् ॥ १-१८॥

પારમાર્થિક પ્રત્યક્ષ તો ઉત્પત્તિમાં માત્ર આત્માની અપેક્ષા રાખે છે.

आत्ममात्रापेक्षम्-जीवद्रव्यमेवापेक्षते । अयं भावः-सांव्यवहारिकप्रत्यक्षमिन्द्रियादि सापेक्षमात्मद्रव्यमवलम्ब्योत्पद्यते पारमार्थिकं तु प्रत्यक्षमिन्द्रियादिनिरपेक्षमात्मद्रव्यमवलम्ब्योत्पद्यते, इति ॥ १८ ॥

આ પ્રત્યક્ષ જીવદ્રવ્યની જ અપેક્ષા રાખે છે. તેનો ભાવ આ પ્રમાણે છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ ઈન્દ્રિય અને મનની સાપેક્ષ (વ્યવધાન યુક્ત) આત્મદ્રવ્યનો આશ્રય કરીને ઉત્પન્ન થાય છે પરંતુ પારમાર્થિક પ્રત્યક્ષ ઈન્દ્રિય મન વિગેરેનાં વ્યવધાનવગર આત્મદ્રવ્યને આશ્રયીને ઉત્પન્ન થાય છે એટલે કે જે જ્ઞાન, ઈન્દ્રિય, પ્રકાશ, ક્ષેત્ર, કે એવા પ્રકારના કોઈપણ બાહ્ય આલંબન વિના માત્ર અવ્યવહિતપણે કેવલ એક આત્મદ્રવ્યને આશ્રયીને જ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કે ક્ષયોપશમથી પ્રગટ થાય છે તે પારમાર્થિક પ્રત્યક્ષ છે.

अस्य भेदावुपदिशन्ति —

પારમાર્થિક પ્રત્યક્ષના ભેદો જણાવે છે.

तद् विकलं सकलं च ॥ २-१९॥

તે પારમાર્થિક પ્રત્યક્ષ વિકલ અને સકલ એમ બે પ્રકારે છે.

तत्-पारमार्थिकं तु प्रत्यक्षम्, विकलं-असमग्रविषयकम्, सकलं-समग्रविषयकमिति द्विभेदमित्यर्थः ॥ १९॥

તે પારમાર્થિક પ્રત્યક્ષ-વિકલ-અસમગ્ર (અધુરા) વિષયવાળું અને સકલ-સમગ્રવિષયવાળું એમ બે પ્રકારે છે.

વિશેષાર્થ : જ્ઞાનનો સ્વભાવ રૂપી અને અરૂપી બંને પદાર્થોને જાણવાનો છે. તેમાં જે જ્ઞાન રૂપી પદાર્થને જ માત્ર જાણે છે તે વિકલજ્ઞાન અવધિ અને મનઃપર્યવ છે આ બંને જ્ઞાનો આવરણીયકર્મના ક્ષયોપશમયુક્ત આત્મદ્રવ્યનો આશ્રય લઈને ઉત્પન્ન થાય છે. જે જ્ઞાન સર્વ પદાર્થોને જાણે છે તે સકલ (કેવલ-જ્ઞાન) છે. આ જ્ઞાન આવરણીયકર્મક્ષયયુક્ત આત્મદ્રવ્યનો આશ્રય લઈને ઉત્પન્ન થાય છે માટે તેનાં સકલ અને વિકલ એમ બે ભેદ છે.

विकलं भेदतो दर्शयन्ति —

વિકલજ્ઞાનના પ્રકારો જણાવે છે.

तत्र विकलमवधि-मनः पर्यायज्ञानरूपतया द्वेधा ॥२-२०॥

તે પારમાર્થિકજ્ઞાનના વિકલ અને સકલ એમ જે ભેદ છે તેની મધ્યમાંથી વિકલપ્રત્યક્ષ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એમ બે પ્રકારે છે.

तत्र-विकलसकलयोर्मध्ये विकलं=विकलाख्यं प्रत्यक्षम्, अवधि-मनः-पर्यायभेदेन द्विविधमित्यर्थः ॥२१॥ સૂત્રાર્થ પ્રમાણે ટીકાર્થ સુગમ છે.

વિશેષાર્થ : આ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન જગતની તમામે તમામ વસ્તુના તથા દરેક બધા જ ધર્મને (સ્વભાવને) જાણનાર ન હોવાથી તે વિકલ કહેવાય છે વિકલ અને સકલ આ બે ભેદો વિષયભેદની અપેક્ષાએ છે પરંતુ વિકલમાં જે બોધ થાય છે તે તે નિયત રૂપ જ થાય છે.

अवधिं लक्षयन्ति —

અવધિજ્ઞાનનું લક્ષણ જણાવે છે.

अवधिज्ञानावरणविलयविशेषसमुद्भवं भवगुणप्रत्ययं रूपिद्रव्यगोंचरमवधिज्ञानम् ॥ २-२१ ॥

અવધિજ્ઞાનાવરણીય કર્મના વિલય (ક્ષયોપશમ) વિશેષથી ઉત્પન્ન થનારું ભવ અને ગુણના નિમિત્તોવાળું રૂપી દ્રવ્યને વિષય કરનારું અવધિજ્ઞાન છે.

अवधिज्ञानस्य यदावरणं तस्य विलयविशेषात्-क्षयोपशमनामकाद् विनाशाद्, उत्पन्नं भवगुणप्रत्ययं-भवः-सुर-नारकजन्मलक्षणः गुणः-क्षयोपशमसम्यग्दर्शनादिः, तौ प्रत्ययौ-कारणे यस्य तद् भवगुणप्रत्ययं-भवकारणकं गुणकारणकं चेति । तत्र सुर-नारकाणामवधिज्ञानं सुरनारकजन्मग्रहणमात्रेणैवोत्पद्यते इति भवप्रत्ययमित्युच्यते, नरतिरश्चां तु सम्यगदर्शनादिगुणैस्तत्प्रादुर्भवंतीति गुणप्रत्ययमित्यभिधीयते, रूपिद्रव्यगोचरम्-पृथिव्यप्-तेजो-वाय्वन्धकार-च्छायाप्रभृतिनी रूपिद्रव्याणि तद्विषयकम् ॥ २९ ॥

અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ, તથા ભવ અને ગુણ, ભવ-દેવનારકજન્મ સ્વરૂપ, ગુણ-ક્ષયોપશમ સમ્યગ્દર્શન વિગેરે મનુષ્ય અને તિર્યંચના ભવમાં અવધિજ્ઞાન તપશ્ચર્યાદિ અને સમ્યગ્દર્શનાદિથી પ્રગટ થાય છે તેથી તે ગુણપ્રત્યય છે દેવનારકને જન્મથી સહજ અવધિજ્ઞાન થાય છે. માટે ભવપ્રત્યય છે તે ભવ અને ગુણ છે કારણ જેનું તે ભવગુણ પ્રત્યય કહેવાય અને રૂપી દ્રવ્યોને જ વિષય કરનારું છે, એટલે કે અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જ જાણે છે. એટલે તે અવધિજ્ઞાન પૃથ્વી, પાણી, તેજ, વાયુ, અંધકાર, છાયા વિગેરે રૂપી દ્રવ્યોના વિષયવાળું છે.

मनःपर्यायं प्ररूपयन्ति —

મનપર્યવજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે.

संयमविशुद्धिनिबन्धाद् विशिष्टाऽऽवरणविच्छेदाज्जातं मनोद्रव्यपर्यायालम्बनं मनःपर्यायज्ञानम् ॥ २-२२ ॥

સંયમ વિશુદ્ધિના કારણે થયેલું વિશિષ્ટ પ્રકારના આવરણના નાશથી ઉત્પન્ન થયેલું મનોદ્રવ્ય-પર્યાયને વિષય કરનારું જે જ્ઞાન છે તે મનઃપર્યાયજ્ઞાન છે.

संयमस्य-चारित्रस्य विशुद्धिः- निर्मलता, निबन्धनं=कारणं यस्य स

संयमविशुद्धिनिबन्धनो यो विशिष्टावरणविच्छेदः -मनःपर्यायज्ञानावरण-क्षयोपशम इति यावत् । तस्माज्जातम्=उत्पन्नं, मनोद्रव्यपर्यायालम्बनम्=मनोद्रव्यपर्यायविषयकं मनःपर्यायज्ञानम् । चारित्रविशुद्ध्या मनःपर्याय-ज्ञानाऽऽवरणस्य क्षयोपशम भवति, तेन च मनोद्रव्यपर्यायविषयकं ज्ञानमुत्पद्यते, तन्मनःपर्यायज्ञानः मुच्यते ॥ २२ ॥

ચારિત્રની નિર્મળતા છે કારણ જેનું એવું અને મનઃપર્યવ-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું મનોવર્ગણાના વિષયવાળું મનઃપર્યવજ્ઞાન છે. ચારિત્રની વિશુદ્ધિ વડે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને તેના વડે મનોદ્રવ્ય-પર્યાયના વિષયવાળું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે મનઃપર્યાય જ્ઞાન કહેવાય છે. એટલે કે અઢીદ્વિપ પ્રમાણ મનુષ્યક્ષેત્રવર્તિ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે ગ્રહણ કરાયેલ જે મનોવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો અને તેના પર્યાયોને જાણવાના વિષયવાળું જે જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન છે.

सकलप्रत्यक्षं लक्षयन्ति —

પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનના સકલાત્મક કેવલજ્ઞાનનું સ્વરૂપ જણાવે છે.

सकलं तु सामग्री-विशेषतः समुद्भूतसमस्तावरणक्षयापेक्षं निखिलद्रव्यपर्यायसाक्षात्कारिस्वरूपं केवलज्ञानम् ।२-२३।

સકલ પારમાર્થિક પ્રત્યક્ષ તો, સામગ્રી વિશેષથી ઉત્પન્ન થનાર, એવા સમગ્ર આવરણના ક્ષયની અપેક્ષાવાળું, સમગ્ર દ્રવ્ય અને પર્યાયોને સાક્ષાત્કાર કરવાના સ્વરૂપવાળું કેવલજ્ઞાન છે.

सकलं तु - सकलाख्यं पारमार्थिकं प्रत्यक्षं पुनः, सामग्रीविशेषसमुद्-भूतसमस्तावरणक्षयापेक्षम्-सामग्री द्विविधा, बहिरङ्गा अन्तरङ्गा च, तत्रान्तरङ्गा सामग्री प्रकर्षप्राप्तक्षपकश्रेणिसम्यग्दर्शनादिस्वरूपा, बहिरङ्गा पुनर्जिनकालि-कमनुष्यभवादिरूपा, तेन सामग्रीविशेषेण समुद्भूतः- समुत्पन्नो यः समस्ता-ऽऽवरणक्षयः तदपेक्षं-तत्कारणकं निखिलद्रव्यपर्यायाणां यः साक्षात्कारस्त-त्स्वरूपं केवलज्ञानं ज्ञातव्यम् ॥ २३॥

સકલ નામનું પારમાર્થિક પ્રત્યક્ષ સામગ્રી વિશેષથી ઉત્પન્ન થનારું, સમસ્ત કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયની અપેક્ષાવાળું છે. તે સામગ્રી બે પ્રકારે છે. (૧)

બહિરંગ (૨) અંતરંગ, તેમાં અંતરંગસામગ્રી=પ્રકર્ષને પામેલ ક્ષપકશ્રેણિ-સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ છે (સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર વિગેરે આત્માના પરિણામ રૂપ અંતરંગ સામગ્રી) અને બહિરંગ સામગ્રી જિનેશ્વર પ્રભુ વિચરતા હોય ત્યારે મનુષ્યભવ પ્રથમ સંઘયણ વિગેરેરૂપ ઔદયિક ભાવની સામગ્રી વિશેષથી ઉત્પન્ન થયેલ (બાહ્ય અને અભ્યંતર સામગ્રી મળે છે ત્યારે ચારે ઘાતી કર્મનો ક્ષય થાય છે) એવો જે સમસ્ત કેવલજ્ઞાનાવરણનો ક્ષય છે તેના કારણે સમસ્ત દ્રવ્યોના પર્યાયો (સર્વ દ્રવ્યોને તથા તેના ત્રૈકાલિક પર્યાયોને એકી સાથે) સાક્ષાત્કાર કરનારું કેવલજ્ઞાન થાય છે (જેમાં ફક્ત જ્ઞાન જ છે અર્થાત્ અંશતઃ પણ અજ્ઞાન નથી તે કેવલજ્ઞાન-પૂર્ણજ્ઞાન સકલપ્રત્યક્ષ કહેવાય છે.) (આ જ્ઞાનના ધારક કેવલી અથવા સર્વજ્ઞ કહેવાય છે મીમાંસક મતવાળા સર્વજ્ઞને માનતા નથી આ સૂત્રમાં તેના મતનું ખંડન જાણવું.)

कतरं पुरूषमेतदास्पदीकरोतीत्यत्राहुः —

અરિહંતની સિદ્ધિ કરે છે.

तद्वान् अर्हन् निर्दोषत्वात् ॥ २-२४॥

કેવલજ્ઞાનવાળા ભગવાન્ અરિહંત છે. નિર્દોષ હોવાથી.....

तद्वान् केवलज्ञानवान् । तथा च प्रयोगः अर्हन् सर्वज्ञः, निर्दोषत्वात् यो न सर्वज्ञः स न निर्दोषः यथा रथ्यापुरुषः, निर्दोषश्चार्हन् तस्मात् सर्वज्ञः ॥ २४॥

તદ્વાન્=કેવલજ્ઞાની, તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે.

અર્હન્ સર્વજ્ઞઃ નિર્દોષત્વાત્, અરિહંત પરમાત્મા સર્વજ્ઞ છે. નિર્દોષ હોવાથી, વ્યાપ્તિ- જે સર્વજ્ઞ નથી તે નિર્દોષ નથી, જેમ શેરીમાં (ફરતો-રહેલો) પુરુષ અરિહંત પરમાત્મા નિર્દોષ છે. (ઉપનય) તેથી સર્વજ્ઞ છે. (નિગમન).

निर्दोषत्वमस्य प्रसाधन्ति —

અરિહંતનું નિર્દોષપણું અનુમાનદ્વારા સિદ્ધ કરે છે.

निर्दोषोऽसौ प्रमाणाऽविरोधिवाक्त्वात् ॥ २-२५॥

આ અરિહંત નિર્દોષ છે પ્રમાણથી અવિરોધી વાણીવાળા હોવાથી.....

ननु अर्हतो निर्दोषत्वमेवासिद्धम्, तत् कथमनेन सर्वज्ञसिद्धिः ? इत्याशङ्कायां तत्साधकमनुमानान्तरमाहुः- निर्दोषोऽसौ इति-असौ अर्हन् निर्दोषः प्रमाणऽविरोधिवाक्त्वात्, यो न निर्दोषः, स न प्रमाणाऽविरोधिवाक्, प्रमाणाऽविरोधिवाक् चार्हन् तस्मान्निर्दोष इति ॥ २५ ॥

પ્રશ્ન : અરિહંત ભગવાનનું નિર્દોષપણું જ અસિદ્ધ છે તો નિર્દોષત્વાત્ હેતુ દ્વારા સર્વજ્ઞની સિદ્ધિ કઈ રીતે થાય ? એવી આશંકાનું સાધક અનુમાન બતાવે છે.

ઉત્તર : असौ, अर्हन् निर्दोषः, प्रमाणाविरोधिवाक्त्वात् આ અરિહંત ભગવાન નિર્દોષ છે, પ્રમાણથી અવિરોધી વાણીવાળા હોવાથી (એમનો સિદ્ધાન્ત સ્યાદ્વાદથી ખંડિત નથી.) જે નિર્દોષ નથી તે પ્રમાણથી અવિરોધી વાણીવાળા પણ નથી. અરિહંત પરમાત્મા પ્રમાણથી અવિરોધી વાણીવાળા છે માટે નિર્દોષ છે.

प्रमाणाविरोधिवाक्त्वमेवाऽर्हतः प्रसाधयन्ति —

અરિહંત ભગવાનની વાણીની સત્યતા સિદ્ધ કરે છે.

तदिष्टस्य प्रमाणेनाबाध्यमानत्वात् तद्वाचस्तेनाविरोधसिद्धिः ॥२-२६ ॥

તે અરિહંત પરમાત્માને ઈષ્ટ (અનેકાંત-નયવાદ વિ.) જે છે તે પ્રમાણ વડે અબાધિત હોવાથી તેમની વાણી તેની સાથે અવિરોધી છે એમ સિદ્ધ થાય છે.

अर्हतः प्रमाणाविरोधिवाक्त्वप्रसाधकानुमानान्तरमाहुः- तदिष्टस्येति-अर्हन् प्रमाणाविरोधिवाक्, तदिष्टस्य-अनेकान्ततत्त्वस्य प्रमाणेनाऽबाध्यमानत्वाद् भिषग्वत् । अनेन सूत्रचतुष्टयेन सर्वज्ञाऽलापको मीमांसकः प्रतिक्षिप्तो वेदितव्यः ॥ २६॥

અરિહંત ભગવાનની પ્રમાણથી અવિરોધીવાણીને સાધવા માટે હવે બીજુ અનુમાન બતાવે છે.

પક્ષ સાધ્ય હેતુ
અરિહંત, પ્રમાણથી અવિરોધી વાણીવાળા છે, કારણ કે તેમને ઈષ્ટ એવો જે અનેકાંતવાદ છે તે પ્રમાણવડે અબાધિત હોવાથી, વૈદ્યની જેમ.... જેમ રોગના વિષયમાં કુશળ વૈદ્ય રોગીઓને અવિરોધી (રોગ શમન કરે તેવી)

દવા આપે તેમ અરિહંત પરમાત્મા પણ પ્રમાણવડે અબાધિત છે તેથી અવિરોધી વાણીવાળા છે એટલે કે અરિહંત પરમાત્માનો અનેકાંતવાદ નયવાદ વિગેરે પ્રમાણથી બરાબર સિદ્ધ થાય છે.

આ પ્રમાણે પ્રમાણ-અબાધિત હેતુથી, અવિરોધી વચન અરિહંતનું સિદ્ધ કર્યું, તથા તે અવિરોધીવાણીથી અરિહંત નિર્દોષ છે, તે સિદ્ધ કર્યું અને નિર્દોષ હેતુ દ્વારા ભગવાન સર્વજ્ઞ છે તે સિદ્ધ કર્યું. આ રીતે આ ચારસૂત્રો દ્વારા સર્વજ્ઞનો અપલાપ કરનાર મીમાંસક મતનું ખંડન થયું.

निराकर्तुमाहुः —

સર્વજ્ઞ અને કવલાહાર વચ્ચે અવિરોધિપણું જણાવે છે.

न च कवलाहारत्वेन तस्यासर्वज्ञत्वम् कवलाऽऽहारसर्वज्ञ-योरविरोधात् ॥ २-२७॥

અરિહંત ભગવંત કવલાહારવાળા હોવાથી તેમનું અસર્વજ્ઞપણું છે એમ ન જાણવું. કારણ કે- કવલાહાર અને સર્વજ્ઞત્વનો પરસ્પર કંઈ વિરોધ નથી (અવિરોધ છે).

दिगम्बराः "केवली कवलाऽऽहारवान् न भवति, छद्मस्थेभ्यो विजातीयत्वात्". इत्यनुमानेन कवलाऽऽहारसर्वज्ञत्वयोर्विरोधमुद्भावयन्ति, तान् निराकर्तुमाहुः- न चेति तस्य-अर्हतः कवलाऽऽहारवत्त्वेनाऽसर्वज्ञत्वं न भवति, कवलाहारसर्वज्ञत्वयोर्विरोधाभावात् । अयं भावः- यदि कवलाहारस्य केवलज्ञानेन सह विरोधो भवेत् तर्ह्यस्मदीयज्ञानेनापि तस्य विरोधोऽपरिहरणीयः स्याद्, ज्ञानत्वाविशेषात्, न हि भास्करप्रभाभिर्निरस्यमानमन्धकारनिकुरम्बं दीपप्रभार्भिर्न निरस्यते तथा च नाऽस्माकमप्याहारापेक्षा भवेत् न चैवम्, तस्मान्न सर्वज्ञ च कवलाहारयोर्विरोध इति दिक् ॥ २७ ॥

દિગમ્બરો- केवली कवलाहारवान् न भवति छद्मस्थेभ्यो विजातीयत्वात् કેવલી કવલાહારવાળા હોતા નથી કારણ કે છદ્મસ્થ કરતા ભિન્ન હોવાથી [તેઓ છદ્મસ્થ નથી અને કવલાહાર તો છદ્મસ્થને જ હોય છે આવી દિગમ્બરની માન્યતા છે તેની સામે સૂત્રમાં બતાવેલું શ્વેતામ્બર-ગ્રન્થકારશ્રીનું અનુમાન છે.] આવા અનુમાન કવલાહાર અને સર્વજ્ઞત્વનો જે દિગમ્બરો

વિરોધ પ્રગટ કરે છે તેનું ખંડન કરવા માટે नचेति, तस्य-अर्हतः, અરિહંત પરમાત્માનું કવલાહારથી અસર્વજ્ઞપણું નથી કારણ કે કવલાહાર અને સર્વજ્ઞતાના વિરોધનો અભાવ છે. તેનો ભાવ આ પ્રમાણે છે- જો કવલાહારનો કેવલજ્ઞાનની સાથે વિરોધ હોય તો આપણા જેવા સામાન્ય માણસના જ્ઞાનની સાથે પણ કવલાહારનો વિરોધ સ્વીકાર કરવો જોઈએ કારણ કે કેવલીમાં અને આપણામાં જ્ઞાનગુણ તો સરખો જ રહેલો છે. (જો બંને વચ્ચે વિરોધ હોય તો જેમ જેમ માણસ ભણે તેમ તેમ આહાર ઘટવો જોઈએ જેમ કેવલજ્ઞાનીને સંપૂર્ણજ્ઞાન હોવાથી કવલાહાર નથી તેમ આપણને થોડું થોડું જ્ઞાન દિવસે દિવસે વધે તો આહાર ઓછો થવો જોઈએ. પરંતુ ઘણીવાર તો વધારે જ્ઞાન ભણતા વ્યક્તિને પરિશ્રમાદિના કારણે આહાર વધે છે કોઈ ન ભણતો હોય તો આહાર ઓછો હોય છે. તેથી આહારનો સંબંધ શરીર સાથે છે. પરંતુ જ્ઞાન સાથે આહાર સંબંધ ધરાવતો નથી જ્ઞાન વધે તો આહાર વધે કે ઘટે તેવો નિયમ નથી.)

સૂર્યની પ્રભાવડે દૂર કરાતો અંધકારનો સમૂહ દીપકની પ્રભાવડે નાશ નથી પામતો તેવું નથી. (એટલે કે સૂર્યના પ્રકાશવડે દૂર કરાતું અંધારૂ દીપકના પ્રકાશવડે પણ કંઈક અંશે દૂર થાય છે) તેવી રીતે જ્ઞાન ભણીએ તેમ આહારની અપેક્ષા ન થવી જોઈએ પરંતુ આવું થતુ નથી તેથી સર્વજ્ઞતા અને કવલાહારમાં કોઈ વિરોધ નથી.

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते श्रीवादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वालोके प्रत्यक्षस्वरूपनिर्णायको द्वितीयः परिच्छेदः ॥

આ પ્રમાણે બાલબોધિની વ્યાખ્યાવાળી ટિપ્પણીથી વિભૂષિત શ્રીવાદિદેવસૂરીશ્વરજી એ રચેલ પ્રમાણનયતત્ત્વાલોક નામનાગ્રન્થમાં પ્રત્યક્ષ પ્રમાણના સ્વરૂપને જણાવનાર બીજો પરિચ્છેદ છે.

■ ● ■

तृतीय-परिच्छेदः

(પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ)

प्रत्यक्षानन्तरं परोक्षं लक्षयन्ति —

પરોક્ષ પ્રમાણનું લક્ષણ બતાવે છે.

अस्पष्टं परोक्षम् ॥ ३-१ ॥

અસ્પષ્ટ પ્રમાણ તે પરોક્ષ છે.

वैशद्याभावविशिष्टं यत् प्रमाणं तत् परोक्षप्रमाणमित्यर्थः ॥ १ ॥

टीकार्थ : નિર્મળતાદિના અભાવથી યુક્ત જે પ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે.

विशेषार्थ : ઇન્દ્રિયોના વ્યાપારની અપેક્ષા નહિં રાખનાર અર્થાત્ મનના વ્યાપારથી અસાક્ષાત્ પદાર્થનો બોધ કરાવનાર જ્ઞાન **તે પરોક્ષ** છે. પ્રત્યક્ષમાં પદાર્થ સામે હોય છે પરોક્ષમાં પદાર્થ અસાક્ષાત્ હોય છે. परस्+अक्ष=परोक्ष પ્રત્યક્ષથી જે ઉલટુ તે - પરોક્ષ છે. પરોક્ષ પ્રમાણમાં પ્રત્યક્ષની પેઠે સ્પષ્ટ બોધ થતો નથી, છતાં પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ ફળ તો બંનેમાં સરખું જ છે. પ્રત્યક્ષમાં નિયત-વર્ણગંધ-રસ અને સ્પર્શયુક્ત પદાર્થોનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા સાક્ષાત્ થતું દેખાય છે. જ્યારે પરોક્ષમાં સાચા અને સંગત અવ્યભિચારી કારણો દ્વારા મનથી અસ્પષ્ટ રીતે સાધ્ય વિચારવામાં આવે છે.

अथैतत् प्रकारतः प्रकटयन्ति —

પરોક્ષ પ્રમાણના ભેદો બતાવે છે.

स्मरण-प्रत्यभिज्ञान-तर्कानुमानागमभेदतस्तत् पञ्चप्रकारम् ।३-२ ।

તે પરોક્ષ પ્રમાણ (૧) સ્મરણ (૨) પ્રત્યભિજ્ઞાન (૩) તર્ક (૪) અનુમાન અને (૫) આગમના ભેદથી પાંચ પ્રકારનું છે.

तत्- परोक्षप्रमाणम् अन्यत् स्पष्टम् ॥ २ ॥

तत्- પરોક્ષપ્રમાણ, બીજુ સ્પષ્ટ હોવાથી ગ્રન્થકારે તેની ટીકા બનાવી નથી.

अथैतेषु तावत् स्मरणं कारणगोचरस्वरूपैः प्ररूपयन्ति —

સ્મરણપરોક્ષ પ્રમાણનું દૃષ્ટાન્ત સહિત-કારણ વિષય સ્વરૂપ લક્ષણ જણાવે છે.

तत्र संस्कारप्रबोधसंभूतमनुभूतार्थविषयं तदित्याकारं वेदनं स्मरणम् ॥ ३-३ ॥

સંસ્કારની જાગૃતિથી ઉત્પન્ન થયેલું, અનુભવેલા પદાર્થના વિષયવાળું, "તે" એવા આકારવાળુ એવું જે જ્ઞાન તે સ્મરણજ્ઞાન કહેવાય છે.

अनुभवजन्यो यः संस्कारः- आत्मशक्तिविशेषस्तस्य प्रबोधात् सम्भूतम् उत्पन्नम्, इति कारणनिरूपणम्, प्रत्यक्षादिप्रमाणैरनुभूतोऽर्थः-विषयो यस्य तदनुभूतार्थविषयम्, इति विषयप्रदर्शनम्, तदित्याकारं-तच्छब्देनोल्लेखनीयम्, इति स्वरूपप्रतिपादनम्, वेदनं-ज्ञानं स्मरणमित्युच्यते स्मरणं प्रत्युद्बुद्धसंस्कारः कारणम् । अनुभूतार्थस्तस्य विषयः तत्छब्देनोल्लेखस्तस्य स्वरूपमिति ॥३॥

પૂર્વે પ્રત્યક્ષ વિગેરે પ્રમાણો દ્વારા અનુભવેલા (પદાર્થથી) જન્ય એવો જે સંસ્કાર=આત્માની જ્ઞાનશક્તિ વિશેષ પ્રગટ થવાથી ઉત્પન્ન થયેલ તે **संस्कारप्रबोधसंभूत કહેવાય** છે. તે સ્મરણના કારણનું **નિરૂપણ** છે. પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે અનુભવેલો પદાર્થ તે સ્મરણજ્ઞાનનો **વિષય** છે. આ વિષય નિરૂપણ છે. અને "तद् (તે)" એ પ્રમાણેના શબ્દો વડે ઉલ્લેખ છે જેનો તે સ્મરણ-**સ્વરૂપનો પ્રતિપાદક** છે. આવા આકારવાળા જ્ઞાનને સ્મરણજ્ઞાન કહેવાય છે.

વિશેષાર્થ : વારંવાર ધારણાભૂત થયેલ જ્ઞાન તે સંસ્કારાત્મક બને છે અને તેની જાગૃતિ દ્વારા સ્મરણ ઉત્પન્ન થાય છે. આ સંસ્કાર તે એક પ્રકારની શક્તિ વિશેષ છે. તેથી સ્મરણજ્ઞાનનું પ્રત્યક્ષજ્ઞાન તે કારણ છે. પ્રત્યક્ષ અનુભવ થયા વિના સ્મરણ જ્ઞાન થાય નહીં, આથી સંસ્કારની જાગૃતિ તે સ્મરણનું **કારણ** છે. પ્રત્યક્ષ અનુમાન કે આગમાદિ કોઈપણ પ્રમાણ દ્વારા જાણેલું જ્ઞાન તે જ સ્મરણ જ્ઞાનનો **વિષય** છે. "તે" એવા પ્રકારનું સ્મરણનું **સ્વરૂપ** છે. જેમ ઘટ કાર્યમાં માટી તે કારણ છે પાણી વિગેરે ભરવું તે-વિષય છે. પૃથુબુધ્નોદરાદિ તેનું સ્વરૂપ છે તેમ અહીં પણ જાણી લેવું

स्मरणस्य उदाहरणम् —

तत् तीर्थकरबिम्बमिति यथा ॥ ३-४ ॥

જેમ તે પરમાત્માનું બિંબ છે એ પ્રમાણેનું જ્ઞાન તે સ્મરણજ્ઞાન છે.

तदित्यनेन यत् प्राक् प्रत्यक्षीकृतं स्मृतं प्रत्यभिज्ञातं वितर्कितमनुमितं श्रुतं वा भगवतस्तीर्थकरस्य बिम्बं-प्रतिकृतिः, तस्य परामर्शः ॥ ४ ॥

"तत्" એ કહેવાવડે જે પૂર્વે પ્રત્યક્ષ કરાયું હોય વિચારાયું હોય, અનુમાન કરાયું હોય અથવા તો સાંભળ્યું હોય તે ભગવાન તીર્થંકરની આકૃતિ-પ્રતિમા તેનો વિચાર કરવો તે (સ્મરણનું) સ્વરૂપ છે.

વિશેષાર્થ : પૂર્વે પરમાત્માનું બિંબ કે ગિરિરાજ વિગેરે જોયેલા હોય ત્યારબાદ તેના સંસ્કાર હૈયામાં ધારણ કરી રાખ્યા હોય તે સંસ્કાર ગમે ત્યારે પ્રગટ થાય ત્યારે તે સ્મરણજ્ઞાનના કારણરૂપ બને છે. સંસ્કાર પામેલો જે પદાર્થ છે તે સ્મરણનો વિષય બને છે. જેમ કે પરમાત્માની મૂર્તિ કે શત્રુંજયાદિ, ત્યારબાદ તે સ્મરણજ્ઞાનનો આકાર-તે પરમાત્માની પ્રતિમા કે તે શત્રુંજય છે આ સ્મરણજ્ઞાનનું સ્વરૂપ છે.

ભૂતકાળમાં આપણે જે બિંબ પ્રત્યક્ષ જોયેલુ હોય અથવા સ્મરણમાં લાવેલું હોય, અથવા પ્રત્યભિજ્ઞાનથી જાણેલુ હોય, અથવા તર્કથી માનેલું હોય, અથવા અનુમાનથી કલ્પેલું હોય, અથવા આગમાદિ શાસ્ત્રોથી જાણેલું હોય, ઈત્યાદિ કોઈપણ પ્રકારના અનુભવથી જોયેલુ કે જાણેલુ તીર્થંકરબિંબ આજે નજર સમક્ષ હાજર ન હોવા છતાં યાદ આવે (स्मृतिगोचरथाय) તેનો પરામર્શ-વિચારવિશેષ મનમાં આવે તે સર્વ આવા પ્રકારના तत् શબ્દના પ્રયોગથી વપરાતું જે જ્ઞાન મનમાં થાય છે તે સર્વે સ્મરણ કહેવાય છે तत् શબ્દ સાક્ષાત્ હોય અથવા ન હોય તો પણ તેની યોગ્યતા તો રહેલી છે.

अथ कारणादिभिः प्रत्यभिज्ञानं ज्ञापयन्ति —

પ્રત્યભિજ્ઞાનનું સદૃષ્ટાન્ત સ્વરૂપ જણાવે છે.

अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वतासामान्यादिगोचरं संकलनात्मकं ज्ञानं प्रत्यभिज्ञानम् ॥ ३-५ ॥

અનુભવ અને સ્મૃતિ છે કારણ જેમાં એવું, તથા તિર્યક્ સામાન્ય અને ઉર્ધ્વતા સામાન્ય વિગેરેને વિષય કરનારું, તેમજ સંકલનાપૂર્વક જે જ્ઞાન છે તે પ્રત્યભિજ્ઞાન કહેવાય છે.

अनुभवस्मृतिहेतुकं-प्रत्यक्षादिप्रमाणजन्यं ज्ञानमनुभवः, स्मृतिश्चान्तरोक्ता, ते हेतुर्यस्य तद् इति कारणनिरूपणम्, गवादिषु सदृशपरिणामस्वरूप गोत्वादिकं तिर्यक्सामान्यमित्युच्यते । कटककुण्डलादिपर्यायेषु यदन्वयिद्रव्य सुवर्णादि तदूर्ध्वतासामान्यमित्युच्यते। एतदुभयमादिर्यस्य विसदृशपरिणामादेः तिर्यगूर्ध्वतासामान्यादिगोचरो-विषयो यस्य तत्-तिर्यगूर्ध्वतासामान्यादिगोचरम् इति विषयनिरूपणम्, सकलनात्मकं-पदार्थस्य विवक्षितधर्मयुक्तत्वेन प्रत्यवमर्शनमात्मा-स्वभावो यस्य तद् इति स्वरूपकथनम्, एतादृशं यज्ज्ञान तत् प्रत्यभिज्ञानमुच्यते । प्रत्यभिज्ञानं प्रति अनुभवः स्मृतिश्च कारणम् । वस्तुने विवक्षितधर्मयुक्तत्वेन प्रत्यवमर्शनं तस्य स्वरूपमिति भावः ॥ ६ ॥

પ્રત્યક્ષ વિગેરે પ્રમાણથી જન્ય જે અનુભવજ્ઞાન, અને પૂર્વે સૂત્રમાં કહેવાયેલી સ્મૃતિ તે બંને કારણ છે જેમાં એવું તે અનુભવસ્મૃતિહેતુ= **કારણનિરૂપણ.** ગાય આદિમાં સદૃશ પરિણામ સ્વરૂપ ગોત્વાદિક તે **તિર્યગ્ સામાન્ય** છે, તથા કટક કુંડલ આદિ પર્યાયોમાં અનુસરતુ જે દ્રવ્ય સુવર્ણવિગેરે તે **ઉર્ધ્વતાસામાન્ય** છે આ બંને તિર્યગ્-ઉર્ધ્વતા સામાન્ય અને આદિ શબ્દથી વિસદૃશતા વિગેરે છે વિષય જેનો, તિર્યગૂધ્વંતાસામાન્યગોચર તે **વિષયનિરૂપણ** છે અને સંકલનાત્મક= પદાર્થના વિવક્ષિત ધર્મ જોડવા દ્વારા વિચારવાનો છે સ્વભાવ જેનો એવું તે **સ્વરૂપકથન** છે. આવા પ્રકારનું જ્ઞાન પ્રત્યભિજ્ઞાન કહેવાય છે.

વિશેષાર્થ : [કારણનિર્દેશ] પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને પ્રકારના પ્રમાણથી ઉત્પન્ન થનારી જે પ્રતીતિ, બંને પ્રમાણોથી થનારો જે બોધ તે પ્રત્યભિજ્ઞાન, અનુભવ અને સ્મૃતિ એમ બંને આ પ્રત્યભિજ્ઞાનમાં કારણ છે પૂર્વે સ્મરણજ્ઞાનમાં એક અનુભવ જ કારણ હતું. આ પ્રત્યભિજ્ઞાનમાં અનુભવ અને સ્મૃતિ એમ બંને કારણ છે. વર્તમાનમાં પદાર્થનું દર્શન એ અનુભવ અને પૂર્વે જોયેલાનું સ્મરણ એમ બંને કારણો છે. "તે આ દેવદત છે" "તે" પદ સ્મૃતિસૂચક છે. 'આ' પદ અનુભવસૂચક છે. એમ બંને કારણો પ્રત્યભિજ્ઞાનમાં

સાથે જ હોય છે. સામાન્ય= સદૃશતા. તે બે પ્રકારની છે. (૧) તિર્યગ્-સામાન્ય (૨) ઉર્ધ્વતા સામાન્ય.

વિષયનિરૂપણ : ભિન્ન ભિન્ન દ્રવ્યમાં એક જ કાળે પ્રગટ થયેલા (બનેલા) સરખે સરખા પર્યાયમાં જે એકત્વની બુદ્ધિ-પ્રતીતિ તે **તિર્યગ્-સામાન્ય** છે. જેમ કે ભિન્ન ભિન્ન કલરવાળી ૧૦૦ ગાયો છે. સર્વે ગાયોમાં આત્મદ્રવ્યો સૌનું ભિન્ન ભિન્ન છે પરંતુ અત્યારે વર્તમાનકાળે 'ગોત્વ=ગાયપણામાં' સરખા પર્યાયને તેઓ પામેલી છે તેવી રંગબેરંગી અને ભિન્ન ભિન્ન છે આત્મદ્રવ્ય જેનું એવી તે ગાયોમાં ગોત્વાદિ સ્વરૂપ (ગાયપણું ચારપગવાળાપણું પુંછડા-વાળાપણું સાસ્નાવાળાપણું) જે જે સદૃશપર્યાયતા છે તે તે **તિર્યગ્-સામાન્ય** છે. તેવી જ રીતે સોના-રજત-માટી વિગેરે ભિન્ન ભિન્ન દ્રવ્યોના બનેલા ઘડામાં જે ઘટપણાની એકાકારતા એટલે કે ઘટત્વસ્વરૂપ સદૃશ-પરિણામ તે **તિર્યગ્-સામાન્ય** છે. તિર્યગ્- તિર્ચ્છુ જેમાં લાઈનસર રહેલા ઘટ વિગેરે પદાર્થમાં એક જ કાળે તિર્ચ્છી અંગુલિનિર્દેશ કરવા દ્વારા ઘટની સમાનતા બતાવાય છે આમાં દ્રવ્યભિન્ન હોય પરંતુ કાળ વર્તમાન જ હોય અને પર્યાયની સમાનતા હોય છે.

જ્યારે ઉર્ધ્વતાસામાન્યમાં દ્રવ્ય એક જ હોય કાળ ત્રણેય હોય છે અને પર્યાયો અનેક હોય છે. એક જ દ્રવ્યના ભૂત-વર્તમાન અને ભવિષ્યમાં થનારા ભિન્ન ભિન્ન પર્યાયોમાં જે દ્રવ્યની એકતા તે **ઉર્ધ્વતા સામાન્ય** છે ઉર્ધ્વતા = ઉપરાઉપરી- એક જ દ્રવ્યના કાળક્રમે આગળ આગળ આવતા નવા નવા પર્યાયોમાં જે તેનું તે જ આ દ્રવ્ય છે એવી એકત્વની પ્રતીતિ તે **ઉર્ધ્વતા સામાન્ય** છે. જેમ કે કુંડલ, હાર, કટક વિગેરે ભિન્ન ભિન્ન કાળે થનારા પર્યાયોમાં તેનું તે સુવર્ણદ્રવ્ય એવી એકત્વની પ્રતીતિ તે **ઉર્ધ્વતા સામાન્ય** કહેવાય છે.

સૂત્રમાં બતાવેલ આદિ શબ્દ દ્વારા જેમ સદૃશતા પરિણામ પ્રત્યભિજ્ઞાનનો વિષય છે તેમ વિસદૃશતા પરિણામ પણ પ્રત્યભિજ્ઞાનનો વિષય છે તેમ જાણવું.

સ્વરૂપકથન : કોઈપણ વસ્તુનું વિવક્ષિત ધર્મથી યુક્તતાદ્વારા જે સમન્વય-અનુસંધાન કરવું એટલે કે પૂર્વાપર પર્યાયોને જોડી આપવા. જેમ કે આ ગાય છે, તે પણ ગાય છે, આ બંને વાક્યમાં ગાયોના વિવક્ષિત એવા ગોત્વધર્મથી જે પ્રત્યવમર્શ કરવો તે સ્વરૂપકથન છે.

प्रत्यभिज्ञाया उदाहरणम् —

यथा तज्जातीय एवायं गोपिण्डः, गोसदृशो गवयः, स एवायं जिनदत्त इत्यादि ॥ ३-६ ॥

જેમ આ ગાયોનોપિંડ=સર્વે ગાયો તેની જાતિની જ છે, અર્થાત્ સર્વેગાયો ગાય સ્વરૂપે સમાન છે. ગાયના સરખો જે હોય તે ગવય છે. તે જ આ દેવદત્ત છે, વિગેરે.

'तज्जातीय एवायं गोपिण्डः' इति, तिर्यक्सामान्योदाहरणं, 'गोसदृशो गवयः' इति पुनरपि तिर्यक्-सामान्यस्योदाहरणप्रदर्शनं नैयायिकाद्यभिमतस्योपमानप्रमाणस्य निरासार्थं, सिद्धान्ते उपमानप्रमाणस्य प्रत्यभिज्ञानेऽन्तर्भावात् । तथाहि- कश्चित् पुमान् वनेचरसकाशाद् यदा 'गोसदृशो गवयः' इति वाक्यं शुश्राव, तदैव तस्य मनसि सामान्यरूपेण प्रतिभासमाने गवयपिण्डे गवयशब्दस्य सम्बन्धज्ञानमभूत्, पश्चाद् वनं गतस्यास्य गवयदर्शने जाते प्राक्तनसामान्याकारसम्बन्धस्मरणे च 'स एष गवयपदवाच्यः' इति संकलनाज्ञानरूपं प्रत्यभिज्ञानं प्रादुर्भवति, एवं 'गोविसदृशो महिषः' इत्याद्यपि तथारूपत्वात् प्रत्यभिज्ञानमेव । 'स एवायं जिनदत्तः' इत्यूर्ध्वतासामान्यस्योदाहरणम्, आदिशब्दात् 'स एव बह्निरनुमीयते मया' 'स एवार्थोऽनेनाप्युच्यते' इत्यादिस्मरणसहितानुमानादिजन्यं ज्ञानं प्रत्यभिज्ञानं ज्ञातव्यम् । ॥ ६ ॥

तज्जातीय एवायं गोपिण्डः આ દૃષ્ટાન્ત તિર્યગ્-સામાન્યનું છે.

गोसदृसो गवयः આ પણ તિર્યગ્-સામાન્યનું ઉદાહરણ બતાવ્યું. તે નૈયાયિક વિગેરે દર્શનકારો એ માનેલા ઉપમાન પ્રમાણનું ખંડન કરવા માટે છે. કારણ કે જૈન શાસ્ત્રમાં ઉપમાન પ્રમાણનો પ્રત્યભિજ્ઞાન પ્રમાણમાં અંતર્ભાવ કર્યો છે. તે આ પ્રમાણે-કોઈ પુરુષે વનેચર પાસેથી ક્યારેક 'ગાય સરખો ગવય હોય છે' એવું વાક્ય સાંભળ્યું. તે વાક્ય તેના મનમાં સામાન્યથી પ્રતિભાસ થયે છતે ગવય (રોઝ)ના પિંડમાં ગવય શબ્દનું સંબંધજ્ઞાન થયું, પછી વનમાં ગયેલા તે પુરુષને ગવયનું દર્શન થયે છતે પૂર્વે કરેલા સામાન્ય-આકારના સંબંધનું સ્મરણ થવાથી તે જ આ ગવયપદવાચ્ય પ્રાણી છે. એમ સ્મરણ અને પ્રત્યક્ષની સંકલના સ્વરૂપ પ્રત્યભિજ્ઞાન પ્રગટ થાય છે એ જ પ્રમાણે

गोविसदृशो महिषः અહીં પણ તેવા પ્રકારની વિસદૃશતાનું જે જ્ઞાન થાય છે તે પ્રત્યભિજ્ઞાન થી જ થાય છે.

स एवायं जिनदत्तः તે જ આ જિનદત્ત છે આ ઉર્ધ્વતા સામાન્યનું ઉદાહરણ છે. અને સૂત્રમાં આપેલા આદિ શબ્દથી તે જ આ અગ્નિ મારાવડે અનુમાન કરાય છે. (કે જે મારાવડે ગઈકાલે અનુમાન કરાયો હતો.) તે જ અર્થ આના વડે કહેવાય છે. (કે જે પૂર્વે આચાર્ય મ.સા. વડે કહેવાયો હતો) વિગેરે સ્મરણસહિત અનુમાન અને સ્મરણસહિત આગમ પ્રમાણ વિગેરેથી જન્ય જે જ્ઞાનો છે તે પ્રત્યભિજ્ઞાન છે.

વિશેષાર્થ : તિર્યગ્-સામાન્ય ના બે ઉદાહરણો શા માટે બતાવ્યા ? સર્વે ગાયો ગાયપણે સંમાન છે એવું એક ઉદાહરણ તિર્યગ્-સામાન્યનું બતાવવા છતા "ગાયના સરખું ગવય" કહેવાય આવા પ્રકારનું આ જ સૂત્રમાં બીજું ઉદાહરણ બતાવ્યું છે તે નૈયાયિક વિગેરેના કદાગ્રહને દૂર કરવા માટે બતાવ્યું છે. કારણ કે- 'ગાય સરખુ ગવય' કહેવાય છે તે જ્ઞાનને નૈયાયિક ભિન્નપ્રમાણ રૂપે ઉપમાન પ્રમાણ કહે છે. પરંતુ નૈયાયિકોનું આ કથન ઉચિત નથી. કારણ કે- ગાય ગાય વચ્ચે સમાનતા બતાવાય છે. તે સંકલનાત્મક જ્ઞાન હોવાથી પ્રત્યભિજ્ઞાન છે તેવીજ રીતે ગાય અને ગવય વચ્ચે પણ સદૃશતા બતાવનારું આ જ્ઞાન પણ સંકલનાત્મક જ છે માંટે પ્રત્યભિજ્ઞાન છે. જો આવા જ્ઞાનને પ્રત્યભિજ્ઞાનથી જુદુ પાડીને ઉપમાન પ્રમાણાન્તર માનવામાં આવે તો ગાયથી વિસદૃશ જેં પ્રાણી તે મહિષ છે આ જ્ઞાનને પણ પ્રત્યભિજ્ઞાન અને ઉપમાનથી કોઇ જુદુજ પ્રમાણ માનવાની આપત્તિ આવશે અને આ રીતે જો ભિન્ન ભિન્ન પ્રમાણો કલ્પીએ તો પ્રમાણની પ્રતિનિયત સંખ્યાનો વિચ્છેદ જ થઇ જાય.

ટીકામાં આપેલ 'स एवायं वाह्निरनुमीयते मया' આ દૃષ્ટાન્ત પૂર્વે કરેલા અનુભવથી થયેલ સ્મરણની પ્રધાનતાવાળા અનુમાનથી જન્ય છે તથા 'स एवार्थोऽनेनाप्युच्यते' પૂર્વે આગમનો અર્થ સાંભળીને અનુભવ કરેલો છે તેનાથી જન્ય સ્મૃતિ અને આગમ એમ ઉભયજન્ય આ બોધ છે તેમ જાણવું.

तर्कस्य लक्षणम् —

તર્ક-જ્ઞાનનું લક્ષણ સદૃષ્ટાન્ત જણાવે છે.

उपलम्भानुपलम्भसंभवं, त्रिकालीकलितसाध्यसाधनसम्बन्धाद्यालम्बनम्, 'इदमस्मिन् सत्येव भवति' इत्याद्याकारं संवेदनम् ऊहाऽपरनामा तर्कः ॥ ३-७ ॥

ઉપલંભ અને અનુપલંભથી ઉત્પન્ન થનારૂં, ત્રણે કાળથી યુક્ત એવા સાધ્ય સાધનના સંબંધના આલંબનવાળું, 'આ હોય તો જ આ હોય' એવા આકારવાળુ જે સંવેદન (જ્ઞાન), **ઊહ** એવું બીજું જેનું નામ છે તે **તર્કજ્ઞાન** કહેવાય. છે.

प्रमाणमात्रेण ग्रहणमुपलम्भः, प्रमाणमात्रेणाग्रहणमनुपलम्भः, ताभ्याम्-उपलम्भानुपलम्भाभ्यां, सम्भवः-उत्पत्तिर्यस्य तत् तथा, इति कारणकीर्त्तनम्। त्रिकालवर्त्तिसाध्य-साधनयोः सम्बन्धः-व्याप्तिः, स आदिर्यस्य निःशेषदेश-कालवर्त्तिवाच्य-वाचकभावसम्बन्धस्य, स आलम्बनं विषयो यस्य तत् तथा, इति विषयनिरूपणम् । 'इदमस्मिन् सत्येव भवति इदमस्मिन्नसति न भवत्येव' इत्याकारं संवेदनं तर्कः, तस्यैव ऊहेति नामान्तरम् ।

अयं भावः- 'वह्नौ सत्येव धूमो भवति वह्न्यभावे न भवति' इत्याकारकं ज्ञानं तर्क इत्युच्यते, 'वह्निसत्त्वे घूमोपलम्भो वह्न्यभावे धूमस्यानुपलम्भः' इति उपलम्भानुपलम्भाभ्यामयं तर्क उत्पद्यते । अस्य तर्कस्य वह्नि-धूमयोरविनाभावो विषयः ॥ ७ ॥

પ્રત્યક્ષાદિ પ્રમાણવડે સાધ્યસાધનનું ગ્રહણ તે **ઉપલંભ** છે અને પ્રત્યક્ષવિગેરે પ્રમાણોવડે સાધ્યસાધનનું અગ્રહણ તે **અનુપલંભ** છે. તે બંનેવડે છે ઉત્પત્તિ જેની તેવું તે, આ તર્કજ્ઞાનમાં **કારણનું કથન** છે. ત્રણે કાળમાં રહેલા સાધ્ય અને સાધનની વ્યાપ્તિ તે આદિમાં છે જેને એટલે કે સમસ્ત દેશકાળમાં રહેલા વાચ્ય અને વાચકના સંબંધનું આલંબન એ જ છે વિષય જેનો તે તર્કજ્ઞાનનું **વિષય નિરૂપણ** છે. "આ હોતે છતે આ હોય અને આ ન હોતે છતે આ ન હોય" એવા આકારાવાળું જ્ઞાન તે **તર્ક** કહેવાય છે. અને **ઊહ** એવું તેનું બીજું નામ છે.

તેનો ભાવ આ પ્રમાણે છે : વહ્નિ હોતે છતે જ ધૂમ હોય, વહ્નિનો અભાવ હોયતો ધૂમનો પણ અભાવ હોય છે. આવા આકારવાળું જ્ઞાન તે તર્ક જ્ઞાન કહેવાય છે. (આ સ્વરૂપનિર્દેશ છે.) વહ્નિવિદ્યમાન હોતે છતે ધૂમનો ઉપલંભ

અને વહ્નિના અભાવમાં ધૂમનો અનુપલંભ એ પ્રમાણે ઉપલંભ અને અનુપલંભવડે આ તર્ક ઉત્પન્ન થાય છે. આ તર્કનો અગ્નિ અને ધૂમનો અવિનાભાવ સંબંધ જણાવવો તે વિષય છે.

વિશેષાર્થ : સ્મરણ-પરોક્ષ-પ્રમાણમાં પ્રત્યક્ષ અથવા કોઈપણ પ્રમાણથી થયેલ અનુભવ માત્ર જ કારણ બને છે. પ્રત્યભિજ્ઞાનપ્રમાણમાં સ્મરણ અને અનુભવ બંને કારણ બને છે. તેમજ અહિં તર્ક પરોક્ષપ્રમાણમાં-પ્રત્યક્ષ, સ્મરણ અને પ્રત્યભિજ્ઞાન એ ત્રણે જ્ઞાનો કારણ બને છે. આ પ્રમાણે તર્કજ્ઞાનની પૂર્વે જ્ઞાનની ત્રણ અવસ્થા થાય છે. આપણે પહેલા ધૂમાડા અને અગ્નિને રસોડા વિગેરેમાં જોઈએ છીએ ત્યારે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. ત્યારબાદ વ્યાપ્તિજ્ઞાન સમયે ધૂમ અને અગ્નિનું સ્મરણ થાય છે. અને પછી તિર્યગ્સામાન્યવિષયક સાદૃશ્યતાના હેતુભૂત રહેલ ધૂમમાં સંકલિત થાય છે અને વ્યાપ્તિ થાય છે.

વળી તર્કને જો પ્રમાણ ન માનવામાં આવે તો અનુમાન પ્રમાણની ઉત્પત્તિ જ ન થઇ શકે. આ તર્ક કોઈપણ પ્રમાણમાં અંતર્ભાવ પામતું નથી. પ્રત્યક્ષ પ્રમાણ ઈન્દ્રિયની અપેક્ષા દ્વારા ઉત્પન્ન થાય છે અને સ્મરણ જાણેલા પદાર્થના બોધમાત્ર રૂપ જ છે. તેથી તર્કનો તેમાં પણ સમાવેશ થતો નથી. કારણ કે તે ત્રણે કાળના સંબંધને જણાવનાર છે. અનુમાન પ્રમાણમાં પણ તર્ક સમાઈ શકતું નથી કારણ કે અનુમાનનું તર્ક એ કારણ છે અને અનુમાન તે તર્કનું કાર્ય છે. માટે તર્કને પૃથક્ પ્રમાણ તરીકે ગ્રહણ કર્યું છે.

કારણનિર્દેશ : પ્રથમ પ્રવર્તેલો અન્વય અને વ્યતિરેક દ્વારા થયેલો જે બોધ તે.

વિષયકીર્તન : ત્રણે કાળમાં રહેલા વાચ્ય-વાચકના સંબંધનું આલંબન તે

સ્વરૂપકથન : તે હોતે છતે તે હોય અને તે ન હોતે છતે તે ન હોય એવા આકારવાળુ જે જ્ઞાન તે.

तर्कस्य उदाहरण —

यथा यावान् कश्चिद् धूमः स सर्वो वह्नौ सत्येव भवतीति तस्मिन्नसत्यसौ न भवत्येव ॥ ३-८ ॥

જેમ કે- જે કોઇ ધૂમ છે તે સર્વ ધૂમ વહ્નિ હોતે છતે હોય છે અને તે વહ્નિ ન હોતે છતે આ ધૂમ ન જ હોય.....

इदं च तर्कापरपर्यायं व्याप्तिज्ञानं तदोपपत्त्यन्यथानुपपत्तिभ्यां प्रवर्तत इति प्रदर्शयन्ति, यथेत्यादिना-अत्राऽऽद्यमुदाहरणमन्वयव्याप्तौ, द्वितीयं तु व्यतिरेक-व्याप्ताविति ज्ञेयम् ॥ ८ ॥

વ્યાપ્તિજ્ઞાન છે બીજુ નામ જેવું એવો તર્ક, તે હોતે છતે થવું અન્યથા (ન હોતે છતે) ન ઉત્પન્ન થવું એવા અન્વયવ્યતિરેક વડે કરીને જે પ્રવર્તે છે. અહીં સૂત્રમાં પ્રથમ ઉદાહરણ અન્વયવ્યાપ્તિનું છે અને બીજું ઉદાહરણ વ્યતિરેક વ્યાપ્તિનું છે. એટલેકે અહીં મૂળસૂત્રમાં બે દૃષ્ટાન્તો છે. (૧) અન્વય-વ્યાપ્તિનું (૨) વ્યતિરેક વ્યાપ્તિનું છે.

અન્વયવ્યાપ્તિ : तत्सत्त्वे तत्सत्त्वं अन्वयः,
हेतुसत्त्वे साध्यसत्त्वं अन्वयः,

(બંનેમાં (હેતુ અને સાધ્યમાં) હોવા પણાનો સહચાર તે અન્વય વ્યાપ્તિ છે.)

સાધન હોતે છતે સાધ્યનું હોવું તે અન્વય વ્યાપ્તિ કહેવાય છે.

વ્યતિરેકવ્યાપ્તિ : तदत्त्सत्त्वे तदत्त्सत्वमिति व्यतिरेकः,
साध्यासत्त्वे हेत्वसत्त्वमिति व्यतिरेकः,

(બંનેમાં ન હોવાપણાનો સહચાર તે વ્યતિરેક વ્યાપ્તિ છે.)

સાધ્ય ન હોતે છતે સાધનનું ન હોવું તે વ્યતિરેક વ્યાપ્તિ કહેવાય છે.

अथानुमानस्य लक्षणार्थं प्रकारौ प्रकाशयन्ति —

અનુમાનના પ્રકારો બતાવે છે.

अनुमानं द्विप्रकारम् - स्वार्थं परार्थं च ॥ ३-९ ॥

અનુમાન (૧) સ્વાર્થ અને પરાર્થ એમ બે પ્રકારે છે.

स्वार्थानुमानं - परार्थानुमानभेदादनुमानं द्विविधमित्यर्थः ॥ ९ ॥

સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનના ભેદથી બે પ્રકારે અનુમાન છે.

પ્રશ્ન : પ્રત્યક્ષ વિગેરેમાં જેમ પ્રથમ લક્ષણ બતાવીને પછી તેના ભેદો બતાવ્યા છે તેમ અનુમાનનું સામાન્ય લક્ષણ જણાવ્યા વગર તેના ભેદો કેમ બતાવ્યા ?

ઉત્તર : પરમાર્થથી તો સ્વાર્થાનુમાનરૂપ એક જ અનુમાન છે. કારણ કે પ્રમાણનું સામાન્યલક્ષણ છે- ''स्वपर-व्यवसायिज्ञानं प्रमाणम्'' તે સ્વાર્થા-અનુમાનમાં જ સંભવે છે સ્વાર્થાનુમાન તે સ્વમાં થતો બોધ છે એટલે જ્ઞાનાત્મક છે, માટે પરમાર્થથી સ્વાર્થાનુમાન જ્ઞાનાત્મક હોવાથી સ્વાર્થ-અનુમાન માત્ર જ અનુમાન પ્રમાણ રૂપ છે અને પરના બોધ માટે બોલાતું પક્ષહેતુવચનાત્મક એવું વાક્ય તે પરાર્થાનુમાન છે. પરંતુ તે તો ભાષાત્મક હોવાના કારણે પુદ્ગલસ્વરૂપ હોવાથી જડરૂપે છે જ્ઞાનરૂપ નથી, તેથી પરાર્થાનુમાનમાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને અથવા કાર્યમાં કારણનો ઉપચાર કરીને અનુમાન પ્રમાણ કહેવાય છે. શ્રોતાની અપેક્ષાએ પરાર્થાનુમાન કારણ છે શ્રોતાના હૈયામાં ઉત્પન્ન થનારૂં જ્ઞાન તે જ્ઞાનાત્મક છે તે જ્ઞાનનું કારણ પક્ષહેતુવચનાત્મક વાક્ય છે કારણભૂત એવા આ વાક્યમાં કાર્ય એવા શ્રોતાના જ્ઞાનનો ઉપચાર કરાય છે, અથવા વક્તાના હૈયામાં રહેલું જે જ્ઞાન તે પરમાર્થથી અનુમાન છે કારણ કે તે જ્ઞાનાત્મક છે, અને તે વક્તાવડે બોલાતું પક્ષહેતુવચનાત્મક વાક્ય એ કાર્ય છે. અહીં વચનાત્મક કાર્યમાં સ્વાર્થાનુમાન-રૂપ કારણનો ઉપચાર કરાય છે આ રીતે જડ અને ભાષામય એવું પણ આ વાક્ય પૂર્વાપરના ઉપચારથી અનુમાન પ્રમાણ કહેવાય છે. પરંતુ વાસ્તવિકતાથી પ્રમાણ નથી મૂળસૂત્રમાં સ્વાર્થ-અનુમાનની તુલ્યકક્ષાએ પરાર્થ-અનુમાન જે મુક્યું છે તેનું કારણ એ છે કે વાદમાં, શાસ્ત્રમાં અને લોકમાં પરાર્થાનુમાનથી જ વધારે વ્યવહાર થતો જણાય છે.

तत्र स्वार्थं व्यवस्थापयन्ति —

સ્વાર્થાનુમાનનું લક્ષણ બતાવે છે.

तत्र हेतुग्रहणसम्बन्धस्मरणकारणकं
साध्यविज्ञानं स्वार्थम् ॥ ३-१० ॥

ત્યાં (સ્વાર્થ અને પરાર્થ એમ બંને પ્રકારના અનુમાનમાં) હેતુનું ગ્રહણ, અનેં વ્યાપ્તિના સંબંધનું સ્મરણ આ બે કારણ વાળું જે સાધ્યનું જ્ઞાન તે **સ્વાર્થાનુમાન** કહેવાય છે.

हेतुग्रहण-सम्बन्धस्मरणाभ्यां जायमानं यत् साध्यस्य ज्ञानं तत् स्वार्थानुमानमित्यर्थः ।

अयंभावः- वनं गतः कश्चित् पुमान् प्रथमं पर्वतवृत्तिधूमलेखां पश्यति, ततः 'यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः' इत्याकारिकां व्याप्तिं स्मरति, ततः 'अयं वह्निमान्' इत्याकारकं यज्ज्ञानमुन्मज्जति तत् स्वार्थानुमानमित्युच्यते॥ १० ॥

હેતુનું ગ્રહણ અને સંબંધના સ્મરણવડે થતું જે સાધ્યનું જ્ઞાન તે સ્વાર્થાનુમાન છે. તેનો ભાવ આ પ્રમાણે છે. વનમાં ગયેલો કોઈક પુરુષ પહેલા પર્વતમાં રહેલી ધૂમલેખાને જુએ છે ત્યારપછી 'જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં વહ્નિ હોય જ' ઈત્યાકારક વ્યાપ્તિનું સ્મરણ કરે છે ત્યારપછી આ પર્વત વહ્નિવાળો છે ઈત્યાદિ જે (સાધ્યનું) જ્ઞાન થાય છે તે સ્વાર્થાનુમાન છે.

विशेषार्थ : હેતુનું પ્રત્યક્ષ જ્ઞાન થાય ત્યારબાદ જ્યારે વ્યાપ્તિનું સ્મરણ થાય છે ત્યારે સાધ્યનું જ્ઞાન થાય. સંબંધનું સ્મરણ- જે રીતે સાધ્ય અને સાધનની વ્યાપ્તિનામનો સંબંધ પૂર્વે તર્કપ્રમાણવડે જાણ્યો હતો તે જ રીતે અત્યારે ધૂમગ્રહણાદિ હેતુ ગ્રહણ થયા પછી યાદ આવવો, તેનો પરામર્શ થવો તે સંબંધ સ્મરણ કહેવાય છે. સાધ્ય એટલે હવે પછીના સૂત્ર ૧૪ થી ૨૨માં જે કહેવાશે તે સાધ્ય, તેનું વિશિષ્ટ સંશયાદિદોષોથી રહિત વાસ્તવિક જે જ્ઞાન થાય છે તે સ્વાર્થાનુમાન છે. સાધનથી સાધ્યનું જ્ઞાન તે **अनुमान प्रमाण** તથા લિંગથી લિંગીનું જ્ઞાન તે **अनुमान प्रमाण** છે. સાધનને લિંગ કહેવાય છે સાધ્યને લિંગી કહેવાય છે.

हेतुस्वरूपं निरूपयन्ति —

પૂર્વસૂત્રમાં હેતુપદ આપેલું છે તેથી તેનું લક્ષણ બતાવે છે.

निश्चितान्यथानुपपत्त्येकलक्षणो हेतुः ॥ ३-११ ॥

નિશ્ચિત એવી 'અન્યથા અનુપપત્તિ' એ એક જ લક્ષણવાળો હેતુ છે. (સાધ્યવિના હેતુનું ન જ હોવું એવી નિશ્ચિતસ્થિતિ તે જ એક હેતુનું સાચુ લક્ષણ છે.)

अन्यथानुपपत्तिः-अविनाभावः, सा च साध्यवद् भिन्नावृत्तिस्वरूपा, हेत्वधिकरणवृत्त्यभावाऽप्रतियोगिसाध्यसामानाधिकरण्यरूपा वा । निश्चिताऽन्यथानुपपत्तिरेव लक्षणं स्वरूपं यस्य स हेतुरित्यर्थः ॥ ११॥

अन्यथानुपपत्ति अविनाभाव सा=अन्यथानुपपत्ति साध्यवद् भिन्नावृत्ति-त्वरूपा-साध्याभावेऽवृत्तित्वरूपा=साध्यना अभावमां जेनी अवृत्ति छे ते 'हेतु' छे. जेम के साध्याभाववान् जलसरोवर तेमां जेनी अवृत्ति छे ते धूम छे माटे ते धूम हेतु कहेवाय छे. अथवा तो–

हे त्वाधिकरणवृत्त्यभावाऽप्रतियोगिसाध्यसामानाधिकरण्यरूपावा= हेतुना अधिकरणमां रहेला अभावनो विरोधि एवो जे साध्य तेनी समानाधिकरणता जेमां होय ते हेतु कहेवाय. दा.त, पर्वतो वह्निमान् धूमात्=अहीं धूमनुं अधिकरण-पर्वत, तेमां वृत्ति अभाव=जलाभाव तेनो प्रतियोगी जल अने अप्रतियोगी साध्य वह्नि तेनुं समानाधिकरण्य धूममां छे, माटे धूम हेतु कहेवाय छे तेथी तात्पर्यार्थ आ प्रमाणे छे के साध्य विना हेतुनुं न होवुं ते लक्षण जाणवुं.

विशेषार्थ : साध्यनी साथे जेनो अविनाभाव होय ते हेतु. अर्थात् साध्य विना न होवुं ते हेतुनुं लक्षण छे. साध्यविना हेतुना एक अंशनी पण उपपत्ति न होय जेम के अग्नि एवा साध्य विना हेतु एवा धूमनी अंशमात्र पण उपपत्ति नथी.

एतद्व्यवच्छेद्यं दर्शयन्ति —

अन्यदर्शनकारोने मान्य, अयोग्य एवा हेतुना लक्षणनो निषेध जणावे छे.

न तु त्रिलक्षणकादिः ॥ ३-१२ ॥

त्रण लक्षण आदि अन्यदर्शनकारोओ करेला हेतुना साचा लक्षणो नथी.

त्रीणि लक्षणानि-पक्षसत्त्व-सपक्षतत्त्व-विपक्षाऽसत्त्वानि यस्य स त्रिल-क्षणकः सौगतसम्मतः; आदिपदेनासत्प्रतिपक्षत्वमबाधितविषयत्वमिति द्वयं मिलित्वा नैयायिकाभिमतः पञ्चलक्षणकश्च हेतुर्न भवति इति भावः ॥ १२ ॥

(१) पक्षसत्त्व (२) सपक्षसत्त्व (३) विपक्षासत्त्व एम त्रण लक्षणवाळो हेतु बौद्धो माने छे. अने आदिपदथी आ त्रण उपरांत (४) असत्प्रतिपक्ष (५) अबाधितविषय ए प्रमाणे नैयायिको पांच लक्षणवाळो हेतु माने छे ते

હેતુનું સાચું લક્ષણ નથી એમ જાણવું. કારણ કે- ત્રણ અથવા પાંચ લક્ષણો હોવા છતાં પણ આમાં હેત્વાભાસ હોય છે.

વિશેષાર્થ : બૌદ્ધોનું કહેવું છે કે સાચો હેતુ તે કહેવાય કે જેમાં પક્ષધર્મત્વ આદિ ત્રણ લક્ષણો સંભવતા હોય, અને નૈયાયિકો માને છે કે સાચો હેતુ તે કહેવાય કે પક્ષધર્મત્વાદિ પાંચ લક્ષણો સંભવતા હોય, ત્યાં પક્ષધર્મત્વાદિ સંબંધી સ્વરૂપ આ પ્રમાણે છે.

(૧) પક્ષધર્મત્વ : હેતુનું પક્ષમાં રહેવું તે, અનુમાનમાં મૂકાયેલો હેતુ અવશ્ય પક્ષમાં હોવો જોઈએ, પક્ષમાં તે વિદ્યમાન હોવાથી તે પક્ષનો ધર્મ કહેવાય છે. જેમ કે 'पर्वतो वह्निमान् धूमात्' વહ્નિ જ્યાં સાધ્ય છે ત્યાં ધૂમવત્વ એ, પક્ષ એવા પર્વતનો ધર્મ છે કારણ કે તે ધૂમ પર્વતમાં વર્તે છે. પરંતુ જે હેતુ પક્ષમાં વિદ્યમાન ન હોય તે પક્ષનો ધર્મ કહેવાતો નથી જેમ કે शब्दः नित्यः चाक्षुषत्वात् અહીં શબ્દ નામના પક્ષમાં ચક્ષુગ્રાહ્યત્વ હેતુ વિદ્યમાન નથી, કારણ કે શબ્દ શ્રોત્રગ્રાહ્ય છે. તેથી ચાક્ષુષત્વ એ પક્ષનો ધર્મ કહેવાતો નથી. જે સાચો હેતુ હોય છે તે પક્ષનો ધર્મ હોય જ છે પરંતુ ચાક્ષુષત્વમાં પક્ષધર્મત્વ નથી માટે તે સાચો હેતુ નથી **જે સાચો છે તે હેતુ, પક્ષમાં અવશ્ય હોવો જોઇએ એ હેતુનું** પહેલું લક્ષણ છે.

(૨) સપક્ષસત્ત્વ : જેનો સાધ્યધર્મ નિશ્ચિત થઈ ગયો છે તેવો ધર્મી તે સપક્ષ. હેતુનું સપક્ષ- અન્વયદૃષ્ટાંતમાં રહેવું તે.જેમ પર્વતમાં વહ્નિ સાધ્ય હોય ત્યારે, પાકસ્થાન=રસોડુ સપક્ષ છે કારણ કે તે નિશ્ચિત સાધ્યવાન છે. તેમાં ધૂમ વિદ્યમાન છે. यत्र तत्र धूमस्तत्र तत्र वह्निः यथा महानसम् ધૂમ હેતુ રસોડામાં રહેતો હોવાથી સપક્ષ સત્ત્વ છે. પરંતુ शब्दः नित्यः कृतकत्वात्.... આ અનુમાનમાં રહેલો હેતુ સપક્ષમાં વિદ્યમાન નથી. કારણકે સાધ્યથી વિરોધી માં રહેતો હોવાથી વિરુદ્ધહેત્વાભાસ છે. આ દોષના નિવારણ માટે **હેતુનું સપક્ષમાં રહેવું આવશ્યક છે** આ હેતુનું બીજું લક્ષણ છે.

(૩) વિપક્ષાસત્ત્વ : જેમાં સાધ્યનો અભાવ નિશ્ચિત થયો છે તેવો ધર્મી તે વિપક્ષ. વિપક્ષમાં હેતુનું ન રહેવું તે.... જેમ પર્વતમાં વહ્નિ સાધ્ય છે ત્યારે વહ્નિના અભાવવાળુ જે સ્થાન તે વિપક્ષ. જેમ કે જલાશય. તેમાં ધૂમ હેતુનું

ન હોવું તે विपक्षासत्त्वं, पर्वतो वह्निमान् प्रमेयत्वात् પર્વતપક્ષમાં વહ્નિ સાધવાનો હોય ત્યાં ધૂમને બદલે પ્રમેયત્વ હેતુ કહેવામાં આવે તો પ્રમેયત્વ હેતુ સાધ્યાભાવમાં (વિપક્ષમાં) પણ વિદ્યમાન છે તેથી તે સાચો હેતુ કહેવાતો નથી માટે **साध्याभावमां हेतु न ज होवो जोइए** આ હેતુનું ત્રીજું લક્ષણ છે.

(૪) અબાધિતવિષયત્વ : હેતુનું સાધ્ય પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત ન હોવું જોઈએ જો અબાધિત સાધ્ય હોય તો તે અનુમાનના હેતુને અબાધિતવિષય કહેવાય છે જેમ કે : वह्निमनुष्णः द्रव्यत्वात् यद्यद् द्रव्यं तद्तद् अनुष्णं यथा जलं આમાં સાધ્ય अनुष्ण (शीतलता) તે વહ્નિ નામના પક્ષમાં પ્રત્યક્ષપ્રમાણવડે બાધિત છે તથા विप्रेण सुरा पेया द्रवत्वात् जलवत् અહીં સાધ્ય આગમપ્રમાણથી બાધિત છે માટે દ્રવ્યત્વાત્ અને દ્રવત્વાત્ આ બંને હેતુ બાધિત વિષયવાળો છે માટે **अबाधित विषयवाळो हेतु जोइए** આ હેતુનું ચોથુ લક્ષણ છે.

(૫) અસત્પ્રતિપક્ષત્વ - સાધ્યથી વિપરીત જે અર્થ = સાધ્યભાવને સાધનારું પ્રતિસ્પર્ધી અનુમાન, તેનાથી રહિત હેતુ હોવો જોઈએ (अ= નથી सत्= વિદ્યમાન प्रतिपक्ष= વિરોધી પક્ષ જેમાં તે - असत्प्रतिपक्ष) જેમ. पर्वतो वह्निमान धूमात् महानसवत् અહીં અનુમાનમાં પર્વતમાં ધૂમ દેખાતો હોવાથી વહ્નિ છે જ વહ્નિના અભાવને સાધનારૂં કોઈ અનુમાન નથી પરંતુ शब्दो नित्यः अनित्यधर्मानुपलब्धेः, -શબ્દ તે નિત્ય છે કારણ કે અનિત્યધર્મો નહીં દેખાતા હોવાથી, આ અનુમાન સત્પ્રતિપક્ષવાળુ છે કારણ કે આ અનુમાનમાં સાધ્ય જે નિત્ય છે. તેના વિરોધી અનિત્યસાધ્યને સાધનારૂં પ્રતિસ્પર્ધી અનુમાન મળે છે. शब्दो अनित्य नित्यधर्मानुपलब्धेः, શબ્દ અનિત્ય છે કારણ કે નિત્યતાના ધર્મો નહીં દેખાતા હોવાથી, તેથી આ અનુમાન સત્પ્રતિપક્ષ કહેવાય છે **જેમાં सत्प्रतिपक्षत्व न होय ते ज हेतु छे** આ હેતુનું પાંચમુ લક્ષણ છે.

આ પ્રમાણે બૌદ્ધ દર્શનના મતે ત્રણ અને યોગદર્શનના મતે પાંચ લક્ષણો જેમાં હોય તે જ હેતુ સાધ્યનો ગમક છે તેમ જાણવું. તેથી આવા પ્રકારના ત્રણ અને પાંચ લક્ષણોથી લક્ષિત હેતુનું હોવું એ જ નિર્દોષ. લિંગ છે એમ સૌગત અને યોગદર્શનવાળાનો અભિપ્રાય છે. તેને હવે પછીના સૂત્રદ્વારા દૂષિત કરે છે.

एतदुपपादयन्ति —

ઉપરના સૂત્રમાં જણાવેલ ત્રિલક્ષણાદિ હેતુ હેત્વાભાસ છે તેમ જણાવે છે.

तस्य हेत्वाभासस्यापि सम्भवात् ॥ ३-१३ ॥

તે ત્રણ - અને પાંચ લક્ષણવાળો હેતુ હેત્વાભાસ પણ હોય છે.

तस्य पक्षसत्त्वादिरूपस्य हेतुलक्षणस्य 'पर्वतो धूमवान् वह्नेः' इति हेत्वाभासस्यापि संभवादतिव्याप्तिः स्यात् । अयं भावः- 'पर्वतो धूमवान् वह्नेः' इत्यादिव्यभिचारिस्थलेष्वपि हेतोस्त्रिलक्षणत्वादिकं वर्त्तते, तथाहि- पक्षे-पर्वते हेतुभूतस्य वह्नेर्विद्यमानत्वात् पक्षसत्त्वम्, सपक्षे महानसेऽपि विद्यमानत्वात् सपक्षसत्त्वम्, विपक्षात्-जलह्रदाद् व्यावर्त्तमानत्वाद् विपक्षाऽसत्त्वम् प्रतिपक्ष्यनुमानाभावात् असत्प्रतिपक्षत्वम्, प्रत्यक्षादिप्रमाणैर्बाधारहितत्वादबाधितत्वं च वर्तते, न चास्य सद्धेतुत्वम्, तस्मात् त्रिलक्षणकत्वादि हेतुर्लक्षणत्वेन सौगतादिभिरनङ्गीकरणीयमिति ॥ १३ ॥

તે પક્ષધર્મત્વાદિ રૂપ જે હેતુમાં પાંચ લક્ષણો છે તે લક્ષણો पर्वतो धूमवान् वह्नेः ઈત્યાદિ ખોટા અનુમાનમાં પણ સંભવે છે તેથી હેત્વાભાસ દોષ થાય છે. એટલે કે અતિવ્યાપ્તિ દોષ આવે છે. તેનો ભાવ આ પ્રમાણે છે. પર્વત ધૂમવાળો છે વહ્નિવાળો હોવાથી, આવા પ્રકારના વ્યભિચારી સ્થાનમાં પણ હેતુનું ત્રણ અને પાંચ લક્ષણવાળાપણું વર્તે છે. તે આ પ્રમાણે - પર્વત પક્ષમાં વહ્નિ હેતુ વિદ્યમાન છે. માટે પક્ષસત્ત્વ છે. તથા સપક્ષ એવા મહાનસ (રસોડા)માં પણ વહ્નિ હેતુ વિદ્યમાન છે તેથી સપક્ષસત્ત્વ પણ છે. વિપક્ષએવા જલસરોવરમાંથી વહ્નિ હેતુ વ્યાવર્તમાન છે તેથી વિપક્ષાસત્ત્વ પણ છે તથા પ્રતિપક્ષ અનુમાનનો અભાવ હોવાથી અસત્પ્રતિપક્ષ પણ છે. તથા પ્રત્યક્ષાદિ પ્રમાણોવડે બાધારહિત હોવાથી અબાધિત પણ છે. આમ પાંચે લક્ષણો વિદ્યમાન હોવા છતાં આ હેતુ સદ્ધેતુ નથી કેમ કે અયોગોલકાદિમાં વહ્નિ હેતૂ ધૂમ સાધ્યને જણાવનાર (ગમક) બની શકતો નથી તેથી આ પ્રમાણે ત્રણ અને પાંચ લક્ષણવાળો બૌદ્ધ અને નૈયા-યિકોએ માનેલો હેતુ સ્વીકારવા યોગ્ય નથી.

साध्यविज्ञानमित्युक्तं ततः साध्यमभिदधति —

સાધ્યનું લક્ષણ જણાવે છે.

अप्रतीतमनिराकृतमभीप्सितं साध्यम् ॥ ३-१४ ॥

અપ્રતીત અનિરાકૃત અને અભિપ્સિત (આ ત્રણ ગુણોવાળું) જે હોય તે સાધ્ય છે.

अप्रतीतम्=अनिश्चितम्, अनिराकृतम्=प्रत्यक्षादिप्रमाणैरबाधितम्, अभीप्सितम्=साध्यत्वेनेष्टम्, साध्यं भवतीति शेषः ॥ १४ ॥

જે **अप्रतीत** હોય એટલે કે પક્ષમાં છે જ એવો નિર્ણય ન હોય. જે **अनिराकृत**-પ્રત્યક્ષાદિ પ્રમાણો દ્વારા પક્ષમાં જે સાધ્યની બાધા ન આવતી હોય. **अभीप्सित**-પક્ષમાં સાધ્ય તરીકે સાધવા સાધકના મનને ઈષ્ટ હોય તે સાધ્ય કહેવાય છે. જે વસ્તુ પક્ષમાં પ્રસિદ્ધ ન હોય, નિષિદ્ધ ન હોય તથા સાધવાને ઈષ્ટ હોય તે સાધ્ય કહેવાય છે.

अप्रतीतत्वं समर्थयन्ते —

સાધ્યની વ્યાખ્યામાં બતાવેલ "अप्रतीत" પદનું સમર્થન કરે છે.

शङ्कितविपरीतानध्यवसितवस्तूनां साध्यताप्रतिपत्त्यर्थम-प्रतीतवचनम् ॥ ३-१५ ॥

શંકિત વિપરીત અને અનધ્યવસિત હોય તેવી વસ્તુઓનું સાધ્યત્વ સમજવા માટે અપ્રતીત શબ્દ કહેલો છે.

अनन्तरसूत्रे 'अप्रतीतम्' इति वचनाऽभावे शङ्कितविषयाणां विपरीतनाम-नध्यवस्ति(अनिश्चित)वस्तूनां साध्यत्वं न स्याद्, इत्यप्रतीतवचनम् ॥ १५ ॥

પૂર્વસૂત્રમાં કહેલા અપ્રતીત વચનના અભાવમાં શંકાવાળું વિપરીત-બોધવાળું, અને જેમાં વસ્તુ જણાઈ નથી એવા અનિશ્ચિતવસ્તુઓનું (સમારોપવાળી વસ્તુઓનું) સાધ્યપણું ન થાય એટલે અપ્રતીત શબ્દ મૂકેલો છે.

विशेषार्थ : પોતાને કે બીજાને જે વસ્તુ પ્રસિદ્ધ હોય તે, તો કોઈ સાધવા માટે પ્રયત્ન કરે જ નહિ જેમ કે- સાકર ગળી છે એવું સિદ્ધ કરવા કોઈ પ્રયત્ન ન કરે પરંતુ દૂધ મીઠું છે કે મોળું? તે દૂધમાં અનિશ્ચિત છે માટે તેનો નિર્ણય કરે. તેમ જેને માટે શંકા હોય કે જેને વિષે ઉલટો બોધ થયો હોય કે જે વસ્તુ સર્વથા જાણી જ ન હોય તે સિદ્ધ કરવામાં આવે છે. તેને અપ્રતીત સાધ્ય કહેવાય છે.

अनिराकृतत्वं सफलयन्ति —

સાધ્યના લક્ષણમાં બતાવેલ 'અનિરાકૃત' શબ્દની સફળતા બતાવે છે.

प्रत्यक्षादिविरुद्धस्य साध्यत्वं मा प्रसञ्यतामित्यनिराकृत-ग्रहणम् ॥ ३-१६ ॥

પ્રત્યક્ષ વિગેરે પ્રમાણોથી વિરુદ્ધ હોય તે સાધ્યતાને ન પામે એટલા માટે 'અનિરાકૃત' પદનું ગ્રહણ કર્યું છે.

प्रत्यक्षविरुद्धं यथा- 'वह्निरनुष्णः।' अनुमानविरुद्धं यथा-'शब्दस्य एकान्तनित्यत्वम्' । आगमविरुद्धं यथा -'प्रेत्याऽसुखप्रदत्वं धर्मस्य ।' एतादृशानां प्रत्यक्षादिबाधितानां साध्यत्वं मा प्रसञ्यतामित्येतदर्थमनिराकृतग्रहणम् ॥ १६ ॥

પ્રત્યક્ષવિરુદ્ધ- વહ્નિ: અનુષ્ણ: 'અગ્નિ અનુષ્ણ (શીતલ) છે.' એ પ્રત્યક્ષ-પ્રમાણથી બાધિત છે. અનુમાન વિરૂદ્ધ :- 'શબ્દ એકાન્તે નિત્ય છે' તે અનુમાનથી બાધિત છે. આગમવિરુદ્ધ :- 'ધર્મ પરલોકમાં સુખ આપનાર નથી' તે આગમથી બાધિત છે. આવા પ્રકારના પ્રત્યક્ષવિગેરેથી બાધિત હોય તેનું સાધ્યપણું ન આવી જાય માટે 'અનિરાકૃત' પદનું ગ્રહણ કરેલું છે.

વિશેષાર્થ : અગ્નિમાં શીતળતાને સાધ્ય રાખવું તે પ્રત્યક્ષ પ્રમાણથી નિરાકૃત (ખંડિત) છે. આવી નિરાકૃત વસ્તુઓ સાધ્ય તરીકે ન થઈ શકે કારણ કે જે પદાર્થ જે રૂપે હોય તેને તે રૂપે સિદ્ધ કરવામાં આવે તો સિદ્ધ કરી શકાય પરંતુ, ઉલટા પ્રકારે સિદ્ધ કરવા જાય તો શુદ્ધ સાધ્ય સિદ્ધ ન કરી શકાય જેમ કે સિંહ: अहिंसकः पशुत्वात् गौवत् આવું સાધ્ય સિદ્ધ ન કરી શકાય કારણ કે સિંહમાં અહિંસકપણું નિરાકૃત છે તે સધાય નહીં પરંતુ अयं श्वा अहिंसक पशुत्वात् અહીં સાધ્યમાં હિંસકપણું કે અહિંસકપણું પણ હોય, આ સાધ્ય અનિરાકૃત છે માટે સાધી શકાય.

अभीप्सितत्वं व्यञ्जयन्ति —

સાધ્યના લક્ષણમાં યોજાયેલ 'અભીપ્સિત' પદની સાર્થકતા જણાવે છે.

अनभिमतस्याऽसाध्यत्वप्रतिपत्तयेऽभीप्सितपदोपादानम्।१-१७।

અનિચ્છિતની અસાધ્યતા છે તે જણાવવા માટે 'અભીપ્સિત'પદનું ગ્રહણ કરેલું છે.

અનભિમતસ્ય - સાધયિતુમનિષ્ટસ્ય (યથા જૈનાનાં, શબ્દે એકાન્તનિત્યત્વં સર્વથાઽનભિમતં) સાધ્યત્વં મા ભવતુ ઇત્યભીપ્સિતોપાદાનમ્ ॥૧૭॥

અનભિમત એટલે જે સાધવાને ઈષ્ટ ન હોય જેમ કે જૈનોને શબ્દોમાં એકાન્તે નિત્યપણું તે સર્વથા અનિષ્ટ છે માટે અનભિમત સાધ્યધર્મ ન થઈ જાય માટે અભીપ્સિતપદનું ગ્રહણ કરેલું છે.

વિશેષાર્થ : દરેક વ્યક્તિ જે કંઈ સિદ્ધ કરવા યત્ન કરે છે. તે પોતાના ઈષ્ટની સિદ્ધિ માટે કરે છે માટે સાધ્યની વ્યાખ્યામાં અભીપ્સિત પદ મુકેલું છે.

साध्यत्वं सूत्रत्रयेण विषयविभागेन सङ्गिरन्ते —

ક્યાં કેવું સાધ્ય હોય તે હવે પછીના ત્રણ સૂત્ર દ્વારા જણાવે છે.

व्याप्तिग्रहणसमयाऽपेक्षया साध्यं धर्म एव,
अन्यथा तदनुपपत्तेः ॥ ३-१८ ॥

વ્યાપ્તિગ્રહણ કરવાનાં સમયે ધર્મ (વહ્નિ) માત્ર સાધ્ય બને છે. (પરંતુ વહ્નિસ્વરૂપ ધર્મથી વિશિષ્ટ એવો પર્વત ધર્મી સાધ્ય બનતો નથી) અન્યથા (ધર્મી એવા પર્વતને સાધ્ય માનીએતો) વ્યાપ્તિ બની શકતી નથી.

यद्यपि च्यवहारकाले 'पर्वतो वह्निमान्' इत्याकारको धर्मविशिष्टो धर्मी साध्यशब्देन व्यपदिश्यते, तथापि व्याप्तिग्रहणवेलायां साध्यशब्देन केवलं वह्निरूपो धर्म एव गृह्यते, अन्यथा व्याप्तेरनुपपत्तिः स्यादिति ॥ १८ ॥

જો કે વ્યવહાર કાળમાં 'પર્વતો વહ્નિમાન્' એ પ્રમાણે ધર્મથી વિશિષ્ટ એવો ધર્મી સાધ્ય શબ્દવડે કહેવાય છે. તો પણ વ્યાપ્તિગ્રહણની વેળામાં તો સાધ્યશબ્દવડે કેવળ વહ્નિસ્વરૂપ ધર્મ જ ગ્રહણ કરાય છે જો આ પ્રમાણે ન માનીએ તો વ્યાપ્તિની અનુપપત્તિ જ થાય.

વિશેષાર્થ : અનુમાન જ્યારે કરાતું હોય ત્યારે બે કાળનો વિચાર કરાય છે. (૧) વ્યાપ્તિકાળ અને (૨) વ્યાપ્તિ અને પરામર્શ થયા બાદ નિગમનાત્મક થનારી અનુમિતિનોકાળ (વ્યવહારકાળ) આ બંને કાળે સાધ્ય ભિન્ન ભિન્ન છે એક જ સાધ્ય નથી. જ્યારે વ્યાપ્તિનોકાળ ચાલતો હોય ત્યારે વ્યાપ્તિમાં

હેતુની સાથે માત્ર સાધ્યનો જ સહચાર જાણવાનો હોય છે. હેતુ અને સાધ્ય જ સાથે રહેનાર છે પરંતુ સાધ્યધર્મથી વિશિષ્ટ એવો પક્ષ હેતુની સાથે સહચારવાળો હોતો નથી જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે એમ સહચાર વ્યાપ્તિથી જણાય છે, માટે વ્યાપ્તિકાલે વહ્નિરૂપ ધર્મ માત્ર જ સાધ્ય કહેવાય છે પરંતુ, વહ્નિથી યુક્ત એવો પર્વતરૂપ ધર્મી સાધ્ય કહેવાતો નથી. અન્યથા ધર્મીરૂપ પર્વતને જો સાધ્ય કહીએ તો જ્યાં જ્યાં ધૂમ ત્યાં ત્યાં પર્વત હોય આવી વ્યાપ્તિ થાય, જે ઘટી શકતી નથી.

एतदेव भावयन्ति —

नहि यत्र यत्र धूमस्तत्र तत्र चित्रभानोरिव धरित्रीधरस्याप्यनुवृत्तिरस्ति ॥ १९ ॥

यत्र यत्र धूमस्तत्र तत्र यथा वह्निरनुवर्तते न तथा पर्वतोऽपि ॥ १९ ॥

કારણ કે જ્યાં જ્યાં ધૂમ છે,ત્યાં ત્યાં અગ્નિની જેમ પર્વતની અનુવૃત્તિ થતી નથી (चित्रभानुः = અગ્નિ धरित्रीधर = પર્વત)

વિશેષાર્થ : હેતુ એવા ધૂમની સાથે અગ્નિનો સહચાર જેવા પ્રકારનો સર્વત્ર મળે છે, તેવા પ્રકારનો ધૂમની સાથે ધર્મી એવા પર્વતનો સહચાર સંભવતો નથી, માટે વ્યાપ્તિકાળે સાધ્યરૂપે ધર્મ જ માત્ર હોય છે, ધર્મી સાધ્ય હોતું નથી.

અનુમિતિ કાળે સાધ્ય તરીકે ધર્મી (પક્ષ)નું પ્રતિપાદન જણાવે છે.

आनुमानिकप्रतिप्रत्त्यवसरापेक्षया तु पक्षापरपर्यायस्तद्विशिष्टः प्रसिद्धो धर्मी ॥ ३-२० ॥

આનુમાનિક પ્રતિપત્તિ એટલે અનુમાન કરવા દ્વારા ઉત્પન્ન થનારી જે પ્રતીતિ તે અનુમાનકાળ. તે કાળની અપેક્ષાએ ધર્મથીયુક્ત અને પ્રસિદ્ધ એવો ધર્મી (પર્વત) સાધ્ય બને છે. પક્ષ તેનું બીજુ નામ છે.

आनुमानिकी प्रतिपत्तिः- अनुमितिः, तदपेक्षया 'पर्वतोवह्निमान्' इत्याकारको धर्मविशिष्टो धर्मी साध्यपदेन व्यपदिश्यते, अस्यैव पक्षेति नामान्तरम् ॥ २० ॥

અનુમિતિ રૂપ જે બોધ તે આનુમાનિક પ્રતિપત્તિ છે. તે કાળે 'પર્વતો વહ્નિમાન્' એવા સ્વરૂપવાળો ધર્મથી વિશિષ્ટ એવો ધર્મી સાધ્યપદવડે જણાવાય છે. જેનું બીજું નામ પક્ષ છે.

વિશેષાર્થ : આ પર્વતમાં અગ્નિ છે કારણ કે પર્વત ધૂમવાળો હોવાથી, આ અનુમાનપ્રયોગ કરતી વખતે ધર્મથી યુક્ત ધર્મી સાધ્ય બને છે. આવા સમયે અગ્નિ છે, કારણ કે ધૂમહોવાથી, આટલું જ કહેવું પર્યાપ્ત નથી. કારણ કે અગ્નિનું અસ્તિત્વ માત્ર સિદ્ધ કરવું આ જ માત્ર અનુમાનનું પ્રયોજન નથી પરંતુ અહીં પર્વતમાં અગ્નિને સિદ્ધ કરવો તે ઈષ્ટ છે. આથી અનુમાનના સમયે ધર્મથીયુક્ત પક્ષ એ સાધ્ય બને છે. તાત્પર્ય એ છે કે પર્વત પણ પ્રસિદ્ધ છે. અગ્નિ પણ સિદ્ધ છે. પરંતુ અગ્નિવાળો પર્વત સિદ્ધ નથી, આથી તે જ સાધ્ય હોવું જરૂરી છે. સારાંશ આ પ્રમાણે છે કે વ્યાપ્તિકાળે વહ્નિ આદિ રૂપ ધર્મ માત્ર સાધ્ય બનશે અને અનુમિતિ કાળે વહ્નિથી વિશિષ્ટ એવો ધર્મી જે પર્વત વિગેરે છે તે સાધ્ય બનશે.

प्रसिद्धो धर्मीत्युक्तम् । अथ यतोऽस्य प्रसिद्धिस्तदभिदधति —

પૂર્વસૂત્રમાં પ્રસિદ્ધ ધર્મી કહ્યો તે ધર્મીની પ્રસિદ્ધિના પ્રકારો જણાવે છે.

धर्मिणः प्रसिद्धिः क्वचिद् विकल्पतः,
कुत्रचित् प्रमाणतः क्वापि विकल्प-प्रमाणाभ्याम् ॥३-२१॥

ધર્મી એવા પક્ષની પ્રસિદ્ધિ ક્યારેય વિકલ્પમાત્રથી ક્યારેક પ્રમાણથી અને ક્યાંક વિકલ્પ અને પ્રમાણ એમ ઉભયથી થાય છે.

धर्मिणः-પર્વતાદેઃ ॥ ૨૧ ॥ સુગમ છે માટે ટીકા કરી નથી.

વિશેષાર્થ : પૂર્વસૂત્રમાં પ્રસિદ્ધ એવો ધર્મી સાધ્ય બને એમ કહ્યું તેથી શંકા થાય છે, ધર્મીની પ્રસિદ્ધિ કોનાથી થાય ? તેના સમાધાન માટે ત્રણ પ્રકારો બતાવ્યા છે. (૧) કોઈ અનુમાનમાં વિકલ્પથી એટલે કે મનના અધ્યવસાયમાત્રથી કલ્પનાદ્વારા ધર્મીની પ્રસિદ્ધિ થાય છે. (૨) ક્યાંય પ્રત્યક્ષાદિ પ્રમાણથી થાય છે. (૩) કોઈક સ્થળે વિકલ્પ અને પ્રમાણ એમ બંનેવડે થાય છે.

अथात्र क्रमेणोदाहरन्ति —

હવે ત્રણેના દૃષ્ટાન્ત અનુક્રમે રજુ કરાય છે.

यथा समस्ति समस्तवस्तुवेदी, क्षितिधरकन्धरेयं
धूमध्वजवती, ध्वनिः परिणतिमान् ॥ ३-२२ ॥

(૧) જેમ કે - સમસ્ત વસ્તુને જાણનારા કોઇક (સર્વજ્ઞ) છે જ (૨) પર્વતની આ ટોચ (શિખર) અગ્નિવાળી છે. (૩) શબ્દ પરિણતિવાળો-પર્યાય-વાળો (અનિત્ય) છે આ ત્રણે અનુક્રમે વિકલ્પથી, પ્રમાણથી અને ઉભયથી પક્ષની સિદ્ધિના ઉદાહરણો છે.

'समस्तवस्तुवेदी समस्ति' इत्यत्र समस्तवस्तुवेदी सर्वज्ञो धर्मी, तस्य च विकल्पेन प्रसिद्धिः, नहि हेतुप्रयोगात् पूर्वं विकल्पं विहाय सर्वज्ञः केनापि प्रमाणेन सिध्यति । 'क्षितिधरकन्धरेयं धूमध्वजवती' इत्यत्र धर्मिभूतायाः क्षितिधरकन्धरायाः प्रत्यक्षेणैव प्रसिद्धिः । 'ध्वनिः परिणतिमान्' इत्यत्र धर्मिणो-ध्वनेः प्रमाणेन विकल्पेन च प्रसिद्धिः, श्रूयमाणस्य शब्दस्य प्रत्यक्ष-प्रमाणेन, अतीतानागतयोस्तु विकल्पेन प्रसिद्धिरिति विवेकः ॥ २२ ॥

(૧) 'સર્વજ્ઞ (સમસ્તવસ્તુવેદી) છે,' આવા પ્રકારના અનુમાનમાં સમસ્તવસ્તુવેદી એવો જે પક્ષપ્રયોગ કરવામાં આવ્યો છે તે ધર્મીની પ્રસિદ્ધિ વિકલ્પવડે છે. કારણ કે હેતુના પ્રયોગવડે અસ્તિત્વ સિદ્ધ કરવાનું છે. સિદ્ધ થયેલ નથી. તેથી હેતુના પ્રયોગપૂર્વે મનની કલ્પનામાત્રરૂપ વિકલ્પને છોડીને બીજા કોઇ પ્રમાણથી સર્વજ્ઞની (પક્ષની) સિદ્ધિ થતી નથી.

(૨) 'આ પર્વતની શિખા અગ્નિવાળી છે.' આવા પ્રકારના બીજા અનુમાનમાં ધર્મીસ્વરૂપ એવો પર્વત પક્ષ છે. તે ચાક્ષુષપ્રત્યક્ષથી સિદ્ધ છે.

(૩) 'શબ્દ પરિણતિવાળો છે.' આ ત્રીજા અનુમાનમાં ધર્મી એવા શબ્દની પ્રસિદ્ધિ પ્રમાણવડે અને વિકલ્પ વડે છે. અહિં વર્તમાન કાલીન સાંભળતો એવો શબ્દ શ્રોત્રસંબંધી પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે, પરંતુ, જે શબ્દો બોલાઈ ચૂક્યા છે (અતીત) અને જે શબ્દો ભાવિકાળમાં બોલવાના છે તે (અનાગત) શબ્દો (સંભળાતા ન હોવાથી શ્રોત્રજન્ય પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રાહ્ય નથી) તેથી વિકલ્પમાત્રવડે તેની સિદ્ધિ થાય છે. એટલે કે અહીં ધર્મીભૂત એવા શબ્દો ત્રણેકાળના અને સર્વે દેશના ગ્રહણ કરવાના છે તેથી શબ્દરૂપ ધર્મી અંશતઃ વિકલ્પથી અને અંશતઃ પ્રમાણથી પ્રસિદ્ધ છે.

વિશેષાર્થ : (૧) પ્રમાણવડે કરીને જે પક્ષનું અસ્તિત્વ કે નાસ્તિત્વ સિદ્ધ નથી એવા ધર્મી મનનો વિકલ્પ સિદ્ધ કરે છે. વિકલ્પસિદ્ધ ધર્મીમાં સત્તા કે અસત્તા બે જ સાધ્ય થઇ શકે છે. જેમ કે- સર્વજ્ઞ છે અહીં હેતુનો પ્રયોગ કર્યા પહેલા વિકલ્પ વિના બીજા કોઇ પ્રમાણથી સર્વજ્ઞરૂપ ધર્મી પ્રસિદ્ધ નથી. સર્વજ્ઞની સિદ્ધિ માટે કે નિષેધમાટે કોઇપણ હેતુ આપવો પડશે માટે તેનું અસ્તિત્વ કે નાસ્તિત્વ હજુ સિદ્ધ નથી તે પદાર્થ મનના વિકલ્પથી સિદ્ધ માનીને પક્ષ બનાવવામાં આવે છે જેમ કે **नास्ति खरविषाणः** આ પણ વિકલ્પધર્મી છે.

(૨) પ્રત્યક્ષથી અથવા અન્ય કોઇ પ્રમાણથી જેનું અસ્તિત્વ નિશ્ચિત છે તે પ્રમાણસિદ્ધ ધર્મી કહેવાય છે. જેમ કે પર્વતનીશિખા પ્રત્યક્ષથી દેખાય છે.

(૩) જે પદાર્થનો કોઇક અંશ પ્રમાણથી સિદ્ધ હોય અને કોઇક અંશ પ્રમાણ ગ્રાહ્ય હોય તે ધર્મીને પ્રમાણ અને વિકલ્પ સિદ્ધ કહેવામાં આવે છે.

अधुना परार्थानुमानं प्ररूपयन्ति —

પરાર્થ - અનુમાનું સ્વરૂપ બતાવે છે.

पक्षहेतुवचनात्मकं परार्थानुमानम् उपचारात् ॥ ३-२३ ॥

પક્ષ અને હેતુના પ્રતિપાદનવાળું વચન તે ઉપચારથી પરાર્થાનુમાન છે.

'पर्वतो वह्निमान् धूमात्' इत्याकारकं पक्षहेतुवचनात्मकं परार्थमनुमानम्, उपचारात्-पक्षहेतुवचनस्य जडत्वेन मुख्यतः प्रामाण्यासम्भवात् तत्रानुमान-शब्दप्रयोगः क्कारणे कार्योपचारादौपचारिकः, बोधव्यगतं ज्ञानं कार्यं, तस्य च कारणं पक्षहेतुवचनम् । अथवा कार्ये कारणोपचारात्, वक्तृगतं स्वार्था-नुमानं कारणं तस्य पक्षहेतुवचनं कार्यमिति ॥ २३ ॥

પર્વતો વહ્નિમાન્ (પક્ષ) ધૂમાત્ (હેતુ) આ પ્રમાણે પક્ષ અને હેતુ એમ બે વચનાત્મક પરાર્થ-અનુમાન છે અને તે પણ ઉપચારથી એટલે કે પક્ષ હેતુ રૂપે બોલાતું વચન ભાષાવર્ગણાનાપુદ્ગલો માત્ર હોવાના કારણે જડ હોવાથી તેમાં પ્રમાણતાનો સંભવ નથી, તેમાં અનુમાનપ્રમાણ એવા શબ્દનો પ્રયોગ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી થાય છે. એટલે બોધ કરવા યોગ્ય એવું જે જ્ઞાન તે કાર્ય છે. અને તેનું કારણ પક્ષહેતુ વચન છે. અથવા તો કાર્યમાં કારણનો ઉપચાર આ પ્રમાણે વક્તામાં રહેલું સ્વાર્થ-અનુમાન તે કારણ અને પક્ષહેતુવચન તે કાર્ય છે.

વિશેષાર્થ : પક્ષહેતુવચનાત્મક તે પરાર્થ-અનુમાન છે. એવું જે કહેવામાં આવ્યું છે તે વ્યુત્પન્નમતિવાળા શ્રોતાની અપેક્ષાએ છે 'गृहमिदं वह्निमत् धूमात्' આ ઘરમાં આગ લાગી છે ધૂમાડા દેખાતા હોવાથી, આ શરીરમાં જીવ જીવે છે શ્વાસ લેતો હોવાથી. આમ પક્ષ અને હેતુ બરાબર જોઈએ. પરંતુ જે મંદમતિવાળા શ્રોતા છે તેની અપેક્ષાએ દૃષ્ટાન્ત- ઉપનય અને નિગમનનો પણ પ્રયોગ કરવો પડે છે. તે ગ્રન્થકારશ્રી આગળ આ જ પરિચ્છેદમાં સૂત્ર-૪૨માં સ્વયં જ કહેશે. તથા અતિવ્યુત્પન્નમતિવાળા શ્રોતાની અપેક્ષાએ તો "આ ધૂમ દેખાય છે" એટલું જ માત્ર હેતુવાળુ વચન પણ બોધનું કારણ બનતું હોવાથી તે પણ પરાર્થ-અનુમાન કહેવાય છે. પરંતુ અતિવ્યુત્પન્નમતિવાળા જીવો બહુ ઓછા હોય છે તેથી બહુલતાએ પક્ષહેતુવચનાત્મક એ પરાર્થ-અનુમાન છે. વાસ્તવિક રીતે જ્ઞાનરૂપ પ્રમાણ સ્વાર્થાનુમાન જ છે. સ્વાર્થાનુમાનથી હૃદયગત બોધ થાય છે તે બોધદ્વારા બીજાને કહેવું તે ઉપચારથી પરાર્થાનુમાન છે. જેમ કે ચૈત્રને અગ્નિનું અનુમાન થયું. તે મોતાનાં મિત્રને કહે છે કે 'પર્વતમાં અગ્નિ છે ધૂમ દેખાતો હોવાથી,' જે આં ચૈત્રનો શબ્દ પ્રયોગ છે તે પરાર્થ-અનુમાન છે. બીજાને જ્ઞાન કરાવવા માટે બોલાયેલ છે. પ્રત્યેક પ્રમાણો જ્ઞાનસ્વરૂપ હોય છે પરાર્થ-અનુમાન જ્ઞાનસ્વરૂપ નથી પરંતુ શબ્દસ્વરૂપ છે. શબ્દ તો જડ છે તેથી પ્રમાણ નહીં બને પરંતુ આ શબ્દો સાંભળીને શ્રોતાઓને જે બોધ થાય છે. તેથી અહીં શ્રોતાને બોધ થવા રૂપ જે જ્ઞાન તે 'કાર્ય' અને વક્તાના મુખથી બોલાયેલુ પક્ષહેતુવચન તે 'કારણ' છે. એમ કાર્યમાં કારણનો ઉપચાર છે. તથા વક્તાની અંદર રહેલુ સ્વાર્થાનુમાન તે 'કારણ' અને પક્ષ હેતુવચન તેનું 'કાર્ય' છે આમ કાર્યમાં કારણનો ઉપચાર માનીને ઉચ્ચારણાત્મક વચન પરાર્થાનુમાન કહેવાય છે.

संप्रति व्याप्तिपुरस्सरं पक्षधर्मतोपसंहारं तत्पूर्विका वा व्याप्तिमाचक्षाणान् भिक्षून् पक्षप्रयोगमङ्गीकारयितुमाहुः —

પક્ષના પ્રયોગની આવશ્યકતા જણાવે છે.

साध्यस्य प्रतिनियतधर्मिसम्बन्धिताप्रसिद्धये हेतोरूपसंहार-वचनवत् पक्षप्रयोगोऽप्यवश्यमाश्रयितव्यः ॥ ३-२४ ॥

નિશ્ચિત એવા ધર્મીની સાથે સાધ્યના સંબંધની પ્રતીતિ કરાવવા માટે હેતુના ઉપસંહારવાળા વચનની જેમ પક્ષનો પ્રયોગ પણ અવશ્ય સ્વીકારવો જોઈએ.

अयं भावः- बौद्धाः खलु पक्षप्रयोगं नाङ्गीकुर्वन्ति, ते हि कदाचित् ''यो यो धूमवान् स स वह्निमान् यथा महानसं, धूमवांश्चायम्'' इत्याकारकं व्याप्ति-पुरस्सरं पक्षधर्मतोपसंहारं, कदाचित् ''धूमवानयं, यो, यो, धूमवान् स स वह्निमान् यथा महानसम्'' इत्याकारकं पक्षधर्मताप्रदर्शनपूर्वकं व्याप्त्युपसंहा-रमेवानुमानं वदन्ति, तान् पक्षप्रयोगमङ्गीकारयितुमाहुः-साध्यस्येत्यादि-यथा हेतोः प्रतिनियतधर्मिसम्बन्धिता प्रसिद्ध्यर्थं ''धूमवांश्चायम्'' इत्याकारकं हेतोरुपसंहारवचनं स्वीक्रियते, तथैव साध्यस्य प्रतिनियतधर्मिसम्बधिताप्रसि-द्ध्यर्थ 'पर्वतो वह्निमान्' इत्याकारकः पक्षप्रयोगोऽप्यङ्गीकर्तव्य इति ॥२४॥

તેનો ભાવ આ પ્રમાણે છે- બૌદ્ધો પરાર્થ-અનુમાનના પ્રયોગમાં પક્ષનો પ્રયોગ સ્વીકારતા નથી. તે ક્યારેક 'જે જે ધૂમવાળુ છે તે તે વહ્નિવાળુ છે. જેમ રસોડુ, અને આ ધૂમવાળું છે,' આવા આકારવાળી વ્યાપ્તિપૂર્વકની પક્ષધર્મતાના ઉપસંહારને અનુમાન માને છે. ક્યારેક 'આ ધૂમવાન્ છે, જે જે ધૂમવાન્ છે તે તે વહ્નિમાન્ છે. જેમ મહાનસ,' એવા આકારવાળી પક્ષધર્મતાને જણાવવા-પૂર્વક વ્યાપ્તિના ઉપસંહારને જ અનુમાન માને છે. તેઓને પક્ષપ્રયોગ અંગીકાર કરાવવા માટે ગ્રન્થકારશ્રી કહે છે કે– જેમ હેતુના પ્રતિનિયત (ચોક્કસ) સંબંધની પ્રસિદ્ધિને માટે 'આ ધૂમવાન્ છે' એવા સ્વરૂપવાળુ હેતુના ઉપસંહારવાળું પક્ષધર્મતાનું વચન સ્વીકારો છો તેની જેમ જ સાધ્યના પણ નિશ્ચિત એવા ધર્મીના સંબંધની પ્રતીતિ કરાવવા માટે 'પર્વત વહ્નિમાન્ છે' એવા સ્વરૂપવાળો પક્ષપ્રયોગ પણ સ્વીકારવો જોઈએ.

विशेषार्थ : બૌદ્ધો માત્ર વ્યાપ્તિ, પક્ષધર્મતા અને ઉપનયદ્વારા સાધ્યની સિદ્ધિ થઈ જાય છે- એમ માને છે. પરંતુ પક્ષપ્રયોગની આવશ્યકતા સ્વીકારતા નથી (१) यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः इति व्याप्तिज्ञानम्, (२) धूमश्चात्रास्ति इति पक्षधर्मतोपसंहारवचनम्, (३) वह्निरस्त्येव- સાધ્યસિદ્ધિ એમ ત્રણ વાક્યપ્રયોગ તેઓ માનેં છે પરંતુ છેલ્લા વાક્યં પ્રયોગમાં तस्मादत्र वह्निरस्त्येव એમ अत्र (પક્ષ) શબ્દનો પ્રયોગ કરતા નથી.જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે. એવું વ્યાપ્તિજ્ઞાન થયું એટલે ધૂમની સાથે વહ્નિ હોય જ છે તે નિશ્ચિત

થઈ ગયું ત્યારબાદ આ (પર્વતમાં) ધૂમ છે (ધૂમવાળો આ પર્વત છે) પક્ષધર્મતાનો ઉપસંહાર કરવાથી ધૂમ પર્વતમાં છે. અન્યત્ર નહીં એમ વિશિષ્ટ ધર્મીનો બોધ થઈ જાય છે તેથી અહીં પર્વતમાં ધૂમ છે માટે વહ્નિ છે જ એટલું જ માત્ર છેલ્લે બોલવું જરૂરી છે. આનાથી વધારે બોલવાની જરૂર નથી. એટલે 'કે અહીં પર્વતમાં વહ્નિ છે' એમ બોલવું જરૂરી નથી. માટે પરાર્થઅનુમાનમાં પક્ષ-પ્રયોગ આવશ્યક નથી આવી તે બોદ્ધોની માન્યતાની સામે ગ્રન્થકારશ્રી જણાવે છે કે વ્યાપ્તિકાળે સાધનની સાથે સાધ્યના આધારની જેમ સામાન્યથી પ્રતીતિ થાય છે તેમ હેતુના આધારની પણ સામાન્યથી તો પ્રતીતિ થઈ જ જાય છે છતાં પણ તમે अयं धूमवान् धूमश्चात्रास्ति- આવા પક્ષધર્મતારૂપ વાક્યપ્રયોગ કરીને અમુક ચોક્કસ અધિકરણરૂપ ધર્મીનો જ ધર્મ આ હેતુ છે પરંતુ બીજા કોઈ ચત્વર કે મહાનસાદિ અધિકરણરૂપ ધર્મીનો ધર્મ આ હેતુ નથી એમ સમજાવવા આ ઉપસંહારાત્મક વાક્ય કહો છો તે જ પ્રમાણે વ્યાપ્તિકાળે સાધ્યધર્મનો-વહ્નિનો સામાન્ય આધાર જણાવવા છતાં સાધ્યની સિદ્ધિ જાહેર કરવી હોય ત્યારે આ સાધ્ય (વહ્નિ) અમુક ચોક્કસ અધિકરણરૂપ (પર્વત) ધર્મીનો જ ધર્મ છે પરંતુ મહાનસ કે ચત્વરાદિનો નહીં એમ સમજાવવા પક્ષપ્રયોગ પણ અવશ્ય સ્વીકારવો જોઈએ.....

अमुमेवार्थं सोपालम्भं समर्थयन्ते —

બૌદ્ધોને પક્ષપ્રયોગ સ્વીકારવા ઉપાલંભપૂર્વક જણાવે છે...

त्रिविधं साधनमभिधायैव तत्समर्थनं विदधानः कः खलु न पक्षप्रयोगमङ्गीकुरुते ? ॥ ३-२५ ॥

ત્રણ પ્રકારના હેતુને કહીને તેનું જ સમર્થન કરનાર ક્યો પુરુષ ખરેખર પક્ષપ્રયોગને ન સ્વીકારે ?

कार्यस्वभावानुपलम्भभेदात् त्रिविधं साधनमभिधाय=उक्त्वा, असिद्धता-दिनिरसनद्वारा स्वसाध्यसाधनसामर्थ्यप्रदर्शनरूपं तत्समर्थनं विदधानः-कुर्वाणः कः खलु पक्षप्रयोगं नाङ्गीकुरुते ? अपि तु सर्वोऽपि प्रामाणिकः स्वीकुरुते इत्यर्थः। अयं भावः पक्षप्रयोगमन्तरा त्रिविधस्य हेतोः समर्थनं निराश्रयं स्यात्, तस्मात् तत्समर्थनं कुर्वता सौगतेन पक्षप्रयोगोवश्यमङ्गीकर्तव्य एव ॥२५॥

હેતુ ત્રણ પ્રકારે છે. (૧) કાર્ય, (૨) સ્વભાવ, (૩) અનુપલંભ....

આ ત્રણ પ્રકારના હેતુને કહીને અસિદ્ધતા વિગેરે દોષોના ખંડન દ્વારા પોતાના સાધ્યને સાધવામાં સામર્થ્યતા દેખાડવાપૂર્વક તેનું સમર્થન કરતો ક્યો પુરુષ ખરેખર પક્ષપ્રયોગને ન સ્વીકારે ? અર્થાત્ સર્વે પણ પ્રમાણિક પુરુષો સ્વીકારે જ તેમ જાણવું. તેનો ભાવ આ પ્રમાણે છે. પક્ષના પ્રયોગ વિના ત્રણ પ્રકારના હેતુનું સમર્થન આશ્રય વગરનું થાય તેથી તેનું સમર્થન કરતા એવા બૌદ્ધે અવશ્ય પક્ષપ્રયોગ સ્વીકારવો જોઈએ.

વિશેષાર્થ : બૌદ્ધો કાર્ય સ્વભાવ અને અનુપલંભ રૂપ, તથા પક્ષસત્ત્વ સપક્ષસત્ત્વ અને વિપક્ષાસત્ત્વ એમ બંને પ્રકારે ત્રણ પ્રકારના હેતુ માને છે. અને તે હેતુ દ્વારા સાધ્ય સિદ્ધ કરે છે. જે વ્યક્તિ જે સ્થાને રહેલી વસ્તુને સિદ્ધ કરે છે તેને તે સ્થાનનું ભાન હોવું જોઈએ. જ્યાં જ્યાં ધૂમ ત્યાં ત્યાં વહ્નિ હોય જેમ રસોડુ તેમજ અહીં ધૂમ છે આવા પ્રકારના વચનોચ્ચારમાં હેતુ દેખવાથી સાધ્યના આધારભૂત પક્ષનું સ્હેજે ભાન થઈ જાય છે માટે પક્ષની જરૂર નથી આમ કહેનાર બૌદ્ધોએ વિચારવું જોઈએ કે જેમ તમે મૂકેલો આ હેતુ અસિદ્ધ નથી અનૈકાન્તિક નથી કે વિરૂદ્ધ નથી તે સમર્થન તમે હેતુના પ્રયોગ વિના કરી શકતા નથી તેમ સાધ્ય કયાં સ્થલે સિદ્ધ કરવાનું છે તેને માટે પક્ષની જરૂરીયાત છે માટે પક્ષપ્રયોગ સ્વીકારવો જોઈએ.

अथ प्रत्यक्षस्यापि परार्थत्वं समर्थयन्ते —

પરાર્થ-અનુમાનની જેમ પ્રસંગાનુસારે પરાર્થ-પ્રત્યક્ષ સદૃષ્ટાન્ત બતાવે છે.

प्रत्यक्षपरिच्छिन्नार्थाभिधायिवचनं परार्थं प्रत्यक्षं, परप्रत्यक्षहेतुत्वात् ॥ ३-२६ ॥

પ્રત્યક્ષ જ્ઞાનથી જાણેલા પદાર્થને કહેનારું વચન તે પરાર્થ-પ્રત્યક્ષ છે, કારણ કે આ પ્રત્યક્ષજ્ઞાન બીજાને પ્રત્યક્ષ કરવાના કારણભૂત હોવાથી.

यथानुमानेन प्रतीतोऽर्थः परं प्रति प्रतिपद्यमानो वचनरूपापन्नपरार्थमनुमानमभिधीयते तथा प्रत्यक्षेणावगतोऽप्यर्थोऽन्यस्मै प्रतिपद्यमानः परार्थं प्रत्यक्षमित्युच्यताम् परप्रत्यायनस्योभयताप्यविशिष्टत्वादिति भावः ॥ २६ ॥

જેમ અનુમાનવડે જાણેલો પદાર્થ તે સમજાવનારૂં વચન જે શ્રોતા પ્રત્યે બોલાય છે, તે પરાર્થ અનુમાન કહેવાય છે તેમ પ્રત્યક્ષવડે જોયેલો પદાર્થ, બીજાને સમજાવવા પ્રતિપાદન કરાતું વચન તે પરાર્થ-પ્રત્યક્ષ કહેવાય છે. બીજાને જણાવવાનું પ્રયોજન બંનેમાં સમાન છે માટે પરાર્થ પ્રત્યક્ષ પણ શબ્દાત્મક હોવાથી ઉપચારથી પ્રમાણ કહી શકાય છે.

एतदुल्लिखन्ति —

यथा पश्य पुरः स्फुरत्किरणमणिखण्डमण्डिताभरणभारिणीं जिनपतिप्रतिमाम् ॥ ३-२७ ॥

જેમ - સામે સ્ફૂરાયમાન કિરણોવાળા મણિઓના ખંડોથી શોભાયમાન એવા આભૂષણોને ધારણ કરવાવાળી જિનેશ્વરની પ્રતિમાને તું જો.....

विशेषार्थ : પરાર્થ-અનુમાન તથા પરાર્થપ્રત્યક્ષ જેમ જ્ઞાન છે તે જ પ્રમાણે પોતાને થયેલ સ્મરણજ્ઞાન બીજાને શબ્દદ્વારા સ્મરણ કરાવવામાં આવે ત્યારે તેને પરાર્થ-સ્મરણ કહેવાય છે.

समर्थयन्ते —

પક્ષહેતુ વચનાત્મક પરાર્થ-અનુમાનનું સમર્થન કરતા જણાવે છે.

पक्ष-हेतुवचनलक्षणमवयवद्वयमेव परप्रतिपत्तेरङ्गम् न दृष्टान्तादिवचनम् ॥ ३-२८ ॥

પક્ષ અને હેતુ એમ બે અંગવાળુ જે વચન તે જ પરના બોધનું અંગ (કારણ) છે પરંતુ દૃષ્ટાન્ત વિગેરે વચનોની આવશ્યકતા નથી.

''पर्वतो वह्निमान् धूमात्'' इत्याकारकमवयवद्वयमेव प्रतिपाद्यगतज्ञानं प्रति कारणं, न दृष्टान्तादिवचनम्, आदिपदेनोपनय-निगमनादयो गृह्यन्ते । एतेन व्याप्तिप्रदर्शनपूर्वकं दृष्टान्तवचनोपेतं पक्षधर्मतोपसंहाररूपमवयवद्वयं सौगतैः, पक्ष-हेतु-दृष्टान्तोपनय-निगमनस्वरूपं पञ्चावयवं नैयायिक-वैशेषिकाभ्यामनुमानमाम्नायि तन्निरस्तं वेदितव्यम् । अवयवद्वयस्वीकारश्च व्युत्पन्नमतिप्रतिपाद्यापेक्षया द्रष्टव्यः, अतिव्युत्पन्नमतिप्रतिपाद्यापेक्षया तु 'धूमोऽत्र विद्यते' इति हेतुप्रयोगमात्रात्मकमेवानुमानं भवति, ''मन्दमतींस्तु व्युत्पादयितुं दृष्टान्तोपनय-निगमनान्यपि प्रयोज्यानि'' [३-४३] इति वक्ष्यन्ति ॥ २८ ॥

''पर्वतो वह्निमान् धूमात्'' આ અનુમાનમાં પક્ષ, અને હેતુ આ બે અવયવ જ શ્રોતામાં રહેલા જ્ઞાન પ્રત્યે કારણ છે. દૃષ્ટાન્ત આદિ વચનોની જરૂરિયાત નથી. આદિપદવડે ઉપનય-નિગમન આદિ પણ જરૂરી નથી, એમ સમજી લેવું. આ પ્રમાણે કહેવાથી જે અનુમાન પ્રયોગમાં વ્યાપ્તિજ્ઞાન જણાવવા પૂર્વક દૃષ્ટાન્ત-વચનથી યુક્ત પક્ષધર્મતારૂપ ઉપસંહાર અને ઉપનય રૂપ બે અવયવો બૌદ્ધો માને છે અને પક્ષ હેતુ દૃષ્ટાન્ત ઉપનય અને નિગમન સ્વરૂપ પાંચ અવયવવાળુ વાક્ય નૈયાયિકો અને વૈશેષિકો માને છે એઓની માન્યતાનું ખંડન જાણવું.

વ્યુત્પન્નમતિવાળા શ્રોતાની અપેક્ષાએ પક્ષ અને હેતુ બે અવયવોનો પ્રયોગ જાણવો અને અતિવ્યુત્પન્નમતિવાળા શ્રોતાની અપેક્ષાએ ''ધૂમ અહીં વિદ્યમાન છે'' એ પ્રમાણે હેતુના પ્રયોગમાત્રથી જ અનુમાન થાય છે. તેમજ મંદમતિવાળાઓને સમજાવવા માટે દૃષ્ટાન્ત ઉપનય-નિગમન (પક્ષહેતુ સહિત) પાંચે અવયવોનો પ્રયોગ કરવા યોગ્ય છે એમ આગળ ગ્રન્થકારશ્રી સૂત્ર ૪૨માં કહેશે. (તથા ન સમજાય એવા બાલજીવો માટે દસ અવયવોનો પ્રયોગ પણ જરૂરી બને છે.)

વિશેષાર્થ : પોતાને થયેલ બોધ પરને કરાવવામાં પરાર્થ-અનુમાનની જરૂરિયાત છે. હવે તે બોધ પરને કોઈ એક જ પ્રકારે થાય એવો તો આગ્રહ રાખી શકાય નહીં, પરંતુ સામેના વ્યક્તિને સુખે પદાર્થનું ભાન થાય ત્યાં સુધી ભાન કરાવનાર વ્યક્તિને તેના ખુલાસા કરવા જોઈએ અને તે ખુલાસા જુદી જુદી વ્યક્તિનેં અનુસરીને કોઈને એક બે ત્રણ પાંચ અને છેવટે વધુમાં વધુ દસ અવયવોની પણ અપેક્ષા રાખે છે. આ ખુલાસાઓને જ અનુમાનના અવયવ તરીકે પ્રમાણ-મનાય છે તેથી આ અવયવોની નિયત સંખ્યાનો એકાંતે આગ્રહ રાખવો તે અયોગ્ય છે. પરંતુ, જેને એક જ અવયવથી કે બે અવયવોથી બોધ થઈ જતો હોય તેને વધારે અવયવો જણાવવા નિરર્થક છે.

पक्षप्रयोगं प्रतिष्ठाप्य हेतुप्रयोगप्रकारं दर्शयन्ति —

હેતુના પ્રકારો જણાવે છે.

हेतुप्रयोगस्तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां द्विप्रकारः ॥ ३-२९ ॥

'તથોપપત્તિ' (સાધ્ય હોય તો જ હેતુ હોય) અન્યથા 'અનુપપત્તિ' (સાધ્ય ન હોય તો હેતુ ન હોય) એમ બંનેવડે કરીને હેતુનો પ્રયોગ બે પ્રકારે છે.

'वह्निसत्त्वे एव धूमसत्त्वम्' इत्याकारकसाध्यसद्भावप्रकारेण हेतोरुपपत्तिस्तथोपपत्तिः, ''वह्न्यभावे धूमाभावः'' इत्याकारक साध्याभावप्रकारेण हेतोरनुपपत्तिरन्यथानुपपत्तिः, ताभ्यामन्वय-व्यतिरेकस्वरूपाभ्यां तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां हेतुप्रयोगो द्विभेद इत्यर्थः ॥ २९ ॥

'વહ્નિ હોતે છતે ધૂમનું હોવું' ઇત્યાકારક સાધ્યના વિદ્યમાનતાના પ્રકારવડે હેતુનું હોવું તે 'તથોપપત્તિ' છે અને 'વહ્નિના અભાવમાં ધૂમનો અભાવ' એ પ્રમાણેના સ્વરૂપવાળા સાધ્યના અભાવના પ્રકારવડે હેતુનું ન હોવું તે 'અન્યથા અનુપપત્તિ' છે. તથોપપત્તિ અને અન્યથા અનુપપત્તિ, તેનું જ બીજું નામ અન્વય અને વ્યતિરેક, એમ હેતુનો પ્રયોગ બે પ્રકારે છે.

अमू एव स्वरूपतो निरूपयन्ति —

सत्येव साध्ये हेतोरुपपत्तिस्तथोपपत्तिः;
असति साध्ये हेतोरनुपपत्तिरेवान्यथानुपपत्तिः ॥ ३-३०

प्रयोगतोऽपि प्रकटयन्ति —

यथा कृशानुमानयं पाकप्रदेशः सत्येव कृशानुमत्त्वे,
धूमवत्त्वस्योपपत्तेः, असत्यनुपपत्तेर्वा ॥ ३१ ॥

સાધ્ય હોતે છતે હેતુનું હોવું તે 'તથોપપત્તિ' સાધ્ય ન હોતે છતે હેતુનું ન હોવું તે અન્યથા-અનુપપત્તિ છે.

જેમ કે આ રસોડું અગ્નિવાળું છે. અગ્નિ હોતે છતે ધૂમની ઉપપત્તિ છે અને અગ્નિ ન હોતે છતે ધૂમની અનુપપત્તિ છે.

असत्यनुपपत्तेः-असति कृशानुमत्वे धूमवत्त्वस्यानुपपत्तेरित्यर्थं ॥ ३१ ॥

असतिअनुपपत्ति=અગ્નિ ન હોતે છતે ધૂમનું ન હોવું તે. એ પ્રમાણે અર્થ જાણવો....

अमुयोः प्रयोगौ नियमयन्ति —

આ બન્ને પ્રયોગોનું નિયમન કરે છે.

अनयोरन्यतरप्रयोगेणैव साध्यप्रतिपत्तौ
द्वितीयप्रयोगस्यैकत्रानुपयोगः ॥ ३-३२ ॥

આ બે પ્રયોગમાંથી ગમે તે એક પ્રયોગવડે સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. એક જગ્યાએ બીજાનો પ્રયોગ નિરૂપયોગી છે.

अयं भावः- यत्र तथोपपत्तिप्रयोगेण साध्यसिद्धिः संजाता, तत्रान्यथानुपपत्तिप्रयोगस्य नोपयोगः, एवमन्यथाऽनुपपत्तिप्रयोगेण साध्यसिद्धौ संजातायां तथोपपत्तिप्रयोगस्य नोपयोग इति ॥ ३२ ॥

તેનો ભાવ આ પ્રમાણે છે જ્યાં તથોપપત્તિ પ્રયોગવડે સાધ્યની સિદ્ધિ થઈ ગઈ છે, ત્યાં અન્યથા-અનુપપત્તિ ઉપયોગ ન કરવો, એવી જ રીતે જ્યાં અન્યથા અનુપપત્તિવડે સાધ્યની સિદ્ધિ થઈ જાય છે ત્યાં તથોપપત્તિનો ઉપયોગ ન કરવો.

विशेषार्थ : આ બંને પ્રયોગમાં માત્ર વાક્ય-રચના જ ભિન્ન છે, પરંતુ અર્થ ભિન્ન નથી. માટે એક જગ્યાએ બંને પ્રયોગની જરૂર નથી. માત્ર સાધ્યસિદ્ધિ બંનેમાંના કોઈપણ એક પ્રયોગ વડે થઈ શકે છે.

अथ यदुक्तं 'न दृष्टान्तादिवचनं परप्रतिपत्तेरङ्गम्' (३.२८) इति । तत्र दृष्टान्तवचनं तावन्निराचिकीर्षवः- तद्धि किं परप्रतिपत्त्यर्थं परैरङ्गीक्रियते ?, किंवा हेतोरन्यथानुपपत्तिनिर्णीतये ?, यद्वाऽविनाभावस्मृतये ? इति विकल्पेषु प्रथमं विकल्पं दूषयन्ति —

ટીકામાં અર્થ છે.

દૃષ્ટાન્ત વચનની આવશ્યકતા જણાવે છે.

न दृष्टान्तवचनं परप्रतिपत्तये प्रभवति,
तस्यां पक्षहेतुवचनयोरेव व्यापारोपलब्धेः ॥ ३-३३ ॥

દૃષ્ટાન્તવચન પરની પ્રતિપત્તિ માટે સમર્થ નથી. કારણ કે- પક્ષ અને હેતુવાળું વચન જ તે પરની પ્રતિપત્તિમાં વ્યાપાર (કરતું) દેખાય છે.

नैयायिकादयो दृष्टान्तोपनय-निगमनान्यप्यनुमानाङ्गत्वेनाङ्गीकुर्वन्ति, तत्र तैर्दृष्टान्तवचनं किं परप्रतिपत्त्यर्थं स्वीक्रियते, उत व्याप्तिनिर्णयार्थम्, आहोस्विद् व्याप्तिस्मरणार्थम् ? इति विकल्पत्रयमुद्भाव्य प्रथमं विकल्प दूषयन्ति-न दृष्टान्तवचनमिति- 'पर्वतो वह्निमान् धूमवत्त्वान्यथाऽनुपपत्तेः' इति पक्षहेतुवचनलक्षणावयवद्वयेनैवाविस्मृतसम्बन्धस्य साध्यप्रतिपत्तिसम्भवे दृष्टान्तवचनं निरर्थकमिति भावः ॥ ३३ ॥

નૈયાયિકો વિગેરે દૃષ્ટાન્ત ઉપનય અને નિગમન આ ત્રણ પણ અનુમાન કરવામાં અંગરૂપ છે એમ કહે છે તેમાં તેઓ વડે (૧) દૃષ્ટાન્તવચન શું પરના બોધ માટે સ્વીકારાય છે ? (૨) વ્યાપ્તિના નિર્ણય માટે સ્વીકારાય છે ? (૩) કે વ્યાપ્તિના સ્મરણ માટે સ્વીકારાય છે ? એમ ત્રણ વિકલ્પોનું ઉદ્‌ભાવન કરીને પ્રથમવિકલ્પને દૂષિત કરતા કહે છે. न दृष्टान्तवचनमिति- તે દૃષ્ટાન્તવાળું વચન બીજાની પ્રત્તિપત્તિ માટે જરૂરી નથી કારણ કે पर्वतो वह्निमान् धूमात् જેણે અગ્નિ અને ધૂમની વ્યાપ્તિનો સંબંધ જાણ્યો છે તેઓને સાધ્યનો સંભવ સમજાવવામાં દૃષ્ટાન્ત વચન નિરર્થક છે, એવો ભાવ છે.

द्वितीयं विकल्पं परास्यन्ति —

નૈયાયિકો-આદિના બીજા વિકલ્પને દૂષિત કરે છે.

न च हेतोरेन्यथानुपपत्तिनिर्णीतये यथोक्ततर्कप्रमाणादेव तदुपपत्तेः ॥ ३-३४ ॥

હેતુની અન્યથા- અનુપપત્તિ (વ્યાપ્તિના) નિર્ણય માટે પણ દૃષ્ટાન્ત વચન જરૂરી નથી કારણ કે પૂર્વે કહેલા તર્કપ્રમાણથી જ અન્યથા અનુપપત્તિ સિદ્ધ થાય છે.

द्वितीयविकल्पं दूषयन्ति -न चेति - हेतोर्व्याप्तिनिर्णयार्थमपि दृष्टान्तस्य नोपयोगः, तर्कप्रमाणादेव व्याप्तिनिर्णयोपपत्तेः ॥ ३४ ॥

બીજા વિકલ્પમાં પણ દોષ આપે છે હેતુની વ્યાપ્તિના નિર્ણય માટે પણ દૃષ્ટાન્ત-વચનની જરૂર નથી. તર્કપ્રમાણથી જ વ્યાપ્તિના નિર્ણયની ઉત્પત્તિ થાય છે.

अत्रैवोपपत्त्यन्तरमुपवर्णयन्ति —

હેતુની વ્યાપ્તિ માટે દૃષ્ટાન્ત વચનની જરૂર નથી, તેના ઉપર બીજી યુક્તિ જણાવે છે.

नियतैकविशेषस्वभावे च दृष्टान्ते साकल्येन व्याप्तेरयोगतो विप्रतिपत्तौ तदन्तरापेक्षायामनवस्थितेर्दुर्निवारः समवतारः ॥३-३५॥

દૃષ્ટાન્ત એ નિયત એકદેશ અને એકકાલ રૂપ એક જ વિશેષ સ્વભાવવાળું હોતે છતે સકલદેશ અને સકલકાળના વિષયવાળી વ્યાપ્તિ ન ઘટવાથી (અયોગ-થવાથી) વિવાદ ઉપસ્થિત થયે છતે તે અન્ય દૃષ્ટાન્તની અપેક્ષા રાખે છતે

અનવસ્થાનો સમવતાર દુઃખે નિવારાશે (વારંવાર બીજા દૃષ્ટાન્તની અપેક્ષામાં અનવસ્થાદોષ આવશે માટે દૃષ્ટાન્તની જરૂર નથી એમ તાત્પર્યાર્થ જાણવો).

अयंभावः- पक्षे वह्नि-धूमयोर्व्याप्तिनिर्णयार्थं यदि दृष्टान्तस्य महानसस्योपयोगः तर्हि नियतैकविशेषस्वरूपे दृष्टान्ते महानसे व्याप्तिनिर्णयः कथं जातः ? इति वक्तव्यम्, अन्येन दृष्टान्तेन चेत्, तत्रापि कथम् ? अन्येन चेत्, अनवस्था दुस्तरा महानदी, तस्मात् तर्कप्रमाणादेव व्याप्तिनिर्णयोपपत्तौ तदर्थं दृष्टान्तवचनं न कर्तव्यमिति ॥ ३५ ॥

તેનો ભાવ આ પ્રમાણે છે : પક્ષપર્વતમાં વહ્નિ અને ધૂમની વ્યાપ્તિના નિર્ણય માટે જો દૃષ્ટાન્ત એવા મહાનસનો ઉપયોગ કરશો તો નિયત એક વિશેષ-સ્વરૂપવાળા એવા દૃષ્ટાન્તીભૂત મહાનસમાં વ્યાપ્તિનો નિર્ણય કેવી રીતે કરશો? જો એમ કહો કે અન્ય દૃષ્ટાન્તવડે મહાનસમાં વ્યાપ્તિનો નિર્ણય કરીશું.' તો તે અન્ય દૃષ્ટાન્તમાં પણ કઈ રીતે વ્યાપ્તિનો નિર્ણય કરશો ? બીજા દૃષ્ટાન્તવડે કરવો પડશે. આમ કરવા જતા દુઃખે કરીને તરી શકાય (પાર કરી શકાય) તેથી અનવસ્થા દોષરૂપી મહાનદી થશે, તેથી તર્કપ્રમાણથી જ વ્યાપ્તિના નિર્ણયની ઉપપત્તિ થયે છતે તેના માટે દૃષ્ટાન્તવચન કહેવા યોગ્ય નથી.

विशेषार्थ : જેમ કે જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિ છે. આમાં મહાનસનું દૃષ્ટાન્ત આપીએ તો ત્રણલોકમાં અને ત્રણે કાળમાં જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં ધૂમ હોય એવી વ્યાપ્તિનો નિર્ણય ન કરી શકાય કારણ કે દૃષ્ટાન્ત એકસ્થાનમાં અને એકકાળમાં સિમિત છે. જ્યારે વ્યાપ્તિ તો ત્રિકાલ અને ત્રિલોક સંબંધી છે. તેથી કોઈ મહાનસને ન જાણે તો તે સમજાવવા ચત્વરનું દૃષ્ટાન્ત આપે. એ ન જાણે તો તેને સમજાવવા બીજુ દૃષ્ટાન્ત આપે. તો અનવસ્થા દોષ આવશે તેથી દૃષ્ટાન્તની જરૂર નથી.

तृतीयविकल्पं पराकुर्वन्ति —

ત્રીજા વિકલ્પને દૂષિત કરે છે.

नाप्यविनाभावस्मृतये, प्रतिपन्नप्रतिबन्धस्य व्युत्पन्नमतेः पक्षहेतुप्रदर्शनेनैव तत्प्रसिद्धेः ॥ ३-३६ ॥

આ દૃષ્ટાન્તવચન, અવિનાભાવની સ્મૃતિ માટે પણ જરૂરી નથી, ગ્રહણ

કરેલી છે વ્યાપ્તિ જેણે એવા વ્યુત્પન્નમતિવાળા શ્રોતાને, પક્ષ અને હેતુ એમ બે વચનો જણાવવાથી જ અવિનાભાવનું સ્મરણ થઈ જાય છે.

व्याप्तिस्मरणार्थमपि दृष्टान्तवचनं न प्रभवति प्रतिपन्नप्रतिबन्धस्य गृहीत-व्याप्तिकस्य व्युत्पन्नमतेः 'पर्वतो वह्निमान् धूमवत्त्वान्यथानुपपत्तेः' इत्या-कारकपक्ष-हेतुप्रदर्शनेनैव तत्प्रसिद्धेः= व्याप्तिस्मरणस्य प्रसिद्धेः ॥ ३६॥

વ્યાપ્તિના સ્મરણ માટે પણ દૃષ્ટાન્તવચનની જરૂર નથી. અવિનાભાવનો સંબંધ જેણે અનુભવેલો છે એવા વ્યુત્પન્નમતિવાળા શ્રોતાને તો પર્વતો વહ્નિ-માન્ ધૂમાત્, ઇત્યાદિ સ્વરૂપવાળા પક્ષ અને હેતુના પ્રદર્શન માત્રથી જ વ્યાપ્તિના સ્મરણની સિદ્ધિ થઈ જાય છે. માટે દૃષ્ટાન્ત જરૂરી નથી.

अमुमेवार्थं समर्थयन्ते —

ઉપરોક્ત કથનનું જ સમર્થન કરતા જણાવે છે કે–

अन्तर्व्याप्त्या हेतोः साध्यप्रत्यायने शक्तावशक्तौ च बहिर्व्याप्तेरुद्भावनं व्यर्थम् ॥ ३-३७ ॥

જ્યાં અન્તર્વ્યાપ્તિ દ્વારા હેતુથી સાધ્ય સમજાવવાની શક્તિ હોય કે નશક્તિ હોય તો પણ બહિર્વ્યાપ્તિનું કથન વ્યર્થ છે.

'मत्पुत्रोऽयं बहिर्वक्ति एवंरूपस्वराऽन्यथानुपपत्तेः' इत्यत्र बहिर्व्याप्त्य-भावेऽपि हेतोर्गमकत्वदर्शनात् एवं 'स श्यामः' तत्पुत्रत्वादितरतत्पुत्रवत् इत्यत्र बहिर्व्याप्ति-सद्भावेऽपि गमकत्वस्याऽदर्शनाद् बर्हिव्याप्तेः- दृष्टान्तस्योद्भावनं व्यर्थम् ।३७।

જે બહાર બોલે છે તે "મારો પુત્ર છે" અન્યથા આવા પ્રકારનો સ્વર ન હોય, અહીં આ અનુમાનમાં બહિર્વ્યાપ્તિ (દૃષ્ટાન્ત) નથી છતાં પણ હેતુ સાધ્યને જણાવનાર બને છે.

તે અષ્ટમપુત્ર શ્યામ છે તે મિત્રાનો પુત્ર હોવાથી, તેના બીજાપુત્રની જેમ આ અનુમાનમાં બહિર્વ્યાપ્તિ (દૃષ્ટાન્ત)નો સદ્ભાવ હોવા છતાં પણ એ હેતુ સાધ્યનો ગમક નથી તેથી બહિર્વ્યાપ્તિનું કહેવું તે નિરર્થક છે.

વિશેષાર્થ : આ પ્રથમ અનુમાનમાં 'एवंविधस्वरत्वं' હેતુ, मत्पुत्रः એ સાધ્ય, તે બંનેનો સહચાર પક્ષીકૃત જે બોલે છે તેમાં જ સંભવે છે. તેથી પક્ષની

અંદર જ વ્યાપ્તિ હોવાથી તે અન્તર્વ્યાપ્તિ કહેવાય છે. પક્ષની બહારનું કોઈ દૃષ્ટાન્ત મળતું નથી છતાં અન્તર્વ્યાપ્તિદ્વારા જ આ હેતુ સાધ્યનો ગમક થાય છે. માટે બહિર્વ્યાપ્તિના આધારભૂત દૃષ્ટાન્તવચનની જરૂર નથી.

स अष्टमपुत्रः श्यामः तत्पुत्रत्वात् (मित्रा-तनयत्वात्) આવા પ્રકારના બીજા અનુમાનમાં બહિર્વ્યાપ્તિ છે, તેને અનુરૂપ દૃષ્ટાન્ત છે, છતાં હેતુ સાધ્યનો ગમક થતો નથી. કારણ કે- सः= તે અષ્ટમપુત્ર કાળો છે. तत्पुत्रत्वात्- મિત્રાનો પુત્ર હોવાથી, અહીં જે જે મિત્રાના પુત્ર છે તે શ્યામ છે જેમ. એકથી સાત પુત્રો આવી બહિર્વ્યાપ્તિ થાય છે દૃષ્ટાન્ત પણ મોજુદ છે, છતાં તત્પુત્રત્વહેતુ શ્યામત્વની સાથે અન્યથાનુપપત્તિવાળો ન હોવાથી સાધ્યનો ગમક બનતો નથી. માટે દૃષ્ટાન્તનું કથન જરૂરી નથી.

अथैतयोः स्वरूपमाहुः —

અન્ત-વ્યાપ્તિ અને બહિ-વ્યાપ્તિનું સ્વરૂપ જણાવે છે.

पक्षीकृत एव विषये साधनस्य साध्येन व्याप्तिरन्तर्व्याप्तिः,
अन्यत्र तु बहिर्व्याप्तिः ॥ ३-३८ ॥

પક્ષરૂપે કરેલા જ વિષયમાં સાધ્યની સાથે સાધનની વ્યાપ્તિ તે અન્ત-વ્યાપ્તિ કહેવાય છે. અન્યત્ર=પક્ષના બહારના ઉદાહરણમાં હેતુ અને સાધ્યની વ્યાપ્તિ છે તે બહિર્વ્યાપ્તિ કહેવાય છે.

यथा अनेकान्तात्मकं वस्तु सत्त्वस्य तथैवोपपत्तेरिति,
अग्निमानयं देशः, धूमवत्वाद्, य एवं स एवं,
यथा पाकस्थानमिति च ॥ ३-३९ ॥

(૧) જેમ કે વસ્તુ (પદાર્થ) અનેકધર્માત્મક છે. કારણ કે જો અનેકાંતપણું માનીએ તો જ સત્પણું ઘટે છે. (૨) આ પ્રદેશ અગ્નિવાળો છે. કારણ કે ધૂમવાળો હોવાથી, જે જે ધૂમવાળા હોય છે તે તે અગ્નિવાળા હોય છે જેમ રસોડું.

'वस्तु अनेकान्तात्मकं सत्त्वस्य तथैवोपपत्तेः' अत्र वस्तुमात्रस्य पक्षत्वाद् दृष्टान्ताभावात् पक्षीकृत एव विषये साधनस्य-सत्त्वस्य साध्येन-अनेकान्तात्मकेन सह व्याप्तिर्वर्तते, अत इयमन्तर्व्याप्तिशब्देनोच्यते । 'अयं देशोऽग्निमान् धूमवत्त्वाद्, यो यो धूमवान् स स वह्निमान्, यथा पाकस्थानम्'

अत्र पक्षीकृतविषयाद् देशादन्यत्र पाकस्थाने साधनस्य धूमस्य साध्येन वह्निना सह व्याप्तिर्वर्तते, अतो बहिर्व्याप्तिशब्देनोच्यते ॥ ३८-३९ ॥

પદાર્થ અનેકધર્મવાળો છે કારણ કે સત્પણાની તે જ પ્રમાણે ઉપપત્તિ હોવાથી, આ અનુમાનમાં વસ્તુમાત્ર (સર્વે પદાર્થો) પક્ષરૂપે કરાયેલ હોવાથી પદાર્થના વિષયમાં જ સાધન એવા સત્ત્વની સાધ્ય એવા અનેકાન્તાત્મક સાથે વ્યાપ્તિ વર્તે છે આથી જ આ અન્તર્વ્યાપ્તિ કહેવાય છે.

આ દેશ અગ્નિવાળો છે ધૂમવાળો હોવાથી, જે જે ધૂમવાળા હોય છે તે તે અગ્નિવાળા હોય છે જેમ કે રસોડું. આ અનુમાનમાં પક્ષરૂપે કરાયેલા વિષયવાળા દેશથી અન્યત્ર રસોડામાં સાધ્યના સાધનની વ્યાપ્તિ વર્તે છે આથી તે બહિર્વ્યાપ્તિ કહેવાય છે.

उपनयनिगमनयोरपि परप्रतिपत्तौ सामर्थ्यं कदर्थयन्ते —

ઉપનય અને નિગમન પણ બીજાને જ્ઞાન કરાવવામાં અસમર્થ છે તે જણાવે છે.

नोपनय-निगमनयोरपि परप्रतिपत्तौ सामर्थ्यं,
पक्षहेतुप्रयोगादेव तस्याः सद्भावात् ॥ ३-४० ॥

ઉપનય અને નિગમનનું પણ પરને બોધ કરાવવામાં સામર્થ્ય નથી, કારણ કે પક્ષ અને હેતુના પ્રયોગથી જ તે પરપ્રતિપત્તિ થઈ જ જાય છે.

न केवलं दृष्टान्तस्य परप्रतिपत्तावसामर्थ्यम्, अपि तु उपनय-निगमनयोरपि परप्रतिपत्तौ सामर्थ्यं नास्ति, पक्षहेतुप्रयोगादेव परप्रतिपत्तेः सद्भावात् ॥ ४० ॥

કેવલ દૃષ્ટાન્તનું જ બીજાને સમજાવવા અસામર્થ્ય છે એવું નથી પરંતુ ઉપનય અને નિગમનનું બીજાને જણાવવામાં સામર્થ્ય નથી. કારણ કે પક્ષ અને હેતુના પ્રયોગથી જ બીજાને બોધ થઈ જાય છે.

વિશેષાર્થ : નૈયાયિકો, વૈશેષિકો વિગેરે પક્ષ, હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય, નિગમન એમ પાંચ અવયવવાળું વાક્ય તે બીજાને બોધ કરાવવામાં સમર્થ છે તેમ માને છે. તે જ પરાર્થાનુમાન છે તેમ કહે છે પરંતુ તે વાત બરાબર ઘટી શકતી નથી. કારણ કે પક્ષ અને હેતુ પ્રયોગથી અન્યને જ્ઞાન થઈ શકે

છે માટે જેમ દૃષ્ટાન્તનું અસામર્થ્યપણું છે તેમ ઉપનય અને નિગમનનું પણ અસામર્થ્યપણું જ છે. તેમ જાણવું.

एतदेवाहुः —

હેતુનું સામર્થ્ય જણાવે છે.

समर्थनमेव परं परप्रतिपत्त्यङ्गमास्तां, तदन्तरेण दृष्टान्तादि-प्रयोगेऽपि तदसम्भवात् ॥ ३-४१ ॥

બળવાન એવો હેતુ જ બીજાને બોધ કરાવવાનું અંગ છે તે સમર્થ હેતુ વિના દૃષ્ટાન્ત વિગેરેનો પ્રયોગ કરવા છતાં બીજાને બોધ કરાવવાનો અસંભવ છે.

अयमर्थः- असिद्धतादिदोषनिरसनपूर्वकस्वसाध्यसाधनसामर्थ्यप्रदर्शन-रूपं हेतोः समर्थनं विना दृष्टान्तादिप्रयोगेऽपि न साध्यसिद्धि र्भवितुमर्हतीति समर्थनमेव परप्रतिपत्तावङ्गं भवतु किं दृष्टान्तादिप्रदर्शनेन? ॥ ४१ ॥

અસિદ્ધતા વિગેરે દોષોને દૂર કરવા પૂર્વક પોતાના સાધ્યને સાધવામાં સામર્થ્યને બતાવનારા એવા હેતુનાં સમર્થન વિના દૃષ્ટાન્ત આદિ પ્રયોગ કરે છતે પણ સાધ્યની સિદ્ધિ થતી નથી. અહીં હેતુનું સમર્થન જ પરના બોધ માટે અંગરૂપ થવાને યોગ્ય છે. દૃષ્ટાન્ત આદિને જણાવવા વડે શું ? અર્થાત્ દૃષ્ટાન્તાદિ પરના બોધના અંગ બનતા નથી.

व्युत्पन्नानाश्रित्य परार्थानुमानस्वरूपमुक्तं, संप्रति मन्दमतिमाश्रित्य तत् प्रदर्शयन्ति —

વ્યુત્પન્નમતિવાળા જીવોને આશ્રયીને પરાર્થાનુમાનનું સ્વરૂપ કહેવાયું, હમણાં મન્દમતિવાળા જીવને આશ્રયીને તે પરાર્થ-અનુમાન દેખાડે છે.

मन्दमतींस्तु व्युत्पादयितुं दृष्टान्तोपनय-निगमनान्यपि प्रयोज्यानि ॥ ३-४२ ॥

મન્દમતિવાળા જીવોને સમજાવવા માટે તો દૃષ્ટાન્ત ઉપનય અને નિગમનનો પણ પ્રયોગ કરવો જરૂરી છે.

अपिशब्दात् पक्ष-हेतू, पक्षादिषु सम्भाव्यमानदोषनिराकरणरूपाः शुद्धयश्च पञ्च ग्राह्याः॥ ४२ ॥

સૂત્રમાં આપેલ' अपि 'શબ્દથી પક્ષ અને હેતુ બંને જાણવા. તથા પક્ષવિગેરેમાં સંભવતા એવા દોષોને દૂર કરવા સ્વરૂપ પાંચશુદ્ધિ પણ ગ્રહણ કરવી.

વિશેષાર્થ : આ સૂત્રથી સ્પષ્ટગ્રન્થકાર જણાવે છે કે જૈનો પાંચ અવયવવાળા પરાર્થ-અનુમાનનો એકાંતે નિષેધ કરતાં નથી, પરંતુ જે અન્યદર્શનકારો ત્રણ કે પાંચ અવયવ સિવાય પરનો બોધ ન થાય તેવો આગ્રહ રાખે છે તે વ્યાજબી નથી.

अथ दृष्टान्तं प्रकटयन्ति—

દૃષ્ટાન્તનું સ્વરૂપ બતાવે છે :

प्रतिबन्धप्रतिपत्तेरास्पदं दृष्टान्तः ॥ ३-४३ ॥

પ્રતિબંધની (હેતુ અને સાધ્યના સહચાર=વ્યાપ્તિની) પ્રતિપત્તિ કરવા માટેનું જે સ્થાન તે દૃષ્ટાન્ત કહેવાય છે.

प्रतिबन्धः- व्याप्तिः तस्याः प्रतिपत्तेः- स्मरणस्य आस्पदं- स्थानं महानसादि-दृष्टान्त इत्युच्यते ॥ ४३ ॥

પ્રતિબંધ એટલે કે વ્યાપ્તિના સ્મરણનું જે સ્થાન મહાનસ વિગેરે તે દૃષ્ટાન્ત કહેવાય છે.

भेदतोऽमून् दर्शयन्ति—

તે દૃષ્ટાન્તના પ્રકારો જણાવે છે.

स द्वेधा साधर्म्यतो वैधर्म्यतश्च ॥ ३-४४ ॥

તે દૃષ્ટાન્ત સાધર્મ્ય અને વૈધર્મ્યથી બે પ્રકારે છે.

समानो धर्मो यस्यासौ सधर्मा तस्य भावः साधर्म्यम्= अन्वयः, विरुद्धो धर्मो यस्यासौ विधर्मा तस्य भावो वैधर्म्यम्=व्यतिरेकः, ताभ्यां साधर्म्य-वैधर्म्याभ्यामन्वय-व्यतिरेकाभ्यां दृष्टान्तो द्विभेदः इत्यर्थः ॥ ४४ ॥

સમાન છે ધર્મ જેનો તે 'સધર્મા' તેનો ભાવ તે 'સાધર્મ્ય=અન્વય, અને વિરુદ્ધ છે ધર્મ જેનો તે 'વિધર્મા' તેનો ભાવ 'વૈધર્મ્ય'= વ્યતિરેક, તે સાધર્મ્ય= અન્વય અને વૈધર્મ્ય= વ્યતિરેક તે બંને વડે દૃષ્ટાન્ત બે પ્રકારનું છે.

आद्यं प्रकारमाहु—

સાધર્મ્ય દૃષ્ટાન્તનું ઉદાહરણ સહિત લક્ષણ બતાવે છે.

यत्र साधनधर्मसत्तायामवश्यं साध्यधर्मसत्ता प्रकाश्यते स साधर्म्यदृष्टान्तः ॥ ३-४५॥

यथा यत्र यत्र धूमस्तत्र तत्र वह्नि र्यथा महानसः॥ ३-४६॥

જ્યાં સાધનધર્મની સત્તા (હેતનું અસ્તિત્વ) હોય ત્યાં સાધ્યધર્મનું અસ્તિત્વ પણ છે જ એવું પ્રકાશિત કરાય તે સાધર્મ્યદૃષ્ટાન્ત કહેવાય છે.

જેમ કે જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં વહ્નિ હોય જેમ રસોડું, આ સાધર્મ્ય-દૃષ્ટાંન્ત છે.

द्वितीयभेदं दर्शयन्ति-

વૈધર્મ્યદૃષ્ટાન્તનું સ્વરૂપ ઉદાહરણ સહિત બતાવે છે.

यत्र तु साध्याभावे साधनस्यावश्यमभावः प्रदर्श्यते स वैधर्म्यदृष्टान्तः ॥ ३-४७ ॥

यथाऽग्न्यभावे न भवेत्येव धूमः, यथा जलाशये ॥ ३-४८॥

જ્યાં સાધ્યના અભાવમાં સાધનનો અવશ્ય અભાવ જણાય છે તે વૈધર્મ્ય દૃષ્ટાન્ત કહેવાય જેમ કે જ્યાં જ્યાં અગ્નિનો અભાવ હોય ત્યાં ત્યાં ધૂમ ન જ હોય જેમ કે જલાશય.

उपनयं वर्णयन्ति-

ઉપનયનું સ્વરૂપ સદૃષ્ટાન્ત જણાવે છે.

हेतोः साध्यधर्मिण्युपसंहरणमुपनयः ॥ ३-४९ ॥

यथा धूमश्चात्र प्रदेशे ॥ ३-५० ॥

હેતુનું-સાધ્યધર્મીમાં (સાધ્યથી વિશિષ્ટ એવા પક્ષમાં) ઉપસંહાર કરવો તે ઉપનય છે. જેમ કે આ પ્રદેશમાં ધૂમ છે.

हेतोर्धूमस्य, साध्यधर्मिणि पर्वते, उपसंहरणं,- 'धूमश्चात्र पर्वते' इत्यादि-रुपेण प्रदर्शनम् उपनयशब्देनोच्यते ॥ ४९-५०॥

હેતુ એવા ધૂમનું સાધ્યધર્મી એવા પર્વતમાં ઉપસંહાર કરવો જેમ કે **ધૂમ અહીં પર્વતમાં છે** એ પ્રમાણે જે દેખાડવું તે ઉપનય કહેવાય છે.

निगमनं लक्षयन्ति—

નિગમનનું લક્ષણ ઉદાહરણ સહિત બતાવે છે.

साध्यधर्मस्य पुनर्निगमनम् ॥ ३-५१ ॥

यथा तस्मादग्निरत्र ॥ ३-५२ ॥

સાધ્યધર્મનું પક્ષમાં પુનઃ કથન (ઉપસંહરણ) કરવું તે નિગમન છે. જેમ કે તે કારણથી અગ્નિ અહીં છે.

साध्यधर्मस्य वह्नेः साध्यधर्मिणि पर्वते 'तस्मादग्निरत्र' इत्यादि-रूपेणोपसंहरणं निगमनमित्युच्यते ॥ ५१-५२ ॥

સાધ્યધર્મ એવા વહ્નિનું સાધ્યધર્મ એવા પર્વતમાં "તેથી અહીં અગ્નિ છે" ઇત્યાદિ સ્વરૂપ ઉપસંહાર કરવો તે નિગમન કહેવાય છે.

पक्षवचनादीनां पूर्वाचार्य-प्रवर्तितां संज्ञां कथयन्ति—

પક્ષવચન વિગેરેની પૂર્વાચાર્યોએ કરેલી સંજ્ઞા જણાવે છે.

एते पक्षप्रयोगादयः पञ्चाप्यवयवसंज्ञया कीर्त्यन्ते ॥३-५३॥

આ પક્ષપ્રયોગ વિગેરે પાંચ પણ અવયવ સંજ્ઞાવડે કથન કરાય છે.

पक्ष-हेचु-दृष्टान्तोपनय-निगमनानि, अपिशब्दात् तेषां शुद्धयश्च पञ्च, अवयवशब्देनोच्यन्ते, इति ॥ ५३ ॥

પક્ષવચન, હેતુવચન, દૃષ્ટવચન, ઉપનયવચન અને નિગમન વચન તથા સૂત્રમાં આપેલ 'अपि' શબ્દથી તેઓની પાંચેની શુદ્ધિ પણ "અવયવ" સંજ્ઞા દ્વારા કથન કરાય છે.

વિશેષાર્થ : પક્ષ-હેતુ-દૃષ્ટાન્ત-ઉપનય-નિગમનવચન આ પાંચ અનુમાનના અંગો હોવાથી પૂર્વાચાર્યો વડે તેને 'અવયવ' કહેવાય છે તથા અતિમંદ બુદ્ધિવાળાને આશ્રીયીને તો ક્વચિત (ક્યાંક) પ્રયોગ કરાતી પક્ષશુદ્ધિ-હેતુશુદ્ધિ અને દૃષ્ટાન્તશુદ્ધિ આદિ પાંચ પ્રકારની પણ પરાર્થાનુમાનનું એકેક અંગ હોવાથી 'અવયવ' જ કહેવાય છે.

प्रागुक्तमेव हेतुं प्रकारतो दर्शयन्ति-

હેતુના પ્રકારો જણાવે છે.

उक्तलक्षणो हेतुर्द्विप्रकारः,

उपलब्ध्यनुपलब्धिभ्यां भिद्यमानत्वात् ॥ ३-५४ ॥

પૂર્વે કહેલા લક્ષણવાળો હેતુ ઉપલબ્ધિ અને અનુપલબ્ધિના ભેદથી બે પ્રકારે છે.

उपलब्धिः-उपलम्भः, अनुपलब्धिः-अनुपलम्भः ताभ्यामुपलम्भानुपलम्भाभ्यां हेतुर्द्विप्रकार इत्यर्थः ॥ ५४ ॥

ઉપલબ્ધિ=ઉપલંભ [પક્ષમાં વિદ્યમાન રૂપ હેતુ] અનુપલબ્ધિ [પક્ષમાં અવિદ્યમાન રૂપ હેતુ] તે બંને પ્રકારવડે હેતુ બે પ્રકારનો છે.

अथैतयोः साध्यमाहुः—

બંને પ્રકારના હેતુનું સાધ્ય જણાવે છે.

उपलब्धिर्विधि-निषेधयोः सिद्धिनिबंधनमनुपलब्धिश्च ।५५।

ઉપલબ્ધિ રૂપ હેતુ વિધિરૂપ સાધ્યની સિદ્ધિમાં અને નિષેધરૂપ સાધ્યની સિદ્ધિમાં કારણરૂપ છે. અનુપલબ્ધિ હેતુ પણ વિધિ અને નિષેધરૂપ સાધ્યની સિદ્ધિમાં કારણ બને છે.

साध्यं द्विविधं विधिरूपं निषेधरूपं च, हेतुश्च द्विविध उपलब्धिरूपोऽनुपलब्धिरूपश्च, तत्र उपलब्धिरूपो हेतुर्विधिरूपस्य साध्यस्य साधकः अनुपलब्धिरूपो हेतुर्निषेधरूपस्य साध्यस्य साधकः इति येऽभिमन्यन्ते तान् निराकर्तुमाहुः-उपलिब्धिरिति-

अयं भावः- यथा उपलब्धिरूपस्य साध्यस्य साधिका तथा निषेधरूपस्यापि, एवमनुपलब्धिर्यथा निषेधरूपस्य साध्यस्य साधिका तथा विधिरूपस्यापि, तस्मादुपलब्धिर्विधिरूपस्यैव साध्यस्य साधिका, अनुपलब्धिर्निषेधरूपस्यैवेति नियमो न कर्तव्यः ॥ ५५ ॥

સાધ્ય બે પ્રકારે છે. વિધિસ્વરૂપ અને નિષેધસ્વરૂપ અને હેતુ પણ બે પ્રકારે છે. ઉપલબ્ધિરૂપ અને અનુપલબ્ધિરૂપ.

તેમાં ઉપલબ્ધિરૂપ હેતુ વિધિરૂપ સાધ્યનો સાધક છે અને અનુપલબ્ધિરૂપ હેતુ નિષેધ રૂપ સાધ્યનો સાધક છે. એવું જે માને છે તેનું ખંડન કરવા માટે કહે છે. તે આ પ્રમાણે- જેમ ઉપલબ્ધિરૂપ હેતુ વિધિરૂપ સાધ્યને સાધનાર છે

તેમ નિષેધરૂપ સાધ્યને સાધનાર પણ છે. એ પ્રમાણે અનુપલબ્ધિરૂપ હેતુ પણ જેમ નિષેધરૂપ સાધ્યને સાધનાર છે તેમ વિધિરૂપ સાધ્યને પણ સાધનાર છે તેથી ઉપલબ્ધિ હેતુ વિધિને જ અનુપલબ્ધિહેતુ નિષેધને જ સાધનાર છે તેવો નિયમ કરવો જોઈએ નહીં.

विधिमभिदधति—

વિધિ અને નિષેધનું નિરૂપણ જણાવે છે.

विधिः सदंशः ॥ ३-५६ ॥

પદાર્થમાં રહેલો જે સદંશ (વિદ્યમાન ધર્મ) તે વિધિ કહેવાય છે.

सदसदात्मकस्य वस्तुनो यः सदंशः-भावरूपः स विधिरित्यर्थः ॥५६॥

દરેક વસ્તુ જે સત્-અસત્ સ્વરૂપ છે તેનો જે ભાવરૂપ-વિદ્યમાન અંશ તે વિધિ કહેવાય છે.

प्रतिषेधं प्रकटयन्ति—

प्रतिषेधोऽसदंशः ॥ ३-५७॥

અભાવરૂપ જે અસદંશ છે તે નિષેધ કહેવાય છે.

सदसदात्मकस्य वस्तुनो योऽसदंशः-अभावरूपः स प्रतिषेध इति॥५७॥

ભાવ અને અભાવ સ્વરૂપ એવા પદાર્થમાં જે અસત્-અભાવરૂપ અંશ તે પ્રતિષેધ કહેવાય છે.

વિશેષાર્થ : સંસારવર્તી તમામ પદાર્થો સ્વદ્રવ્યાદિ સ્વરૂપે અસ્તિત્વરૂપ છે તેને સદંશ કહેવાય છે અને તે જ તમામ વસ્તુ પરરૂપે નાસ્તિત્વરૂપ છે તેને અસદંશ કહેવાય છે. એમ પ્રત્યેક વસ્તુ સદંશ અને અસદંશ એમ ઉભયાત્મક છે. કેવલ એકલા સદંશાત્મક કે અસદંશાત્મક નથી, તેમાં સદંશ વિધિરૂપ છે અને અસદંશ નિષેધરૂપ છે.

अस्यैव प्रकारानाहुः—

પ્રસંગવશથી નિષેધના પ્રકારો જણાવે છે.

स चतुर्धा प्रागभावः, प्रध्वंसाभाव,
इतरेतराभावोऽत्यन्ताभावश्च ॥३-५८॥

તે નિષેધ પ્રાગભાવ પ્રધ્વંસાભાવ ઈતરેતરાભાવ અને અત્યન્તાભાવ એમ ચાર પ્રકારે છે.

स प्रतिषेधः प्रागभावादिभेदेन चतुर्विध इत्यर्थः। वस्तुन उत्पत्तेः प्राग् अभावः प्रागभावः, प्रध्वंसरूपोऽभावः प्रध्वंसाभावः, इतरस्येतरस्मिन्नभाव इतरेतराभावः, अत्यन्तं कालत्रयेऽप्यभावोऽत्यन्ताभावः ॥ ५८॥

તે પ્રતિષેધ પ્રાગભાવ આદિના ભેદવડે ચારપ્રકારનો છે તેમ જાણવું. વસ્તુની ઉત્પત્તિ પૂર્વેનો જે અભાવ તે પ્રાગભાવ, વસ્તુના નાશ પછીનો જે અભાવ તે પ્રધ્વંસાભાવ, એક પદાર્થનો જે બીજા પદાર્થમાં અભાવ તે ઈતરેતરાભાવ, ત્રણે કાળમાં વસ્તુનો અભાવ તે અત્યન્તાભાવ કહેવાય છે.

तत्र प्रागभावमाविर्भावयन्ति—

પ્રાગભાવનું સ્વરૂપ દૃષ્ટાન્ત સહિત જણાવે છે.

यन्निवृत्तावेव कार्यस्य समुत्पत्तिः सोऽस्य प्रागभावः।३-५९।

જે પદાર્થની નિવૃત્તિ થયે છતે જ કાર્યની ઉત્પત્તિ થાય તે પદાર્થ આ ઉત્પદ્યમાન કાર્યનો પ્રાગભાવ કહેવાય છે.

यस्य पदार्थस्य-निवृत्तावेव नाशे एव सति, कार्यस्य समुत्पत्तिः स पदार्थः, अस्य कार्यस्य प्रागभावः ॥ ५९ ॥

જે પદાર્થ નાશથયે છતે જ કાર્યની ઉત્પત્તિ થાય છે તે પદાર્થ આ કાર્યનો પ્રાગભાવ છે.

अत्रोदाहरन्ति—

यथा मृत्पिण्डनिवृत्तावेव समुत्पद्यमानस्य

घटस्य मृत्पिण्डः॥ ३-६०॥

मृतपिण्डस्य नाशे सत्येव घटस्योत्पत्तिर्भवति अतः मृत्पिण्ड एव घटस्य प्रागभावः ॥ ६०॥

જેમ માટીનાપિંડનો નાશ થયે છતે જ ઘટની ઉત્પત્તિ થાય છે આથી જ મૃત્પિંડ જ ઘટનો પ્રાગભાવ છે.

વિશેષાર્થ : કોઈપણ પદાર્થ ઉત્પન્ન થાય તે પહેલાનો જે પદાર્થ હોય તે ઉત્પન્ન થનાર પદાર્થનો પ્રાગભાવ છે. અને તે નિવૃત્ત થાય તો જ કાર્ય ઉત્પન્ન થાય છે. પ્રસ્તુત ઉદાહરણમાં ઘટની પૂર્વે માટીનો પિંડ છે તેની નિવૃત્તિ થયા પછી જ ઘડો ઉત્પન્ન થાય છે તેથી જે માટીનો પિંડ છે તે જ ઉત્પન્ન થતા ઘડાનો પ્રાગભાવ છે. કાર્યની ઉત્પત્તિપૂર્વે પ્રથમ જે પદાર્થ હોય તેનો નાશ થવો જોઈએ. કાર્યની ઉત્પત્તિની પહેલાના પદાર્થની નિવૃત્તિને નિશ્ચયપૂર્વક માનવા માટે જ સૂત્રમાં 'एवकार' છે અન્યથા તે લક્ષણ અયોગ્યમાં ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવે.

प्रध्वंसाभावं प्राहुः—

પ્રધ્વંસાભાવનું સ્વરૂપ ઉદાહરણ સહિત બતાવે છે.

यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तिः
सोऽस्य प्रध्वंसाभावः ॥ ३-६१॥

उदाहरन्ति—

यथा कपालकदम्बकोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकम् ॥ ३-६२ ॥

જે પદાર્થની ઉત્પત્તિ થતા કાર્યનો અવશ્ય નાશ જ થાય તે પદાર્થ આ કાર્યનો પ્રધ્વંસાભાવ કહેવાય છે.

જેમ કપાલનોસમૂહ ઉત્પન્ન થયે છતે નિશ્ચયે નાશ પામતા એવા કલશનો (ઘટનો) કપાલનો સમૂહ પ્રધ્વંસાભાવ કહેવાય છે.

यस्य पदार्थस्योत्पत्तौ कार्यस्यावश्यं विपत्तिः-विनाशः स पदार्थः, अस्य कार्यस्य प्रध्वंसाभावः ॥ ६१ ॥

घटनाशमन्तरा कपालोत्पत्तिर्न भवतीति कपालकदम्बकं घटस्य प्रध्वंसाभावः ॥ ६२ ॥

જે પદાર્થની ઉત્પત્તિમાં કાર્યનો અવશ્ય વિનાશ થાય છે તે પદાર્થ આ કાર્યનો પ્રધ્વંસાભાવ કહેવાય છે. ઘટના નાશ વિના કપાલની ઉત્પત્તિ થતી નથી એથી કપાલના સમૂહને ઘટનો પ્રધ્વંસાભાવ કહેવાય છે.

વિશેષાર્થ : પ્રશ્ન : પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવમાં શું ભેદ છે ?

ઉત્તર: ઘટકાર્યની પૂર્વેનો જે પર્યાય, જેમ કે માટીનોપિંડ તેમાં પ્રાગભાવ રહે છે અને ઘટકાર્યની ઉત્તરનો જે પર્યાય, જેમકે કપાલ તે પ્રધ્વંસાભાવ છે. સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો જે ક્ષણમાં ઘટ ઉત્પન્ન થાય છે તે ક્ષણથી પૂર્વક્ષણ-વર્તીપર્યાય તે પ્રાગભાવ, અને જે ક્ષણમાં ઘટનો નાશ થાય છે તેની બીજી= ઉત્તરક્ષણવર્તી પર્યાય તે પ્રધ્વંસાભાવ છે.

इतरेतराभावं वर्णयन्ति—

ઇતરેતરાભાવનું સ્વરૂપ સોદાહરણ જણાવે છે.

स्वरूपान्तरात् स्वरूपव्यावृत्तिरितरेतराभावः ॥ ३-६३ ॥

उदाहरणमाहुः—

यथा स्तम्भस्वभावात् कुम्भस्वभावव्यावृत्तिः ॥३-६४ ॥

બીજાના સ્વરૂપથી પોતાના સ્વરૂપની જે વ્યાવૃત્તિ તે ઇતરેતરાભાવ કહેવાય છે. જેમ સ્તંભસ્વભાવથી કુંભ સ્વભાવનો જે ભેદ (વ્યાવૃત્તિ) તે ઇતરેતરાભાવ છે.

स्वरूपान्तरात्-स्तम्भादिस्वरूपान्तरात्, स्वरूपव्यावृत्तिः घटादिस्वरूपस्य व्यावृत्तिः, इतरेतराभावः-अन्योऽन्याभाव इत्यर्थः ॥ ६३॥

यथा स्तम्भस्वभावात्=स्तम्भस्वरूपात्, कुम्भस्वभावस्य=कलश-स्वरूपस्य, व्यावृत्तिरन्योऽन्याभावः ॥ ६४ ॥

સ્તંભ વિગેરે સ્વરૂપથી ઘટાદિ સ્વરૂપની વ્યાવૃત્તિ તે ઇતરેતરાભાવ છે તેને અન્યોન્યાભાવ પણ કહેવાય છે.

વિશેષાર્થ : એક પર્યાયનું બીજા પર્યાયમાં ન હોવું તે ઇતરેતરાભાવ છે જેમ સ્તંભનું કુંભમાં ન હોવું. સ્તંભ અને કુંભ બંને એકીસાથે વિદ્યમાન છે પરંતુ સ્તંભ તે કુંભ નથી અને કુંભ તે સ્તંભ નથી. આમ બંનેમાં પરસ્પરનો જે અભાવ છે. સ્તંભ એ પુદ્ગલ છે અને કુંભ એ પણ પુદ્ગલ છે. બંને પુદ્ગલના જ પર્યાય છે પરંતુ, એક પર્યાયમાં બીજા પર્યાયની સત્તા નથી આ અન્યોન્યાભાવ કહેવાય.

अत्यन्ताभावमुपदिशन्ति—

અત્યન્તાભાવનું સ્વરૂપ સદૃષ્ટાન્ત બતાવે છે.

कालत्रयाऽपेक्षिणी हि तादात्म्यपरिणामनिवृत्तिरत्यन्ता-भावः ॥ ३-६५॥

निदर्शयन्ति—

यथा चेतनाऽचेतनयोः ॥ ३-६६॥

ત્રણે કાળ સંબંધી તાદાત્મ્યપરિણામનો જે અભાવ તેને અત્યન્તાભાવ કહેવાય છે. જેમ ચેતન અને અચેતનનો (અભાવ તે) અત્યન્તાભાવ છે.

भूत-भविष्यद्-वर्तमानरूपकालत्रयेऽपि याऽसौ तादात्म्यपरिणाम-निवृत्तिः एकत्वपरिणामव्यावृत्तिः सोऽत्यन्ताभावः ॥ ६५ ॥

यथा चेतनः- जीवो भूत-भविष्यद्-वर्तमानरूपकालत्रयेऽपि अचेतन-त्वेन जडत्वेन न परिणमति, एवमचेतनोऽपि न चेतनस्वरूपेण । तदेवं प्रकारेण चेतनाचेतनयोः कालत्रयेऽपि या तादात्म्यपरिणामनिवृत्तिः सोऽत्य-न्ताभाव इत्यर्थः ॥ ६६ ॥

ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળ સ્વરૂપ ત્રણેકાળમાં જે તાદાત્મ્ય-પરિણામનો અભાવ એટલે કે એકત્વ પરિણામની જે વ્યાવૃત્તિ તે અત્યન્તાભાવ કહેવાય છે. જેમ ચેતન એટલે કે જીવ-ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનરૂપ ત્રણે કાળમાં અચેતન એટલે જડપણાના પરિણામ પામતો નથી. એ પ્રમાણે અચેતનપણ ચેતનપણાને પામતો નથી. આજ પ્રકારથી ચેતન અને અચેતનમાં ત્રણેકાળમાં એકત્વ પરિણામનું ન હોવું તે અત્યન્તાભાવ કહેવાય છે.

વિશેષાર્થ : પ્રશ્ન : ઇતરેતરાભાવ અને અત્યન્તાભાવમાં શું તફાવત છે?

ઉત્તર : એક દ્રવ્યોના અનેક પર્યાયનો પરસ્પર અભાવ તે ઇતરેતરાભાવ છે. જેમ કુંભ અને સ્તંભનો પરસ્પર અભાવ, અહીં પુદ્ગલ દ્રવ્ય એક જ છે. તથા અનેક દ્રવ્યોનો પરસ્પરનો જે અભાવ તે અત્યન્તાભાવ છે. જેમ કે ત્રણેય-કાળમાં ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય રૂપે બનતો નથી.

પ્રતિષેધ=અભાવ (અવિદ્યમાનતા) તે વાસ્તવિક રીતે તો એક જ છે પરંતુ તેના ચાર ભેદો ભાવાત્મક જે વસ્તુ છે તેને જ ઇતરની અપેક્ષાએ એટલે કે

જુદીજુદી અપેક્ષાએ અભાવરૂપે છે પરંતુ 'અભાવ' નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. અહીં ચાર ભેદોમાં પ્રથમ અભાવ પદાર્થની પૂર્વાવસ્થાને આશ્રયીને છે. બીજો ભેદ-પદાર્થની ઉત્તરાવસ્થાને લઈને છે ત્રીજો ભેદ સહ (સાથે) અવસ્થાને ગ્રહણ કરીને છે અને ચોથો ભેદ ત્રણેકાળની અવસ્થાને લઈને છે.

अथोपलब्धिं प्रकारतो दर्शयन्ति—

પૂર્વે બતાવેલ ઉપલબ્ધિ હેતુના પ્રકારો જણાવે છે.

उपलब्धेरपि द्वैविध्यमविरुद्धोपलब्धि-
र्विरुद्धोपलब्धिश्च ॥ ३-६७॥

ઉપલબ્ધિ હેતુના પણ બે પ્રકાર છે. અવિરુદ્ધોપલબ્ધિ અને વિરૂદ્ધોપલબ્ધિ.

साध्येन सहाविरुद्धस्य हेतोरुपलब्धिरविरुद्धोपलब्धिः साध्येन सह विरुद्धस्य हेतोरुपलब्धिर्विरुद्धोपलब्धिरित्युच्यते ॥ ६७ ॥

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા હેતુની ઉપલબ્ધિ તે અવિરુદ્ધોપલબ્ધિ છે (આ હેતુ વિધિરૂપ સાધ્યને સિદ્ધ કરનાર છે) અને સાધ્યની સાથે વિરુદ્ધ એવા હેતુની જે ઉપલબ્ધિ તે વિરુદ્ધોપલબ્ધિ હેતુ છે. (આ હેતુ નિષેધરૂપ સાધ્યની સિદ્ધિ કરનાર છે)

વિશેષાર્થ : પૂર્વ સૂત્રમાં (૫૬માં) કહ્યા પ્રમાણે ઉપલબ્ધિ હેતુ વિધિરૂપ અને નિષેધરૂપ સાધ્યને સાધવામાં કારણરૂપ છે. અહીં જે વિરુદ્ધતા અને અવિરુદ્ધતા બતાવી છે તે સાધ્યની સાથે સમજવી. તથા સૂત્રમાં આપેલ 'अपि' શબ્દ દ્વારા કેવલ ઉપલબ્ધિ હેતુ બે પ્રકારે છે તેમ નહીં પરંતુ, અનુપલબ્ધિ હેતુ પણ (આગળ સૂત્ર-૯૩માં બતાવ્યા પ્રમાણે) અવિરૂદ્ધાનુપલબ્ધિ અને વિરુદ્ધાનુપલબ્ધિ એમ બે પ્રકારે છે.

आद्याया भेदानाहुः—

હવે પછીના સૂત્રમાં હેતુના ભેદો-પ્રભેદોનું સ્વરૂપ સૂત્રકારશ્રી જણાવશે તેમાં અવિરૂદ્ધોપલબ્ધિના પ્રકારો જણાવે છે.

तत्राविरुद्धोपलब्धिर्विधिसिद्धौ षोढा ॥ ६८ ॥

તેમાં (પૂર્વોક્ત બે પ્રકારની ઉપલબ્ધિમાં) અવિરૂદ્ધોપલબ્ધિ હેતુ વિધિની સિદ્ધિમાં છ પ્રકારે છે.

विधिरूपस्य साध्यस्य सिद्धावविरुद्धोपलब्धिः षोढा - षट्प्रकारेत्यर्थः ॥ ६८ ॥

વિધિરૂપ સાધ્યને સિદ્ધ કરવામાં અવિરુદ્ધોપલબ્ધિ હેતુ છ પ્રકારે છે.

षट्प्रकारानाहुः—

साध्येनाविरुद्धानां व्याप्य-कार्य-कारण-
पूर्वचरोत्तरचरसहचराणामुपलब्धिः ॥ ३-६९ ॥

સાધ્યની સાથે અવિરોધી એવા વ્યાપ્યની, કાર્યની, કારણની, પૂર્વચરની, ઉત્તરચરની અને સહચરની જે ઉપલબ્ધિ, તે આ પ્રમાણે છ પ્રકારે અવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે.

साध्येनाविरुद्धव्याप्यस्य, कार्यस्य, कारणस्य, पूर्वचरस्य, उत्तरचरस्य, सहचरस्य चोपलब्धिः व्याप्याविरुद्धोपलब्धिः, कार्याविरुद्धोपलब्धिः, कारणाविरुद्धोपलब्धिः पूर्वचराविरुद्धोपलब्धिः, उत्तरचराविरुद्धोपलब्धिः, सहचराविरुद्धोपलब्धिरित्यविरुद्धोपलब्धेः षड् भेदा इत्यर्थः ॥ ६९ ॥

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા વ્યાપ્યની ઉપલબ્ધિ તે વ્યાપ્ય-અવિરુદ્ધોપલબ્ધિ કહેવાય છે.

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા કાર્યની પ્રાપ્તિ તે કાર્ય-અવિરુદ્ધ-ઉપલબ્ધિ છે.

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા કારણની પ્રાપ્તિ તે કારણ-અવિરુદ્ધ- ઉપલબ્ધિ છે.

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા પૂર્વચરની પ્રાપ્તિ તે પૂર્વચર-અવિરુદ્ધ-ઉપલબ્ધિ છે.

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા ઉત્તરચરની પ્રાપ્તિ ઉત્તરચર-અવિરુદ્ધ-ઉપલબ્ધિ છે.

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા સહચરની પ્રાપ્તિ તે સહચર-અવિરુદ્ધ-ઉપલબ્ધિ છે.

વિશેષાર્થ : હવે જ્યારે ગ્રન્થકારે અહિંયા વિધિને સાધનાર અવિરુદ્ધોપલબ્ધિ હેતુના છ પ્રકારો બતાવ્યા છે ત્યારે આ વિષયમાં બૌદ્ધો કંઈક જુદુ જ માને છે. એટલે કે વિધિરૂપ સાધ્યની સિદ્ધિ કરવામાં સ્વભાવરૂપ અને કાર્યરૂપ બે જ હેતુ છે. કોઈ પણ જાતના વધારે હેતુઓની વિધિને સાધવામાં

આવશ્યકતા રહેતી નથી તેથી આપણી માન્યતા મુજબના કારણ, પૂર્વચર, ઉત્તરચર અને સહચર એ ચાર ભેદો વિધિને સાધવામાં આવશ્યક નથી આ પ્રમાણેની માન્યતા બૌદ્ધો ધરાવે છે. જેમ કે- 'वह्नि अस्ति दाहदर्शनात्' આ હેતુ સ્વભાવાત્મક છે. કારણ કે વહ્નિનો દાહ સ્વભાવ છે. એવી રીતે अयं जीवः ज्ञानादिमत्वात् જીવનો જ્ઞાનએ સ્વભાવ છે આ પણ સ્વભાવ હેતુ છે તથા 'पर्वतो वह्निमान् धूमात्' આ હેતુ કાર્યાત્મક છે એટલે જ્યાં કાર્ય હોય ત્યાં કારણ અવશ્ય હોય. अयं बीजः अङ्कुरदर्शनात् આ હેતુ પણ કાર્યાત્મક છે. આ પ્રમાણે સ્વભાવ અને કાર્ય એમ બે પ્રકારના હેતુ વિધિરૂપ સાધ્યની સિદ્ધિ કરે છે પરંતુ, કારણાત્મક આદિ હેતુ તે બૌદ્ધો સ્વીકારતા નથી. તેના માટે તેઓ દૃષ્ટાન્ત આપે છે કે पर्वतो धूमवान् वह्निमत्वात् આ અનુમાનમાં જ્યાં જ્યાં કારણ હોય ત્યાં ત્યાં કાર્ય અવશ્ય હોય તેવો નિયમ નથી. કારણ કે તપેલા લોઢાના ગોળામાં વહ્નિ કારણ વિદ્યમાન છે છતાં ધૂમરૂપ કાર્ય નથી માટે કારણ હેતુ સાધ્યને સિદ્ધ કરવામાં સંપૂર્ણ સમર્થ નથી માટે બે જ પ્રકારના હેતુ માનવા જોઈએ આવી બૌદ્ધની માન્યતાનું ખંડન હવે કરવામાં આવે છે.

तन्निराकर्तुं कीर्त्तयन्ति—

तमस्विन्यामास्वाद्यमानादाम्रादिफलरसाद् एकसामग्र्यनुमित्या रूपाद्यनुमितिमभिमन्यमानैरभिमतमेव किमपि कारणं हेतुतया यत्र शक्तेरप्रतिस्खलनमपरकारणसाकल्यं च ॥ ३-७० ॥

અંધકારમય રાત્રીમાં આસ્વાદ કરાતા આમ્રાદિ ફળના રસથી એક જ સામગ્રીની અનુમિતિવડે રૂપાદિનું અનુમાન સ્વીકારનારા બૌદ્ધો વડે હેતુ તરીકે કોઈપણ કારણ મનાયું છે. જે કારણમાં કાર્યજનક શક્તિની અપ્રતિસ્ખલના હોય અને અન્ય સર્વકારણોની પૂર્ણતા હોય.

बौद्धाः किल वदन्ति- ''विधिरूपस्य साध्यस्य सिद्धौ स्वभावकार्ये एव हेतुत्वेनाङ्गीकरणीये न कारणम्, तस्माऽयोगोलके वह्निरूपस्य कारणस्य विद्यमानत्वेऽपि धूमरूपकार्यानुत्पादात्'' तान् कारणस्यापि हेतुत्वमङ्गीकारयितुमाहुः- 'तमस्विन्यामित्यादि-'

आम्रादिफले रूप-रसयोर्जनिका एकैव सामग्री, तथा च रजन्यामास्वाद्यमानादाम्रादिफलरसात् तज्जनिका सामग्र्यनुमीयते, तया च सामग्र्या

रूपानुमानं भवति, एवमभिमन्यमानैः सौगतैः स्वीकृतमेव कार्यानुमापकं प्रतिबन्धाभाव-विशिष्टं कारणान्तरसहकृतं च किमपि कारणम्, तस्मात् कारणस्यापि हेतुत्वमङ्गीकरणीयमिति भावः, एवम् 'अस्त्यत्र छाया छत्रात्' इत्यादीन्यपि कारणानुमानानि ज्ञातव्यानि ॥ ७० ॥

બૌદ્ધો કહે છે : વિધિરૂપ સાધ્યની સિદ્ધિમાં સ્વભાવ અને કાર્ય આવા પ્રકારના બે જ હેતુને હેતુરૂપે અંગીકાર કરવો જોઈએ. પરંતુ, કારણ હેતુને નહીં. કેમ કે તપેલા લોઢાના ગોલકમાં વહ્નિરૂપ કારણ વિદ્યમાન હોવા છતાં પણ ધૂમરૂપ કાર્ય ઉત્પન્ન થતું નથી. આવી માન્યતાવાળા તેઓને કારણને પણ હેતુરૂપે સ્વીકાર કરાવવા માટે तमस्विन्या॰ એ પ્રમાણે સૂત્રમાં કહેલું કહે છે કે-

આમ્ર વિગેરે ફળોમાં રૂપ અને રસને ઉત્પન્ન કરનારી એક જ સામગ્રી છે. કારણકે રાત્રીમાં ચખાતા એવા કેરી વિગેરે ફળના રસથી ઉત્પન્ન થનારી સામગ્રીનું અનુમાન કરાય છે. અને તે સામગ્રીવડે રૂપનું અનુમાન કરાય છે. (જેમકે કેરી ચાખતાં મીઠી છે તો પીળી હોવી જોઈએ ખાટી છે તો લીલી હોવી જોઈએ.) આ પ્રમાણે માનતા એવા બૌદ્ધો વડે કાર્યને જણાવનાર પ્રતિબંધના અભાવથીયુક્ત (જેમાં રહેલી શક્તિ સ્ખલિત છે તે પ્રતિબંધ છે, અને જેમાં શક્તિ અસ્ખલિત હોય તે પ્રતિબંધાભાવ) એવું, તેથી બીજા કારણોથી સહકારી એવું કોઈપણ કારણ સ્વીકાર્યું છે જ. તેથી કારણને હેતુ તરીકે સ્વીકારવા યોગ્ય છે. અને આ પ્રમાણે 'अस्त्यत्र छाया छत्रात्' અહીં છાયા છે કેમ કે છત્ર હોવાથી, વિગેરે આવાં કારણ હેતુનાં અનુમાનો જાણવાં.

अथ पूर्वचरोत्तरचरयोः स्वभाव-कार्य-रणहेत्वनन्तर्भावाद्भेदान्तरत्वं समर्थयन्ते—

પૂર્વચર અને ઉત્તરચર હેતુ પણ સ્વતંત્ર છે. તેનો સમાવેશ કોઈમાં થતો નથી તે જણાવે છે.

पूर्वचरोत्तरचरयोर्न स्वभावकार्य-कारणभावौ,
तयोः कालव्यवहितावनुपलम्भात् ॥ ३-७१ ॥

પૂર્વચર અને ઉત્તરચર હેતુઓનો સ્વભાવાત્મક હેતુ કે કાર્ય-કારણભાવ-હેતુમાં સમાવેશ થઈ શકતો નથી. કારણ કે સ્વભાવહેતુ, કાર્યહેતુ અને કારણહેતુ કાળના વ્યવધાનમાં જણાતા નથી.

पूर्वचरोत्तरचरयोः स्वभावहेतौ तदुत्पत्तिहेतौ वाऽन्तर्भावो न सम्भवति, तयोः स्वभाव कार्य-कारणभावयोः कालव्यवहितौ-कालव्यवधाने, अनुपलम्भात् ।

अयं भावः- साध्य-साधनयोस्तादात्म्ये सति स्वभावहेतावन्तर्भावो भवेत्, यथा- 'अयं वृक्षः शिंशपात्वात्' इत्यस्य स्वभावेऽन्तर्भावः तथा साध्य-साधनयोः कार्य-कारणभावे सति कार्यहेतौ कारणहैतौ वाऽन्तरर्भावो विभाव्यते, तथा 'पर्वतो वह्निमान् धूमात्' इत्यस्य कार्ये, 'भविष्यति वर्ष तथा-विधवारिवाहविलोकनात्' इत्यस्यकारणेऽन्तर्भावः । न च पूर्वचरोत्तरचरयोः स्वभावे कार्यकारणभावे वाऽन्तर्भावसम्भवति, स्वभावकार्य-कारणभावयोः कालव्यवधाने उपलम्भाभावात्, पूर्वचरोत्तरचरयोस्तु कालव्यवधानेऽपि उपलम्भो भवति, तस्मान्न स्वभावे कार्ये कारणे वाऽन्तर्भावः ॥ ७१ ॥

પૂર્વચર અને ઉત્તરચર હેતુઓનો સ્વભાવ હેતુમાં અને તદુત્પત્તિ એટલે કે કાર્યકારણભાવ હેતુમાં અન્તર્ભાવ સંભવતો નથી तयोः= સ્વભાવ અને કાર્યકારણભાવમાં કાળનું વ્યવધાન દેખાતું નથી.

તેનો ભાવ આ પ્રમાણે છે :- સાધ્યસાધનભાવનું તાદાત્મ્ય હોતે છતે સ્વભાવ હેતુમાં અન્તર્ભાવ થાય. જેમ કે अयं वृक्षः शिंशपात्वात् અહીં વૃક્ષત્વ એ શિંશપાનો સ્વભાવ છે એટલે કે વૃક્ષ અને શિંશપાનો તાદાત્મ્ય સંબંધ છે માટે આ અનુમાનનું સ્વભાવહેતુમાં અન્તર્ભાવિતપણું છે. તથા સાધ્ય અને સાધનમાં કાર્ય-કારણભાવ હોતે છતે કાર્યહેતુમાં અથવા કારણહેતુમાં જોડાણ વિચારી શકાય છે જેમકે- 'पर्वतो वह्निमान् धूमात्' અહીં ધૂમ હેતુ કાર્યરૂપ છે તથા भविष्यति वर्षं तथाविधवारिवाहविलोकनात् અહીં વરસાદ થશે તેવા પ્રકારના વાદળો દેખાતા હોવાથી. આ અનુમાનમાં વરસાદ થવા રૂપ જે કાર્ય તેનું કારણ-હેતુમાં અન્તર્ભાવ છે. પૂર્વચર અને ઉત્તરચરનો સ્વભાવ કે કાર્યકારણભાવમાં અન્તર્ભાવ સંભવતો નથી કારણ કે સ્વભાવ કાર્ય-કારણ-ભાવમાં કાળનું વ્યવધાન જણાતું નથી અને પૂર્વચર અને ઉત્તરચરમાં તો કાળનું વ્યવધાન હોય છે છતાં પણ બોધ થાય છે તેથી સ્વભાવ કાર્ય કે કારણમાં અન્તર્ભાવ થતો નથી.

વિશેષાર્થ : જ્યાં તાદાત્મ્ય સંબંધ છે ત્યાં સમસમયભાવી છે અને તે

સ્વભાવ હેતુમાં ગણી શકાય છે, અને જ્યાં તદુત્પત્તિ સંબંધ છે ત્યાં કાળના વ્યવધાનવિના અવ્યવહિત પૂર્વક્ષણ પછી ઉત્તરક્ષણમાં કાર્ય થાય છે અને તે કાર્યહેતુ કે કારણહેતુમાં ગણી શકાય છે પરંતુ પૂર્વચર કે ઉત્તરચર હેતુઓ તાદાત્મ્યસંબંધ કે તદુત્પત્તિસંબંધ ધરાવતા નથી કારણ કે આ પૂર્વચર અને ઉત્તરચર હેતુઓ સમયસમયભાવી કે અવ્યવહિત પૂર્વોત્તરક્ષણભાવી નથી પરંતુ વ્યવહિત પૂર્વોત્તરકાળવર્ત્તી છે તેથી આ બંને પૂર્વચર અને ઉત્તરચરહેતુનો સમાવેશ સ્વભાવહેતુમાં કે કાર્યહેતુમાં કે કારણહેતુમાં થતો નથી તેથી તે બંને હેતુને ભિન્ન સ્વીકારવા યોગ્ય છે.

ननु कालव्यवधानेऽपि कार्यकारण भावो भवत्येव जाग्रदबोध-प्रबोधयोर्मरणारिष्टयोश्च तथादर्शनादिति प्रतिजानानं प्रज्ञाकरं प्रतिक्षिपन्ति—

આપણી પૂર્વોક્ત માન્યતાને વિષે કોઈક (બૌદ્ધ) જણાવે છે કે કાળનું વ્યવધાન હોવા છતા પણ કાર્ય-કારણભાવ સંભવી શકે છે જેમ કે સુતા પહેલાની જાગૃત અવસ્થાનું જ્ઞાન સુઈને ઉઠ્યા પછીના વર્તમાનકાળના જ્ઞાનમાં કારણ બને છે. તેમજ ભવિષ્યમાં થનારું મરણ બર્તમાનકાળના અપશુકનો જોવામાં કારણ બને છે. આ રીતે પૂર્વચર હેતુ કાર્ય અને કારણમાં સમાઈ શકે છે આવી દલીલનું ખંડન કરતા કહે છે.

न चातिक्रान्तानागतयोर्जाग्रद्दशासंवेदन-मरणयोः प्रबोधोत्पातौ प्रति कारणत्वं, व्यवहितत्वेन निर्व्यापारत्वात्॥ ३-७२॥

અતિક્રાન્ત અવસ્થાભાવી જાગૃતદશાસંવેદન તથા અનાગતઅવસ્થાભાવી મરણનું વર્તમાનકાલભાવી પ્રબોધ (સુઈને ઉઠ્યા પછી થનાર જ્ઞાન) પ્રત્યે, અને ઉત્પાત (અકસ્માત થનાર અરિષ્ટ) પ્રત્યે કારણ નથી કારણ કે કાળનું વ્યવધાન હોવાથી (જન્યજનકરૂપે) વ્યાપાર વિનાનો છે.

ननु वर्तमानप्रबोधं प्रति अतीतस्य जाग्रद्दशासंवेदनस्य, एवं सांप्रतिकं धुवाऽवीक्षणादिकमरिष्टं प्रति अनागतस्य मरणस्य कारणत्वदर्शनात्-कालव्य-वधानेपि कार्य-कारणभावो भवेत्येवेति वदन्तं निराकुर्वन्नाहुः-न चेत्यादि-

जाग्रद्दशासंवेदन-प्रबोधयोर्मरणारिष्टयोश्च कार्य-कारणभावो न सम्भवति तयोरत्यन्तव्यवहितत्वेन व्यापाराभावात्, नहि निर्व्यापारमपि कारणं भवति, निर्व्यापारस्यापि कारणत्वेऽङ्गीक्रियमाणे सर्वं सर्वं प्रति कारणं भवेत् ॥ ७२ ॥

ननु:- વર્તમાનકાળે સુઈને ઉઠ્યા પછી થનાર જ્ઞાન તરફ પૂર્વે અનુભવેલું એવું જાગૃતદશાનું જે જ્ઞાન છે તે, તથા એવી જ રીતે વર્તમાનકાળે ધ્રુવતારાનું અદર્શનાદિરૂપ જે અરિષ્ટ (અમંગલ) પ્રત્યે અનાગતના મરણનું કારણપણું દેખાતું હોવાથી કાળના વ્યવધાનમાં પણ કાર્ય-કારણભાવ થાય છે એ પ્રમાણે કહેતા બૌદ્ધનું ખંડન કરવા માટે न चातिक्रान्तेति॰ પૂર્વોક્ત સૂત્ર ગ્રંથકાર કહે છે કે :-

જાગૃતદશાનું સંવેદન તથા પ્રબોધનેવિષે અને મરણ તથા અરિષ્ટ વચ્ચે કાર્ય-કારણભાવ સંભવતો નથી તે બંને કાર્ય-કારણમાં અત્યન્ત વ્યવધાન હોવાના કારણે વ્યાપારનો અભાવ છે અને જે વ્યાપારવિનાનું હોય તે કારણ બનતું નથી અને જો વ્યાપારરહિતને પણ કારણપણે સ્વીકારીએ તો સર્વની પ્રત્યે સઘળાંય કારણો થઈ જાય.

વિશેષાર્થ : કાર્ય-કારણભાવ દર્શાવવા દ્વારા અહીં બૌદ્ધ પૂર્વચરને અલગ માનવા તૈયાર નથી તેની સામે ગ્રન્થકારશ્રી જણાવે છે કે કારણ તે જ કહેવાય કે જે કાર્યની ઉત્પત્તિમાં વ્યાપારાત્મક હોય જેમ કુંભાર ઘટની ઉત્પત્તિમાં કાર્ય કરે છે તો ઘટનું કારણ કુંભાર કહેવાય છે. પરંતુ અહીં ભૂતકાલીન જાગૃતદશામાં થયેલું જ્ઞાન કાલાન્તરે થનારા પ્રબોધજ્ઞાનમાં અને ભવિષ્યકાલીન મરણ ધ્રુવતારાદને ન દેખાવા સ્વરૂપ અરિષ્ટમાં વ્યાપારરૂપ નથી માટે તે બંને વચ્ચે કાર્ય-કારણભાવ જ નથી કાળનું વ્યવધાન ઘણું હોવાથી નિર્વ્યાપારતા છે તેથી તે બંનેને કારણહેતુ ન માનતાં પૂર્વચર અને ઉત્તરચરહેતુ રૂપે અલગ માનવા જોઈએ.

પ્રશ્ન : ભૂતકાલીન જાગૃત અવસ્થાનું જ્ઞાન પ્રબોધમાં, અને ભવિષ્યકાલીન મરણ એ અરિષ્ટ વિગેરેની ઉત્પતિમાં વ્યાપારરૂપ હોય છે એમ માનીએ તો શું વાંધો આવે ?

ઉત્તર : જે નાશ થઈ ગયું છે, કે જે ઉત્પન્ન હજુ થયુ નથી તે અવિદ્યમાન અથવા અસત્ છે તે કોઈપણ કાર્યની ઉત્પત્તિમાં વ્યાપાર ન કરી શકે અને

વ્યાપાર વગર પણ કારણ માની લેવામાં આવે તો ગોટાળો થઈજાય સર્વ પ્રત્યે સર્વ કારણ થઈ જાય ઘટકાર્ય પ્રત્યે તંતુ પણ કારણ બની જાય નિયામકતા ન રહે.

इदमेव भावयन्ति—

પૂર્વોક્ત સૂત્રમાં કહેલી વાતનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કે :-

स्व व्यापारापेक्षिणी हि कार्यं प्रति पदार्थस्य कारणत्वव्यवस्था कुलालस्येव कलशं प्रति ॥ ३-७३ ॥

પોતાના તે તે વ્યાપારની અપેક્ષાએ પદાર્થની કાર્ય પ્રત્યે કારણપણાની વ્યવસ્થા છે (અન્યથા કારણપણું ઘટે નહીં) જેમ કે ઘટાત્મક કાર્ય પ્રત્યે કુંભારની (ઘડો બનાવવાની વ્યાપારરૂપ પ્રવૃત્તિની અપેક્ષાએ) જ ઘડા પ્રત્યે કારણ વ્યવસ્થા છે.

अयमर्थः-यद्व्यापारमन्तरा यत् कार्यद्ध नोत्पद्यते तत् कार्यं प्रति तस्य कारणत्वं निश्चीयते यथा कुलालंव्यापारमन्तरा घटस्योत्पत्तिर्न भवत्यतो घटं प्रति कुलालस्य कारणत्वं भवति, न चात्यन्तव्यवहिते कार्ये कारणस्य व्यापारः कल्पयितुं शक्यते, अतिप्रसङ्गात् ॥ ७३ ॥

તેનો અર્થ આ પ્રમાણે છે : જે વ્યાપાર વિના કાર્ય ઉત્પન્ન થતું નથી. તે કાર્ય પ્રત્યે તેનું કારણપણું નિશ્ચિત થાય છે જેમ કુંભારના વ્યાપારવિના ઘટની ઉત્પત્તિ થતી નથી આથી ઘડા પ્રત્યે કુલાલ કારણ છે પરંતુ અતિવ્યવધાનવાળા કાર્યમાં કારણનો વ્યાપાર કલ્પવાને માટે શક્ય નથી. અતિવ્યાપ્તિ આવતી હોવાથી....

विशेषार्थ : કાર્યપ્રત્યે પદાર્થની કારણત્વ વ્યવસ્થા પોતાના વ્યાપારની અપેક્ષા રાખે છે. કલશની ઉત્પત્તિમાં કુલાલનો વ્યાપાર અપેક્ષિત છે તેથી તે કારણ છે. કુંભ હોય તો કુંભારનો વ્યાપાર હોય. અન્વય

કુંભારનો વ્યાપાર ન હોય તો કુંભ ન હોય - વ્યતિરેક

કાર્યનો અન્વય-વ્યતિરેક કારણના વ્યાપારને આધીન છે.

ઘટોત્પત્તિમાં જેમ માટી ચક્ર ચીવર કુલાલ દંડ ઇત્યાદિ ત્યાં વિદ્યમાન

તથા કાર્યની ઉત્પત્તિમાં કંઈક ને કંઈક વ્યાપાર કરનાર કારણોને કારણ કહેવાય છે પરંતુ ઘટની ઉત્પત્તિમાં કંઈ પણ વ્યાપાર ન કરનાર કુલાલપિતા અને તુરી વેમાદિક (પટનાકારણો) પણ ઘટોત્પત્તિમાં કારણ માનવા પડે. માટે કાર્યની ઉત્પત્તિમાં જે ત્યાં વિદ્યમાન હોય અને વ્યાપારાત્મક હોય તેને જ કારણ કહેવાય પરંતુ દૂર દૂર કાળમાં અને દૂર દૂરના ક્ષેત્રમાં રહેલા, અને કાર્યની ઉત્પત્તિમાં વ્યાપારશૂન્યને કારણ કહેવાય નહીં જાગૃતદશા સંવેદન એ પ્રબોધનું અને મરણ એ અરિષ્ટનું કારણ નથી જે વ્યવહિત હોય તે કારણમાં અન્તર્ગત થાય નહીં. અહીં પૂર્વચર અને ઉત્તરચર પણ વ્યવહિત હોવાથી કારણ હેતુમાં તે બંનેનો સમાવેશ અસંભવિત છે.

ભિન્નકાળમાં રહેલા પદાર્થોનો પરસ્પર વ્યાપાર માનતા અતિવ્યાપ્તિ દોષ આવે તે કહે છે.

न च व्यवहितयोस्तयोर्व्यापारपरिकल्पनं
न्याय्यम्, अतिप्रसक्तेः ॥ ३-७४ ॥

વ્યવધાન હોતે છતે અતીત અને અનાગત કાળના પદાર્થોમાં વ્યાપારની કલ્પના કરવી તે ઉચિત નથી કારણ કે અતિવ્યાપ્તિ દોષ આવે છે.

तयोः-अतिक्रान्तानागतयोः जाग्रद्दशासंवेदन-मरणयोः ॥ ७४ ॥

ભૂતકાલીન જાગૃતદશાનું જ્ઞાન અને અનાગતનું મરણ તે બંનેમાં વ્યાપારની કલ્પના યુક્તિસંગત નથી કારણ કે અતિવ્યાપ્તિ આવે છે. તે જણાવે છે.

अतिप्रसक्तिमेव भावयन्ति—

परम्पराव्यवहितानां परेषामपि तत्कल्पनस्य
निवारयितुमशक्यत्वात् ॥ ३-७५ ॥

પરંપરાએ વ્યવહિત એવા બીજાઓની પણ તે વ્યાપારની કલ્પના દૂર કરવાને માટે અશક્ય થઈ જશે.

प्रबोधोत्पातौ प्रति व्यवहितयोर्जाग्रद्दशासंवेदन-मरणयोरपि व्यापार-परिकल्पनेऽत्यन्तव्यवहितानामतीतानागतानामकरणत्वेनाभिमतानां रावणशङ्ख-चक्रवर्त्त्यादीनामपि प्रबोधोत्पातौ प्रति व्यापारपरिकल्पनात् कारणत्वं स्यात्, तथा चानिष्टं स्यादिति भावः ॥ ७५ ॥

પ્રબોધ અને ઉત્પાતપ્રત્યે વ્યવધાન (આંતરા)વાળા જાગૃતદશા સંવેદન અને મરણના વ્યાપારની કલ્પના કરવામાં (આવે તો) અત્યંત વ્યવહિત એવા અતીત અને અનાગતના અકારણ તરીકે મનાયેલા એવા રાવણ અને શંખચક્રવર્તી આદિઓને પણ પ્રબોધ અને ઉત્પાત પ્રત્યે વ્યાપારની કલ્પના કરવા દ્વારા કારણપણું થઈ જશે અને આમ કરવાથી અનિષ્ટ થશે (અર્થાત્ અતિવ્યાપ્તિ આવશે).

વિશેષાર્થ : જો અમુક કાળને આંતરે રહેલા પદાર્થોમાં કાર્ય કારણભાવ ઘટાવીએ તો કોઈપણ જાતનો ચોક્કસ કાર્ય-કારણભાવ ટકી શકે નહીં અને પરંપરાએ જુદા જુદા કાળે (ક્ષેત્રે)રહેલા પદાર્થોમાં પણ વ્યાપાર ઘટી જશે તેથી અતીતકાળમાં થયેલા રાવણ અને ભવિષ્યમાં થનાર શંખચક્રવર્ત્તીરૂપ કાર્ય પ્રત્યે પણ કારણ બની જશે કારણ કે તેઓમાં પણ વ્યાપારની કલ્પના રોકી શકાશે નહીં પરંતુ આ વાત તો ઘટી શકે નહીં આ અતિપ્રસંગ નિવારી ન શકાય.

सहचरहेतोरपि स्वभाव-कार्य-कारणेषु नान्तर्भाव इति दर्शयन्ति—

સહચરહેતુની પણ ભિન્નતા જરૂરી છે તે જણાવે છે.

सहचारिणोः परस्परस्वरूपरित्यागेन तादात्म्यानुपपत्तेः, सहोत्पादेन, तदुत्पत्तिविपत्तेश्च सहचरहेतोरपिप्रोक्तेषु नानुप्रवेशः ॥ ३-७६ ॥

પરસ્પર સ્વરૂપના ત્યાગવડે રહેતા હોવાથી સહચારી હેતુઓનો તાદાત્મ્ય-સંબંધ ઘટી શકતો નથી તેમજ સહચારીઓની ઉત્પત્તિ એકીસાથે થતી હોવાથી તદુત્પત્તિ સંબંધ પણ ઘટી શકતો નથી તેથી સહચરહેતુનો પણ ઉપર કહેલા સ્વભાવ આદિ હેતુમાં પ્રવેશ થતો નથી.

न केवलं पूर्वचरोत्तरचरयोः स्वभावादिष्वन्तर्भावः अपि तु सहचर-हेतोरपि न तेष्वन्तभार्वः, तथाहि-सहचारीणोः रूप-रसयोः परस्परस्वरूप-परित्यागेनावस्थितत्वात् तादात्म्यं न सम्भवत्यतो न स्वभावहेतावन्तर्भावः, एवं सव्येतरगोविषाणयोरिव सहैवोत्पद्यमानत्वान्न कार्ये कारणे वाऽन्तर्भावः, तस्मात् सहचरहेतोरपि प्रोक्तेषु स्वभावादिषु नान्तर्भाव इति ॥ ७६ ॥

ફક્ત પૂર્વચર અને ઉત્તરચરનો જ સ્વભાવ કાર્ય કારણમાં અન્તર્ભાવ થતો નથી એવું નથી પરંતુ સહચરહેતુનો પણ સ્વભાવ કાર્ય કારણમાં અન્તર્ભાવ થતો નથી તે આ પ્રમાણે- સહચારી એવા રૂપ અને રસ પરસ્પર સ્વરૂપના ત્યાગવડે રહેલા છે. તેથી તાદાત્મ્યપણું સંભવતું નથી આથી સ્વભાવહેતુમાં અન્તર્ભાવ થતો નથી એ જ પ્રમાણે સવ્યેતર એટલે કે ડાબા જમણા ગાયના શીંગડાની જેમ સાથે જ ઉત્પન્ન થયેલા હોવાથી કાર્યહેતુમાં કે કારણહેતુમાં પણ અન્તર્ભાવ થતો નથી.

વિશેષાર્થ : જયાં તાદાત્મ્યસંબંધ હોય ત્યાં સ્વભાવહેતુ હોય સહચરહેતુમાં તાદાત્મ્યસંબંધ નથી માટે સ્વભાવહેતુમાં અંતર્ભાવ થતો નથી તથા જયાં તદુત્પત્તિસંબંધ હોય ત્યાં જ કાર્ય-કારણ હેતુ હોય સહચરહેતુમાં તદુત્પત્તિસંબંધ પણ નથી માટે કાર્યહેતુમાં કે કારણહેતુમાં પણ તેનો સમાવેશ થતો નથી. વળી સહચરહેતુ વર્તમાનકાલવર્ત્તી હોવાથી પૂર્વચર કે ઉત્તરચરમાં અંતર્ભાવ થતો નથી તેથી આ સહચરહેતુનો પૂર્વે કહેલા સ્વભાવ કાર્ય કારણહેતુમાં (પૂર્વચર કે ઉત્તરચરમાં) સમ્રાવેશ થતો નથી.

इदानीं मन्दमतिव्युत्पत्तिनिमित्तं साधर्म्य-वैधर्म्याभ्यां पक्ष-हेत्वादिपञ्च-वयवां व्याप्याविरूद्धोपलब्धिमुदाहरन्ति—

અવિરૂદ્ધવ્યાપ્યોપલબ્ધિનું પંચઅવયવસાથે ઉદાહરણ જણાવે છે.

ध्वनिः परिणतिमान्, प्रयत्नानन्तरीयकत्वात्,
यः प्रयत्नाऽनन्तरीयकःस परिणतिमान्, यथा स्तम्भः,
यो वा न परिणतिमान् स न प्रयत्नानन्तरीयकः,
यथा वान्ध्येयः, प्रयत्नानन्तरीयकश्च ध्वनिः,
तस्मात् परिणतिमानिति व्याप्यस्य
साध्येनाविरुद्धस्योपलब्धिः
साधर्म्येण वैधर्म्येण च ॥ ३-७७ ॥

શબ્દ (પક્ષ) પરિવર્તનવાળો (અનિત્ય) છે. (સાધ્ય) પ્રયત્નવડે જન્ય હોવાથી (હેતુ) જે જે પ્રયત્ન જન્ય છે તે તે પરિણતિવાળા છે જેમ કે થાંભલો

(સાધર્મ્યદૃષ્ટાન્ત એટલે અન્વયવ્યાપ્તિ) અથવા જે જે અનિત્ય નથી તે તે પ્રયત્ન-જન્ય નથી જેમ કે વન્ધ્યાપુત્ર (વૈધર્મ્યદૃષ્ટાન્ત એટલે કે વ્યતિરેક વ્યાપ્તિ) શબ્દ એ પ્રયત્નજન્ય છે (ઉપનયવાક્ય) તેથી પરિણતિમાન છે (નિગમન વાક્ય) આ પ્રમાણે વ્યાપ્યની (સ્વભાવહેતુની) સાધ્યની સાથે અવિરુદ્ધ-ઉપલબ્ધિતા સાધર્મ્ય અને વૈધર્મ્યદૃષ્ટાન્ત દ્વારા (પંચઅવયવી વાક્ય દ્વારા) સિદ્ધ થઈ.

अत्र परिणतिमत्त्वेन साध्येनाविरुद्धस्य प्रयत्नाऽन्तरीयकत्वस्य व्याप्यस्योपलब्धिर्वर्तते इति व्याप्याविरुद्धोपलब्धिः । यद्यपि धूमादिस्वरूपकार्यादिहेतुनामपि साध्यव्याप्यत्वं वर्तते तथापि तादृशव्याप्यत्वं नेह विवक्षितं अपि तु कथञ्चित्साध्येन सह तादात्म्येन स्थितस्य प्रयत्नानन्तरीयकत्वादेः स्वरूपमेव व्याप्यत्वेन विवक्षितं अत एवेयं स्वभावोपलब्धिरित्यप्युच्यते ॥ ७७ ॥

આ અનુમાનમાં 'પરિણતિમાન્' સાધ્યની સાથે અવિરુદ્ધ 'પ્રયત્નાનન્તરીયકત્વ' રૂપ વ્યાપ્ય હેતુની ઉપલબ્ધિ વર્તે છે. તેથી તે વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે (જે અધિક દેશમાં રહે તે વ્યાપક અને જે ન્યૂનદેશમાં રહે તે વ્યાપ્ય) જો કે ધૂમાદિસ્વરૂપ કાર્યાત્મક હેતુઓમાં પણ સાધ્યનું વ્યાપ્યપણું વર્તે છે. તો પણ તેવા પ્રકારનું વ્યાપ્યપણું અહીં વિવક્ષિત નથી પરંતુ કથંચિત્ સાધ્યની સાથે તાદાત્મ્યથી રહેલું પ્રયત્નાનન્તરીકત્વ હેતુનું સ્વરૂપ જ વ્યાપ્યપણાવડે વિવક્ષિત છે આથી સ્વભાવ-ઉપલબ્ધિ કહેવાય છે.

अथ कार्याऽविरूद्धोपलब्ध्यादीनुदाहरन्ति—

કાર્ય-અવિરુદ્ધ-ઉપલબ્ધિનું ઉદાહરણ જણાવે છે.

अस्त्यत्यत्र गिरिनिकुञ्जे धनञ्जयः,
धूमसमुपलम्भात्, इति कार्यस्य ॥ ३-७८ ॥

અહીં આ પર્વતની ગુફામાં અગ્નિ છે. કારણ કે (અગ્નિનું કાર્ય એવો) ધૂમ દેખાય છે આ કાર્યાવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે.

अत्र साध्येन वह्निनाऽविरुद्धस्य कार्यस्य धूमस्योपलब्धिर्वर्तते इति कार्या-विरुद्धोपलब्धिः ॥ ७८ ॥

અહીં અનુમાનમાં સાધ્ય એવા વહ્નિની સાથે અવિરોધી એવા કાર્ય ધૂમની ઉપલબ્ધિ છે માટે તે કાર્યાવિરુદ્ધોપલબ્ધિ હેતુ કહેવાય છે.

કારણાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ જણાવે છે.

भविष्यति वर्ष, तथाविधवारिवाहविलोकनात्,
इति कारणस्य ॥ ३-७९ ॥

વરસાદ થશે કારણ કે વરસાદને યોગ્ય તેવા પ્રકારના વાદળાં દેખાય છે. આ પ્રમાણે કારણ અવિરુદ્ધ-ઉપલબ્ધિ આ હેતુ છે.

अत्र साध्येन वर्षेणाऽविरुद्धस्य तथाविधवारिवाहस्य कारणस्योपलब्धिः कारणाविरुद्धोपलब्धिः । एवं 'अस्त्यत्र छाया छत्रात्' इत्यप्युदाहरणं द्रष्टव्यम् ॥ ७९ ॥

અહીં આ અનુમાનમાં સાધ્ય એવી વર્ષાની સાથે અવિરુદ્ધ તેવા પ્રકારના વાદળરૂપ કારણની ઉપલબ્ધિ છે. એ જ પ્રમાણે અહીં છાયા છે છત્રહોવાથી એ પણ કારણાવિરુદ્ધોપલબ્ધિનું દૃષ્ટાન્ત જાણવા યોગ્ય છે.

પૂર્વચર-ઉત્તરચર અને સહચર-અવિરુદ્ધોપલબ્ધિના ક્રમશઃ ઉદાહરણો બતાવે છે.

उदेष्यति मुहूर्त्तान्ते तिष्यतारका, पुनर्वसूदयदर्शनात्,
इति पूर्वचरस्य ॥ ३-८० ॥

મુહૂર્ત પછી પુષ્યનક્ષત્ર ઉગશે કારણ કે પુનર્વસુનો ઉદય દેખાતો હોવાથી એ પ્રમાણે પૂર્વચર-અવિરુદ્ધ-ઉપલબ્ધિ હેતુ છે.

तिष्यकारका-पुष्यनक्षत्रम् । अत्र साध्येन भविष्यत्तिष्यतारकोदयेनाविरुद्धस्य पुनर्वसूदयस्य पूर्वचरस्योपलब्धिरिति पूर्वचराविरुद्धोपलब्धिः । 'अश्विनी, भरणी, कृत्तिका, रोहिणी, मृगशीर्षम्, आर्द्रा, पुनर्वसू, पुष्यः आश्लेषा, मघा, पूर्वाफाल्गुनी, उत्तराफाल्गुनी, हस्तः, चित्रा, स्वाति, विशाखा, अनुराधा, ज्येष्ठा, मूलम्, पूर्वाषाढा, उत्तराषाढा, अभिजित्, श्रवणः, घनिष्ठा, शतभिषक्, पूर्वाभद्रपदा, उत्तराभद्रपदा, रेवती' इति क्रमेणाष्टाविंशतिर्नक्षत्राणि ॥ ८० ॥

તિષ્યતારકા એટલે કે પુષ્યનક્ષત્ર, અહીં સાધ્ય એવા હવે થનારા પુષ્યનક્ષત્રના ઉદયની સાથે અવિરુદ્ધ એવા પુનર્વસુનક્ષત્રના ઉદયરૂપ પૂર્વચરની ઉપલબ્ધિ છે. માટે તે પૂર્વચરાવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે.

(પ્રતિદિન ક્રમથી એક એક મુહૂર્ત પછી) ૧-અશ્વિની, ૨-ભરણી, ૩-કૃત્તિકા, ૪-રોહિણી, ૫-મૃગશીર્ષ, ૬-આર્દ્રા, ૭-પૂનર્વસુ, ૮-પુષ્ય, ૯ આશ્લેષા, ૧૦-મઘા, ૧૧-પૂર્વાફલ્ગુની, ૧૨-ઉત્તરાફલ્ગુની, ૧૩-હસ્ત, ૧૪-ચિત્રા, ૧૫-સ્વાતિ, ૧૬-વિશાખા, ૧૭-અનુરાધા, ૧૮-જ્યેષ્ઠા, ૧૯-મૂલા, ૨૦-પૂર્વાષાઢા, ૨૧-ઉત્તરાષાઢા, ૨૨-અભિજિત, ૨૩-શ્રવણ, ૨૪-ધનિષ્ઠા, ૨૫-શતભિષક્, ૨૬-પૂર્વાભદ્રપદા, ૨૭-ઉત્તરભદ્રપદા અને ૨૮-રેવતી આ પ્રમાણે ક્રમથી ૨૮ નક્ષત્રો છે.

(જ્યારે જેનો ઉદય વિવક્ષિત હોય ત્યારે તેના પૂર્વવર્તી નક્ષત્રને પૂર્વચર અને ઉત્તરવર્તી નક્ષત્રને ઉત્તરચર કહેવાય છે જેમ કે કાલે મંગળવાર થશે આજે સોમવાર હોવાથી. અહીં સોમવાર એ પૂર્વચર છે)

उदगुर्मुहूर्त्तात् पूर्व पूर्वफल्गुन्यः, उत्तरफल्गुनीनामुद्गमोपलब्धेः, इत्युत्तरचरस्य ॥ ३-८१ ॥

મુહૂર્તપૂર્વે પૂર્વફલ્ગુની નક્ષત્રનો ઉદય હતો (કારણ કે હમણાં) ઉત્તરફલ્ગુનીનો ઉદયપ્રાપ્ત થતો હોવાથી અને ઉત્તરાચરાવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે.

अत्र साध्येनातीतपूर्वफल्गुन्युदयेनाविरुद्धस्य उत्तरफल्गुनीनामुद्गमस्योत्तरचरस्योपलब्धिः, इत्युत्तरचराविरुद्धोपलब्धिः ॥ ८१ ॥

આ અનુમાનમાં સાધ્ય એવા અતીત પૂર્વફાલ્ગુનીના ઉદય સાથે અવિરૂદ્ધ ઉત્તરફાલ્ગુનીના ઉદયરૂપ ઉત્તરચરની ઉપલબ્ધિ છે માટે ઉત્તરચરાવિરુદ્ધોપલબ્ધિ હેતુ છે.

अस्तीह सहकारफले रूपविशेषः, समास्वाद्यमानरसविशेषात्, इति सहचरस्य ॥ ३-८२ ॥

આ આમ્રફળમાં રૂપવિશેષ છે. કારણ કે સારીરીતે આસ્વાદ કરાતો રસવિશેષ હોવાથી એમ સહચર-અવિરૂદ્ધ-ઉપલબ્ધિ હેતુ છે.

अत्र रूपविशेषेण साध्येनाविरुद्धस्य सहचरस्य रसविशेषस्योपलब्धिरिति सहचराविरुद्धोपलब्धिः ॥ ८२ ॥

આ અનુમાનમાં રૂપવિશેષ એવા સાધ્યની સાથે અવિરૂદ્ધ એવા સહચરના રસવિશેષની ઉપલબ્ધિ છે માટે તે સહચરાવિરૂદ્ધોપલબ્ધિ હેતુ કહેવાય છે.

વિશેષાર્થ : જે પદાર્થોની ઉત્પત્તિ સાથે હોય અને જે સાથે રહેતા હોય તે સહચર કહેવાય પદાર્થમાત્રમાં રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ પરસ્પર સહચર છે અહીં વિશિષ્ટરસથી રૂપનું ભાન કરવામાં આવે છે. તેથી તે રસ સહચરાવિરૂદ્ધોપલબ્ધિ કહેવાય છે.

अधुना विरूद्धोपलब्धिभेदानाहुः—

સૂત્ર ૬૭માં જણાવેલ વિરૂદ્ધોપલબ્ધિહેતુના પ્રકારો જણાવે છે :-

विरुद्धोपलब्धिस्तु प्रतिषेधप्रतिपत्तौ सप्तप्रकारा ॥ ३-८३ ॥

નિષેધરૂપ સાધ્યની સિદ્ધિ કરવામાં વિરૂદ્ધોપલબ્ધિ હેતુ સાત પ્રકારે છે.

प्रतिषेधात्मके साध्ये विरुद्धोपलब्धिः सप्तप्रकारा इत्यर्थः ॥ ८३ ॥

સૂત્રાર્થ પ્રમાણે ટીકાર્થ જાણવો.

प्रथमप्रकारं प्राक् प्रकाशयन्ति—

વિરૂદ્ધોપલબ્ધિનો પ્રથમપ્રકાર સદૃષ્ટાન્ત જણાવે છે.

तत्राऽऽद्या स्वभावविरुद्धोपलब्धिः ॥ ३-८४ ॥

एतामुदाहरन्ति—

यथा नास्त्येव सर्वथैकान्तः अनेकान्तस्योपलम्भात् ॥ ३-८५ ॥

તે વિરૂદ્ધોપલબ્ધિ હેતુના પ્રકારમાં પ્રથમસ્વભાવ વિરૂદ્ધોપલબ્ધિ હેતુ છે. જેમ કે સર્વથા એકાંત નથી અનેકાંત પ્રાપ્ત થતો હોવાથી.

प्रतिषेध्यस्यार्थस्य यः स्वभावः- स्वरूपं तेन सह यत् साक्षाद् विरुद्धं तस्योपलब्धिः स्वभावविरुद्धोपलब्धिः ॥ ८४ ॥

નિષેધ કરવા યોગ્ય જે પદાર્થનો સ્વભાવ-સ્વરૂપ, તેની સાથે જે સાક્ષાત્ વિરુદ્ધ, તેની ઉપલબ્ધિ તે સ્વભાવ-વિરૂદ્ધ ઉપલબ્ધિ છે.

अत्र प्रतिषेध्यः सर्वथैकान्तः तत्स्वरूपेण साक्षाद् विरुद्धोऽनेकान्तः तस्योपलब्धिरिति स्वभावविरुद्धोपलब्धिः ॥ ८५ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય સર્વથા એકાન્ત, તેના સ્વરૂપની સાથે

સાક્ષાત્ વિરોધી એવા અનેકાંતની ઉપલબ્ધિ છે માટે તે સ્વભાવવિરૂદ્ધોપલબ્ધિ હેતુ છે.

વિશેષાર્થ : એકાંત (એકધર્માત્મક) અને અનેકાન્ત (અનેકધર્માત્મક) બંને વસ્તુનાં સ્વરૂપ છે. અહીં પ્રતિષેધ્ય સાધ્ય એકાંત છે તેનાથી વિરૂદ્ધ અનેકાંત છે. કથંચિત્ એકાંત - અનેકાંતનો વિરોધ નથી પરંતુ સર્વથા એકાંત અને અનેકાંતનો વિરોધ છે. કથંચિત્ એકાંત અને અનેકાન્ત તો આપણે સ્વીકારેલો છે.

विरुद्धोपलब्धेराद्यप्रकारं प्रदर्श्य शेषानाख्यान्ति—

વિરૂદ્ધોપલબ્ધિના બીજા પ્રકારો જણાવે છે.

प्रत्तिषेध्यविरुद्धव्याप्तादीनामुपलब्धयः षट् ॥ ३-८६ ॥

નિષેધ કરવા યોગ્ય પદાર્થની સાક્ષાત્ વિરૂદ્ધ વ્યાપ્ય આદિની ઉપલબ્ધિઓ છ પ્રકારે છે.

प्रतिषेध्येनार्थेन सह ये साक्षाद् विरुद्धास्तेषां ये व्याप्यादयो व्याप्य-कार्य-कारण-पूर्वचरोत्तर-सहचरास्तेषामुपलब्धयः षट् तथाहि-विरुद्धव्याप्तोपलब्धिः, विरूद्धकार्योपलब्धिः, विरूद्धकारणोपलब्धिः, विरूद्धपूर्वचरोलब्धिः, विरुद्धोत्तरचरोपलब्धिः, विरुद्धसहचरोपलब्धिश्चेति ॥ ८६ ॥

નિષેધ કરવા યોગ્ય પદાર્થની સાથે જેઓ સાક્ષાત્ વિરૂદ્ધ છે તેઓનું જે વ્યાપ્ય આદિ એટલે કે વ્યાપ્ય-કાર્ય-કારણ-પૂર્વચર-ઉત્તરચર-અને સહચર તેઓની ઉપલબ્ધિ છે તે આ પ્રમાણે છે. વિરૂદ્ધવ્યાપ્યોલબ્ધિ, વિરૂદ્ધકાર્યોપલબ્ધિ, વિરૂદ્ધકારણોપલબ્ધિ, વિરૂદ્ધપૂર્વચરોપલબ્ધિ વિરૂદ્ધોત્તરચરોપલબ્ધિ, વિરૂદ્ધસહચરોપલબ્ધિ એ પ્રમાણે છ પ્રકારે છે.

क्रमेणासामुदाहरणान्याहुः—

તે પ્રકારોના ઉદાહરણો બતાવે છે.

विरुद्धव्याप्योपलब्धिर्यथा-नास्त्यस्य पुंसः तत्त्वेषु निश्चयः, तत्र सन्देहात् ॥ ३-८७ ॥

આ પુરૂષને તત્ત્વમાં નિર્ણય નથી કેમ કે તેમાં સંદેહ હોવાથી આ વિરૂદ્ધ વ્યાપ્તોપલબ્ધિ હેતુનું ઉદાહરણ છે.

अत्र प्रतिषेध्यः तत्त्वेषु निश्चयः तेन साक्षाद् विरुद्धोऽनिश्चयः तस्य व्याप्यः सन्देहः, तस्योपलब्धिरिति विरुद्धव्याप्योलब्धिः ॥ ८७ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય તત્ત્વમાં નિર્ણય, અને તેની સાથે સાક્ષાત્ વિરૂદ્ધ અનિશ્ચય, તેનું વ્યાપ્ય જે સંદેહ, તે વિદ્યમાન છે કારણ કે અનિશ્ચયની સાથે સંદેહ વ્યાપીને રહે છે જ્યાં જ્યાં સંદેહ હોય ત્યાં અનિશ્ચય હોય જ તેથી નિશ્ચય નથી તેમ નક્કી થાય છે માટે વિરૂદ્ધ-વ્યાપ્ત-ઉપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धकार्योपलब्धिर्यथा-न विद्यतेऽस्य क्रोधाद्युपशान्तिः, वदनविकारादेः ॥ ३-८८ ॥

આ વ્યક્તિને ક્રોધ વિગેરેની ઉપશાન્તિ નથી. કારણ કે મુખના વિકાર (લાલચોળ-ધૂંવાફૂંવા થવું) દેખાતા હોવાથી આ વિરૂદ્ધ-કાર્યોપલબ્ધિ હેતુ કહેવાય છે.

अत्र प्रतिषेध्यः क्रोधाद्युपशमः तद्विरुद्धश्चानुपशमः, तत्कार्यस्य ताम्रत्वादिस्वरूपस्य वदनविकारादेरुपलब्धिरिति विरुद्धकार्योपलब्धिः ॥ ८८ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય ક્રોધાદિની ઉપશાંતિ છે તેનું વિરૂદ્ધ કાર્ય ક્રોધાદિની અનુપશાન્તિ, તેનું કાર્ય લાલચોળ આદિ થવારૂપ વદનવિકારની પ્રાપ્તિ છે. માટે વિરૂદ્ધકાર્યોપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धकारणोपलब्धिर्यथा-नास्य महर्षेरसत्यं-वचः समस्ति, राग-द्वेषकालुष्याकलङ्कितज्ञानसम्पन्नत्वात् ॥ ३-८९ ॥

જેમ કે આ મહર્ષિનું વચન અસત્ય નથી, કારણ કે તે રાગદ્વેષરૂપ કલુષિતતાથી અકલંકિત જ્ઞાનયુક્ત હોવાથી (આ) વિરૂદ્ધ-કારણોપલબ્ધિ હેતુ કહેવાય છે.

अत्र प्रतिषेध्यमसत्यं तद्विरुद्धं सत्यं तस्य कारणं राग-द्वेषकालुष्यैरकलङ्कितं ज्ञानं तस्योपलब्धिरिति विरुद्धकारणोपलब्धिः ॥ ८९ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય અસત્ય, અને તેની વિરૂદ્ધ સત્ય તેનું કારણ રાગદ્વેષરૂપ કાલુષ્યથી અકલંકિત એવું જ્ઞાન હોવાથી વિરૂદ્ધકારણોપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धपूर्वचरोपब्धिर्यथा-नोद्गमिष्यति मुहूर्तान्ते पुष्यतारा, रोहिण्युद्गमात् ॥ ३-९० ॥

મુહૂર્ત પછી પુષ્યનક્ષત્ર ઉગશે નહીં કેમ કે અત્યારે રોહિણી નક્ષત્રનો ઉદય હોવાથી (આ ઉદાહરણ) વિરુદ્ધ-પૂર્વચર-ઉપલબ્ધિનું છે.

अत्र प्रतिषेध्यो भविष्यत्पुष्यतारोदयः तद्विरुद्धो मृगशीर्षोदयः तस्य पूर्वचरो रोहिण्युदयः तस्योपलब्धिरिति विरुद्धपूर्वचरोपलब्धिः ॥ ९० ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય થનારો જે પુષ્યનક્ષત્રનો ઉદય, તેનાથી વિરોધ એવો મૃગશીર્ષનક્ષત્રનો ઉદય, તેનો પૂર્વચર એવા રોહિણી-નક્ષત્રના ઉદયની ઉપલબ્ધિ છે તેથી વિરુદ્ધ-પૂર્વચરોપલબ્ધિ હેતુ છે.

विरुद्धोत्तरचरोपलब्धिर्यथा-नोदगान्मुहूर्तात् पूर्वं मृगशिरः, पूर्वफल्गुन्युदयात् ॥ ३-९१ ॥

જેમ કે મુહૂર્ત પહેલા મૃગશિર નક્ષત્ર ઉગ્યું નથી કારણ કે પૂર્વફલ્ગુનીનો ઉદય ચાલતો હોવાથી (આ દૃષ્ટાન્ત) વિરુદ્ધ-ઉત્તરચર-ઉપલબ્ધિનું છે.

अत्र प्रतिषेध्यो मृगशीर्षोदयः तद्विरूद्धो मघोदयः तदुत्तरचरः पूर्वफल्गुन्यदयः तस्योपलब्धिरिति विरुद्धोत्तरचरोपलब्धिः ॥ ९१ ॥

આ અનુમાનમાં પ્રતિષેધ કરવા યોગ્ય મૃગશિરનો ઉદય, અને તેની વિરૂદ્ધ મઘાનક્ષત્રનો ઉદય, તેનો ઉત્તરચર પૂર્વફલ્ગુનીનક્ષત્રના ઉદયની પ્રાપ્તિ છે માટે વિરુદ્ધોત્તરચરોપલબ્ધિ હેતુ છે.

विरुद्धसहचरोपलब्धिर्यथा-नास्त्यस्य मिथ्याज्ञानं, सम्यग्दर्शनात् ॥ ३-९२ ॥

જેમ કે- આ માણસને મિથ્યાજ્ઞાન નથી કારણ કે સમ્યગ્દર્શન હોવાથી આ વિરૂદ્ધ-સહચરોપલબ્ધિ હેતુનું દૃષ્ટાન્ત છે.

अत्र प्रतिषेध्यं मिथ्याज्ञानं तद्विरुद्धं सम्यग्ज्ञानं तस्य सहचरं सम्यग्दर्शनं तस्योपलब्धिरिति विरुद्धसहचरोपलब्धिः ॥ ९२ ॥

આ અનુમાનમાં પ્રતિષેધ કરવા યોગ્ય એવું મિથ્યાજ્ઞાન છે. અને તેનાથી વિરૂદ્ધ સમ્યંગ્જ્ઞાન છે તેનું સહચર (સાથે રહેનારૂં) સમ્યગ્દર્શન તેની પ્રાપ્તિ છે તેથી વિરૂદ્ધ સહચરોપલબ્ધિ હેતુ કહેવાય છે.

सम्प्रत्यनुपलब्धिं प्रकारतः प्राहुः—

હવે અનુપલબ્ધિહેતુના પ્રકારો જણાવે છે.

अनुपलब्धेरपि द्वैरूप्यमविरुद्धानुपलब्धि-
र्विरुद्धानुपलब्धिश्च ॥ ३-९३॥

અનુપલબ્ધિ હેતુ પણ (૧) અવિરુદ્ધાનુપલબ્ધિ (૨) વિરુદ્ધાનુપલબ્ધિ એમ બે પ્રકારે છે.

प्रतिषेध्येनार्थेन सहाविरुद्धस्यानुपलब्धिरविरुद्धानुपलब्धिः, प्रतिषेध्येन सह विरुद्धस्यानुषलब्धिविरुद्धानुपलब्धिरित्यनुपब्धिरपि द्विप्रकारेत्यर्थः ॥ ९३ ॥

પ્રતિષેધ કરવા યોગ્ય જે સાધ્યસ્વરૂપ પદાર્થ તેની સાથે અવિરુદ્ધ એટલે કે વિરોધને અપ્રાપ્ત એવા પદાર્થની જે અનુપલબ્ધિ તે અવિરૂદ્ધાનુપલબ્ધિ હેતુ છે તથા પ્રતિષેધ કરવા યોગ્ય પદાર્થની સાથે વિરૂદ્ધની અનુપલબ્ધિ તે વિરૂદ્ધાનુપલબ્ધિ હેતુ એમ બે પ્રકારે છે.

सम्प्रत्यविरुद्धानुपलब्धेर्निषेधसिद्धौ प्रकारसङ्ख्यामाख्यान्ति—

અવિરૂદ્ધાનુપલબ્ધિ હેતુના પ્રકારો જણાવે છે.

तत्राविरुद्धानुपलब्धिः प्रतिषेधावबोधे सप्तप्रकारा ।३-९४।

अमूनेव प्रकारान् प्रकटयन्ति—

प्रतिषेध्येनाविरुद्धानां स्वभाव-व्यापक-कार्य-कारण-
पूर्वोचरोत्तरचर-सहचराणामनुपलब्धिः ॥ ३-९५ ॥

આ બે અનુપલબ્ધિમાં અવિરૂદ્ધાનુપલબ્ધિ નિષેધબોધ કરાવનારી છે અને તે સાત પ્રકારે છે પ્રતિષેધ કરવા યોગ્ય એવા સાધ્યની સાથે અવિરૂદ્ધ એવા સ્વભાવ-વ્યાપક-કાર્ય કારણ પૂર્વચર ઉત્તરચર અને સહચરોની અનુપલબ્ધિ એમ સાત પ્રકારે છે.

स्वाभावानुपलब्धिः, व्यापकानुपलब्धिः कार्यानुपलब्धिः, कारणानुपलब्धिः, पूर्वचरानुपलब्धिः, उत्तरचरानुपलब्धिः सहचरानुपलब्धिश्चेति सप्तप्रकाराऽविरुद्धानुपलब्धिर्ज्ञातव्या ॥ ९५ ॥

(१) स्वभावानुपलब्धि (२) व्यापकानुपलब्धि (३) कार्यानुपलब्धि (४) કારણાનુપલબ્ધિ (૫) પૂર્વચરાનુપલબ્ધિ (૬) ઉત્તરચારાનુપલબ્ધિ (૭) સહચરાનુપલબ્ધિ એ પ્રમાણે અવિરૂદ્ધ-અનુપલબ્ધિ હેતુના સાત પ્રકારો જાણવા.

क्रमेणामूरूदाहरन्ति—

અવિરુદ્ધ-અનુપલબ્ધિ હેતુના ક્રમશઃ સાતપ્રકારનાં ઉદાહરણો બતાવે છે.

स्वभावानुपलब्धिर्यथा-नास्त्यत्र भूतले कुम्भः उपलब्धिलक्षणप्राप्तस्य तत्स्वभावस्यानुपलम्भात् ।३-९६।

જેમ આ ભૂતલ ઉપર ઘટ નથી કેમ કે ઉપલબ્ધિલક્ષણને પામેલો એવો તે ઘટ દેખાતો નથી માટે....

उपलब्धिः-ज्ञानम् । उपलब्धिर्लक्ष्यते-जन्यते एभिरित्युपलब्धिलक्षणानि-ज्ञानकारणानि, तानि प्राप्तः-जनकत्वेन ज्ञानकारणान्तर्भावाद् उपलब्धिलक्षणं प्राप्तः- दृश्य इति यावत्। एवंभूतस्य तत्स्वभावस्य घटस्वभावस्य अनुपलम्भात्-उपलम्भाभावात् ।

अत्रोपलब्धिलक्षणप्राप्तस्येति विशेषणं पिशाचादौ व्यभिचारवारणार्थं पिशाचादयो नोपलब्धिलक्षणं प्राप्ताः, अतस्तेषां निषेधोऽपि न कर्तुं शक्यते। अत्र प्रतिषेध्यस्य कुम्भस्य य उपलब्धिलक्षणप्राप्तरूपः, स्वभावस्तस्यानुपलब्धिरिति स्वभावानुपलब्धिः ॥ ९६ ॥

ઉપલબ્ધિ=જ્ઞાન લક્ષણાનિ=કારણો

ઉપલબ્ધિને લક્ષિત કરે છે - એટલે કે જણાવે છે. એભિઃ- ચક્ષુ વિગેરે કારણોવડે ઉપલબ્ધિ ઉત્પન્ન થાય છે. જ્ઞાનનાં કારણો ચક્ષુરિન્દ્રિય-પ્રકાશ, કારણોને પ્રાપ્ત થયેલ, જ્ઞાનનોજનક ઘટ પણ જ્ઞાનનાં કારણોમાં અંતર્ભાવ થાય છે. તેથી જ્ઞાનની ઉત્પત્તિના કારણ ભાવને પામેલ એવો ઘટ દૃશ્ય છે આવા પ્રકારનો તેનો સ્વભાવ એટલે કે ઘટનોસ્વભાવ (જે દેખાવો જોઈએ) દેખાવા પણાના સ્વભાવને પ્રાપ્ત થયેલ તે ઉપલબ્ધિ લક્ષણ પ્રાપ્ત કહેવાય છે તેનો અનુપલંભ છે.

આ અનુમાનના હેતુમાં ઉપલબ્ધિલક્ષણ પ્રાપ્ત એવું વિશેષણ પિશાચ વિગેરેમાં વ્યભિચારના વારણ માટે છે. પિશાચ વિગેરે ઉપલબ્ધિ લક્ષણને પ્રાપ્ત થયા નથી એટલે કે જેમ પિશાચ આ ભૂતલ ઉપર નથી કારણ કે દેખાતો નહીં હોવાથી, આમ વ્યભિચાર આવતો હોવાથી ઉપલબ્ધિ લક્ષણ પ્રાપ્ત એવું વિશેષણ મૂક્યું છે. કેમ કે તેઓ ઉપલબ્ધિ લક્ષણને ક્યારેક પ્રાપ્ત થતા નથી માટે તેઓનો નિષેધ કરવાને માટે શક્ય નથી અહિં પ્રતિષેધ્ય એવો કુંભ (ક્યારેય) ઉપલબ્ધિ=વિદ્યમાનતા લક્ષણને પ્રાપ્ત થયો છે. પણ અત્યારે તેના સ્વભાવની અનુપલબ્ધિ છે માટે તે સ્વભાવ-અનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

વિશેષાર્થ : 'ઉપલબ્ધિ લક્ષણ પ્રાપ્ત' આ જે વાક્ય છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. ઉપલબ્ધિ એટલે જ્ઞાન તેનું જે લક્ષણ=જ્ઞાનના કારણો. ચક્ષુરિન્દ્રિય પ્રકાશ અને ઘટ પોતે પણ કારણ છે જેમ ચક્ષુરિન્દ્રિય અને પ્રકાશ જ્ઞાનનું જનક હોવાથી ઉપલબ્ધિનું કારણ કહેવાય છે. તેમ તે ઘટાદિ પદાર્થો પોતે પણ જ્ઞાનના નિમિતભાવે જનક હોવાથી ઉપલબ્ધિના કારણ તરીકે કારણની અન્તર્ગત ગણાય છે તેથી આ રીતે જ્ઞાનની ઉત્પત્તિના કારણભાવને પામેલા એવા તે ઘટાદિ પદાર્થો દૃશ્ય છે = દેખાય તેવા છે સ્થૂલ અને દૃશ્ય હોવાથી હોય તો ઉપલંભ થવો જોઈએ પરંતુ અહીં તેનો ઉપલંભ નથી, ઘટાદિ દેખાતા નથી માટે પૃથ્વી ઉપર તે ઘટાદિ નથી અહીં ઘટનું અસ્તિત્વ તે સાધ્ય છે તેનો અવિરૂદ્ધ સ્વભાવ છે દૃશ્યત્વ-દેખાવાપણું પરંતુ તેની અનુપલબ્ધિ છે તેથી સાધ્ય એવા ઘટાદિના અસ્તિત્વની સિદ્ધિ થતી નથી પરંતુ પ્રતિષેધ સિદ્ધ થાય છે તેથી સ્વભાવ વિરૂદ્ધાનુપલબ્ધિ આ હેતુ જાણવો.

व्यापकानुपलब्धिर्यथा-नास्त्यत्र प्रदेशे पनशः,
पादपानुपलब्धेः ॥ ३-९७ ॥

જેમ કે આ પ્રદેશમાં પનશનું ઝાડ નથી કારણ કે વૃક્ષ નહીં દેખાતા હોવાથી વ્યાપકાનુપલબ્ધિ હેતુ છે.

अत्र प्रतिषेध्यं पनसत्वं तद्व्यापकं पादपत्वं तस्यानुपलब्धिरिति व्यापकानुपलब्धिः ॥ ९७ ॥

અહીં અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય જે પનશ (વ્યાપ્ય) છે તેનું વ્યાપક વૃક્ષત્વ તેની અનુપલબ્ધિ છે તેથી (આ) વ્યાપકાનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

कार्यानुपलब्धिर्यथा-नास्त्यत्राप्रतिहतशक्तिकं बीजमङ्कुरानवलोकनात् ॥ ३-९८ ॥

જેમ કે આ પ્રદેશમાં નહીં હણાયેલી શક્તિવાળું અર્થાત્ અખંડ શક્તિવાળું બીજ નથી, કારણ કે અંકુરો નહીં દેખાતો હોવાથી આ કાર્યાનુપલબ્ધિ હેતુ છે.

अत्र प्रतिषेध्यं अप्रतिहतशक्तिविशिष्टं बीजं तत्कार्यमङ्कुरं तस्यानुपलब्धिरिति कार्यानुपलब्धिः ॥ ९८ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય જે અખંડિત શક્તિવાળુ બીજ, તેનું કાર્ય અંકુરો તેની અનુપલબ્ધિ છે માટે તે કાર્યાનુપલબ્ધિ હેતુ છે.

कारणानुपलब्धिर्यथा-न सन्त्यस्य प्रशमप्रभृतयो भावाः, तत्त्वार्थश्रद्धानाभावात् ॥ ३-९९ ॥

જેમ કે આ પુરૂષમાં પ્રશમ આદિ ભાવો નથી કારણ કે તત્ત્વભૂત અર્થમાં શ્રદ્ધા નથી (આ) કારણ અનુપલબ્ધિ હેતુ છે.

अत्र प्रतिषेध्यं प्रशमप्रभृतयो भावाः-प्रशम-संवेग-निर्वेदानुकम्पाऽऽस्तिक्यस्वरूपात्मपरिणामविशेषाः, तत्कारणं, तत्त्वार्थश्रद्धानं-सम्यग्दर्शनं तस्यानुपलब्धिरिति कारणानुपलब्धिः । एवं नास्त्यत्र धूमो वह्न्यभावाद्, इत्यादीन्यप्युदाहरणानि ज्ञातव्यानि ॥ ९९॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય જે પ્રશમાદિ ભાવો એટલે કે પ્રશમ-સંવેગ-નિર્વેદ અનુકંપા અને આસ્તિક્યાદિસ્વરૂપ પરિણામવિશેષો તેનાં કારણો-તત્ત્વોની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનની અનુપલબ્ધિ તે કારણ-અનુપલબ્ધિ હેતુ કહેવાય છે. આ જ પ્રમાણે અહીં ધૂમ નથી વહ્નિનો અભાવ હોવાથી. આ દૃષ્ટાન્ત પણ કારણાનુપલબ્ધિ હેતુનું જાણવું.

पूर्वचरानुपलब्धिर्यथा-नोद्गमिष्यति मुहूर्तान्ते स्वातिनक्षत्रं, चित्रोदयादर्शनात् ॥ ३-१०० ॥

મુહૂર્ત પછી સ્વાતિ નક્ષત્ર ઉગશે નહીં કારણ કે (સ્વાતિ નક્ષત્રનો પૂર્વચર) ચિત્રા નક્ષત્રનો ઉદય ન દેખાતો હોવાથી (આ) પૂર્વચરાનુપલબ્ધિ હેતુ છે.

अत्र प्रतिषेध्यः स्वात्युदयः तत्पूर्वचरश्चित्रोदयस्तस्यानुपलब्धिरिति पूर्वचरानुपलब्धिः ॥ १०० ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય સ્વાતિનો ઉદય તેનો પૂર્વચર ચિત્રાનો ઉદય તેની અનુપલબ્ધિ છે માટે પૂર્વચરાનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

उत्तरचरानुपलब्धिर्यथा-नोदगमत् पूर्वभद्रपदा मुहूर्तात् पूर्वम्, उत्तरभद्रपदोद्गमानवगमात् ॥ ३-१०१ ॥

જેમ કે મુહૂર્ત પહેલા પૂર્વભદ્રપદાનક્ષત્ર ઉગ્યું નથી કારણ કે હાલ ઉત્તરભદ્રપદાનો ઉદય જણાતો નથી.

अत्र प्रतिषेध्यः पूर्वभद्रपदोदयः तदुत्तरचरं उत्तरभद्रपदोदयः तस्यानुपलब्धिरित्युत्तरचरानुपलब्धिः ॥ १०१ ॥

અહીં નિષેધ કરવા યોગ્ય પૂર્વભદ્રપદાનો ઉદય તેનો ઉત્તરચર ઉત્તરભદ્રપદાનો ઉદય તેની અનુપલબ્ધિ છે તેથી ઉત્તરચરાનુપલબ્ધિ હેતુ છે.

सहचरानुपलब्धिर्यथा-नास्त्यस्य सम्यग्ज्ञानं, सम्यग्दर्शनानुपलब्धेः ॥ ३-१०२ ॥

જેમ કે આ પુરૂષને સમ્યગ્જ્ઞાન નથી કારણ કે સમ્યગ્દર્શન જણાતુ નહીં હોવાથી આ સહચરાનુપલબ્ધિ હેતુ છે.

अत्र प्रतिषेध्यं सम्यग्ज्ञानं तत्सहचरं सम्यग्दर्शनं तस्यानुपलब्धिरिति सहचरानुपलब्धिः ॥ १०२ ॥

આ અનુમાનમાં નિષેધ કરવા યોગ્ય સમ્યગ્જ્ઞાન છે તેનું સહચર જે સમ્યગ્દર્શન તેની અનુપલબ્ધિ હોવાથી સહચરાનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धानुपलब्धिं विधिसिद्धौ भेदतो भाषन्ते—

विरुद्धानुपलब्धिस्तु विधिप्रतीतौ पञ्चधा ॥ ३-१०३ ॥

विधिस्वरूपे साध्ये विरुद्धानुपलब्धिः पञ्चप्रकारेत्यर्थः ॥ १०३ ॥

સૂત્ર-ટીકાર્થ : વિધિરૂપ સાધ્યની સિદ્ધિમાં વિરૂદ્ધ-અનુપલબ્ધિ હેતુ પાંચ પ્રકારે છે.

क्रमेणैतासामुदाहरणान्याहुः—

વિરૂદ્ધાનુપલબ્ધિ હેતુના પ્રકારો જણાવે છે.

विरुद्धकार्य-कारण-स्वभाव-व्यापक-
सहचरानुपलम्भभेदात् ॥ ३-१०४ ॥

વિરૂદ્ધ એવા કાર્ય-કારણ-સ્વભાવ-વ્યાપક-અને સહચર, તેઓના અનુપલંભના ભેદથી વિરૂદ્ધાનુપલબ્ધિ હેતુ પાંચ પ્રકારે છે.

विधेयेनार्थेन सह विरुद्धा ये कार्य-कारण-स्वभाव-व्यापक-सहचराः तेषामनुपलम्भभेदाद् विरुद्धकार्यानुपलब्धिः, विरुद्धकारणानुपलब्धिः, विरुद्धस्वभावानुपलब्धिः, विरुद्धव्यापकानुपलब्धिः, विरुद्धसहचरानुपलब्धिश्चेति पञ्चप्रकारेत्यर्थः ॥ १०४ ॥

વિધેયાત્મક (વિધિસ્વરૂપ) એવા પદાર્થની સાથે વિરૂદ્ધ એવા જે કાર્ય-કારણ-સ્વભાવ વ્યાપક અને સહચર તેઓના અનુપલંભના ભેદથી વિરૂદ્ધકાર્યાનુપલબ્ધિ, વિરૂદ્ધકારણાનુપલબ્ધિ, વિરૂદ્ધસ્વભાવાનુપલબ્ધિ, વિરૂદ્ધવ્યાપકાનુપલબ્ધિ, વિરૂદ્ધસહચરાનુપલબ્ધિ એમ પાંચ પ્રકારે છે.

હવે તે પાંચે પ્રકારના ઉદાહરણો બતાવે છે.

विरुद्धकार्यानुपलब्धिर्यथा-अत्र शरीरिणि रोगातिशयः
समस्ति, नीरोगव्यापारानुपलब्धेः ॥ ३-१०५ ॥

વિરૂદ્ધકાર્ય-અનુપલબ્ધિહેતુ-જેમ કે આ પ્રાણી રોગના અતિશયવાળો છે અર્થાત્ તીવ્રરોગી છે કારણ કે નીરોગી પુરૂષના વ્યાપારની અનુપલબ્ધિ છે.

अत्र विधेयो रोगातिशयः तद्विरुद्धमारोग्यं तस्य कार्यं व्यापारविशेषः तस्यानुपलब्धिरिति विरुद्धकार्यानुपलब्धिः ॥ १०५ ॥

આ અનુમાનમાં વિધેયાત્મક 'રોગનો વધારો' તેનુ વિરૂદ્ધ આરોગ્ય, તેનું કાર્ય વ્યાપાર વિશેષ કામકાજ કરવું તે, તેની અનુપલબ્ધિ છે તેથી વિરૂદ્ધ-કાર્યાનુપલબ્ધિ હેતુ છે.

विरुद्धकारणानुपलब्धिर्यथा-विद्यतेऽत्र प्राणिनि कष्टम्,
इष्टसंयोगाभावात् ॥ ३-१०६ ॥

આ પ્રાણીને વિષે હમણાં દુઃખ વર્તે છે કારણ કે ઇષ્ટ વસ્તુનો મેળાપ થયો ન હોવાથી આ વિરૂદ્ધ-કારણાનુપલબ્ધિ હેતુ છે.

अत्र विधेयं कष्टं तद्विरूद्धं सुखं तस्य कारणमिष्टसंयोगस्तस्यानुपलब्धिरिति विरुद्धकारणानुपलब्धिः ॥ १०६ ॥

આ અનુમાનમાં સાધ્ય કષ્ટનું વિધાન છે તેનાથી વિરૂદ્ધ સુખ હોય છે તે સુખનાં કારણો ઇષ્ટનો સંયોગ છે તેની અનુપલબ્ધિ છે. તેથી તે વિરૂદ્ધકારણાનુપલબ્ધિ હેતુ છે.

विरुद्धस्वभावानुपलब्धिर्यथा-वस्तुजातमनेकान्तात्मकम् एकान्तस्वभावानुपलम्भात् ॥ ३-१०७ ॥

તમામ વસ્તુનો સમૂહ અનેકાન્તાત્મક છે કારણ કે એકાંતસ્વભાવનો અનુપલંભ હોવાથી આ વિરૂદ્ધસ્વભાવાનુપલબ્ધિ હેતુ છે.

अत्र विधेयं अनेकान्तात्मकं तद्विरुद्धमेकान्तात्मकं तत्स्वभावस्यानुपलब्धिरिति विरुद्धस्वभावानुपलब्धिः ॥ १०७ ॥

આ અનુમાનમાં વિધેયાત્મક અનેકાંતસ્વરૂપ છે તેનું વિરોધી એકાંતપણું, તેના સ્વભાવની જે અનુપલબ્ધિ તે વિરૂદ્ધસ્વભાવાનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धव्यापकानुपलंब्धिर्यथा-अस्त्यत्र छाया, औष्ण्यानुपलब्धे ॥ ३-१०८ ॥

અહિં આ (ક્ષેત્રમાં) છાયા છે ઉષ્ણતા ન હોવાથી, વિરૂદ્ધવ્યાપકાનુપલબ્ધિ હેતુ છે.

अत्र विधेया छाया तद्विरुद्धस्तापः तस्य व्यापकमौष्ण्यं तस्यानुपलब्धिरति विरुद्धव्यापकानुपलब्धिः ॥ १०८ ॥

આ અનુમાનમાં વિધેય એવું સાધ્ય છાયા, તેની વિરૂદ્ધ તાપ, તેનું વ્યાપક ઉષ્ણતાની અનુપલબ્ધિ હોવાથી વિરૂદ્ધ-વ્યાપક-અનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

विरुद्धसहचरानुपलब्धिर्यथा-अस्त्यस्य मिथ्याज्ञानं, सम्यग्दर्शनानुपलब्धेः ॥ ३-१०९ ॥

આ જે જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે સમ્યગ્દર્શનનો અભાવ હોવાથી (આ) વિરૂદ્ધ સહચરાનુપલબ્ધિ હેતુ છે.


अत्र विधेयं मिथ्याज्ञानं तद्विरुद्धं सम्यग्ज्ञानं तत्सहचरं सम्यग्दर्शनं तस्यानुपलब्धिरिति विरुद्धसहचरानुपलब्धिः ॥ १०९ ॥

આ અનુમાનમાં વિધેય મિથ્યાજ્ઞાન તેનાથી વિરૂદ્ધ સમ્યગ્જ્ઞાન તેનો સહચર સમ્યગ્દર્શન તેની અનુપલબ્ધિ હોવાથી વિરૂદ્ધસહચરાનુપલબ્ધિ હેતુ કહેવાય છે.

इति बालबोधिण्याख्यया टिप्पण्या विभूषिते श्रीवादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वालोके स्मरण प्रत्याभिज्ञान तर्कानुमानस्वरूप निर्णय- स्तृतीय परिच्छेदः ॥

આ પ્રમાણે શ્રી વાદિદેવસૂરીજી એ રચેલ પ્રમાણનયતત્ત્વલોક નામના ગ્રન્થને વિષે બાળજીવોને બોધ કરાવનારી બાળબોધિની એવી ટિપ્પણીથી વિભૂષિત એવા ગ્રન્થમાં પરોક્ષપ્રમાણનાં સ્મરણ પ્રત્યભિજ્ઞાન તર્ક અને અનુમાન એમ ચાર ભેદોના સ્વરૂપને સમજાવનારો ત્રીજો પરિચ્છેદ જાણવો.

હેતુના ભેદ - પ્રતિભેદનું ચિત્ર (પ્રત્યેક ભેદો કયા સૂત્રમાં છે તે નંબર સાથે)



चतुर्थ-परिच्छेदः

(પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ)

संप्रति परोक्षस्य पञ्चम प्रकारमागमाख्यं बहु वक्तव्यत्वात् परिच्छेदान्तरेणोपदिशन्ति—

પરોક્ષ પ્રમાણના પાંચ ભેદો પૈકી છેલ્લા ભેદરૂપ આગમ પ્રમાણનું લક્ષણ જણાવે છે.

आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः ॥ ४-१ ॥

આપ્ત પુરૂષોના વચનોથી ઉત્પન્ન થયેલુ જે અર્થજ્ઞાન તે આગમ કહેવાય છે.

आप्तः-यथार्थवक्ता तस्यवचनादाविर्भूतमुत्पन्नं यदर्थसंवदेनं पदार्थज्ञानं तदागमशब्दाभिधेयमित्यर्थः ॥ १ ॥

'आप्त'- યથાવસ્થિત વસ્તુનું કથન કરનાર તે આપ્ત તેમના વચનથી (શ્રોતાના હૃદયમાં) ઉત્પન્ન થયેલું જે અર્થનું સંવેદન એટલે કે પદાર્થજ્ઞાન તે આગમશબ્દથી વાચ્ય છે.

વિશેષાર્થ : આ આગમ. પરોક્ષપ્રમાણનો પાંચમો ભેદ છે. જેમ પ્રત્યક્ષમાં વસ્તુનો સાક્ષાત્ બોધ થાય છે. સ્મરણમાં અનુભવેલો પદાર્થવિષયરૂપે છે. પ્રત્યભિજ્ઞાનમાં સંકલનાપૂર્વક જ્ઞાન થાય છે. તર્કમાં ત્રણેકાળમાં રહેલા સાધ્ય-સાધનના સંબંધનો વિષય આવે છે. અનુમાનમાં હેતુદ્વારા સાધ્યનો બોધ કરવામાં આવે છે. તેજ પ્રમાણે આ આગમપ્રમાણમાં પ્રામાણિકપુરૂષના વિશ્વાસદ્વારા તેમના વચનથી અર્થજ્ઞાન થાય છે આ રીતે દરેકના સ્વરૂપો ભિન્ન ભિન્ન છે માટે આગમ પ્રમાણ એ પણ એક ભિન્ન ભેદરૂપે માનવાની જરૂર છે આ સૂત્રમાં 'आगमः' લક્ષ્ય છે. आप्तवचनादाविर्भूतार्थसंवेदनम् એ તેનું લક્ષણ છે.

ननु यद्यर्थसंवेदनमागमः तर्हि कथमाप्तवचनात्मकोऽसौ सिद्धान्तविदां प्रसिद्धं इत्याशङ्क्याऽऽहुः—

જો અર્થ સંવેદન તે આગમ છે તો પછી આપ્તવચનને સિદ્ધાન્તકારો આગમ તરીકે પ્રસિદ્ધ શા માટે કરે છે ? એવી શંકાનું સમાધાન કરતા કહે છે.

उपचारादाप्तवचनं च ॥ ४-२ ॥

ઉપચારથી આપ્તપુરૂષનું વચન તે આગમ કહેવાય છે.

ननुयदि आप्त वचनादुत्पन्नं ज्ञानमागमशष्देनाभिधीयते तर्हि आप्तवचने कथमागमशब्दप्रयोगः ? इत्याशङ्क्याहुः-उपचारादिति.

अयं भावः प्रतिपाद्यगतज्ञानस्य कारणमाप्तवचनमिति कारणे आप्तवचने कार्योपचाराद् आप्तवचनेऽपि आगमशब्दप्रयोगः ॥ २ ॥

ખરેખર જો આપ્તપુરૂષના વચનથી ઉત્પન્ન થયેલા અર્થબોધને જ જો આગમ શબ્દ વડે કહેવાતું હોય તો, આપ્તપુરૂષના વચનોમાં આગમ શબ્દનો પ્રયોગ થાય છે તે કેમ કહેવાય ? એવી શંકાનો પ્રત્યુત્તર આપતા આ સૂત્રમાં કહે છે કે :-

ઉપચારથી પ્રામાણિક પુરૂષનું વચન આગમ છે. તેનો ભાવ આ પ્રમાણે છે, વક્તા જ્યારે વચન ઉચ્ચાર કરે છે ત્યારે તે વચનથી શ્રોતાને જ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે કે વક્તાનું બોલાયેલું વચન प्रतिपाद्य=શ્રોતાના જ્ઞાનનું કારણ બને છે. માટે કારણ સ્વરૂપ એવા આપ્તપુરૂષના વચનમાં કાર્યનો (શ્રોતાના જ્ઞાનનો) ઉપચાર કરવાથી આપ્તવચનમાં પણ આગમ શબ્દનો પ્રયોગ થાય છે.

विशेषार्थ :- વાસ્તવિક રીતે તો શ્રોતાના હૃદયમાં રહેલું જ્ઞાન જ જ્ઞાનાત્મક હોવાથીस्वपरव्यवसायिज्ञानम् प्रमाणम् આ સૂત્રના આધારે આગમ પ્રમાણ કહેવાય છે, તો પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને આપ્તવચન એ જ્ઞાન ન હોવા છતાં ભાષાવર્ગણાના પુદ્ગલમાત્ર હોવાથી, જડ હોવા છતાં, શ્રોતાના જ્ઞાનનું કારણ હોવાથી, આપ્તવચનને આગમ કહેવાય છે. શ્રોતાના હૃદયમાં જ્ઞાનપ્રગટ કરવા કરાવવાનો આપ્તવચન અનન્ય ઉપાય છે એમ સમજાવવા માટે આ ઉપચાર કરેલો છે

उदाहरन्ति—

પ્રામાણિક પુરૂષના વચનોના બે ઉદાહરણ જણાવે છે.

समस्त्यत्र प्रदेशे रत्ननिधानं, सन्ति रत्नसानुप्रभृत्यः ।४-३ ।

આ ક્ષેત્રમાં રત્નોના નિધાન છે તથા રત્નોના શિખરવાળા મેરૂ આદિ પર્વતો છે.

''समस्त्यत्र प्रदेशे रत्ननिधानम्'' इत्यनेन लौकिकानां जनकादीनामाप्तत्वं प्रदर्शितं, ''सन्ति रत्नसानुप्रभृतयः'' इत्यनेन तु लोकोत्तराणां तीर्थंकरादीनामाप्तत्वं निरूपितम् ॥ ३ ॥

'આ પ્રદેશમાં રત્નોનો ખજાનો છે' આ ઉદાહરણ જણાવવા વડે લૌકિક એવા માતપિતા વિગેરેનું આપ્તપણુ જણાવ્યું છે તથા મેરૂપર્વત વિગેરે છે, આ દૃષ્ટાન્ત કહેવા વડે લોકોત્તર એવા તીર્થંકર ગણધર ભગવંતોનું આપ્તપણું બતાવ્યું છે.

વિશેષાર્થઃ- પ્રામાણિક પુરૂષો હવે પછીના સૂત્ર ૬. તથા ૭માં લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારનાં છે તેમ કહેવાશે. અહીં બે પ્રકારના આપ્તપુરૂષની અપેક્ષાએ અનુક્રમે બે ઉદાહરણો ગ્રન્થકારશ્રી એ કહ્યા છે,'આ સ્થળમાં રત્નનિધાન છે.'' આ પ્રથમ વાક્ય લૌકિક એવા જનકાદિ આપ્તપુરૂષ વડે કહેવાયે છતે અર્થનો બોધ કરાવે છે ઘરના અમુક વિભાગમાં રત્નોનો ભંડાર છે એમ પિતા પુત્રાદિને કહે છે તથા મેરૂપર્વત વિગેરે પર્વતો છે, આ વાક્ય લોકોત્તર એવા સર્વજ્ઞ પુરૂષો દ્વારા બોલાયે છતે અર્થબોધ કરાવે છે, તે બન્ને પ્રકારના આપ્તપુરૂષવડે ઉચ્ચરાયેલા શબ્દોથી જે અર્થબોધ થાય છે તે વાસ્તવિક આગમ છે અને ઉપચારથી તેમના વચનો પણ આગમ છે

आप्तस्वरूपं प्ररूपयन्ति—

આપ્તપુરૂષનું સ્વરૂપ જણાવે છેઃ -

अभिधेयं वस्तु यथावस्थितं यो जानीते यथाज्ञानं चाभिधत्ते स आप्तः ॥ ४-४ ॥

कस्मादमूदृशस्येवाप्तत्वमित्याहुः—

तस्य हि वचनमविसंवादि भवति ॥ ४-५ ॥

જે વ્યક્તિ અભિધેય વસ્તુને જેમ છે તેમ જાણે છે. જેવી જાણે છે તેવી જ કહે છે તે આપ્તપુરૂષ કહેવાય છે

કારણ કે તે પુરૂષનું વચન અવિસંવાદિ હોય છે.

हि-यस्मात् तस्यः आप्तस्यः वचनमविसंवादि-सफलप्रवृत्तिजनकं भवति तस्मात् स आप्त इति भावः ॥ ५ ॥

हि = જેથી આપ્તપુરૂષનું વચન અવિસંવાદિ એટલે કે સફળ એવી પ્રવૃત્તિને ઉત્પન્ન કરનારું છે તેથી તે આપ્ત કહેવાય છે.

વિશેષાર્થ- આ આગમ પ્રમાણમાં શબ્દ દ્વારા વસ્તુનો બોધ થાય છે તો તે શબ્દનો પ્રરૂપક પોતે બરાબર પદાર્થનો જાણકાર હોય પરંતુ અજ્ઞાત ન હોય અને જાણકારી પ્રમાણે કોઈ પણ પ્રકારના સ્વાર્થને રાખ્યા વગર યથાવસ્થિત પદાર્થને કહેનાર હોય, તો તે પ્રામાણિક પુરૂષ કહેવાય છે અને જે યથાર્થ વસ્તુનો જાણકાર હોય, જાણ્યા પ્રમાણે કથન કરનાર હોય તો તેનું વચન વિસંવાદ વિનાનું હોય છે, કારણ કે જે મૂઢ (અજ્ઞાની) હોય અને વંચક (અયથાર્થ કહેનાર) હોય તો તેના વચનમાં વિસંવાદ સંભવે છે તેથી આપ્તપુરૂષો અવિસંવાદી વચનવાળા છે તેમ જાણવું

आप्तभेदौ दर्शयन्ति—

આપ્તના પ્રકારો તથા ઉદાહરણ જણાવે છે.

स च द्वेधा लौकिको लोकोत्तरश्च ॥ ४-६॥

तावेव वदन्ति—

लौकिको जनकादिर्लोकोत्तरस्तु तीर्थकरादिः ॥ ४-७॥

તે આપ્તપુરૂષ લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે, પિતા વિગેરે લૌકિક અને તીર્થંકર વિગેરે લોકોત્તર આપ્તપુરૂષ કહેવાય છે.

अत्राऽऽहुर्मीमांसकाः- नहि पौरुषेयस्याऽऽगमस्य प्रामाण्यं भवितुमर्हति, भ्रमप्रमादादिदोषसुलभत्वात् पुरुषस्य, न च स्वर्गाद्यतीन्द्रियवस्तुदर्शित्वं कस्यापि सम्भवति येन तदंशे तद्वचनस्य, प्रामाण्यं भवेत्, तस्मादपौरुषेयो वेद एवागमप्रमाणत्वेनाङ्गीकरणीयः, न च वेदेऽपौरुषेय त्वमसिद्धं, 'वेदोऽपौरुषेयः संप्रदायाऽव्यवच्छेदे सत्यस्मर्यमाणकर्तृकत्वात्' इत्यनुमानेन तत्र तस्य सिद्धत्वादिति ।

तदतितुच्छम्, द्वितीयपरिच्छेदे सर्वथा दोषासंस्पृष्टस्य सकलार्थदर्शिनः पुरषधौरेयस्य सर्वज्ञस्य प्रसाधितत्वात्, तद्वचनप्रामाण्ये बाधकाभावात् यदुक्तं- ''अपौरुषेयो वेद एव आगमप्रमाणत्वेनाङ्गीकरणीयः'' इति तदपि न युक्तम्, वेदस्य वर्णात्मकत्वात्, वर्णानां पुरुषप्रयत्नजन्यत्वात् भारतादिवत्

पौरुषेयत्वमेव सिध्यति । न च पुरुषप्रयत्नमन्तरोत्पद्यमानो वर्णात्मकः शब्दः केनचित् कुत्राप्युपलब्धः ।

यत्तु "संप्रदायाऽव्यवच्छेदे सत्यस्मर्यमाणकर्तृकत्वात्" इति हेतुरपौरुषेयसाधकत्वेनोपन्यस्तः सोऽपि विशेष्यासिद्धिदोषदुष्टत्वान्न स्वसाध्यसाधनायाऽलं, वैदिकैरेव नैयायिकादिभिर्वेदस्य ईश्वरकर्तृकत्वेन स्मरणात्। विशेषणं च संदिग्धासिद्धं, तथाहि—आदिमतामपि प्रासादादीनां संप्रदायो व्यवच्छिद्यमानो दृष्टः, अनादेस्तु वेदस्य, नाद्यापि संप्रदायव्यवच्छेदो जात इति कथमिव विश्वनीयं भवेत् ।

"प्रजापतिः सोमं राजानमन्वसृजत्, ततस्त्रयो वेदा अन्वसृजन्त" "प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्या विधीयते" इत्याद्यागमेनापि वेदस्य पौरुषेयत्वमेव प्रतीयते, इति न कथमपि वेदस्याऽपौरूषेयत्वं सिद्धिपथमायातिनितरां प्रामाण्यमिति ॥ ७ ॥

विशेषार्थ - लौकिक आप्तपुरुषोमां माता, पिता, पुत्र विगेरे हितस्वी पुरुषो गणी शकाय अने लोकोत्तर प्रामाणिक पुरुषोमां तीर्थंकर गणधर केवली आचार्यादि संसारथी तारनारा, मोक्षप्राप्त करावनारी धर्मदेशनाना दायक, महापुरुषो जाणवा.

आ सूत्रमां तीर्थंकर विगेरे लोकोत्तर आप्तपुरुषो धर्मोपदेश आपे छे, अने तेमनी वाणीने गणधरादि आगम रूपे रचे छे तेने (आगम प्रमाण) कहेवाय छे एम ग्रन्थकारश्री जणावे छे, एटले के सर्वशास्त्रो अर्थथी तीर्थंकरकृत अने शब्दथी गणधरादि रचित छे एटले कृत्रिम-कृतक अर्थात् अनित्य छे ज्यारे मीमांसको वेदोने अने वेदना आधारे थयेली श्रुतिओ अने स्मृतिओने अपौरुषेय (कोईपण पुरुष कृत नहीं पण) नित्य छे अनादि छे सहज छे, एम माने छे तेथी ग्रन्थकारश्री मीमांसकोनो पूर्वपक्ष पहेला जणावीने पछी तेनुं खंडन करता जणावे छे.

टीकार्थ पूर्वपक्षः- अहीं मीमांसको (आ प्रमाणे) कहे छे के पौरुषेय एवा (एटले के कोईने कोई व्यक्तिए बनावेला एवा) आगमनुं प्रमाणपणुं थवाने (स्वीकारवाने माटे) योग्य नथी कारण के (पुरुष व्यक्ति छद्मस्थ छे.) तेमां भ्रम प्रमाद विगेरे दोषो सुलभ छे एटले के पुरुष मात्रमां कोईने कोई क्षति

હોય છે, માટે તેના વચન ઉપર વિશ્વાસ ન બેસી શકે તેથી સ્વર્ગ મોક્ષ વિગેરે અતીન્દ્રિય પદાર્થોને જોનારો કોઈ પણ વ્યક્તિ સંભવતો નથી કે જેથી કરીને તે અતીન્દ્રિય પદાર્થોમાં તેના વચનની પ્રમાણતા આવે તેથી વેદો અપૌરુષેય છે અને તે વેદો જ આગમપ્રમાણ તરીકે સ્વીકારવા યોગ્ય છે, વળી વેદમાં અપૌરુષેયપણું અસિદ્ધ નથી અર્થાત્ સિદ્ધ છે તે આ પ્રમાણે-**वेदः अपौरुषेयः संप्रदायाव्यवछेदे सत्यस्मर्यमाणकर्तृकत्वात्** આવા પ્રકારનાં અનુમાનવડે **तत्र** = વેદમાં, **तस्य** = અપૌરુષેયપણું સિદ્ધ કર્યુ છે.

ઉત્તરપક્ષઃ - તે મીમાંસકોએ જણાવેલી વાત અત્યંત વ્યર્થ છે, કારણ કે બીજા પરિચ્છેદમાં જ સર્વપ્રકારે દોષોને નહીં સ્પર્શેલા અને સકલ પદાર્થોને જોનારા પુરૂષોમાં અગ્રેસર એવા સર્વજ્ઞને સિદ્ધ કર્યા છે. [દ્વિ. પરિ. સૂ.૨૪-૨૫-૨૬] તેમના વચનમાં પ્રમાણતા માનવામાં કંઈ બાધક છે જ નહીં એટલે કે સર્વજ્ઞ પ્રમાણથી અવિરોધી વાણીવાળા છે, તથા જે મીમાંસકોએ કહ્યું કે "અપૌરુષેય એવા વેદ જ આગમ પ્રમાણ વ્રડે સ્વીકારવા યોગ્ય છે." તે પણ તેઓનું કહેવું યોગ્ય નથી કેમ કે વેદો વર્ણસ્વરૂપે છે એટલે કે કોઈ પણ વક્તા વડે ભાષારૂપે બોલાયેલાં જે પદો તથા વાક્યોની વિશિષ્ટ રચના તે વર્ણાત્મક કહેવાય જો વેદો વર્ણાત્મક છે તો પુરૂષના પ્રયત્નથી જ ઉત્પન્ન થયેલા છે, તેથી મહાભારત [ભરત નાટક] વિગેરે ગ્રન્થોની જેમ તે વેદોનું પણ પૌરુષેયપણું સિદ્ધ થાય છે કારણ કે પુરૂષના પ્રયત્ન વિના ઉત્પન્ન થતાં વર્ણસ્વરૂપ શબ્દો કોઈના વડે ક્યાંય ઉપલબ્ધ થતાં નથી.

વળી જે મીમાંસકોએ વેદમાં અપૌરુષેયની સિદ્ધિ કરવા માટે **संप्रदाया-ऽव्यवच्छेदे सत्यस्मर्यमाणकर्तृकत्वात्** એવો હેતુ અનુમાનમાં સ્થાપન કરેલ છે તે પણ "વિશેષ્યાસિદ્ધિ" નામના દોષથી દૂષિત હોવાથી પોતાના સાધ્ય એવા અપૌરુષેયને સિદ્ધ કરવાને માટે સમર્થ નથી કેમ કે હેતુમાં વિશેષ્ય જે **अस्मर्य-माणकर्तृकत्वात्** એટલે કે જેનો કોઈ કર્ત્તા સ્મરણમાં આવતો નથી આવું જે તમે કહ્યું છે તેમાં વેદાન્તિઓ વડે જ તથા નૈયાયિકાદિ વડે વેદના કર્ત્તા ઈશ્વર તરીકે સ્મરણ કરેલા છે, તથા યુક્તિથી પણ જે જે શાસ્ત્રો વાક્યરચનારૂપ હોય અને વ્યવસ્થિત અર્થવાળા હોય તો તેનો કોઈને કોઈ કર્ત્તા હોય જ આવા તર્કથી પણ તેનો કર્ત્તા છે તેથી તમારો હેતુ વિશેષ્યાસિદ્ધિ નામના દોષવાળો છે માટે અપૌરૂષેય એવા સાધ્યની સિદ્ધિ નહીં થાય.

વળી તમારા હેતુમાં જે વિશેષણ છે 'संप्रदायाव्यवच्छेदे सति' તે 'સંદિગ્ધાસિદ્ધિ' દોષવાળું છે તે આ પ્રમાણે-આદિવાળા એવા મહેલ વિગેરેના સંપ્રદાય (પરંપરા) વ્યવચ્છેદ પામતા જણાય છે. તો અનાદિ એવા વેદનો હજુ સુધી પણ સંપ્રદાયનો વ્યવચ્છેદ થયો નથી એવું કેવી રીતે માની શકાય? માટે સંશયાત્મક હોવાથી તે વિશેષણ સંદિગ્ધાસિદ્ધિ દોષવાળુ જાણવું એટલે કે જે આદિવાળા કાર્યો મહેલ આરામ વિહાર વિગેરે તેને થોડો જ કાળ થયો છે, તો પણ સંપ્રદાય વ્યવચ્છેદ પામતો દેખાય છે તો ઘણા લાંબા કાળવાળા એટલે કે અનાદિકાળથી નિત્ય માની લીધેલા એવા વેદો ભૂતકાળમાં એકવાર નહીં અનેકવાર વ્યવછેદ પામેલા સંપ્રદાયવાળા હોઈ શકે, તેથી વિશેષણ પણ સંદિગ્ધાસ્ત્રિદ્ધ કેમ ન બને ? તેથી વેદમાં સંપ્રદાયનો અવ્યવછેદ જ હોય એવું કેમ માની શકાય ? અર્થાત્ ન માની શકાય માટે સંદિગ્ધાસિદ્ધિ દોષ કહેવાય.

વળી (વેદોમાંની શ્રુતિના પાઠો તમે વાંચ્યા હશે તેમાં આ પ્રમાણે કહેલું છે) પ્રજાપતિ- બ્રહ્મા એ સોમરાજાને બનાવ્યો, તેમાથી ત્રણ વેદો ઉત્પન્ન થયાં, દરેક મનુએ મનુએ આ શ્રુતિ નવી કરાય છે આવા તમારા આગમવચનો વડે પણ વેદનું પૌરુષેયપણું જણાય છે તેથી કેમે કરીને પણ વેદનું અપૌરુષેયપણું સિદ્ધિ પથમા અવતરતું નથી કે જેથી કરીને તેની અત્યંત પ્રમાણતા માની શકાય. તેનો સારાંશ આ પ્રમાણે છે મીમાંસકોએ જે વેદનું અપૌરુષેયપણું જ માનેલું છે તે સિદ્ધ થઈ શકતું નથી કે તેથી તેને પ્રમાણત્વ તરીકે સ્વીકારી શકાય...

आप्तं प्ररूप्य तद्वचनं प्ररूपन्ति—

આપ્ત પુરૂષનું વચન આગમરુપ છે તેનું સ્વરૂપ બતાવે છે.

वर्णपद-वाक्यात्मकं वचनम्॥ ४-८ ॥

तत्र वर्णं वर्णयन्ति—

अकारादि:पौद्गलिको वर्ण:॥ ४-९ ॥

વર્ણાત્મક પદાત્મક અને વાક્યાત્મક એવી શબ્દરચના તે વચન કહેવાય છે અકાર વિગેરે પૌદ્ગલિક વર્ણ છે.

पुद्गलै:—भाषावर्गणापरमाणुभिरारब्ध: पौद्गलिक: । एतेन वर्णनित्यत्व-वादिनो मीमांसका:, गगनगुणत्ववादिनो नैयायिकाश्च निरस्ता वेदितव्या:,

तथाहि—वर्णानामुत्पत्ति-विनाशयोः प्रत्यक्षेण वीक्ष्यमाणत्वान्नित्यत्वं न सम्भवति, नच 'सोऽयं गकारः' इति प्रत्यभिज्ञाबलाद् वर्णानां नित्यत्वं सिध्यति, अस्याः प्रत्यभिज्ञायाः 'सेयं दीपज्वाला' 'तदेवेदमौषधम्' इत्यादिवत् सजातीय विषयत्वेन भ्रान्तत्वात् । एवं 'शब्दो न गगनगुणः, अस्मादादि-प्रत्यक्षत्वाद् रूपादिवत्' इत्यानुमानबाधितत्वाद् गगनगुणत्वमपि न सिध्यति, तस्माद् द्रव्यरूपेण नित्यत्वात् पर्यायरूपेण चानित्यत्वाच्छब्दस्य नित्यानित्यत्वमेवा-वगन्तव्यम् ।

पौद्गलिकत्वं चास्य 'वर्णः पौद्गलिकः मूर्तिमत्वात्, पृथिव्यादिवत्' इत्यानुमानसिद्धम्, न च मूर्तिमत्वप्रसिद्धं, स्पर्शवत्वेन हेतुना तत्र तस्य सिद्धत्वात्, न च स्पर्शवत्वमपि शब्दस्याऽसिद्धं, कर्णशष्कुल्यां स्पर्शस्यानु-भूयमानत्वात् तस्य स्पर्शवत्वसिद्धेः, अन्यथा कथमिवोत्कटशब्द श्रवणेन बालकादीनां कर्णोपघातो भवेत् ? भवति चायं कर्णोपघातः, तस्मात् शब्दस्य स्पर्शत्वं नाऽसिद्धं, सिद्धे च स्पर्शवत्वे शब्दस्यमूर्तिमत्वसिद्धिः, तेन च पौद्गलिकत्वसिद्धिरिति दिक्॥ ९ ॥

विशेषार्थ- वर्ण-पद अने वाक्यने वचन कहेवाय छे तेम उपलक्षणथी सूत्र पाद अध्याय-प्रकरण-परिच्छेद-कांड-विभाग-प्रकाश विगेरे ग्रन्थोना विभागो पण वचन तरीके गणी शकाय छे.

(१) अर्थसंयुक्त एकलो वर्ण वचन कहेवाय जेम के कः सः अः ईत्यादि

(२) परस्पर सापेक्ष वर्णोनो समुदाय तेने पण वचन कहेवाय घटः पटः कटः ईत्यादि

(३) परस्पर सापेक्ष पदना समुदायरूप वाक्य तेने पण वचन कहेवाय त्वं गच्छ, स पठति, अह घटमानयामि ईत्यादि

टीकार्थः- पुद्गलैः- पुद्गलोवडे एटले के भाषावर्गणाना परमाणुं वडे बनेलो जे शब्द ते पौद्गलिक कहेवाय छे. अहीं मूणसूत्रमां मूकेलो "पौद्गलिकः" शब्द परदर्शनना खंडन माटे छे, तेथी आ प्रमाणे कहेवा द्वारा वर्णनित्यवादी एवा मीमांसको अने शब्द (वर्ण) आकाशनो गुण छे, तेम कहेनारा नैयायिकोना मतनुं खंडन थयुं जाणवुं ते आ प्रमाणे-वर्णोनी उत्पत्ति अने विनाश प्रत्यक्षथी जणाता होवाथी तेमां नित्यपणुं संभवतु नथी छतां मीमांसको वर्णने नित्य

સિદ્ધ કરવા કહે છે, તેજ આ ગકાર છે એમ પ્રત્યભિજ્ઞાન પ્રમાણ દ્વારા જણાવે છે તેમનું કહેવું છે કે પહેલા મારા વડે જે ગકાર બોલાયેલો હતો તે ગકાર નિત્ય ન હોય તો જ્યારે બીજીવાર તે વર્ણ બોલાય ત્યારે પ્રથમ વખતનો તે બોલાયેલ ગકાર સર્વથા નષ્ટ થઈ ચૂકેલો હોય તો "તે જ આ ગકાર છે" એમ કેવી રીતે બોલાય, અને જગતમાં આ પ્રમાણે બોલાય તો છે જ માટે પૂર્વોચ્ચારિત વર્ણ નષ્ટ થતો નથી તેથી નિત્ય છે, આવું મીમાંસકો માને છે.

હવે ગ્રન્થકારશ્રી જણાવે છે કે, પ્રત્યભિજ્ઞાનના બળથી પણ તમે વર્ણોમાં નિત્યત્વ સિદ્ધ કરી શકશો નહીં, કારણ કે આ પ્રત્યભિજ્ઞા "તે આ દીપમાલા છે, તે જ આ ઔષધ છે." ઇત્યાદિ સજાતીય વિષયમાં ભ્રાન્ત છે, એટલે કે પ્રત્યભિજ્ઞા જે વસ્તુ કથંચિત્ અનિત્ય હોય ત્યાં જ સંભવી શકે છે, જે વસ્તુ એકાન્તનિત્ય સ્વરૂપવાળી છે ત્યાં "તે અને આ" એમ બે શબ્દોના પ્રયોગવાળી પ્રત્યભિજ્ઞાનો પ્રયોગ સંભવતો નથી કારણ કે 'તે' ભૂતકાળવાચી હોવાથી સ્મૃતિસૂચક છે 'આ' શબ્દ વર્તમાનકાળવાચી હોવાથી પ્રત્યક્ષસૂચક છે. હવે જો પદાર્થ અનિત્ય (પરિણમનશીલ) ન જ હોય તો તેને વિષે "તે અને આ" એમ બે પ્રયોગ કેવી રીતે ઘટી શકે? કારણ કે તે જ આ ગકાર છે તેમાં પણ કાળને આશ્રયીને પરિવર્તન હોવાથી કથંચિત્ અનિત્યતા જ છે પરંતુ એકાન્તે નિત્ય નથી "તે આ દીપમાલા અને તે જ આ ઔષધ છે." તે પણ કથંચિત્ અનિત્યમાં ઘટી શકે છે. માટે વર્ણ નિત્ય જ છે એવું એકાન્તે નહીં ઘટે.

એ જ પ્રમાણે નૈયાયિકોએ શબ્દને આકાશનો ગુણ માન્યો છે, ગ્રન્થકારશ્રી તેનું ખંડન કરતાં અનુમાન જણાવે છે, '**शब्दो न गगनगुणः अस्मदादिप्रत्यक्षत्वाद् रूपादिवत्**' જે જે આપણી ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષના વિષય બને છે તે તે આકાશના ગુણરૂપે નથી જેમ કે રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ ગુણો આકાશના ગુણો નથી-તેમ શબ્દ પણ શ્રોત્રેન્દ્રિયજન્ય આપણા પ્રત્યક્ષનો વિષય હોવાથી આકાશનો ગુણ નથી ભાષાસ્વરૂપ એક દ્રવ્ય છે તેથી દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે અનિત્ય છે માટે શબ્દને નિત્યાનિત્ય માનવા યોગ્ય છે.

શબ્દનું પૌદ્ગલિક-પણું સિદ્ધ કરતું અનુમાન બતાવે છે. **वर्णः पौद्गलिकः मूर्त्तित्त्वात् पृथिव्यादिवत्** વર્ણ છે તે પૌદ્ગલિક છે, કારણ કે મૂર્તિમાન્ (રૂપી) હોવાથી પૃથ્વી વિગેરેની જેમ અહીં જે **मूर्त्तिमत्वं** હેતુ કહ્યો તે હેતુ અસિદ્ધ નથી

સ્પર્શવત્ત્વ હેતુ વડે કરીને વર્ણમાં મૂર્તિમત્તા સિદ્ધ કરી શકાય છે વળી શબ્દનું સ્પર્શવાળા પણું એ હેતુ પણ અસિદ્ધ નથી, કાનના પોલાણમાં શબ્દનો સ્પર્શ અનુભવાય છે.

જો શબ્દનું સ્પર્શવાળાપણું અસિદ્ધ માનો તો ઉત્કટ એવા શબ્દના શ્રવણવડે બાળક વિગેરેને કર્ણનો ઉપઘાત કેમ થાય ? અને કર્ણનો ઉપઘાત તો થતો અનુભવાય જ છે, તેથી શબ્દનું સ્પર્શપણું અસિદ્ધ નથી અને સ્પર્શત્વ સિદ્ધ થતાં મૂર્તિમત્ત્વપણાની સિદ્ધિ થાય આથી શબ્દ પૌદ્ગલિક છે એમ પણ સિદ્ધ થાય છે આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે वर्णः (शब्दः) मूर्त्तिमान् स्पर्शवत्वात्, वर्णः पौद्गलिकः मूत्तिमत्वात्, तथा वर्णः न गगनगुणं अस्मद्बाह्येन्द्रियजन्यप्रत्यक्षत्वात् આ રીતે આ ત્રણ અનુમાનો દ્વારા નૈયાયિકે માનેલો શબ્દ એ આકાશનો ગુણ છે એ વાત ખંડિત થયેલી જાણવી.

पदवाक्ये व्याकुर्वन्ति—

પદ અને વાક્યનું સ્વરૂપ બતાવે છે.

वर्णानामन्यऽन्यापेक्षाणां निरपेक्षा संहतिः पदं,
पदानां तु वाक्यम् ॥ ४-१० ॥

પરસ્પર અપેક્ષા રાખનારા એવા વર્ણોનો [અન્ય પદવર્તી અક્ષરોની સાથે] નિરપેક્ષ એવો સમુદાય તે પદ કહેવાય છે (તેવી જ રીતે) પરસ્પર અપેક્ષાવાળા પદોનો (વાક્યાન્તરવર્તી પદોની સાથે) નિરપેક્ષ એવો જે સમૂહ તેને વાક્ય કહેવાય છે.

वर्णानामकारादीनां, अन्योऽन्यापेक्षाणां-पदार्थप्रतिपत्तौ परस्परसहकारितया वर्तमानानाम्, निरपेक्षा-पदान्तरवर्तिवर्णनिरपेक्षा-संहतिः-संघातः पदमभिधीयते । एवमेव पदानां वाक्यार्थप्रतिपत्तौ परस्परसहकारितया स्थितानां वाक्यान्तरवर्तिपदनिरपेक्षा संहतिः वाक्यमित्युच्यते ॥ १० ॥

टीकार्थ : અન્યોન્ય અપેક્ષાવાળા અકાર આદિ વર્ણોના એટલે કે પદાર્થની પ્રતિપત્તિમાં અરસપરસ સહકારીપણાવડે વર્તેલા એવા તથા નિરપેક્ષ એટલે બીજા પદમાં રહેલા વર્ણોથી નિરપેક્ષ એવા અક્ષરનો સમુદાય તેને "પદ" કહેવાય છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે, પદાર્થનો બોધ કરાવવામાં જે વર્ણો

અરસપરસ સહકારી ભાવે રહેલા હોય તે વર્ણોનો જે સમૂહ તે પદ કહેવાય છે (વળી આ વર્ણસમૂહ તે પદ કહેવાય છે) આ વર્ણસમૂહ પદાર્થનો બોધ કરાવવામાં બીજા પદની અંદર રહેલા વર્ણોની અપેક્ષા-વગરનો હોય તો તે પદ કહેવાય છે તેમ જાણવું.

એજ પ્રમાણે વાક્યના અર્થનો બોધ કરાવવામાં અરસ-પરસ સહકારી ભાવે રહેલા પદોનો તથા બીજા વાક્યમાં રહેલા પદોથી નિરપેક્ષ એવો જે પદ સમુદાય તે વાક્ય કહેવાય છે.

વિશેષાર્થ : પદાર્થના બોધમાં સમર્થ એવા પરસ્પર અપેક્ષાવાળા અને અન્ય પદથી નિરપેક્ષ એવો વર્ણનો સમૂહ તે પદ કહેવાય છે, જેમકે ગાય આ શબ્દમાં ગાય દ્રવ્યનો બોધ કરવા માટે (ગા+ય) પરસ્પર સાપેક્ષ છે, પરંતુ તે "ગા" "ય" ગાડુ અને કાય અક્ષરો સાથે નિરપેક્ષ છે તે વર્ણોનો સમુદાય તે પદ કહેવાય છે તેમાં એકવર્ણ બેવર્ણ કે બહુવર્ણોનો સમુદાય તે પદ બની શકે છે, જેમકે अ= વિષ્ણુ क्+अ=कः=બ્રહ્મા गौः ગાય વિગેરે આ એક અક્ષરવાળા પદો છે घटः पटः कमलं तरलं अरविंदम् વિગેરે અનેક અક્ષરવાળાં પદો છે.

પરસ્પર સાપેક્ષ બીજા વાક્યમાં રહેલા પદો સાથે નિરપેક્ષ એવા એક પદ અથવા બે પદો કે અધિક પદોનો સમુદાય તે "વાક્ય" જાણવું જેમકે **गच्छ**, પઠ, ભણ વિગેરે એક પદવાળું પણ વાક્ય હોય શકે છે. जनः **गच्छति** અહીં जनः અને गच्छति પરસ્પર સાપેક્ષ છે તો જ વાક્ય બને છે પરંતુ पुस्तकं पतति, બીજા વાક્યના 'पुस्तकं' પદ સાથે गच्छति નો સંબંધ જોડાતો નથી માટે બીજા પદોથી નિરપેક્ષ છે તેમ જાણવું. અને ગમે તેવા પદો જેમ તેમ નિરપેક્ષ એકઠા થાય તેથી વાક્ય ન બને. જેમ કે- बालाः गौः कृष्णः વિગેરે, આ કારણથી પરસ્પર સાપેક્ષ એવા પદોનો સમુદાય પરવાક્યમાં રહેલ પદથી નિરપેક્ષ એવો પદસમુહ તે વાક્ય જાણવું.

अथ संकेतमात्रेणैव शब्दोऽर्थं प्रतिपादयति, न तु स्वाभाविक सम्बन्धवशादिति गदतो नैयायिकान्, समयादपि नाऽयं वस्तु वदतीति वदतः सौगतांश्च पराकुर्वन्ति—

શબ્દની વ્યાખ્યા જણાવે છે.

स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थनिबन्धनं शब्दः ॥४-११॥

સ્વાભાવિક શક્તિ અને સંકેત એમ બે વડે પદાર્થનો બોધ કરાવવામાં શબ્દ કારણ છે.

स्वाभाविकसामर्थ्यं—शब्दस्यार्थप्रतिपादिका शक्तिः समयः- संकेतः, ताभ्यां कृत्वा अर्थज्ञानस्य कारणं शब्द इति ।

अयं भावः—यद्यपि अर्थप्रतिपादने शब्दस्य स्वाभाविकं सामर्थ्यमस्ति तथापि सहकारित्वेन संकेतमपेक्षते, अन्यथा अज्ञातसंकेतस्यापि पुंसः शब्दश्रवणमात्रेणार्थोपस्थितिः स्यात्, न चैवं दृश्यते । ननु तर्हि संकेतेनैव शब्दस्यार्थबोधकत्व-मङ्गीक्रियतां किमर्थ तत्र स्वाभाविकसामर्थ्यं स्वीक्रियते? इति चेद्, उच्यते—संकेतस्य पुरुषेच्छाधीनत्वात् कदाचित् 'शब्दोऽपि वाच्यः, अर्थोऽपि वाचकः' इति विपरीतमपि स्यात्, सामर्थ्येऽङ्गीक्रियमाणे तु नैवं भवितुमर्हति, तस्मात् सामर्थ्य-संकेताभ्यां शब्दस्यार्थावबोधकत्वमङ्गीकरणीयमिति ॥ ११ ॥

टीकार्थः- (१) स्वाभाविक= સહજ, નૈસર્ગિક કુદરતી સ્વયં અનાદિસિદ્ધ સ્વાભાવિકપણે રહેલી सामर्थ्य= શક્તિ, શબ્દના અર્થનું પ્રતિપાદન કરનારી શક્તિવિશેષ.

(२) समय= સંકેત, ताभ्याम्= સ્વાભાવિક સામર્થ્ય અને સંકેત તે બન્નેવડે કરીને અર્થજ્ઞાનનુ કારણ શબ્દ બને છે. તેનો ભાવ આ પ્રમાણે છે- જો કે અર્થનો બોધ કરાવવામાં શબ્દનું સ્વાભાવિક સામર્થ્ય છે તો પણ સહકારીસ્વરૂપે સંકેતની અપેક્ષા રાખે છે. સહકારીરૂપે સંકેતની અપેક્ષા ન સ્વીકારાય તો સંકેતને નહીં જાણતા એવા અજ્ઞાન સંકેતવાળા પુરૂષને પણ શબ્દ સાંભળવા માત્રથી પદાર્થનો બોધ થવો જોઈએ (દાડમ, ચીકુ, દ્રાક્ષ, સફરજનનો થાળ ભરેલો છે તો તે પદાર્થના અનભિજ્ઞ વ્યક્તિને પણ આ દાડમ છે, આ ચીકુ છે એ પ્રમાણેનું જ્ઞાન થવું જોઈએ.) આ પ્રમાણે બોધ થતો દેખાતો નથી, માટે શબ્દનું સ્વાભાવિક સામર્થ્ય હોવા છતાં સંકેતની પણ સહકારીપણે અર્થબોધ કરવામાં અપેક્ષા રહે છે.

પ્રશ્નઃ- ननु. જો સંકેત વડે જ શબ્દમાં અર્થબોધકપણું સ્વીકારો છો તો પછી શબ્દમાં સ્વાભાવિક સામર્થ્ય શા માટે સ્વીકારો છો ?

ઉત્તરઃ- કેવલ (એકલો) સંકેત અર્થબોધમાં કારણ માનીએ તો સંકેત તો પુરૂષની (ઈચ્છાને) આધીન વૃત્તિવાળો છે એટલે કે પુરૂષની ઈચ્છા પ્રમાણે જ શબ્દ પ્રયોગ હોય તો પુરૂષની ઈચ્છા ઉપર કોઈ પણ જાતનો પ્રતિબંધ ન હોવાથી ઘટપટાદિ પદાર્થો છે તે પુરૂષની ઈચ્છાને અનુસારે તો ક્યારેક વાચક કહી શકાવા જોઈએ તથા તે જ ઘટપટાદિ પદાર્થો કે જે વાચક છે તે પણ પુરૂષની ઈચ્છા થાય તો વાચ્ય કહેવરાવા જોઈએ. એટલે કે આ રીતે પદાર્થ પણ વાચક હોય અને શબ્દ પણ વાચ્ય હોય એથી વિપરીત વ્યવસ્થા બની જાય પરંતુ આવું બનતું નથી તેથી શબ્દમાં સામર્થ્ય સ્વીકારવું જોઈએ આ પ્રમાણે એકલો સંકેત માનવામાં કે એકલું સામર્થ્યમાત્ર માનવામાં દોષ આવે છે તેથી સામર્થ્ય અને સંકેત એમ બન્ને વડે જ શબ્દને અર્થબોધક તરીકે સ્વીકારવો યોગ્ય છે.

વિશેષાર્થ :- અહિંયા સૂત્રમાં શક્તિ અને સંકેત બન્ને વડે શબ્દ અર્થનો પ્રતિપાદક છે તેમ જણાવ્યું છે કારણ કે નૈયાયિકો માત્ર સંકેતવડે જ અને બૌધ્ધો માત્ર સામર્થ્યવડે જ શબ્દ પોતાના વાચ્ય પદાર્થનો બોધ કરાવે છે. તેવું માને છે તે બન્નેનું ખંડન કરવા માટે ગ્રન્થકારે એકલા સંકેત દ્વારા શબ્દ બોધક થતો નથી તથા માત્ર સામર્થ્ય પણ સંકેતના સહકાર વિના અર્થનો બોધ કરાવનારૂં થતું નથી તેમ જણાવ્યું છે.

स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्द इत्युक्तम् । अथ किमस्य शब्दस्य स्वाभाविकं रूपं, किञ्च परापेक्षमिति विवेचयन्ति—

શબ્દનું સ્વાભાવિક અને પર-અપેક્ષિત સ્વરૂપ શું છે તે બતાવે છેઃ-

अर्थप्रकाशकत्वमस्य स्वाभाविकं प्रदीपवत्

यथार्थाऽयथार्थत्वे पुनः पुरुषगुणदोषावनुसरतः ॥४-१२॥

દીપકની જેમ અર્થનો પ્રકાશ (બોધ) કરાવવો તે શબ્દનું સ્વાભાવિક સ્વરૂપ છે પરંતુ તે અર્થબોધ યથાર્થ છે કે અયથાર્થ છે તે પુરૂષના ગુણદોષને અનુસરે છે.

अर्थावबोधकत्वं स्वाभाविकमेव, यथार्थाऽयथार्थप्रतिपादकत्वं तु पुरुषगुणदोषवनुसरतः। यदि पुरुषः सम्यग्दर्शी दयालुः सत्यवक्ता च तदा तत्प्रयुक्तः शब्दः यथार्थज्ञानं जनयति, अन्यथा तु अयथार्थज्ञानमुत्पादयतीति ।१२।

ટીકાર્થ :- અર્થનો બોધ કરાવવાપણું આ શબ્દનું સ્વાભાવિક એટલે કે સહજસ્વરૂપ છે, પરંતુ શબ્દ દ્વારા કરાવાયેલા તે અર્થબોધમાં યથાર્થતા છે કે અયથાર્થતા છે, તે પુરૂષના ગુણ દોષને અનુસરે છે. જો પ્રતિપાદન કરનાર પુરૂષ સમ્યગ્ જોનાર, દયાળુ અને સત્યવક્તા હોય તો ત્યારે તેને જણાવેલો શબ્દ યથાર્થજ્ઞાનને ઉત્પન્ન કરે છે અને અન્યથા એટલે મિથ્યા જોનારો [ભ્રાન્તદર્શી] કે કરૂણા વિનાનો કે ઠગનારો મિથ્યાભાષી વક્તા હોય તો તેના દ્વારા બોલયેલ શબ્દ અયથાર્થજ્ઞાનને પ્રગટ કરે છે.

વિશેષાર્થ :- દીપક જેમ સ્વતઃ પ્રકાશ કરે છે, પ્રકાશ કરવો એ દીપકનું સ્વાભાવિક સ્વરૂપ છે તેમ અર્થબોધ કરાવવો એ શબ્દોનો સ્વાભાવિક સ્વભાવ છે પરતું દીપક સહજ પ્રકાશ આપતો હોવા છતાં પણ કમળાનો રોગવાળો કે નિસ્તેજ ચક્ષુવાળો પુરૂષ દોષની હાની-વૃદ્ધિ પ્રમાણે સ્પષ્ટ કે અસ્પષ્ટ કે વિપરીત જુએ છે અને ચક્ષુના ગુણવાળો પુરૂષ યથાર્થ જોઈ શકે છે તેવી જ રીતે શબ્દ વડે અર્થબોધ કરાવવાનું સ્વાભાવિક સામર્થ્ય હોવા છતાં પણ તે સત્ય અર્થ છે કેઅસત્ય અર્થ તે વાત પ્રતિપાદક વક્તામાં રહેલી શુદ્ધિ અને અશુદ્ધિ ઉપર આધાર રાખે છે, એટલે કે પુરૂષગત ગુણો અને દોષની અપેક્ષા રાખે છે જો વક્તા સાચી દૃષ્ટિવાળો અને પવિત્ર હૃદયવાળો હોય તો તેના વડે કરાતી અર્થપ્રતીતિ યથાર્થ છે અને જો વક્તા વિપરીત દૃષ્ટિવાળો ઠગ હૃદયવાળો હોય તો તેના દ્વારા કરાતી અર્થની પ્રતીતિ મિથ્યા છે તેમ જાણવું.

સાચી દૃષ્ટિવાળો વક્તા હોય તો રજત વગેરેને જોઈને તેને બરાબર ઓળખીને તે જ જણાવવાના ભાવથી **रजतमिदम् सुवर्णमिदम् सर्पोऽयम्** એજ પ્રમાણે બોલે છે પોતે વસ્તુને સાચી દેખીને અને ઓળખીને એ રીતે જ પવિત્રહૃદયથી જેમ છે તેમ જણાવવા બોલે છે માટે યથાર્થ છે પરંતુ અવળી દૃષ્ટિવાળો પુરૂષ પોતાને બરાબર ન દેખાયું ન સમજાયું હોવાથી અથવા બરાબર દેખાયુ કે સમજાયુ હોવા છતાં પણ બીજાને છેતરવાની બુદ્ધિ હોવાથી છીપમાં **रजतमिदम्** પીત્તળમાં **सुवर्णमिदम्** રજ્જુમાં **सर्पोऽयम्** ઇત્યાદિ બોલે છે માટે અયથાર્થ છે આરીતે પુરુષગત ગુણ દોષને લઈને શબ્દ યથાર્થ-અયથાર્થ અર્થને જણાવનાર બને છે.

इह यथैवान्तर्बहिर्वा भावराशिः स्वरूपामबिभर्ति तथैव तं शब्देन प्रकाशयतां प्रयोक्तृणां प्रावीण्यमुपजातने । तं च तथाभूतं सप्तभङ्गीसमनुगत एव शब्दः प्रतिपादयितुं पटीयानित्याहुः—

તે શબ્દના સાત પ્રકારો છે અર્થાત્ સપ્તભંગી છે તે બતાવે છે....

सर्वत्रायंध्वनि-र्विधि-प्रतिषेधाभ्यां स्वार्थमभिदधानः सप्तभङ्गी-मनुगच्छति ॥ ४-१३ ॥

સર્વ સ્થાને આ શબ્દ વિધિ અને પ્રતિષેધ વડે પોતાના (વાચ્ય) અર્થને જણાવતાં સાત પ્રકારનો થાય છે એટલે કે સપ્તભંગીને અનુસરે છે.

अयं ध्वनिः-शब्दः, सर्वत्र विधिमुखेन निषेधमुखेन च, स्वार्थनित्या-नित्याद्यनेकान्तात्मकं वस्तु, अभिदधानः- प्रतिपादयन्, सप्तभङ्गी-स्यादस्ती-त्यादिवक्ष्यमाणप्रकारं सप्तधा प्रयोगमनुगच्छति ॥ १३ ॥

टीकार्थ : આ શબ્દ સર્વઠેકાણે વિધાન કરવા વડે અને નિષેધ કરવા વડે કરીને સ્વાર્થ એટલે કે વસ્તુનિત્ય છે કે અનિત્ય ? વસ્તુ સત્ છે કે અસત્ ? એવી રીતે અનેકાંત સ્વરૂપ વસ્તુને સમજાવતા-જણાવતા स्यात् अस्ति ઇત્યાદિ કહેવાતા પ્રકાર વડે સાત પ્રકારના પ્રયોગ વડે સપ્તભંગીને અનુસરે છે.

विशेषार्थ : દરેક પદાર્થમાં સત્-અસત્, નિત્ય-અનિત્ય, ભિન્ન-અભિન્ન, આદિ અનેક ધર્મો હોય છે તેથી દરેક પદાર્થ અનેક ધર્મયુક્ત છે આવા અનેક ધર્મ વાળા પદાર્થને વિષે વિધાન અને નિષેધ દ્વારા પ્રવર્તતો શબ્દ સાત પ્રકારે ઘટી શકે છે. પદાર્થ જે સ્વરૂપે હોય તે સ્વરૂપે કહેનાર વક્તા યથાર્થવાદી થવાથી પ્રમાણિક ગણાય છે પદાર્થને યથાર્થ સ્વરૂપે કહેવાને માટે પ્રવર્તતો શબ્દ ત્યારેજ સમર્થ થાય છે કે જો તે સપ્તભંગીને અનુસરે તેને અનુસર્યા વિના શબ્દ યથાર્થરૂપથી અર્થને જણાવી શક્તો નથી.

अथ सप्तभङ्गमेव स्वरूपतो निरूपयन्ति—

સપ્તભંગીનું સ્વરૂપ જણાવે છે.

एकत्रवस्तुन्येकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोः विधिनिषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्यप्रयोगः सप्तभङ्गी ॥ ४-१४ ॥

વિવક્ષિત એવા ઘટપટાદિ કોઈપણ એક વસ્તુમાં (નિત્ય-અનિત્યઆદિ સ્વરૂપે રહેલ) એકેક ધર્મ સંબંધી પ્રશ્ન પુછવાના વશથી પરસ્પર અવિરોધપણે, જુદા જુદા કે સમુદિતરૂપે રહેલા, વિધિ અને નિષેધની કલ્પના કરવા દ્વારા, ''સ્યાત્'' એવા પદથી યુક્ત એવો, જે સાત પ્રકારનો વાક્યપ્રયોગ, તે સપ્તભંગી કહેવાય છે.

एकत्र—जीवाजीवादौ वस्तुनि, एकैकधर्मपर्यनुयोगवशात्-एकैक-सत्वादिधर्मप्रश्नवशात्, अविरोधेन-प्रत्यक्षादिबाधापरिहारेण, व्यस्तयोः-पृथग्भूतयोः, समस्तयोः- समुदितयोश्चविधि-निषेधयोः कल्पनया-पर्यालोचनया कृत्वा, स्यात्काराङ्कितः-स्याच्छब्दलाञ्छितः, सप्तधा-सप्तक-प्रकारैर्वचनविन्यासः सप्तभङ्गी ज्ञातव्या ।

इदमत्राऽऽकूतम्-जीवाजीवात्मकं सर्वं हि वस्तुजातमनन्तधर्मात्मकमिति सिद्धान्तः। तत्रैकैकधर्ममवलम्ब्य सप्तविधप्रश्नवशात् सप्तधावाक्यं प्रवर्तते। उद्देश्य विधेयात्मकं हि वाक्यं भवति, एवं च कस्मिंश्चिद् वस्तुनि कमपि धर्ममवलम्ब्योदेश्य-विधेयात्मकं सप्तधैव वचनविन्यासः प्रवर्तते, नाधिकं नाऽपि न्यूनं, तथाहि-घटे अस्तित्वधर्ममवलम्ब्य, 'स्यादस्त्येव घटः' 'स्यान्नास्त्येव घटः' 'स्यादस्ति नास्ति च घटः' 'स्यादवक्तव्य एव घटः' 'स्यादस्ति चावक्तव्यश्च घटः' 'स्यान्नास्तिचावक्तव्यश्च घटः' 'स्यादस्ति नास्ति चावक्तव्यश्च घटः' इति सप्तभङ्गाः प्रवर्तन्ते ।

प्रश्नानां सप्तविधत्वं च प्रश्नकर्तुः सप्तविधजिज्ञासोदयात् । जिज्ञासायाः सप्तविधत्वं सप्तविधसंशयसमुद्भवात् । सन्देहस्यापि सप्तविधत्वं संदेह-विषयीभूतधर्माणां कथञ्चिदस्तित्वादीनां सप्तविधत्वात् । तथाहि—कथञ्चिद-स्तित्वं, कथञ्चिन्नास्तित्वं, कथञ्चित्क्रमार्पितोभयत्वं, कथञ्चिदवक्तत्वं, कथञ्चिदस्तित्वविशिष्टावक्तव्यत्वं, कथञ्चिन्नास्तित्वविशिष्टावक्तव्यत्वं, कथञ्चित्क्रमार्पितोभयविशिष्टा-वक्तव्यत्वमिति। एवं च वस्तुषु प्रतिपर्याय-मवलम्ब्य सप्तविधसंशयविषयी-भूतधर्माणां विद्यमानत्वाद् घटः स्यादस्ति न वा ? इति कथञ्चित्सत्वसर्वथा-सत्वरूपविरूद्धकोटिद्वयात्मकः संशयः समाविर्भवति, संशयेन च घटे वास्तविकसत्वनिर्णयार्थं जिज्ञासोत्पद्यते, तत्रो घटः किं स्यादस्त्येव ? इति प्रश्नः प्रवर्तते तादृशप्रश्नवशात् प्रतिपादयितुः

प्रतिपिपादयिषा जायते, ततः प्रतिपादयति, तथा च प्रश्नानां सप्तधैव प्रवर्तमानत्वादुत्तरस्यापि सप्तविधत्वमेव प्रपन्नं भवति ।

इयं सप्तभङ्गी प्रमाणसप्तभङ्गी-नयसप्तभङ्गीभेदेन द्विविधा। तत्र प्रतिभङ्गं सकलादेशस्वभावा प्रमाणसप्तभङ्गी। प्रतिभङ्गं विकलाऽऽदेशस्वभावा च नयसप्तभङ्गी। एकधर्मबोधनमुखेन अभेदवृत्या अभेदोपचाराद् वा तदात्मकाशेषधर्मात्मकवस्तुविषयकबोधजनकवाक्यत्वं सकलादेशत्वम् । कुत्राऽभेदवृत्या प्रतिपादयति ? कुत्र चाभेदोपचारेण ? इति चेत्, उच्यते—द्रव्यार्थनयाङ्गीकारपक्षे सर्वपर्यायाणां द्रव्यात्मकत्वात् 'स्यादस्त्येव घटः' इति वाक्यमस्तित्वलक्षणैकधर्मप्रतिपादनद्वारा तदात्मकाशेषधर्मात्मकं वस्तु अभेदवृत्या प्रतिपादयति। पर्यायार्थनयस्वीकारपक्षे तु सर्वपर्यायाणां परस्परभिन्नत्वाद् एकस्य शब्दस्यानेकार्थप्रत्यायने सामर्थ्याऽभावाद्-भेदोपचारेणान्तधर्मात्मकं वस्तु प्रतिपादयति ।अभेदवृत्तेरभेदोपचार-स्याऽनाश्रयणे एकधर्मात्मकवस्तुविषयकबोधजनकं वाक्यं विकलादेश इति ॥ १४ ॥

टीकार्थ : જીવ અજીવ (આત્મા ઘટ પટ આકાશ) વિગેરે સંસારવર્તી પદાર્થરાશિ પૈકી કોઈપણ એક પદાર્થની બાબતમાં, એક એક ધર્મના પ્રશ્નના વશથી એટલે કે આ પદાર્થ સંસારમાં છે કે નહીં ? એવા પ્રકારે સત્ત્વ (અસ્તિત્વ) અને આદિ શબ્દથી (નાસ્તિત્વ નિત્યત્વ અનિત્યત્વ) વિગેરે જુદા જુદા અનેક ધર્મ વિષયક જ્યારે એકેક પ્રશ્ન પુછવામાં આવે ત્યારે તે પ્રશ્નના વશથી પ્રત્યક્ષ-અનુમાન આદિ કોઈપણ પ્રમાણોથી વિરોધ (બાધા) ન આવે તે રીતે સ્વ-દ્રવ્યક્ષેત્રાદિની અપેક્ષાએ અસ્તિત્વનું વિધાન, પરદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ નાસ્તિત્વનું વિધાન, આ પ્રમાણે વ્યસ્ત-સમસ્ત એટલે કે પૃથગ્‌ભૂત એવા વિધિ અને નિષેધ દ્વારા, અને સમુદિતવિધિ અને નિષેધની પર્યાલોચના (વિચારણી કલ્પના) કરીને સ્યાત્ શબ્દથી યુક્ત એટલે અપેક્ષા પૂર્વક-કથંચિત્ વિવક્ષા યુક્ત બોલાતા એવા સાત પ્રકારો વડે વચનોનું જે ઉચ્ચારણ તેને સપ્તભંગી કહેવાય છે.

અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે-જીવ-અજીવાદિ સ્વરૂપ સર્વવસ્તુનો સમૂહ અનંત ધર્માત્મક છે એ પ્રમાણે રહસ્ય છે તેમ જાણવું તેમાં એક એક (નિત્ય-અનિત્ય, સત્-અસત્) ધર્મને અનુસરીને સાત પ્રકારના પ્રશ્નને પુછવાના પ્રસંગે

સાત પ્રકારે વાક્યો પ્રવર્તે છે. કારણ કે ઉદ્દેશ્ય-વિધેયાત્મક વાક્ય હોય છે, એ પ્રમાણે કોઈપણ ઘટપટાદિ વસ્તુને વિષે કોઈપણ અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મને અનુસરીને ઉદ્દેશ્ય-વિધેયાત્મક એવા વચનની જે રચના (ઉચ્ચારણ) તે અવશ્ય સાત પ્રકારે જ પ્રવર્તે છે સાતથી અધિકપણે (આઠ કે નવ) નહીં અને ન્યૂન (છ કે પાંચ) પણે પણ નહીં તે આ ઘટપદાર્થને વિષે અસ્તિત્વ ધર્મ ને આશ્રયીને (જણાવે છે) ૧. स्यादस्त्येव घटः, ૨.स्यान्नास्त्येव घटः, ૩. स्यादस्ति नास्ति च घटः, ૪.स्यादवक्तव्य एव घटः, ૫. स्यादस्ति चावक्तव्यश्च घटः, ૬. स्यान्नास्ति चावक्तव्यश्च घटः, ૭. स्यादस्ति नास्ति चावक्तव्यश्च घटः- આ પ્રમાણે સાતભંગો પ્રવર્તે છે.

તથા પ્રશ્ન કરનારની જિજ્ઞાસા પણ સાત પ્રકારની પ્રગટ થતી હોવાથી પ્રશ્નો પણ સાત પ્રકારના જ છે. સાત પ્રકારના જ સંશય ઉત્પન્ન થતા પ્રશ્નો પણ સાત પ્રકારના જ છે. સંદેહના વિષયભૂત એવા કથંચિત્ અસ્તિત્વઆદિ ધર્મો સાતપ્રકારે હોવાથી સંદેહ પણ સાત પ્રકારે જ થાય છે. તે આ પ્રમાણે–

(૧) **कथंचित् अस्तित्वं**, એટલેકે પ્રત્યેક વસ્તુ વિધિધર્મની કલ્પના વડે કથંચિત્-અસ્તિત્વરૂપ છે.

(૨) **कथञ्चिन्नास्तित्वं**- પ્રત્યેક વસ્તુ નિષેધરૂપ ધર્મની કલ્પનાથી કથંચિત્-નાસ્તિત્વરૂપ છે.

(૩) **कथञ्चिदक्रमार्पितोभयत्वं**- પ્રત્યેક વસ્તુમાં ક્રમથી વિધિ અને નિષેધરૂપે કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વ સ્વરૂપ છે.

(૪) **कथञ्चिदवक्तव्यत्वं**- પ્રત્યેક વસ્તુ એકીસાથે વિધિ અને નિષેધ રૂપ ધર્મથી ન બોલાય તેવી છે માટે કથંચિત્ અવક્તવ્ય રૂપ છે.

(૫) **कथञ्चिदस्तित्वविशिष्टावक्तव्यत्वं**-પ્રત્યેક વસ્તુ વિધિરૂપથી યુક્ત તથા એકીસાથે વિધિ-નિષેધરૂપ ધર્મની કલ્પનાથી કથંચિત્ અસ્તિત્વ અવક્તવ્ય-રૂપ છે.

(૬) **कथञ्चिन्नास्तित्वविशिष्टावक्तव्यं**-પ્રત્યેક વસ્તુ નિષેધ રૂપથી યુક્ત તથા એકીસાથે વિધિઅને નિષેધરૂપે કથંચિત્ ધર્મ કલ્પનાથી નાસ્તિત્વ અવક્તવ્ય રૂપ છે.

(૭) **कथञ्चित्क्रमार्पितोभयविशिष्टावक्तव्यत्वं**- પ્રત્યેકવસ્તુ ક્રમથી વિધિ

અને નિષેધ, તથા એકીસાથે વિધિ અને નિષેધ ધર્મોની કલ્પનાવડે કથંચિત્-અસ્તિત્વ-નાસ્તિત્વ ઉભયપ્રધાનથી યુક્ત અવક્તવ્યરૂપ છે.

આ પ્રમાણે વસ્તુનેવિષે દરેક પર્યાયને આશ્રયીને સાતપ્રકારના સંશયના વિષયભૂત ધર્મો વિદ્યમાન હોવાથી ઘટ શું છે કે નહીં ? એ પ્રમાણે કથંચિત્ સત્ત્વ અને સર્વ પ્રકારે સત્ત્વ, તથા કથંચિત્ સત્ત્વ અને સર્વથા અસત્ત્વ, એમ વિરૂદ્ધ બે પ્રકારનાં સંશયો પ્રગટ થાય છે તથા સંશયવડે ઘટમાં વાસ્તવિક-સત્વના નિર્ણય માટે જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તેથી શું ઘડો કથંચિત્ વિદ્યમાન છે જ ? એવો પ્રશ્ન પ્રવર્ત્તે છે તેવા પ્રકારના પ્રશ્નના વશથી પ્રતિપાદન કરનાર (કર્ત્તાને) પ્રતિપાદનની (જણાવવાની) ઈચ્છા થાય છે. ત્યારપછી તે જણાવે છે તેથી પ્રશ્નોના ઉત્તર સાત જ વર્તતા હોવાથી આ પ્રમાણે સાત પ્રકારના જ (ભાંગા) સ્વીકાર્ય થાય છે.

આ સપ્તભંગી પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગીના ભેદ વડે બે પ્રકારે છે. તેમાં દરેકભાંગે સકલાદેશના સ્વભાવવાળી **પ્રમાણસપ્તભંગી** અને દરેકભાંગે વિકલાદેશના સ્વભાવવાળી **નયસપ્તભંગી** છે.

એકધર્મ જણાવવા દ્વારા અભેદવૃત્તિથી અથવા અભેદ-ઉપચારથી સમસ્તધર્માત્મક વસ્તુના વિષયને બોધ કરાવનારૂં જે વાક્ય તે **સકલાદેશ** છે એટલે કે પ્રત્યક્ષાદિ પ્રમાણદ્વારા જાણેલી અનેકધર્માત્મક વસ્તુમાં ધર્મ અને ધર્મીના અભેદભાવની પ્રધાનતાથી અથવા અભેદભાવના ઉપચારથી એકીસાથે પ્રતિપાદનં કરનાર જે વચન તે **સકલાદેશ** કે **પ્રમાણવાક્ય.** કહેવાય છે.

પ્રશ્ન : અભેદવૃત્તિવડે ક્યાં પ્રતિપાદન કરાય છે અભેદોપચારવડે ક્યાં જણાય છે ?

ઉત્તર : દ્રવ્યાર્થિકનયનો પક્ષ અંગીકાર કરાયે છતે સર્વપર્યાયો દ્રવ્યસ્વરૂપે છે સ્યાદસ્ત્યેવ ઘટઃ એ પ્રમાણેનું વાક્ય 'અસ્તિત્વસ્વરૂપ' એકધર્મનું પ્રતિપાદન કરવા દ્વારા તેવા સ્વરૂપ સમસ્તધર્માત્મક વસ્તુને અભેદવૃત્તિથી પ્રતિપાદન કરે છે. (દ્રવ્યને દ્રવ્યદ્વારા જણાવવામાં આવે તો તે અભેદવૃત્તિ છે કારણ કે દરેક દ્રવ્યમાં દ્રવ્યનો અભેદ છે) તથા જે પર્યાયાર્થિકનયનો માર્ગ સ્વીકારે છે તે સર્વ-પર્યાયો પરસ્પર ભિન્ન ભિન્ન હોવાથી એક શબ્દ દ્વારા અનેક અર્થ જણાવવામાં સામર્થ્યનો અભાવ હોવાથી અભેદ ઉપચાર વડે અનંતધર્માત્મક વસ્તુ જણાવે છે.

અભેદવૃત્તિ તથા અભેદ-ઉપચારનો આશ્રય કરવામાં ન આવે તો એક ધર્માત્મક વસ્તુ વિષયક બોધને ઉત્પન્ન કરનારું જે વાક્ય તે **વિકલાદેશ** કહેવાય છે.

વિશેષાર્થ : આ સપ્તભંગી કેવળ વાક્જાળ નથી પરંતુ વસ્તુમાત્રનું ઉંડામાં ઉંડુ સચોટજ્ઞાન શબ્દદ્વારા પ્રતિપાદન કરવુ હોય તો સપ્તભંગી સિવાય અસંભવિત છે આ સપ્તભંગીમાં એકના એક પદાર્થ વિષયક તથા તે દરેક પદાર્થના એકેક ધર્મવિષયક પ્રતિપાદન આ સાતપ્રકારે થાય છે આ સાતવાક્યનો સમુદાય તે સપ્તભંગી છે. કારણ કે એક જ વસ્તુ કે તેના એક જ ધર્મવિષયક વ્યસ્ત કે સમસ્ત વિધિ અને નિષેધની યોજનાથી વધુ કે ઓછા વિકલ્પો સંભવતાં નથી પણ સાતજ વિકલ્પો સંભવે છે તેથી વચનરચના સાતપ્રકારે જ સંભવે છે.

મૂળસૂત્રમાં 'સપ્તભંગી'ની વ્યાખ્યા સમજાવતા (૧) **एकत्र वस्तुनि** (૨) **एकैकधर्मपर्यनुयोगवशात्** (૩) **अविरोधेन** (૪) **स्यात्** ઈત્યાદિ પદો સપ્રયોજન છે એટલે કે જો ઘટ-પટ આદિ કોઈપણ વિવક્ષિત એકવસ્તુવિષયક વિધિ-નિષેધના પ્રશ્ન સંબંધી ઉત્તરની વાત ન કરીએ તો અને ભિન્ન ભિન્ન અનેક વસ્તુને આશ્રયી વિધિ-નિષેધના પ્રશ્ન સંબંધી ઉત્તરની વાંત જો કરીએ તો વિવિધ વસ્તુ સેંકડો હોવાથી તેના સંબંધી પ્રશ્નો અને ઉત્તરો પણ સેંકડો થવાથી સપ્તભંગીને બદલે શતભંગી સહસ્રભંગી આદિ થઈ જવાનો પ્રસંગ આવે માટે મૂળસૂત્રમાં **एकत्र-वस्तुनि** એવો શબ્દપ્રયોગ કરેલો જાણવો.

તેમજ ઘટપટાદિ વિવક્ષિત પદાર્થ એક જ હોય પરંતુ વિવક્ષિત પદાર્થમાં પણ અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય, ભિન્ન-અભિન્ન, એમ એકેક ધર્મવિષયક પ્રશ્નોના ઉત્તરની વાત જો ન કરીએ તો તે જ વિવક્ષિત એક વસ્તુમાં વિધાન કરાતા અને નિષેધ કરાતા એવા અનંતધર્મો છે તેવા પ્રકારના અનંતધર્મો સંબંધી પ્રશ્નોની અને ઉત્તરોની વાત કરીએ તો અનંતધર્મો હોવાથી 'અનંતભંગી' થઈ જાય પરંતુ સપ્તભંગીનો નિયમ રહે નહીં તેથી અનંતભંગીના પ્રસંગની રૂકાવટ માટે મૂળસૂત્રમાં **एकैकधर्मपर्यनुयोगवशात्** પદ મુકેલુ જાણવું.

પ્રત્યક્ષ અનુમાન આદિ પ્રમાણોથી વિરૂદ્ધ એવા અસ્તિત્વ કે નાસ્તિત્વના એકાન્તવાદોમાં એકાંતે વિધિની અને એકાંતે નિષેધની કલ્પનાવડે પ્રવર્તમાન વાક્ય પ્રયોગોને સપ્તભંગીની પ્રાપ્તિ આવી ન જાય તેના માટે મૂળસૂત્રમાં '**अविरोधेन**' શબ્દનું પ્રતિપાદન છે.

'स्यात्' શબ્દના અનેકાંત વિધિ અને વિચાર વિગેરે ઘણા અર્થો છે છતાં અહીં અનેકાંત (અપેક્ષાસહિત) અર્થ જ ઉપયોગી છે આ સ્યાત્ શબ્દ દરેક પદો સાથે જોડવાથી જ સાંગોપાંગ બોધ થઈ શકે છે.

આ સૂત્રમાં બતાવેલું સ્વરૂપ પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી એમ બંનેમાં સંભવી શકે તેવું સાધારણ લક્ષણ છે વિશેષલક્ષણ આગળના આ પરિચ્છેદમાં સૂત્ર-૪૪/૪૫માં જણાવાશે.

अथास्यां प्रथमभङ्गोल्लेखं तावद् दर्शयन्ति—

સપ્તભંગીમાંનો પ્રથમભંગ જણાવે છે.

तद्यथा-स्यादस्त्येव सर्वमिति
विधिकल्पनया प्रथमो भङ्गः ॥ ४-१५ ॥

જેમ કે 'સર્વવસ્તુકથંચિત્ છે જ' આ વિધિકલ્પનાથી પ્રથમ ભંગ છે.

अत्र स्यात्पदमनेकान्तबोधकम्, 'अस्त्येव सर्व कुम्भादि, इत्युक्ते स्वरूपेणास्तित्वमिव पररूपेणाप्यस्तित्वं प्राप्नोति, तद्व्यावृत्यर्थं स्यात्पदं, तेन च स्यात् कथञ्चित्स्वद्रव्य-क्षेत्र-काल-भावैरेव कुम्भोऽस्ति न परद्रव्यक्षेत्र-काल-भावैरित्यर्थो लभ्यते। तथाहि-कुम्भो द्रव्यतः पार्थिवत्वेनास्ति नाऽऽबादित्वेन, देशतः पाटलिपुत्रत्वेनास्ति न कान्यकुब्जत्वेन, कालतः वासन्तिकत्वेनास्ति न शैशिरत्वेन, भावतः श्यामत्वेनास्ति न रक्तत्वेन।

'स्यादस्त्येव सर्वम्' इत्यत्र स्वरूपादिभिरस्तित्वमिव स्वरूपादिभिरेव नास्तित्वमपि स्यात् तद्व्यावृत्यर्थमेवकारग्रहणं, तेन चायमर्थोलभ्यते-यत् स्वरूपादिभिरस्त्येव सर्व वस्तु नतु नास्त्यपि, पररूपादिभिर्नास्तित्वं तु इष्टमेव।

एवकारस्त्रिधा-अयोगव्यच्छेदकः, अन्ययोगव्यच्छेदकः, अत्यन्तायोग-व्यवच्छेदकश्च। तत्र विशेषणसंगतैवकारोऽयोगव्यवच्छेदकः। अयोगव्यव-च्छेदकत्वं नाम-उद्देश्यतावच्छेदकसमानाधिकरणाऽत्यन्ता-भावाऽप्रतियोगित्वं यथा 'शङ्खः पाण्डुर एव' इत्यत्रोदेश्यतावच्छेदकं शङ्खत्वं, तत्समानाधिकरणा-त्यन्ताभावो न तावत् पाण्डुरत्वात्यन्ताभावोऽपि तु पीतत्वाद्यत्यन्ताभावः, तत्प्रतियोगित्वं (पीतत्वादौ, अप्रतियोगित्वं पाण्डुरत्वे वर्तत इति लक्षण-समन्वय)। विशेष्यसंगतैवकारोऽन्ययोगव्यवच्छेदकः, अन्ययोगव्यवच्छेद-

कत्वं च विशेष्यभिन्नतादात्म्यादिव्यवच्छेदः, यथा-'पार्थ एव धनुर्धरः, अत्र पार्थान्यतादाम्याभावो धनुर्धरे एवकारेण बोध्यते क्रिया संगतैवकारश्चात्यन्तायोगव्यवच्छेदकः। अत्यन्ताऽयोगव्यवच्छेदकत्वं नाम-उदेश्यतावच्छेदकव्यापकाभावाप्रतियोगित्वं, यथा- 'नीलं सरोजं भवत्येव' इत्यत्र उदेश्यतावच्छेदकं सरोजत्वं तद्व्यापकोऽत्यन्ताभावो नहि नीलाऽभेदाऽभावोऽपि तु पटाऽभेदाऽभावः, 'तत्प्रतियोगित्वं पटाऽभेदे, अप्रतियोगित्वं नीलाऽभेदे वर्तत इति लक्षणसमन्वयः।

ननु 'स्यादस्त्येव सर्वम्' इत्यादौ एवकारस्य क्रियासंगत्वादत्यन्तायोगव्यवच्छेदेन भवितव्यं, तथा सति विवक्षिताऽर्थासिद्धिः स्यात्, कस्मिंश्चिद् घटे अस्तित्वस्याभावेऽपि 'स्यादस्त्येव घटः' इत्याकारकप्रयोगसम्भवात्, यथा कस्मिंश्चित् सरोजे नीलत्वाऽभावेऽपि 'नीलं सरोजं भवत्येव' इत्याकारकप्रयोग इति चेत्, न, राद्धान्तेऽत्रायोगव्यवच्छेदकस्यैवकारस्य स्वीकृतत्वात्, क्रियासंगतैवकारोऽपि क्वचिदयोगव्यवच्छेदबोधको भवति, यथा-'ज्ञानमर्थं गृह्णात्येव' 'इत्यत्र ज्ञानत्वसामानाधिकरणात्यन्ताभावाप्रतियोगित्वस्य अर्थग्राहकत्वे बोध। एवं 'स्यादस्त्येव घटः' इत्यादिष्वपि अयोगव्यच्छेदक एव एवकारो बोद्धव्यः ।

यद्यपि राद्धान्ते सत्त्वमिवाऽसत्त्वमपि घटस्य स्वरूपमेव, यथापि 'स्यादस्त्येव घटः' इत्यत्र सत्त्वस्य प्राधान्येन भानम्, असत्त्वस्य चाप्राधान्येन। एवं द्वितीयभङ्गे नास्तित्वस्य प्राधान्येन अस्तित्वस्य चाप्राधान्येन भानम्। एवमन्यभङ्गेष्वपि ज्ञातव्यम् ॥ १५ ॥

टीकार्थ :- અહીં પ્રથમભાંગામાં મૂકેલો स्यात् શબ્દ અનેકાંત અર્થને જણાવનાર છે. ઘટ-પટ આદિ સર્વવસ્તુઓ અપેક્ષાએ છે જ. એ પ્રમાણે કહેવાયે છતે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવની અપેક્ષાએ અસ્તિત્વ છે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ જેવું અસ્તિત્વ છે તેવું પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ પ્રાપ્ત થઈ જાય તેથી તેની નિવૃત્તિ માટે 'स्यात्' પદ છે स्यात् એટલે કે કથંચિત્ સ્વદ્રવ્યક્ષેત્રકાળ અને ભાવ વડે જ આ કુંભ એ કુંભ છે પરંતુ પરદ્રવ્ય-ક્ષેત્રકાળ અને ભાવવડે આ કુંભ એ કુંભ નથી તે આ પ્રમાણે–

માટી દ્રવ્યનો બનાવેલો, પાટલિપુત્ર ગામમાં બનાવેલો. વસન્તઋતુમાં બનાવેલો, શ્યામરંગનો બનાવેલો એક ઘટ ધારો કે છે હવે તે ઘટને આશ્રયીને કોઈ પ્રશ્ન કરે કે શું આ ઘટ જલદ્રવ્ય (ત્રાંબા-પીતળ કે સુવર્ણ)નો બનાવેલો છે ? તો આપણે કહીશું કે ના, તેથી તે ઘટસ્વદ્રવ્ય (માટી દ્રવ્યને) આશ્રયીને અસ્તિ જ છે પરંતુ જલાદિ અન્યપરદ્રવ્યને આશ્રયી અસ્તિ નથી નાસ્તિ જ છે. તે જ રીતે પાટલીપુત્રમાં બનાવેલો હોવાથી તે સ્વક્ષેત્રને આશ્રયી અસ્તિ જ છે, પરંતુ અન્ય નગર કાન્યકુબ્જાદિમાં બનાવેલો ન હોવાથી તે નગરથી ઉત્પન્ન થયેલાને આશ્રયી નાસ્તિ જ છે. તથા વસન્તઋતુમાં બનાવેલો હોવાથી સ્વકાળને આશ્રયી અસ્તિ જ છે. પરંતુ શિશિરઋતુમાં બનાવેલો ન હોવાથી તેની અપેક્ષાએ નાસ્તિ જ છે. તથા શ્યામરૂપે ભાવથી અસ્તિ જ છે. પરંતુ તેનાથી અન્ય એવા રક્તત્વાદિને આશ્રયીને અસ્તિ નથી માટે નાસ્તિ છે.

'स्यादस्त्येव सर्वम्' એમ સપ્તભંગીના પ્રથમભાંગાના મૂળસૂત્રમાં બતાવેલું છે તેમાં "ઘટપટાદિ સર્વે પદાર્થો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ છે જ, અહીં સ્વસ્વરૂપવડે એટલે કે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ ઘટપટાદિ તમામ પદાર્થો જેમ અસ્તિત્વ સ્વરૂપ છે તેમ સ્વદ્રવ્યાદિને જ આશ્રયી નાસ્તિપણું ન થઈ જાય તેટલા માટે તેના નિવારણ માટે 'एवकार'નું ગ્રહણ કરેલું છે. જો આ એવકાર ન કહેવામાં આવે અને માત્ર' 'स्यादस्ति' એટલું જ કહેવામાં આવે તો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ 'અસ્તિજ છે' એવો અર્થ થાય નહીં એમ નિર્ણયાત્મક ન કહેલું હોય તો અસ્તિની જેમ નાસ્તિ પણ સ્વદ્રવ્યાદિની અપેક્ષા એ હશે એવી ઉત્પન્ન થતી સંભાવના રોકી શકાતી નથી, તેથી एवकारની આવશ્યકતા છે. તેના દ્વારા આવો અર્થ પ્રાપ્ત થશે એ સ્વદ્રવ્યાદિની અપેક્ષા સર્વે વસ્તુઓ અસ્તિ જ છે. પરંતુ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સર્વવસ્તુઓ નાસ્તિ રૂપે નથી. તથા પરદ્રવ્યાદિ સ્વરૂપવડે નાસ્તિત્વ જ ઈષ્ટ છે. પરંતુ અસ્તિત્વ ઈષ્ટ નથી.

(હવે પ્રસંગને અનુસારે એવકારનું સ્વરૂપ જણાવે છે.)

एवकार ત્રણ પ્રકારે હોય છે. (૧) અયોગવ્યવચ્છેદક (૨) અન્યયોગ-વ્યવચ્છેદક (૩) અત્યન્તાયોગવ્યવચ્છેદક.

(૧) વિશેષણની સાથે જોડાયેલ एवकार અયોગ વ્યવચ્છેદક છે. અયોગવ્યવચ્છેદક એટલે શું ?– उद्देश्यतावच्छेदकसमानाधिकरणाऽत्यन्ता-

भावाऽप्रतियोगित्वं यथा 'शङ्खः पाण्डुर एव' અહીંયા ઉદાહરણમાં એવકાર વિશેષણ એવા पाण्डुर શબ્દની સાથે જોડાયો છે તેમાં બતાવેલ લક્ષણનો સમન્વય આ રીતે કરવો उद्देश्यतावच्छेदकं=शङ्खत्वं છે. तत्समानाधिकरणात्यन्ताभावो- એટલે કે શંખમાં પાંડુરત્વનો અત્યંત અભાવ છે જ નહીં પરંતુ પીતત્વાદિનો અત્યંત અભાવ છે यस्याभावः स प्रतियोगी (જેનો અભાવ હોય તે પ્રતિયોગી છે) તેથી પીતત્વમાં પ્રતિયોગીત્વ છે પરંતુ अप्रतियोगित्वं પાંડુરત્વમાં છે માટે લક્ષણ ઘટી શકે છે. એનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે- શંખ શ્વેત જ હોય છે એટલે કે પાંડુર પાસે રહેલો એવકાર શંખમાં શ્વેતપણાનો અયોગ દૂર કરે છે તેથી શંખ સફેદ જ છે જ્યારે વિશેષણપદની સાથે જકારનો સંબંધ થાય છે ત્યારે આવા પ્રકારનો વ્યવચ્છેદ જણાય છે તેથી વિશેષણ એ વિશેષ્યમાં સર્વાંશે વ્યાપીને રહેલુ છે એમ સૂચિત થાય છે અહીં સફેદપણું શંખમાત્રમાં ઉપલબ્ધ છે તેમ સમજાય છે.

અયોગ= યોગનો અભાવ, તેનો व्यवच्छेद=તેનો નિષેધ (બાદબાકી કરવી) શંખમાં શ્વેતત્વનો અભાવ નથી માટે અયોગવ્યવચ્છેદ થયો આ અયોગ વ્યવચ્છેદ વિશેષ્યથી ભિન્નમાં વિશેષણની હાજરીઅંગે મૌન રહે છે એટલે કે શંખથી અન્યવસ્તુઓમાં પાંડુરત્વ હોઈ પણ શકે અને ન પણ હઈ શકે આ બાબત સ્પષ્ટ કરતું નથી.

(૨) વિશેષ્યપદની સાથે "एवकार" (જકાર) જ્યારે વપરાય છે ત્યારે अन्ययोगव्यवच्छेदकः કહેવાય છે તેનાથી એવો અર્થ પ્રાપ્ત થાય છે કે તે વિશેષણ માત્ર વિશેષ્યમાં જ ઉપલબ્ધ થાય છે પણ વિશેષ્યથી ભિન્નમાં ઉપલબ્ધ થતું નથી अन्ययोगव्यवच्छेदकत्वं એટલે विशेष्यभिन्नतादात्म्यादिव्यवच्छेदः- વિશેષ્યથી ભિન્ન એટલે કે વિશેષ્ય સિવાયના બીજા પદાર્થોમાં રહેલા તે ધર્મના યોગને દૂર કરે છે જેમ કે पार्थ एव धनुर्धरः અર્જુન જ ધનુર્ધારી છે. અહીં અર્જુનથી બીજામાં ધનુર્ધારીપણું ઉપલબ્ધ થતું નથી એ ફલિતાર્થ થાય છે. અર્જુન જ ધનુર્ધારી છે તેમ કહેવાથી ધનુર્ધારીપણાનો યોગ દુર્યોધનવિગેરેમાં હોય તો તેનો આ 'एवकार' મુકવાથી નિરાસ થાય છે.

(૩) જો 'एवकार' (જકાર) ક્રિયાની સાથે મૂકવામાં આવે તો તે अत्यन्तायोगव्यवच्छेदक= અત્યંત અયોગને દૂર કરે છે.

अत्यन्तायोगव्यवच्छेदकत्वं-उद्देश्यतावच्छेदकव्यापकाभावप्रतियोगित्वं यथा नीलं सरोजं भवत्येव' અહીં આ ઉદાહરણમાં ઉદ્દેશ્યતાવચ્છેદક જે सरोजत्वं तद्- व्यापकोऽत्यन्ताभाव- તે સરોજત્વની સાથે વ્યાપકપણે જે અત્યંત અભાવ તે નીલવર્ણનો અત્યન્તાભાવ નથી પરંતુ પટાત્યન્તાભાવ હોઈ શકે છે પટાત્યન્તાભાવ મળતો હોવાથી નીલવર્ણ અપ્રતિયોગી થશે આ રીતે લક્ષણનો સમન્વય થાય છે.

नील सरोजं भवत्येव અહીં ઘણા દ્રવ્યોમાં રહેલા નીલગુણને કમળ પોતાને આધીન કરતું નથી તેમજ નીલપણું સમગ્ર કમળોમાં વ્યાપ્ત જ છે. એમ પણ થતું નથી આ રીતે બંનેમાં વ્યભિચાર આવતો હોવાથી ક્રિયાપદ પાસે રહેલ 'एवकार' अत्यन्त-अयोग=નીલતાનો કમળ સાથે અત્યન્ત અભાવનો નિરાસ કરનાર છે. એટલે બધા કમળો લીલા હોય એમ પણ નહીં તથા લીલી જે જે વસ્તુ હોય તે બધા જ કમળો જ હોય એમ પણ નહીં એવો અર્થ જણાવે છે આ વ્યવચ્છેદ વિશેષણમાં વિશેષ્યનો અને વિશેષ્યમાં વિશેષણનો નિષેધ કરે છે અને સાથે સાથે અર્થતઃ કેટલાક અંશે અભાવનું સૂચન પણ કરે છે જેમ કે કમળો અવશ્ય નીલ હોય છે જ, અહીં કમળોમાં નીલરંગના સર્વથાઅભાવનો નિષેધ છે અને સાથે સાથે તે પણ સૂચન થાય છે બધાં કમળો નીલ નથી. કેટલાક ભૂરા ગુલાબી વિગેરે રંગના પણ હોય છે એટલે કે આ વ્યવચ્છેદથી વિશેષ્યમાં વિશેષણભૂતધર્મ અને તેનાથી ભિન્નધર્મમાં આ બંનેની હાજરી સૂચિત કરે છે.

પ્રશ્ન : 'स्यादस्त्येव सर्वम्' આ પ્રયોગમાં एवकार ક્રિયાપદની સાથે જોડાયેલો હોવાથી અત્યન્તાયોગ વ્યવચ્છેદ થશે અને એમ થવાથી વિવક્ષિત એવા અર્થની સિદ્ધિ થશે નહીં કોઈપણ વિવક્ષિત એવા ઘટમાં અસ્તિત્વના અભાવમાં પણ स्यादस्त्येव घटः એવા પ્રકારનો પ્રયોગ સંભવી શકે છે જેમ કે કોઈપણ (ભુરા કે સફેદ આદિ) કમળોમાં નીલત્વનો અભાવ હોવા છતાં પણ અન્યનીલ કમળને આશ્રયીને नीलं सरोजं भवत्येव એવો પ્રયોગ થાય છે.

ઉત્તર : આ પ્રમાણે જો કહેતા હોતો તમારી વાત બરાબર નથી કારણ કે શાસ્ત્રમાં આવા एवकार પ્રયોગમાં અયોગવ્યવચ્છેદ જ સ્વીકારેલો છે કહ્યું છે કે ક્રિયાપદની સાથે જોડાયેલો એવકાર પદ ક્યાંક અયોગવ્યવચ્છેદને

જણાવનારો હોય છે જેમ કે **ज्ञानमर्थं गृह्णात्येव** આ પ્રયોગમાં રહેલો એવકાર જ્ઞાનત્વના સમાનાધિકરણના અત્યન્ત અભાવના અપ્રતિયોગી અર્થગ્રાહકમાં બોધ કરાવે છે માટે તેની જેમ **स्यादस्त्येव घटः** ઇત્યાદિ પ્રયોગમાં પણ અયોગવ્યવચ્છેદ સૂચક જ એવકાર છે તેમ જાણવું. ઉપરોક્ત નિયમને અનુસરીને તો '**स्यादस्त्येव सर्वम्**' એ પ્રયોગમાં **एवकार** ક્રિયાપદ સાથે આવેલ હોવાથી અત્યન્તાયોગ-વ્યવચ્છેદ માનવાથી અર્થઘટન વ્યાજબી થઇ શકે છે કારણ કે વિશેષણ વિશેષ્ય કે ક્રિયાપદની સાથે જોડાયેલ એવકારથી નિશ્ચયે અયોગ, અન્યયોગ, અને અત્યન્તાયોગનો વ્યવચ્છેદ થતો નથી પણ બહુલતાએ થાય છે એમ જાણવું.

જો કે શાસ્ત્રમાં જેમ "ઘટ સત્ છે" તે જેમ તેનું સ્વરૂપ છે તેમ 'ઘટ અસત્' છે તે પણ તેનું જ સ્વરૂપ છે તો પણ પ્રથમભાંગામાં '**स्यादस्त्येव घटः**' પ્રયોગમાં સત્પણાનો પ્રધાનતાથી બોધ કરવો અને અસત્ત્વનો ગૌણતાથી બોધ કરવો એ જ પ્રમાણે સપ્તભંગીના બીજાભાંગામાં **स्यान्नास्त्येव घटः** એ પ્રયોગમાં નાસ્તિત્વનું મુખ્યતાથી ભાન કરવું અને અસ્તિત્વનું અપ્રધાનતાથી ભાન કરવું એમ સર્વભાંગાઓને વિષે જાણવા યોગ્ય છે.

अथ द्वितियभङ्गोल्लेखं ख्यापयन्ति—

સપ્તભંગીમાંના ક્રમશઃ બીજા વિગેરે સાતે ભાંગાઓ જણાવે છે.

'स्यान्नास्त्येव सर्वम्' इति निषेधकल्पनया द्वितीयः ।४-१६ ।

સર્વે પદાર્થો કથંચિત્ નથી જ આ નિષેધની મુખ્યતાવાળો બીજો ભાંગો છે.

'परद्रव्य-क्षेत्र-काल-भावैः कथञ्चिन्नास्त्येव कुम्भादिः' इति निषेध-कल्पनया द्वितीयो भङ्गः ॥ १६ ॥

टीकार्थ : ઘટપટાદિ સર્વે પદાર્થો પરદ્રવ્ય-ક્ષેત્રકાળ ભાવવડે કથંચિત્ નાસ્તિરૂપ જ છે આવા પ્રકારની નિષેધની કલ્પનાવડે બીજો ભાંગો જાણવો.

विशेषार्थ : જેમ વિધિની પ્રધાનતાથી બધી વસ્તુઓ કથંચિત્ અસ્તિ છે અર્થાત્ વસ્તુને પોઝેટીવ એંગલથી વિચારવામાં આવે ત્યારે તે વસ્તુ અપેક્ષાએ વિદ્યમાન છે એટલે અસ્તિત્વધર્મથી યુક્ત છે એમ પ્રથમભાંગામાં વિચાર્યું તેમ નિષેધની પ્રધાનતાથી એટલે કે નેગેટીવ એંગલથી પ્રરૂપણા કરવામાં આવે

તો દરેક વસ્તુ નાસ્તિત્વધર્મથી યુક્ત છે તેમ આ બીજા ભાંગામાં જાણવું.

अथ तृतीय-भङ्गमुल्लेखतो व्यक्तीकुर्वन्ति—

स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमतो
विधिनिषेधकल्पनया तृतीयः ॥ ४-१७ ॥

'સર્વે વસ્તુ કથંચિત્ છે જ કથંચિત્ નથી જ' આ પ્રમાણે વિધિ અને નિષેધની કલ્પનાવડે ત્રીજોભંગ થાય છે.

यदा वस्तुगतास्तित्व-नास्तित्वधर्मौ क्रमेण विवक्षितौ तदा 'स्यादस्त्येव स्यान्नास्त्येव' इति तृतीयो भङ्गः ॥ १७ ॥

टीकार्थ : જ્યારે વસ્તુમાં રહેલા 'અસ્તિત્વ અને નાસ્તિત્વ' ધર્મની ક્રમશઃ વિવક્ષા કરાય છે ત્યારે 'स्यादस्त्येव स्यान्नास्त्येव' એ પ્રમાણે ત્રીજો ભાંગો થાય છે.

ईदानीं चतुर्थभङ्गोल्लेखमाविर्भावयन्ति—

स्यादवक्तव्यमेवेति युगपद्विधिनिषेधकल्पनया
चतुर्थः ॥ ४-१८ ॥

સર્વે વસ્તુ કથંચિત્ અવક્તવ્ય જ છે એમ એકી સાથે વિધિ અને નિષેધની કલ્પના કરીએ તો ચોથો ભાંગો થાય છે.

यदा अस्तित्व-नास्तित्वधर्मौ युगपत्प्रधानभावेन विवक्षितौ, तदा तादृशयुगपद्धर्मद्वयबोधकशब्दाभावादवक्तव्यमेवेति चतुर्थो भङ्गः ॥ १८ ॥

टीकार्थ : જ્યારે યુગપત્ એટલે કે એકી સાથે અસ્તિ-નાસ્તિ એમ બંને ધર્મોની પ્રધાનસ્વરૂપે વિવક્ષા કરાય એટલે કે અસ્તિત્વ અને નાસ્તિત્વ નામના બે ધર્મો એકી સાથે એક જ શબ્દથી સમજાવવાની ઇચ્છા હોય ત્યારે તેવા પ્રકારનો બે ધર્મને જણાવનારો શબ્દ ન હોવાથી સર્વવસ્તુ અવક્તવ્ય છે એવો ચોથો ભાંગો બને છે.

अथ पञ्चमभङ्गोल्लेखमुपदर्शयन्ति—

स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया
युगपद्विधि-निषेधकल्पनया च पञ्चमः ॥ ४-१९ ॥

સર્વ વસ્તુ કથંચિત્ છે જ કથંચિત્ અવક્તવ્ય છે જ આ પ્રમાણે વિધિની કલ્પનાથી અને એકી સાથે વિધિ-નિષેધની કલ્પનાથી પાંચમો ભાંગો છે.

स्वद्रव्यादि चतुष्टयापेक्षयाऽस्तित्वे सति अस्तित्व-नास्तित्वाभ्यां यौगपद्येन वक्तुमशक्यं सर्वं वस्तु, इति स्यादस्तित्वविशिष्टस्यादवक्तव्यमेवेति पञ्चमो भङ्गः ॥ १९ ॥

टीकार्थ : સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિની અપેક્ષાએ સર્વવસ્તુમાં અસ્તિત્વ હોતે છતે અસ્તિત્વ અને નાસ્તિત્વ એમ ઉભયને સાથે રહેવાને માટે સર્વવસ્તુ અશક્ય છે તેથી કથંચિત્-અસ્તિ અને કથંચિત્-અવક્તવ્ય છે જ એમ પાંચમો ભાંગો જાણવો.

अथ षष्ठभङ्गोल्लेखं प्रकटयन्ति—

स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया, युगपद्विधि-निषेधकल्पनया च षष्ठः ॥ ४-२० ॥

"સર્વવસ્તુ કથંચિત્ નથી જ કથંચિત્-અવક્તવ્ય છે જ" આ પ્રમાણે નિષેધની કલ્પનાવડે તથા એકીસાથે વિધિ-નિષેધની કલ્પનાથી છટ્ઠો ભાંગો થાય છે.

परद्रव्यादिचतुष्टयापेक्षया नास्तित्वे सति अस्तित्व-नास्तित्वाभ्यां यौगपद्येन वक्तुमशक्यं सर्वं वस्तु, इति स्यान्नास्तित्वविशिष्टस्यादवक्तव्यमेवेति षष्ठो भङ्गः ॥ २० ॥

टीकार्थ : પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-પરભાવ આદિ ચારની અપેક્ષાએ સર્વવસ્તુ નાસ્તિત્વધર્મથી યુક્ત હોતે છતે એકી સાથે અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મવડે સર્વે વસ્તુ કહેવાને માટે અશક્ય છે તેથી કથંચિત્ નાસ્તિત્વ છે જ તેનાથી યુક્ત કથંચિત્ અવક્તવ્ય છે જ એમ છટ્ઠો ભાંગો જાણવો.

संप्रति सप्तमभङ्गमुल्लिखन्ति—

स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमतो विधिनिषेध-कल्पनया, युगपद्विधि-निषेधकल्पनया

च सप्तम इति ॥ ४-२१ ॥

સર્વેવસ્તુ કથંચિત્ છે જ, કથંચિત્ નથી જ, કથંચિત્ અવક્તવ્ય છે જ, એ પ્રમાણે ક્રમે કરીને વિધિનિષેધની કલ્પનાવડે તથા એકીસાથે વિધિનિષેધની કલ્પનાવડે સાતમો ભાંગો થાય છે.

क्रमतः स्वद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वे सति परद्रव्यादिचतुष्टयापेक्षया नास्तित्वे च सति यौगपद्येनास्तित्व-नास्तित्वाभ्यां वक्तुमशक्यं सर्व वस्तु, इति सप्तमो भङ्गः ॥ २१ ॥

टीकार्थ : ક્રમે કરીને સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાવડે અસ્તિત્વધર્મની તથા પરદ્રવ્યાદિ ચારની અપેક્ષાવડે નાસ્તિત્વધર્મની વિવક્ષા કરાયે છતે વસ્તુ વક્તવ્ય છે પરંતુ એકી સાથે અસ્તિત્વ અને નાસ્તિત્વધર્મ વડે સર્વવસ્તુ રહેવાને અશક્ય છે તેથી આ પ્રમાણે સાતમો ભાંગો જાણવો.

विशेषार्थ : સંસારવર્તી તમામ પદાથો સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવ આશ્રયી 'अस्तित्व' ધર્મવાળા છે. અને પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-અને પરભાવને આશ્રયી 'नास्ति' ધર્મવાળા છે. એજ પ્રમાણે દરેક પદાર્થો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ 'નિત્ય' છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ 'અનિત્ય' છે. એ પ્રમાણે પરસ્પર વિરોધી દેખાતા બે ધર્મોનું યુગલ એક એક પદાર્થમાં નયભેદે છે જ. આવા પ્રકારના બે ધર્મોમાંથી કોઈપણ એક ધર્મને પ્રધાનપણે અને બીજા ધર્મને ગૌણપણે કહેવાથી પ્રથમના બે ભાંગા બને છે આ બે ભાંગા જ સાત ભાંગાનું (સપ્તભંગીનું) મૂલકારણ છે જેમ કે– 'અસ્તિ અને નાસ્તિ' આ બે ધર્મો છે તેમાં અસ્તિની પ્રધાનતાએ અને નાસ્તિની ગૌણતાએ વિવક્ષા કરવાથી 'स्यादस्ति' નામનો પ્રથમ ભાંગો બને છે તથા નાસ્તિની મુખ્યતા અને અસ્તિની ગૌણતાથી વિવક્ષા કરીએ ત્યારે 'स्यान्नास्ति' નામનો બીજો ભાંગો બને છે. એવી જ રીતે स्यान्नित्यं અને स्यादनित्यं એમ બે ભાંગા બને છે આ રીતે પરસ્પર વિરોધી દેખાતા એવા બે બે ધર્મોના અનંત જોડકાં (અનંતયુગલો) સર્વે પદાર્થોમાં છે. તે કારણથી એકયુગલધર્મની વિવક્ષાએ એક સપ્તભંગી થાય છે. એવી જ રીતે અનંત-યુગલધર્મમાંથી અનંતસપ્તભંગી એકેક પદાર્થમાં હોય છે. પરંતુ અનંતભંગી થતી નથી, કારણ કે પ્રત્યેક યુગલધર્મ ઉપરથી સાત જ

ભાંગા થતા હોવાથી 'સપ્તભંગી' જ બને છે.

પ્રથમના બે ભાંગા થયા બાદ બાકીના પાંચ ભાંગાઓ બે બેના મીલનથી થાય છે જ્યારે વસ્તુનું સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વસ્વરૂપ દર્શાવીને પરદ્રવ્યની અપેક્ષાએ નાસ્તિત્વ દર્શાવવામાં આવે અથવા પ્રથમ પરદ્રવ્યાદિરૂપે 'નાસ્તિત્વ' જણાવી સ્વદ્રવ્યાદિરૂપે 'અસ્તિત્વ' જણાવવામાં આવે છે ત્યારે પહેલા અને બીજા ભાંગાના સંયોગથી બનેલા ત્રીજાભાંગાનું જ્ઞાન થાય છે જેમ ''**स्यादस्ति स्यान्नास्ति**''

જ્યારે 'અસ્તિ અને નાસ્તિ' બંને ધર્મને એકી સાથે પ્રધાન કરીને વસ્તુને કહેવાની ઈચ્છા થાય ત્યારે તે બંને ધર્મથી યુક્ત એવી તે વસ્તુનો વાચક કોઈ એક શબ્દનો અસંભવ હોવાથી તે જીવાદિ પદાર્થો અવક્તવ્ય બની જાય છે તેનું જ્ઞાન કરાવનાર ચોથો વિકલ્પ છે જેમ– '**स्यादवक्तव्य**'

પાંચમો ભાંગો પહેલા અને ચોથા ભાંગાના સંયોજનથી થાય છે જ્યારે કોઇ વસ્તુ સ્વદ્રવ્યાદિથી અસ્તિરૂપે છે એમ કહીને એકી સાથે અસ્તિ અને નાસ્તિ બંને સ્વરૂપને કહેવાની ઈચ્છા થાય ત્યારે વસ્તુ કથંચિત્ છે જ અને કથંચિત્ અવક્તવ્ય છે જ, એમ ઉલ્લેખ કરનારો પાંચમો ભાંગો છે જેમ કે '**स्वादस्ति स्यादवक्तव्य**'

છટ્ઠો વિકલ્પ બીજા અનો ચોથા વિકલ્પના સંયોગથી ઉત્પન્ન થાય છે જ્યારે વસ્તુના નાસ્તિત્વધર્મને કહીને પછી અસ્તિનાસ્તિ ઉભયસ્વરૂપને એક સાથે કહેવાની ઈચ્છા થાય ત્યારે વસ્તુ કથંચિત્ નથી જ અને કથંચિત્ અવક્તવ્ય જ છે, એમ વિધાન કરનારો છટ્ઠો ભાંગો છે '**स्यान्नास्ति स्यादवक्तव्य**'

સાતમો વિકલ્પ ત્રીજા અને ચોથા વિકલ્પના સંયોગથી પ્રગટે છે જ્યારે વસ્તુના ક્રમશઃ અસ્તિ અને નાસ્તિ સ્વરૂપને કહ્યા પછી એકી સાથે 'અસ્તિ નાસ્તિ' કહેવાની ઈચ્છા થાય ત્યારે વસ્તુ કથંચિત્ છે જ વસ્તુ કથંચિત્ નથી જ અને કથંચિત્ અવક્તવ્ય છે જ. એમ **स्यादस्ति स्यान्नास्ति स्यादवक्तव्य** સાતમો ભાંગો જાણવો.

આવી રીતે અનંતી સપ્તભંગીઓ થાય છે સપ્તભંગી કરવાનો આશય એ છે કે કોઈપણ વસ્તુનું સ્વરૂપ એકાંતરૂપે નથી જે જે દર્શનકારો વસ્તુ એકાંત સ્વરૂપ ન હોવા છતાં એકાંતસ્વરૂપ માને છે તેના નિરસન માટે સપ્તભંગી

સમજાવાય છે જેમ કે સર્વથા શૂન્યવાદી બૌદ્ધો કંઇ જ નથી એમ માને છે સર્વથા નાસ્તિની માન્યતાનું નિરસન કરવા સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ 'स्यादस्ति' એવો પ્રથમભાંગો છે તથા સર્વથા અદ્વૈતવાદી મીમાંસકો સર્વવસ્તુ "सत्‌રૂપે" એક જ છે એમ માને છે તે અસ્તિત્વવાદીના નિરસન માટે પરદ્રવ્યાદિની અપેક્ષાએ स्यान्नास्ति એવો બીજો ભાંગો છે તેવી જ રીતે सर्व क्षणिकं એવું માનનારા બૌદ્ધોના ખંડન માટે स्यान्नित्यं ભાંગો છે તથા આત્માદિ પદાર્થો નિત્ય જ છે એવું માનનારા સાંખ્યો નૈયાયિકાદિના નિરસન માટે 'स्यादनित्यं' સ્વરૂપ જણાવ્યું છે આ રીતે અન્ય દર્શનકારો એકાંતવાદી છે માત્ર એક જ જૈન દર્શન અનેકાંતવાદી (યથાર્થવાદી) છે.

अथास्यामेव समभङ्गयोमेकान्तविकल्पान्निराचिकीर्षवः सूत्राण्याहुः—

શબ્દને એકાંતે વિધિપ્રધાન માનનાર પક્ષનો હેતુ સાથે નિરાસ જણાવે છે.

विधिप्रधान एव ध्वनिरिति न साधु ॥ ४-२२ ॥

ધ્વનિ=શબ્દ વિધિ=સત્ત્વનેજ પ્રધાન પણે કહે છે તે કથન વ્યાજબી નથી.

'शब्दः प्राधान्येन विधिमेवाभिधत्ते न निषेधम्' इति कथनं न युक्तमित्यर्थः ॥ २२ ॥

ટીકાર્થ- શબ્દ પ્રધાનતાથી વિધાનને એટલે કે सत् ને જ કહે છે નિષેધને કહેતું નથી આવા પ્રકારનું કથન તે યુક્તિસંગત નથી,

अत्र हेतुमाहुः—

निषेधस्य तस्मादप्रतिपत्तिप्रसक्तेः ॥ ४-२३ ॥

[જો શબ્દ વિધિ જ જણાવતો હોય તો] તે શબ્દથી નિષેધ ન જ જણાવવાનો પ્રસંગ આવે....

शब्दो यदि एकान्तेन विधिबोधक एव भवेत् तर्हि तस्माद् निषेधस्य ज्ञानं कदापि न स्यात्, निषेधज्ञानं तु अनुभवसिद्धं, तस्मान्न विधिबोधक एव शब्दः किन्तु निषेधबोधकोऽपीति भावः ॥ २३ ॥

ટીકાર્થ-જો શબ્દ એકાંતે [સદાકાળ] વિધિ જ=અસ્તિત્વને જ જણાવે તો

શબ્દથી નિષેધનું જ્ઞાન ક્યારે પણ થાય નહીં અને નિષેધનું જ્ઞાન તો અનુભવથી સિદ્ધ છે તેથી શબ્દવિધિ પોષક જ છે. નિષેધ બોધક નથી એવું એકાંત વચન બરાબર નથી પરંતુ નિષેધ બોધક પણ છે તેમ જાણવું.

વિશેષાર્થ-શબ્દ હંમેશા વિધિને જ જણાવે છે આ એકાંત પક્ષ ઉચિત નથી કારણ કે 'આ ઘટ છે' એમ વાક્ય બોલતા જેમ આ ઘટ છે એમ તે અસ્તિ=વિધિ જણાવે છે તેમ તે જ વાક્ય આ ઘટ તે પટ નથી એમ નિષેધ પણ જણાવે છે. માટે પ્રથમભાંગાને એકાંતે સ્વીકારનાર પક્ષનો નિષેધ આ સૂત્રમાં કરેલ છે તથા શબ્દ જો સત્ત્વને પ્રતિપાદન કરે છે એમ માનીએ તો આ વસ્તુ નથી એવો જે બોધ થાય છે. તે ન થવો જોઈએ પરંતુ આ ભાન તો સર્વ ને થાય છે આ વાત અનુભવ સિદ્ધ છે માટે શબ્દ વિધિને જણાવે છે તેમ નિષેધને પણ જણાવે છે. તેમ માનવું યુક્તિસંગત છે.

आशङ्कान्तरं निरस्यन्ति—

શબ્દ ગૌણપણે જ નિષેધ જણાવે છે તેવી એકાંત માન્યતાનું સહેતું ખંડન જણાવે છે.

अप्राधान्येनैव ध्वनिस्तमभिधत्त इत्यप्यसारम् ॥ ४-२४ ॥

अत्र कारणमाहु—

क्वचित् कदाचित् कथञ्चित् प्राधान्येनाप्रतिपन्नस्य तस्याप्राधान्यानुपपत्तेः ॥ ४-२५ ॥

શબ્દ ગૌણપણે જ નિષેધને કહે છે. એવો એકાંત પક્ષ પણ વ્યાજબી નથી. કારણ કે ક્યાંય પણ ક્યારેય પણ કોઈપણ રીતે પ્રધાનપણે બન્યુ ન જ હોય તેમાં અપ્રધાનતા (ગૌણતા) પણ ઘટી શકતી નથી.

ननु भवतु शब्दो निषेधबोधकोऽपि तथाऽपि अप्रधानभावेनैव तमभिधत्ते इति चेत्, तदप्यसारम् ॥ २४ ॥

निषेधस्य कुत्रचित् प्राधान्येन भानाभावेऽन्यत्राप्राधान्येन भानं न भवितुमर्हति तस्मात् शब्दः कुत्रचित् प्राधान्येनापि निषेधमभिधत्ते इत्यङ्गीकरणीयम् ॥ २५ ॥

ટીકાર્થ- [પ્રથમભાંગાના એકાંતવાદમાં જે ખંડન કરવામાં આવ્યું તેમાં

કદાચ કોઈ બચાવ કરી શંકા કરે છે તે શંકા બતાવીને તેને પણ દૂર કરે છે.]

પ્રશ્ન :- ननु इत्यादि० શબ્દ ભલે નિષેધને જણાવનાર થાઓ તો પણ ગૌણપણા વડે તે નિષેધને જણાવે છે એટલે કે પ્રશ્નકારનો આશય એવો છે કે શબ્દ કેવળ અસ્તિને જ જણાવે છે એમ અમે કહેતા નથી કારણ કે નાસ્તિ વિના અસ્તિ સંભવી શકે જ નહીં પરંતુ હવે અમે એમ કહીએ છીએ કે શબ્દ સદા પ્રધાનપણે વિધિને જ જણાવે છે અને નિષેધને સદા ગૌણપણે જ જણાવે છે એ પ્રમાણે માનીશું

ઉત્તર :- આવું કહેવું તે અસાર=યુક્તિ રહિત છે કારણ કે નાસ્તિત્વ (નિષેધ) ક્યાંયપણ ક્યારેકપણ કોઈરીતેપણ પ્રધાનતાવડે જણાતો જ જો ન હોય તો બીજા ઠેકાણે ગૌણપણે ભાન થવાને માટે યોગ્ય બનતો નથી તેથી શબ્દ કોઈક સ્થળે મુખ્યતયા પણ નિષેધને કહે છે તેમ અંગીકાર કરવા યોગ્ય છે. તો જ બીજા ઠેકાણે ગૌણપણે કહી શકાય છે.

વિશેષાર્થ- શબ્દ તે નિષેધને જણાવે છે પરંતુ ગૌણપણે જ જણાવે છે. આવું જ્યારે એકાંતવાદી એ કહ્યું ત્યારે ગ્રન્થકારશ્રી એ દલિલનું ખંડન કરવા માટે યુક્તિ બતાવે છે કે જે વસ્તુ કોઈપણ સ્થાને પ્રધાનપણે બની હોય કે બનતી હોય તોજ તે વસ્તુ અન્યત્ર=બીજા સ્થળે ગૌણપણે (ઉપચાર રૂપે) બની શકે છે. જેમ કે તળાવ નદી સરોવરાદિમાં પ્રધાનપણે જલ છે તો ઝાંઝવાના જળમાં અપ્રધાનપણે-ઉપચાર રૂપે જલ છે તેમ કહી શકાય છે ઉદ્યાનાદિમાં કમળ છે તો હસ્ત-કમળ મુખકમળ કે નયનકમળમાં ઉપચાર=ગૌણસ્વરૂપ બતાવી શકાય છે તેમ નાસ્તિત્વ=નિષેધ જો ક્યાંય પણ પ્રધાનપણે ન કહેવાતો હોય તો પ્રધાનપણે અજ્ઞાત એવું નાસ્તિત્વ અપ્રધાનભાવને કદાપિ પામી શકતું નથી તેથી શબ્દ નાસ્તિને ગૌણરૂપે અને અસ્તિને પ્રધાનરૂપે જ જણાવે છે આવો એકાંતવાદ ઉચિત નથી.

इत्थं प्रथमभङ्गैकान्तंनिरस्येदानीं द्वितीयभङ्गैकान्तनिरासमति-दिशन्ति—

શબ્દ એકાંતે નિષેધ પ્રધાન જ છે. તેવી માન્યતાનો નિષેધ જણાવે છે.

निषेधप्रधान एव शब्द इत्यपि
प्रागुक्तन्यायादपास्तम् ॥ ४-२६ ॥

શબ્દનિષેધ પ્રધાન જ છે એમ માનવું તે પણ પૂર્વે કહેલા ન્યાયથી ખંડિત થયેલું જાણવું

શબ્દો યદિ પ્રધાનભાવેન નિષેધમેવાભિદધ્યાત્ તર્હિ વિધિબોધકો ન સ્યાત્, અપ્રધાનભાવેન વિધિ બોધયતીતિ ચેત્, કુત્રચિત્ પ્રધાન-ભાવેન બોધકત્વમન્તરાઽન્યત્રાપ્રધાનભાવેન બોધકત્વાસમ્ભવાત્, તસ્માદ્ નિષેધપ્રધાન એવ શબ્દઃ' ઇતિ એકાન્તોઽપિ ન સમીચીન ઇતિ ભાવઃ ॥ ૨૬ ॥

ટીકાર્થ–જો શબ્દ પ્રધાનપણે નિષેધને જ કહે છે. [આવું કહેશો] તો શબ્દ વિધિને જણાવનારો નહીં થાય [આવી શંકાની સામે પ્રશ્નકાર ઉત્તર આપે છે કે] ગૌણપણાવડે વિધિને જણાવનારો શબ્દ થશે [ત્યારે તેના પ્રત્યુત્તરમાં ગ્રન્થકાર જણાવે છે કે] કોઈક સ્થાને પ્રધાનતાદ્વારા જણાવ્યા સિવાય અન્યસ્થાને અપ્રધાનતાથી જણાવવાનો અસંભવ છે તેથી શબ્દ નિષેધપ્રધાન જ છે એવો એકાંત પક્ષ માનવો યોગ્ય નથી.

વિશેષાર્થ–જે જે દર્શનકારો બીજા ભાંગાને એકાંતે સ્વીકારે છેતેની સામે પણ સૂત્રોક્ત નિષેધ જાણવો. શબ્દ પદાર્થના સત્-અસત્ વિગેરે સાત ધર્મોને પ્રતિપાદન કરવામાં પ્રવર્તે છે. એક પણ ભાંગાને એકાંતે શબ્દ પ્રતિપાદન કરતો નથી પરંતુ સાતેને પ્રતિપાદન કરે છે. છતાં કોઈ એકાંતવાદી કહે છે કે શબ્દ એકાંતે નિષેધને જ પ્રતિપાદન કરે તો શબ્દ દ્વારા કોઈપણ પદાર્થમાં વિધિની પ્રાપ્તિ ન જ થાય અને અનુભવ-સિદ્ધ વિધિની પ્રાપ્તિ પણ જણાય તો છે જ હવે જો શબ્દ ગૌણપણે વિધિને પ્રતિપાદન કરે અને મુખ્યપણે નિષેધને જ પ્રતિપાદન કરે આવું માનવામાં આવે તો પણ અઘટિત છે કારણ કે મુખ્યભાન સિવાય પદાર્થમાં ગૌણપણું ઘટી શકે નહીં જે પ્રથમભાંગાના એકાંત પક્ષની ચર્ચા વખતે કહેવાઈ જ ગયું છે.

अथ तृतीयभङ्गैकान्तं पराकुर्वन्ति—

ત્રીજા ભાંગાની એકાંત માન્યતાનો નિષેધ હેતુસહિત જણાવે છે.

क्रमादुभयप्रधान एवायमित्यपि न साधीयः ॥ ४-२७ ॥

અનુક્રમથી ઉભય પ્રધાનતાવાળો જ શબ્દ છે એમ કહેવું તે પણ શ્રેયસ્કર નથી.

अयं शब्दः 'स्यादस्त्येव घटः स्यान्नस्त्येव घटः' इत्याकारकं क्रमार्पितोभयमेवाभिधत्ते इत्यपि न साधु ॥ २७ ॥

टीकार्थ- આ શબ્દ 'ઘડો કથંચિત્ છે જ' 'ઘડો કથંચિત્ નથી જ' એમ ક્રમે કરીને વિધિ અને નિષેધ બંનેને જ કહે છે તેમ કહેવું બરાબર નથી તેનું કારણ બતાવે છે.

एतदुपपादयन्ति—

अस्य विधि- निषेधान्यतरप्रधानत्वानुभवस्याप्य-
बाध्यमानत्वात् ॥ ४-२८ ॥

કારણ કે શબ્દનો ક્રમે કરીને વિધિ અને નિષેધ તે બેમાંથી એકના પ્રધાનપણાનો અનુભવ [પ્રમાણોથી] અબાધિત જ છે (તેથી ત્રીજાભાંગાનો એકાંત સ્વીકારવા યોગ્ય નથી.)

अस्य-शब्दस्य विधिप्राधान्येन निषेधप्राधान्येन च स्वातन्त्र्येणानुभूयमानत्वात् 'क्रमादुभयप्रधान एवायम्' इति तृतीयभङ्गैकान्तोऽपि न कान्तः ॥ २८ ॥

टीकार्थ- अस्य=આ શબ્દનો વિધિપ્રધાનતાવડે અને નિષેધ-પ્રધાનતાવડે સ્વતંત્રપણાથી અનુભવ થાય છે એટલે કે પહેલો ભાંગો વિધિની પ્રધાનતા જણાવનારો અને બીજો ભાંગો નિષેધની પ્રધાનતા બતાવનારો છે એમ એકેકની પ્રધાનતા જણાવનારી પ્રતીતિ પણ થાય છે માટે ક્રમથી ઉભયની પ્રધાનતાવાળો જ આ છે એવો ત્રીજા ભાંગાનો એકાંત સ્વીકારવો તે કાન્ત=મનોહર નથી.

अथ चतुर्थभङ्गैकान्तपराभवाय प्राहुः—

ચોથાભાંગાના એકાંતનું નિરસન સહેતુક બે સૂત્રોદ્વારા જણાવે છે.

युगपद्विधि-निषेधात्मनोऽर्थस्यावाचक
एवासाविति वचो न चतुरस्रम् ॥ ४-२९ ॥

कुत इत्याहुः —

तस्याऽवक्तव्यशब्देनाप्यवाच्यत्वप्रसङ्गात् ॥ ४-३० ॥

એક સાથે વિધિ અને નિષેધાત્મક એવા પદાર્થનો અવાચક જ આ શબ્દ હોય છે એવો એકાંતપક્ષ પણ યુક્તિસંગત નથી. કારણ કે જો યુગપત્પણે જો એકાંતે અવાચ્ય જ હોય તો [અવાચ્ય] શબ્દથી પણ ન કહી શકાય.

असौ शब्द विधिरूपमर्थं निषेधरूपमर्थं च युगपत्प्राधान्येन प्रतिपादयितुं न समर्थं इत्यर्थकः 'स्यादवक्तव्यमेव' इति चतुर्थभङ्गैकान्तोऽपि न रमणीयः ॥ २९ ॥

अयमर्थः- चतुर्थभङ्गैकान्ते हि शब्दस्याऽवक्तव्यशब्देनाऽप्यवाच्यत्वं स्यात्, तस्माच्चतुर्थभङ्गैकान्तोऽपि न युक्तः ॥ ३० ॥

टीकार्थ- આ શબ્દ વિધિ સ્વરૂપ એવા પદાર્થને અને નિષેધાત્મક એવી વસ્તુને એકસાથે પ્રધાનતાવડે પ્રતિપાદન કરવામાં સમર્થ નથી તેથી તેના સ્વરૂપ વાળો 'કથંચિત્ અવક્તવ્ય જ છે' એવો ચોથોભાંગો પણ એકાંતે સ્વીકારવા યોગ્ય નથી. કારણકે ચોથો ભાંગો પણ એકાંતે માનો તો અવક્તવ્ય અથવા અવાચ્ય એવા શબ્દોવડે વસ્તુ અવાચ્ય બનવાનો પ્રસંગ આવે તેથી તેનો ભાંય આ પ્રમાણે છે કે –બન્નેની એકીસાથે પ્રધાનતા કરીએ તો તે બન્ને ને જણાવનારો કોઇ શબ્દ ન હોવાથી અવાચક જરૂર છે પરંતુ સાથે સાથે અવાચક શબ્દથી બન્નેને જણાવી પણ શકાય છે માટે સર્વથા અવાચ્ય જ છે એમ ન કહી શકાય પરંતુ કથંચિત્ અવાચ્ય છે એમ જ કહેવાશે....

अथ पञ्चमभङ्गैकान्तमपास्यन्ति—

પાંચમા ભાંગાના એકાંતનો આગ્રહ સહેતુક નિષેધ કરે છે.

विध्यात्मनोऽर्थस्य वाचकः सन्नुभयात्मनो युगपदवाचक एव स इत्येकान्तोऽपि न कान्तः ॥ ४-३१ ॥

अत्र निमित्तमाहुः

निषेधात्मनः सह द्वयात्मनश्चार्थस्य वाचकत्वावाचकत्वाभ्यामपि शब्दस्य प्रतीयमानत्वात् ॥ ४-३२ ॥

તે શબ્દ વિધિસ્વરૂપ પદાર્થનો વાચક થયો છતો ઉભયાત્મક અર્થનો યુગપત્ પણે અવાચક જ છે આવો એકાંત પણ મનોહર નથી. કારણ કે

નિષેધાત્મક અર્થનો વાચક થયો છતો તેની સાથે દ્વયાત્મક (ઉભયાત્મક) અર્થનો અવાચક પણ શબ્દ જણાય જ છે.

'स्यादस्ति चावक्तव्यश्चेतिभङ्गस्वरूप एव शब्दः' इत्येकान्तोऽपि न युक्त इति ॥ ३१ ॥

'स्यान्नास्ति चावक्तव्यश्च' इति षष्ठभङ्गे निषेधात्मनोऽर्थस्यवाचकत्वेन सह युगपत् प्रधानभावेन विधि-निषेधात्मनोऽर्थस्यावाचकश्च शब्दः प्रतीयते तस्मात् पञ्चमभङ्गैकान्तोऽपि न समीचीनः ॥ ३२ ॥

टीकार्थ- શબ્દ કથંચિત્ છે જ, અને કથંચિત્ અવક્તવ્ય છે જ, એવું જણાવનારો આ પાંચમો ભાંગો એકાંતે સ્વીકારવો યોગ્ય નથી કારણ કે છટ્ઠાભાંગામાં નિષેધાત્મક એવા પદાર્થના વાચકપણાની સાથે એકીસાથે પ્રધાનપણાથી વિધિ અને નિષેધરૂપ એવા અર્થનો અવાચક શબ્દ પ્રતીત છે તેથી પાંચમા ભાંગાનો એકાંત પણ યુક્તિયુક્ત નથી સારાંશ એમ છે કે જો પાંચમા ભાંગાનો એકાંત હોત તો છટ્ઠો ભાંગો તેનાથી વિપરીત હોવાથી સંભવેત જ નહીં. પરંતુ છટ્ઠો ભાંગો સંભવે તો છે જ માટે પાંચમાભાંગાનો એકાંત મનોહર નથી.

षष्ठभङ्गैकान्तमपाकुर्वन्ति—

છટ્ઠા ભાંગાના એકાંત પક્ષનું ખંડન અને તેનો હેતુ જણાવે છે.

निषेधात्मनोऽर्थस्य वाचक सन्नुभयात्मनो युगपदवाचक एवायमित्यप्यवधारणं न रमणीयम् ॥ ४-३३ ॥

अत्र हेतु प्रदर्शयन्ति—

इतरथाऽपि संवेदनात् ॥ ४-३४ ॥

શબ્દ નિષેધસ્વરૂપ અર્થનો વાચક થતો છતો ઉભયાત્મક અર્થનો એકીસાથે અવાચક જ છે આવું અવધારણ પણ રમણીય નથી. કારણ કે અન્યથા પણ પાંચ ભાંગા પ્રમાણે પદાર્થના વાચક તરીકે શબ્દ જણાય છે.

'कथञ्चिन्नास्तित्वविशिष्टकथञ्चिदवक्तव्यस्वभावस्य वस्तुन एव वाचकः शब्दः' इति षष्ठभङ्गैकान्तोऽपि न रमणीय इत्यर्थः ॥ ३३ ॥

प्रथमभङ्गादिषु विध्यादिप्राधान्येनापि शब्दस्य प्रतीयमानत्वात् षष्ठभङ्गै-कान्तोऽपि न समीचीन इति भावः ॥ ३४ ॥

टीकार्थ-કથંચિત્ નાસ્તિત્વથી વિશિષ્ટ એવા કથંચિત્ અવક્તવ્ય સ્વભાવવાળી જ વસ્તુઓનો વાચક એવો શબ્દ છે. આવા પ્રકારનો છટ્ઠાભાંગાનો એકાંત છે તે મનોહર નથી કારણ કે પ્રથમ આદિ ભાંગાઓમાં (પ્રથમના સમજાવેલા પાંચ ભાગાઓમાં) છટ્ઠા ભાંગાના એકાંત કરતા બીજી રીતે પદાર્થનો વાચક શબ્દ જણાતો હોવાથી છટ્ઠા ભાંગાનો એકાંત માન્ય કરવો તે ઉચિત નથી એટલે કે આપણે વિચારી ગયા તેમ પૂર્વના ભાંગામા વિધિપ્રધાન, નિષેધપ્રધાન, ક્રમેઉભયપ્રધાન, એકકાળમાં એકીસાથે ઉભયપ્રધાન હોવાથી અવાચક, વિધિસહિત એકીસાથે ઉભયપ્રધાન કરવાથી અવાચક અને ક્રમેવિધિનિષેધ સહિત એકી સાથે ઉભયપ્રધાન કરવાથી અવાચક વિગેરે શેષપ્રથમના પાંચ તથા સાતમા ભાંગાને પણ શબ્દ પ્રતિપાદન કરે છે તેથી આ છટ્ઠાનો એકાંત આગ્રહ અયોગ્ય છે.

अथ सप्तमभङ्गैकान्तमपाकुर्वन्ति—

એકાંતે સાતમાવિકલ્પની માન્યતાનો નિષેધ હેતુ સહિત બતાવે છે.

क्रमाक्रमाभ्यामुभयस्वभावस्य भावस्य वाचकश्चावाचकश्च ध्वनिर्नान्यथेत्यपि मिथ्या ॥ ४-३५ ॥

अत्र बीजमाख्यान्ति-

विधिमात्रादिप्रधानतयापि तस्य प्रसिद्धेः ॥ ४-३६ ॥

અનુક્રમે ઉભયાત્મક ભાવનો વાચક બન્યો છતો આ શબ્દ એકીસાથે ઉભયાત્મક ભાવનો અવાચક જ શબ્દ છે તેનાથી અન્યથા (બીજી રીતે) વાચક નથી જ, એવા પ્રકારનું અવધારણ પણ મિથ્યા છે.

'क्रमार्पितोभयत्वविशिष्टावक्तव्यस्वभावस्य वस्तुन एव वाचकः शब्द' इत्यपि मिथ्या ॥ ३५ ॥

'स्यादस्त्येव घटः' 'स्यान्नास्त्येव घटः' इति विध्यादिप्राधान्येनापि शब्दस्य प्रतीयमानत्वात् सप्तभङ्गैकान्तोऽपि न युक्त इत्यर्थः ॥ ३६ ॥

ટીકાર્થ-'स्यादस्ति स्यान्नास्ति स्यादवक्तव्य' એમ ત્રણ સંયોગવાળો ત્રિસંયોગીભાંગો કે સાતમો છે એટલે કે કોઈપણ શબ્દ અનુક્રમે અસ્તિનાસ્તિપ્રધાનપણે કહીને પછી યુગપત્-પણે ઉભયનો અવાચક જ છે આવું એકાંતે કહેવું તે મિથ્યા છે કારણ કે પ્રથમભાંગામાં 'ઘડો કથંચિત્ છે જ' બીજામાં 'ઘડો કથંચિત્ નથી જ' એ પ્રમાણે વિધિ આદિની પ્રધાનતાવડે પણ શબ્દ જણાય છે તેથી સાતમા ભાંગાનો એકાંત વ્યાજબી ઠરતો નથી.

આ રીતે સાતે ભાંગામાંથી કોઈપણ ભંગનો એકાંતે આગ્રહ રાખવો તે તદ્ન અનુભવથી અયોગ્ય છે કારણ કે શબ્દ સાતેયભાંગાને પ્રતિપાદન કરનાર છે. પરંતુ તેમાંથી કોઈનો એકાંતે પ્રતિપાદક નથી.

नन्वेकस्मिन् जीवादौ वस्तुन्यनन्तानां विधीयमाननिषिध्यमानानां धर्माणामङ्गीकरणादनंता एव वचनमार्गाः स्याद्वादिनां भवेयुः, वाच्येयत्ता-ऽऽयत्तत्वाद् वाचकेयत्तायाः, ततो विरुद्धैव सप्तभङ्गीति ब्रुवाणं निरस्यन्ति—

સપ્તભંગીની અસંગતતા ઉદ્ભાવન કરનારનું સહેતુક ખંડન જણાવે છે.

एकत्र वस्तुनि विधीयमान-
निषिध्यमानानन्तधर्माभ्युपगमेनानन्त-भङ्गीप्रसंगादसंगतैव
सप्तभङ्गीति न चेतसि निधेयम् ॥ ४-३७ ॥

अत्र कारणमाहुः-

विधि-निषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुन्यनन्तानामपि सप्तभङ्गीनामेव सम्भवात् ॥ ४-३८ ॥

જીવ અજીવાદિ એકેક પદાર્થના વિધાનકરાતા અને નિષેધકરાતા એવા અનંતાધર્મો સ્વીકારેલા હોવાથી અનંતભંગીનો પ્રસંગ પ્રાપ્ત થશે જ તેથી સપ્તભંગી અસંગત છે એમ મનમાં વિચારવું નહીં.

કારણકે એકજ વસ્તુને વિષે પ્રત્યેક વિરોધી એવા બે ધર્મરૂપ=પર્યાયને આશ્રયીને વિધિ અને નિષેધના પ્રકારોની અપેક્ષાએ (ઉપર જણાવી ગયા તેમ) અનંતી એવી સપ્તભંગી સંભવી શકે છે પરંતુ અનંતભંગી થતી નથી.

एकस्मिन् जीवादौ वस्तुनि अनन्तानां विधीयमान-निषिध्यमानधर्माणां स्वीकृतत्वादनन्ता एव तत्प्रतिपादकवचनमार्गाः स्युः कथं सप्तैव भङ्गाः ? इति मनसि न करणीयम् ॥ ३७ ॥

प्रतिपर्यायमवलम्ब्य वस्तुनि सप्तैव भङ्गाः सम्भवन्ति नाऽनन्ताः, सप्त-भङ्गीनामानन्त्यं तु इष्टमेवेति न दोषः इति भावः ॥ ३८ ॥

टीकार्थ-જીવ-અજીવ વિગેરે એક વસ્તુને વિષે વિધાનકરાતા અને નિષેધકરાતા એવા અનંતધર્મો સ્વીકારેલા હોવાથી તે ધર્મોને કહેનારા વચનમાર્ગો પણ અનંતા જ થશે તો પછી સાત જ ભાંગા કેમ થશે ? આ પ્રમાણે મનમાં વિચાર= પ્રશ્નકરવો નહીં (તેનું કારણ કહે છે કે) એકેક પરસ્પર વિરોધી એવા જોડકારૂપ પર્યાયને આશ્રયીને એક વસ્તુમાં સાત ભાંગા જ સંભવે છે. અનંત ભાંગાઓ ઘટી શકતા નથી. અને પરસ્પર વિરોધી ધર્મનાં યુગલો અનંત હોવાથી એ રીતે અનંતી સપ્તભંગીઓ થાય તે અમને ઈષ્ટ જ છે એટલે કે એકેક વસ્તુમાં અનંતા ધર્મો અવશ્ય છે જ તેમાંના એકેક જોડકારૂપ પર્યાયનેં (ધર્મને) આશ્રયીને વિધિ અને નિષેધના ઉપર જણાવ્યા મુજબ વ્યસ્ત કે સમસ્ત વિકલ્પો પાડવા દ્વારા સાતભાંગા જ સંભવે છે માટે સપ્તભંગી જ થાય છે પરંતુ અનંતભંગી થતી નથી છતાં ધર્મો અનંતા હોવાથી આવી સપ્તભંગી એકેક જોડકારૂપ ધર્મને આશ્રયીને અનંતી થાય છે તેમ જાણવું.

कुतः प्रतिपर्यायमवलम्ब्य सप्तैव भङ्गाः सम्भवंति ? इत्यत आहुः—

પ્રતિપર્યાયને આશ્રયીને સાતભાંગા જ કેમ સંભવે છે તેનું કારણ જણાવે છે.

प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां
सप्तानामेव सम्भवात् ॥ ४-३९ ॥

પ્રત્યેક પર્યાયની અપેક્ષાએ શ્રોતાઓના પ્રશ્ન સાત જ સંભવે છે માટે ભાંગા સાત જ થાય છે.

प्रतिपर्यायमाश्रित्य सप्तानामेव शिष्यप्रश्नानां सम्भवादुत्तरमपि सप्तभङ्गा-त्मकमिति भावः ॥ ३९ ॥

टीकार्थ–દરેક પર્યાય (ધર્મ) ને આશ્રયીને શિષ્યના પ્રશ્નો સાત જ સંભવે છે તેથી તેના ઉત્તરસ્વરૂપ ભાંગા પણ સાત જ થાય તેમ જાણવું. જેમકે જીવદ્રવ્ય માં નિત્યાનિત્ય (ધર્મ) વિષયક નીચે મુજબ સાત સવાલ થાય છે.

૧. શું જીવ નિત્ય છે ? હા દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ **स्यान्नित्यं** ૨. શું જીવ અનિત્ય છે ? હા પર્યાયર્યિકનયની દૃષ્ટિએ **स्यादनित्यं** ૩. શું જીવ નિત્ય-અનિત્ય બંને છે ? હા ક્રમશઃ બંને નયો લગાડતા આ જીવ **स्यान्नित्यं** પણ છે **स्यादनित्यं** પણ છે. ૪. બંને હોવાથી શું સાથે બોલી શકાય છે? ના એકીસાથે એક જ શબ્દથી બંને ધર્મો સાથે બોલી શકાતા નથી માટે **स्यादवक्तव्यं** પણ છે. આરીતે બીજા બાકીના ત્રણ ભાંગાઓ તો માત્ર સંયોગથી સમજી લેવા તેથી શ્રોતાના મનમાં પ્રશ્નો સાત જ હોવાથી તેના ઉત્તરરૂપે ભાંગા પણ સાત જ છે.

प्रश्नानां सप्तविधत्वे हेतुं प्रदर्शयन्ति-

પ્રશ્નો સાત પ્રકારના જ થાય છે તેનું કારણ જણાવે છે.

तेषामपि सप्तत्वं सप्तविधतज्जिज्ञासानियमात् ॥ ४-४० ॥

શ્રોતાઓના તે પ્રશ્નોની પણ જે સાતપ્રકારતા છે તેનું કારણ પણ શ્રોતાઓના હૃદયમાં જે જાણવાની જિજ્ઞાસા પણ સાત જ પ્રકારની થાય છે તેવો નિયમ છે.

प्रतिपाद्यगतजिज्ञासायाः सप्तविधत्वात् प्रश्नानामपि सप्तत्वमित्यर्थः ॥४०॥

टीकार्थ–શ્રોતાઓના હૈયામાં રહેલી જિજ્ઞાસા સાત પ્રકારની થવાથી પ્રશ્નો પણ સાત જ થાય છે.

अथ सप्तविधतज्जिज्ञासानियमे निमित्तमाहुः—

જિજ્ઞાસા પણ સાત પ્રકારની જ થાય તેનું કારણ જણાવે છે.

तस्या अपि सप्तविधत्वं सप्तधैव
तत्सन्देहसमुत्पादात् ॥ ४-४१ ॥

तस्याः- जिज्ञासाया अपि सप्तविधत्वं प्रतिपाद्यगतसंदेहस्य सप्तविधत्वात् ॥ ४१ ॥

सूत्रार्थ-टीकार्थ–તે શ્રોતાઓની જિજ્ઞાસા પણ સાત પ્રકારે સંભવે છે કારણકે શ્રોતાઓનાં હૃદયમાં સંદેહો (શંકાઓ) પણ સાત પ્રકારના જ ઉત્પન્ન થાય છે.

सन्देहस्यापि सप्तधात्वे कारणमाहुः—

શંકાઓ પણ સાત પ્રકારની જ થાય છે તેનું કારણ જણાવે છે.

तस्यापि सप्तप्रकारकत्वनियमः
स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेः ॥ ४-४२ ॥

તે સંદેહ પણ સાત પ્રકારનો થાય છે એવો નિયમ છે કારણકે સંદેહના વિષયભૂત એવા પદાર્થના ધર્મો પણ સાત પ્રકારના જ ઘટી શકે છે.

तस्य-सन्देहस्याऽपि सप्तविधत्वं सन्देहविषयीभूतवस्तुधर्माणां कथञ्चिदस्तित्वादीनां सप्तविधत्वादित्यर्थः ॥ ४२ ॥

टीकार्थ–तस्य એટલે શ્રોતાના હૃદયમાં રહેલાં તે સંદેહના પણ સાત પ્રકારો છે કારણ કે स्व=सन्देहविषयीभूतधर्माणां कथंञ्चिदस्तित्वादीनां -એટલે કે સંદેહના વિષયભૂત એવા અસ્તિત્વાદિ વસ્તુના પર્યાયો પણ સાત જ છે ૧. કથંચિત્-અસ્તિત્વ ૨. કથંચિત્-નાસ્તિત્વ ૩. ક્રમશઃ કથંચિત્-અસ્તિત્વ-નાસ્તિત્વ ૪. કથંચિત્-અવાચ્યત્વ ૫. કથંચિત્-અસ્તિત્વ અવાચ્યત્વ ૬. કથંચિત્ નાસ્તિત્વ અવાચ્યત્વ ૭. કથંચિત્ અસ્તિ-નાસ્તિ-અવાચ્યત્વ એમ વસ્તુના ધર્મો વસ્તુમાં અપેક્ષાએ સાત જ છે માટે સંદેહો પણ સાત જ ઉઠે છે સાત પ્રકારના સંદેહોના સાત પ્રકારના ઉત્તરો મળવાથી શ્રોતાને તૃપ્તિ થઈ જાય છે. આ પ્રમાણે ૧. વસ્તુના ધર્મો સાત હોવાથી સંદેહ સાત થાય છે ૨. સંદેહ સાત થવાથી જિજ્ઞાસા સાત ઉઠે છે. ૩. જિજ્ઞાસા સાત થવાથી પ્રશ્નો સાત પૂછે છે ૪. પ્રશ્નો સાત પુછવાથી તેના ઉત્તરરૂપે ભાંગા પણ સાત જ થાય છે તે સપ્તભંગી કહેવાય છે. તેમ જાણવું.

इयं सप्तभङ्गीं किं सकलादेशस्वरूपा, विकलादेशस्वरूपा वेत्यारेकां पराकुर्वन्ति—

સપ્તભંગીના (બે) ભેદો વ્યાખ્યા સહિત જણાવે છે.

इयं सप्तभङ्गीं प्रतिभङ्गं सकलादेशस्वभावा
विकलादेशस्वभावा च ॥ ४-४३ ॥

अथ सकलादेशं लक्षयन्ति—

प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्ति-
प्राधान्यादभेदोपचाराद् वा यौगपद्येन
प्रतिपादकं वचः सकलादेशः ॥ ४-४४ ॥

આ સપ્તભંગી દરેકભાંગે સકલાદેશસ્વભાવવાળી અને વિકલાદેશસ્વભાવવાળી છે.

પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જાણેલી એવી અનંતધર્મવાળી વસ્તુનું કાલાદિ (આઠ) દ્વાર વડે અભેદવૃત્તિની પ્રધાનતા દ્વારા અથવા અભેદ-ઉપચારદ્વારા એકીસાથે પ્રતિપાદન કરનારૂ જે વચન તે **'सकलादेश'** કહેવાય છે.

यौगपद्येनानन्तधर्मात्मकं वस्तु प्रतिपादयति सकलादेशः ।

अयमर्थः- सकलादेशत्वेन विवक्षितं 'स्यादस्त्येव घटः' इदं वाक्यं न केवलमस्तित्वधर्मविशिष्टं घटं बोधयति किन्तु अनंतधर्मात्मकं घटं प्रकाशयति। ननु कथमस्तित्वधर्मविशिष्टवस्तुबोधकमिदं वाक्यमनन्तधर्मात्मक-वस्तु-बोधकम् ? इति चेत्, उच्यते- सर्वधर्माणामस्तित्वात्मकत्वाद् एकधर्म-विशिष्टवस्तुप्रतिपादनद्वारा इदं वाक्यं अनन्तधर्मात्मकं वस्तु प्रतिपादयति । ननु सर्वधर्माणामस्तित्वात्मकत्वेनन संभवति परस्परभिन्नत्वात् सर्वधर्माणामिति चेत्, न, कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद् वा अस्तित्वाख्यस्य धर्मस्यानन्तधर्मात्मकत्वोपपत्तेः, तथाहि- यदा काला-दिभिरष्टाभिः कृत्वा अभेदवृत्तेः- धर्म-धर्मिणोरभेदस्य प्राधान्यमङ्गीक्रियते तदा कालादिभिः समस्तधर्माणां तादात्म्येनावस्थितत्वात् 'स्यादस्त्येव घटः' इतिवाक्यमेक-धर्मविशिष्टवस्तुप्रतिपादनमुखेन यौगपद्येनानन्तधर्मात्मकं वस्तु प्रतिपादयति । के पुनः कालादयः ? इति चेत्, उच्यते-कालः आत्मरूपम्, अर्थः, सम्बन्धः, उपकारः, गुणिदेशः, संसर्गः, शब्दश्चेत्यष्टौ ।

तत्र 'स्यादस्त्येव घटः' इत्यत्र घटादौ यत्कालावच्छेदेनास्तित्वं वर्तते तत्कालावच्छेदेन शेषा अनन्तधर्मा अपि तत्र वर्तन्ते इति कालेनाऽभेदवृत्तिः। यदेवास्तित्वस्य घटगुणत्वमात्मरूपं-स्वरूपं तदेवान्यसर्वगुणानामिति आत्म-रूपेणाभेदवृत्तिः। य एव च घटद्रव्यरूपोऽर्थोऽस्तित्वस्याऽऽधारः स एवान्य-

पर्यायाणा-मपीत्यर्थेनाऽभेदवृत्तिः। य एव चाविनाभावः कथञ्चितादात्म्य स्वरूपोऽस्तित्वस्य संबन्धः स एवानन्तधर्माणामपिति सम्बन्धेनाऽभेदवृत्तिः। य एव चोपकारोऽस्तित्वस्य स्वानुरक्तत्वकरणं-स्ववैशिष्ट्यसम्पादनं-स्वप्रकारकधर्मिविशेष्यकज्ञानजनकत्वपर्यवसन्नं, (अस्तित्वस्य स्वानुरक्तत्व-करणं हि अस्तित्वप्रकारकघटविशेष्यकज्ञानजन-कत्वम्) स एवोपकारोऽ-नन्तधर्माणामपीति उपकारेणाभेदवृत्तिः । य एव गुणिनः संबन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य स एवान्यधर्माणामपीति गुणिदेशेनाऽभेदवृत्तिः । य एव चैकवस्त्वात्मनाऽस्तित्वस्य संसर्गः स, एवाऽपरधर्माणामपीति संसर्गेणा-भेद-वृत्तिः । ननु सम्बन्धसंसर्गयोः को विशेषः ? इति चेद्, उच्यते-द्रव्य-पर्याययोः कथञ्चिद् भिन्नाभिन्नत्वापरपर्याय-कथञ्चित्तादात्म्यलक्षणः सम्बन्धः संसर्गश्च तत्र यदा अभेदस्य प्राधान्यं भेदस्य च गौणत्वं विवक्ष्यते तदा सम्बन्धः यदा तु भेदस्य प्राधान्यमभेदस्य च गौणत्वं विवक्ष्यते तदा संसर्ग इत्युच्यते । य एवास्तीतिशब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः स एव अनन्तपर्याया-त्मकस्य वस्तुनो वाचक इति शब्देनाभेदवृत्तिः ।

एवं कालादिभिरष्टविधाभेदवृत्तिः पर्यायार्थिकनयस्य गुणभावे द्रव्या-र्थिकनयप्राधान्यादुपपद्यते। द्रव्यार्थिकनयगुणभावे पर्यायार्थिकनयप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः सम्भवतीति कालादिभिर्भिन्नानाममपि गुणानामभेदोपचारः क्रियते इति । एवं कालादिभिरभेदवृत्त्या अभेदोपचारेण वा यौगपद्येनानन्त-धर्मात्मकस्य वस्तुनः प्रतिपादकं वाक्यं सकलादेश इत्युच्यत ॥ ४४ ॥

टीकार्थ- એકીસાથે અનંતધર્માત્મક વસ્તુને પ્રતિપાદન કરનારું વચન **સકલાદેશ** છે.

તેનો અર્થ આ પ્રમાણે છે –સકલાદેશ દ્વારા જ્યારે વિવક્ષા કરાઈ હોય છે ત્યારે ''स्यादस्त्येव घटः'' કથંચિત્ ઘડો છે જ આ વાક્ય માત્ર અસ્તિત્વ ધર્મથી વિશિષ્ટ એવા ઘડાનો બોધક નથી પરંતુ અનંતધર્માત્મક એવા ઘટને જણાવનાર છે.

પ્રશ્ન :- ननु इत्यादि. અસ્તિત્વ ધર્મથી યુક્ત એવી વસ્તુને જણાવનાર વાક્ય અનંતધર્માત્મક વસ્તુને કઈ રીતે જણાવે છે ?

ઉત્તર :- સર્વે પદાર્થો અસ્તિત્વ ધર્મવાળા છે. તેથી એક(અસ્તિત્વ) ધર્મથી વિશિષ્ટ વસ્તુને જણાવવા દ્વારા આ વાક્ય અનંતધર્મસ્વરૂપ એવી વસ્તુને જણાવનાર બને છે.

પ્રશ્ન :- સર્વેધર્મો અસ્તિસ્વરૂપે ઘટી શક્તા નથી કારણ કે દરેક ધર્મો પરસ્પર ભિન્ન છે ?

ઉત્તર :- આ પ્રમાણે જો કહેતા હોય તો કહેવાય છે કે કાલવિગેરેની અભેદવૃત્તિની પ્રધાનતાથી અથવા તો અભેદ-ઉપચાર કરવાથી અસ્તિત્વનામના ધર્મનું કથન કરવાથી અનંતધર્માત્મક એવી વસ્તુ ઘટી શકે છે. એટલે કે અસ્તિત્વાદિ ધર્મોની કાળ વિગેરે સાથે અભેદ વિવક્ષા હોય ત્યારે તે અસ્તિત્વાદિરૂપ એક શબ્દ વડે સત્ત્વાદિરૂપ એક ધર્મને જણાવવા છતાં તદ્રૂપ (તેના સ્વરૂપ) અનેકધર્મોનું પ્રતિપાદન એકી સાથે થઈ શકે છે.

જ્યારે કાલવિગેરે આઠ પ્રકારના દ્વારો વડે અભેદવૃત્તિ કરીને એટલે કે ધર્મ જે અસ્તિત્વાદિ, અને ધર્મી જે ઘટપટજીવાદિનાઅભેદનું પ્રાધાન્યપણું સ્વીકારાય છે ત્યારે કાલવિગેરે આઠ દ્વારો વડે સમસ્ત ધર્મો તે કાળે તાદાત્મ્ય સંબંધથી રહેલા હોવાથી **स्यादस्त्येव घटः** એ પ્રમાણે ના એકધર્મથી વિશિષ્ટ એવી વસ્તુને પ્રતિપાદન કરવાવાળા એવા એક વાક્યવડે એકી સાથે અનંતધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરાય છે.

પ્રશ્ન :- તે કાલાદિ દ્વારો ક્યા ક્યા છે ?

ઉત્તર :- (૧) કાલદ્વાર (૨) આત્મરૂપ=સ્વરૂપદ્વાર (૩) અર્થદ્વાર (૪) સંબંધ દ્વાર (૫) ઉપકારદ્વાર (૬) ગુણીદ્વાર (૭) સંસર્ગદ્વાર (૮) શબ્દદ્વાર આ પ્રમાણે આઠદ્વાર છે હવે આ આઠે દ્વારોના અર્થો તથા તેની અપેક્ષાએ પ્રથમ અભેદ વિચારીએ.

૧. **'स्यादस्त्येव घटः'** ઘટ કથંચિત્ અસ્તિ જ છે. અહીં ઘટાદિમાં જે કાલે અસ્તિત્વધર્મ છે તે જ કાલે શેષ અનંતા ધર્મો પણ ઘટમાં વર્તે છે. એટલે કે અસ્તિત્વધર્મ શેષ અનંતા ધર્મોની સાથે એક વસ્તુમાં એક કાળે સાથે વર્તે છે. આ રીતે અસ્તિત્વધર્મની અને શેષ-ધર્મોની એક કાળની અપેક્ષાએ અભેદવૃત્તિ થઈ.

૨. જ્યારે અસ્તિત્વધર્મ ઘટનો ગુણ છે એટલે કે ઘટનું ગુણપણું એ અસ્તિત્વ=સ્વરૂપ છે તેમ અન્યસર્વેગુણોનું પણ ગુણાત્મક સ્વરૂપ તે જ છે આ રીતે આત્મરૂપ દ્વારા અભેદ વૃત્તિ થઈ.

૩. અર્થ= આધાર જે ઘટદ્રવ્યરૂપ પદાર્થ અસ્તિત્વ નામના ધર્મનો આધાર છે. તેજ પદાર્થ અન્ય પર્યાયનો (ગુણધર્મોનો) પણ આધાર છે આ રીતે અનંત ધર્મોનું અને અસ્તિત્વનું અર્થને લઈને એકજ આધારભૂત હોવાથી અભેદવૃત્તિ છે.

૪. સબંધ=અવિષ્વગ્‌ભાવ સંબંધ જાણવો. એટલેકે તાદામ્ય-એકમેક સંબંધ અસ્તિત્વ ધર્મનો ઘટપટાદિ ધર્મીની સાથે કથંચિત્ તાદાત્મ્ય સ્વરૂપ જે અભેદ સંબંધ છે તેજ કથંચિત્તાદાત્મ્ય(અભેદ) સંબંધ બાકીના અનંતધર્મોનો ધર્મીની સાથે છે આ રીતે અવિષ્વગ્‌ભાવનામના સંબંધની અપેક્ષાએ પણ અસ્તિત્વની અને શેષ અનંતધર્મોની અભેદવૃત્તિ થઈ.

૫. ઉપકાર=પોતાનાથી અનુરકત કરવું અસ્તિત્વધર્મ ઘટાદિ દ્રવ્યોનો સ્વાનુરકતત્વકરવારૂપ ઉપકાર કરે છે એટલે કે **स्ववैशिष्ट्यसम्पादनं स्वप्रकारकधर्मिविशेष्यकज्ञानजनकत्वपर्यवसन्न** स्व= એટલે અસ્તિત્વ પ્રકારક= વિશેષણથી યુક્ત એવા ધર્મી વિશેષ્ય ઘટાદિપદાર્થ છે. આ જ્ઞાન કરવામાં અસ્તિત્વનો જેમ ઘટાદિપદાર્થો પ્રત્યે ઉપકાર છે (અસ્તિત્વધર્મ ઘટપટાદિ દ્રવ્યોનું હોવાપણું જણાવવા રૂપે એટલે કે **स्व**=અસ્તિત્વરૂપ ધર્મ વડે **अनुरक्तत्व**-અનુરંજિત કરવા સ્વરૂપ એટલે કે **अस्तित्वप्रकारक घटविशेष्यकज्ञानजनकत्वं** અસ્તિત્વ સ્વરૂપ વિશેષણવાળો એવા ઘટ વિશેષ્યને જ્ઞાન કરાવનાર છે તેમ) તેની જેમ અનંતધર્મો પણ પોતપોતાને ઉચિત ઉપકાર કરે છે તે ઉપકારવડે અભેદવૃત્તિ છે તાત્પયાર્થ આ પ્રમાણે છે-દરેક ગુણ દ્રવ્યના સ્વરૂપના નિર્માણમાં ભાગ ભજવે છે અને તેના સ્વરૂપમાં પોતાને અનુરૂપ વિશિષ્ટતા ઉત્પન્ન કરે છે આમ વિશિષ્ટતાનું નિર્માણ કરવા દ્વારા દરેક ગુણો દ્રવ્યને સ્વાનુરકત કરે છે તે જ અહીં ઉપકાર છેતેમ જાણવું

૬. ગુણી-અસ્તિત્વ નામના ગુણોનો જે ગુણી એવા ઘટપટાદિ દ્રવ્ય છે તે ગુણ સંબંધી જે ક્ષેત્ર સ્વરૂપ દેશ, અસ્તિત્વ ધર્મનો છે તેજ ક્ષેત્ર સ્વરૂપ દેશ અન્યગુણો-નો (ધર્મનો) પણ છે અર્થાત્ દ્રવ્ય સાથે સંબંધ રાખનારા

અસ્તિત્વગુણનું જે ક્ષેત્ર છે તેજ ક્ષેત્ર અન્યગુણોનું પણ છે માટે અસ્તિત્વ અને અન્યગુણો એમ બંને ગુણીસંબંધી એકજ દેશમાં વર્તતા હોવાથી ગુણિદેશવડે અભેદવૃત્તિ જાણવી.

૭. સંસર્ગ-અસ્તિત્વ ધર્મના આધાર ભૂત એવી જે વસ્તુ છે. તે વસ્તુસ્વરૂપની સાથે અસ્તિત્વધર્મનો જે સંસર્ગ (સંપર્ક) છે તે જ સંપર્ક શેષધર્મોનો પણ તે એક વસ્તુ સ્વરૂપની સાથે છે જેમ અસ્તિત્વનો સંસર્ગ ઘટમાં છે તેમ શેષધર્મોનો પણ સંસર્ગઘટમાં છે આ સંસર્ગવડે અભેદવૃત્તિ થઈ.

પ્રશ્ન :- પૂર્વે ચોથા દ્વારમાં કહેલ સંબંધ અને આ સંસર્ગ (સાતમું) દ્વાર તેમાં શું વિશેષતા છે ?

ઉત્તર :- દ્રવ્ય અને પર્યાયને વિષે કથંચિત્ ભિન્નાભિન્નત્વ છે. તેનું જ બીજુ નામ કથંચિત્ તાદાત્મ્ય લક્ષણ જેવું સંબંધદ્વાર અને સંયોગ સંબંધ જેવું સંસર્ગદ્વાર છે. તે જ્યારે અભેદનું પ્રાધાન્યપણું અને ભેદનું ગૌણપણું વિવક્ષાય છે ત્યારે તે સંબંધ તરીકે સમજવો જેમ કે મીઠું ખારું છે, ઘડો લાલ છે, આ મહાત્મા જ્ઞાની છે. ઇત્યાદિમાં અભેદ પ્રધાન છે માટે સંબંધદ્વારમાં તેની ગણના થાય છે.

પરંતુ જ્યારે ભેદનું પ્રધાનપણું અભેદનું ગૌણપણું વિવક્ષાય છે. ત્યારે સંસર્ગદ્વાર એ પ્રમાણે કહેવાય છે જેમકે મીઠામાં ખારાશ, ઘડાનો લાલરંગ મહાત્મામાં જ્ઞાન છે ઇત્યાદિ ભેદપ્રધાન છે એટલે કે તાદાત્મ્ય જેવો સંબંધ તે ચોથું **સંબંધદ્વાર** જાણવું અને સંયોગ જેવો જે સંબંધ તે સાતમું **સંસર્ગદ્વાર** જાણવું.

૮. શબ્દ=અસ્તિત્વધર્મને સમજાવનાર (વાચક) અસ્તિ શબ્દ જેમ છે તેજ પ્રમાણે અનંતધર્મોના વાચક શબ્દો પણ તેવા તેવા છે કારણ કે ઘટપટાદિ પદાર્થોમાં જેમ 'अस्ति' ધર્મ વર્તે છે અને તેનો વાચક 'अस्ति' શબ્દ છે તે જ રીતે અનંત ધર્મો પણ તેમાં છે અને તે ધર્મોના વાચક તેવા શબ્દો પણ છે તેથી શબ્દની અપેક્ષાએ અસ્તિધર્મની સાથે અભેદવૃત્તિ થઈ છે.

આ રીતે પર્યાયાર્થિકનયની ગૌણતા થાય અને દ્રવ્યાર્થિક નયની પ્રધાનતા થાય ત્યારે આ અભેદવૃત્તિ આઠ પ્રકારે કાલાદિભેદ દ્વારા ઘટી શકે છે. જ્યારે દ્રવ્યાર્થિકનયની ગૌણતા થાય અને પર્યાયાર્થિકનયનું પ્રધાનપણું થાય ત્યારે ગુણોની અભેદવૃત્તિ સંભવી શક્તી નથી. પરંતુ કાલાદિવડે કરીને ભિન્ન એવા

ગુણોનો અભેદરૂપે ઉપચાર કરાય છે અને આ પ્રમાણે કાલ વિગેરે આઠ દ્વારો વડે અભેદવૃત્તિ કરવા દ્વારા અથવા તો અભેદ ઉપચાર કરવા દ્વારા એકી સાથે (સમકાલે) અનંતધર્માત્મક વસ્તુનું પ્રતિપાદક વાક્ય તે **સકલાદેશ** કહેવાય છે.

અધુના નયવાક્યસ્વભાવત્વેન નયવિચારાવસરલક્ષણીયસ્વરૂપમપિ વિકલાદેશં સકલાદેશસ્વરૂપનિરૂપણપ્રસઙ્ગેનાત્રૈવ લક્ષયન્તિ—

तद्विपरीतस्तु विकलादेशः ॥ ४-४५ ॥

તે સકલા-દેશથી વિપરીત જે છે તે **વિકલાદેશ** છે.

નયવિષયકૃતસ્ય વસ્તુધર્મસ્ય યદા કાલાદિભિર્ભેદવિવક્ષા ક્રિયતે તદા એકસ્ય શબ્દસ્યાનેકાર્થપ્રતિપાદને સામર્થ્યાભાવાદ્ ભેદવૃત્ત્યા ભેદોપચારેણ વા ક્રમેણ યદભિધાયકં વાક્યં સ વિકલાદેશ ઇત્યર્થઃ ॥ ૪૫ ॥

ટીકાર્થ- નયના વિષયભૂત કરાયેલ વસ્તુના ધર્મને જ્યારે કાલવિગેરે આઠ દ્વારો દ્વારા ભેદની વિવક્ષા કરાય છે ત્યારે એક શબ્દ અનેકંઅર્થને પ્રતિપાદન કરવામાં સામર્થ્ય વિકલ થવાથી ભેદવૃત્તિ વડે કે ભેદ-ઉપચાર દ્વારા ક્રમે કરીને જે કહેનારું વાક્ય છે તે **વિકલાદેશ** છે.

પ્રમાણં નિર્ણીયાથ યતઃ કારણાત્ પ્રતિનિયતમર્થમેતદ્ વ્યવસ્થાપયતિ, તત્ કથયન્તિ—

પ્રમાણ એવું જ્ઞાન જે અર્થનો નિર્ણય કરાવે છે તે શાના દ્વારા કરાવે છેતેનું કારણ જણાવે છે.

तद् द्विभेदमपि प्रमाणमात्मीयप्रतिबन्धकापगमविशेष-स्वरूपसामर्थ्यतः प्रतिनियतमर्थमवद्योतयति ॥ ४-४६ ॥

તે બન્ને પ્રકારનું પણ પ્રમાણ પોતપોતાના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો અપગમ થવારૂપ સામર્થ્યથી પ્રતિનિયત અર્થને જણાવે છે.

પૂર્વોક્તં પ્રત્યક્ષ-પરોક્ષભેદેન દ્વિવિધમપિ પ્રમાણં સ્વકીયપ્રતિબન્ધકાનાં જ્ઞાનાવરણીયાદિકર્મભેદાનાં યઃ ક્ષયઃ ક્ષયોપશમશ્ચ તદ્રૂપં યત્ સામર્થ્યયોગ્યતા, તદ્વશાદ્ ઘટપટાદિકં પ્રતિનિયતં વસ્તુ વ્યવસ્થાપયતિ । એતેન જ્ઞાનં હિ તદુત્પત્તિ-તદાકારતાભ્યાં પ્રતિનિયતવસ્તુ વ્યવસ્થાપયતીતિ સુગતરાદ્ધાન્તો નિરસ્તો વેદિતવ્યઃ ॥ ૪૬ ॥

ટીકાર્થ- પૂર્વે કહેલા પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદવડે બન્ને પ્રકારનું પણ પ્રમાણ પોતપોતાના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો જે ક્ષય અથવા ક્ષયોપશમરૂપ જે સામર્થ્યતેની યોગ્યતાના વશથી ઘટપટ વિગેરે અમુક ચોક્કસ પદાર્થને જણાવે છે (નિશ્ચય કરાવે છે). તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એ બન્ને પ્રમાણો વસ્તુતઃ જ્ઞાન જ છે. જ્ઞાન-મતિ શ્રુત અવધિ મનઃપર્યય અને કેવલ એમ પાંચ ભેદે છે તથા પરોક્ષના સ્મૃતિ-પ્રત્યભિજ્ઞાનતર્ક અનુમાન આગમ ઇત્યાદિ ભેદો (પ્રભેદો) છે તે સર્વે પ્રમાણો જ્ઞાનરૂપ છે તે જ્ઞાનોની ઉપર તે તે જ્ઞાનને ઢાંકનારા જ્ઞાનાવરણીયાદિ કર્મો સર્વજીવોને હોય છે. પ્રતિબંધ કરવા યોગ્ય એવા જ્ઞાનના ભેદોને અનુસારે તેમાં પ્રતિબંધ કરનારા એવા જ્ઞાનાવરણીયાદિ કર્મના તે તે નામવાળા ભેદો પડે છે જેમકે પ્રત્યક્ષ જ્ઞાનનું આવરણ કરનારા ઇન્દ્રિયપ્રત્યક્ષ અને નોઇન્દ્રિયપ્રત્યક્ષ મતિજ્ઞાનાવરણીયાદિ ભેદો અને પરોક્ષજ્ઞાનનું આવરણ કરનાર પરોક્ષજ્ઞાનાવરણીયાદિ છે તેમાંના પહેલા ભેદના મતિઆદિ ચાર આવરણોના તથા પરોક્ષ જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમ દ્વારા ઉત્પન્ન થયેલા સામર્થ્યથી વસ્તુને જણાવવામાં સમર્થ થાય છે. છેલ્લુ કેવલજ્ઞાનાવરણીય પોતાના આવરણના સંપૂર્ણ ક્ષયદ્વારા વસ્તુનો નિયતરીતે સંપૂર્ણ બોધ કરાવવામાં સમર્થ નીવડે છે. આ બધામાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અને ક્ષયોપશમ એજ મુખ્ય અને અભ્યંતર કારણ છે તથા ઇન્દ્રિય-પ્રકાશ આદિ બાહ્ય કારણો પણ છે.

આ પ્રમાણે જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય અને ક્ષયોપશમ થવાથી ઉત્પન્ન થયેલા સામર્થ્યથી પ્રતિનિયત વસ્તુનું જ્ઞાન તે બોધ કરાવે છે એવું કહેવા દ્વારા જ્ઞાન તદુત્પત્તિ અને તદાકારતા વડે પ્રતિનિયત વસ્તુને જણાવે છે એ પ્રમાણે માનનારા સુગત=બૌદ્ધના સિદ્ધાન્તને ખંડિત થયેલો જાણવો.

एतद्व्यवच्छेद्यमाचक्षते—

બૌદ્ધ દર્શનની માન્યતાનું ખંડન કરતા જણાવે છે.

न तदुत्पत्ति-तदाकारताभ्यां, तयोः पार्थक्येन
सामस्त्येन च व्यभिचारोपलम्भात् ॥ ४-४७ ॥

તદુત્પત્તિ કે તદાકારતા વડે (અમુક ચોક્કસ) પ્રતિનિયત અર્થ જણાતો

નથી કારણ કે તે બન્ને જુદા જુદા હોય ત્યારે તથા તે બન્ને સમુચિત હોય ત્યારે વ્યભિચાર જણાતો હોવાથી તે બન્નેને કારણો માનવા યોગ્ય નથી.

ज्ञानस्य तदुत्पत्ति-तदाकारताभ्यां प्रतिनियतार्थप्रकाशत्वमिति बौद्धमतं, तथाहि-ते वदन्ति-घटादुत्पन्नत्वाद् घटाऽऽकारत्वाच्च घटज्ञानं घटस्यैव प्रकाशकं नान्यस्य, अर्थादनुत्पन्नस्य अतदाकारस्य च ज्ञानस्य सर्वान् प्रत्यविशेषात् कथं तस्य प्रतिनियतवस्तुव्यवस्थापकत्वं स्यात् ?

तत्र शोभनम्, व्यभिचारोपलम्भात्, तथाहि-किं ज्ञानस्य व्यस्ताभ्यां तदुत्पत्ति-तदाकारताभ्यां वस्तुव्यवस्थापकत्वं भवेत्, समस्ताभ्यां वा ? प्रथमपक्षे कपालक्षणो घटान्त्यक्षणस्यव्यवस्थापकः स्याद्, कपालस्य घटादुत्पन्नत्वात् तत्र केवलायास्तदुत्पत्तेः सत्त्वाद्, एवं स्तम्भः स्तम्भान्तरस्य च व्यवस्थापकः स्यात् तत्र केवलायास्तदाकारताया विद्यमानत्वात् । समस्ताभ्यामिति द्वितीयपक्षे तु घटोत्तरक्षणः पूर्वघटक्षणस्य व्यवस्थापको भवेत्, तत्र तदुत्पत्ति-तदाकारतयोरुभयोर्विद्यमानत्वात् । यद्युच्येत तदुत्पत्ति-तदाकारतयोर्विद्यमानत्वेऽपिज्ञानस्यैव विषयव्यवस्थापकत्वं नार्थस्य, तस्य जडत्वात्, तदपि नावितथं, समानार्थसमनन्तरप्रत्ययोत्पन्नज्ञानैर्व्यभिचारात् । तत्र तदुत्पत्ति-तदाकारतयोर्विद्यमानत्वेऽपि पूर्वज्ञानक्षणव्यवस्थापकत्वाऽभावात् तस्मान्न तदुत्पत्ति-तदाकारताभ्यां ज्ञानस्य विषयव्यवस्थापकत्वम्, अपि तु ज्ञानाऽऽवरणीयकर्मणः क्षयक्षयोपशमाभ्यामेवेति दिक् ॥ ४७ ॥

टीकार्थ-જ્ઞાન તે તદુત્પત્તિ અને તદાકારતા વડે પ્રતિનિયત અર્થનું પ્રકાશક છે એમ બૌદ્ધનો મત છે તેઓ આ પ્રમાણે કહે છે

ઘટથી જ ઉત્પન્ન થયેલું અને ઘટના આકારને ધારણ કરનારું એવું જે ઘટજ્ઞાન છે તે ઘટને જ જણાવનાર બને છે. અન્યને નહીં, કારણ કે જ્ઞેય વિષયથી નહીં ઉત્પન્ન થયેલા, અને અતદાકારતાવાળા, જ્ઞાનનું સર્વે પદાર્થો પ્રત્યે સમાનપણું હોવાથી તે જ્ઞાન અમુક ચોક્કસ વસ્તુને જણાવનાર કઈ રીતે થાય? એટલે કે ઘટનામના પદાર્થનું જ્ઞાન કરતી વખતે તે જ્ઞાનમાં ઘટ દ્વારા ઉત્પત્તિ અને ઘટનો આકાર હોય તો જ આ ઘટ છે એવો બોધ તે જ્ઞાન ઉત્પન્ન કરે પરંતુ જો જ્ઞાનથી, તે પદાર્થ ઉત્પન્ન થતો ન હોય કે તે પદાર્થનો આકારવિશેષ જ્ઞાનમાં ન હોય તો આ ઘટ જ છે, પટ નથી. એવો પ્રતિનિયત બોધ થઈ શકે નહીં,

કેમ કે પદાર્થની ઉપસ્થિતિ કે તેનો આકાર જેવું જ્ઞાનમાં તે વિષયની અસાધારણતા કંઈ છે જ નહીં છતાં આ ઘટ છે એવું જ્ઞાન જ્ઞેય દ્વારા ઉત્પત્તિ વિના અને આકારવિના જો થાય તો આ પટ છે એવું પણ જ્ઞાન થતાં કોણ રોકી શકે ? માટે પ્રતિનિયત બોધ કરવામાં પદાર્થ દ્વારા ઉત્પત્તિ અને એનો આકાર જ તેમાં કારણરૂપ છે એમ બૌદ્ધો માને છે. તેની આ વાત સારી નથી કારણ કે વ્યભિચાર જણાતો હોવાથી તે આ પ્રમાણે- જો તદુત્પત્તિ અને તદાકારતા દ્વારા પ્રતિનિયત વિષયનું જ્ઞાન બોધક થતું હોય તો આ તદુત્પત્તિ અને તદાકારતા વ્યસ્ત (એકેક=ભિન્ન-ભિન્ન) હોય ત્યારે કે સમસ્ત (બન્ને સાથે) હોય ત્યારે પ્રતિનિયત અર્થના બોધક થાય છે? આ બેમાંથી તમને ક્યો પક્ષ માન્ય છે ? જો પ્રથમપક્ષ કહો તો કપાલની પ્રથમક્ષણ ઘટના અન્ત્યક્ષણનો વ્યવસ્થાપક [બોધ કરાવનાર] બનવો જોઈએ કારણ કે કેવલ=એકલી તદુત્પત્તિનો ત્યાં સંભવ છે ઘટથી જ કપાલની ઉત્પત્તિ થાય છે એટલે કે તેથી કપાલ અને કલશમાં તદુત્પત્તિનો સંબંધ છે પરંતુ એ પ્રમાણે તદુત્પત્તિ સંબંધ હોવા છતાં પણ અર્થનું જ્ઞાન થતું નથી માટે કેવલ તદુત્પત્તિ પક્ષ ન્યાયસંગત નથી.

કેવલ=એકલી તદાકારતાને જો પ્રતિનિયત અર્થની વ્યવસ્થાપક કહો તો એક સ્તંભ તેના જેવી જ આકૃતિવાળા સ્તંભાન્તરનો બોધક થવો જોઈએ કારણ કે તદુત્પત્તિરહિત કેવલ તદાકારતા બીજા સ્તંભમાં છે પરંતુ બીજો સ્તંભ પ્રથમ સ્તંભનો (તદાકારતા હોવા છતાં) બોધક થતો નથી માટે કેવલ તદાકારતા પણ બોધક નથી તેથી આ પક્ષને માનવો યુક્તિ સંગત નથી

હવે જો બીજો પક્ષ કહો તો એટલે તદુત્પત્તિ અને તદાકારતા બંને સાથે હોય ત્યારે જ પ્રતિનિયત અર્થના બોધક છે એમ જો કહો તો ઘટની ઉત્પત્તિ ની જે બીજોક્ષણ (ઉત્તરક્ષણ) તે જ ઘટના પૂર્વક્ષણનો વ્યવસ્થાપક (બોધક) બનવો જોઈએ. કારણ કે ઘટની તે ઉત્તરક્ષણ ઘટના પૂર્વક્ષણથી જ ઉત્પન્ન થયેલો છે માટે તદુત્પત્તિ પણ છે અને પ્રથમ સમયમાં જે ઘટાકારતા છે તેવી જ ઘટાકારતા દ્વિતીયક્ષણમાં વિદ્યમાન છે માટે તદાકાર છે તેથી બોધ થવો જોઈએ પણ બોધ થતો નથી માટે સમુદિત તદુત્પત્તિ અને તદાકારતા પણ વિષયના બોધક છે આ વાત યુક્તિયુક્ત નથી.

હવે કદાચ તમે એમ કહો કે કેવલ તદુત્પત્તિ કે તદાકારતા કે, સમુચિત તદુત્પત્તિ કે તદાકારતા, પ્રતિનિયત અર્થના બોધક છે એમ કહેતા નથી પરંતુ

તદુત્પત્તિ અને તદાકારતાવાળું એવું જે જ્ઞાન છે તે જ્ઞાન જ પ્રતિનિયત અર્થનું બોધક છે કેવળ તદુત્પત્તિ કે તદાકારતા હોય તો પણ તે જડ હોવાથી બોધક નથી.

આવું તમારું કથન તે પણ અવિતથ=સત્ય નથી સમાનવિષયવાળા એવા 'સમન્તર પ્રત્યયથી' ઉત્પન્ન થનારા જ્ઞાનોની સાથે વ્યભિચાર આવે છે એટલે કે ઘટપટાદિ કોઈપણ એક વિષયને જણાવનારા સમયે સમયે જે ધારાવાહી જ્ઞાનો ઉત્પન્ન થાય છે તે 'સમનન્તર પ્રત્યયોત્પન્ન જ્ઞાન' કહેવાય છે જેમ કે ઘટને જાણવા માટે આપણે પ્રવર્ત્યા પ્રથમક્ષણથી અંતર્મુહર્ત સુધી સતત તેના જ ઉપયોગમાં રહ્યા ત્યાં પ્રથમ સમયે ઘટનું જે જ્ઞાન મળ્યું તેનાથી બીજા સમયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે આ રીતે પ્રત્યેક સમયમાં પૂર્વપૂર્વજ્ઞાનથી ઉત્તર ઉત્તરજ્ઞાનમાં 'તદુત્પત્તિ' પણ છે અને તદાકારતા પણ છે અને જ્ઞાનત્વ પણ છે. માટે સમાનવિષય વાળા સમનન્તર પ્રત્યયથી ઉત્પન્ન થયેલાં એવા દ્વિતીયક્ષણાદિવર્તી જે જ્ઞાનો છે. તેમાં વ્યભિચાર આવશે કારણ કે તે જ્ઞાનો (૧) તદુત્પત્તિ (૨) તદાકારતા (૩) અને જ્ઞાનત્વ એમ ત્રણે ધર્મોથી યુક્ત હોવાથી પૂર્વે કહેલું એવું અર્થવ્યવસ્થાપકનું સમગ્ર લક્ષણ ત્યાં હોવા છતાં પણ તે તે ઉત્તરક્ષણવર્તી જ્ઞાનો પોતપોતાના જનક એવા પૂર્વક્ષણવર્તીજ્ઞાનોને જણાવતા નથી તેથી તદુત્પત્તિ અને તદાકારતાવાળું જ્ઞાન તે વિષયનું બોધક છે એવું કહેવું સત્ય નથી પરંતુ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય અને ક્ષયોપશમ થવા વડે જ ઉત્પન્ન થયેલા સામર્થ્ય દ્વારા પ્રતિનિયત અર્થનો બોધ થાય છે. તેમ માનવું જોઈએ.

इति बालबोधिन्या टिप्पण्या युक्ते श्री वादिदेवसूरि संदृब्धे श्री प्रमाणानयतत्त्वाऽऽलोके आप्ताऽऽगमवर्ण-पदवाक्य सप्तभङ्गीस्वरूपनिर्णायकः चतुर्थः परिच्छेदः ।

એ પ્રમાણે બાલબોધિની ટિપ્પણીથી યુક્ત શ્રી વાદિદેવસુરીશ્વરજી મહારાજ વિરચિત શ્રી પ્રમાણનયતત્વાલોકગ્રન્થમાં આપ્તપુરુષ આગમ-વર્ણ પદ વાક્ય સપ્તભંગી સ્વરૂપને જણાવનારો ચોથો પરિચ્છેદ પૂર્ણ થયો.....

पञ्चम परिच्छेदः

(પ્રમાણનો વિષય-પ્રમેયનું સ્વરૂપ)

इत्थं प्रमाणस्य स्वरूपसंख्ये समाख्याय विषयमाचक्षते—

હવે પ્રમાણનો વિષય બતાવે છે.

तस्य विषयः सामान्य-विशेषाद्यनेकान्तात्मकं वस्तु ॥५-१ ।

તે પ્રમાણનો વિષય સામાન્ય અને વિશેષાદિ અનેક ધર્માત્મક વસ્તુ છે.

तस्य-प्रमाणस्य । अत्रेदं बोध्यं-सत्ताऽद्वैतवादिनो वेदान्तिनः सामान्यमेव तत्त्वमङ्गीकुर्वन्ति न तु विशेषरूपम् । बौद्धाः विशेषानेव स्वीकुर्वन्ति न तु सामान्यम् । नैयायिकाश्च यद्यपि सामान्यं विशेषाश्चेत्युभयमपि प्रमाणयन्ति तथाऽपि तयोः सर्वथा पृथग्भावमभ्युपगच्छन्ति ।

तदेतत्पक्षत्रयमपि न समीचीनम्, सामान्य-विशेषात्मकस्यैव वस्तुनः प्रमाणेन प्रतीयमानत्वाद्, न हि गौरियुक्ते सामान्यमेव प्रतीयते विशेष एव वा, अपि तु यथा खुर-ककुत्-सास्ना-लाङ्गूल-विषाणाद्यवयवसंपन्नं वस्तुरूपं सामान्यं सर्वव्यक्त्यनुयायि प्रतीयते तथैव महिष्यादिव्यावृत्तिरपि प्रतीयते, नहि सामान्यं विहाय विशेषः कुत्रचिदुपलभ्यते विशेषं विहाय सामान्यं वा । तदुक्तम्-

''निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत् ।
सामान्यरहितत्वेन विशेषास्तद्वदेव हि ॥''

तदेवं वस्तुनः सामान्य-विशेषात्मकत्वस्य प्रतीयमानत्वेऽपि तदुभयैकान्तवादः स्वतन्त्रवादश्च प्रतीतिपराहत एवेति संक्षेपः ॥ १ ॥

इदानीं हेतुद्वयेन वस्तुनः सामान्यविशेषात्मकत्वं प्रसाधयन्ति-

टीकार्थ-तस्य= મૂળસૂત્રમાં આપેલ तस्य શબ્દથી તે પ્રમાણ જ્ઞાન લેવું તે જ્ઞાનનો વિષય સામાન્ય અને વિશેષસ્વરૂપ વસ્તુ છે તેમ જાણવું.

અહીં આ પ્રમાણે જાણવા યોગ્ય છે. (પ્રમાણજ્ઞાન પ્રમેય વગર ઘટી શકતું નથી પ્રમેય=પદાર્થની બાબતમાં જુદા જુદા દર્શનકારોની ભિન્ન ભિન્ન માન્યતા છે પરંતુ તે સામાન્ય વિશેષાદિ અનેકધર્માત્મક છે એમ ગ્રન્થકારશ્રી જણાવે છે.) સત્તાદ્વૈતવાદી વેદાન્તીઓ સામાન્યને જ એટલે કે સામાન્યધર્મવાળી વસ્તુને પ્રમેય તરીકે સ્વીકારે છે પરંતુ તેઓ વિશેષને સ્વીકારતા નથી તેઓ આ પ્રમાણે કહે છે 'સામાન્ય જ તત્ત્વ છે' કારણ કે સત્પણાથી ભિન્ન એવા વિશેષનું ભાન જ થતું નથી. અને સામાન્યથી ભિન્ન પૃથગ્ વ્યવહારના કારણભૂત વિશેષ હોય તો તે વિશેષમાં વિશેષત્વ છે કે નહીં ? અને જો વિશેષત્વ હોય તો વિશેષો પણ સામાન્ય જ કહેવાય, અને જો વિશેષત્વ ન હોય તો તે વિશેષો વિશેષત્વ વિનાના સ્વભાવથી શૂન્ય થાય. માટે 'સામાન્ય જ તત્ત્વ છે' આવી માન્યતા ધરાવે છે.

બૌદ્ધ દર્શનકારો એકલા વિશેષને જ સ્વીકારે છે સામાન્યને સ્વીકારતા નથી તેઓ આ પ્રમાણે કહે છે સ્વતંત્ર અને ક્ષણિક એવા વિશેષો જ છે. તેનાથી ભિન્ન સામાન્ય છે જ નહીં ગાય વૃક્ષ આદિના અનુભવ વખતે વર્ણ સંસ્થાન જુદા જુદા અંગો વિગેરે ને છોડીને વૃક્ષ જેવું સામાન્ય કશું જણાતું નથી એટલે કે વૃક્ષમાં મૂળ-થડ શાખા પ્રશાખા ફૂલ અને ફળને છોડીને વૃક્ષ જેવું સામાન્ય કશું જ અલગ જણાતું નથી કોઈ પણ પૂર્વ અને ઉત્તરમાં વર્તનારૂં તત્ત્વ છે જ નહીં તેઓ સામાન્ય માનનાર ને પૂછે છે કે તમે જે સામાન્ય માનો છો તે એક છે કે અનેક? જો એક છે, તો તે સર્વગત છે કે અસર્વગત ? એક છે, અને સર્વગત છે, તો જેમ ગોત્વ ગોવ્યક્તિમાં રહે છે તેમ તે ગોત્વ સામાન્ય એક અને સર્વગત હોવાથી ઘટ પટ વિગેરે સર્વવ્યક્તિમાં રહેવું જોઈએ. હવે જો અસર્વગત છે. તો તે વિશેષ જ સિદ્ધ થશે માટે વિશેષ જ તત્ત્વ છે એમ તેઓ માને છે.

નૈયાયિકો જો કે સામાન્ય અને વિશેષ તે ઉભયને પણ પ્રમાણભૂત માન્ય કરે છે. તો પણ તે સામાન્ય અને વિશેષને સર્વપ્રકારે પૃથગ્ભાવથી સ્વીકારે છે. તેઓ કહે છે કે સામાન્ય અને વિશેષ અત્યંત ભિન્ન છે કારણ કે તે બન્ને વિરૂદ્ધ ધર્મવાળા છે જેમ કે સામાન્ય ગોત્વ ઘટત્વ પટત્વ વિગેરે છે. અને વિશેષ શબલ શાબલેય વિગેરે છે તે બન્ને વિરૂદ્ધ ધર્મવાળા હોવાથી કોઈપણ રીતે ઐક્યને પામી શકતા નથી માટે બન્ને પરસ્પર અત્યંત ભિન્ન છે.

આ ઉપરના ત્રણે પક્ષો વાસ્તવિક રીતે યુક્તિ સંગત નથી કારણ કે પ્રમાણ વડે તો સામાન્ય-વિશેષાત્મક જ વસ્તુ જણાય છે જેમ गौः (ગાય) એ પ્રમાણે કહેવાયે છતે સામાન્ય જ ફક્ત જણાતું નથી પરંતુ વિશેષ પણ જણાય છે એટલે કે ગાયનું ભાન કરતાં ખરી ખાંધ-ગોદડી-પૂંછડું શીંગડા વિગેરે અવયવોથી યુક્ત વસ્તુસ્વરૂપ 'સામાન્ય' સર્વ ગાય વ્યક્તિમાં અનુસરનારું પ્રતીત થાય છે અને તેમાં જ મહિષ વિગેરેથી વ્યાવૃત્તિ પણ જણાય જ છે. અને તે જ વિશેષ એટલે સામાન્ય અને વિશેષ એમ ઉભયનો બોધ થાય છે "આ કાબરચીત્રી ગાય છે" આમાં ગોત્વ એ સામાન્ય અને કાબરચિત્રી એ વિશેષ બોધ સ્હેજે થાય છે. તેથી સામાન્યને છોડીને વિશેષ કોઇ સ્થળે જણાતું નથી અને વિશેષને છોડીને સામાન્ય ક્યાંય ઉપલબ્ધ થતું નથી તેથી જ કહ્યું છે કે વિશેષ વગરનું સામાન્ય खरविषाणवत् = ગધેડાના શીંગડા જેવું એટલે કે असत् છે. તેમજ સામાન્યથી રહિત વિશેષો પણ ખરવિષાણ જેવા જ છે તેથી કરીને આ પ્રમાણે સામાન્ય-વિશેષાત્મક વસ્તુની પ્રતીતિ થતી હોવાથી એકાંતે સામાન્ય જ તત્ત્વ છે કે એકાંતે વિશેષ જ છે એ બન્ને એકાંતવાદ પરસ્પરનિરપેક્ષ સામાન્ય અને વિશેષ છે. આવું કથન પણ અનુભવથી ખંડિત થયેલું છે તેમ સંક્ષેપથી જાણવું,

इदानीं हेतुद्वयेन वस्तुनः सामान्य विशेषात्मकत्वं प्रसाधयन्ति—

વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે તે બે હેતુ દ્વારા સિદ્ધ કરી બતાવે છે-

अनुगतविशिष्टाकारप्रतीतिविषयत्वात्,
प्राचीनोत्तराकारपरित्यागोपादानावस्थानस्वरूप-
परिणत्याऽर्थक्रियासामर्थ्यघटनाच्च ॥ ५-२॥

[સર્વે વસ્તુ સામાન્ય વિશેષાદિરૂપ અનેકાત્મક છે આ અનુમાન પ્રથમ સૂત્રમાં છે તેના બે હેતુ આ સૂત્રમાં જણાવે છે]

૧. અનુગત-આકાર અને વિશિષ્ટ-આકારની પ્રતીતિનો વિષય હોવાથી.

૨. પ્રાચીન આકારનો પરિત્યાગ, અને ઉત્તર આકારનું ઉપાદાન તથા દ્રવ્યપણે અવસ્થાન (ધ્રુવતા) સ્વરૂપની પરિણતિ દ્વારા જ અર્થક્રિયા કરવાનું સામર્થ્ય સંભવતું હોવાથી.

वस्तु सामान्य-विशेषात्मकम्, अनुगतविशिष्टाकारप्रतीतिविषयत्वात् 'तत्र अयं गौरयं गौः' इत्याकारा सदृशपरिणामलक्षणसामान्यगोचरा प्रतीतिरनुगताकारा प्रतीतिः । 'शबलोऽयं श्यामलोऽयम्' इत्याकारा गुणरूपविशेषगोचरा प्रतीतिः विशिष्टाकारा प्रतीतिः, इति तिर्यक्सामान्य-गुणाख्यविशेषलक्षणानेकान्तात्मकवस्तुसिद्धौ हेतुः । प्राचीनोत्तराकारपरित्या-गोपादानावस्थानस्वरूपपरिणत्या पूर्वाकारस्य परित्याग-उत्तराकारस्य च स्वीकारः ताभ्यां यद्द्रव्यस्यावस्थानं तत्स्वरूपा या परिणतिः तया परिणत्या अर्थक्रियासामर्थ्यघटनात् कार्य-करणोपपत्तेः, इत्यूर्ध्वतासामान्यपर्यायाख्य-विशेषस्वरूपानेकान्तात्मकवस्तुसिद्धौ हेतुः ॥ २ ॥

टीकार्थ- આ પાંચમાં પરિચ્છેદમાં પ્રથમ મૂળસૂત્રમાં ગ્રન્થકારશ્રી એ "વસ્તુ" સામાન્ય વિશેષાત્મક છે એમ જે પ્રતિજ્ઞા કરી છે તેની સિદ્ધિ કરવા માટે આ સૂત્રમાં બે હેતુ આપ્યા છે ૧. અનુગત અને વિશિષ્ટ આકારવાળી પ્રતીતિનો વિષય હોવાથી, એટલે કે ઘટપટાદિ સંસારવર્તી તમામ પદાર્થો સામાન્યાત્મક અને વિશેષાત્મક એમ ઉભય સ્વરૂપે જણાતા હોવાથી અનેકાંતાત્મક છે. અનુગત આકારવાળી જે પ્રતીતિ એટલે એક વ્યક્તિમાં જે સ્વરૂપ જોયેલું હોય તેજ સ્વરૂપ બીજી વ્યક્તિમાં અનુવર્તે છે એવી અનુવૃત્ત સ્વભાવવાળી જે પ્રતીતિ થાય છે જેમ કે- આ પણ ગાય છે. તે પણ ગાય છે ઇત્યાદિ સ્વરૂપે જે સમાન પ્રતીતિ=સદંશ પરિણામના લક્ષણવાળી સમાનતાના વિષયવાળી પ્રતીતિ તે, અનુગતાકાર પ્રતીતિ કહેવાય છે. કોઇ અનુભવીએ એક ગાય બતાવી, અને જણાવ્યું કે આવા આકારવાળી જે જે વ્યક્તિ હોય તે તે ગાય છે. આવું જાણ્યા બાદ બીજી ત્રીજી ગાય સ્વયં જણાય છે. તેથી એક ગાયમાં અન્યગાયોની સાથેનો જે સમાનાકાર તે જ **સામાન્ય** છે.

તથા તે જ વ્યક્તિમાં, જે સ્વરૂપ એક વ્યક્તિમાં છે તે સ્વરૂપ બીજી વ્યક્તિમાં નથી. અને જે સ્વરૂપ બીજી વ્યક્તિમાં છેતે પ્રથમવ્યક્તિમાં નથી. એવી જે વિશિષ્ટ આકારવાળી પ્રતીતિ છે તે વ્યાવૃત્તસ્વભાવવાળી પ્રતીતિ છે જેમ કે આ શબલ (કાબરચિત્રી) ગાય છે. આ શ્યામલ (કાળી) ગાય છે ઇત્યાદિ જે પ્રતીતિ થાય છે તે ગુણાખ્ય (ગુણનામનું) **વિશેષ** સ્વરૂપ છે ગાય પણું બન્નેમાં સમાન હોવા છતાં પણ શબલ અને શ્યામલપણે વિશેષ છે. આ

પ્રમાણે પ્રત્યેક પદાર્થો અનુગત અને વિશિષ્ટ આકારની પ્રતીતિના વિષય હોવાથી, તિર્યગ્-સામાન્યાત્મક અને ગુણ (નામના વિશેષ સ્વરૂપવાળી) વિશેષાત્મક હોવાથી અનેકાન્તાત્મક જ વસ્તુ છે એટલે કે સર્વ વસ્તુઓ ઉભયાકારની પ્રતીતિનો વિષયહોવાથી અનેકાન્તાત્મક છે. [અહીં સામાન્યના બે ભેદ છે ૧. તિર્યગ્=સામાન્ય ૨. ઉર્ધ્વતા સામાન્ય તથા વિશેષના પણ બે ભેદ છે ૧. ગુણ ૨. પર્યાય એમ કુલ બે બે ભેદોમાંથી તિર્યગ્-સામાન્ય અને ગુણાત્મક વિશે, આવી પ્રતીતિથી સિદ્ધ થાય છે તેના માટે પ્રથમ હેતુ કહ્યો. હવે ઉર્ધ્વતા-સામાન્ય અને પર્યાયવિશેષ કેવી પ્રતીતિથી સિદ્ધ થાય છે તે સમજાવવા બીજો હેતુ કહે છે]

પ્રાચીન આકારનો પરિત્યાગ અને ઉત્તર આકારનો સ્વીકાર તથા તે બન્નેની સાથે દ્રવ્યપણે જે અવસ્થાન (ધ્રુવપણે રહેવું) તેવા પ્રકારનું ત્રિપદીમય વસ્તુનું સ્વરૂપ માનીએ તો જ કાર્ય કરવાપણું ઘટી શક્તું હોવાથી પદાર્થ ત્રણ સ્વરૂપવાળો છે. આ પ્રમાણે ઉર્ધ્વતાસામાન્ય અને પર્યાય નામના વિશેષ સ્વરૂપવાળી એમ અનેકાન્તાત્મક જ વસ્તુ છે. તેની સિદ્ધિમાં પ્રાચીનાકારનો પરિત્યાગ ઉત્તરાકારનો સ્વીકાર અને દ્રવ્યપણે અવસ્થાન આવા પ્રકારની ત્રિપદીમય પ્રતીતિના વિષયપણું એ જ હેતુ છે.

ઉપર સમજાવાયેલી ચર્ચાનો સાર એ છે કે પ્રથમ સૂત્રમાં વસ્તુને સામાન્ય અને વિશેષ એમ ઉભયરૂપે અનેકાત્મક કહેવામાં આવી છે તેમાં સામાન્ય તિર્યગ્-અને ઉર્ધ્વતા એમ બે પ્રકારનું છે તથા વિશેષ ગુણ અને પર્યાય એમ બે પ્રકારનું છે જ્યારે અનુગતાકારે પ્રતીતિ થાય છે ત્યારે **તિર્યગ્-સામાન્યરૂપે** વસ્તુ ભાસે છે. અને જ્યારે વિશિષ્ટાકારે પ્રતીતિ થાય છે. ત્યારે **ગુણ નામના વિશેષરૂપે** વસ્તુ ભાસે છે તેવી જ રીતે પ્રાચીનાકારના પરિત્યાગ રૂપે અને ઉત્તરાકારના સ્વીકારરૂપે વસ્તુ વિચારીએ ત્યારે **પર્યાયનામના** વિશેષ રૂપે વસ્તુ ભાસે છે અને પૂર્વ પર્યાયોમાં વસ્તુ તેની તે જ અવસ્થાન રૂપે છે એમ વિચારીએ ત્યારે વસ્તુ **ઉર્ધ્વતા સામાન્ય** રૂપે ભાસે છે એમ આ બન્ને હેતુઓથી વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભયરૂપે અનેકાન્તાત્મક સિદ્ધ થાય છે.

इदानीं सामान्यं प्रकारतः प्ररूपयन्ति—

સામાન્યના પ્રકારો જણાવે છે.

सामान्यं द्विप्रकारं तिर्यक्सामान्यमूर्ध्वतासामान्यं च ॥५-३।

સામાન્ય બે પ્રકારનું છે તિયગ્-સામાન્ય અને ઉર્ધ્વતા સામાન્ય....

तत्र तिर्यक्सामान्यं यथा-गोत्व-घटत्वादि । ऊर्ध्वतासामान्यं-यथा मृत् सुवर्णादि ॥ ३ ॥

टीकार्थ-તેમાં તિર્યગ્-સામાન્ય જેમ ગોત્વ, ઘટત્વ વિગેરે છે, ઉર્ધ્વતા સામાન્ય જેમ માટી સુવર્ણ વિગેરે છે.

तत्राद्यभेदस्य स्वरूपं सोदाहरणमुपदर्शयन्ति—

તિર્યગ-સામાન્યનું સ્વરૂપ ઉદાહરણ સહિત જણાવે છે.

प्रतिव्यक्ति तुल्या परिणतिस्तिर्यक्सामान्यं
शबलशाबलेयादिपिण्डेषु गोत्वं यथा ॥ ५-४ ॥

પ્રત્યેક વ્યક્તિમાં જે તુલ્ય પરિણામ છે તેને **તિર્યગ્-સામાન્ય** કહેવાય છે જેમકે શબલ અને શાબલેય આદિ ગાયોનાં સમૂહમાં વર્તતુ **ગોત્વં**=ગાય પણે સમાનપરિણતિ (તે તિર્યગ્-સામાન્ય છે)

व्यक्तिं व्यक्तिमधिश्रित्य या तुल्या परिणतिः सदृशपरिणामः तत् तिर्यक्-सामान्यं, यथा-शबल-शाबलेयादिषु नानावर्णविशिष्टेषु पिण्डेषु गोत्वम् ॥४॥

टीकार्थ-વ્યક્તિ વ્યક્તિને આશ્રયીને જે તુલ્ય પરિણતિ એટલે કે સમાન પરિણામ તે **તિર્યગ્-સામાન્ય** છે જેમ શબલ શાબલેય વિગેરે પિંડોમાં ગોત્વનું ભાન તે **તિર્યગ્-સામાન્ય** છે.

વિશેષાર્થ- કોઈપણ વ્યક્તિ બીજી અન્યવ્યક્તિની સાથે જે પરિણતિદ્વારા સમાન છે તે પરિણતિને તિર્યક્-સામાન્ય કહેવાય છે જેમ કે 'શબલ' વર્ણવાળી 'શાબલેય' વર્ણવાળી ગાય બીજી ગાયની સાથે ગાયપણે સમાન છે માટે બન્નેમાં રહેલું ગાયપણું તે તિર્યગ્-સામાન્ય કહેવાય. એ જ રીતે મહિષ ગાય અશ્વ આદિ પશુઓ વચ્ચે રહેલી પશુપણાની સમાન પરિણતિ તે તિર્યક્-સામાન્ય કહેવાય છે **તિર્યક્** નામ રાખવાનું કારણ એ છે કે સામાન્ય સમજતી વખતે સમજનારની દૃષ્ટિ તિર્ચ્છી ફરે છે. શબલ-શાબલેય બાહુલેય આદિ ગાયો જાણે સામે ઊભી છે તેમાં ગાયપણાની સમાનતા જોવા માટે જોનાર પુરુષની દૃષ્ટિ-

(અંગુલી નિર્દેશ) પ્રથમ શબલ ગાય ઉપર ત્યારબાદ શાબલેય ગાય ઉપર ત્યાર પછી બાહુલેય ગાય ઉપર એમ એકેક ગાય વ્યક્તિ ઉપર જોનારની દૃષ્ટિ તિર્છી જાણે ફરતી જતી હોય એવો ભાવ છે તેથી આ સામાન્યને તિર્યગ-સામાન્ય કહેવાય છે.

अथ सामान्यद्वितीयभेदं सनिदर्शनमुपदर्शयन्ति—

સદૃષ્ટાન્ત ઉર્ધ્વતા-સામાન્યનું સ્વરૂપ બતાવે છે.

पूर्वापरपरिणामसाधारणं द्रव्यमूर्ध्वतासामान्यं
कटककङ्कणाद्यनुगामिकाञ्चनवत् ॥ ५-५ ॥

પૂર્વપરિણામ અને ઉત્તર પરિણામમાં સમાનપણે રહેનારૂં દ્રવ્ય તે **ઉર્ધ્વતા સામાન્ય** છે જેમ કડા અને કંકણમાં વર્તનારું સોનું તે **ઉર્ધ્વતા સામાન્ય** કહેવાય છે.

कटकं भङ्क्त्वा कङ्कणे विधीयमाने पूर्वपरिणामः कटकलक्षणः, उत्तरपरिणामः कङ्कणस्वरूपः तयोः पूर्वोत्तरपरिणामयोरनुगतं यत् सुवर्णाऽऽख्यं द्रव्यं तदूर्ध्वतासामान्यमित्यर्थः ॥ ५ ॥

ટીકાર્થ– કડાને ભાંગીને કંકણ બનાવાયે છતે પૂર્વ પરિણામ કટક સ્વરૂપ અને ઉત્તર પરિણામ કંકણાત્મક તે બન્નેમાં એટલે કે પૂર્વ ઉત્તર પરિણામમાં અનુસરનારૂં જે સુવર્ણનામનું દ્રવ્ય તે ઉર્ધ્વતાસામાન્ય છે.

વિશેષાર્થ–કોઈપણ વિવક્ષિત એક દ્રવ્યના ક્ષણે ક્ષણે કાળક્રમે આવતા પૂર્વ પર્યાય અને ઉત્તરપર્યાયમાં અનુસરનારું જે એક દ્રવ્ય તે ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે. ક્રમશઃ થતા પર્યાયોમાં ત્રણેકાળમાં અનુયાયી એવો પદાર્થાંશ તે ઉર્ધ્વતા સામાન્ય છે. કટક-કુંડલ-કેયુર-કંકણ આદિ સોનાના બનાવાતા ભિન્ન ભિન્ન પર્યાયોમાં પણ સોનું તેનું તે જ છે એવો જે ધ્રુવાંશ તે ઉર્ધ્વતા સામાન્ય છે 'ઉર્ધ્વતા' નામ રાખવાનું કારણ એક જ દ્રવ્યના ઉપરના એટલે કે પછી પછીથી થનારા પર્યાયો એટલે કે કાળક્રમે થનારા પર્યાયોમાં આ દ્રવ્ય તેનું તેજ છે એવી એકાકારની જે પ્રતીતિ તે ઉર્ધ્વતા સામાન્ય છે. જેમ કે માટીમાંથી સ્થાસ કોશ-કુશુલ-કપાલ-ઘટ-ઠીકરા વિગેરે પર્યાયો પરાવર્તન પામે છે ત્યારે તે તે નામે ઉચ્ચારણ કરાય છે છતાં તે દરેકમાં માટી દ્રવ્ય તેનું તે જ છે. આ માટી દ્રવ્ય તે ઉર્ધ્વતા-સામાન્ય કહેવાય છે.

આ રીતે એક વ્યક્તિની ઇતરવ્યક્તિ સાથે સદૃશતા તે **तिर्यक्-सामान्य** કહેવાય છે. અને એક જ વ્યક્તિમાં કાળક્રમે થતા પર્યાયોમાં દ્રવ્યની જે ધ્રુવતા તે **ઉર્ધ્વતા-સામાન્ય** છે.

अथ विशेषस्य प्रकारौ प्रकाशयन्ति—

વિશેષના પ્રકારો તથા દૃષ્ટાન્ત સહિત સ્વરૂપ બતાવે છે.

विशेषोऽपि द्विरूपो गुणः पर्यायश्च ॥ ५-६ ॥

વિશેષ પણ ગુણ અને પર્યાય સ્વરૂપે બે પ્રકારે છે.

गोत्वलक्षणतिर्यक्सामान्यविशिष्टेषु गोपिण्डेषु, शबल-शाबलेयादयो गुणा विशेषशब्दाभिधेयाः । ऊर्ध्वतासामान्यस्वरूपेषु सुवर्णादिद्रव्येषु कटक-कङ्कणादयः पर्याया विशेषपदवाच्या इति भावः ॥ ६ ॥

टीकार्थ-ગોત્વ સ્વરૂપ તિર્યક્-સામાન્યથી વિશિષ્ટ એવા ગાયોના સમૂહમાં આ શબલ, આ શાબલેય આદિથી આ બાહુલેય વિગેર ગુણો "વિશેષ" એવા શબ્દથી વાચ્ય થાય છે અને ઉર્ધ્વતા સામાન્ય સ્વરૂપ એવા સુવર્ણ અને આદિથી માટી વિગેરે દ્રવ્યોમાં રહેલા કટક કંકણ (સ્થાસ-કોશ) વિગેરે પર્યાયો પણ 'વિશેષ' એવા પદથી કથનીય બને છે.

तत्र गुणं लक्षयन्ति

गुणः सहभावी धर्मो यथा-
आत्मनि विज्ञानव्यक्तिशक्त्यादिः ॥ ५-७ ॥

સહભાવી જે ધર્મ તે ગુણ કહેવાય છે. જેમ કે આત્મામાં રહેલી વિજ્ઞાનની વ્યક્તતા તથા વિજ્ઞાનની શક્તિમત્તા આદિ...

वस्तुषु यः सहभावी धर्मः स गुणः यथाऽऽत्मनि विज्ञानव्यक्तिः- यत् किञ्चिज्ज्ञानं, विज्ञानशक्तिः-उत्तरज्ञानाकारपरिणामयोग्यता, सुखं यौवन-मित्यादयो समकालभाविनो धर्मा गुण शब्दाभिधेयाः ॥ ७ ॥

टीकार्थ-વસ્તુને વિષે સહભાવી જે ધર્મ તે ગુણ કહેવાય છે. એટલે કે દ્રવ્યની સાથે સંદા રહે છે તે ગુણ છે જેમ આત્મામાં રહેલી વિજ્ઞાન વ્યક્તિ એટલે કે यत्किञ्चित् ज्ञानं-તે સમયે વિદ્યમાન આવિર્ભૂત થયેલ જે જ્ઞાન વિશેષ

(વિજ્ઞાન વ્યક્તિ છે) અને વિજ્ઞાન-શક્તિ એટલે **उत्तर-ज्ञानाकारपरिणाम-योग्यता** ભાવિકાળમાં પ્રગટ થનારા જ્ઞાન પર્યાયની આત્મામાં રહેલી જે યોગ્યતા તે (વિજ્ઞાન શક્તિ) છે તે ગુણ કહેવાય છે. અને મૂળસૂત્રમાં આપેલા આદિ શબ્દથી સુખ યૌવન વિગેરે આત્મામાં સાથે રહેનારા ધર્મો પણ ગુણ કહેવાય છે. તેમ જાણવું.

અહીં સુખ યૌવન વિગેરે સામાન્યથી લઈએ તો તે ગુણ કહેવાય છે. અને પ્રતિક્ષણવર્તી લઈએ તો તે પર્યાય કહેવાય છે આ જ વાત હવે પછીના સૂત્રમાં વધારે સ્પષ્ટ જણાવાય છે.

पर्यायं प्ररूपयन्ति—

पर्यायस्तु क्रमभावी यथा तत्रैव सुखदुःखादिः ॥ ५-८ ॥

ક્રમભાવી જે ધર્મ પર્યાય કહેવાય છે જેમ કે આત્મામાં સુખઅને દુઃખ વિગેરે....

सुख-दुःख-हर्ष-विषादादयो ये धर्मा आत्मनि समकालं न स्थातुमर्हन्ति किन्तु क्रमेणैव भवन्ति ते पर्यायशब्दाभिधेया इत्यर्थः ॥ ८ ॥

ટીકાર્થ–સુખ, દુઃખ હર્ષ વિષાદ વિગેરે જે ધર્મો આત્મામાં સાથે રહેવાને માટે યોગ્ય નથી પરંતુ ક્રમે કરીને જે થાય છે તે **પર્યાય** કહેવાય છે. એટલે કે આત્મામાં સુખ હોયતો દુઃખ ન હોય, યૌવન હોય તો વૃદ્ધાવસ્થા ન હોય, હર્ષ હોય તો વિષાદ ન હોય માટે ક્રમે કરીને આવનારા જે છે તે પર્યાય કહેવાય છે.

પ્રશ્ન :- સુખ વિગેરે આત્માના ગુણો કહ્યા અને પર્યાયોમાં પણ તે જ સુખ વિગેરે ફરીથી પણ કહ્યા તો જે ગુણો તે જ પર્યાયો બન્યા બન્નેમાં તફાવત કંઈ પણ જણાતો નથી ?

ઉત્તર :- બન્નેમાં ફરક છે. કાળની અભેદ વિવક્ષા કરવાથી અને કાળની ભેદ વિવક્ષા કરવાથી બન્નેમાં પરસ્પર તફાવત અનુભવાય છે. જેમકે જ્ઞાનગુણ પ્રત્યેક જીવોમાં ઓછાવત્તા પ્રમાણમાં ભૂતકાળમાં પણ હતો વર્તમાન કાળમાં પણ છે. અને ભવિષ્યમાં પણ હશે જ એમ ત્રણે કાળે સામાન્યથી જીવની સાથે અભેદરૂપે વિવક્ષા કરવાથી તે 'ગુણ' તરીકે કહેવાય છે અને તે જ

જ્ઞાનગુણ પ્રતિક્ષણે તરતમતાવાળો છે ભૂતકાળમાં હોય તેટલો વર્તમાનમાં નથી અને વર્તમાનમાં છે તેટલો ભવિષ્યમાં નથી રહેવાનો કાંતો વધારો થશે કાંતો ઘટાડો થશે તેથી કોઈ પણ એકકાળમાં વર્તતી જ્ઞાનની માત્રા તે 'પર્યાય' કહેવાય છે. એમ સુખ વિગેરેમાં પણ જાણી લેવું તથા ગુણ અને પર્યાયમાં એકાંતે ભેદ નથી પરંતુ વિવક્ષાવશથી જ ભેદ છે.

વસ્તુતઃ તો સર્વવિશેષોના વાચક તરીકે પર્યાય શબ્દ જ છે છતાં પણ સહવર્તિ વિશેષના વાચક તરીકે ગુણ શબ્દ યોજાય છે. અને ક્રમવર્તી વિશેષના વાચક તરીકે પર્યાય શબ્દ જોડાય છે.

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते श्रीवादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वालोके प्रत्यक्षस्वरूपनिर्णायको पञ्चमः परिच्छेदः ।

આ પ્રમાણે શ્રી વાદિદેવસૂરીશ્વરજી મહારાજ એ રચેલા પ્રમાણનય તત્ત્વાલોક નામના ગ્રન્થમાં બાલબોધિની ટીકાથી યુક્તમાં પ્રત્યક્ષ સ્વરૂપનો નિર્ણાયક પાંચમો પરિચ્છેદ પૂર્ણ થયો

षष्ठः परिच्छेदः

एवं प्रमाणस्य लक्षणसङ्ख्यविषयानाख्याय फलं स्फुटयन्ति—

આપણે જે "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्"— સ્વ અને પરનો નિર્ણય કરાવનારું જે જ્ઞાન છે તે પ્રમાણ છે એમ જે જાણ્યુ તેનું ફળ શું? તે બતાવે છે.

यत् प्रमाणेन प्रसाध्यते तदस्य फलम् ॥ ६-१ ॥

પ્રમાણવડે જે સિદ્ધ કરાય તે આ પ્રમાણનું ફળ છે.

प्रमाणेन हि अज्ञाननिवृत्त्यादिकं साध्यतेऽतस्तदेव अस्य प्रमाणस्य फलमिति भावः ॥ १ ॥

ટીકાર્થ-ખરેખર પ્રમાણવડે અજ્ઞાનનિવૃત્તિ (કર્મનોક્ષય) વિગેરે સિદ્ધ થાય છે. આથી તે અજ્ઞાનનિવૃત્તિ વિગેરે પ્રમાણનું ફળ છે

જેમ આપણે દીવો કરીએ તો અંધકારનો નાશ થાય છે તે જેમ દીપક નું ફળ છે. તથા જેમ ઘડો માટીનો બનાવીએ તો ઘડાવડે પાણીભરવું તૃષાશાન્ત કરવી ઇત્યાદિરૂપ કાર્ય સિદ્ધ થાય છે. તેજ તેનું ફળ છે તેમ અહિં પણ પ્રમાણ જ્ઞાનસ્વરૂપ હોવાથી અજ્ઞાનની નિવૃત્તિ, કર્મનો ક્ષયવિગેરે તેના ફળો જાણવા.

अथैतत्प्रकारतो दर्शयन्ति—

પ્રમાણનું ફળ કેટલા પ્રકારે છે તે જણાવે છે.

तद् द्विविधमानन्तर्येण पारम्पर्येण च ॥ ६-२ ॥

તે પ્રમાણનું ફળ અનંતરપણે અને પરંપરપણે એમ બે પ્રકારે છે.

प्रमाणस्य फलं द्विविधं आनन्तर्येण पारम्पर्येण अव्यवहितं व्यवहितं चेत्यर्थः ॥ २ ॥

ટીકાર્થ-પ્રમાણનું ફળ અનંતર અને પરંપર વડે એટલે કે અવ્યવહિત= તરત જ ફળ મળે અને વ્યવહિત = પરંપરાએ ફળ મળે છે તે બે પ્રકારે છે એમ જાણવું અવ્યવધાન – આંતરવિના ફળ મળે તે, વ્યવધાન – આંતરાપછી ફળ મળે તે,

तत्राद्यभेदमादर्शयन्ति—

અનંતર ફળ બતાવે છે.

तत्राऽऽनन्तर्येण सर्वप्रमाणानामज्ञाननिवृत्तिः फलम् ॥६-३॥

તેમાં સર્વપ્રમાણોની અજ્ઞાનનિવૃત્તિ એ અનંતર ફળ છે.

सर्वप्रमाणानामव्यवहितफलमज्ञाननिवृत्तिः, सा च स्व-परव्यवसाय-रूपा, यथा-घटध्वंसः कपालसमुदायात्मकः, तथैवाज्ञानस्य निवृत्तिः-ध्वंसोऽपि स्व-परनिश्चयात्मक इति भावः ॥ ३ ॥

ટીકાર્થ-સર્વે પ્રમાણો એટલે કે મતિજ્ઞાન આદિ પાંચે જ્ઞાનો તથા સ્મરણ પ્રત્યભિજ્ઞા તર્ક અનુમાન આગમ વિગેરે પ્રત્યક્ષ અને પરોક્ષપ્રમાણોનું અવ્યવહિત ફલ એટલે કે તાત્કાલિક અજ્ઞાનનિવૃત્તિ છે. તે અજ્ઞાનનિવૃત્તિ સ્વ. અને પરના નિશ્ચયાત્મક સ્વરૂપ છે. જેમ જગતમાં ઘડાનો નાશ થાય છે. અને ઠીકરાની ઉત્પત્તિ થાય છે. પરંતુ લોકમાં ઠીકરાની ઉત્પત્તિ થઈ એવો ક્યાંય વ્યવહાર થતો નથી ઘડાનો નાશ થયો તેવું જ કહેવાય છે છતાં ઠીકરાની ઉત્પત્તિ તો પ્રત્યક્ષ જણાય છે એટલે માનવું પડે છે કે જેમ ઘડાનો નાશ અને ઠીકરાની ઉત્પત્તિ થઈ તેમ અજ્ઞાનની નિવૃત્તિ એટલે કે નાશ અને સ્વપરના નિર્ણયાત્મક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એટલે કે અજ્ઞાનની નિવૃત્તિરુપ જ્ઞાન વિષયને=પરને જણાવે છે અને જે વિષયનું અજ્ઞાન હતું તે ચાલ્યું ગયું તેથી આ જ્ઞાન પોતાને પણ જણાવે છે. એટલે વિષયના જ્ઞાનની જેમ જ્ઞાનનું જ્ઞાન પણ થવાથી સ્વને જણાવે છે આ પ્રમાણે ભાવ છે.

अथापरप्रकारं प्रकाशन्ति—

હવે સર્વે પ્રમાણોનું પરંપરા એ જે ફળ છે તે બે સૂત્રો દ્વારા જણાવે છે.

पारम्पर्येण केवलज्ञानस्य तावत् फलमौदासीन्यम् ॥६-४॥

પંરપરા વડે કેવલજ્ઞાનનું ફળ ઉદાસીનતા છે.

केवलज्ञानस्य साक्षात्फलमज्ञाननिवृत्तिः । परम्पराफलं तु औदासीन्यं-सर्वपदार्थेषु उपेक्षा । हेयस्य परित्यक्तत्वादुपादेयस्य चोपादानात् सिद्ध-प्रयोजन-त्वाद् उपेक्षैव भवति, परम्पराफलं केवलिनामिति भावः ॥ ४ ॥

ટીકાર્થ- પૂર્વસૂત્રમાં કહ્યા પ્રમાણે કેવલજ્ઞાનનું સાક્ષાત્ ફળ તો અજ્ઞાનનિવૃત્તિ છે પરંતુ પરંપરાએ (વ્યવધાનવાળુ) ફળ ઉદાસીનતા છે એટલે કે સર્વે પદાર્થોની ઉપર ઉપેક્ષા કરવી. કેવલી ભગવંતોએ ત્યાગ કરવા લાયકને તજેલા હોવાથી અને ગ્રહણ યોગ્યને ગ્રહણ કરેલા હોવાથી, તેમજ પ્રયોજન સિદ્ધ થયેલું હોવાથી ઉપેક્ષા જ હોય છે તેથી આ પ્રમાણે સર્વે પદાર્થો પ્રત્યે નિર્મમત્વ ભાવ એ જ પરંપરાએ ફળ છે.

વિશેષાર્થ-પૂર્વ સૂત્રમાં કહ્યા પ્રમાણે અજ્ઞાનનિવૃત્તિ સ્વરૂપ ફળ સર્વજ્ઞાનોનું અનંતર ફળ છે. હવે પરંપરાફળમાં પ્રત્યક્ષજ્ઞાનસબંધી કેવલજ્ઞાનનું ફળ ઉદાસીનતા છે

ઉદાસીનતા-કોઈપણ પ્રિયવસ્તુમાં રાગ નહિં અને અપ્રિય વસ્તુમાં દ્વેષ નહીં એટલે કે અનુકૂળતા આવે તો રાગ નથી પ્રતિકૂળતા આવે તો દ્વેષ પણ નથી સર્વે પદાર્થો ઉપર માત્ર ઉપેક્ષાભાવ છે. આત્માના અશુદ્ધ સ્વરૂપાત્મક જેટલા ભાવો છોડવા યોગ્ય હતા તેનો ત્યાગ કરેલો છે શુદ્ધ સત્તામાં છે. તેથી સર્વે પદાર્થોમાં ઉપેક્ષાભાવ છે તેમને જે કાર્ય સાધવું હતું તે સધાઈ ગયું છે હવે કેવલજ્ઞાની ભગવંતને આદરવા યોગ્ય કે તજવા યોગ્ય જેવું કઈ રહ્યું નથી છઠ્ઠાગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધી ઘણી જ સાધના કરી હવે તેરમા ગુણઠાણે કંઈ સાધવાનું રહ્યું જ નથી, માટે પ્રયોજન સિદ્ધ થઈ ગહ્યું છે. તેથી ઉપેક્ષા એજ પરંપર ફળ છે.

अथ केवलव्यतिरिक्तप्रमाणानां परम्पराफलं प्रकटयन्ति—

शेषप्रमाणानां पुनरुपादानहानोपेक्षाबुद्धयः ॥ ६-५ ॥

બાકી રહેલા પ્રમાણોનું ઉપાદાનબુદ્ધિ હાનબુદ્ધિ અને ઉપેક્ષાબુદ્ધિ ફળ છે.

केवलज्ञानव्यतिरिक्तानां प्रत्यक्ष-परोक्षलक्षणप्रमाणानां उपादेये कुङ्कुम-चन्दनादौ उपादानबुद्धिः-ग्रहणबुद्धिः, हेये विषाङ्गारादौ हानबुद्धिः- त्याग-बुद्धिः, उपेक्षणीये, तृणलोष्ठादौ उपेक्षाबुद्धिः पारंपर्येण फलमित्यर्थः ॥ ५ ॥

ટીકાર્થ-કેવલજ્ઞાનથી ભિન્ન એવા પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણોનું પરંપરા એ ફળ ઉપાદેય એવા કુંકુંમ ચંદન આદિમાં ઉપાદાન=ગ્રહણ કરવા યોગ્ય બુદ્ધિ થાય છે તે. અને હેય એવા ઝેર અંગારા વિગેરેમાં હાનબુદ્ધિ એટલે કે

ત્યાગબુદ્ધિ થાય છે તે. અને ઉપેક્ષા કરવા લાયક ઘાસ ઢેંફુ આદિમાં ઉપેક્ષાબુદ્ધિ થાય છે તે તેમ જાણવું

प्रमाणात् फलस्य भेदाभेदैकान्तवादिनो यौगसौगतान्निराकर्तुं स्वमतं च व्यवस्थापयितुं प्रमाणयन्ति—

હવે પ્રમાણના ફળનું સ્વરૂપ બતાવે છે.

तत् प्रमाणतः स्याद् भिन्नमभिन्नं च,
प्रमाणफलत्वान्यथाऽनुपपत्तेः ॥ ६-६ ॥

પ્રમાણથી તે પ્રમાણનું ફળ ભિન્નાભિન્ન છે જો ભિન્નાભિન્ન ન માનીએ તો પ્રમાણનું ફળપણું ઘટી શકતું નથી.

फलस्य प्रमाणतोभिन्नत्वेऽङ्गीक्रियमाणे कथं प्रमाणस्यैव तत् फलं, न घटस्य ? भिन्नत्वाविशेषात् । अभिन्नत्वे प्रमाणमेव तत्त्वं स्यात्, न फलं किञ्चिद्, इति प्रमाण-फलत्वान्यथाऽनुपपत्तेः प्रमाणात् फलस्य भिन्नाभिन्न-त्वमभ्यु-पगन्तव्यमिति भावः । प्रयोगश्च-फलं प्रमाणात् भिन्नाभिन्नं, प्रमाणफलत्वान्यथाऽनुपपत्तेः ॥ ६ ॥

टीकार्थ-પ્રમાણથી પ્રમાણનું ફળ ભિન્ન સ્વીકારાયે છતે પ્રમાણનું જ તે ફળ છે એમ કેમ કહેવાય છે પ્રમાણનું ફળ ઘટનું પણ છે એમ કેમ કહેવાતું નથી કારણ કે પ્રમાણથી પ્રમાણનું ફળ જેમ ભિન્ન છે, તેમ ઘટ પણ ભિન્ન જ છે, બન્નેમાં ભિન્નપણું સરખું જ છે.

તથા અભિન્ન છે તેમ સ્વીકારો તો અભિન્નપણું એજ પ્રમાણનું તત્ત્વ=ફલરૂપે થાય, ફળ જેવું કંઈ રહેશે નહિં એ પ્રમાણે પ્રમાણ અને પ્રમાણનું ફળપણું ઘટી શકતું નથી તેથી પ્રમાણથી પ્રમાણનું ફળ ભિન્નાભિન્ન સ્વીકારવું યોગ્ય છે. એ પ્રમાણે તાત્પર્યાર્થ છે એમ જાણવું તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે :-

प्रमाणात् फलं भिन्नाभिन्नं, प्रमाणफलत्वान्यथाऽनुपपत्तेः પ્રમાણથી પ્રમાણનું ફલ ભિન્નાભિન્ન છે, પ્રમાણનું ફળ હોવાથી, એમ ન માનીએ તો ફલપણું ઘટી શકતું નથી.

अथात्राशङ्क्य व्याभिचारमपसारयन्ति—

ઉપરના અનુમાનના હેતુને અન્ય દર્શનકાર, વ્યભિચારી બતાવે છે. તેનું ખંડન કરતા જણાવે છે.

उपादानबुद्ध्याऽऽदिना प्रमाणाद् भिन्नेन
व्यवहितफलेन हेतोर्व्यभिचार इति न विभावनीयम् ।६-७।

सूत्रार्थ- ઉપાદાનબુદ્ધિ આદિ રૂપ વ્યવહિતફલ જે પ્રમાણથી સર્વથા ભિન્ન છે તેથી ઉપરોક્ત હેતુમાં વ્યભિચાર આવે છે એવું વિચારવું નહિ.

प्रमाणाद् भिन्ने उपादानबुद्ध्यादौ उक्तलक्षणो हेतुर्वर्तते अतो व्यभिचार इति न विभावनीयम् ॥ ७ ॥

टीकार्थ-પ્રમાણથી ભિન્ન ઉપાદાનબુદ્ધિ આદિમાં (ફલમાં) ઉપર કહેલા લક્ષણવાળો **प्रमाणफलत्वं.** હેતુ વર્તે છે. માટે વ્યભિચાર આવે છે. એમ વિચારવું નહિ

विशेषार्थ- ગ્રન્થકારશ્રી એ પૂર્વ સૂત્રમાં બતાવેલ હેતુને અહિંઅન્ય મત વાળા હેત્વાભાસ તરીકે સિદ્ધ કલવા પ્રયાસ કરે છે. અહિં હેતુને અનૈકાન્તિક બનાવીને ખોટો સિદ્ધ કરે છે જે હેતુ સાધ્યની બહાર વર્તે છે તે અનૈકાન્તિક (વ્યભિચારી) છે. **स्यात् भिन्नाभिन्न** એવું જે પૂર્વ અનુમાનમાં સાધ્ય છે તેનો અભાવ એટલે કે એકાંતે ભિન્ન કે એકાંતે અભિન્નમાં "**प्रमाणफलत्वं.**" નામનો હેતુ વર્તે છે. તે આ પ્રમાણે મતિજ્ઞાન આદિનું વ્યવહિત=આંતરાવાળુ ફળ (મોક્ષફળ) છે તેવા એટલે કે મતિજ્ઞાની જીવોને પાંચ કે પચીસ વિગેરે ભવો પછી મોક્ષ મળે છે અને પ્રમાણ તો (જ્ઞાન) પહેલાં થાય છે માટે પ્રમાણથી વ્યવહિત ફળ એકાંતે ભિન્ન હોવાથી સાધ્ય જે ભિન્નાભિન્ન તેના અભાવમાં એટલે કે એકાંતે ભિન્નમાં આ હેતુ રહી જતો હોવાથી વ્યભિચાર દોષવાળો છે આવું જ્યારે કોઈક કહે છે ત્યારે ગ્રન્થકાર જણાવે છે કે આવી શંકા કરવી નહીં તમે જે હેતુને હેત્વાભાસ તરીકે માનો છો તે વાતનું ખંડન કરતા જણાવે છે.

अत्र हेतुमाहः—

तस्यैकप्रमातृतादात्म्येन प्रमाणादभेदव्यवस्थितेः ॥ ६-८ ॥

सूत्रार्थ-કારણ કે તે ઉપાદાનબુદ્ધિ આદિ રૂપ વ્યવહિત ફલ એક પ્રમાતામાં

તાદાત્મ્યસંબંધ વડે કરીને પ્રમાણથી અભેદપણે રહેલો છે. એટલે કે (પ્રમાણથી અભિન્ન છે)

तस्य-उपादानबुद्ध्यादिरूपस्य व्यवहितफलस्य एकप्रमातृतादात्म्येन वर्तमानत्वात् प्रमाणादभिन्नत्वमित्यर्थः । प्रयोगश्च-उपादानबुद्ध्यादिरूपं फलं प्रमाणादभिन्नं, एकप्रमातृतादात्म्याद्, अव्यवहितफलवत् ॥ ८ ॥

टीकार्थ- તે ઉપાદાનબુદ્ધિ સ્વરૂપ એવુ વ્યવહિત ફળ એક પ્રમાતાના તાદાત્મ્ય વડે કરીને રહેલું હોવાથી પ્રમાણથી અભિન્ન છે તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે છેઃ- उपादानबुद्ध्यादिरूपं फलं, प्रमाणादभिन्नं एकप्रमातृतादात्म्यात् अव्यवहितफलवत् જેમ અવ્યવહિત(અનંતર) ફળ પ્રમાણથી અભિન્ન છે, એક પ્રમાતાનું તાદાત્મ્ય હોવાથી, તેમ ઉપાદાનબુદ્ધિ રૂપ ફલ પ્રમાણથી, અભિન્ન છે, એક પ્રમાતાનું તાદાત્મ્ય હોવાથી,

विशेषार्थ-જેમ સંસારી અવસ્થામાં જે આત્મા હતો તે જ આત્મા દીક્ષિત અવસ્થામાં હોય છે. પરંતુ અન્ય આત્મા સંસારી અવસ્થામાં અને અન્ય આત્મા દીક્ષિત અવસ્થામાં આવું કંઈ બનતું નથી પરંતુ તેનો તેજ આત્મા હોય છે. તથા આપણે પ્રમાણનય ગ્રંથ ભણવા બેઠા છીએ પ્રયત્નાદિ આપણે કરીએ તો પ્રમાણનય ભણ્યાનું ફળ બીજાને મળે તેવું બનતું નથી, તે એકજ આત્માને પ્રમાણનયનું જ્ઞાન અને ફળ એ બંને મળતા હોવાથી કંથચિત્ અભેદ પણ છે. તેવી જ રીતે પ્રમાણ અને ઉપાદાનબુદ્ધિ આદિરૂપ જે વ્યવહિત ફળ ભલે ભિન્ન હોય પરંતુ તે બંનેનાં પ્રમાતા=આત્મા એક જ હોવાથી કથંચિત્ અભેદપણે પણ રહેલો જ છે. માટે તમે જે હેતુ સાધ્યાભાવમાં= એકાંતે ભિન્નમાં રહે છે માટે અનૈકાંતિક દોષવાળો છે એમ કહ્યું એ વાત ઘટી શકશે નહીં.

एकप्रमातृतादात्म्यमुपपादयति—

એક પ્રમાતામાં તાદાત્મ્યપણું ઘટાવે છે.

प्रमाणतया परिणतस्यैवाऽऽत्मनः

फलतया परिणतिप्रतीतेः ॥ ६-९ ॥

सूत्रार्थ- પ્રમાણપણાવડે પરિણત થયેલા જ આત્માને ફલપણાવડે પરિણતિની પ્રતીતિ થાય છે.

यः प्रमाता पूर्वं प्रमाणतया परिणतया परिणतः स एव फलतया परिणमति, इत्येकप्रमात्रपेक्षया प्रमाण-फलयोरभेद इति ॥ ९ ॥

टीकार्थ- જે પ્રમાતા પૂર્વે પ્રમાણપણાવડે પરિણત થયો તે જ આત્મા ફલપણાવડે પરિણામ પામે છે, એ પ્રમાણે એક પ્રમાતાની અપેક્ષાએ પ્રમાણ અને ફલમાં અભેદ છે. જેમ બાલપણે રહેલો દેવદત્ત યુવાનપણે પણ એજ હોય છે જો બન્ને ભિન્ન હોય તો બાલચેષ્ટાની ભૂલોમાં સમજણ આવતા કેમ લજ્જાદિ આવે ? માટે બાલ અને યુવાવસ્થામાં દેવદત્તની અપેક્ષાએ અભેદ છે, તેમ અહિં પણ જાણવું

एतदेव भावयन्ति—

અભેદને ફરીથી પુષ્ટ કરતા જણાવે છે.

यः प्रमिमीते स एवोपादत्ते परित्यजत्युपेक्षते
चेति सर्वसंव्यवहारिभिरस्खलितमनुभवात् ॥ ६-१० ॥

सूत्रार्थ-જે આત્મા જ્ઞાન કરે છે, તે જ આત્મા ગ્રહણ કરે છે, ત્યાગ કરે છે અને, ઉપેક્ષા કરે છે. એ પ્રમાણે સર્વવ્યવહારીઓ વડે અસ્ખલિતપણે અનુભવાય છે

यः प्रमाता प्रमाणेन वस्तु निश्चिनोति स एव तद् गृह्णाति परित्यजति उपेक्षते चेति सर्वैरनुभूयते, न त्वन्यस्य प्रमातुः प्रमाणतया परिणामोऽन्यस्य चोपादानबुद्ध्यादिलक्षणफलतया इति कस्यापि प्रतीतिरस्तीत्यर्थः ॥ १० ॥

टीकार्थ- જે પ્રમાતા પ્રમાણવડે વસ્તુ નિશ્ચિત કરે છે તે જ આત્મા વસ્તુને ગ્રહણ કરે છે ત્યાગ કરે છે અને ઉપેક્ષા કરે છે એ પ્રમાણે સર્વે પ્રાણીઓવડે અનુભવ કરાય છે પરંતુ અન્ય=બીજા પ્રમાતા ને પ્રમાણપણાવડે પરિણામ થયો હોય, અને બીજા પ્રમાતા ઉપાદાન(ગ્રહણ) બુદ્ધિ આદિ લક્ષણરૂપ ફળપણાવડે પરિણત થાય આવું કોઈને પણ પ્રતીત થતું નથી.

विशेषार्थ-જેમ લૌકિકવ્યવહારમાં જે બાળકે રમકડું જોયું તેને સામે પડેલા રમકડાનું જ્ઞાન (પ્રમાણ) થાય છે તે જ બાળક તેને સારું માનીને ગ્રહણ કરવાની બુદ્ધિવાળો થાય છે, જે જાણે તે જ ગ્રહણ કરે છે અન્ય નહિં. એવી જ રીતે ખૂણાં માં રહેલા સર્પ ને જોઈને સર્પનું જ્ઞાન જે આત્માને થાય છે તે

જ આત્મા સર્પને ત્યજવાની બુદ્ધિ વાળો થાય છે. પરંતુ એકને સર્પનું જ્ઞાન થાય અને બીજો નાશી જાય આવું ક્યાંય વ્યવહારમાં થતું નથી જે જાણે તે જ ત્યજે છે. આ વ્યવહાર સર્વપ્રાણીઓને અનુભવસિદ્ધ છે એવી રીતે જ આત્માને ઘાસ ઢેફાદિનું જ્ઞાન (પ્રમાણ) થાય છે તે જ આત્માને ઈષ્ટ કે અનિષ્ટ ન હોવાથી ઉપેક્ષા બુદ્ધિ થાય છે એ પણ વ્યવહાર સિદ્ધ છે. તેમ જાણવું.

यथोक्तार्थानभ्युपगमे दूषणमाहुः—

જો અભિન્ન ન માને તો શું થાય તે જણાવે છે :-

इतरथा स्व-परयोः

प्रमाणफलव्यवस्थाविप्लवः प्रसज्येत ॥ ६-११ ॥

સૂત્રાર્થ-જે આત્મામાં જ્ઞાન થયું છે તે જ ગ્રહણાદિ કરે છે. એવું જો ન માનીએ તો સ્વ અને પરની વચ્ચે પ્રમાણના ફલની વ્યવસ્થાનો નાશ થવાનો પ્રસંગ આવે.

यद्येकस्यैव प्रमातुः प्रमाणफलतादात्म्यं नाभ्युपगम्येत तर्हि 'इमे प्रमाण-फले स्वकीये इमे च परकीये' इति व्यवस्था न स्यात् ।

अयं भावः- देवदत्तात्मनि विद्यमानयोः प्रमाण-फलयोर्यथा देवदत्तसकाशाद् भिन्नत्वं तथा जिनदत्तादपि। एवं जिनदत्तात्मनि विद्यमानयोः प्रमाण-फलयोर्यथा जिनदत्ताद् भिन्नत्वं तथा देवदत्तादपि । एवं स्थिते देवदत्तात्मनि विद्यमाने प्रमाणफले जिनदत्तस्य, जिनदत्ताऽऽत्मनि च विद्यमाने प्रमाणफले देवदत्तस्य कुतो न भवेताम् ? भेदस्य उभयत्राविशेषाद्, इति एकप्रमातृतादात्म्येन प्रमाण-फलयोरवस्थितिरङ्गीकर्तव्येति ॥ ११ ॥

ટીકાર્થ-જો એક જ પ્રમાતામાં પ્રમાણ અને ફળનું તાદાત્મ્યપણું ન સ્વીકારે તો "આ પ્રમાણ અને ફળ સ્વકીય છે" અને " આ પ્રમાણ અને ફળ પરકીય છે" એ પ્રમાણે વ્યવસ્થા જ ન રહે.

તેનો ભાવ આ પ્રમાણે છેઃ- દેવદત્તના આત્મામાં વિદ્યમાન પ્રમાણ અને ફલ જેમ દેવદત્તથી ભિન્ન છે. તેમ જિનદત્તથી પણ ભિન્ન છે. એજ પ્રમાણે જિનદત્તના આત્મામાં રહેલા પ્રમાણ અને ફળ જેમ જિનદત્તથી ભિન્ન છે તેમ દેવદત્તથી પણ ભિન્ન છે. આ પ્રમાણે રહ્યે છતે દેવદત્તના આત્મામાં વિદ્યમાન એવા પ્રમાણ અને ફળ જિનદત્તના છે અને જિનદત્તના આત્મામાં વિદ્યમાન

એવા પ્રમાણ અને ફળ દેવદત્તના છે. એમ પણ કેમ ન થાય ? કારણ કે ભેદ તો બન્નેમાં સરખો જ છે. આથી જ એક પ્રમાતાના તાદાત્મ્યવડે પ્રમાણ અને ફળમાં સ્થિતિ (સ્થિરતા) સ્વીકાર યોગ્ય છે. (નહિં તો સ્વપરની વ્યવસ્થાનો જ નાશ થઈ જશે.)

अथ व्यभिचारान्तरं पराकुर्वन्ति—

બૌદ્ધો ફરીથી સાધ્યને વ્યભિચારી જણાવે છે તેનું ખંડન કરતા જણાવે છે.

अज्ञाननिवृत्तिस्वरूपेण प्रमाणादभिन्नेन साक्षात्फलेन साधन-स्याऽनेकान्त इति नाशङ्कनीयम् ॥ ६-१२ ॥

सूत्रार्थ- અજ્ઞાનનિવૃત્તિ સ્વરુપ પ્રમાણથી અભિન્ન એવા સાક્ષાત્ ફળની સાથે હેતુનું અનૈકાન્તિકપણું છે આ પ્રમાણે (કોઇ કહે છે) તે શંકા કરવી નહીં.

ननु प्रमाण-फलत्वाऽन्यथानुपपत्तेरिति प्रमाण-फलयोर्भेदाऽभेद-साधकत्वेनोपन्यस्तो हेतुः प्रमाणात् सर्वथाऽभिन्ने अज्ञाननिवृत्त्याख्येऽ-व्यवहितफलेऽपि वर्तते अतो व्यभिचारीति बौद्धैर्नाऽऽरेकणीयम् ॥ १२ ॥

टीकार्थ-ननुः= જો પ્રમાણ અને ફળપણામાં એકાંતે અભિન્ન નહીં માનો તો અનુપપત્તિ આવશે તે આ પ્રમાણે, પ્રમાણ અને ફળમાં ભેદાભેદ સાધવા માટે જે હેતુ રજુ કર્યો છે તે હેતુ પ્રમાણથી સર્વથા અભિન્ન એવી અજ્ઞાનનિવૃત્તિ નામના અવ્યવહિત ફળમાં વર્તે છે. આથી તે વ્યભિચારી છે આ પ્રમાણેની શંકા બૌદ્ધોવડે કરવી જોઇએ નહીં.

विशेषार्थ- પૂર્વના સૂત્રમાં પરંપર ફળમાં હેતુ રહેતો હોવાથી હેત્વાભાસ કોઇકે કહ્યો હતો.તેનું ખંડન કરવા છતાં ફરી મૂળહેતુને અનૈકાન્તિક (સાધારણ) બનાવે છે સાધ્યાભાવ વૃત્તિત્વં-અનૈકાન્તિકત્વ, પૂર્વ અનુમાનમાં સાધ્ય જે ભિન્નાભિન્ન છે. તેનો અભાવ, એકાંતે અભિન્નમાં પ્રમાણફલત્વં નામનો હેતુ જતો હોવાથી વ્યભિચારી હેતુ બને છે. તે આ પ્રમાણે તમે જે અનંતરફળ અજ્ઞાનનિવૃત્તિ બતાવ્યું તે એક સમયવર્તી હોવાથી એકાંતે પ્રમાણથી અભિન્ન છે. તેમાં તમારો હેતુ રહી જાય છે. એટલે વ્યભિચારી છે. હવે તેનું ખંડન કરતા જણાવે છે.

कुतः ? इत्याहुः—

कथञ्चित् तस्यापि प्रमाणाद् भेदेन व्यवस्थानात् ॥६-१३॥

सूत्रार्थ-તે અજ્ઞાનની-નિવૃત્તિ પણ પ્રમાણથી કથંચિત્ ભેદવડે રહેલી છે.

अज्ञाननिवृत्तिरूपस्य फलस्यापि प्रमाणात् कथञ्चिद्भिन्नत्वेनावस्थानादित्यर्थः ॥ १३ ॥

ટીકાર્થ-અજ્ઞાનની નિવૃત્તિરૂપ ફલપણ પ્રમાણથી કથંચિત્ ભિન્નતાથી રહેલું છે. એટલે કે પ્રમાણ અને ફળ જો એકાંતે અભિન્ન જ હોત તો પ્રમાણ અને ફળ એવા જુદા બે નામ શા માટે આપ્યા, જેમ દિવો અને પ્રકાશ બંને એકાંતે અભિન્ન હોય તે દિવાનો પ્રકાશ આવુ જુદુ પાડીને શા માટે કહેવાય છે? તથા દિવાનો પ્રકાશ બધે વ્યાપીને રહે છે દિવો એક જગ્યાએ રહે છે માટે તે બંને વચ્ચે કથંચિત્ ભેદ (ભિન્ન) છે તેમ અહીં પણ તેમ જાણવું.

तदेवोपपादयन्ति—

પ્રમાણ અને ફળ વચ્ચે કથંચિત્ ભેદને જણાવતા ઉપરની વાત સ્પષ્ટ કરે છે.

साध्य-साधनभावेन प्रमाण-फलयोः
प्रतीयमानत्वात् ॥ ६-१४॥

સૂત્રાર્થ-પ્રમાણ અને ફળને વિષે સાધ્ય-સાધન ભાવવડે પ્રતીતિ થાય છે.

प्रमाणाऽज्ञाननिवृत्त्याख्यफले परस्परं भिद्यते, साध्य-साधनभावेन प्रतीयमानत्वात्, ये साध्य-साधनभावेन प्रतीयेते ते परस्परं भिद्येते यथाकुठारच्छिदे, इत्यनुमानेन प्रमाणाऽज्ञाननिवृत्त्याख्यफलयोः कथञ्चिद्भेदोऽपि सिध्यतीति भावः ॥ १४ ॥

ટીકાર્થ-પ્રમાણ અને અજ્ઞાનનિવૃત્તિ રૂપ ફળ તે બંને પરસ્પર ભિન્ન છે. કારણ કે સાધ્ય-સાધન એટલે કે કાર્ય-કારણભાવવડે પ્રતીત થાય છે. જે સાધ્ય-સાધનભાવવડે પ્રતીત થાય છે. તે પરસ્પર ભિન્ન છે. જેમ કુહાડો અને છેદન ક્રિયા પરસ્પર ભિન્ન છે. કુહાડો છેદવાની ક્રિયા પ્રત્યે કારણ છે અને છેદનક્રિયા તે કાર્ય છે. જો પરસ્પર ભિન્ન ન હોત તો સાધ્ય-સાધનરૂપે ન રહેવા જોઈએ

આ અનુમાનવડે પ્રમાણ એ સાધન-કારણરૂપ છે અને અજ્ઞાનનિવૃત્તિ નામનું ફળ એ સાધ્ય-કાર્ય છે. તે બંનેમાં કથંચિત્ ભેદ હોય તો જ સિદ્ધ થાય છે.

વિશેષાર્થ-જેમ માટીનો પિંડ તે સાધન છે. અને ઘટ તે સાધ્ય(કાર્ય)છે બન્ને કાર્ય કારણરૂપે અનુભવાય છે. જો માટીનો પિંડ અને ઘડો એકાંતે અભિન્ન જ હોત તો માટીનો પિંડ હોય ત્યારે જ ઘડો થઇ જવો જોઇએ અને માટીના સમયે જ ઘટની જેમ પાણી ભરાવું જોઇએ. પણ એવું બનતુ નથી માટે કથંચિત્ ભિન્ન છે. તેમજ માટીનો પિંડ અને ઘડો જો એકાંતે ભિન્ન જ હોત તો પિંડમાંથી જ ઘડો કેમ બન્યો, પટમાંથી કેમ ન બન્યો? કારણે કે પિંડની જેમ પટ પણ ભિન્ન પણે તો સરખો છે જ પરંતુ પટમાંથી ઘટ બનતો નથી માટીના પિંડમાંથી જ ઘટ બને છે. એટલે કારણરૂપે રહેલ પિંડમાંથી કાર્યસ્વરૂપે ઘટ થાય છે માટે કથંચિત્ અભિન્ન છે આથી એકાંતે અભિન્ન છે તેવું ઘટી શક્તુ નથી જ્યાં કાર્ય-કારણ ભાવ અનુભવાતા હોય છે ત્યાં એકાંતે અભિન્નતા ઘટી શક્તી નથી. તેમ અહિં પણ જાણવું.

ननु प्रमाण-फलयोः साध्य-साधनभाव एव कुतः ? इत्याशङ्कायां प्रथमं तावत् प्रमाणस्य साधनत्वं साधयन्ति-

પ્રમાણ અને ફળમાં સાધ્ય-સાધનભાવ કઇ રીતે છે? એવી રીતેની આશંકામાં પ્રથમ તેમાં પ્રમાણનું સાધનપણું સિદ્ધ કરે છે.

प्रमाणं हि करणाख्यं साधनं,
स्व-परव्यवसितौ साधकतमत्वात् ॥ ६-१५ ॥

સૂત્રાર્થ-ખરેખર પ્રમાણ એ કરણનામનું સાધન છે. કારણ કે પોતાનો અને પરનો નિશ્ચય કરવામાં સાધકતમ હોવાથી .....

यत् खलु क्रियायां साधकतमं तद् करणाऽऽख्यं साधनं यथा-कुठारः, साधकतमं च स्व-परव्यवसितौ प्रमाणं तस्मात् करणाख्यं साधनमिति ॥१५॥

ટીકાર્થ- જે ખરેખર ક્રિયામાં સાધકતમ હોય તે કરણનામનું સાધન છે જેમ કુહાડો તે છેદનક્રિયામાં કારણભૂત છે તેથી તે કરણ નામનું સાધન છે તેમ પોતાનો અને પરનો નિશ્ચય કરવામાં પ્રમાણ એ કરણ નામનું સાધન છે.

अथ फलस्य साध्यत्वं समर्थन्ते—

પ્રમાણના ફળનું સાધ્યપણું બતાવતા કહે છે....

स्व-परव्यवसितिक्रियारूपाज्ञाननिवृत्त्याख्यं
फलं तु साध्यं, प्रमाणनिष्पाद्यत्वात् ॥ ६-१६ ॥

सूत्रार्थ-સ્વ અને પરનો નિશ્ચય કરવામાં ક્રિયારૂપ અજ્ઞાનની નિવૃત્તિનામનું ફળ તે સાધ્ય છે. કારણ કે પ્રમાણવડે બનાવેલું હોવાથી....

यत् प्रमाणेन निष्पाद्यं तत् साध्यं यथा-उपादानबुद्ध्यादिकं, प्रमाणेन निष्पाद्यं च स्व-परव्यवसितिक्रियारूपाज्ञाननिवृत्त्याख्यं फलं, तस्मात् तत् साध्यमिति ॥ १६ ॥

टीकार्थ-જે પ્રમાણ વડે બનાવેલું હોય તે સાધ્ય કહેવાય છે. જેમ કે ઉપાદાનબુદ્ધિ આદિ જે વ્યવહિત ફળ તે પ્રમાણ વડે બનાવેલા હોવાથી સાધ્ય છે. તેમ સ્વ અને પરનો નિશ્ચયકરવાની ક્રિયારૂપ અજ્ઞાનનિવૃત્તિ નામનું અવ્યવહિતફળ પ્રમાણવડે બનાવેલું હોવાથી સાધ્ય છે.

विशेषार्थ- જેમ દિવાવડે અંધકાર નાશરૂપ ફળ સાધ્ય છે દિવો તે સાધન રૂપે છે. વળી અંધકાર નાશ રૂપ ક્રિયા એટલે કે અંધકાર નાશ થવાથી દિપકરૂપે પ્રગટ થયો તે દિપક સ્વ અને પરનો નિશ્ચય કરાવનાર છે દિપક દિપકથી પોતાને જણાવે અને પરપદાર્થને પણ જણાવે છે એવી જ રીતે પ્રમાણ વડે અજ્ઞાનની નિવૃત્તિરૂપ જે ક્રિયા તે સાધ્ય છે અને પ્રમાણ તે સાધન રૂપ છે. અજ્ઞાનનિવૃત્તિ રૂપ ક્રિયા સ્વ અને પરને જણાવનારી છે, અજ્ઞાનની નિવૃત્તિરૂપક્રિયા એટલે કે અજ્ઞાનનો નાશ થવાથી આપણામાં જ્ઞાનની ઉત્પત્તિ થઈ તે જ્ઞાન સ્વ અને પરનો નિશ્ચયાત્મક છે આપણામાં રહેલુ જ્ઞાન પર એવા વિષયને જણાવે છે તેથી પરને જણાવે છે અને તે પરરૂપ વિષયના જ્ઞાનને હું જાણું છું એટલે કે વિષયજ્ઞાનને હું જાણું છુ એટલે સ્વને પણ જણાવે છે. તેથી તે સ્વપરનો નિર્ણય કરવાની ક્રિયા દ્વારા અજ્ઞાનનિવૃત્તિ રૂપ ફળ તે સાધ્ય છે તેમ જાણવું.

अथ प्रसङ्गतः कर्तुरपि सकाशात् प्रस्तुतफलस्य भेदं समर्थयन्ते—

પ્રમાતા અને ક્રિયા તે બન્નેમાં કથંચિત્ ભેદ છે તે જણાવે છે.

प्रमातुरपि स्व-परव्यवसितिक्रियायाः
कथञ्चिद् भेदः ॥ ६-१७ ॥

सूत्रार्थ-પ્રમાતાથી પણ સ્વ અને પરનો નિશ્ચયકરવાવાળી ક્રિયાનો કથંચિત્ ભેદ છે.

न केवलं प्रमाणात् स्व-परव्यवसितिक्रियाया भेदः किन्तु प्रमातुरात्मनोऽपि सकाशाद् भेद इत्यर्थः ॥ १७ ॥

टीकार्थ-ફક્ત પ્રમાણથી સ્વપરના નિર્ણય કરનારી ક્રિયાનો ભેદ છે એવું નથી પરંતુ પ્રમાતા થી પણ કથંચિત્ ભેદ છે. જેમ કુહાડાથી છેદવાની ક્રિયા ભિન્ન છે જો અભિન્ન જ હોતતો ક્રિયા અને કુહાડો બંને એક થઇ જાય પરંતુ તેવું થતું નથી માટે કથંચિત્ ભેદ છે વળી સુથારથી પણ છેદનક્રિયાનો ભેદ છે, તેમ અહીં પણ પ્રમાતાથી સ્વપરનો નિશ્ચય કરનારી ક્રિયા નો ભેદ છે તેમ જાણવું

अत्र हेतुमाहुः—

કર્તા અને ક્રિયામાં સાધ્ય-સાધનભાવદ્વારા ભેદ જણાવે છે.

कर्तृ-क्रिययोः साध्य-साधकभावेनोपलम्भात् ॥ ६-१८ ॥

सूत्रार्थ-કર્ત્તા અને ક્રિયામાં સાધ્ય-સાધકભાવવડે ઉપલંભ થાય છે.

ये साध्य-साधकभावेनोपलभ्येते ते भिन्ने, यथा-देवदत्तदारुच्छिदिक्रिये, साध्यसाधकभावेनोपलभ्येते च प्रमातृ-स्वपरव्यवसितिलक्षणक्रिये, तस्मात् कथञ्चिद् भिन्ने इत्यर्थः ॥ १८ ॥

टीकार्थ-જે સાધ્ય-સાધક ભાવથી પ્રાપ્ત થાય છે. તે ભિન્ન છે જેમ દેવદત્ત અંને લાકડા છેદવાની ક્રિયા તે બંને સાધ્ય-સાધકભાવવડે પ્રાપ્ત થાય છે. (માટે તે બંને ભિન્ન છે તેમ) પ્રમાતા અને સ્વ-પરનિર્ણયાત્મક એવી ક્રિયા (સાધ્ય-સાધક ભાવવડે પ્રાપ્ત થતી હોવાથી) કથંચિત્ ભેદ છે. છેદનક્રિયા=સાધ્ય છે અને સુથાર તે સાધક છે બંને એકરૂપ નથી કથંચિત્ ભેદ છે. તેમ અહિં પણ જાણી લેવું તે હવે પછી બતાવે છે.

एतद्धेत्त्वसिद्धतां प्रतिषेधयन्ति—

कर्ता हि साधकः, स्वतंत्रत्वात्,
क्रिया तु साध्या, कर्तृनिर्वर्त्यत्वात् ॥ ६-१९ ॥

एनमेवार्थं द्रढयन्ति—

न च क्रिया क्रियावतः सकाशादभिन्नैव भिन्नैव वा,
प्रतिनियतक्रिया-क्रियावद्भावभङ्गप्रसङ्गात् ॥ ६-२० ॥

सूत्रार्थ- કર્તા એ સાધક છે. સ્વતન્ત્ર હોવાથી, વળી ક્રિયાએ સાધ્ય છે, કર્ત્તાથી બનતી હોવાથી,

ક્રિયા તે ક્રિયાવાન્ થકી એકાંતે અભિન્ન કે ભિન્ન જ માનશો તો અમુક ચોક્કસ ક્રિયા અને ક્રિયાવાન એ બન્ને-પણાના વ્યવહારનો ભંગ થઈ જશે એટલે કે નાશ થવાનો પ્રસંગ આવશે.

अयं भावः- यदि क्रिया क्रियावतः सकाशादेकान्तेनाऽभिन्नाऽङ्गीक्रियेत तर्हि क्रियावन्मात्रमेव तात्त्विकं स्यात्, न तु द्वयम्, यदि चैकान्तेन भिन्नाऽभ्युपगम्येत तर्हि 'अस्यैवेयं क्रिया' इति सम्बन्धनिश्चयो न स्यात्, भेदाविशेषाद् अन्यस्याप्यसौ किं न भवेत् ? न च समवायसम्बन्धो नियामकः, तस्यैकत्वाद्, व्यापकत्वाच्च नियामकासम्भवात्, तस्मात् क्रिया-क्रियावतोरेकान्तेन भेदे अभेदे वाऽङ्गीक्रियमाणे क्रियाक्रियावद्भावभङ्गाद् भिन्नाभिन्नत्वमेवाभ्युपगन्तव्यमिति ॥ २० ॥

टीकार्थ- તેનો ભાવ આ પ્રમાણે છેઃ- જો ક્રિયા એ ક્રિયાવાન્ થકી એકાંતે અભિન્ન અંગીકાર કરાય તો ક્રિયાવાન્ જ ફક્ત તાત્વિક થઈ જાય તેથી ક્રિયા અને ક્રિયાવાન્ બે રહેશે નહીં. વળી એકાંતે ભિન્ન જ સ્વીકારવામાં આવે તો "આની આ ક્રિયા" એમ સંબંધનો નિશ્ચય ન થાય. કારણ કે ભેદ સરખો હોવાથી અન્ય (બીજા) ની પણ આ ક્રિયા છે એમ કેમ ન થાય? (જેમ ચૈત્રનું જ્ઞાન ચૈત્રથી ભિન્ન છે ચૈત્રનું જ્ઞાન એમ કહે તો અન્ય એવા મૈત્રનું જ્ઞાન કેમ ન કહેવાય? કારણ કે ભિન્નતા તો બન્નેમાં સરખી છે.

નૈયાયિકો દ્રવ્યથી, દ્રવ્યની ક્રિયા, દ્રવ્યના ગુણો, એકાંતે ભિન્ન છે.એમ માને છે. જેમ ચૈત્રથી ચૈત્રની ગમનક્રિયા છેદનક્રિયા વિભિન્ન જ છે. ઘટથી ઘટનુંરૂપ એકાંતે ભિન્ન છે એમ સ્વીકારે છે. હવે તેની સામે પ્રશ્ન ઉભો થાય

છે કે જો દ્રવ્યથી દ્રવ્યનાગુણ એકાંતે ભિન્ન જ છે તો આ ઘટનું જ રૂપ છે પટનું નથી એવો વ્યવહાર થશે નહિં અથવા તો (ઘટનું રૂપ પટનું રૂપ) આવો વ્યવહાર લોપાઈ જશે તો નૈયાયિકો જવાબ આપે છે કે દ્રવ્ય અને દ્રવ્યના ગુણ કે ક્રિયાને જોડનાર અમે સમવાય સંબંધ માનીશું અને તેથી એકાંતે ભિન્ન હોવા છતા "આ તેનું રૂપ છે" કે "આ તેનું જ્ઞાન છે" એવો વ્યવહાર થશે ત્યારે તેની સામે ગ્રન્થકારશ્રી જણાવે છે કે **न च समवायसंबन्धो**— એટલે કે સમવાય સંબંધ જોડનાર છે તેવું કહેવું બરાબર નથી સમવાય સંબંધ ક્રિયા અને ક્રિયાવાન્ વચ્ચે નિયામક છે એમ જો કહેતા હોય તો तस्यैकत्वात्= તે તમે જે સમવાય સંબંધ કલ્પ્યો છે તે જગતમાં એક છે. સર્વવ્યાપક છે, તેથી બન્નેને જોડનાર સમવાય સંબંધ છે તેવા નિયામકનો અસંભવ છે જેમ સાકરમાં (દ્રવ્યમાં) ગળપણ (ગુણ) ને સમવાય સંબંધે જોડયો તે સમવાય સંબંધ સર્વવ્યાપક હોવાથી તથા એક હોવાથી લીંબડામાં, પથ્થરમાં, મીઠામાં, કેમ ન જોડાય ? અને સાકરસાથે જ શા માટે જોડાય ? કારણ કે તમેજ સમવાય સર્વવ્યાપી અને એક માનેલો છે તેથી જ ક્રિયા અને ક્રિયાવાન્ની વચ્ચે એકાંતે ભેદ કે અભેદ સ્વીકારાયે છતે ક્રિયા અને ક્રિયાવાન્નો ભાવ જ નાશ થઈ જશે તેથી ભિન્નાભિન્નપણું જ સ્વીકારવા યોગ્ય છે.

વિશેષાર્થ– કર્ત્તા એ સાધક છે, અને સ્વતંત્ર છે. ક્રિયા તે સાધ્ય છે. પરતંત્ર છે જેમ કે દેવદત્ત લાકડા કાપે છે. દેવદત્ત કર્ત્તા છે. તે સ્વતંત્ર કઈ રીતે ? તો દેવદત્ત જો એકલો હોય તો કુહાડો લાકડા વિગેરે બાકીના પાંચ કારકોને પણ ભેગા કરી શકે, જે જે ક્રિયાને યોગ્ય સામગ્રી છે તે બધાને એક જ દેવદત્ત લાવી શકે. બીજા કારક ભેગા થાય અને દેવદત્ત ન હોય તો કશું જ (છેદન ક્રિયા વિ.) ન થાય માટે દેવદત્ત સ્વતંત્ર છે બીજા કારકો પરતંત્ર છે માટે કર્ત્તા અને ક્રિયા, અનુક્રમે સ્વતંત્ર અને પરતંત્ર હોવાથી ભિન્ન છે.

જો ક્રિયા અને ક્રિયાવાન્ એકાંતે અભિન્ન જ છે તો ક્રિયા અને કર્ત્તા એકરૂપ થવા જોઈએ જેમ કે "હું ચારિત્રવાન્ છું" જો અહિ કર્ત્તા અને ક્રિયા એક જ= અભિન્ન જ હોય તો, હું (કર્ત્તા) અન ચારિત્ર આવા બે નામ શા માટે ? તેથી કથંચિત્ ભેદ છે. પરંતુ એકાંતે ભિન્ન નથી કેમ કે ચારિત્ર જેમ મારાથી ભિન્ન છે તેવી રીતે ગૃહસ્થથી પણ ભિન્ન જ છે. બન્નેમાં ભિન્નપણું સરખું છે

છતાં હું ચારિત્રવાન્ કહેવાઉં છું પરંતુ ગૃહસ્થ કહેવાતો નથી માટે કથંચિત્ અભિન્ન પણ છે માટે ક્રિયા અને કર્ત્તા (ક્રિયાવાન્) ભિન્નાભિન્ન છે એકાંતે ભિન્ન કે અભિન્ન માનવા જશો તો અમુક ચોક્કસ વ્યવહારનો નાશ થશે.

कश्चिदाह-कल्पनाशिल्पिनिर्मिता सर्वाऽपि प्रमाणफलव्यवहृतिरिति विफल एवायं प्रमाणफलालम्बनः स्याद्वादिनां भेदाभेदप्रतिष्ठोपक्रम इति तन्मतमिदानीमपाकुर्वन्ति—

પ્રમાણ અને તેના ફળનો વ્યવહાર કલ્પિત છે એમ કોઈક વાદિનો મત છે તેનું ખંડન જણાવે છે.

संवृत्या प्रमाण-फलव्यवहार इत्यप्रामाणिकप्रलापः, परमार्थतः स्वाभिमतसिद्धिविरोधात् ॥ ६-२१ ॥

सूत्रार्थ- પ્રમાણ અને ફળનો વ્યવહાર કલ્પના વડે જ કરાયેલો છે એમ કોઈ કહેતો એ અપ્રમાણિક માણસનું પ્રલાપ (બકવાશ) માત્ર જ છે વાસ્તવિક રીતે પોતાના ઈષ્ટની સિદ્ધિમાં વિરોધ આવે છે.

नन्वयं प्रमाण-फलव्यवहारः संवृत्या-कल्पनयैव भवति न तु परमार्थतोऽस्ति तस्माद् व्यर्थ एव तद्विषयकभेदाभेदविचारः इति चेत्, न, प्रमाणफलव्यवहारस्य काल्पनिकत्वाङ्गीकारे वस्तुतः स्वाभिमतसिद्धिरेव न स्यात्, तथाहि-भवता-प्रमाण-फलव्यवहारस्य काल्पनिकत्वं परमार्थवृत्त्याऽङ्गीकरणीयम्, अन्यथा स्वेष्टविधातः स्यात् । तच्च काल्पनिकत्वं प्रमाणात् स्वीक्रियते, अप्रमाणाद् वा ? न तावदप्रमाणात्, तस्य स्वाभिमतसिद्धिं प्रत्यकिञ्चित्करत्वात् । यदि प्रमाणात्, तदपि प्रमाणं काल्पनिकम्, अकाल्पनिकं वा ? यदि काल्पनिकं तर्हि कथं काल्पनिकात् प्रमाणात् प्रमाण-फलव्यवहारस्य परमार्थतः काल्पनिकत्वसिद्धिः ? तथा च प्रमाणफल-व्यवहारस्य सत्यत्वमेवायातम्, यदि अकाल्पनिकं प्रमाणफलग्राहकं प्रमाणं तर्हि 'सर्वोऽपि प्रमाणफलव्यवहारः काल्पनिकः' इति प्रतिज्ञाविरोधः एकत्र प्रमाणस्याकाल्पनिकत्वस्वीकारात् । तस्मात् प्रमाणफलव्यवहारः परमार्थभूत एवाभ्युपगन्तव्य इति ॥ २१ ॥

विशेषार्थ-આ જગતમાં પ્રમાણ અને પ્રમાણફળનો વ્યવહાર કાલ્પનિક

છે શૂન્ય છે. અતાત્વિક છે બોગસ છે. ઔપચારિક છે. ઝાંઝવાના જળની જેમ અપારમાર્થિક છે. આવું કોઈ વાદી કહેતો હોય તો એ અપ્રમાણિક પુરુષનું વચન બબડાટ માત્ર છે. તેનું ખંડન કરતા જણાવે છે.

ટીકાર્થ- આ પ્રમાણ અને ફળનો વ્યવહાર સંવૃતિ એટલે કે કલ્પના વડે જ થાય છે પરંતુ તાત્વિક રીતે થતો નથી. તેથી પ્રમાણવિષયક ભેદાભેદનો વિચાર વ્યર્થ છે. (જે વસ્તુ જ નથી તે વસ્તુના ભેદાભેદનો વિચાર કેમ ઘટે? જેમ શશલાના શિંગડાનો વિચાર વ્યર્થ છે તેમ પ્રમાણ અને ફળનો ભેદાભેદનો વિચાર વ્યર્થ છે) આવું જો કહેતા હોય તો બરાબર નથી કારણ કે પ્રમાણ અને ફલના વ્યવહારની કાલ્પનિકતા સ્વીકારે છતે પરમાર્થથી તો પોતાના મતની જ સિદ્ધિ નહિં થાય, તે આ પ્રમાણે :- (પ્રમાણ અને ફળનો વ્યવહાર કાલ્પનિક છે. તે તમારો મત સિદ્ધ કરવા માટે પ્રત્યક્ષ અનુમાન વિગેરે કોઈક પ્રમાણ રજુ કરશો ને ? તમારી વાત સિદ્ધ કરવા કોઈ દલિલ-યુક્તિ તો આપશો ને ? જો આપવા જશો તે કાલ્પનિક એવું પ્રમાણ રજુ કરતા તમારું બોલેલું જ વ્યર્થ જશે અને પ્રમાણ ન માનીએ તો એના વગર બોલી ન શકાય માટે બરાબર નથી)

તમારા વડે પ્રમાણ અને પ્રમાણનાફળના વ્યવહારનું જે કાલ્પનિકપણું અંગીકાર કર્યું છે તે કાલ્પનિકપણું તો વાસ્તવિક છે ને ? અને જો એ કાલ્પનિક પણું વાસ્તવિક નહીં હોય તો પોતાના ઈષ્ટનો ઘાત થઈ જશે. તમે જે કાલ્પનિકપણું માન્યું છે તે પ્રમાણથી સ્વીકારાય છે કે અપ્રમાણથી ? હવે જો અપ્રમાણથી કાલ્પનિકપણું વાસ્તવિક છે, એવું તમે કહી શકશો નહીં तस्य= તે અપ્રમાણ પોતાના મતની સિદ્ધિ પ્રત્યે અકિંચિતકર છે એટલે કે સિદ્ધિ નહિં કરે (કારણ કે કાલ્પનિકપણું સાચું છે. એમ જે કહો છો તેની સિદ્ધિ કરવા પ્રમાણ જોઈએ અપ્રમાણથી પ્રામાણિક પુરુષોની મધ્યમાં સિદ્ધિ થઈ શકે નહિં) જો પ્રમાણથી કાલ્પનિકપણું વાસ્તવિક છે એવું કહેશો તો તે પ્રમાણ પણ કાલ્પનિક છે કે અકાલ્પનિક છે ? હવે જો પ્રમાણ કાલ્પનિક છે એવો પક્ષ માનશો તો કાલ્પનિક એવા પ્રમાણથી પ્રમાણ અને ફળના વ્યવહારનું જે કાલ્પનિકપણું તે વાસ્તવિક છે એમ કેવી રીતે સિદ્ધ થશે ? અને તેમ થવાથી પ્રમાણ અને ફળના વ્યવહારનું કાલ્પનિકપણું જે વાસ્તવિક છે તે સિદ્ધ નહિં

થાય પરંતુ પ્રમાણ અને ફલનો વ્યવહાર સત્ય-પણાના સ્થાનને જ પામશે. જો પ્રમાણ અને ફળના વ્યવહારનું કાલ્પનિકપણું વાસ્તવિક સિદ્ધ કરવા માટે બીજું પ્રમાણ અકાલ્પનિક માનશો તો પ્રમાણ અને ફળને ગ્રહણ કરનાર/એવા વાસ્તવિક પ્રમાણથી તો સર્વ પણ "પ્રમાણ અને ફલનો વ્યવહાર કાલ્પનિક છે" એવી તમારી પ્રતિજ્ઞા છે તેમાં વિરોધ આવશે કારણ કે એકજ સ્થાનમાં પ્રમાણ અને ફળનો વ્યવહાર કાલ્પનિક છે કે તે સાચો છે તેને સિદ્ધ કરવા લાવેલું પ્રમાણ વાસ્તવિક સ્વીકાર્યું હોવાથી એક જ સ્થાનમાં કાલ્પનિક અને વાસ્તવિક પણું કેવી રીતે ઘટે ? માટે તમે કરેલી પ્રતિજ્ઞામાં વિરોધ આવશે તેથી પ્રમાણ અને પ્રમાણના ફળનો વ્યવહાર તાત્વિક છે એ પ્રમાણે સ્વીકારવા યોગ્ય છે.

प्रस्तुतमैवार्थं निगमयन्ति—

ततः पारमार्थिक एव प्रमाणफलव्यवहारः
सकलपुरुषार्थसिद्धिहेतुः स्वीकर्तव्यः ॥ ६-२२ ॥

सूत्रार्थ- તેથી જ પ્રમાણ અને પ્રમાણના ફળનો વ્યવહાર પરમાર્થિક છે સકલપુરુષાર્થની સિદ્ધિના કારણભૂત છે એમ સ્વીકારવા યોગ્ય છે.

પ્રમાણ અને ફળનો વ્યવહાર સત્ય જ છે ભિન્નાભિન્ન માનવા યોગ્ય છે. અને એમ માનીએ તો જ સર્વપુરુષાર્થની સિદ્ધિમાં કારણ રૂપ બની શકે છે.

પ્રમાણના સ્વરૂપ વિગેરે ચાર જણાવ્યા, તેનાથી વિપરિત છે તે આભાસ છે તે બતાવે છે.

प्रमाणस्य स्वरूपादिचतुष्टयाद् विपरीतं तदाभासम् ॥ ६-२३ ॥

सूत्रार्थ- પ્રમાણના સ્વરૂપાદિ ચારથી વિપરીત લક્ષણવાળા માનવામાં આવે તો તદાભાસ કહેવાય છે.

प्रमाणस्य स्वरूपं-संख्या-विषय-फललक्षणात् स्वरूपचतुष्टयाद् विपरीतं स्वरूपाऽऽभासं, सख्याऽऽभासं विषयाऽऽभासं, फलाऽऽभासमिति स्वरूपादि-चतुष्टयाऽऽभासमित्यर्थः ॥ २३ ॥

टीकार्थ-પ્રમાણના સ્વરૂપ -સંખ્યા-વિષય-ફલ સ્વરૂપાદિ ચારેથી વિપરીત સ્વરૂપાભાસ સંખ્યાભાસ વિષયાભાસ ફલાભાસ આ રીતે ચારેના આભાસો છે.

વિશેષાર્થ- આભાસ એટલે કે જે વસ્તુ જેવા પ્રકારની હોય તેવા પ્રકારની ન દેખાય પરંતુ વિપરીત પણે દેખાય તે આભાસ છે આભાસ જાણવાથી અન્યદર્શનકારની માન્યતા જે આભાસ સ્વરૂપ છે તેનું ખંડન પણ કરી શકાય તથા આપણે ક્યારેય ખોટું ન સમજી જઈએ માટે આભાસને પણ જાણવાની આવશ્યકતા છે.

तत्र स्वरूपाभासमाहुः—

સ્વરૂપાભાસ ના પ્રકારો જણાવે છે તે ક્યા ક્યા છે તે પણ બતાવે છે.

अज्ञानात्मकानात्मप्रकाशकस्वमात्रावभासक-
निर्विकल्पक-समारोपाः प्रमाणस्य स्वरूपाभासाः ।६-२४।

સૂત્રાર્થ-અજ્ઞાનસ્વરૂપ-અનાત્મપ્રકાશક-સ્વમાત્રાવભાસક-નિર્વિકલ્પક અને સામારોપ સ્વરૂપ એ પાંચે પ્રમાણના સ્વરૂપાભાસો છે.

अज्ञानात्मकं च अनात्मप्रकाशकं च स्वमात्रावभासकं च निर्विकल्पकं च समारोपश्चेति पञ्च प्रमाणस्य स्वरूपाऽऽभासा इति ॥ २४ ॥

ટીકાર્થ- ૧. અજ્ઞાન સ્વરૂપ, ૨. સ્વનો પ્રકાશક નહિં ૩. સ્વમાત્રનો પ્રકાશક (જણાવનાર) ૪. નિર્વિકલ્પ અને ૫. સમારોપ આ પાંચ પ્રમાણાભાસો છે.

कथं क्रमेण दृष्टान्तमाचक्षते—

यथा-सन्निकर्षाद्यस्वसंविदित-परानवभासकज्ञानदर्शन-
विपर्यय-संशयानध्यवसायाः ॥ ६-२५ ॥

સૂત્રાર્થ- જેમ ૧. સન્નિકર્ષાદિ, ૨. અસ્વસંવિદિત, ૩. પરને નહિ જણાવનાર, ૪. દર્શન, ૫. વિપર્યય, સંશય અનધ્યવસાય (વિગેરે પ્રમાણાભાસના દૃષ્ટાન્તો છે)

नैयायिकाद्यभिमतं सन्निकर्षादिकम् अज्ञानात्मकस्य दृष्टान्तः। मीमांसकाभिमतमस्वसंविदितज्ञानम् अनात्मप्रकाशकस्य। योगाचाराभिमतं परानवभासकं ज्ञानं स्वमात्रावभासकस्य । सौगताभिमतं दर्शनं निर्विकल्पकस्य। विपर्यय-संशया-ऽनध्यवसायास्तु समारोपस्येति । एतेषां सन्निकर्षादीनां स्वरूपं प्रथमपरिच्छेदे प्रदर्शितमिति नेह प्रतन्यते ॥ २५ ॥

ટીકાર્થ- ૧. નૈયાયિકને માન્ય સન્નિકર્ષો વિગેરે અજ્ઞાનાત્મકનું દૃષ્ટાન્ત છે. ઇન્દ્રિય અને પદાર્થના સંયોગ સ્વરૂપ સન્નિકર્ષ વિગેરે જડ હોવાથી પ્રમાણાભાસ છે પરંતુ સન્નિકર્ષ વડે આત્મામાં રહેલો જે વિષયનો બોધ (જ્ઞાન) તે પ્રમાણ છે. જેમ અજાણ્યો માણસ જેનો પરિચય હૈયામાં ન હોય તો સન્નિકર્ષ હોવા છતાં જ્ઞાન ન થાય માટે હૈયામાં રહેલું જ્ઞાન એ જ પ્રમાણ છે પરંતુ નૈયાયિકોએ માનેલા સન્નિકર્ષો અજ્ઞાનાત્મક છે તેથી પ્રમાણ નથી પરંતુ પ્રમાણાભાસ છે.

૨. મીમાંસકોએ સ્વીકારેલા અસ્વસંવિદિત જ્ઞાન એટલે અનાત્મપ્રકાશક જ્ઞાન છે તે સ્વને જણાવે નહીં એવું જે કહે તે યોગ્ય નથી માટે તે વાત પણ પ્રમાણાભાસ છે. જેમ ડોલમાં મૂકેલો દીવો બાહ્ય ઘટપટાદિ પદાર્થોને જણાવે છે અને દીવાને જણાવતો નથી એવું ક્યારેય બનતું નથી તેમ જ્ઞાન પદાર્થને જણાવે અને પોતાને ન જણાવે તેવું બનતું નથી માટે તે મીમાંસકોની વાત બરાબર નથી.

૩. યોગાચારવાદી બૌદ્ધે માન્ય કરેલુ છે કે જ્ઞાન માત્ર સ્વને જ જણાવનાર છે પરને નહીં જ્ઞાન પોતે જ ઘટાકારાદિ રૂપે પરિણામ પામે છે માટે જ્ઞાન જ્ઞાનને જણાવે છે પરંતુ જ્ઞાનસિવાય પર કશું છ જે નહીં આ વાત પણ પ્રમાણાભાસ છે કારણ કે જ્ઞાનના વિષયસ્વરૂપે પર પદાર્થ છે માટે તેઓની માન્યતા બરાબર નથી....

૪. બૌદ્ધે માનેલ દર્શન=નિર્વિકલ્પક તે પણ પ્રમાણાભાસ છે. કારણ કે તે નિર્વિકલ્પક પ્રવર્તક કે નિવર્તક નહીં હોવાથી પ્રમાણ નથી પરંતુ પ્રમાણાભાસ છે.

૫. વિપર્યય-સંશય અને અનધ્યવસાય જે સમારોપના પ્રકારો ભ્રમાત્મક જ્ઞાન રૂપે છે તે પણ અયયાર્થ હોવાથી અપ્રમાણ છે સન્નિકર્ષ વિગેરેનું સ્વરૂપ પ્રથમ પરિચ્છેદમાં બતાવ્યું છે તેથી અહિં તેનો વિસ્તાર કરતા નથી.

एतेषां स्वरूपऽऽभासत्वे कारणमाहुः—

આ પાંચ પ્રમાણાભાસ કેમ છે ? તેનું કારણ બતાવે છે.

तेभ्यः स्व-परव्यवसायस्यानुपपत्तेः ॥ ६-२६ ॥

સૂત્રાર્થ-તે સન્નિકર્ષઆદિથી સ્વપરવ્યવસાયની અનુપપત્તિ થાય છે.

सन्निकर्षादिभ्यः स्व-परव्यवसायस्यानुपद्यमानत्वादेतेषां स्वरूपाऽऽभासत्वमित्यर्थः ॥ २६ ॥

ટીકાર્થ- સન્નિકર્ષ વિગેરેથી સ્વ અને પરનો નિશ્ચય નહીં થતો હોવાથી તે સર્વે સ્વરૂપાભાસ છે, એટલે કે ''स्वपरव्यवसायि-ज्ञानं-प्रमाणं'' આ પ્રમાણનું લક્ષણ છે તે યથાર્થ છે, એમ આપણે પૂર્વે જોઇ ગયા આ પાંચેમાંથી એકેયમાં પણ આ પ્રમાણનું લક્ષણ ઘટતું નથી.પહેલા સન્નિકર્ષ વિગેરેમાં ''જ્ઞાન''ન ઘટ્યું, બીજામાં ''સ્વ''ન ઘટ્યું, ત્રીજામાં ''પર'' સંગત થતું નથી, ચોથામાં વ્યવસાયી ઘટતું નથી અને પાંચમામાં યથાર્થજ્ઞાન ઘટતું નથી માટે પાંચે થકી સ્વ અને પરનો નિર્ણય કરાવે તેવા જ્ઞાનની અનુપપત્તિ છે તેનાથી પ્રમાણનું જે કાર્ય કરવું જોઇએ તે થતું નથી માટે આ પાંચ સ્વરૂપ (પ્રમાણ) નથી પરંતુ સ્વરૂપાભાસ છે.

सामान्यतः प्रमाणस्वरूपाभासमभिधाय विशेषतस्तदभिधित्सवः सांव्यवहारिक प्रत्यक्षाभासमाहुः—

સાંવ્યવહારિક-પ્રત્યક્ષાભાસ દૃષ્ટાન્ત સહિત બતાવે છે.

सांव्यवहारिकप्रत्यक्षमिव यदाभासते
तत् तदाभासम् ॥ ६-२७॥

उदाहरन्ति—

यथा-अम्बुधरेषु गन्धर्वनगरज्ञानं,
दुःखे सुखज्ञानं च ॥ ६-२८॥

સૂત્રાર્થ- સાંવ્યવહારિક પ્રત્યક્ષની જેમ જે આભાસ કરે છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષાભાસ છે, જેમ વાદળામાં ગન્ધર્વનગરનું જ્ઞાન અને દુઃખમાં સુખનું જ્ઞાન તે પ્રત્યક્ષાભાસ છે

तदाभासं-सांव्यवहारिकप्रत्यक्षाऽऽभासमित्यर्थः ॥ २७ ॥

इन्द्रियानिन्द्रियनिबन्धनभेदेन सांव्यवहारिकं प्रत्यक्षं द्विविधमिति पूर्वं प्रतिपादितम् । तत्र अम्बुधरेषु-मेघेषु यद् गन्धर्वनगरज्ञानं तदिन्द्रियनिबन्धनप्रत्यक्षाऽऽभासम् । दुःखे सुखज्ञानं चानिन्द्रियनिबन्धनप्रत्यक्षाभासमित्यर्थः॥ २८॥

ટીકાર્થ- તદાભાસ એટલે કે સાંવ્યવહારિક પ્રત્યક્ષાભાસ એમ અર્થ જાણવો, એનો ભાવાર્થ આ પ્રમાણે છે, ઇન્દ્રિય દ્વારા ઘટ-પટ-જળ વિગેરે પદાર્થ દેખાય છે, બાધા રહિત પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે એ જ્ઞાન સ્વ અને પરનો બોધ કરાવે છે માટે પ્રમાણ છે, પરંતુ જેમ ઝાંઝવાના જળમાં જળ ન હોય છતાં પ્રત્યક્ષ જળ જેવું દેખાય તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ જેવું દેખાય છે. પરંતુ પ્રવૃત્તિ આદિ કરાવતું નથી માટે પ્રમાણ નથી પરંતુ તદાભાસ છે.

ઇન્દ્રિયનિબંધન અને અનિન્દ્રિયનિબંધન ભેદ દ્વારા સાંવ્યવહારિક પ્રત્યક્ષ બે પ્રકારે છે તે બીજા પરિચ્છેદમાં પાંચમાં સૂત્રમાં પૂર્વે જણાવ્યું છે, તેમાં વાદળમાં જે ગંધર્વનગરનું જ્ઞાન, એટલે ઉપર આકાશમાં જોઇએ તો જુદાજુંદા વિવિધ રંગી વાદળાથી આકાશ ઘેરાયેલુ હોય ત્યારે આપણને અહિંથી જોતાં એમ લાગે કે જાણે ગંધર્વનગર ન રચાયું હોય ? આવું જે જ્ઞાન થાય છે તે ઇન્દ્રિયનિબંધન પ્રત્યક્ષાભાસ છે. (કારણ કે ચક્ષુરિન્દ્રિયના કારણે થયું છે.) તથા દુઃખમાં સુખનું જ્ઞાન એટલે કે સંસારની સ્થિતિ દુઃખમય છે. છતાં પણ મોહને વશ થયેલ જીવાત્મા સંસારમાં સુખ માની લે એવું જે જ્ઞાન થાય છે તે અનિન્દ્રિયનિબન્ધન પ્રત્યક્ષાભાસ છે. (કારણ કે તેમાં અનિન્દ્રિય=મનનો વિષય છે.) -

पारमार्थिकप्रत्यक्षाभासं प्रादुष्कुर्वन्ति—

ઉદાહરણ સાથે પારમાર્થિકપ્રત્યક્ષાભાસ જણાવે છે.

पारमार्थिकप्रत्यक्षमिव यदाभासते तत् तदाभासम् ।६-२९।

उदाहरन्ति—

यथा-शिवाख्यस्य राजर्षेरसंख्यातद्वीपसमुद्रेषु समद्वीपसमुद्रज्ञानम् ॥ ६-३० ॥

સૂત્રાર્થ- પારમાર્થિક પ્રત્યક્ષની જેમ જે આભાસ કરે છે તે પારમાર્થિક-પ્રત્યક્ષાભાસ કહેવાય છે, જેમ શિવનામના રાજર્ષિને અસંખ્યાત દ્વીપ અને સમુદ્રમાં સાતદ્વીપ સમુદ્રનું જ્ઞાન તે પારમાર્થિકપ્રત્યક્ષાભાસ છે.

शिवाऽऽख्यस्य राजर्षेर्यदसंख्यातद्वीपसमुद्रेषु सप्तद्वीपसमुद्रज्ञानं प्रादुर्बभूव तद्विभङ्गापरपर्यायमवध्याभासमित्यर्थः । मनःपर्याय-केवलज्ञानयोस्तु विपर्ययः कदाचिदपि न भवति, मनःपर्यायस्य संयमविशुद्धिनिबन्धनत्वात्, केवलज्ञानस्य च समस्ताऽऽवरणक्षयसमुत्थत्वादिति भावः ॥ ३० ॥

टीकार्थ- શિવ નામના રાજર્ષિને અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર હોવા છતાં પણ સાત દ્વીપ અને સમુદ્રનું જ્ઞાન પ્રગટ થયું તે વિભંગજ્ઞાન જેનું બીજુ નામ છે તે અવધિ-આભાસ કહેવાય છે

મનઃ પર્યવ અને કેવલજ્ઞાનમાં ક્યારે પણ વિપર્યય ઘટતું નથી કારણ કે મનપર્યાયજ્ઞાન સંયમ વિશુદ્ધિનું કારણ છે અને કેવળજ્ઞાન સમસ્ત આવરણના ક્ષયથી ઉત્પન્ન થાય છે.

विशेषार्थ- બાહ્ય ઇન્દ્રિયોથી નિરપેક્ષ આત્મમાત્રના જ સાન્નિધ્યથી અવધિજ્ઞાન, મનપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન પ્રગટ થાય છે તે પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે તેમાં અવધિજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય તો તે પારમાર્થિક કહેવાય અને મિથ્યાદૃષ્ટિને હોય તો તે તદાભાસ=(અવધિ-આભાસ) કહેવાય કારણ કે પારમાર્થિક પ્રત્યક્ષ નથી, છતાં તેના જેવું જ્ઞાન થાય છે માટે તદાભાસ છે.

મનપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે મનપર્યવજ્ઞાન સંયમશુદ્ધિના કારણે થાય છે અને કેવલજ્ઞાન સમસ્ત- આવરણના ક્ષય વડે જ થાય છે. તેમાં વિપર્યાયપણું ઘટતું નથી માટે આ બંનેના આભાસ ઘટશે નહીં.

अथ परोक्षाभासं विवक्षवः स्मरणाभासमाहुः—

દૃષ્ટાન્ત સહિત સ્મરણાભાસ જણાવે છે.

अननुभूते वस्तुनि तदिति ज्ञानं स्मरणाभासम् ॥ ६-३१ ॥

उदाहरन्ति—

अननुभूते मुनिमण्डले तन्मुनिमण्डलमिति यथा ॥६-३२॥

सूत्रार्थ- નહીં અનુભવેલી વસ્તુમાં અનુભવેલી વસ્તુનું જ્ઞાન તે સ્મરણાભાસ છે. નહિં અનુભવેલા મુનિમંડલમાં તે અનુભવેલા મુનિમંડલનું જ્ઞાન તે સ્મરણાભાસ છે.

प्रमाणमात्रेणानुपलब्धे वस्तुनि 'तत्' इत्याकारकं यज्ज्ञानं तत्- स्मरणाभासमित्यर्थः ॥ ३१ ॥

अनुभूतस्यैव वस्तुनः स्मरणं भवति नाऽननुभूतस्य, तस्मादननुभूते मुनिमण्डले 'तद् मुनिमण्डलम्' इति ज्ञानं-स्मरणाऽऽभासम् ॥ ३२ ॥

टीकार्थ- પ્રમાણમાત્ર વડે નહિં પ્રાપ્ત થયેલી વસ્તુમાં તે આ છે એવા આકારવાળુ જે જ્ઞાન તે સ્મરણાભાસ છે. ત્રીજા પરિચ્છેદ પરોક્ષ પ્રમાણના સ્મરણ, પ્રત્યભિજ્ઞા, તર્ક, અનુમાન, અને આગમ એ પાંચ ભેદો બતાવ્યા અહિં તેનાથી જે વિપરીત જ્ઞાન થાય તે તદાભાસ છે તેથી અનુભવેલા વિષયનું-વસ્તુનું સ્મરણજ્ઞાન થાય પરંતુ નહિં અનુભવેલી વસ્તુનું સ્મરણ થતું નથી, તેથી અહિં નહિં-અનુભવેલા મુનિમંડલમાં તે મુનિમંડલ છે એવું જે જ્ઞાન તે સ્મરણાભાસ છે.

प्रत्यभिज्ञाभासं प्ररूपन्ति—

પ્રત્યભિજ્ઞાભાસ (પરોક્ષજ્ઞાનના બીજા પ્રકારનો આભાસ) દૃષ્ટાન્ત સહિત બતાવે છે.

तुल्ये पदार्थे स एवायमिति, एकस्मिंश्च तेन तुल्य इत्यादिज्ञानं प्रत्यभिज्ञाऽऽभासम् ॥ ६-३३ ॥

सूत्रार्थ- સરખા એવા પદાર્થમાં "તે આ જ છે" એક વસ્તુમાં તેની સાથે તુલ્ય છે આવા પ્રકારનું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાભાસ છે

तुल्ये पदार्थे तेन सदृश इति जिज्ञासिते 'स एवायम्' इति ज्ञानम्, एकस्मिन् वस्तुनि स एव इति जिज्ञासिते 'तेन तुल्यम्' इति ज्ञानं प्रत्याभिज्ञाऽऽभास-मित्यर्थः ॥ ३३ ॥

टीकार्थ- સમાન એવી વસ્તુમાં તેનાવડે સરખુ જણાયે છતે "તે જ આ છે" એવું જે જ્ઞાન, એક વસ્તુમાં "તે જ" છે એ પ્રમાણે જણાયે છતે "તેના વડે તુલ્ય" એવું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાભાસ છે.

વિશેષાર્થ-જે પહેલા જોયેલું હોય એ જ વિષય જ્યારે સામે આવે ત્યારે સામે આવેલા તે વિષયમાં તે વિષયનું સ્મરણ એટલે ભૂતકાળમાં જોયેલાનું સ્મરણ અને અત્યારે પ્રત્યક્ષ એવો અનુભવ બન્નેથી ઉત્પન્ન થયેલ જ્ઞાન તે

તિર્ય. સા. અને ઉર્ધ્વતા. સા. ઇત્યાદિ વિષયને કરનારૂં પ્રત્યભિજ્ઞાન છે તેમાં તિર્યગ્-સામાન્યથી યુક્તપદાર્થમાં આ "તે" છે. એવું જ્ઞાન થવું તેમજ ઉર્ધ્વતા સામાન્યથી યુક્ત એક જ પદાર્થમાં આ તેના તુલ્ય છે. એવું જ્ઞાન થવું તે પ્રત્યભિજ્ઞાન છે.

પરંતુ પૂર્વે જોયેલા પદાર્થની સમાન એવા પદાર્થમાં તે પદાર્થ નથી અને છતાં તેની સમાનતાને જોઈને તે જ આ છે એવો બોધ તથા તેની તુલ્ય એવું જ્ઞાન થવું તે. તદાભાસ છે તેનું ઉદાહરણ.

उदाहरन्ति—

यमलकजातवत् ॥ ६-३४ ॥

सूत्रार्थ-એક સાથે જન્મેલા બે બાળકની જેમ.....

अयं भावः- एंकस्या एव स्त्रियाः सहोत्पन्नयोः पुत्रयोर्मध्याद् यत्र 'अयं द्वितीयेन तुल्यः' इति ज्ञातव्यमस्ति तत्र 'स एवायम्' इति ज्ञानम्, यत्र 'स एवायम्' इति जिज्ञासा वर्तते तत्र तेन तुल्योऽयम्' इति ज्ञानं प्रत्यभिज्ञाऽऽभासमिति ॥ ३४ ॥

टीकार्थ- તેનો ભાવ આ પ્રમાણે છે– એક સ્ત્રીમાંથી એક સાથે જ ઉત્પન્ન થયેલા એવા બે પુત્રોની મધ્યમાંથી "આ (ચૈત્ર) બીજાથી (મૈત્રથી) તુલ્ય છે." એ પ્રમાણે જાણવા યોગ્ય છે (ચૈત્રને જોયો હોય પરંતુ હમણાં તો મૈત્રને જોઈને) તેમાં તે જ આ (ચૈત્ર) છે એવું જે જ્ઞાન, જ્યાં "તે જ આ છે" એવી જિજ્ઞાસા વર્તે છે. ત્યાં "તેની સમાન છે" એવું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાભાસ છે.

तर्काभासमादर्शयन्ति—

તર્કાભાસસ દૃષ્ટાન્ત જણાવે છે.

असत्यामपि व्याप्तौ तदवभासस्तर्काभासः ॥ ६-३५ ॥

उदाहरन्ति—

स श्यामः, मैत्रतनयत्वाद् इत्यत्र यावान्मैत्रतनयः स श्याम इति यथा ॥ ६-३६ ॥

सूत्रार्थ- व्याप्ति नहिं होते छते पण व्याप्ति जेवो आभास ते तर्काभास छे. जेम ते श्याम छे मित्रानो पुत्र होवाथी, कारण के अहिं जेटला मित्रना पुत्रो छे ते श्याम छे.

अव्याप्तौ व्याप्तिज्ञानं तर्काऽऽभास इत्यर्थः ॥ ३५ ॥

'स श्यामः, मैत्रतनयत्वात्' इत्यस्मिन्ननुमाने हेतोः सोपाधिकत्वात् साध्येन श्यामत्वेन सह व्याप्तिर्नास्ति तथापि 'यत्र यत्र मैत्रतनयत्वं तत्र तत्र श्यामत्वम्' इत्याकारकं यत् यत्र व्याप्तिज्ञानमुन्मज्जति स तर्काऽऽभास इत्यर्थः ॥ ३६ ॥

टीकार्थ- अव्याप्तिमां व्याप्तिनुं ज्ञान ते तर्काभास छे. ''तद् सत्वे तद् सत्त्वं'' आ होते छते ज आ होय ए अन्वयतर्क छे. तथा ''तद् असत्वे तद् असत्वं'' ते नहि होते छते ते न होय आ व्यतिरेक व्याप्ति (तर्क) कहेवाय छे ज्यां साचो तर्क होय त्यां व्याप्ति बराबर थाय छे परंतु ज्यां व्याप्ति साची नथी तेमां व्याप्तिनुं ज्ञान थाय तो ते तर्काभास छे जेम के यत्र यत्र वह्निमत्वं तत्र तत्र धूमवत्त्वं यथा महानसम् आम अहिं उपरछल्ली रीते व्याप्ति थई जाय अने साची पण लागे परंतु यत्र यत्र वहिनः तत्र तत्र धूमः यथा अयोगोलकः तो अयोगोलकमां धूम नथी एटले हकिकतथी व्याप्ति खोटी छे साची नथी पण व्याप्ति जेवी देखाई माटे तर्काभास छे. तेवी ज रीते प्रस्तुत (अनुमानमां) सः श्यामः मैत्रतनयत्वात्

आ अनुमानमां हेतु सोपाधिक छे. एटले के उपाधिवाळो छे. तेथी साध्य एवा श्यामत्वनी साथे व्याप्ति थती नथी. तो पण यत्र यत्र मैत्रतनयत्वं तत्र तत्र श्यामत्वं ईत्याकारक जे व्याप्तिज्ञान थाय छे ते तर्काभास कहेवाय छे (स)=अष्टमपुत्रः श्यामःमैत्रतनयत्वात् यथा सप्तपुत्राः, शाकाद्याहारपरिणामः सोपाधिक हेतु छे (ते श्याम छे मित्रानो पुत्र होवाथी, जोवामां आवता मित्रापुत्रना समूहनी जेम) आ अनुमानमां श्यामत्व साध्यनी साथे मैत्रतनयत्वात् हेतु व्यापक नथी कारण के तेनो आठमो पुत्र गौर-वर्णनो छे. साधनाव्यापकत्वेसति साध्येन समव्याप्तिकत्वः उपाधिः साधननो अव्यापक होते छते जे पदार्थ साध्यनी साथे समव्याप्ति वाळो होय ते उपाधि कहेवाय शाकाद्याहारपरिणाम ते मैत्रपुत्रत्व हेतुनो व्यापक नथी परंतु श्यामत्वनी साथे शाकाद्याहार-

પરિણામ વ્યાપ્ત છે. કારણ કે મૈત્રતનયમાં શાકાદ્યાહાર પરિણામ જેમાં છે તે શ્યામ છે માટે આ સોપાધિક હેતુ હોવાના કારણે આ તર્કાભાસ છે.

अनुमानाभासमाख्यान्ति—

અનુમાનાભાસ બતાવે છે.

पक्षाऽऽभासादिसमुत्थं ज्ञानमनुमानाऽऽ-
भासमवसेयम् ॥ ६-३७॥

સૂત્રાર્થ-પક્ષાભાસાદિથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે અનુમાનાભાસ જાણવાયોગ્ય છે.

अत्राऽऽदिपदेन हेत्वाभास-दृष्टान्ताऽऽभासोपनयाऽऽभास-निगमनाऽऽ-भासानां संग्रहः । स्पष्टमन्यत् ॥ ३७ ॥

ટીકાર્થ-અહિં મૂળસૂત્રમાં પક્ષાભાસઆદિથી એ પ્રમાણે કહ્યું તેથી આદિથી હેત્વાભાસ દૃષ્ટાન્તાભાસ ઉપનયાભાસ નિગમનાભાસનો સંગ્રહ જાણી લેવો અનુમાનાભાસ જણાવવો છે માટે અનુમાનના અંગ તરીકે પક્ષ સાધ્ય હેતુ દૃષ્ટાન્ત હોવા જોઈએ તે ચારેનો જે સમુચ્ચય તે અનુમાન છે. જેમાં સાધ્ય સધાય તે **પક્ષ,** જેના વડે સધાય તે **હેતુ,** સાધ્ય અને સાધન તે બંનેનો સહચાર જણાવનાર જે ઉદાહરણ તે **દૃષ્ટાન્ત,** આવા લક્ષણો ત્રીજા પરિચ્છેદમાં જણાવ્યા તે લક્ષણો લાગુ પડતા ન હોય ને છતા પક્ષ હેતુ દૃષ્ટાન્તાદિ માનીએ તો પક્ષાભાસ હેત્વાભાસ દૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

पक्षाभासान् प्ररूपन्ति—

તેમાં પક્ષાભાસ જણાવે છે.

तत्र प्रतीत-निराकृतानभीप्सितसाध्यधर्मविशेषणास्त्रयः
पक्षाऽऽभासाः ॥ ६-३८ ॥

સૂત્રાર્થ-તેમાં પ્રતીત નિરાકૃત અનભિપ્સિત એવા ત્રણે સાધ્ય ધર્મના વિશેષણવાળા જે પક્ષો તે પક્ષાભાસ કહેવાય છે.

प्रतीतसाध्यधर्मविशेषणः निराकृतसाध्यधर्मविशेषणः, अनभीप्सित-साध्यधर्मविशेषणश्चेति त्रयः पक्षाऽऽभासा इत्यर्थः । अप्रतीतानिराकृता-भीप्सितसाध्यधर्मविशिष्टधर्मिणां सम्यक्पक्षत्वं प्रागुपदर्शितम् ॥ ३८ ॥

ટીકાર્થ-પ્રતીતસાધ્યધર્મ-વિશેષણ, નિરાકૃતસાધ્યધર્મવિશેષણ, અને અનભિપ્સિતસાધ્યધર્મવિશેષણ એમ ત્રણ પ્રકારે પક્ષાભાસો છે. અપ્રતીત અનિરાકૃત અને અભીપ્સિતસાધ્યધર્મથી યુક્ત એવા ધર્મીઓને પૂર્વે (ત્રીજા પરિચ્છેદમાં) સમ્યગ્ પક્ષ તરીકે બતાવ્યા છે. તેથી સમ્યગ્ પક્ષથી વિપરીત પક્ષાભાસો છે. તેમ જાણવું (પ્રતીત=પ્રસિદ્ધ નિરાકૃત-ખંડિત થયેલ અનભિપ્સિત-કર્ત્તા એ નહીં ઇચ્છેલ)

तत्राद्यं पक्षाभासमुदाहरन्ति—

પ્રથમપક્ષાભાસનું ઉદાહરણ જણાવે છે.

प्रतीतसाध्यधर्मविशेषणो यथा-आर्हतान् प्रत्यवधारणवर्जं परेण प्रयुज्यमानः समस्ति जीव इत्यादिः। ॥ ६-३९ .॥

સૂત્રાર્થ- જેમ જૈનો પ્રત્યે એવકાર વર્જીને (અવધારણથી રહિત) "જીવ છે" એ પ્રમાણે બીજા (અન્યદર્શનકારો) ઓએ કરેલ પ્રયોગ પ્રતીત-સાધ્ય ધર્મવિશેષણ પક્ષાભાસ છે.

जैनान् प्रति 'समस्ति जीवः' इत्यवधारणार्थकैवकाररहितं वाक्यं यदा कश्चित् प्रयुङ्क्ते तदा तद्वचनं सिद्धसाधनापरपर्यायेण प्रतीतसाध्यधर्म-विशेषणदोषेण दूषितं भवति, जैनैश्च तावदनेकान्तात्मकं जीवादितत्त्वमङ्गी-कृतमेवेति तान् प्रति जीवास्तित्वसाधनं सिद्धसाधनमेवेति भावः ॥ ३९ ॥

ટીકાર્થ-જૈનો પ્રત્યે "જીવ છે" એમ અવધારણ ના અર્થવાળા એવકારથી રહિત એવા વાક્યને અન્યદર્શનકાર કહે છે. ત્યારે તેનું વચન સિદ્ધ થયેલી વાતને સાધનારું હોવાથી સિદ્ધસાધન એવું છે બીજુ નામ જેનું એવા પ્રતીત-સાધ્ય ધર્મ વિશેષણ દોષથી દૂષિત થયેલું છે કારણ કે જૈનો વડે જીવાદિતત્ત્વ-(સર્વેપદાર્થો) અનેકાંત સ્વરૂપે સ્વીકારેલા છે. એટલે જૈનો પ્રત્યે તો જીવ છે=જીવનું અસ્તિત્વ તે સિદ્ધસાધન છે. કોઈપણ જીવાદિપદાર્થો સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસ્તિ છે અને પરદ્રવ્યક્ષેત્ર-કાળ-અને ભાવની અપેક્ષા નાસ્તિ છે આવો સ્યાદ્વાદ-અનેકાંતવાદ જૈનોને માન્ય જ છે. માટે તે પ્રતીત સાધ્ય-ધર્મ-વિશેષણ-પક્ષાભાસ તરીકે મનાય છે.

द्वितीयपक्षाभासं भेदतो नियमयन्ति—

બીજા પક્ષાભાસના પ્રકારોનું કથન જણાવે છે.

निराकृतसाध्यधर्मविशेषणः प्रत्यक्षानुमानाऽऽगमलोकस्व-वचनादिभिः साध्यधर्मस्य निराकरणादनेकप्रकारः ।६-४०।

સૂત્રાર્થ- પ્રત્યક્ષ, અનુમાન, આગમ, લોક, અને સ્વવચન, આદિથી સાધ્યધર્મનું નિરાકરણ કરવાથી થતા "નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ" પક્ષાભાસ અનેક પ્રકારે છે.

प्रत्यक्षनिराकृतसाध्यधर्मविशेषणः, अनुमाननिराकृतसाध्यधर्मविशेषणः, आगमनिराकृतसाध्यधर्मविशेषणः, लोकनिराकृतसाध्यधर्मविशेषणः, स्ववचननिराकृतसाध्यधर्मविशेषणः, आदिपदात् स्मरणनिराकृतसाध्य-धर्मविशेषणः, प्रत्यभिज्ञाननिराकृतसाध्यधर्मविशेषणः, तर्कनिराकृतसाध्य-धर्मविशेषणश्चेति निराकृतसाध्यधर्मविशेषणोऽष्टप्रकार इत्यर्थः ॥ ४० ॥

ટીકાર્થ- (૧) પ્રત્યક્ષ નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૨) અનુમાન નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૩) આગમનિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૪) લોક નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૫) સ્વવચન નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ તથા સૂત્રમાં કહેલા આદિ પદથી (૬) સ્મરણ નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૭) પ્રત્યભિજ્ઞા નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ (૮) તર્ક નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ એ પ્રમાણે નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ આઠ પ્રકારે છે.

વિશેષાર્થ-નિરાકૃત=પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે જે ખંડિત છે એટલે કે આનામાં આ ન જ હોય એ ખબર હોવા છતાં સાધવું તે નિરાકૃત પક્ષાભાસ છે.

एषु प्रथमं प्रकारं प्रकाशयन्ति—

ઉપરોક્ત સૂત્રમાં જણાવેલ નિરાકૃત પક્ષાભાસો હવે પછીના સૂત્રોમાં સદૃષ્ટાન્ત જણાવે છે.

प्रत्यक्षनिराकृतसाध्यधर्मविशेषणो यथा-नास्ति भूतविलक्षण आत्मा ॥ ६-४१ ॥

સૂત્રાર્થ-જેમ ભૂતથી ભિન્ન આત્મા નથી આ પ્રત્યક્ષપ્રમાણથી નિરાકૃત (ખંડિત) સાધ્ય ધર્મ વિશેષણ પક્ષાભાસનું દૃષ્ટાન્ત છે.

प्रत्यक्षेण निराकृतः साध्यधर्मविशेषणो यस्य स प्रत्यक्षनिराकृत-साध्यधर्मविशेषणः पक्षाभासः, एवमग्रेऽपि ज्ञातव्यम् । स्वसंवेदनप्रत्यक्षेण पृथिव्यादिभूतेभ्यो विलक्षण आत्माऽस्तीति ज्ञायते, अनेन स्वसंवेदनप्रत्यक्षेण 'नास्ति भूतविलक्षण आत्मा' इति चार्वाकस्य प्रतिज्ञा बाधिताभवति, यथा-'वह्निरनुष्णः' इति प्रतिज्ञा बाह्येन्द्रियप्रत्यक्षेण बाधिता भवतीति ॥ ४१ ॥

टीकार्थ- પ્રત્યક્ષ પ્રમાણવડે નિરાકૃત છે સાધ્યધર્મવિશેષણ જેનું તે "પ્રત્યક્ષનિરાકૃત સાધ્યર્મ-વિશેષણ-પક્ષાભાસ" છે એમ હવે પછીના પક્ષાભાસોમાં પણ જાણવા યોગ્ય છે સ્વસંવેદન (અનુભવ)થી એટલે કે પોતાનાં જ્ઞાન દ્વારા પ્રત્યક્ષથી પૃથ્વી પાણી તેજ અને વાયુરૂપ ભૂતોથી આત્મા વિલક્ષણ (જુદો) છે એમ જણાય છે કારણ કે પાંચ ભૂતો ભેગા થાય તો આત્માનું અસ્તિત્વ જણાતું નથી માટે ભૂતોથી ચૈતન્યમય આત્મા જુદો છે એવું સ્વાનુભવપ્રત્યક્ષ વડે નિર્ણીત કરવાથી "भूतविलक्षण नास्ति आत्मा" આત્મા ભૂતથી જુદો નથી ભૂતમય છે એવી ચાર્વાક દર્શનની જે પ્રતિજ્ઞા છે તે બાધિત થાય છે ચાર્વાક=નાસ્તિકમતાનુસારી–આત્મા "भूतविलक्षणनास्ति" चैतनत्वात् આ પ્રમાણે અનુમાનમાં પ્રતિજ્ઞા-વચન કહે છે તેમની તે વાત પ્રત્યક્ષથી જ ખંડિત થઈ જાય છે. માટે તે પક્ષાભાસ છે. જેમ वह्निः अनुष्णः અગ્નિ ઠંડો છે. આવી પ્રતિજ્ઞા છે પ્રત્યક્ષથી જે ઠંડો નથી તેને ઠંડો કેમ મનાય તથા સધાય ? તેથી બાહ્યેન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણદ્વારા આ પ્રતિજ્ઞા બાધિત થાય છે તેથી તે પ્રત્યક્ષ નિરાકૃત સાધ્યધર્મ પક્ષાભાસ છે.

द्वितीयप्रकारं प्रकाशयन्ति—

अनुमाननिराकृतसाध्यधर्मविशेषणो

यथा नास्ति सर्वज्ञो वीतरागो वा ॥ ६-४२ ॥

सूत्रार्थ- જેમ "સર્વજ્ઞ અથવા વીતરાગ નથી" આ " અનુમાન સાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ" છે

'नास्ति सर्वज्ञो वीतरागो वा' इति प्रतिज्ञा 'यः कश्चिन्निर्हासाऽतिशयवान् स क्वचित् स्वकारणजनितनिर्मूलक्षयः, यथा कनकादिमलः, 'निर्हासाति-शयवती च दोषावरणे' इत्यनुमानबाधिता । अनेनानुमानेन यत्र च क्वचन पुरुषधौरेये दोषाऽऽवरणयोः सर्वथा प्रक्षयप्रसिद्धिः स एव सर्वज्ञो वीतरागो

वा । एवम् 'अपरिणामी शब्दः' इति प्रतिज्ञा 'शब्दः परिणामी कृत्तकत्वात्' इत्यनुमानेन बाध्यते इति ॥ ४२ ॥

टीकार्थ- સર્વજ્ઞ અર્થાત્ વીતરાગ નથી એમ (કોઇએ કરેલી) પ્રતિજ્ઞા (તેના પ્રતિસ્પદ્ધી અનુમાનવડે બાધિત થાય છે) આ જગતમાં જે કોઇ પદાર્થ હાનિ-વૃદ્ધિવાળા છે તે કોઇક વખત (કોઇક જગ્યાએ) પોતાના કારણથી ઉત્પન્ન થયેલા નિર્મૂલ એટલે સંપૂર્ણ ક્ષય=નાશવાળા હોય છે. જેમ કે સુવર્ણમાં રહેલ મેલ હાનિવૃદ્ધિવાળો છે માટે સંપૂર્ણ ક્ષય થવાના સ્વભાવવાળો છે એટલે સોનાનો મેલ જેમ જેમ સાફ થાય તેમ ચળકાટ વધતો રહે છે અને પૂર્ણ ઉજ્જવલતાને પામે છે (તેમ) सर्वज्ञः अस्तिः निर्हासाऽतिशयत्वात् (સર્વજ્ઞ છે રાગાદિ દોષોના ક્ષયથી અને આવરણના ક્ષયથી વૃદ્ધિને પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા છે) એટલે કે આવરણ અને દોષની હાનિ વૃદ્ધિવાળા છે માટે સંપૂર્ણ ક્ષય થવાના સ્વભાવવાળા છે આ રીતે પ્રસ્તુતમાં સર્વજ્ઞ અને વીતરાગની સિદ્ધિ આ અનુમાનથી બાધિત છે કારણ કે આ અનુમાનથી જ્યાં જે કોઇ ઉત્તમપુરુષવિશેષમાં દોષ અને આવરણનો સર્વથા સંપૂર્ણ નાશ પ્રસિદ્ધ છે તે પુરુષવિશેષ સર્વજ્ઞ કે વીતરાગ જ છે. એજ રીતે "શબ્દ અપરિણામી છે" એ પ્રતિજ્ઞા (પક્ષ) પણ "શબ્દ પરિણામી છે. કારણ કે કૃતકત્વ અન્યથા ઘટી શક્તુ નથી એવા અનુમાન દ્વારા બાધિત થાય છે માટે પૂર્વાનુમાનની પ્રતિજ્ઞા પક્ષાભાસ છે.

अथ तृतीयभेदमाहुः—

आगमननिराकृतसाध्यधर्मविशेषणो यथा

जैनेन रजनिभोजनं भजनीयम् ॥ ६-४३ ॥

सूत्रार्थ- "જૈનો એ રાત્રીભોજન કરવું જોઇએ" આ આગમનિરાકૃત સાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ છે.

जैनेन रजनिभोजनं भजनीयमिति प्रतिज्ञा-

"अत्थं गयम्मि आइच्चे पुरत्था य अणुग्गए ।
आहारमाइयं सव्वं मणसा वि न पत्थए ॥" [दसवै० ८। २८ ॥]

इति आगमवचनेन बाधिता भवतीत्यर्थः ॥ ४३ ॥

ટીકાર્થ–"જૈનોવડે રાત્રીભોજન કરવા યોગ્ય છે" આવી પ્રતિજ્ઞા છે અહિં જૈનોનું રાત્રી ભોજન આગમ પ્રમાણ વડે ખંડિત કરાય છે તે આ પ્રમાણે – દસવૈકાલિક સૂત્રમાં આઠમાં અધ્યયનમાં પૂજ્યપાદ શય્યંભવસૂરીમહારાજા એ જણાવ્યું છે કે સૂર્યઅસ્ત થઈ ગયા પછી તે પૂર્વદિશામાં ઉદય ન પામે ત્યાં સુધી એટલે કે સૂર્યાસ્ત થયા પછી બીજો સૂર્ય ઉદય ન પામે ત્યાં સુધી સર્વપ્રકારના આહારાદિકની મનથી પણ પ્રાર્થના ન કરે અર્થાત્ મનથી પણ ઇચ્છા ન કરે આ આગમવચનવડે સૂત્રોક્તા પ્રતિજ્ઞા (પક્ષ) બાધિત થાય છે માટે આગમ-નિરાકૃત-સાધ્ય-ધર્મવિશેષણ-પક્ષાભાસ છે.

चतुर्थं प्रकारं प्रथयन्ति—

लोकनिराकृतसाध्यधर्मविशेषणो यथा-न पारमार्थिकः प्रमाण-प्रमेयव्यवहारः ॥ ६-४४ ॥

સૂત્રાર્થ– જેમ પ્રમાણ અને પ્રમેય નો વ્યવહાર વાસ્તવિક નથી આ. લોકનિરાકૃતસાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ છે.

'प्रमाण-प्रमेयव्यवहारो न पारमार्थिकः' इति सौगतानां प्रतिज्ञा लोकेन लोकप्रतीत्या बाध्यते लोको हि प्रमाणं प्रमेय च सत्यत्वेनाङ्गी-कृत्यैव प्रवर्तते अन्यथा कस्यापि कस्मिन्नपि विषये प्रवृत्तिरेव न स्यात् । इयं लोकप्रतीतिर्न पृथक्प्रमाणत्वेनावधारणीया, अस्याः प्रत्यक्षादिष्वेवान्तर्भावात्, पृथग् निर्देशवस्तु शिष्यबुद्धिवैशद्यार्थमेवेति । एवं 'नरशिरः- कपालः शुचिः, प्राण्यङ्गत्वात्, शङ्खादिवत्' इत्यादीन्यप्युदाहरणानि द्रष्टव्यानि ॥ ४४ ॥

ટીકાર્થ– પ્રમાણ (જ્ઞાન) અને પ્રમેય (પદાર્થ) નો વ્યવહાર પારમાર્થિક નથી એવી શુન્યવાદી બૌદ્ધની પ્રતિજ્ઞા લોક એટલે કે લોક પ્રતીતિ વડે બાધિત થાય છે કારણ કે લોક પ્રમાણ અને પ્રમેયને સત્યપણાવડે કરીને (સાક્ષાત્કાર કરીને) જ પ્રવૃત્તિ કરે છે જો તે સત્ય ન જ હોય તો કોઈની પણ કોઇ પણ વિષયમાં પ્રવૃત્તિ જ ન થાય જેમ આ પુસ્તક છે તે લઈને પઠન કરવા બેઠા જો તે સત્ જ (સત્ય) ન હોય અને આકાશપુષ્પની જેમ અસત્ જ હોય તો તેનાથી પઠન-પાઠન ન થાય જેમ આકાશપુષ્પમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ જેવું કશું જ નથી તેમ પુસ્તકમાં પણ પ્રવૃત્તિ ન થવી જોઈએ પરંતુ પ્રવૃત્તિ વિગેરે થતું

દેખાય છે માટે પ્રમાણ અને પ્રમેયનો વ્યવહાર નિરર્થક નથી તાત્ત્વિક છે. તેથી પૂર્વની પ્રતિજ્ઞા લોકપ્રતીતિથી ખંડિત થવાના કારણે લોકનિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ છે.

પ્રશ્ન- લોકપ્રતીતિ જુદુ પ્રમાણ છે? ના, લોકપ્રતીતિ પણ પ્રત્યક્ષાદિ પ્રમાણોમાં અંતર્ભાવ થઇ જાય છે, તો પછી ભિન્ન નિર્દેશ શા માટે કર્યો છે?

ઉત્તર- લોકપ્રતીતિ પ્રત્યક્ષાદિ પ્રમાણોમાં સંમિલિત થતી હોવા છતાં જુદો નિર્દેશ ગ્રન્થકારે શિષ્યની બુદ્ધિને નિર્મળ કરવા એટલે કે વ્યુત્પન્ન કરવા માટે કર્યો છે. એજ પ્રમાણે नरशिरःकपालः शुचि, प्राण्यङ्गत्वात् शङ्खादिवत्। મનુષ્યની ખોપરી પવિત્ર છે, પ્રાણીનું અંગ હોવાથી શંખ અને છીપ વિગેરેની જેમ. દરિયા કિનારે પડેલા શંખ છીપ વિગેરેને લાવીને લોકો તેને પવિત્ર માનીને પૂજાદિ કરે છે તેમ આ માનવની ખોપરી બહુ પવિત્ર છે માટે સેવાદિ કરવા યોગ્ય છે આ લોકપ્રતીત નથી પરંતુ તે લોકની પ્રવૃત્તિથી વિરૂદ્ધ છે માટે બાધિત બનવાના કારણે લોકનિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ છે.

पञ्चमप्रकारं कीर्त्तयन्ति—

स्ववचननिराकृतसाध्यधर्मविशेषणो-यथा
नास्ति प्रमेय परिच्छेदकं प्रमाणम्॥ ६-४५॥

સૂત્રાર્થ- "જેમ પ્રમેયનો નિર્ણય કરાવનારા પ્રમાણ નથી." આ સ્વવચનનિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ પક્ષાભાસ છે.

'नास्ति प्रमेयपरिच्छेदकं प्रमाणम्' इति यो ब्रूते स 'ममेदं वचनं प्रमाणम्' इति मत्वैव ब्रूते, अन्यथा तेन मौनिनैवं स्थातव्यं, ब्रूवाणस्तु स्ववचनेनैव व्याहन्यते, तथाहि-परप्रत्यायनार्थमेव शब्दप्रयोगः, यदि स्ववचने प्रामाण्यग्रह एव नास्ति तर्हि तस्य परप्रत्यायनाय शब्दोच्चारणे प्रवृत्तिरेव न स्यात्, प्रवृत्तौ तु स्ववचने प्रामाण्यग्रहस्याऽऽवश्यकत्वाद् 'नास्ति प्रमेयपरिच्छेदकं प्रमाणम्' इति प्रतिज्ञा स्ववचनेनैव व्याहता भवतीति भावः। एवं 'निरन्तरमहं मौनी' इत्याद्यपि द्दश्यम्।

स्मरणनिराकृतसाध्यधर्मविशेषणो यथा- 'स सहकारतरुः फलशून्यः' इति कस्यचित् प्रतिज्ञा, सहकारतरुं यः फलविशिष्टत्वेन स्मरति, तस्य स्मरणेन

निराक्रियते । प्रत्यभिज्ञानिराकृतसाध्यधर्मविशेषणो यथा- सदृशोऽपि क्वचन वस्तुनि कश्चनोर्ध्वतासामान्यभ्रान्त्या प्रतिज्ञां कुरुते 'तदेवेदम्' इति तस्येयं प्रतिज्ञा तिर्यक्सामान्यावलम्बिना 'तेन सदृशम्' इति प्रत्यभिज्ञानेन बाध्यते । तर्कनिराकृतसाध्यधर्मविशेषणो यथा—'यो यस्तत्पुत्रः स स श्याम इति व्याप्तिः समीचीना' इत्ययं 'पक्ष यो जनन्युपभुक्तशाकाद्याहारपरिणामपूर्वकस्तत्पुत्रः स श्यामः' इति व्याप्तिग्राहकेण सम्यक्तर्केण व्याहन्यते ॥ ४५ ॥

टीकार्थ- પ્રમાણ "પ્રમેયને જણાવનારું નથી." એ પ્રમાણે જે કોઈ પણ વ્યક્તિ બોલે છે. તે વ્યક્તિ "મારું આ વચન પ્રમાણ છે" એમ જાણીને જ બોલે છે, જો મારું વચન પ્રમાણ છે એમ ન માનતા હોય તો તેના વડે મૌન જ રહેવા યોગ્ય છે, કારણ કે પ્રમેયનો નિશ્ચય કરાવનાર (જણાવનાર) પ્રમાણ નથી આ પોતાના વચનને પ્રમાણ કરીને બોલે છે, માટે પોતાના વચન વડે જ પોતે વ્યાઘાત પામે છે (બાધિત થાય છે.) તે આ પ્રમાણે, બીજાને સમજાવવા માટે જ શબ્દ પ્રયોગ છે. જેને પોતાના વચનમાં પ્રમાણતાનો આગ્રહ જ નથી તેને બીજાને સમજાવવાને માટે શબ્દના ઉચ્ચારણમાં પ્રવૃત્તિ ન જ કરાય અને પ્રવૃત્તિ કરે ત્યારે પોતાના વચનમાં પ્રમાણનો આગ્રહ આવશ્યક હોવાથી પ્રમાણ તે પ્રમેયને જણાવનારું નથી એ પ્રમાણેની પ્રતિજ્ઞા સ્વવચન વડે જ ખંડિત થાય છે. (એટલે કે એક બાજુ પ્રમેયને જણાવનાર પ્રમાણ નથી આ પોતાની પ્રતિજ્ઞા જો પ્રમાણભૂત નથી-અયથાર્થ છે તો તેના દ્વારા તે બીજાનો નિષેધ કઈ રીતે કરી શકે અને જો પોતાનું પ્રતિજ્ઞા વાક્ય પ્રમાણ છે, તેમ માને તો પોતે એક વાક્યને પણ પ્રમાણ માન્યુ તેથી પોતે પોતાનાવડે ખંડિત થયો તેથી તે સ્વવચન-નિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ છે.) એજ પ્રમાણે હું "હંમેશા મૌની છું" એવું એક વચન બોલનાર મૌનપણાની પ્રસિદ્ધિ તેના એક વાક્ય વડે ખંડિત થાય છે.

સૂત્ર-૪૦માં દર્શાવેલ આદિ શબ્દોથી સ્મરણનિરાકૃતસાધ્યધર્મ વિશેષણ પ્રત્યભિજ્ઞાનિરાકૃત સાધ્યધર્મ વિશેષણ અને તર્કનિરાકૃતસાધ્યધર્મવિશેષણને જણાવે છે. જેમ "તે આંબાનું વૃક્ષ ફલથી શૂન્ય છે" આવી કોઈની પ્રતિજ્ઞા કરે છે. [આજે ફળથી રહિત આંબો જોયો પછી તેને તરત જ યાદ આવ્યું કે આ ખોટુ બોલાયું છે કારણ કે થોડા સમય પહેલા આંબાનું ઝાડ ફલથી વિશિષ્ટ

જોયું હતું] તે આમ્ર વૃક્ષને ફળથી વિશિષ્ટપણાવડે સ્મરણ કરે છે. (ત્યારે ફલથી રહિત આ આંબાનું ઝાડ છે એવું જે આજે કહેવાયું તે) તેના સ્મરણ વડે ખંડન કરાય છે માટે તે સ્મરણનિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ કહેવાય છે.

જેમ સરખે-સરખી કોઇ વસ્તુમાં કોઇ ઉર્ધ્વતા સામાન્યની ભ્રાન્તિવડે પ્રતિજ્ઞા કરે છે "તે જ આ છે" એવી જ્ઞાતાપુરૂષની પ્રતિજ્ઞા તિર્યગ્સામાન્યના અવલંબન વડે "આ તેના સરખું છે." એ પ્રમાણેની પ્રત્યભિજ્ઞા વડે બાધિત થાય છે, તાત્પયાર્થ આ પ્રમાણે છે સંકલનાત્મક જ્ઞાન તે પ્રત્યભિજ્ઞા છે તેમાં ચૈત્ર અને મૈત્ર બે મુખાકૃતિથી સમાન છે હવે કોઇ પુરૂષે કાલે ચૈત્રને જોયો હતો આજે મૈત્ર સામે આવ્યો છે, હવે શરીરમુખની સમાનતાના કારણે ઉર્ધ્વતા સામાન્યની અપેક્ષાએ મૈત્ર કહેવાને બદલે સોડ્યં તે આ ચૈત્ર છે કે મેં જેને કાલે જોયો હતો તે મૈત્રની અંદર તેની તિર્યગ્ સામાન્યની અપેક્ષાએ સમાનતાના કારણે જે ભ્રાન્તિ થાય છે તે પ્રત્યભિજ્ઞા-નિરાકૃત-સાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ છે.

જેમ-જે જે તેના (મિત્રાના) પુત્ર છે તે તે શ્યામ છે એ પ્રમાણેની વ્યાપ્તિ કરાઇ એટલે કે જે જે મિત્રાના પુત્ર હોય તે તે શ્યામ છે આ વ્યાપ્તિ મિત્રાના સાત પુત્રો સુધી તો સંગત છે-સત્ય છે, આ પ્રતિજ્ઞા પણ **शाकपाकजन्यत्व** એટલે કે જે પુત્રની માતાએ કાળાદિ દ્રવ્યો ખાધા છે તેથી તે કાળા =માતા વડે ખવાયેલા શાકાદિના આહાર વડે પરિણામપૂર્વકનું પુત્રત્વ જેનામાં છે, તે શ્યામ છે એવી વ્યાપ્તિના ગ્રહણ કરનાર તર્ક વડે ખંડિત થાય છે માટે તર્કનિરાકૃત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ છે તેમ જાણવું.

આવી રીતે નિરાકૃત સાધ્યધર્મ વિશેષણ પક્ષાભાસ આઠ પ્રકારે જણાવ્યું

द्वितीयं पक्षाभासं सभेदमुपदर्श्य तृतीयमुपदर्शयन्ति—

અનભીપ્સિત પક્ષાભાસનું ઉદાહરણ જણાવે છે;

अनभीप्सितसाध्यधर्मविशेषणो यथा—स्याद्वादिनः
शाश्वतिक एव कलशादिरशाश्वतिक एव वेति वदतः ।४६।

સૂત્રાર્થ- જેમ કલશાદિ શાશ્વત (એકાંતનિત્ય) જ છે અથવા અશાશ્વત (એકાંતેઅનિત્ય) જ છે એ પ્રમાણે બોલનાર સ્યાદ્વાદીની આ પ્રતિજ્ઞા અનભીપ્સિત-સાધ્યધર્મ-વિશેષણ-પક્ષાભાસ છે.

स्याद्वादिभिस्तावत् पदार्थानां कथञ्चिन्नित्यानित्यत्वमेवाङ्गीकृतं तथापि कदाचिदसौ स्याद्वादी सभाक्षोभादिना 'घटो नित्य एव' अथवा 'घटोऽनित्य एव' इति प्रतिज्ञां करोति तदा तस्येयं प्रतिज्ञाऽनभीप्सितसाध्यधर्मविशेषण-दोषेण दूषिता भवति, स्याद्वादिनो हि सर्वत्र वस्तुनि नित्यत्वैकान्तोऽनित्यत्वै-कान्तो वा नाभीप्सितः ॥ ४६ ॥

टीकार्थ- સ્યાદ્વાદીઓ વડે પદાર્થોનું કથંચિત્ નિત્યત્વ તથા કથંચિત્ અનિત્યત્વ સ્વીકાર્યું છે તો પણ ક્યારેક આ સ્યાદ્વાદી સભાક્ષોભ અનાભોગ આદિના કારણે ઘટ નિત્ય જ છે અથવા ઘટ અનિત્ય જ છે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરે છે ત્યારે તેની આ પ્રતિજ્ઞા અનભીપ્સિત સાધ્યધર્મ વિશેષણ દોષ વડે દૂષિત થાય છે, કારણ કે સ્યાદ્વાદિઓને સર્વેવસ્તુમાં એકાંતે નિત્યપણું કે એકાંતે અનિત્યપણું ઈચ્છિત નથી માટે તે અનભીપ્સિત-સાધ્યધર્મ-પક્ષાભાસ છે.

पक्षाऽऽभासन् निरूप्य हेत्वाभासनाह :—

પક્ષાભાસોનું નિરૂપણ કરીને હેત્વાભાસોને હવે જણાવે છે.

असिद्ध-विरूद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥ ६-४७॥

सूत्रार्थ- (૧) અસિદ્ધ (૨) વિરૂદ્ધ (૩) અનૈકાન્તિક આ ત્રણ પ્રકારે હેત્વાભાસો છે.

व्याप्त्याश्रयाभावादहेतवोऽपि हेतुवदाभासन्ते इति हेत्वाभासाः— दुष्टहेतव इत्यर्थः, ते चाऽसिद्ध-विरूद्धानैकान्तिकभेदेन त्रिविधाः ॥ ४७ ॥

टीकार्थ- વ્યાપ્તિના આશ્રયભૂત એવા હેતુના અભાવથી અહેતુ હોવા છતાં પણ હેતુની જેમ જણાય છે તે હેત્વાભાસો એટલે કે દુષ્ટ હેતુઓ છે, તે અસિદ્ધ વિરૂદ્ધ અને અનૈકાન્તિકના ભેદ વડે ત્રણ પ્રકારે છે.

तत्रासिद्धमभिदधति—

હવે અસિદ્ધ હેત્વાભાસ બતાવે છે.

यस्यान्यथाऽनुपपत्तिः प्रमाणेन न
प्रतीयते सोऽसिद्धः॥ ६-४८॥

सूत्रार्थ- જે હેતુની અન્યથા અનુપપત્તિ=વ્યાપ્તિ (જે હોવા છતાં જે હોય) પ્રમાણ વડે પ્રતીત ન હોય તે અસિદ્ધ હેત્વાભાસ છે.

यस्य हेतोः केनापि प्रमाणेनान्यथाऽनुपपत्तिर्न प्रतीयते सोऽसिद्धः, निश्चितान्यथाऽनुपपत्येकलक्षणत्वाद्धेतोः ॥ ४८ ॥

टीकार्थ- જે હેતુની કોઈ પણ પ્રમાણ વડે અન્યથા અનુપપત્તિ પ્રતીત ન થાય તે અસિદ્ધ હેત્વાભાસ છે કારણ કે હેતુ નિશ્ચિત અન્યથા અનુપપત્તિ એક લક્ષણવાળો છે.

अथामुं भेदतो दर्शयन्ति—

અસિદ્ધ હેત્વાભાસના પ્રકારો જણાવે છે.

स द्विविध उभयासिद्धोऽन्यतरासिद्धश्च ॥ ६-४९ ॥

સૂત્રાર્થ- અસિદ્ધ હેત્વાભાસ બે પ્રકારે છે, (૧) ઉભયાસિદ્ધ (૨) અન્યતરાસિદ્ધ.

स हेतुर्द्विविधः। यो वादि- प्रतिवादिसमुदायरूपस्योभयस्यासिद्धः स उभयाऽसिद्धः। यस्त्वन्यतरस्य वादिनः प्रतिवादिनो वाऽसिद्धः सोऽन्यतराऽसिद्ध इत्यर्थः ॥ ४९ ॥

टीकार्थ- તે હેતુ બે પ્રકારે છે, જે વાદી અને પ્રતિવાદી ઉભયને અસિદ્ધ હોય તે ઉભયાસિદ્ધ છે. અને જે વાદી કે પ્રતિવાદી એ બન્નેમાંથી એકને અસિદ્ધ હોય તે અન્યતરાસિદ્ધ હેત્વાભાસ છે.

तत्राद्यभेदं वदन्ति—

હવે બન્ને અસિદ્ધ હેત્વાભાસના દૃષ્ટાન્તો જણાવે છે.

उभयासिद्धो यथा-परिणामी शब्दः चाक्षुषत्वात् ।६-५०।

સૂત્રાર્થ- ઉભયાસિદ્ધ હેત્વાભાસ જેમ કે- શબ્દ પરિણામી છે ચક્ષુનો વિષય હોવાથી....

शब्दे चाक्षुषत्वं वादि-प्रतिवादिनोरुभयोरप्यसिद्धं, श्रावणत्वात् शब्दस्य, तस्मादयं हेतुरूभयासिद्ध इत्यर्थः ॥ ५० ॥

टीकार्थ- શબ્દમાં ચાક્ષુષપણું વાદી પ્રતિવાદી બન્નેને અમાન્ય છે, કારણ કે શબ્દનું શ્રાવણપણુ (શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણ થતું) હોવાથી ચક્ષુથી ગ્રહણ થતો નથી તેથી આ હેતુ બન્નેને અસિદ્ધ છે, માટે ઉભયાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.

द्वितीयं भेदं वदन्ति—

अन्यतरासिद्धो यथा-अचेतनास्तरवः,

विज्ञानेन्द्रियाऽऽयुर्निरोधलक्षणमरणरहितत्वात् ॥ ६-५१ ॥

सूत्रार्थ- अन्यतरासिद्ध हेत्वाभास જેમ કે- વૃક્ષો અચેતન છે કારણ કે વિજ્ઞાન ઈન્દ્રિય અને આયુષના નિરોધસ્વરૂપ મરણથી રહિત છે.

विज्ञानस्येन्द्रियाणामायुषश्च निरोधः- अभाव इति विज्ञानेन्द्रियायुर्निरोधः तल्लक्षणं यन्मरणं तदभावाद् इति बौद्धा वृक्षेषु अचेतनत्वप्रसाधनार्थं हेतुमुपन्यस्यन्ति तन्न युक्तम्, अस्य हेतोः प्रतिवाद्यसिद्धिकलङ्कदूषितत्वात् । प्रतिवादिनां जैनानामागमे विज्ञानेन्द्रियाऽऽयुषां वृक्षेषु प्रतिपादितत्वात् । वाद्यसिद्धेरूदाहरणं तु—'सुखादयोऽचेतनाः, उत्पत्तिमत्वात्' इत्यत्र वादिनः सांख्यस्योत्पत्तिमत्वमसिद्धं, तन्मते आविर्भावस्यैवाङ्गीकारात् ॥ ५१ ॥

टीकार्थ- વિજ્ઞાન-ઈન્દ્રિય અને આયુષનો નિરોધ એટલે કે અભાવ સ્વરૂપ જે મરણ, તે મરણનો અભાવ હોવાથી આ હેતુ બૌદ્ધો વૃક્ષમાં અચેતનપણું સિદ્ધ કરવા રજુ કરે છે. તે યોગ્ય નથી કારણ કે આ હેતુ વૃક્ષમાં ચૈતન્ય માનનાર પ્રતિવાદી એવા જૈનોને અસિદ્ધિના કલંકથી દૂષિત છે એટલે કે અમાન્ય છે કારણ કે પ્રતિવાદી જૈનોના આગમમાં વૃક્ષોમાં પણ વિજ્ઞાન ઈન્દ્રિય અને આયુષ્ય એ પ્રમાણથી સિદ્ધ કરેલું છે તેથી પ્રતિવાદી એવા જૈનોની અપેક્ષાએ અન્યતરાસિદ્ધ હેત્વાભાસ છે. કારણ કે વાદી એવા બૌદ્ધને માન્ય છે અને પ્રતિવાદી એવા જૈનોને અમાન્ય છે. વાદીને અસિદ્ધ એવું દૃષ્ટાન્ત– સુખવિગેરે અચેતન છે, ઉત્પત્તિ થતી હોવાથી. આ અનુમાનમાં બતાવેલો 'उत्पत्तिमत्त्वात्' હેતુ વાદીને અસિદ્ધ છે કારણ કે તેઓ સર્વત્ર માત્ર આવિર્ભાવને જ માને છે એટલે કે નિત્યવાદી સાંખ્યો પોતાના મતે કોઈપણ વસ્તુની ઉત્પત્તિ સ્વીકારતા નથી જેમ કરંડિયામાં સર્પ હોય તો તે તિરોભૂત છે જ્યારે કરંડિયો ખોલે તો તેની ફણા વિ. આવિર્ભૂત રૂપે દેખાય છે તેમ કોઈપણ પદાર્થમાં વસ્તુ સ્વરૂપે તે રહેલુ છે પરંતુ તે તે સહકારી કારણો મળતા તે પ્રગટ થાય છે. (બીજમા થડ-ફલ-ફૂલ-અંકુરાદિપણુ પડેલુ છે તે તે કારણોના સમવધાન થાય ત્યારે તે જ બીજમાંથી અંકુરો શાખા-પ્રશાખા ફૂલ ફળ પ્રાપ્ત

થાય છે.) પરંતુ તેના મતે ઉત્પત્તિ છે જ નહિ તેથી આ હેતુ, વાદી એવા સાંખ્યોને અમાન્ય છે અને પ્રતિવાદી એવા બૌદ્ધો અનિત્યવાદમાં અગ્રેસર હોવાથી તે ઉત્પત્તિ માને છે. માટે તેમને માન્ય છે માટે અન્યતરાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.

अधुना विरूद्धलक्षणमाचक्षते—

વિરૂદ્ધ હેત્વાભાસનું લક્ષણ જણાવે છે.

साध्यविपर्ययेणैव यस्यान्यथाऽनुपपत्तिरध्यवसीय-
ते स विरूद्धः ॥ ६-५२ ॥

सूत्रार्थ-સાધ્યથી વિપરિત પદાર્થ સાથે જે હેતુની અન્યથા-અનુપપત્તિ-વ્યાપ્તિનો નિશ્ચય થાય તે વિરૂદ્ધ-હેત્વાભાસ છે.

यस्यान्यथाऽनुपपत्तिः-अविनाभावः **साध्यविपर्ययेणैव साध्याभावेनैव निश्चीयते न तु साध्येन, स विरूद्ध इत्यर्थः ॥ ५२ ॥**

टीकार्थ- જે હેતુથી અન્યથા-અનુત્પત્તિ એટલે કે અવિનાભાવ સાધ્યના વિપરીતની સાથે એટલે કે સાધ્યના અભાવમાં જ નિશ્ચિત કરાય છે પરંતુ સાધ્યની સાથે નહીં તે વિરૂદ્ધ હેત્વાભાસ છે.

विशेषार्थ-જે સમ્યગ્ હેતું છે તે સાધ્યની સાથે અવિનાભાવી જોઈએ સાધ્યવિના ન હોવો જોઈએ એના બદલે જે હેતુ સાધ્યાભાવમાં વર્તે છે તે વિરૂદ્ધહેત્વાભાસ છે જેમકે *अयं साधुः कंचनकामीनीयुक्तत्वात्* અહીં "साधु" *જે साध्य, तेनुं विपर्यय गृहस्थ जे साध्याभाव छे त्यां कंचनकामीनीयुक्तत्वात्* હેતુ જતો હોવાથી તે વિરૂદ્ધ છે.

अत्रोदाहरणम्—

વિરૂદ્ધહેત્વાભાસનું દૃષ્ટાન્ત બતાવે છે.

यथा-नित्य एव पुरुषोऽनित्य एव वा,
प्रत्यभिज्ञानादिमत्त्वात् ॥ ६-५३ ॥

सूत्रार्थ- જેમકે–પુરુષ નિત્ય જ છે, અથવા અનિત્ય જ છે, કારણ કે તે પ્રત્યભિજ્ઞાનાદિવાળો છે.

'पुरुषो नित्य एव प्रत्यभिज्ञानादिमत्त्वात्' अस्मिन्ननुमाने हेतोः सर्वथा नित्यत्वविशिष्टसाध्यविपरीतेन परिणामिपुरुषेण व्याप्तत्वाद् विरुद्धत्वं, नहि स्थिरैकरूपस्य पुरुषस्य 'सोऽयं देवदत्तः' इत्यादिरूपं प्रत्यभिज्ञानं सम्भवति; सुषुप्ताद्यवस्थायामिव बाह्यार्थग्रहणे प्रवृत्यभावात् । बाह्यार्थग्रहणे प्रवृते सति पुरुषस्य स्थिरैकरूपत्वहानिः स्यात्, बाह्यार्थग्रहणरूपेण परिणतत्वात्, तस्मान्न स्थिरैकरूपे पुरुषे कदाचिदपि प्रत्यभिज्ञानं सम्भवति । एवमेव 'पुरुषोऽनित्य एव, प्रत्यभिज्ञानादिमत्वात्' इति सौगतानुमाने हेतोर्निरन्वयविनासलक्षणाऽनित्यैकरूपसाध्यविपरीतेन परिणामिपुरूषेण व्याप्तत्वाद् विरूद्धत्वम् ।

अयमर्थः—अन्यत्र देशे काले वा अनुभूतस्य वस्तुनोऽन्यत्र देशे काले वा पुनरनुभवे पूर्वदृष्टत्वेन स्मरणे च सति यत् 'सोऽयं' इत्याकारकं ज्ञानमुन्मज्जति तत् प्रत्यभिज्ञानम् । बौद्धमते तावदात्मनः क्षणिकत्वाद् य आत्मा प्रागनुभूतवान् वस्तु, स आत्मा तदानीमेव विनष्ट इति तेन तद्वस्तु पुनरपि द्रष्टुं स्मर्तुं वानशक्यत इति न प्रत्यभिज्ञानादिमत्त्वं आत्मनः सिध्यति। एवं च नानित्यत्वैकान्तेन साकं प्रत्यभिज्ञानादिमत्वस्य व्याप्तिरस्ति, अपि तु कथञ्चिन्नित्याऽनित्यत्वेन सहैवेति विरूद्धोऽयं बौद्धमते हेतुः ॥ ५३ ॥

टीकार्थ-"पुरुष नित्य જ છે. प्रत्यज्ञानादिवाળो છે" આ અનુમાનમાં હેતુ સર્વથા નિત્યત્વથી વિશિષ્ટ એવા સાધ્યની સાથે વર્તતો નથી પરંતુ સાધ્યાભાવ એવા પરિણામી પુરુષમાં વ્યાપ્ત (રહેતો) હોવાથી વિરૂદ્ધ થાય છે. કારણ કે સ્થિર એક સ્વરૂપવાળા પુરુષને "તે આ દેવદત્ત છે" ઈત્યાદિ સ્વરૂપ પ્રત્યભિજ્ઞાન સંભવતું નથી એટલે કે પ્રત્યભિજ્ઞાનમાં સ્મરણ અને અનુભવ બે અવસ્થારૂપ સંકલનાત્મકજ્ઞાન હોય છે એકાંતે નિત્યમાં બે અવસ્થા ઘટી શકે નહીં સુષુપ્ત અવસ્થામાં રહેલા જીવની જેમ એટલે નિદ્રામાં રહેલા જીવની જેમ બાહ્ય પદાર્થ ગ્રહણ પ્રવૃત્તિ નો અભાવ હોય છે (કદાચ) બાહ્ય પદાર્થગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે છતે પુરુષની સ્થિર એક-રૂપપણાની હાની થાય છે. કારણ કે પુરુષ બાહ્યપદાર્થને ગ્રહણ કરવા દ્વારા પરિણામ પામેલો હોવાથી, તે સ્થિર એવા એક સ્વરૂપ પુરુષમાં ક્યારેપણ પ્રત્યભિજ્ઞાન સંભવતું નથી એજ પ્રમાણે"पुरुषोऽनित्य एव प्रत्यभिज्ञानादिमत्वात्" "પુરુષ અનિત્ય જ છે પ્રત્યભિજ્ઞાનવાળો છે" આ બૌદ્ધમાન્ય આ અનુમાનમાં હેતુ

નિરન્વયવિનાશ (અંશ પણ ન રહે તેવો નાશ) પામવા સ્વરૂપ જે અનિત્ય સ્વરૂપ સાધ્યથી વિપરિત એવા પરિણામી પુરુષની સાથે આ હેતુ વ્યાપ્ત હોવાથી વિરૂદ્ધ છે. એટલે કે બીજા દેશમાં અથવા કાળમાં અનુભવેલી વસ્તુનું બીજા દેશ-કાળમાં ફરીથી અનુભવ થયે છતે પૂર્વ જોયેલાનું સ્મરણ થાય ત્યારે સોડયં તે આ છે એવા આકારવાલું જે જ્ઞાન ઉત્પન્ન થાય તે પ્રત્યભિજ્ઞાન છે બોદ્ધના મતે વસ્તુ ક્ષણિક હોવાથી જે આત્મા વસ્તુને અનુભવી તે આત્મા તે જ વખતે વિનાશ પામ્યો હોવાથી વસ્તુ તેના વડે ફરીથી જોવાને કે સ્મરણકરવાને જ શક્ય જ નથી આથી અનિત્ય આત્માનું પ્રત્યભિજ્ઞાનવાળાપણું સિદ્ધ થતું નથી માટે એકાંતે અનિત્ય ની સાથે પ્રત્યભિજ્ઞાનાદિ હેતુની વ્યાપ્તિ થતી નથી પરંતુ કથંચિત્ અનિત્ય કે કથંચિત્ નિત્ય ની સાથે **प्रत्यभिज्ञानादिमत्वात्** હેતુની વ્યાપ્તિ થઇ શકે છે માટે બૌદ્ધમતમાં આ હેતુ વિરૂદ્ધ છે તેમ જાણવું.

अनैकान्तिकस्वरूपं प्ररूपयन्ति—

અનૈકાન્તિક હેત્વાભાસનું સ્વરૂપ જણાવે છે.

यस्यान्यथानुपपत्तिः सन्दिह्यते सोऽनैकान्तिकः ॥ ६-५४॥

સૂત્રાર્થ-જે હેતુની અન્યથા અનુપપત્તિમાં સંદેહ થાય છે હેતુ અનૈકાન્તિક છે.

यस्य हेतोः अन्यथानुपपत्तिः—साध्येन सहाऽविनाभावः सन्दिह्यते—क्वचित् साध्याधिकरणे क्वचित् साध्याऽभावाधिकरणे हेतोर्वर्तनात् संदेहविषयो भवति सोऽनैकान्तिकः ॥ ५४ ॥

ટીકાર્થ-જે હેતુની અન્યથાઅનુપપત્તિ એટલે સાધ્યની સાથે અવિનાભાવ સંદેહવાલો છે. એટલે કે હેતુ કોઈવખત સાધ્યના અધિકરણમાં (સાધ્ય સાથે) દેખાય છે અને કોઇ ઠેકાણે સાધ્યના અભાવની સાથે વર્તે છે. તે હેતુ અનૈકાન્તિક કહેવાય છે.

વિશેષાર્થ-સમ્યગ્ હેતુ સપક્ષમાં જ રહે પરંતુ જે હેતુ સપક્ષમાં અને વિપક્ષમાં પણ વર્તે તે હેતુ અનૈકાન્તિક (વ્યભિચારી) કહેવાય છે જેમ—**इयं गौः शृङ्गिमत्त्वात्** અહિં શૃંગિત્વ હેતુ ગાયમાં રહે છે અને સાધ્યાભાવ મહિષાદિમાં પણ રહે છે તેથી શિંગડાવાળાપણુ માત્ર દેખાવાથી આ ગાય હશે કે મહિષાદિ ? એમ જે હેતુની અન્યથા અનુપપત્તિ શંકાવાળી રહે તે અનૈકાન્તિક હેતુ જાણવો.

एतद्भेदसङ्ख्यामाख्यान्ति—

તેના ભેદો જણાવે છે.

स द्वेधा- निर्णीतविपक्षवृत्तिकः

सन्दिग्धविपक्षवृत्तिकश्च ॥ ६-५५ ॥

सूत्रार्थ- તે અનૈકાન્તિક હેત્વાભાસ બે પ્રકારે છે. નિર્ણીતવિપક્ષવૃત્તિક અને સંદિગ્ધવિપક્ષવૃત્તિક.

निर्णीता विपक्षे वृत्तिर्यस्यासौ निर्णीतविपक्षवृत्तिकः। संदिग्धा विपक्षे वृतिर्यस्य स संदिग्धविपक्षवृत्तिकः ।

अयमर्थः— यस्य हेतोर्विपक्षे साध्याऽभावाधिकरणे वृत्तिर्निश्चीयते स निर्णीतविपक्षवृत्तिकोऽनैकान्तिकः। यस्य तु विपक्षे वृत्तिः सन्दिह्यते स सन्दिग्धविपक्षवृत्तिकोऽनैकान्तिक इति ॥ ५५ ॥

टीकार्थ- નિર્ણીત, વિપક્ષમાં છે વૃત્તિ જેની આ નિર્ણીતવિપક્ષવૃત્તિવાળો અનૈકાન્તિક હેત્વાભાસ, સંદિગ્ધ વિપક્ષમાં છે વૃત્તિ જેની તે સંદિગ્ધવિપક્ષવૃત્તિ વાળો અનૈકાન્તિક હેત્વાભાસ છે. તેનો અર્થ આ પ્રમાણે છે—જે હેતુનો વિપક્ષમાં એટલે કે સાધ્યાભાવના અધિકરણમાં રહેવાનો નિશ્ચય કરાયો છે. તે નિર્ણીત-વિપક્ષવૃત્તિક-અનૈકાન્તિક છે. વળી જેની (હેતુની) વિપક્ષમાં સાધ્યાભાવમાં વૃત્તિ સન્દેહ કરાય છે તે સંદિગ્ધવિપક્ષવૃત્તિક અનૈકાન્તિક છે.

तत्राद्यभेदमुदाहरन्ति—

નિર્ણીતવિપક્ષવૃત્તિ હેત્વાભાસ નું ઉદાહરણ જણાવે છે.

निर्णीतविपक्षवृत्तिको यथा-नित्यः शब्दः,

प्रमेयत्वात्॥ ६-५६ ॥

सूत्रार्थ- જેમ શબ્દ નિત્ય છે પ્રમેય હોવાથી આ નિર્ણીતવિપક્ષવૃત્તિક હેત્વાભાસ છે.

'शब्दो नित्यः, प्रमेयत्वात्' इत्यस्मिन्ननुमाने प्रमेयत्वहेतोर्विपक्षे नित्यत्वाभावाधिकरणे,नित्ये घटादौ वृत्तिर्निणीयते, अतो भवति सन्देहः किमयं

हेतुर्नित्यत्वेन व्याप्त उताऽनित्यत्वेनेति ? तथा चाऽविनाभावस्य संदेहादयं हेतुर्निर्णीतविपक्षवृत्तिकोऽनैकान्तिक इत्यर्थः ॥ ५६ ॥

टीकार्थ-शब्दो नित्यः प्रमेयत्वात् આ અનુમાનમાં પ્રમેયત્વ હેતુ વિપક્ષરૂપ નિત્યત્વના અભાવવાળા અધિકરણ એવા અનિત્ય ઘટાદિમાં તેની વૃત્તિ નિર્ણીત થાય છે. આથી નિત્ય અને અનિત્ય ઊભયસ્થળે થતી પ્રતીતિ સમાન હોવાથી 'પ્રમેયત્વ' નિત્યસાથે અવિનાભૂત છે કે અનિત્ય સાથે અવિનાભૂત છે ? એવો સંદેહ થાય છે. એ પ્રમાણે અન્યથાનુપપત્તિમાં સંદેહ થતો હોવાથી આ હેતુ નિર્ણીત વિપક્ષવૃત્તિક-અનૈકાન્તિક છે તેમ જાણવું.

अथ द्वितीयभेदमुदाहरन्ति—

સંદિગ્ધ વિપક્ષવૃત્તિક હેત્વાભાસનું ઉદાહરણ જણાવે છે.

संदिग्धविपक्षवृत्तिको यथा-विवादपदाऽऽपन्नः पुरुषः सर्वज्ञो न भवति, वक्तृत्वात् ॥ ६-५७ ॥

સૂત્રાર્થ-જેમકે-વિવાદાસ્પદ પુરુષ સર્વજ્ઞ નથી કારણ કે વક્તા છે. આ સંદિગ્ધ-વિપક્ષવૃત્તિક અનૈકાન્તિક હેત્વાભાસ છે.

अस्मिन्ननुमाने ''वक्तृत्वात्'' इति हेतोर्विपक्षे सर्वज्ञे वृत्तिः संदिह्यते, 'किं सर्वज्ञे वक्तृत्वं वर्तते न वा' ?.इति । तस्मादयं हेतुः संदिग्ध विपक्षवृत्तिकोऽनैकान्तिक इति ॥ ५७ ॥

टीकार्थ- આ અનુમાનમાં 'वक्तृत्वात्' હેતુ વિપક્ષ એવા સર્વજ્ઞપુરુષમાં સંદિગ્ધવૃત્તિ છે. કારણ કે સર્વજ્ઞવક્તા છે કે વક્તા નથી એમાં સંદેહ છે તેથી આ હેતુ સંદિગ્ધવિપક્ષવૃત્તિક અનૈકાન્તિક હેત્વાભાસ છે.

अथ दृष्टान्ताऽऽभासान् प्रदर्शयन्ति-

દૃષ્ટાન્તાભાસો ને બતાવે છે.

साधर्म्येण दृष्टान्ताऽऽभासो नवप्रकारः । ६-५८ ॥

સૂત્રાર્થ- સાધર્મ્યથી દૃષ્ટાન્તાભાસ નવ પ્રકારે છે.

साधर्म्य-वैधर्म्यभेदेन दृष्टान्तस्य द्विविधत्वं प्राक् प्रदर्शितम् अतस्तदाभासस्यापि साधर्म्य वैधर्म्यभेदेन द्विविधत्वमर्थादायातम् । तत्र साधर्म्येण दृष्टान्ताऽऽभासो नव प्रकार इत्यर्थः ॥ ५८ ॥

ટીકાર્થ- સાધર્મ્ય અને વૈધર્મ્ય ભેદવડે દૃષ્ટાન્ત બે પ્રકારે છે તે ત્રીજા પરિચ્છેદમાં કહેવાઈ ગયું છે. તેનો એટલે કે દૃષ્ટાન્તનો આભાસ પણ સાધર્મ્ય અને વૈધર્મ્યના ભેદવડે બે પ્રકારે છે તેમ અર્થાપત્તિ થી જણાઈ આવે છે. તેમાં સાધર્મ્યથી દૃષ્ટાન્ત નવ પ્રકારે છે. તે પ્રકારો જણાવે છે.

प्रकारानेव कीर्त्तयन्ति—

साध्यधर्मविकलः, साधनधर्मविकलः, उभयधर्मविकलः, संदिग्धसाध्यधर्मा, सन्दिग्धसाधनधर्मा, सन्दिग्धोभयधर्मा, अनन्वयः, अप्रदर्शितान्वयः, विपरीतान्वयश्चेति ॥ ६-५९ ॥

साध्यधर्मविकलादिभेदेन साधर्म्यदृष्टान्ताऽऽभासो नवविध इत्यर्थः ॥५९॥

सूत्रार्थ- (१) साध्यधर्मविकल (२) साधनधर्मविकल (૩) ઊભય-ધર્મવિકલ (૪) સંદિગ્ધસાધ્યધર્મા (૫) સંદિગ્ધસાધનધર્મા (૬) સંદિગ્ધોભય-ધર્મા (૭) અનન્વય (૮) અપ્રદર્શિતાન્વય (૯) વિપરીતાન્વય આદિ નવ પ્રકારો સાધર્મ્યદૃષ્ટાન્તાભાસના છે.

क्रमेणामून् उदाहरन्ति—

સાધર્મ્ય દૃષ્ટાન્તાભાસના ઉદાહરણો ક્રમશઃ બતાવે છે.

तत्राऽपौरुषेयः शब्दः, अमूर्तत्वाद्,

दुःखवदिति साध्यधर्मविकलः ॥ ६-६० ॥

સૂત્રાર્થ-સાધ્યધર્મવિકલ જેમકે -શબ્દ અપૌરુષેય છે અમૂર્ત્ત હોવાથી દુઃખની જેમ

अत्र दृष्टान्ते दुःखे अपौरुषेयत्वं नास्ति, पुरुषव्यापारजन्यत्वाद् दुःखस्य। तस्मात् साध्यधर्मेणापौरुषेयत्वेन विकलत्वादयं साध्यर्मविकलाख्यो दृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ६० ॥

ટીકાર્થ-અહીં દૃષ્ટાન્ત એવા દુઃખમાં અપૌરુષેયપણું નથી કારણ કે દુઃખ પુરુષનાવ્યાપારથી ઉત્પન્ન થાય છે તેથી સાધ્યધર્મ અપૌરુષેયવડે દૃષ્ટાન્ત વિકલ હોવાથી સાધ્યધર્મ-વિકલ-દૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

तस्यामेव प्रतिज्ञायां तस्मिन्नेव
हेतौ परमाणुवदिति साधनधर्मविकलः ॥ ६-६१ ॥

सूत्रार्थ-તે જ પ્રતિજ્ઞામાં અને તેજ હેતુમાં પરમાણુની જેમ દૃષ્ટાન્ત સાધનધર્મથી વિકલ છે

'शब्दोऽपौरुषेयः, अमूर्तत्वात् परमाणुवत्' इत्यत्र यद्यपि परमाणौ साध्यधर्मोऽपौरुषेयत्वमस्ति तथापि साधनधर्मेऽमूर्तत्वं नास्ति तस्मात् साधनधर्मविकलोऽयं दृष्टान्तः ॥ ६१ ॥

टीकार्थ- શબ્દોઽપૌરુષેય અમૂર્તત્વાત્ પરમાણુવત્ અહીં આ અનુમાન જો કે પરમાણુમાં સાધ્યધર્મ અપૌરુષેયત્વ તો છે પરંતુ અમૂર્તત્વ રૂપ સાધનધર્મનો અભાવ છે કારણ કે પરમાણુ મૂર્ત છે. તેથી આ સાધનધર્મ-વિકલ-દૃષ્ટાન્તાભાસ છે.

कलशवदित्यभयधर्मविकलः ॥ ६-६२ ॥

सूत्रार्थ-કલશની જેમ ઉભયધર્મવિકલ છે.

'शब्दोऽपौरुषेयः, अमूर्तत्वात् कलशवत्' इत्यत्र दृष्टान्ते कलशे साध्यधर्मस्याऽपौरुषेयत्वस्य साधनधर्मस्याऽमूर्तत्वस्य चाभावात् साध्य-साधनोभयधर्मविकलत्वादुभयधर्मविकलः । कलशस्य पौरुषेयत्वाद् मूर्तत्वाच्चेति भावः ॥ ६२ ॥

टीकार्थ- શબ્દોઽપૌરુષેયઃ અમૂર્તત્વાત્ કલશવત્ આ અનુમાનમાં બતાવેલ કલશરૂપ દૃષ્ટાન્તમાં સાધ્યધર્મ અપૌરુષેયત્વનો તથા સાધનધર્મ અમૂર્તત્વનો અભાવ હોવાથી એટલે કે સાધ્ય અને સાધન એમ ઉભયવિકલ હોવાથી ઉભયધર્મવિકલ દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે કલશ (ઘટ) કુંભાર આદિ પુરુષ જન્ય છે તથા પ્રગટ દેખાતો હોવાથી મૂર્ત્ત છે માટે સાધ્ય-સાધન ઉભય વિકલતા છે.

रागादिमानयं, वक्तृत्वाद्,
देवदत्तवदिति सन्दिग्धसाध्यधर्मा ॥ ६-६३ ॥

सूत्रार्थ- આ (પુરુષ) રાગાદિયુક્ત છે, વક્તા હોવાથી દેવદત્તની જેમ દૃષ્ટાન્ત સંદિગ્ધ-સાધ્યધર્મનું છે.

'अयं रागादिमान्, वक्तृत्वात्, देवदत्तवत्' इत्यत्र दृष्टान्ते देवदत्ते रागादयः सन्ति न वा ? इति सन्देहो वर्तते, परचेतोविकाराणामप्रत्यक्षत्वात्, रागाद्यव्यभिचारिलिङ्गाभावादनुमानेनापि ज्ञातुमशक्यत्वाच्च । तस्मात् संदिग्धो रागादिमत्त्वलक्षणः साध्यधर्मो यत्र दृष्टान्तेऽसौ संदिग्धसाध्यधर्मा ॥ ६३ ॥

टीकार्थ- अयं रागादिमान् वक्तृत्वात् देवदत्तवत् એ પ્રમાણે આ અનુમાનમાં દૃષ્ટાન્ત એવા દેવદત્તમાં રાગાદિ છે કે નથી-એવો સંદેહ વર્તે છે. કારણ કે બીજાના ચિત્ત (મન) ના વિકારો પરોક્ષ છે. અને રાગાદિનું અવ્યભિચારી લિંગ કોઇ દેખાતું નથી (તેનો અભાવ હોવાથી) અનુમાન વડે પણ જાણવાને માટે અશક્ય છે. તેથી રાગાદિમત્વ સ્વરૂપ સાધ્યધર્મ જે દેવદત્ત દૃષ્ટાન્તમાં સંદિગ્ધ છે તેથી આ સંદિગ્ધસાધ્યધર્મા-દૃષ્ટાન્તાભાસ કહેવાય છે:

मरणधर्माऽयं, रागादिमत्त्वात्,
मैत्रवदिति सन्दिग्धसाधनधर्मा ॥ ६-६४ ॥

सूत्रार्थ- આ પુરુષ મરણધર્મથી યુક્ત છે રાગાદિમાન્ હોવાથી મૈત્રની જેમ આ સંદિગ્ધસાધનધર્મ-દૃષ્ટાન્તાભાસ છે.

'अयं मरणधर्मा, रागादिमत्त्वात् मैत्रवत्' इत्यत्र दृष्टान्ते मैत्रे साधनधर्मस्य रागादिमत्त्वस्य संदिग्धत्वात् सन्दिग्धसाधनधर्मनामको दृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ६४ ॥

टीकार्थ- अयं मरणधर्मा रागादिमत्त्वात् मैत्रवत् એ પ્રમાણે અહીં દૃષ્ટાન્ત એવા મૈત્રમાં સાધનધર્મ રાગાદિવાળાપણું તે સંદિગ્ધવૃત્તિ છે માટે આ સંદિગ્ધ સાધનધર્માદૃષ્ટાન્તાભાસ છે. મૈત્ર એવા દૃષ્ટાન્તમાં સાધ્યધર્મ મરણધર્મા તે નિશ્ચિત છે પરંતુ રાગદિમત્વ સાધન તે છદ્મસ્થ હોય તો હોઈ શકે અને કેવલી હોય તો ન પણ હોઈ શકે માટે સંદિગ્ધ છે.

नायं सर्वदर्शी, रागादिमत्वात्,
मुनिविशेषवदिति संदिग्धोभयधर्मा॥ ६-६५॥

सूत्रार्थ-આ પુરુષ સર્વદર્શી નથી, રાગાદિમાન્ હોવાથી, મુનિવિશેષની જેમ આ સંદિગ્ધોભયધર્મા-દૃષ્ટાન્તાભાસ છે.

दृष्टान्ते मुनिविशेषे साध्यधर्मस्य असर्वदर्शित्वस्य साधनधर्मस्य रागादिमत्त्वस्य च संशयविषयत्वादयं संदिग्धोभयधर्मा ॥ ६५ ॥

टीकार्थ- અહિં દૃષ્ટાન્તરૂપ મુનિવિશેષમાં સાધ્યધર્મ એવું અસર્વદર્શીપણાનું અને સાધનધર્મ રાગાદિમત્વપણાનો સંશયનો વિષયનો હોવાથી આ સંદિગ્ધઉભયધર્માદૃષ્ટાન્તાભાસ છે. એટલે કે મુનિવિશેષ તે જો સર્વજ્ઞ હોય તો તે રાગાદિવાળા નથી અને અસર્વજ્ઞ નથી આમ સાધ્ય-સાધન બંને ઈન્દ્રિયથી ગમ્ય નથી માટે શંકા થાય કે સામાન્યમુનિની જેમ વેષ તો છે જ માટે સાધ્ય-સાધન નિશ્ચિત ન થાય.

रागादिमान् विवक्षितः पुरुषः,
वक्तृत्वाद्, इष्टपुरुषवदित्यनन्वयः ॥ ६-६६ ॥

सूत्रार्थ- વિવક્ષિત પુરુષ રાગાદિવાળો છે, વક્તા હોવાથી, ઈષ્ટપુરુષની જેમ આ અનન્વય દૃષ્ટાન્તાભાસ છે.

'विवक्षितः पुरुषो रागादिमान्, वक्तृत्वाद्, इष्टपुरुषवत्' इत्यत्र दृष्टान्ते इष्टपुरुषे यद्यपि रागादिमत्त्वं वक्तृत्त्वं च साध्य-साधनधर्मौ दृष्टौ तथापि 'यो यो वक्ता स स रागादिमान्' इति व्याप्त्यभावादनन्वयलक्षणो दृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ६६ ॥

टीकार्थ- विवक्षितः पुरुषो रागादिमान्, वक्तृत्वात् इष्टपुरुषवत् એ પ્રમાણે ઈષ્ટપુરુષ એવા દૃષ્ટાન્તમાં રાગાદિવાળાપણું અને વકતૃત્વપણું એવા સાધ્ય અને સાધનધર્મ દેખાય છે પરંતુ જે જે વક્તા હોય તે તે રાગાદિવાળા હોય એવી વ્યાપ્તિનો અભાવ હોવાથી અનન્વય (જેનો અન્વય ન થતો હોય) દૃષ્ટાન્તાભાસ છે.

ઈષ્ટપુરુષ=ચૈત્રનામની વ્યક્તિમાં સાધ્ય "રાગાદિમાન્" અને સાધન "વકતૃત્વ" બન્ને ઘટે પરંતુ સર્વઠેકાણે વ્યાપ્તિનો અન્વયસિદ્ધ થતો નથી કારણ કે કેવલીમાં વક્તાપણું ઘટે પરંતુ રાગાદિમત્વપણું ઘટતું નથી એટલે જે જે વક્તા હોય તે રાગાદિમાન્ હોય એવી વ્યક્તિ કેવલીમાં ઘટતી નથી માટે આ અનન્વય દૃષ્ટાન્તાભાસ છે.

अनित्यः शब्दः, कृतकत्वाद्,
घटवदित्यप्रदर्शितान्वयः ॥ ६-६७॥

सूत्रार्थ-શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી ઘટની જેમ આ અપ્રદર્શિતાન્વય દૃષ્ટાન્તાભાસ છે.

अत्र दृष्टान्ते घटे 'यत्र यत्र कृतकत्वं तत्र तत्रानित्यत्वम्' इत्यन्वय-व्याप्तिर्वर्तते तथाऽपि वादिना वचनेन न प्रकाशितेत्यप्रदर्शितान्वयः ॥ ६७॥

टीकार्थ-અહિં દૃષ્ટાન્ત એવા ઘડામાં જ્યાં જ્યાં કૃત્રિમપણું છે ત્યાં ત્યાં અનિત્યપણું છે એમ અન્વયવ્યાપ્તિ ઘટે ખરી તો પણ સભાઆદિના ક્ષોભવડે કરીને જે પ્રમાણે વ્યાપ્તિ બોલવી જોઈએ તે પ્રમાણે બોલી ન શકે એટલે કે વાદીવડે પોતાના વચનવડે જે રીતે યથાર્થ બોલાવી જોઈએ તે રીતે પ્રકાશિત ન થાય તો અપ્રદર્શિતાન્વય દૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

अनित्यः शब्दः, कृतकत्वाद्,
यदनित्यं तत् कृतकं, घटवदिति विपरीतान्वयः ॥ ६-६८॥

सूत्रार्थ- શબ્દ અનિત્ય છે, કૃત્રિમ હોવાથી જે અનિત્ય હોય તે કૃતક હોય ઘડાની જેમ આ વિપરીતાન્વય છે.

अत्र 'यत् कृतकं तदनित्यम्' इत्यन्वये वक्तव्ये ''यदनित्यं तत् कृतकम्'' इति विपरीतमुक्तं तस्मादत्र विपरीतान्वयो दृष्टान्ताऽऽभासः ।

इदमत्र तात्पर्यम्- प्रसिद्धानुवादेन ह्यप्रसिद्धं विधीयते । प्रकृतानुमाने तु कृतकत्वं प्रसिद्धं, हेतुत्वेनोपादानात् । अनित्यत्वं चाप्रसिद्धं साध्यत्वेन निर्देशात् । यदित्यनुवादसर्वनाम्ना प्रसिद्धस्य हेतोरेव निर्देशो युक्तः, नाप्रसिद्धस्य साध्यस्य । वादिना तु यच्छब्देनाऽप्रसिद्धस्य साध्यस्य निर्देशः कृत इति विपरीतान्वयः प्रदर्शितः ॥ ६८ ॥

टीकार्थ- અહિં આ અનુમાનમાં જે કૃતક છે તે અનિત્ય છે એ પ્રમાણે અન્વયવ્યાપ્તિ કહેવા યોગ્ય છે છતાં (કોઈ) જે અનિત્ય છે તે કૃતક છે એ પ્રમાણે વિપરીત કહેવાય છે તેથી આ વિપરીતાન્વયદૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

તેનું રહસ્ય આ પ્રમાણે છે– પ્રસિદ્ધને દેખાડવા વડે અપ્રસિદ્ધને સમજાવ્વું જોઈએ. તેથી પ્રસ્તુત અનુમાનમાં હેતુ જે કૃતકત્વ છે તે પ્રસિદ્ધ છે કારણ કે

હેતુપણાવડે કરીને ગ્રહણ કરેલું છે. અને અપ્રસિદ્ધ એવું અનિત્યપણું સાધ્યપણાવડે નિર્દેશેલું છે. 'यद्' એ પ્રમાણે અનુવાદવાચી સર્વનામ વડે પ્રસિદ્ધ એવા હેતુનો જ નિર્દેશ કરવો કરવો તે યુક્ત છે. પરંતુ સાધ્ય જે અપ્રસિદ્ધ છે તેનો નિર્દેશ 'यद्' સર્વનામ વડે યુક્તિસંગત નથી પરંતુ કોઈવાદી વડે (સભા-ક્ષોભાદિના કારણે) यद् સર્વનામ વડે અપ્રસિદ્ધ એવા સાધ્યનો નિર્દેશ કરાયો તેથી વિપરીત બનવાથી એ પ્રમાણે વિપરીતઅન્વયદૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

વિશેષાર્થ–અનુમાનમાં સાધ્ય અપ્રસિદ્ધ હોય અને હેતુ પ્રસિદ્ધ હોય, ઉપર કહેલા અનુમાનમાં કૃતકત્વહેતુ પ્રસિદ્ધ છે અને અનિત્યત્વ સાધ્ય જાણીતું નથી-પ્રસિદ્ધ નથી, તેને પ્રસિદ્ધ કરવા જાણીતો હેતુ મૂકાય એટલે જાણીતા હેતુ વડે જ્ઞાત સાધ્ય સધાય પરંતુ કોઈ સાધ્યથી વ્યાપ્તિ કરે તો અજાણીતાથી જાણીતું કેવી રીતે સિદ્ધ કરાય? માટે તે આ વિપરીતાન્વયદૃષ્ટાન્તાભાસ છે.

अथ वैधर्म्यदृष्टान्ताभासमाहुः—

વૈધર્મ્યથી ૯ પ્રકારે દૃષ્ટાન્તાભાસ સમજાવે છે.

वैधर्म्येणापि दृष्टान्ताऽऽभासो नवधा ॥ ६-६९ ॥

असिद्धसाध्यव्यतिरेकः, असिद्धसाधनव्यतिरेकः,
असिद्धोभय-व्यतिरेकः, संदिग्धसाध्यव्यतिरेकः,
संदिग्धसाधनव्यतिरेकः, संदिग्धोभयव्यतिरेकः,
अव्यतिरेकः, अप्रदर्शितव्यतिरेकः,
विपरीत-व्यतिरेकश्च ॥ ६-७० ॥

असिद्धसाध्यव्यतिरेकादिभेदेन वैधर्म्येणापि दृष्टान्ताऽऽभासो नवप्रकार इत्यर्थः ॥ ७० ॥

सूत्रार्थ– વૈધર્મ્યથી પણ દૃષ્ટાન્તાભાસ નવ પ્રકારે છે. (૧) અસિદ્ધસાધ્ય વ્યતિરેક (૨) અસિદ્ધ-સાધન-વ્યતિરેક (૩) અસિદ્ધોભય-વ્યતિરેક (૪) સંદિગ્ધસાધ્ય-વ્યતિરેક (૫) સંદિગ્ધસાધન-વ્યતિરેક (૬) સંદિગ્દોભય-વ્યતિરેક (૭) અવ્યતિરેક (૮) અપ્રદર્શિત વ્યતિરેક (૯) વિપરીત વ્યતિરેક

अथैतान्, क्रमेणोदाहरन्ति—

વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસના ઉદાહરણો ક્રમશઃ જણાવે છે.

तेषु भ्रान्तमनुमानं, प्रमाणत्वात्,
यत्पुनर्भ्रान्तं न भवति न तत् प्रमाणं,
यथा स्वप्नज्ञानमित्यसिद्धसाध्यव्यतिरेकः,
स्वप्नज्ञानाद् भ्रान्तत्वस्याऽनिवृत्तेः ॥ ६-७१ ॥

सूत्रार्थ- અનુમાન ભ્રાન્ત છે કારણ કે તે પ્રમાણ છે. જે ભ્રાન્ત ન હોય તે, પ્રમાણ ન હોય જેમકે, સ્વપ્નજ્ઞાન, અહિં સ્વપ્નજ્ઞાનમાં ભ્રાન્તિરૂપ સાધ્યનો અભાવ નથી (તેથી) આ દૃષ્ટાન્ત અસિદ્ધ વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

अत्रानुमाने वैधर्म्यदृष्टान्तत्वेनोपन्यस्ते स्वप्नज्ञाने साध्य-व्यतिरेकस्य भ्रान्तत्वाभावस्यासिद्धत्वाद् असिद्धसाध्यव्यतिरेकोऽयं दृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ७१ ॥

टीकार्थ-અહીં અનુમાનમાં વૈધર્મ્યદૃષ્ટાન્ત દ્વારા ઉપન્યાસ કરાયેલ સ્વપ્નજ્ઞાનમાં પ્રમાણનો અભાવ છે. પરંતુ સાધ્યવ્યતિરેક એવા ભ્રાન્તનો અભાવ અસિદ્ધ=અમાન્ય હોવાથી એટલે કે સ્વપ્રજ્ઞાનમાં ભ્રાન્તરૂપ સાધ્યનો અભાવ નથી તેથી આ અસિદ્ધસાધ્યવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

निर्विकल्पकं प्रत्यक्षं, प्रमाणत्वाद्,
यत्तु सविकल्पकं न तत् प्रमाणं,
यथा लैङ्गिकमित्यसिद्धसाधनव्यतिरेकः,
लैङ्गिकात् प्रमाणत्वस्याऽनिवृत्तेः ॥ ६-७२ ॥

सूत्रार्थ-પ્રત્યક્ષ, નિર્વિકલ્પક છે, પ્રમાણ હોવાથી, સવિકલ્પ હોય તે પ્રમાણ ન હોય, જેમ કે-અનુમાન આ દૃષ્ટાન્તમાં અસિદ્ધ સાધન વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે અનુમાનમાં સાધન પ્રમાણત્વની અનિવૃત્તિ=અભાવ નથી.

अत्र लैङ्गिकमिति वैधर्म्यदृष्टान्तत्वेनाभिमतं, तत्र साधनव्यतिरेकस्य प्रमाणाऽभावस्याऽसिद्धत्वादसिद्धसाधनव्यतिरेक इति भावः ॥ ७२ ॥

टीकार्थ- આ અનુમાનમાં લૈઙ્ગિક=અનુમાન વૈધર્મ્યદૃષ્ટાન્તપણાવડે માન્યં છે તેમાં સાધનવ્યતિરેક એવા પ્રાણના અભાવનું અસિદ્ધપણું હોવાથી એટલે

કે અનુમાન પણ એક પ્રકારનું પ્રમાણ છે. માટે અસિદ્ધસાધન-વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

नित्यानित्यः शब्दः, सत्त्वात्,
यस्तु न नित्याऽनित्यः स न सन्,
तद्यथा स्तम्भ इत्यसिद्धोभयव्यतिरेकः,
स्तम्भान्नित्याऽनित्यत्वस्य सत्त्वस्य चाऽव्यावृत्तेः ॥ ६-७३ ॥

सूत्रार्थ-શબ્દ નિત્યાનિત્ય છે, સત્ હોવાથી જે નિત્યાનિત્ય ન હોય તે સત્ ન હોય જેમ કે-સ્તંભ, આમાં સ્તંભનું દૃષ્ટાન્ત અસિદ્ધોભય-વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે દૃષ્ટાન્ત એવા સ્તંભમાં નિત્યાનિત્ય સાધ્ય અને સત્ત્વ સાધનં એ ઉભયનો અભાવ છે.

अत्र वैधर्म्यदृष्टान्तत्वेनाभिमते स्तम्भे साध्यव्यतिरेकस्य नित्यानित्यत्वाभावस्य साधनव्यतिरेकस्य सत्त्वाभावस्य चाभावादसिद्धोभयव्यतिरेक इत्यर्थः ॥ ७३ ॥

टीकार्थ-અહીં આ અનુમાનમાં વૈધર્મ્યદૃષ્ટાન્ત તરીકે માન્ય એવા સ્તંભ દૃષ્ટાન્તમાં સાધ્યનો વ્યતિરેક એટલે કે નિત્યનિત્યાભાવ અને સાધનનો વ્યતિરેક એટલે કે સત્ત્વાભાવ એ બંને ન હોવાથી અસિદ્ધોભયવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે.

असर्वज्ञोऽनाप्तो वा कपिलः, अक्षणिकैकान्तवादित्वाद्,
यः सर्वज्ञ आप्तो वा स क्षणिकैकान्तवादी,
यथा सुगत इति संदिग्ध-साध्यव्यतिरेकः, सुगतेऽसर्वज्ञताऽनाप्तत्वयोः साध्यधर्मयोर्व्यावृत्तेः सन्देहात् ॥ ६-७४ ॥

सूत्रार्थ- કપિલ સર્વજ્ઞ કે આપ્ત નથી, કારણ કે એકાન્તે અક્ષણિકવાદી (નિત્યવાદી) છે. જે સર્વજ્ઞ કે આપ્ત હોય તે એકાંતક્ષણિકવાદી (અનિત્યવાદી) હોય જેમકે બૌદ્ધ, આમાં બૌદ્ધ દૃષ્ટાન્ત સંદિગ્ધ સાધ્યવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે કારણ કે સુગતમાં અસર્વજ્ઞત્વ અનાપ્તત્વ સાધ્ય ધર્મોના અભાવનો સંદેહ છે.

अत्र साध्यमसर्वज्ञत्वमनाप्तत्वं वा, तद्व्यतिरेकस्य सर्वज्ञत्वस्याऽऽप्तत्वस्य वा दृष्टान्ते सुगते संदिग्धत्वात् संदिग्धसाध्यव्यतिरेकदृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ७४ ॥

टीकार्थ-અહિં અનુમાનમાં સાધ્ય જે અસર્વજ્ઞપણું અર્થાત અનાપ્તપણું તેનો વ્યતિરેક જે સર્વજ્ઞપણું અથવા આપ્તપણું તે દૃષ્ટાન્ત એવા સુગતમાં (બૌદ્ધમાં) સંદિગ્ધ છે, માટે સંદિગ્ધસાધ્ય વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે, જો કે એકાંતે ક્ષણિકવાદીમાં અસર્વજ્ઞતા, અને અનાપ્તતાની સિદ્ધિ છે માટે આ દૃષ્ટાન્ત વાસ્તવિક રીતે તો અસિદ્ધસાધ્ય વ્યતિરેક જ છે પરંતુ એકાન્ત ક્ષણિકનું ખંડન કરનાર એવા પ્રમાણના માહાત્મ્યના જ્ઞાનથી જેઓ રહિત છે તેવા પ્રમાતાઓને સંદેહ થતો હોવાથી તેઓની અપેક્ષાએ સંદિગ્ધસાધ્યવ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ છે.

अनादेयवचनः कश्चिद् विवक्षितः पुरुषः, रागादिमत्वाद्,
यः पुनरादेयवचनः स वीतरागः,
तद्यथा शौद्धोदनिरिति संदिग्धसाधन-व्यतिरेकः,
शौद्धोदनौ रागादिमत्वस्य निवृत्तेः संशयात् ॥ ६-७५ ॥

सूत्रार्थ- કોઇ વિવક્ષિત પુરુષ અગ્રાહ્ય વચનવાળો છે રાગાદિમાન્ હોવાથી, જે આદેય વચનવાળો હોય છે તે વીતરાગ હોય છે જેમ કે બૌદ્ધ. આ દૃષ્ટાન્ત શૌદ્ધોદનિમાં સંદિગ્ધસાધન-વ્યતિરેક-દૃષ્ટન્તાભાસ છે કારણ કે બૌદ્ધમાં "રાગાદિમત્વ" સાધનની નિવૃત્તિનો સંશય છે.

अत्रानुमाने साधनं रागादिमत्वं, तद्व्यतिरेकस्य रागादिमत्वाभावस्यदृष्टान्ते शौद्धोदनौ संदिग्धत्वात् संदिग्धसाधनव्यतिरेक इति ॥ ७५ ॥

टीकार्थ- આ અનુમાનમાં સાધન જે રાગાદિમત્વ તેનો જે વ્યતિરેક એટલેકે રાગાદિમત્ત્વાભાવ (વીતરાગતા) દૃષ્ટાન્ત એવા બૌદ્ધમાં સંદિગ્ધ છે માટે સંદિગ્ધસાધન-ધર્મવ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ છે.

न वीतरागः कपिलः, करूणाऽऽस्पदेष्वपि परमकृपयाऽन-
र्पितनिजपिशितशकलत्वात्, यस्तु वीतरागः स
करूणाऽऽस्पदेषु परमकृपया समर्पितनिजपिशितशकलः,
तद्यथा तपनबन्धुरिति संदिग्धोभयव्यतिरेक इति तपनबन्धौ
वीतरागाभावस्य करूणाऽऽ-स्पदेष्वपि परमकृपयाऽ-
नर्पितनिजपिशितशकलत्वस्य च व्यावृत्तेः संदेहात् ।६-७६ ।

सूत्रार्थ–કપિલમુનિ વીતરાગ નથી, કારણ કે કરૂણાપાત્ર એવા જીવો ઉપર પરમ કરૂણાથી પ્રેરાઈને તેણે પોતાના શરીરના માંસના ટુકડા આપ્યા નથી. જે જે વીતરાગ છે તે તે કરુણાપાત્ર વ્યક્તિઓને પરમકરુણાથી પ્રેરાઈને પોતાના શરીરના માંસના ટુકડા આપે છે જેમ કે તપનબંધુ=બુદ્ધ આ સંદિગ્ધોભય-વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે કારણ કે તપનબન્ધુ એવા દૃષ્ટાન્તમાં વીતરાગત્વા-ભાવનો અભાવ અને કરુણાને યોગ્ય એવા જીવઉપર પરમકરુણાથી પ્રેરાઈને પોતાના શરીરના માંસના ટુકડા ન આપવાનો અભાવ=તે બંને અભાવમાં સંદેહ છે.

अत्रानुमाने वीतरागत्वाऽभावः साध्यः । ''करूणाऽऽस्पदेष्वपि परम-कृपयाऽनर्पितनिजपिशितशकलत्वात्'' इति हेतुः । ''यथा तपनबन्धुः'' इति वैधर्म्यदृष्टान्तः, तत्र दृष्टान्ते तपनबन्धौ सुगते साध्यव्यतिरकेस्य वीतरागत्वस्य, साधनव्यतिरेकस्य करूणाऽऽस्पदेष्वपि परमकृपयाऽर्पितनिजपिशितश-कलत्वस्य च संदिग्धत्वात् संदिग्धोभयव्यतिरेक इत्यर्थः ॥ ७६ ॥

टीकार्थ– અહિં આ અનુમાનમાં ''વીતરાગત્વાભાવ'' સાધ્ય છે ''કરુણાના સ્થાન રૂપ વ્યક્તિઓમાં પણ પરમકરુણાથી પ્રેરાઈને પોતાનામાંસના ટુકડા નથી આપ્યા'' તે હેતુ છે. જેમકે - તપનબન્ધુ એ પ્રમાણે વૈધર્મ્ય દૃષ્ટાન્ત છે. અહીં દૃષ્ટાંન્ત એવા તપનબન્ધુ એટલે કે બુદ્ધમાં સાધ્યનો વ્યતિરેક વીતરાગ પણું, અને સાધનનો વ્યતિરેક કરુણાને યોગ્ય સ્થાનમાં પરમકૃપાવડે પોતાના માંસના ટુકડાઓનું અર્પણ કરવાપણું, તે સાધ્ય-સાધનની સંદિગ્ધતા હોવાથી સંદિગ્ધોભય-વ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ છે.

विशेषार्थ– વૈધર્મ્યદૃષ્ટાન્ત તરીકે બતાવેલ તપનબન્ધુ રાગાદિમાન્ છે કે વીતરાગ છે ? તથા કરુણાને યોગ્ય જીવો ઉપર કરુણાથી પ્રેરાઈને પોતાના માંસના ટુકડા આપ્યા છે કે નહિ? તેની ખાતરી નથી કારણ કે તે ઇન્દ્રિયને ગોચર નથી તથા તેનો નિશ્ચય કરનાર કોઇ પ્રમાણ સ્ફુરાયમાન થતું નથી. માટે ઉભયની સંદિગ્ધતા છે.

न वीतरागः कश्चिद् विवक्षितः पुरुषः, वक्तृत्वात्, यः पुनर्वीतरागो न स वक्ता, यथोपलखण्डइत्यव्यतिरेकः ॥७७॥

सूत्रार्थ-કોઇક વિવક્ષિતપુરુષ, વીતરાગ નથી વક્તા હોવાથી, જે વીતરાગ નથી તે વક્તા નથી જેમ પથ્થરનો ટુકડો આ વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

यद्यपिदृष्टान्ते उपलखण्डे—पाषाणे साध्याऽभावो वीतरागत्वलक्षणः, साधनाऽभावो वक्तृत्वाभावलक्षणश्च वर्तेते, तथापि नहि 'यत्र वीतरागत्वं तत्र तत्र वक्तृत्वाभावः' इत्याकारिका व्यतिरेकव्याप्तिः समस्तीत्यव्यतिरेक-दृष्टान्ताऽऽभास इत्यर्थः ॥ ७७॥

टीकार्थ-જો કે દૃષ્ટાન્ત એવા ઉપલખંડમાં=પથ્થરમાં સાધ્યાભાવ જે વીતરાગત્વ અને સાધનાભાવ જે વક્તૃત્વાભાવ વર્તે છે તો પણ "જ્યાં વીતરાગત્વ હોય ત્યાં વક્તૃત્વાભાવ હોય" એવા આકારવાળી વ્યાપ્તિ यत्र तत्र સર્વત્ર થતી નથી કારણ કે કેવલી વીતરાગ છે પરંતુ ત્યાં વક્તૃત્વાભાવ નથી માટે અવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

अनित्यः शब्दः, कृतकत्वाद्,
आकाशवदित्यप्रदर्शितव्यतिरेकः ॥ ६-७८ ॥

सूत्रार्थ- શબ્દ અનિત્ય છે કૃતકત્વ હોવાથી, જેમ કે આકાશ આ અપ્રદર્શિત-વ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે.

यद्यप्यत्र 'यदनित्यं न भवति तत् कृतकमपि न भवति' इति व्यतिरेक-व्याप्तिर्विद्यते तथापि सा वादिना स्ववचनेन न प्रदर्शितेत्यप्रदर्शितव्यतिरेक इत्यर्थः ॥ ७८ ॥

टीकार्थ-જો કે આ અનુમાનમાં જે અનિત્ય ન હોય તે કૃતક પણ ન હોય એ પ્રમાણે વ્યતિરેક વ્યાપ્તિ વિદ્યમાન છે તો પણ વાદીવડે પોતાના વચનદ્વારા ઉદ્ભાવન કરેલ નથી માટે અપ્રદર્શિત-વ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ છે.

अनित्यः शब्दः, कृतकत्वात्, यदकृतकं तन्नित्यं,
यथा—आकाशमिति विपरीतव्यतिरेकः ॥ ६-७९ ॥

सूत्रार्थ-શબ્દ અનિત્ય છે કૃત્રિમ હોવાથી, જે અકૃતક હોય તે અનિત્ય હોય જેમકે—આકાશ આ વિપરીત વ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ છે.

अत्र 'यन्नित्यं तदकृतकम्' इति व्यतिरेके प्रदर्शनीये ''यदकृतकं तन्नित्यम्'' इति वैपरीत्येन प्रदर्शित इति विपरीतव्यतिरेकः ॥ ७९ ॥

टीकार्थ-અહિં અનુમાનની વ્યપ્તિમાં જે નિત્ય છે તે અકૃતક છે એ પ્રમાણે સાધ્યાભાવ અને સાધનાભાવ વ્યતિરેક વ્યાપ્તિમાં બતાવવો જોઈએ તેના બદલે "જે અકૃતક છે તે નિત્ય છે" એમ વિપરીતતાથી બતાવવામાં આવે તો વિપરીત-વ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ કહેવાય છે.

अथोपनयनिगमनाऽऽभासौ प्रदर्शयन्ति—

ઉપનય-અને નિગમન ના આભાસો જણાવે છે.

उक्तलक्षणोल्लङ्घनेनोपनय-निगमनयोर्वचने तदाभासौ ॥ ६-८० ॥

सूत्रार्थ-જે લક્ષણો કહ્યા છે તેનું ઉલ્લંઘન કરીને ઉપનય અને નિગમનનું કથન કરવાથી ઉપનયાભાસ નિગમનાભાસ થાય છે.

''हेतौः साध्यधर्मिण्युपसंहरणमुपनयः'' [॥ ३-४९ ॥, पृ० १०७] इति उपनयस्य लक्षणम् । ''साध्यधर्मस्य पुनर्निगमनम्'' [॥ ३-५१ ॥, पृ०१०८] इति निगमनस्य च लक्षणं पूर्वमुक्तं, तदुल्लङ्घनेन वचने, तद्वैपरीत्येन कथने तदाभासौ-उपनयाऽऽभास-निर्गमनाऽऽभासौ भवत इति ॥ ८० ॥

टीकार्थ-ત્રીજા પરિચ્છેદમાં સૂ-૪૯માં હેતુનો સાધ્યધર્મિમાં ઉપસંહાર તે ઉપનયનું લક્ષણ સૂ-૫૧માં સાધ્યધર્મનું પક્ષમાં ઉપસંહાર તે નિગમનનું લક્ષણ જે પૂર્વે કહેવાયું છે તેનું ઉલ્લંઘન કરવા વડે એટલે કે તેનાથી વિપરીત વચન કહેવા વડે તેના આભાસ=ઉપનયાભાસ અને નિગમનાભાસ થાય છે.

उपनयाभासमुदाहरन्ति—

ઉપનયાભાસનું દૃષ્ટાન્ત જણાવે છે.

यथा-परिणामी शब्दः, कृतकत्वाद्, यः कृतकः स परिणामी, यथा कुम्भ इत्यत्र परिणामी च शब्द इति, कृतकश्च कुम्भ इति च ॥ ६-८१ ॥

સૂત્રાર્થ–જેમ કે-શબ્દ પરિણામી છે કૃતક હોવાથી, જે કૃતક હોય તે પરિણામી હોય છે, જેમકે–કુંભ, આ સ્થળે શબ્દ પરિણામી અને કુંભ કૃતક છે એ પ્રમાણે ઉપસંહાર કરવો તે ઉપનયાભાસ છે.

અત્રાનુમાને, 'कृतकश्च शब्दः' इत्याकारकं साध्यधर्मिणि साधनधर्मस्योपसंहरणलक्षणं उपनयवाक्यं प्रयोक्तव्यमासीत् किन्तु वादिना 'परिणामी च शब्दः' इति साध्यधर्मिणि साध्यधर्मस्य, ''कृतकश्च कुम्भः'' इति दृष्टान्तधर्मिणि साधनधर्मस्य चोपसंहरणं कृतमिति उपनयाऽऽभास इत्यर्थः॥ ८१॥

ટીકાર્થ– અહિં અનુમાનમાં શબ્દ પરિણામી છે કૃતક હોવાથી જે જે કૃતક છે તે તે પરિણામી છે જેમ કુંભ, કૃતક હોવાથી પરિણામી છે તેમ શબ્દ કૃતક હોવો જોઈએ તે ઉપનય એ પ્રમાણે સાધ્યધર્મી શબ્દમાં સાધનધર્મ કૃતકનો ઉપસંહાર કરણસ્વરૂપ ઉપનય વાક્ય પ્રયોગ કરવા યોગ્ય છે પરંતુ વાદી વડે परिणामी शब्दः એ પ્રમાણે સાધ્યધર્મી શબ્દમાં સાધ્યધર્મ પરિણામનું कृतकश्च कुम्भः એ પ્રમાણે દૃષ્ટાન્તધર્મી કુંભમાં સાધનધર્મ કૃતકનો ઉપસંહાર કર્યો તે ઉપનયાભાસ છે. (અહિં પક્ષમાં હેતુને બદલે દૃષ્ટાન્તધર્મમાં સાધનધર્મ કહેવાયો માટે ઉપનયાભાસ છે.)

निगमनाभासमुदाहरन्ति—

નિગમનાભાસનું દૃષ્ટાન્ત જણાવે છે.

तस्मिन्नेव प्रयोगे तस्मात् कृतकः
शब्द इति, तस्मात् परिणामी कुम्भ इति च ॥६-८२॥

સૂત્રાર્થ– તેજ અનુમાનપ્રયોગમાં–તેથી શબ્દ કૃતક અને તેથી કુંભ પરિણામી છે આ પ્રમાણે કહેવુ તે નિગમનાભાસ છે.

तस्मिन्नेव प्रयोगे—'शब्दः परिणामी, कृतकत्वात्, कुम्भवत्' इति प्रयोगे 'तस्मात् परिणामी शब्दः' इत्याकारकसाध्यधर्मस्य साध्यधर्मिणि उपसंहरणलक्षणं निगमनवाक्यं प्रयोक्तव्यमासीत्, तथापि वादिना ''तस्मात् कृतकः शब्दः'' इति साधनधर्मस्य साध्यधर्मिणि, ''तस्मात् परिणामी कुम्भः'' इति साध्यधर्मस्य दृष्टान्तधर्मिणि उपसंहरणं कृतमिति निगमनाऽऽभासमित्यर्थः।८२।

ટીકાર્થ–તે જ પ્રયોગમાં એટલે કે શબ્દ પરિણામી છે કૃતક હોવાથી, કુંભની જેમ, એ પ્રમાણેના અનુમાન પ્રયોગમાં તેથી જ શબ્દ પરિણામી આવા પ્રકારવાળા સાધ્યધર્મપરિણામીનો સાધ્યધર્મી શબ્દમાં ઉપસંહાર કરવા સ્વરૂપ નિગમનવાક્ય કહેવા યોગ્ય છે. તો પણ વાદીવડે तस्मात् कृतकः शब्दः તેથી શબ્દ કૃતક છે એ પ્રમાણે સાધનધર્મ કૃતકનો સાધ્યધર્મી શબ્દમાં, તેથી પરિણામી કુંભ છે (परिणामी कुम्भः) એ પ્રમાણે સાધ્યધર્મ પરિણામીનો દૃષ્ટાન્ત કુંભમાં ઉપસંહાર કરાયો છે માટે તે નિગમનાભાસ કહેવાય છે. (પક્ષમાં સાધ્યધર્મને બદલે દૃષ્ટાન્તમાં સાધ્યધર્મ કહેવાયો છે માટે નિગમનાભાસ છે)

इत्थमनुमानाभासमभिधायागमाभासमाहुः—

આગમાભાસ જણાવે છે અને તેનું દૃષ્ટાન્ત પણ બતાવે છે.

अनाप्तवचनप्रभवं ज्ञानमागमाभासम् ॥ ६-८३ ॥

સૂત્રાર્થ–અનાપ્તપુરુષોના વચનથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે આગમાભાસ છે.

''अभिधेयं वस्तु यथाऽवस्थितं यो जानीते यथाज्ञानं चाभिधते स आप्तः'' [॥ ४-४ ॥ , पृ० १४३.] तद्विपरीतो योऽभिधेयं वस्तु यथाऽवस्थितं न जानीते यथाज्ञानं च नाभिधते सोऽनाप्तः, तद्वचनसमुत्थं ज्ञानमागमाऽऽभासं ज्ञातव्यम् ॥ ८३ ॥

ટીકાર્થ–આપ્તનું જે લક્ષણ ચતુર્થ પરિચ્છેદના ચોથા સૂત્રમાં બતાવેલું છે– અભિધેય (કહેવા યોગ્ય એવી) વસ્તુને યથાર્થરૂપે જે જાણે છે. જેવા પ્રકારનું જાણે છે. તેવું જ્ઞાન કહે છે તે આપ્તપુરુષ છે. તેનાથી વિપરીત એટલે કે જે કહેવા યોગ્યવસ્તુ જે પ્રમાણ રહેલી હોય તે પ્રમાણે ન જાણે અને તેવા પ્રકારનું જ્ઞાન પણ ન કહે તે અનાપ્ત પુરુષ છે. અને તેના વચનથી ઉત્પન્ન થયેલું જ્ઞાન તે આગમાભાસ છે.

अत्रोदाहरन्ति—

यथा—मेकलकन्यकायाः कूले तालहिन्तालयोर्मूले सुलभाः पिण्डखर्जूराः सन्ति त्वरितं गच्छत गच्छत शावकाः!॥८४॥

सूत्रार्थ-જેમકે નર્મદા નદીના કિનારે તાલ અને હિંતાલવૃક્ષના મૂળમાં પિંડરૂપે ખજૂરો મળવી સુલભ છ માટે હે બાળકો ! જલ્દી જાઓ જાઓ, આ આગમાભાસ છે.

अत्रोदाहरन्ति—

मेकलकन्यका—नर्मदा, तस्याः कूले-तटे ॥ ८४ ॥

टीकार्थ-मेकल कन्यका= નર્મદા (રેવા) નદી तस्याः તેના फूले= તટમાં અનાપ્તપુરુષ હોય તે જ કોઈને છેતરવા આવુ બોલે તો તે આગમાભાસ છે. કારણ કે તાલ અને હિંતાલવૃક્ષના મૂળિયામાં કોઈ દિવસ ખજૂર જ ન હોય....

प्रमाणस्य स्वरूपाऽभासमुक्त्वा संप्रति तस्य संख्याऽऽभासमाख्यान्ति—

પ્રમાણના સ્વરૂપાભાસો કહીને હમણા પ્રમાણના સંખ્યાભાસ બતાવે છે.

प्रत्यक्षमेवैकं प्रमाणमित्यादिसंख्यानं
तस्य संख्याऽऽभासम् ॥ ६-८५ ॥

सूत्रार्थ-પ્રત્યક્ષ જ એક માત્ર પ્રમાણ છે આ પ્રમાણે પ્રમાણની સંખ્યાનું કથન તે પ્રમાણના સંખ્યાભાસ છે.

प्रत्यक्ष-परोक्षभेदेन प्रमाणस्य द्वैविध्यमुक्तं, तद्वैपरीत्येन 'प्रत्यक्षमेकमेव प्रमाणम्' इति चार्वाकः । 'प्रत्यक्षानुमाने एव' इति सौगताः, वैशेषिकाश्च। प्रत्यक्षानुमानाऽऽगमा एव प्रमाणम् इति सांख्यादयो यद् वदन्ति तत् प्रमाणस्य संख्याऽऽभासम् । प्रमाणसंख्याऽभ्युपगमश्च तत्तद्वादिनामित्थम्—

(''चार्वाकोऽध्यक्षमेकं, सुगत-कणभुजौ सानुमानं सशाब्दं
तद्द्वैतं पारमर्षः, सहितमुपमया तद् त्रयं चाक्षपादः।
अर्थाऽऽपत्तया प्रभाकृद् वदति च निखिलं मन्यते भट्ट एतत्,
साभावं द्वे प्रमाणे जिनपतिसमये स्पष्टतोऽस्पष्टतश्च'' ॥ ८५ ॥)

टीकार्थ-પ્રત્યક્ષ અને પરોક્ષ બે ભેદથી પ્રમાણો બે પ્રકારે કહેવાયા, પરંતુ તેનાથી વિપરીત પ્રત્યક્ષ એ જ એક પ્રમાણ છે એવું ચાર્વાકો માને છે પ્રત્યક્ષ અને અનુમાન આ બે જ પ્રમાણ છે એવું બૌદ્ધો અને વૈશેષિકો માને છે. પ્રત્યક્ષ અનુમાન અને આગમ ત્રણ જ પ્રમાણ છે એવું સાંખ્ય વિગેરે સ્વીકારે છે. એ પ્રમાણે સાંખ્યવિગેરે જે કહે છે તે પ્રમાણના સંખ્યાભાસ છે.

પ્રમાણની સંખ્યાનો સ્વીકાર કરનારા તે તે વાદીઓ (અન્યદર્શનકારો) નો શ્લોકર્થ આ પ્રમાણે છે–ચાર્વાક પ્રત્યક્ષ માત્ર એક પ્રમાણ માને છે, સૌગત અને વૈશેષિક-પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણ માને છે. સાંખ્ય-પ્રત્યક્ષ, અનુમાન અને આગમ ત્રણ પ્રમાણ માને છે. અક્ષપાદ-પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન ચાર પ્રમાણ માને છે. પ્રભાકર-પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન અને અર્થાપત્તિ એમ પાંચ પ્રમાણ માને છે. કુમારિલભટ્ટ-પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિ અને અભાવ એમ છ પ્રમાણ માને છે. જૈન દર્શન કારો=જિનેશ્વર ભગવાનના શાસ્ત્રમાં સ્પષ્ટ=એટલે કે પ્રત્યક્ષ અને અસ્પષ્ટ=પરોક્ષ એમ બે પ્રમાણ છે. એમ માને છે.

विषयाभासं प्रकाशयन्ति—

પ્રમાણના વિષયાભાસ જણાવે છે.

सामान्यमेव, विशेष एव,

तदद्वयं वा स्वतन्त्रमित्यादिस्तस्य विषयाभासः ॥६-८६॥

સૂત્રાર્થ- સામાન્ય જ પ્રમાણનો વિષય છે, વિશેષ જ પ્રમાણનો વિષય છે, સ્વતંત્ર [પરસ્પર અત્યંતભિન્ન] સામાન્ય અને વિશેષ પ્રમાણનો વિષય છે, વિગેરે (માન્યતા) વિષયાભાસ છે.

प्रामाणस्य विषयः सामान्य-विशेषाऽऽत्मकं वस्तु इति पूर्वमुक्तं, (सू ॥५-१॥, पृ० १९३) तद्वैपरीत्येन 'सामान्यमेव प्रमाणस्य विषयः, इति सत्ताऽद्वैतवादिनः, 'विशेष एव' इति सौगताः। तदुभयं च स्वतन्त्रम् इति नैयायिका। यत् स्वीकुर्वन्ति स विषयाऽऽभास इत्यर्थः॥ ८६ ॥

ટીકાર્થ-પ્રમાણનો વિષય સામાન્ય અને વિશેષાત્મક પદાર્થ છે. એ પ્રમાણે પરિચ્છેદ પાંચ સૂત્ર-એકમાં (૫-૧)માં કહેવાઈ ગયું છે. તેના વિપરીતપણા-વડે પ્રમાણ નું સામાન્ય પણું એ જ વિષય છે એ પ્રમાણે માનતા સતાદ્વૈતવાદી અને પદાર્થનું વિશેષપણું એ પ્રમાણનો વિષય છે એ પ્રમાણે માનતા બૌદ્ધ તથા સામાન્ય અને વિશેષને સ્વતંત્ર પદાર્થ તરીકે માનતા નૈયાયિકો વિગેરે ના મતો વિષયાભાસ છે.

अथ फलाभासमाहुः—

પ્રમાણનો ફલાભાસ જણાવે છે.

अभिन्नमेव भिन्नमेव वा
प्रमाणाद् फलं तस्य तदाभासम्॥ ६-८७॥

सूत्रार्थ--પ્રમાણનું ફલ પ્રમાણથી સર્વથા અભિન્ન જ છે અથવા સર્વથા ભિન્ન જ છે એવું મન્તવ્ય તે પ્રમાણનો ફલાભાસ છે.

अभिन्नमेव प्रमाणात् फलं बौद्धानाम्। भिन्नमेव नैयायिकादीनाम्। तस्य प्रमाणस्य फलाऽऽभासमिति । वस्तुतः प्रमाणात् फलस्यं भिन्नाभिन्नत्वं प्रागुपदर्शितम्॥ ८७ ॥

टीकार्थ- પ્રમાણથી પ્રમાણનું ફળ અભિન્ન જ છે એમ બૌદ્ધો માને છે પ્રમાણથી પ્રમાણનું ફલ ભિન્ન જ છે એમ નૈયાયિકો માને છે. તે બંને પ્રમાણના ફલાભાસ છે વાસ્તવિક રીતે તો પ્રમાણથી પ્રમાણફળનું ભિન્નાભિન્નપણું પૂર્વે સિદ્ધ થઇ ગયું છે.

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते
श्रीवादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वालोके
प्रत्यक्षस्वरूपनिर्णायको षष्ठः परिच्छेदः।

એ પ્રમાણે બાલબોધિની નામની ટીપ્પણી વડે શોભતા એવા વાદિદેવ સૂરિજીએ રચેલા પ્રમાણનયતત્ત્વાલોકગ્રંથમાં પ્રમાણના ફળ અને સ્વરૂપાદિના આભાસનો નિર્ણય નામનો છઠ્ઠો પરિચ્છેદ.....

■ ● ■

सप्तमः परिच्छेदः

एतावता प्रमाणतत्त्वं व्यवस्थाप्येदानीं नयतत्त्वं व्यवस्थापयन्ति—

નયનું સ્વરૂપ બતાવે છે. તેમાં નયનું સામાન્ય લક્ષણ જણાવે છે.

नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांशौदासीन्यतः, स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः ॥ ७-१ ॥

सूत्रार्थ- આગમ નામના પ્રમાણથી વિષય કરાયેલ–શ્રુતજ્ઞાનથી જાણેલ, પદાર્થનો કોઇ એક અંશ(ધર્મ) વિષે તેનાથી અન્ય અંશોને ગૌણ કરીને જે અભિપ્રાય આપવામાં આવે તે અભિપ્રાય વિશેષ **નય** કહેવાય છે.

श्रुताख्यप्रमाणविषयीकृतस्य शाब्दबोधे प्रतिभासमानस्यार्थस्य, एकदेशः-अनन्तांशात्मके वस्तुनि एकोंऽशः- तदितरांशौदासीन्यतो येन-अभिप्रायविशेषेण नीयते-ज्ञायते स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः ॥ १ ॥

टीकार्थ- શ્રુત નામના પ્રમાણના વિષયભૂત, શબ્દબોધમાં જણાતા એવા પદાર્થનો અનંતઅંશાત્મક એવી વસ્તુનો એક અંશ, અને તેનાથી ઇતર એટલે ભિન્નધર્મોમાં ઔદાસીન્યતાથી જે અભિપ્રાય વિશેષ પ્રમાતાને જણાય છે તે અભિપ્રાય વિશેષ **નય** કહેવાય છે.

विशेषार्थ-કોઇપણ વસ્તુમાં કોઇપણ એક અંશનું જ્ઞાન થાય અને બીજા અંશોનો જેમાં નિષેધ ન હોય જેમ કે "ઘટ સત્ છે" આ જ્ઞાનમાં "ઘટ વસ્તુ છે". તે નિત્ય-અનિત્યત્વ સત્ત્વ-અસત્ત્વ ભિન્નત્વ-અભિન્નત્વ પૃથુબુધ્નોદરાદિપણું વિગેરે અનંતધર્માત્મક છે એમાંથી- એટલે કે અનંત અંશોમાંથી ઘટમાં સત્ત્વાંશ આ જ્ઞાનમાં વિવક્ષિત કરાયેલો છે અને બીજા અંશો ગૌણ રૂપે છે, છતાં હમણાં અવિવક્ષિત છે તેથી "घटः सन्" આવા પ્રકારનો અધ્યવસાય તે નય કહેવાય છે.

नयसामान्यलक्षणमुक्त्वा नयाभासस्य लक्षणं दर्शयितुमाहुः—

નયાભાસ જણાવે છે.

स्वाभिप्रेतादंशादितरांशापलापी पुनर्नयाभासः ॥ ७-२ ॥

सूत्रार्थ- જે અભિપ્રાય પોતાને ઇષ્ટ એવા ધર્મથી ભિન્ન અંશોનો અપલાપ કરે તે નયાભાસ છે.

योऽभिप्रायविशेषः स्वाभिप्रेतमंशमङ्गीकृत्य, इतरांशानपलपति स नयाभासः ॥ २ ॥

टीकार्थ-જે અભિપ્રાયવિશેષ પોતાને માન્ય એવા ધર્મનો સ્વીકાર કરીને ઇતર અંશનો અપલાપ કરે છે તે નયાભાસ છે. એટલે કે તે દુર્નય કહેવાય છે જેમ કે બધા સામાન્ય જ છે. અથવા વિશેષ જ છે એવો સ્વીકાર તે દુર્નય છે.

नयप्रकारसूचनायाहुः—

નયના પ્રકાર જણાવે છે.

स व्याससमासाभ्यां द्विप्रकारः ॥ ७-३ ॥

सूत्रार्थ- વ્યાસ અને સમાસથી તે નય બે પ્રકારે છે.

स नयो व्यास-समासाभ्यां विस्तर-संक्षेपाभ्यां द्विप्रकारः- द्विभेदः ॥३॥

टीकार्थ-તે એટલે પ્રસ્તુત નય, વ્યાસથી એટલે વિસ્તારથી અને સમાસ એટલે સંક્ષેપથી બે પ્રકારે છે.

તે બંન્ને ભેદોના પેટાભેદો હવે પછી જણાવે છે.

व्यासतोऽनेकविकल्पः ॥ ७-४ ॥

सूत्रार्थ- વિસ્તારથી અનેક વિકલ્પવાળો નય છે.

अनन्तांऽशात्मके वस्तुनि एकांऽशगोचरः प्रतिपत्तुरभिप्रायविशेषो नय इति प्राक् प्रदर्शितम् । ततश्चानन्तांशात्मके वस्तुनि एकैकांशपर्यवसायिनो यावन्तः प्रतिपतृणामभिप्रायविशेषास्तावन्तो नया इति व्यासतोऽनेकप्रकार इत्यर्थः । ४।

टीकार्थ- અનંતધર્માત્મક વસ્તુનેવિષે એક ધર્મને વિષય કરનાર વક્તાનો અભિપ્રાય-વિશેષ **નય** કહેવાય એ પ્રમાણે સૂત્ર-૧માં જણાવાયું તેથી અનંતધર્માત્મક વસ્તુમાં એક એક ધર્મને મુખ્ય કરનારા જેટલા વક્તાના

અભિપ્રાય વિશેષો તેટલા નયો છે તેથી એ પ્રમાણે વિસ્તારથી નય અનેકપ્રકારે છે તેથી નિયત સંખ્યા દ્વારા ગણી શકાય તેમ નથી.

વિશેષાર્થ–શાસ્ત્રમાં જણાવ્યું છે કે जावइआ वयणपहा तावइया चेव हुंति नयवाया ॥ इत्यार्षम॥ જેટલા વચંનના માર્ગો છે તેટલા નયવાદો છે. तथावादिमल्लप्रतिमल्लैःसूरिभिः- श्री नयचक्रवाल ग्रन्थे'' નયચક્રવાલનામના ગ્રન્થમાં નયોના સેંકડો પ્રકાર બતાવ્યા છે. અને અહિં અનંત ધર્માત્મક વસ્તુ હોવાથી તે ધર્મને જણાવનારા નયો અનેક પ્રકારના છે (વસ્તુના જેટલા ધર્મો તેટલા અંશો નય સ્વરૂપે બની શકે છે) પરંતુ તે બધા નયો આપણા જ્ઞાનથી ગમ્ય નથી માટે સંક્ષેપથી જણાવે છે.

समासतस्तु द्विभेदो द्रव्यार्थिकः पर्यायार्थिकश्च ॥ ७-५ ॥

સૂત્રાર્થ– પરંતુ સમાસથી (૧) દ્રવ્યાર્થિક (૨) પર્યાયાર્થિક એમ બે પ્રકારે નય છે.

संक्षेपेण तु द्विप्रकारः । द्रव्यार्थिकः—द्रव्यार्थोऽस्ति यस्य विषयत्वेन स द्रव्यार्थिकः । पर्यायार्थिकः—पर्यायरूपोऽर्थः पर्यायार्थः, पर्यायार्थोऽस्ति यस्य विषयत्वेन स पर्यायार्थिकः ॥ ५ ॥

ટીકાર્થ– વળી સંક્ષેપથી નયો બે પ્રકારે છે જે તે તે પર્યાયોને (द्रवति) પામે છે, (द्रोष्यति)=પામશે, (अद्रुद्रुवत्) પામ્યા, તે દ્રવ્ય કહેવાય છે. દ્રવ્ય એ જ અર્થ તે દ્રવ્યાર્થ, દ્રવ્યાર્થને જે વિષય કરે તે દ્રવ્યાર્થિક નય તથા ઉત્પાદ અને વ્યયને પામે તે પર્યાય [पर्येति-उत्पादविनाशौ-प्राप्नोतीति पर्यायः] પર્યાય એ જ અર્થ પર્યાયાર્થ અને પર્યાયાર્થને જે વિષય કરે તે પર્યાયાર્થિક નય છે.

વિશેષાર્થ– સામાન્ય વિષયક દ્રવ્યાર્થિક નય અને વિશેષવિષયક પર્યાયાર્થિક નય છે. [सामान्य गोचरो द्रव्यार्थिकः विशेषगोचरश्च पर्यायार्थिको नय इति रहस्यम्] અનેકાન્તાત્મક એવી વસ્તુ દ્રવ્ય અને પર્યાયરૂપે છે. તેમાં જે નય દ્રવ્ય માત્રને ગ્રહણ કરે છે. એટલે કે દ્રવ્યને તાત્ત્વિક માને છે. તે દ્રવ્યાર્થિક નય છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ વસ્તુ માત્ર સ્યાદ્વાદસિદ્ધાન્તમાં માન્ય છે છતા ઉત્પાદ અને વ્યય જે પર્યાય સ્વરૂપે છે તે બંનેને દ્રવ્યાર્થિક નય વાસ્તવિક માને નહીં પરંતુ ધ્રૌવ્યને વાસ્તવિક માને છે

ધ્રૌવ્ય=સ્થૈર્ય અથવા દ્રવ્યપદથી વ્યવહાર પામે છે. તથા પર્યાયમાત્ર ને તાત્વિક માનનાર પર્યાયાર્થિક નય છે અનેકાન્તાત્મક વસ્તુનો એક અંશ પર્યાય છે કેવલ પર્યાય એટલે ઉત્પાદ અને નાશ બંને ગ્રહણ કરે છે પરંતુ વસ્તુગત ધ્રૌવ્યાંશને આ નય ગ્રહણ કરતો નથી.

द्रव्यार्थिकभेदानाहुः—

દ્રવ્યાર્થિક નયના ભેદો જણાવે છે.

आद्यो नैगम-संग्रह-व्यवहारभेदात् त्रिधा ॥ ७-६ ॥

સૂત્રાર્થ-પહેલો=દ્રવ્યાર્થિક નય નૈગમ (૧) સંગ્રહ (૨) અને વ્યવહારના ભેદથી ત્રણ પ્રકારે છે.

आद्यो द्रव्यार्थिकः । नैगमादिभेदात् त्रिविधः ॥ ६ ॥

ટીકાર્થ- આદ્ય એટલે દ્રવ્યાર્થિક નય નૈગમાદિ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં નૈગમનું સ્વરૂપ બતાવે છે.

तत्र नैगमं प्ररूपयन्ति—

धर्मयोर्धर्मिणोर्धर्म-धर्मिणोश्च प्रधानोपसर्जनभावेन यद् विवक्षणं स नैकगमो नैगमः ॥ ७-७ ॥

સૂત્રાર્થ- બે ધર્મમાંથી બેધર્મીમાંથી અને ધર્મ-ધર્મીમાંથી એકને પ્રધાન અને બીજાને ગૌણ કરી અભિપ્રાય દર્શાવનાર નૈગમનય છે, આમ અનેકરીતે વસ્તુનો બોધ કરાવનાર નૈગમનય છે.

धर्मयोः-पर्याययोः, धर्मिणोः-द्रव्ययोः, धर्मधर्मिणोः- द्रव्यपर्याययोश्च प्रधान-गौणभावेन विवक्षणं स नैगमः । नैके गमाः- बोधमार्गा यस्यासौ नैगम इति ॥ ७ ॥

ટીકાર્થ- ધર્મ એટલે કે બે પર્યાયોમાં, ધર્મી-એટલે બે દ્રવ્યમાં, ધર્મ અને ધર્મી એટલે કે દ્રવ્ય અને પર્યાયમાં, એ બેની પરસ્પર મુખ્યતા અને ગૌણતા કરી વિવક્ષા કરવા રૂપ છે તે નૈગમનય છે તથા न एके गमाः= અનેક બોધમાર્ગવાળો તે નૈગમનય છે. =नैके-गमाः અનેક છે માર્ગો જેના (વ્યુત્પત્તિ અર્થ) છે.

વિશેષાર્થ- સામાન્યવિશેષાદિ અનેક ધર્મોનું પ્રતિપાદન કરનાર અધ્યવસાય તે નૈગમનય છે આ પ્રતિપાદન ગૌણમુખ્યભાવે હોય છે ગૌણમુખ્ય ભાવ નિયત નથી વક્તાની ઈચ્છા પ્રમાણે હોય છે એટલે કે બે પર્યાયની વાત ચાલતી હોય ત્યારે બે પર્યાયમાંથી કોઈપણ એક પર્યાયને મુખ્ય કરીને અન્ય પર્યાયને ગૌણ કરવા નૈગમનય તૈયાર હોય છે તેવી જ રીતે બે દ્રવ્યોમાં તથા દ્રવ્ય અને પર્યાયમાં પણ વક્તા પોતાની ઈચ્છા મુજબ એકને મુખ્ય કરે અને બીજાને ગૌણ કરે છે. ટુંકમાં નૈગમનય એટલી વિશાળ દૃષ્ટિ ધરાવે છે કે ગૌણ-મુખ્યભાવનું નિયમન પોતે કરતો નથી પણ તેને વક્તાની વિવક્ષાને આધીન રહેવા દે છે વક્તા ક્યારેક દ્રવ્યને પ્રધાન બનાવે ક્યારેક પર્યાયને તે આ નય સ્વીકારી લે છે

अथास्योदाहरणाय सूत्रत्रयीमाहुः—

હવે નૈગમનયના ઉદાહરણ માટે ત્રણ સૂત્રો બતાવે છે.

सच्चैतन्यमात्मनीति धर्मयोः ॥ ७-८ ॥

સૂત્રાર્થ- આત્માને વિષે સત્ વિશિષ્ટ ચૈતન્ય છે અહીં બે ધર્મોનું (ગૌણ-મુખ્યભાવે) ઉદાહરણ છે

प्रधानोपसर्जनभावेन विवक्षणमिहोत्तरत्र च सूत्रद्वये योजनीयम् । सत्त्वविशिष्टं चैतन्यं—'सच्चैतन्यमात्मनि वर्तते' इति वाक्ये चैतन्याख्यधर्मस्य प्राधान्येन विवक्षा, तस्य विशेष्यत्वात्, सत्त्वाख्यधर्मस्य तु गौणत्वेन, तस्य चैतन्यविशेषणत्वादिति धर्मद्वयविषयको नैगमस्य प्रथमो भेदः ॥ ८ ॥

ટીકાર્થ- પ્રધાન અને ગૌણ ભાવવડે વિવક્ષા છે એ અહીં તથા હવે પછીના બે સૂત્રમાં જોડવું. સત્ત્વવિશિષ્ટ ચૈતન્ય એટલે કે "સત્ ચૈતન્ય આત્મામાં વર્તે છે" એવા વાક્યમાં ચૈતન્ય નામના ધર્મની પ્રધાનપણે વિવક્ષા છે કેમકે તે વિશેષ્ય છે અને સત્ત્વ નામના ધર્મની ગૌણપણે વિવક્ષા છે કેમ કે સત્ત્વએ ચૈતન્યનું વિશેષણ છે એટલે કે અહીં ઉદાહરણમાં આત્મા ધર્મી છે. તેના સત્ત્વ અને ચૈતન્ય બે ધર્મો છે, આ બે ધર્મોમાં ફરક એટલો કે 'ચૈતન્ય' નામનો ધર્મ વિશેષ્ય હોવાથી મુખ્ય છે અને "સત્ત્વ" નામનો ધર્મ તેનું વિશેષણ હોવાથી ગૌણ છે. માટે આ બે ધર્મના વિષયવાળો નૈગમનયનો પ્રથમ ભેદ છે.

वस्तु पर्यायवद् द्रव्यमिति धर्मिणोः ॥ ७-९ ॥

सूत्रार्थ- પર્યાયવાળું દ્રવ્ય વસ્તુ કહેવાય છે. અહીં બે ધર્મિની (પ્રધાન-ગૌણભાવે) વિવક્ષા કરાઈ છે.

अत्र 'पर्यायवद् द्रव्यं वस्तु च' इति धर्मिद्वयम् । 'पर्यायवद् द्रव्यं वस्तु वर्तते' इति विवक्षायां पर्यायवद् द्रव्याख्यस्य धर्मिणो विशेष्यत्वेनोपात्तत्वात् प्राधान्यम्, वस्त्वाख्यस्य तु धर्मिणो विशेषणत्वेन गौणत्वम् । अथवा किं वस्तु ? 'पर्यायवद्द्रव्यमिति विवक्षायां वस्त्वाख्यस्य धर्मिणो विशेष्यत्वात् प्राधान्यं, पर्यायवद् द्रव्याख्यस्य तु धर्मिणो विशेषणत्वेन गौणत्वमिति धर्मिद्वयविषयको नैगमस्य द्वितीयो भेदः ॥ ९ ॥

टीकार्थ-[અહીં પણ પૂર્વ સૂત્રની જેમ મુખ્ય-ગૌણભાવે વિવક્ષા જોડવી એટલે કે એકનોએક પદાર્થ પ્રધાન અને ગૌણ ભાવે વિશેષણ-વિશેષ્યરૂપે બદલાયા કરે છે]

અહીં પર્યાયવાળું દ્રવ્ય અને વસ્તુ એમ બે ધર્મી છે પર્યાયવાળુ દ્રવ્ય વસ્તુરૂપે છે. એવી વિવક્ષામાં પર્યાયવાળું(યુક્ત)- દ્રવ્યનામનો ધર્મી વિશેષ્યપણે ગ્રહણ કરેલો હોવાથી તેનું મુખ્યપણું છે. વસ્તુનામનો ધર્મી વિશેષણસ્વરૂપે હોવાથી ગૌણ છે. અથવા વસ્તુ શુ છે ? વસ્તુ પર્યાયવાળું દ્રવ્ય છે એ પ્રમાણેની વિવક્ષામાં વસ્તુનામનો ધર્મી વિશેષ્ય હોવાથી મુખ્ય રહે છે અને પર્યાયયુક્ત દ્રવ્ય તે નામનો ધર્મી વિશેષણ હોવાથી ગૌણ છે એ પ્રમાણે બન્ને ધર્મીના વિષયવાળો નૈગમનયનો આ બીજો ભેદ છે.

क्षणमेकं सुखी विषयासक्तजीव इति धर्म-धार्मिणोः । १० ।

सूत्रार्थ- વિષયાસકત જીવ ક્ષણમાત્ર સુખી હોય છે આ કથનમાં ધર્મ-ધર્મીના (પ્રધાન-ગૌણભાવ) છે.

अत्र विषयाऽऽसक्तजीवस्य प्राधान्यं, विशेष्यत्वेनोपात्तत्वात्, सुखरूपस्य धर्मस्य तु अप्राधान्यं, विशेषणत्वेन निर्दिष्टत्वाद् इति धर्म-धर्मिद्वयाऽऽलम्बनोऽयं नैगमस्य तृतीयो भेदः ॥ १० ॥

टीकार्थ-અહીં "વિષયાસક્ત જીવ"ની મુખ્યતા છે કારણ કે તે વિશેષ્યરૂપે ગ્રહણ કરેલો છે પરંતુ સુખરૂપ ધર્મની (પર્યાયની) અપ્રધાનતા છે કેમકે તે

વિશેષણરૂપે જણાવેલ છે આ પ્રમાણે ધર્મ અને ધર્મીના (પર્યાય અને દ્રવ્યના) આલંબનવાળો નૈગમનયનો આ ત્રીજો ભેદ છે.

अथ नैगामाभासमाहुः—

નૈગમનયાભાસ જણાવે છે તથા તેનું ઉદાહરણ જણાવે છે.

धर्मद्वयादीनामैकान्तिकपार्थक्याभि-
सन्धिर्नैगमाऽऽभासः ॥ ७-११ ॥

સૂત્રાર્થ-બે ધર્મ (પર્યાય) વગેરેમાં એકાંતે ભેદ સ્વીકારનાર અભિપ્રાય નૈગમનયાભાસ કહેવાય.

आदिपदेन धर्मिद्वय-धर्मधर्मिद्वययोः संग्रहः । तथा च द्वयोर्धर्मयोः, द्वयोर्धर्मिणोः, धर्म-धर्मिणोर्वा विषये एकान्तिकभेदाभिप्रायो यः स नैग माऽऽभास इत्यर्थः ॥ ११ ॥

ટીકાર્થ-અહીં સૂત્રમાં બતાવેલ આદિપદથી બે ધર્મી અને ધર્મ-ધર્મિ બંનેનો સંગ્રહ થાય છે. બે ધર્મ વચ્ચે, બે ધર્મી વચ્ચે, અથવા ધર્મધર્મી વચ્ચે, એકાંતે ભેદ ગ્રહણકરનાર અભિપ્રાયવિશેષ તે નૈગમાભાસ છે.

अत्रोदाहरन्ति—

यथा-आत्मनि सत्त्व-चैतन्ये
परस्परमत्यन्तं पृथग्भूते इत्यादिः ॥ ७-१२ ॥

સૂત્રાર્થ- જેમ કે "આત્મામાં સત્ત્વ અને ચૈતન્ય" બન્ને ધર્મો પરસ્પર અત્યન્ત ભિન્ન છે. વિગેરે.....

एवं 'पर्यायवद् द्रव्यं वस्तु च परस्परमत्यन्तं पृथग्भूते' सुखजीवयोश्च परस्परमात्यन्तिको भेद इत्याकारको योऽभिप्रायविशेषः स नैगमाऽऽभास इत्यर्थः ॥ १२ ॥

ટીકાર્થ- આરીતે "પર્યાયયુક્ત દ્રવ્ય અને વસ્તુ" પરસ્પર અત્યંત ભિન્ન છે, સુખ અને જીવરૂપ ધર્મ-ધર્મી પરસ્પર અત્યંત ભેદ છે, ઈત્યાકારક અભિપ્રાયવિશેષ નૈગમનયાભાસ છે.

विशेषार्थ-सामान्य अने विशेष बंने परस्पर भिन्न छे स्वतंत्र द्रव्य छे तथा सत्त्वथी चैतन्यने भिन्न माननारा नैयायिको अने वैशेषिको नैगमनयाभास स्वरूपे जाणवा.(छे एवुं)

अथ संग्रहस्वरूपमुपवर्णयन्ति—

द्रव्यार्थिकनयना बीजा भेदरूप संग्रहनयनुं स्वरूप तथा प्रकार जणावे छे.

सामान्यमात्रग्राही परामर्शः संग्रहः ॥ ७-१३ ॥

सूत्रार्थ- मात्र सामान्यने ज विषयकरनारो विचार विशेष ते संग्रहनय कहेवाय छे.

सामान्यमात्रग्राही—सत्त्वद्रव्यत्वादिसामान्यमात्रविषयकः परामर्शः-अभिप्रायविशेषः संग्रहः। सममेकीभावेन पिण्डीभूततया विशेषराशिं गृह्णातीति संग्रह इति व्युत्पत्तेः ॥ १३ ॥

टीकार्थ-सामान्य मात्रग्राही एटले (समस्त विशेषोथी रहित) सत्त्व, द्रव्यत्व, पृथ्वीत्व विगेरे मात्र सामान्यना विषयवाळो परामर्श=एटले अभिप्रायविशेष, ते संग्रहनय छे संग्रहनो व्युत्पत्ति अर्थ जणावे छे सम= एटले के एक स्वरूप द्वारा पिंडरूपे विशेषराशीने गृण्हतीति-(ग्रहः) ग्रहण करे छे एटले के 'विशेषराशीने एकीसाथे पिंडरूपे ग्रहण करे ते संग्रह.'

विशेषार्थ- जेनी दृष्टि विशेषना समन्वय= एकीकरण तरफ ढळेल छे ते संग्रह स्वजातिना विशेषोने-पर्यायोने एक रूपे ग्रहणकरनार अभिप्राय-विशेष छे प्रत्येक पदार्थ सामान्य अने विशेष उभयात्मक छे तेमां संग्रहनय सामान्यरूपनुं ग्रहण करे छे ज्यारे सामान्यनुं ज्ञान थाय त्यारे विशेषोनुं ज्ञान थाय छे परंतु जेने विशेषो सामान्यरूपे जणाय छे ते संग्रह छे.

अमुं भेदतो दर्शयन्ति—

अयमुभयविकल्पः पराऽपरश्च ॥ ७-१४ ॥

सूत्रार्थ- परसंग्रह (१) अपरसंग्रह (२) एम आ संग्रहनय बे भेदवाळो छे.

अयं संग्रहाख्यो नयः परापरसंग्रहभेदेन द्विभेद इत्यर्थः ॥ १४ ॥

ટીકાર્થ-આ સંગ્રહનામનો નય પર સંગ્રહ અને અપરસંગ્રહના ભેદથી બે પ્રકારે છે.

तत्र परसंग्रहमाहुः—

પરસંગ્રહને તથા પરસંગ્રહાભાસને ઉદાહરણ સહિત બતાવે છે.

अशेषविशेषेष्वौदासीन्यं भजमानः

शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः परसंग्रहः ॥ ७-१५ ॥

સૂત્રાર્થ-સમસ્ત વિશેષોમાં ઉદાસીનતાને ભજનાર, શુદ્ધદ્રવ્ય એટલે સત્તામાત્રને માનનાર અભિપ્રાય વિશેષ પરસંગ્રહનય જાણવો.

सामान्यं द्विविधं परसामान्यमपरसामान्यं च। तत्र शुद्धद्रव्यापरपर्यायं सत्ताऽऽख्यं परसामान्यम्। द्रव्यत्वपृथिवीत्वादिकमपरसामान्यम् । तत्र शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः समस्तविशेषेषु औदासीन्यं भजमानो योऽभिप्रायविशेष स परसंग्रहाऽऽख्यो नयो बोद्धव्यः ॥ १५॥

ટીકાર્થ-સામાન્ય બે પ્રકારે છે (૧) પરસામાન્ય (૨) અપરસામાન્ય. તેમાં શુદ્ધદ્રવ્ય છે જેનું બીજુ નામ એવું સત્તાનામનું પરસામાન્ય છે. અને દ્રવ્યત્વ પૃથ્વીત્વ વિગેરે અપરસામાન્ય છે એટલે કે જે સંગ્રહ અધિક દેશને વ્યાપીને રહેતો હોય તે પરસામાન્ય છે અને જે સંગ્રહ અલ્પદેશને વ્યાપીને રહે તે અપરસામાન્ય છે. તેમાં શુદ્ધદ્રવ્ય એવી સત્તામાત્રને સ્વીકારનાર સમસ્ત વિશેષોમાં ઉદાસીનતાને ભજનાર જે અભિપ્રાય વિશેષ છે તે પરસંગ્રહ નામનો નય છે.

उदाहरन्ति—

विश्वमेकं सदविशेषादिति यथा ॥ ७-१६ ॥

સૂત્રાર્થ-જેમ કે -સમસ્ત -વિશ્વ એકરૂપે છે કારણકે સત્ રૂપે સમાન છે એટલે સત્તાથી ભિન્ન નથી.

विश्वं-जगत्, एकम्-एकरसं, सदविशेषात्-'सत्' इत्याकारकज्ञानाभिधानाभ्यामविशेषरूपेण ज्ञायमानत्वात्, अनेनानुमानेन सकलविशेषेष्वौदासीन्यमवलम्बमानः सत्ताद्वैतं स्वीकुर्वाणोऽभिप्रायविशेषः परसंग्रहः ॥ १६ ॥

ટીકાર્થ–"વિશ્વ-એટલે જગત એક સ્વરૂપે છે સત્પણે સમાન હોવાથી એટલે સત્ એ પ્રમાણે જ્ઞાન અને નામ વડે અવિશેષ=સદંશપણે જણાય છે" આ અનુમાનવડે સઘળાય વિશેષોમાં ઉદાસીનપણાને અવલંબન કરતો સત્તાના અદ્વૈતને સ્વીકારનારો નય પરસંગ્રહ છે.

एतदाभासमाहुः—

सत्ताद्वैतं स्वीकुर्वाणः सकलविशेषान्
निराचक्षाणस्तदाभासः ॥ ७-१७॥
यथा सत्तैव तत्त्वं, ततः पृथग्भूतानां
विशेषाणामदर्शनात् ॥ ७-१८ ॥

सूत्रार्थ–(એકાંતે) સત્તામાત્રને સ્વીકારનાર અને સકલવિશેષોને (ઘટાદિ પર્યાયોને) તિરસ્કાર કરનાર અભિપ્રાય પરસંગ્રહાભાસ કહેવાય છે. (અહીં તિરસ્કારતો હોવાથી આભાસ છે જ્યાં સુધી ઉપેક્ષા કરે ત્યાં સુધી નય કહેવાય પણ તિરસ્કાર કરે તો તે તેનો આભાસ બની જાય છે.) જેમ કે-સત્તા જ તત્ત્વરૂપછે. તેનાથી ભિન્ન વિશેષો (પર્યાયો) દૃષ્ટિગોચર (અનુભવનો વિષય) બનતા નથી.

अद्वैतवादिनो हि सत्ताऽतिरिक्तं वस्त्वन्तरं नाङ्गीकुर्वन्ति, अतोऽद्वैतदर्शनं संग्रहाभासत्वेन ज्ञातव्यम् ॥ १८ ॥

ટીકાર્થ–અદ્વૈતવાદીઓ ખરેખર સત્તાથી ભિન્ન બીજી વસ્તુનો સ્વીકાર કરતા નથી તેથી અદ્વૈતદર્શન સંગ્રહાભાસ રૂપે જાણવા યોગ્ય છે.

अथापरसंग्रहमाहुः—

દૃષ્ટાન્ત સહિત અપરસંગ્રહ અને અપરસંગ્રહાભાસનું સ્વરૂપ બતાવે છે.

द्रव्यात्वादीन्यवान्तरसामान्यानि मन्वानस्तद्भेदेषु
गजनिमिलिकामवलम्बमानः पुनरपरसंग्रहः ॥ ७-१९ ॥

सूत्रार्थ–દ્રવ્યત્વાદિ અવાન્તર સામાન્યોને માનનાર પરંતુ તેના ભેદોમાં ગજનિમીલિકાને અવલંબનાર (આંખ મીંચામણા કરનાર) અભિપ્રાય અપરસંગ્રહ નય કહેવાય છે.

द्रव्यत्वमादिर्येषां पर्यायत्वप्रभृतीनां तानि द्रव्यत्वादीनि अवान्तरसामान्यानि सत्तारूपपरसामान्यापेक्षया कतिपयव्यक्तिनिष्ठत्वादवान्तर-सामान्यानि स्वीकुर्वाणः, तद्भेदेषु धर्माऽधर्माऽऽकाशकाल-पुद्गल-जीवादिविशेषेषु द्रव्यत्वाद्याश्रयभूतेषु गजनिमिलिकाम्-उपेक्षामवलम्बमानः पुनरपरसंग्रहः ॥ १९ ॥

टीकार्थ-द्रव्यत्व छे आदिमां जेओने एटले के पर्यायत्व आदि ते द्रव्यत्वना गुणत्वकर्मत्व विगेरे जे धर्मो ते द्रव्यत्वादी अवान्तर सामान्योने एटले के सत्तारूप परसामान्यनी अपेक्षाओ (अवान्तर सामान्यने स्वीकारतो) वळी केटलाक व्यक्तिमां रहेला होवाथी ते अवान्तर सामान्यने स्वीकारतो तेना भेदोमां एटले के धर्म, अधर्म, आकाश, काळ, पुद्गल अने जीवविगेरे द्रव्यना आश्रयभूत विशेषोमां गजनिमीलिका= उपेक्षाने अवलंबन करतो अभिप्राय ते अपरसंग्रहनय छे.

द्रव्यत्व विगेरे अवान्तर सामान्यनो स्वीकार करनार तेना पृथ्वीत्व आदि भेदो प्रत्ये आंखमीचामणा करनार अध्यवसायनो आमां समावेश थाय छे. आ नय धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशस्तिकाय, काळ, पुद्गल अने जीव ए छएे द्रव्योनुं एकीकरण माने छे कारणके द्रव्यत्व छएेमां समान छे ते जणावे छे.

उदाहरन्ति—

धर्माधर्माऽऽकाश-काल-पुद्गल-जीवद्रव्याणामैक्यं,
द्रव्यत्वाभेदादित्यादिर्यथा ॥ ७-२० ॥

सूत्रार्थ-जेम के धर्म, अधर्म, आकाश, काळ, पुद्गल अने जीवरूप द्रव्यो एकरूप (अभिन्न छे) छे. कारण के ते दरेकमां विद्यमान द्रव्यत्वनो अभेद छे. (छएे द्रव्यो द्रव्यत्वनी अपेक्षाएे एेक छे)

धर्माधर्मादीनामैक्यं द्रव्यत्वाभेदात्-'द्रव्यं द्रव्यम्' इत्यभिन्नज्ञानाभिधान-लक्षणलिङ्गानुमितद्रव्यत्वाऽभेदादित्यर्थः। आदिपदेन चेतनाचेतनपर्यायाणामेकत्वं, पर्यायत्वाभेदादिति पर्यायाभेदसाधकमनुमानमपि बोध्यम् ॥ २० ॥

टीकार्थ-धर्म-अधर्म विगेरेनुं एेकपणुं छे द्रव्यत्वनो अभेद होवाथी, द्रव्य आ पण द्रव्य एे प्रमाणे ज्ञान नाम लक्षण अने लिंगथी अनुमान करायेल

દ્રવ્યત્વના અભેદથી [ધર્માસ્તિકાય, દ્રવ્ય છે એ પ્રમાણે જ્ઞાન થાય છે, તેમજ દ્રવ્યરૂપે તેનું કથન થાછે, તેની જેમ જ અધર્માસ્તિકાય પણ દ્રવ્ય છે તેમ જ્ઞાન થવાથી અને દ્રવ્ય છે તેમ તેને કહેવાય છે માટે હોવાથી =નામથી એટલે કે તે જ્ઞાન અને અભિધાન છએ દ્રવ્યમાં અભેદરૂપે (એકરૂપે) છે એ હેતુથી અનુમિત દ્રવ્યત્વરૂપે તે બધાના એકત્વનો સંગ્રહ કરાય છે]

સૂત્રગત 'દ્રવ્યત્વ'–આદિ શબ્દથી ચેતન અને અચેતનત્વ રૂપ પર્યાયોમાં એકત્વ જાણવું કારણ કે પર્યાયત્વરૂપે તેમનામાં અભેદ હોવાથી એટલે કે પર્યાયત્વરૂપે કોઈ ભેદ છે નહીં.

एतदाभासमाहुः—

द्रव्यत्वादिकं प्रतिजानानस्तद्विशेषान्
निह्नुवानस्तदाभासः॥ ७-२१॥

सूत्रार्थ–દ્રવ્યત્વાદિ અપર સામાન્યને માનનાર ધર્માધર્માદિરૂપ વિશેષોનો પ્રતિક્ષેપ (ખંડન) કરનાર અભિપ્રાય વિશેષ અપરસંગ્રહાભાસ કહેવાય છે.

द्रव्यत्वादिसामान्यमङ्गीकृत्य तद्विशेषान् धर्माधर्मादीन् प्रतिक्षिपन्नभिप्राय-विशेषस्तदाभासः-अपरसंग्रहाऽऽभास इत्यर्थः ॥ २१ ॥

टीकार्थ–દ્રવ્યત્વ વિગેરે સામાન્યને સ્વીકારીને ધર્માધર્માદિ વિશેષોનું ખંડન કરનાર અભિપ્રાય વિશેષ તદાભાસ-એટલે કે અપરસંગ્રહાભાસ છે.

उदाहरन्ति—

यथा द्रव्यत्वमेव तत्त्वं,
ततोऽर्थान्तरभूतानां द्रव्याणामनुपलब्धेरित्यादिः॥ ७-२२॥

सूत्रार्थ–જેમ કે-દ્રવ્યત્વ જ તત્ત્વ છે, કારણ કે તેનાથી ભિન્ન દ્રવ્યો ઉપલબ્ધ થતા નથી વિગેરે.

ततः— द्रव्यत्वसकाशात् अर्थान्तरभूतानां— धर्माधर्माऽऽकाशादीनाम् ॥ २२॥

टीकार्थ–ततः એટલે દ્રવ્યત્વથી अर्थान्तरभूतानां= ધર્મ અધર્મ આકાશ વિગેરે દ્રવ્યોની ઉપલબ્ધિ છે જ નહીં માત્ર દ્રવ્ય જ તત્ત્વ છે એ રીતે અન્યની ઉપલબ્ધિ ન માનવી તે અપર સંગ્રહાભાસનું દૃષ્ટાન્ત છે.

व्यवहारनयं प्रदर्शयन्ति—

વ્યવહારનય ને વ્યવહારનયાભાસ સદૃષ્ટાન્ત બતાવે છે.

संग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाभिसन्धिना क्रियते स व्यवहारः ॥ ७-२३ ॥

सूत्रार्थ–સંગ્રહનયદ્વારા વિષયરૂપે કરાયેલા પદાર્થોમાં વિધિપૂર્વક (વિધાન કરવા પૂર્વક) વિભાજન જે અભિપ્રાય કરે છે તે અભિપ્રાય વિશેષ વ્યવહાર નય છે.

संग्रहनयेन विषयीकृतानामर्थानां सत्त्वद्रव्यत्वादीनां विधानानन्तरमवहरणं-विभागो येनाभिप्रायविशेषेण क्रियते सोऽभिप्रायविशेषो व्यवहारनयः ॥ २३ ॥

टीकार्थ–સંગ્રહનયવડે વિષયરૂપે ગ્રહણ કરેલા પદાર્થોનું સત્ત્વ-દ્રવ્યત્વ આદિના વિધાન કરવારૂપે (નિષેધ કર્યાવિના) અવહરણ=વિભાગ જે અભિપ્રાય વિશેષ દ્વારા કરાય છે તે અભિપ્રાય વિશેષ વ્યવહારનય કહેવાય છે

विशेषार्थ– જે અર્થ ભિન્ન હોવા છતા પણ સાધારણ ધર્મદ્વારા એકરૂપ પ્રતીત થતા હોય તેનો વિશેષ ધર્મ દ્વારા વિભાગ વ્યવહારનય દ્વારા થાય છે. સંગ્રહનયવડે ગૃહીત પદાર્થનું વિધિપૂર્વક સ્વીકાર કે પ્રવર્તન જે અભિપ્રાય દ્વારા થાય તે અભિપ્રાય વ્યવહારનય છે પૂર્વે જણાવેલ પરસંગ્રહ એક પ્રકારનો અને અપરસંગ્રહ અનેક પ્રકારનો છે બન્ને સંગ્રહોથી જેનું જ્ઞાન થતું હોય તેનો ભેદ વ્યવહાર નય કરે છે.

उदाहरन्ति—

यथा-यत् सत् तद् द्रव्यं पर्यायो वेत्यादिः ॥ ७-२४॥

सूत्रार्थ–જેમ કે- જે સત્ છે તે દ્રવ્ય અથવા પર્યાય છે વિગેરે...

आदिपदेन अपरसंग्रहविषयीकृतार्थविषयव्यवहारोदाहरणं द्रष्टव्यम्। यद् द्रव्यं तद् जीवाजीवादिभेदेन षट्प्रकारम्। यः पर्यायः स द्विविधः। सुख-दुःखादिरूपः क्रमभावी, विज्ञानव्यक्तिशक्त्यादिरूपः सहभावी च। एवं यो जीवः स मुक्तः संसारी च। यः क्रमभावी पर्यायः स क्रियारूपोऽक्रिया-रूपश्चेत्यादि ॥ २४ ॥

ટીકાર્થ–સૂત્રમાં બતાવેલ આદિ શબ્દથી અપરસંગ્રહનય દ્વારા વિષયરૂપે કરાયેલ એવા પદાર્થનો વિષય તે વ્યવહારનયના ઉદાહરણ જાણવા તે જે દ્રવ્ય છે તે જીવ-અજીવ વિગેરે ભેદ વડે છ પ્રકારે છે. જે પર્યાય છે તે બે પ્રકારે છે સુખ દુઃખ વિગેરે સ્વરૂપે ક્રમભાવી પર્યાય છે વિજ્ઞાનવ્યક્તિ-શક્તિસ્વરૂપે સહભાવી પર્યાય છે. એ પ્રમાણે જે જીવ છે તે મુક્ત અને સંસારી છે.જે ક્રમભાવી પર્યાય છે તે ક્રિયારૂપ અને અક્રિયારૂપ છે વિગેરે વ્યવહારનયના દૃષ્ટાન્ત સમજવા.

વિશેષાર્થ–સંગ્રહ અને વ્યવહારનયના દૃષ્ટાન્તો તુલનાત્મક છે પરંતુ તેમાં સંગ્રહનય 'સંગઠન પ્રેમી' અને વ્યવહારનય 'ભાગલાવાદી' છે જેમ કે પરસંગ્રહે કહ્યું કે વિશ્વના તમામ પદાર્થો સત્ રૂપે એક છે. વ્યવહાર તેનો વિભાગ કરતા કહે છે કે સત્ -બે પ્રકારે છે દ્રવ્ય અને પર્યાય, અપરસંગ્રહ તમામ દ્રવ્યોને દ્રવ્યરૂપે એકમાને છે વ્યવહાર તેનો ભેદ કરતા-દ્રવ્ય-છ પ્રકારે છે. જીવ પુદ્ગલ વિગેરે આજ રીતે પર્યાયરૂપે સંગૃહીત થયેલા પર્યાયોને ભાગ કરતા કહે છે પર્યાય બે પ્રકારના છે ક્રમભાવી અને સહભાવી હજુ આગળ પણ આ રીતે વિભાગીકરણ કરતા ક્રમભાવી સુખ દુઃખ સહભાવી-વિજ્ઞાનવ્યક્તિ શક્તિ-વિગેરે સંગ્રહનય જીવને જીવત્વરૂપે એક માંને ત્યારે વ્યવહાર નય સંસારી અને મુક્ત એવા બે ભેદપાડે સંસારીમાં ત્રસ સ્થવારરૂપે ભેદ માને, સંગ્રહ પુદ્ગલ રૂપે એક માને, વ્યવહાર તેનો પરમાણુ સ્કન્ધરૂપે ભેદ કરે છે.

एतदाभासं वर्णयन्ति—

यः पुनरपारमार्थिकद्रव्यपर्यायविभागमभिप्रैति
स व्यवहाराभासः ॥ ७-२५ ॥

સૂત્રાર્થ–પરંતુ જે દ્રવ્ય અને પર્યાયના વિભાગને અપારમાર્થિક રૂપે સ્વીકારે છે તે અભિપ્રાય વ્યવહારાભાસ નય કહેવાય છે.

योऽभिप्रायविशेषो द्रव्य-पर्यायविभागमपारमार्थिकं-काल्पनिकं मन्यते स व्यवहाराऽऽभासः ॥ २५ ॥

ટીકાર્થ–જે અભિપ્રાય વિશેષ દ્રવ્ય અને પર્યાયના વિભાગને અપારમાર્થિક એટલે કાલ્પનીક માને છે વાસ્તવિકતાએ સ્વીકારતો નથી તે વ્યવહાશભાસ નય છે.

उदाहरन्ति—

यथा-चार्वाकदर्शनम् ॥ ७-२६ ॥

सूत्रार्थ- चार्वाक (नास्तिक) दर्शन व्यवहाराभास नय तरीके जाणवो.

चार्वाको हि वस्तुनो द्रव्य- पर्यायात्मकत्वं नाङ्गीकरोति किन्तु आपाततः प्रतीयमानं भूतचतुष्टयात्मकं घट-पटादिरूपं पदार्थजातं पारमार्थिकं मन्यते, तदतिरिक्तं द्रव्यपर्यायविभागं काल्पनिकमिति । तस्मात् चार्वाकदर्शनं व्यवहाराऽऽभासमिति भावः ॥ २६ ॥

टीकार्थ-चार्वाकमतानुयायी वस्तुना द्रव्य-पर्यायात्मक स्वरूपने स्वीकारता नथी परंतु नजर पडतानी साथे जणाता चार भूतात्मक (पृथ्वी-अप्- तेजो अने वायु) घट पटविगेरे स्वरूप पदार्थना समूहने वास्तविक माने छे. अने ते सिवाय द्रव्य-पर्यायना विभागने काल्पनिक माने छे. तेथी चार्वाक व्यवहारनयाभास छे.

विशेषार्थ- चार्वाकनी मान्यता "जे देख्युं ते साचुं" सामान्यथी जोईए तो बाह्येन्द्रियो द्वारा प्रत्यक्ष अनुभवाता पदार्थोनी सत्ता ज लोकमां मनाय छे अने लोकव्यहार पण तेना आधारे चाले छे आ व्यवहार यथार्थ छे ईन्द्रियप्रत्यक्ष छे तेटलुं मानीए परंतु ईन्द्रियोथी अगम्य-अगोचर पदार्थ छे ज नहीं अतीन्द्रिय जीव-पुण्य-पाप-स्वर्ग नरक-मोक्षादिपदार्थने चार्वाक मानतो नथी प्रमाणद्वारा सिद्ध थयेल जीव अने तेना ज्ञानादिरूप पर्यायोने ते मान्य करतो नथी स्थूल लोकव्यवहारने अवलंबी भूत-चतुष्टयने माने छे अर्थात् प्रत्यक्षथी देखातु समग्र विश्व भूतचतुष्टयात्मक छे एवुं ज माने छे.

द्रव्यार्थिकं त्रेधाऽभिधाय पर्यायर्थिकं प्रपञ्चयन्ति—

द्रव्यार्थिक नय बतावी हवे पर्यायार्थिक नयना भेदो बतावे छे.

पर्यायार्थिकश्चतुर्धा—ऋजुसूत्रः शब्दः समभिरूढ एवंभूतश्च ॥ ७-२७ ॥

एषु ऋजूसूत्रं वितन्वति—

ऋजु- वर्तमानक्षणस्थायि-पर्यायमात्रंप्राधान्यतः सूत्रयन्नभिप्राय ऋजुसूत्रः ॥ ७-२८ ॥

સૂત્રાર્થ-પર્યાયાર્થિકનય-(૧) ઋજુસૂત્ર (૨) શબ્દ (૩) સમભિરૂઢ (૪) એવંભૂત એમ ચાર પ્રકારે છે. ઋજુ=વર્તમાનક્ષણમાં રહેનાર પર્યાયમાત્રને જ પ્રધાનતાથી જણાવનાર નય તે ઋજુસૂત્રનય.

ऋजु-अतीतानागतकालक्षणलक्षणकौटिल्यवैकल्यात् सरलम्। अयं भावः-योऽभिप्रायविशेषो वर्तमानक्षणस्थितपर्यायानेव प्राधान्येन दर्शयति तत्र विद्यमानद्रव्यं गौणत्वान्न मन्यते स ऋजुसूत्रः ॥ २८ ॥

ટીકાર્થ-ઋજુ એટલે ભૂત અને ભાવીકાળના ક્ષણ સ્વરૂપ કુટિલતાથી રહિત હોવાથી સરળ છે [અર્થાત્ અતીત અને અનાગત કાળની ક્ષણ કુટિલ છે તે કુટિલતાનો શું વિચાર કરવો ? માટે એનાથી રહિતમાત્ર વર્તમાન કાળનો જ જેમાં વિચાર હોય તે ઋજુ]

તેનો ભાવ આ પ્રમાણે છે:- જે અભિપ્રાય વિશેષ વર્તમાન ક્ષણમાં રહેલા પર્યાયને જ પ્રધાનરૂપે પ્રકાશિત કરે છે તેમાં વિદ્યમાન દ્રવ્યને ગૌણ હોવાથી સ્વીકારતો નથી તે ઋજુસૂત્રનય છે.

વિશેષાર્થ-ઋજુસૂત્ર વ્યવહારની જેમ વિશેષને માનનાર છે પરંતુ વ્યવહારથી વિષયસંકોચ ઋજુસૂત્ર સ્વીકારે છે વ્યવહાર જેમ-સામાન્યને વ્યવહારનું અંગ ન હોવાથી સ્વીકારતો નથી, તેમ ઋજુસૂત્ર કહે છે કે જે પરકીય પદાર્થ છે જે અતીત અનાગત પદાર્થ છે તે પણ વ્યવહારનું અંગ નથી માટે સ્વીકારતો નથી ऋजु=अतीतानागतपरकीयंलक्षणकौटिल्यं 'परित्यज्य केवलं' वार्तमानिकं स्वकीयमेव सूत्रयति=सूचयतीति-ऋजुसूत्रः

उदाहरन्ति—

તેનું દૃષ્ટાન્ત જણાવે છે:-

यथा—सुखविवर्त्तः सम्प्रत्यस्तीत्यादिः ॥ ७-२९ ॥

સૂત્રાર્થ-જેમકે હમણાં (વર્તમાનકાળે) સુખરૂપ પર્યાય છે.

यद्यपि सुख-दुःखादयः पर्याया आत्मद्रव्यं विहाय कदापि न भवन्ति, तथापि पर्यायस्य यदा प्राधान्येन विवक्षा क्रियते द्रव्यस्य च गौणत्वेन तदा भवत्येवं प्रयोगः 'सुखविवर्तः सम्प्रत्यस्ति' इति, एवं दुःखपर्यायोऽधुना वर्तते इत्यादिकमूहनीयम् ॥ २९ ॥

ટીકાર્થ-જો કે સુખ દુઃખ વિગેરે પર્યાયો આત્માદ્રવ્યને છોડીને ક્યારે પણ હોતા નથી તો પણ પર્યાયની જ્યારે પ્રધાનતારૂપે વિવક્ષા કરાય છે અને દ્રવ્યની ગૌણસ્વરૂપે વિવક્ષા કરાય છે ત્યારે આ પ્રમાણે પ્રયોગ થાય છે–હમણા સુખનો પર્યાય છે એજ રીતે અત્યારે દુઃખનો પર્યાય છે વિગેરે ઋજુસૂત્રના દૃષ્ટાન્તો જાણવા યોગ્ય છે.

ऋजुसूत्राभासं ब्रुवते—

ઋજુસૂત્રાભાસ સદૃષ્ટાન્ત બતાવે છે.

सर्वथा द्रव्यापलापी-तदाभासः ॥ ७-३० ॥

સૂત્રાર્થ-એકાન્તે દ્રવ્યનો અપલાપ કરનાર અભિપ્રાય ઋજુસૂત્રાભાસ નય કહેવાય છે.

यः पर्यायानेव स्वीकृत्य सर्वथा द्रव्यमपलपति सोऽभिप्रायविशेष ऋजुसूत्राऽऽभास इत्यर्थः ॥ ३० ॥

ટીકાર્થ-જે અભિપ્રાય પર્યાયોને સ્વીકારીને સર્વથા એકાંતે દ્રવ્યનો નિષેધ કરે છે તે ઋજુસૂત્રાભાસ

उदाहरन्ति—

यथा—तथागतमतम् ॥ ७-३१ ॥

સૂત્રાર્થ- જેમકે બૌદ્ધદર્શન તે ઋજુસૂત્રાભાસનયનું દૃષ્ટાન્ત છે.

तथागतमतम्-बौद्धमतम्। बौद्धो हि प्रतिक्षणविनश्वरान् पर्यायानेव पारमार्थिकत्वेनाभ्युपगच्छति, प्रत्यभिज्ञादिप्रमाणसिद्धं त्रिकालस्थायि तदाधारभूतं द्रव्यं तु तिरस्कुरुते इत्येतन्मतमृजुसूत्राभासत्वेनोपन्यस्तम् ॥ ३१ ॥

ટીકાર્થ- બૌદ્ધમત-બૌદ્ધો પ્રતિક્ષણ વિનશ્વર પર્યાયોને જ વાસ્તવિકરૂપે સ્વીકારે છે. પરંતુ તે પર્યાયોના આધારભૂત પ્રત્યભિજ્ઞાદિ પ્રમાણો દ્વારા પ્રસિદ્ધ અને ત્રણે કાળમાં રહેલા દ્રવ્યનો તિરસ્કાર કરે છે. ત્રૈકાલિક દ્રવ્યની સાથે પર્યાયનો સબંધઅનુભવસિદ્ધ છે "હું નાનો હતો હું યુવાન છું હું ઘરડો થઈશ" અહિં ત્રણ જુદા જુદા પર્યાયોની પ્રતીતિમાં પણ "હું"ની એક સરખી પ્રતીતિ થાય છે છતા બૌદ્ધ વર્તમાન ક્ષણે વિદ્યમાન પર્યાયને માને છે દ્રવ્યને નહિં તેથી તે ઋજુસૂત્રાભાસ છે.

शब्दनयं शब्दयन्ति—

શબ્દ નયનું સ્વરૂપ ઉદાહરણ સહિત બતાવે છે.

कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः ॥ ७-३२ ॥

सूत्रार्थ-કાલવિગેરે ભેદદ્વારા શબ્દના વાચ્ય પદાર્થમાં ભેદ માનનાર અભિપ્રાય શબ્દનય છે.

कालादिभेदेन-काल-कारक-लिङ्ग-संख्या-पुरुषोपसर्गभेदेन, ध्वनेः-शब्दस्य अर्थभेदं प्रतिपद्यमानोऽभिप्रायविशेषः शब्दनयः ॥ ३२ ॥

टीकार्थ-કાલવિગેરે ભેદદ્વારા એટલે કાલ, કારક, લિંગ, સંખ્યા, પુરુષ અને ઉપસર્ગના ભેદથી ધ્વનિ એટલે શબ્દના અર્થભેદને સ્વીકારતો જે અભિપ્રાય તે શબ્દનય કહેવાય છે.

उदाहरन्ति—

यथा—बभूव भवति भविष्यति सुमेरुरित्यादिः ॥ ७-३३ ॥

सूत्रार्थ-જેમ કે સુમેરુ હતો, છે. અને રહેશે વિગેરે કાળને આશ્રયીને શબ્દનયનું દૃષ્ટાન્ત છે.

यद्यपि सुमेरोर्द्रव्यरूपतयाऽभिन्नत्वात् पर्यायरूपतया च भिन्नत्वाद् भिन्नभिन्नत्वं वर्तते, तथाऽपि शब्दनयो विद्यमानमपि कनकाचलस्य द्रव्यरूपतयाऽभेदमुपेक्ष्य केवलं भूत-वर्तमान-भविष्यल्लक्षणकालत्रयभेदाद् भेदमेवावलम्बते । आदिपदेन 'करोति क्रियते कुम्भः' इति कारकभेदे। 'तटस्तटी तटम्' इति लिङ्गभेदे । दाराः कलत्रम् इति संख्याभेदे। 'एहि मन्ये रथेन यास्यति, नहि यास्यसि, यातस्ते पिता' इति पुरुषभेदे। 'सन्तिष्ठते, उपतिष्ठते, इत्युपसर्गभेदेऽप्यर्थस्य भिन्नत्वं स्वीकारोति ॥ ३३ ॥

टीकार्थ- જો કે મેરુપર્વત દ્રવ્યથી અભિન્ન છે પર્યાયરૂપવડે ભિન્ન છે આથી ભિન્નાભિન્ન છે. તો પણ શબ્દનય વિદ્યમાન પણ મેરુ પર્વતના દ્રવ્યપણે અભેદની ઉપેક્ષા કરીને ફક્ત ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સ્વરૂપ ત્રણેકાળના ભેદથી (મેરુપર્વતરૂપ અર્થમાં) પણ (પર્યાયદ્વારા) ભેદ માને છે. અર્થાત્ કાલઆદિની અપેક્ષાએ મેરુને ભિન્ન માને છે. શબ્દથી થતા કાલભેથી અર્થભેદનું દૃષ્ટાન્ત બભૂવ =થયું ભવતિ=થાય છે ભવિષ્યતિ=થશે.....(૧)

આદિ પદ વડે કારકભેદ- कुम्भ करोति कुम्भः क्रियते- કુંભ કરે છે અથવા તો કુંભ કરાય છે. (ચૈત્ર કુંભ કરે છે પ્રયોગમાં કર્ત્તા અનુક્ત છે "उक्ते कारके प्रथमा स्यात्" એ નિયમથી અહીં કર્મ ઉક્ત છે માટે चैत्रेण कुम्भः क्रियते ચૈત્ર વડે કુંભ કરાય છે. આ સ્થળે કુંભ કર્મ છે અને कुंभः करोति- ઘટ જલાહરણાદિ ક્રિયા કરે છે આ સ્થળે કુંભ કર્ત્તા છે બંનેમાં વપરાયેલ કુંભ શબ્દનો કારક જુદો હોવાથી અર્થ જુદો છે (૨)

લિંગભેદ : तटस्तटी तटम् (ત્રણ શબ્દોનો નદી અર્થ સમાન છતા પણ तटःપદથી વાચ્ય નદી જુદી तटी પદથી વાચ્ય નદી અલગ અને तटम् પદથી વાચ્ય નદી જુદી કારણ કે સમાનાર્થક હોવા છતા ત્રણે શબ્દોમાં લિંગભેદ થી ભેદ આ નય માને છે (૩)

સંખ્યાભેદ- 'दाराः' 'कलत्रम्' પદો સમાનાર્થક હોવા છતા પણ પત્નીઓ (વૃન્દ) અને 'એક પત્ની' એવો ભિન્ન બોધ થાય છે તેથી તેમાં સંખ્યાભેદના કારણે અર્થભેદ છે. (૪)

પુરુષભેદ- (૧) एहि, (૨) मन्ये, (૩) रथेन यास्यति, (૪) यास्यसि नहि (૫)यातस्ते पिता- तु અહિં આવ, હું માનુ છું, તે રથવડે જશે પણ તું જઈશ નહીં તારા પિતા ગયેલા છે, અહીં પેલોપુરુષ, બીજોપુરુષ, ત્રીજોપુરુષ વિગેરેની અપેક્ષાએ ભેદ છે. (૫)

सन्तिष्ठते= સમ્યગ્ ઉભો રહે છે अवतिष्ठते- સ્થિર ઉભો રહે છે. બન્ને પ્રતીતિ અલગ છે કારણ કે ઉપસર્ગભેદથી ભેદ છે માટે અર્થભેદ સ્વીકારે છે આમ કાળકારક આદિ ભેદથી અર્થભેદ માનવો એ શબ્દનયનું લાક્ષણિક સ્વરૂપ છે.

एतदाभासं ब्रुवते—

શબ્દનયાભાસ ઉદાહરણ સહિત જણાવે છે.

तद्भेदेन तस्य तमेव समर्थयमानस्तदाभासः ॥ ७-३४ ॥

सूत्रार्थ : તેમના ભેદથી તેનું તે જ સમર્થન કરતો તે=શબ્દાભાસ છે.

तद्भेदेन—कालादिभेदेन, तस्य—ध्वनेः, तमेव—अर्थभेदमेव, समर्थयमानस्तदाभासः शब्दनयाऽऽभास इत्यर्थः।

अयंभावः—योऽभिप्रायः कालादिभेदेन शब्दस्यार्थभेदमेव, समर्थयते द्रव्यरूपतयाऽभेदं पुनः सर्वथा तिरस्करोति स शब्दनयाऽऽभासः ॥ ३४ ॥

ટીકાર્થ : तद्भेदेन= કાલ, કારક, વિગેરે ભેદથી तस्य= શબ્દનો तमेव= અર્થભેદનું જ સમર્થન કરતો तदाभास= શબ્દાભાસ છે એમ અર્થ કરવો તેનો ભાવ આ પ્રમાણે છે– જે અભિપ્રાય કાળઆદિના ભેદથી શબ્દના અર્થભેદનું જ સમર્થન કરે વળી દ્રવ્યત્વપણે રહેલ અભેદનો સર્વથા તિરસ્કાર કરે- એટલે કે કાળ આદિના ભેદથી શબ્દથી અર્થમાં એકાંતે ભેદ માને, અને દ્રવ્યના અભેદનો એકાંતે અપલાપ કરે તે શબ્દનયાભાસ છે.

उदाहरन्ति—

यथा-बभूव भवति भविष्यति सुमेरुरित्यादयो भिन्नकालाः शब्दा भिन्नमेवार्थमभिदधति, भिन्नकालशब्दत्वात्, तादृक्सिद्धान्यशब्दवदित्यादिः ॥ ७-३५ ॥

જેમ કે- સુમેરુ હતો - સુમેરુ છે. સુમેરુ હશે વિગેરે ભિન્નકાલીન શબ્દો, ભિન્ન પદાર્થનું જ કથન કરે છે. કારણ કે ભિન્નકાલવાચી શબ્દ છે, તેવા પ્રકારના સિદ્ધ થયેલા બીજા શબ્દોની જેમ.

अत्रानुमाने "बभूव भवति भविष्यति सुमेरुरित्यादयो भिन्नकालाः शब्दा भिन्नमेवार्थमभिदधति" इति पक्षः । "भिन्नकालशब्दत्वात्" इति हेतुः । "तादृक्सिद्धान्यशब्दवद्" इति दृष्टान्तः । अनेनानुमानेन कालादिभेदेनार्थमेव स्वीकुर्वन् त्रिष्वपि कालेषु विद्यमानमप्यभिन्नं द्रव्यं सर्वथा तिरस्कुर्वन्नभिप्राय-विशेषः शब्दनयाऽऽभासः ॥ ३५ ॥

ટીકાર્થ : આ અનુમાનમાં 'મેરુ હતો - છે અને થશે એ પ્રમાણે ભિન્ન કાળવાળા શબ્દો ભિન્ન અર્થને કહે છે.' એ પ્રમાણે પક્ષ (પ્રતિજ્ઞાવાક્ય) છે. 'ભિન્નકાલવાચી શબ્દ હોવાથી' આ હેતુવાક્ય છે. 'તેવા પ્રકારના સિદ્ધ થયેલા બીજા શબ્દની જેમ' આ દૃષ્ટાન્તવચન છે. આ અનુમાન દ્વારા કાલ વિગેરેના ભેદ દ્વારા અર્થભેદને જ સ્વીકારતો અને ત્રણે કાળમાં વિદ્યમાન હોવા છતાં પણ અભિન્ન એવા દ્રવ્યને એકાંતે તિરસ્કાર કરતો અભિપ્રાય વિશેષ તે શબ્દનયાભાસ છે. (નયમાં જ્યાં સુધી ઈષ્ટથી ઈતરની ઉપેક્ષા હોય ત્યાં સુધી તે નય રહે છે પણ જ્યારે ઈષ્ટથી અન્યનો તિરસ્કાર આવી જાય છે ત્યારે તે નય ન રહેતા નયનો આભાસ બની જાય છે.)

समभिरूढनयं वर्णयन्ति—

સમભિરૂઢ નય ઉદાહરણ સહિત જણાવે છે.

पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं
समभिरोहन् समभिरूढः ॥ ७-३६ ॥

सूत्रार्थ : પર્યાયવાચીશબ્દમાં વ્યુત્પત્તિભેદથી ભિન્ન અર્થને સ્વીકારનાર અભિપ્રાય સમભિરૂઢ નય છે.

पर्यायशब्देषु—इन्द्र-पुरन्दरादिशब्देषु, निरुक्तिभेदेन-निर्वचनभेदेन, भिन्नमर्थंसमभिरोहन्—अभ्युपगच्छन् समभिरूढः।। ३६ ॥

टीकार्थ : પર્યાયવાચી શબ્દમાં એટલે કે ઇન્દ્ર, પુરન્દર વિગેરે શબ્દોમાં નિરુક્તિભેદ દ્વારા એટલે કે વ્યુત્પત્તિભેદ વડે ભિન્ન અર્થને સ્વીકારતો સમભિરૂઢ નય છે.

विशेषार्थ : આ નય પર્યાયવાચી શબ્દોના ભેદથી અર્થભેદ માને છે તેનો અભિપ્રાય એવો છે કે જેમ घटः पटः कटः આ ત્રણ શબ્દો પણ જુદા છે અને તેના અર્થ જુદા છે તે જ રીતે घटः कुम्भः कलशः શબ્દો પણ જુદા છે તેથી તેના અર્થો પણ જુદા માનવા જોઈએ.

उदाहरन्ति—

इन्दनादिन्द्रः शकनाच्छक्रः
पूर्दारणात् पुरन्दर इत्यादिषु यथा ॥ ७-३७ ॥

सूत्रार्थ : ઇન્દ્રપણું (ઠકુરાઇ) હોવાથી ઇન્દ્ર, સમર્થ હોવાથી શક્ર અને નગરને વિદારેલું હોવાથી પુરન્દર આ પ્રમાણે સમભિરૂઢ સ્વીકારે છે.

अयमर्थः— यद्यपिइन्द्र-शक्रादयः शब्दा इन्द्रत्व-शक्रत्वादिपर्याय-विशिष्टस्यार्थस्य वाचकाः, न केवलं पर्यायस्य, तथापि समभिरूढनयवादि गौणत्वाद् द्रव्यवाचकत्वमुपेक्ष्य प्रधानत्वात् पर्यायवाचकत्वमेवाङ्गीकुर्वन् 'इन्द्रादयः शब्दाः प्रतिपर्यायबोधकत्वाद्, भिन्नभिन्नार्थवाचकाः' इति मन्यते। शब्दनयो हि नानापर्यायभेदेऽप्यर्थाभेदमेवाभिप्रैति, समभिरूढस्तु पर्यायभेदे अर्थभेदं प्रतिपद्यते इति विशेषः ॥ ३७ ॥

ટીકાર્થ : જો કે ઇન્દ્ર શક્ર આદિ શબ્દો ઇન્દ્રત્વ શક્રત્વ વિગેરે પર્યાયવિશિષ્ટ અર્થના વાચક છે. માત્ર પર્યાયના નહિં, તો પણ સમભિરૂઢનય ના મતે દ્રવ્યવાચક ગૌણ હોવાથી તેની ઉપેક્ષા કરીને તથા પર્યાયવાચક જ મુખ્ય સ્વીકારતો હોવાથી ઇન્દ્રવિગેરે શબ્દો દરેક પર્યાયને જણાવનાર હોવાથી ભિન્ન ભિન્ન અર્થના વાચક છે. શબ્દનય વિવિધ પ્રકારના પર્યાયના ભેદમાં અર્થનો અભેદ સ્વીકારે છે પરંતુ સમભિરૂઢનય પર્યાયભેદે અર્થભેદ સ્વીકારે છે એ પ્રમાણે સમભિરુઢ શબ્દનય કરતા વિશેષ છે. ઐશ્વર્યવાન્ હોવાથી ઇન્દ્ર છે, સમર્થ હોવાથી શક્ર છે, પુર નામના દૈત્યનોનાશ કરેલો હોવાથી, અર્થાત્ શત્રુના નગરને નાશ કરેલ હોવાથી પુરન્દર, ઇત્યાદિ પર્યાયવાચી શબ્દોની વ્યુત્પત્તિ જુદી જુદી છે તેથી તેના વાચ્યાર્થ પણ જુદા જુદા છે. તેથી શબ્દભેદે અર્થભેદ આ નય સ્વીકારે છે પરંતુ અર્થભેદે શબ્દભેદને આ નય સ્વીકારતો નથી કારણ કે ઘણા શબ્દો અનેકાર્થક હોય છે. દા.ત. હરિ એટલે ઇન્દ્ર સિંહ વાંદરો સર્પ શંકર વિગેરે તથા ગો એટલે ગાય, વાણી, ભૂમિ, કિરણ વિગેરે અનેકાર્થક શબ્દોનો અર્થભેદ છે પણ શબ્દભેદ નથી માટે આ અર્થભેદ હોય ત્યાં શબ્દભેદ હોય જ એવી માન્યતા આ નયની નથી પરંતુ શબ્દભેદે અર્થ-ભેદને આ નય સ્વીકારે છે તેથી કમળ, પંકજ, પદ્મ, અરવિંદ જુદા જુદા છે.

एतदाभासमाभाषन्ते—

સદૃષ્ટાન્ત સમભિરૂઢનયાભાસ જણાવે છે.

पर्यायध्वनीनामभिधेयनानात्वमेव
कक्षीकुर्वाणस्तदाभासः ॥ ७-३८ ॥

સૂત્રાર્થ : પર્યાયવાચી શબ્દોમાં વાચ્યાર્થને વિવિધપણે જ સ્વીકારતો સમભિરુઢાભાસ છે.

यः पर्यायशब्दानामभिधेयनानात्वमेवाभिप्रैति एकार्थाभिधेयत्वं पुनरमुष्य सर्वथा तिरस्कुरुते स तदाभासः समभिरूढाऽऽभासः ॥ ३८ ॥

ટીકાર્થ : જે પર્યાયવાચી શબ્દોથી કહેવા યોગ્ય (અર્થ)નું નાનાપણું જ સ્વીકારે પરંતુ તે વાચ્યાર્થનું એકાર્થ સર્વથા તિરસ્કારે એટલે કે જુદા જુદા શબ્દે

જુદા જ અર્થને માન્ય કરે પરંતુ તેનો જે એકાર્થ=અભેદ છે તેનો એકાંતે અપલાપ કરે તે સમભિરુઢનયાભાસ છે.

उदाहरन्ति—

यथा-इन्द्रः, शक्रः पुरन्दरः इत्यादयः शब्दा भिन्नाभिधेया एव, भिन्नशब्दत्वात्, करिकुरङ्ग-तुरङ्गशब्दवदित्यादिः ॥ ७-३९ ॥

सूत्रार्थ : જેમ કે - ઈન્દ્ર શક પુરન્દર વિગેરે શબ્દો, ભિન્ન અભિધેય (વાચ્યાર્થ)ના વાચક છે, કારણ કે ભિન્ન શબ્દો હોવાથી, કરિ, કુરંગ અને તુરંગ શબ્દની જેમ,

एवंभूतनयं प्रकाशयन्ति—

ઉદાહરણ સહિત એવંભૂતનય જણાવે છે.

शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाऽऽविष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवंभूतः ॥ ७-४० ॥

सूत्रार्थ :(શબ્દની)પોતાની પ્રવૃત્તિના નિમિત્તરૂપ ક્રિયાથી યુક્ત એવા અર્થને તે શબ્દના વાચ્યાર્થ તરીકે સ્વીકારનાર અભિપ્રાય વિશેષ એવંભૂતનય કહેવાય છે.

शब्दानाम्-इन्द्रादिशब्दानां स्वप्रवृत्तिनिमित्तीभूतक्रियाऽऽविष्टमर्थंइन्द्रादि-शब्दप्रवृत्तौ निमित्तीभूता या इन्दनादिक्रिया तद्विशिष्टमर्थं यो वाच्यत्वेनाभ्युप-गच्छति, क्रियाऽनाविष्टं उपेक्षते स एवंभूतः । अयं हि इन्दनादिक्रियापरिणतमर्थ तत्क्रियाकाले इन्द्रादिशब्दवाच्यमभिमन्यते। समभिरूढस्तु इन्दनादिक्रियायां विद्यमानायामविद्यमानायां च इन्द्रादिशब्दवाच्यत्वमभिप्रैति इत्यनयोर्भेदः। ४०।

टीकार्थ :શબ્દ એટલે કે ઈન્દ્ર વિગેરે શબ્દોના પોતાની પ્રવૃત્તિના નિમિત્તરૂપ ક્રિયામાં પ્રવેશેલા (તેવી ક્રિયાથી જોડાયેલ) અર્થને એટલે કે ઈન્દ્ર વિગેરે શબ્દોની પ્રવૃત્તિમાં નિમિત્ત સ્વરૂપે જે ઈન્દનાદિ ક્રિયા= (ઐશ્વર્ય અનુભવન કરતો, સિંહાસન પર બેઠા હોય, આજ્ઞાપ્રદાન આદિ ક્રિયામાં પ્રવૃત્ત થયેલો હોય) વિશિષ્ટ અર્થને વાચ્ય તરીકે સ્વીકારે છે. પરંતુ તે ક્રિયાથીયુક્ત ન હોય તો ઉપેક્ષા કરે છે તે એવંભૂતનય છે કેમ કે ઈન્દનાદિ ક્રિયા પરિણત એવા

અર્થને તે ક્રિયાકાલે ઈન્દ્ર વિગેરે શબ્દથી વાચ્ય તરીકે માને છે. (જેમ કે गच्छति इति - गौः આ રીતે गो શબ્દ બન્યો છે તેથી જ્યારે ગાય બેઠી કે સુતી હોય ત્યારે गो પદનો ઉપયોગ ન થઈ શકે કારણ કે તે ક્રિયાથી યુક્ત એવો અર્થ નથી એ આ નયનો અભિપ્રાય છે) પરંતુ સમભિરુઢ નય ઈન્દનાદિ ક્રિયા વિદ્યમાન હોય કે ન હોય તો ઈન્દ્ર વિગેરે શબ્દને વાચ્ય તરીકે સ્વીકારે છે જ્યારે આ એવંભૂત નય ઈન્દનાદિક્રિયા વિદ્યમાન હોય ત્યારે જ શબ્દ પ્રયોગ સ્વીકારે છે. આ પ્રમાણે તે બંનેમાં ભેદ છે.

उदाहरन्ति—

यथेन्दनमनुभवन्निन्द्रः, शकनिक्रयापरिणतः शक्रः,
पूर्दारणप्रवृत्तः पुरन्दर इत्युच्यते ॥ ७-४१ ॥

सूत्रार्थ : જેમ ઐશ્વર્યનો અનુભવ કરતો હોય (ઠકુરાઈ ભોગવતો હોય- ઐશ્વય ભોગરૂપ ક્રિયાથી યુક્ત હોય) ત્યારે ઈન્દ્ર, સામર્થ્યરૂપ ક્રિયાથી પરિણત થયેલ હોય ત્યારે શક્ર, શત્રુના નગરનો નાશ કરવા પ્રવૃત્ત થયેલ હોય ત્યારે પુરન્દર એ પ્રમાણે કહેવાય છે.

विशेषार्थ : જે શબ્દનો જે અર્થ થતો હોય તે અર્થ તેમાં વર્તતો હોય તો જ તેને તે શબ્દથી કહી શકાય તેમ આ નય માને છે ભણાવતા હોય ત્યારે જ અધ્યાપક અન્યથા નહીં.

एवंभूताभासमाचक्षते—

દૃષ્ટાન્ત સહિત એવંભૂતનયાભાસ જણાવે છે.

क्रियाऽनाविष्टं वस्तु शब्दवाच्यतया
प्रतिक्षिपंस्तु तदाभासः ॥ ७-४२ ॥

सूत्रार्थ : ક્રિયાથી રહિત પદાર્થને શબ્દના વાચ્ય તરીકે પ્રતિક્ષેપ કરનાર એવંભૂત નયાભાસ છે.

यः शब्दानां क्रियाऽऽविष्टमेवार्थं वाच्यत्वेनाभ्युपगच्छति क्रियानाविष्टं तु सर्वथा निराकरोति स एवम्भूतनयाऽऽभासः ॥ ४२ ॥

ટીકાર્થ : જે અભિપ્રાય શબ્દોના ક્રિયા પરિણત એવા અર્થને વાચ્યસ્વરૂપે સ્વીકારે છે પરંતુ ક્રિયાથી રહિત પદાર્થનું એકાંતે ખંડન કરે છે તે એવંભૂતનયાભાસ છે.

उदाहरन्ति—

यथा-विशिष्टचेष्टाशून्यं घटाख्यं वस्तु न घटशब्दवाच्यं,
घटशब्दप्रवृत्तिनिमित्तभूतक्रियाशून्यत्वात्,
पटवदित्यादिः ॥ ७-४३ ॥

सूत्रार्थ-જેમ કે - વિશિષ્ટ (જલાહરણ) ક્રિયાથી રહિત ઘટનામનો પદાર્થ, ઘટ શબ્દનો વાચ્ય નથી કારણકે ઘટ શબ્દની પ્રવૃત્તિના નિમિત્તભૂત ક્રિયાથી રહિત છે. પટની જેમ.

अयमस्याशयः-चैष्टार्थकाद् घटधातोर्निष्पन्नवाद् घटशब्दस्य चेष्टाविरहितो घटरूपोऽर्थो वाच्यो न भवितुमर्हति, घटशब्दप्रवृत्तौ निमित्तभूता या चेष्टाऽऽख्या क्रिया तच्छून्यवात्, पटवत्। यथा-पटो घटीयचेष्टाशून्यत्वाद् घटशब्दवाच्यो न भवति, तथैव चेष्टाशून्यो घटोऽपि घटपदवाच्यो न भवति ।४३।

ટીકાર્થ- આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે घटिष् चेष्टायाम्- ચેષ્ટા અર્થવાળા ઘટ ધાતુથી બનેલ હોવાંથી ઘટ શબ્દનો ચેષ્ટાથી રહિત ઘટરૂપ અર્થ વાચ્યરૂપે થવાને માટે યોગ્ય નથી એટલે કે ઘટ શબ્દ ઘટપદાર્થનો ચેષ્ટાથી રહિત હોય ત્યારે વાચ્ય તરીકે બોલી શકાતો નથી, કારણકે ઘટ શબ્દ પ્રવૃત્તિમાં (ઘટ એ પ્રમાણે શબ્દ બોલતા) નિમિત્તભૂત જે ચેષ્ટાનામની ક્રિયા તેનાથી રહિત છે. પટની જેમ, જેમ પટ, ઘટ સંબંધી ચેષ્ટાથી રહિત હોવાથી ઘટશબ્દથી વાચ્ય થતો નથી તેમજ (તેની જેમ) ચેષ્ટા શૂન્ય ઘટ પણ ઘટપદથી વાચ્ય થતો નથી આવા અભિપ્રાયને એવંભૂતનયાભાસ જાણવો.

के पुनरेषु नयेष्वर्थप्रधानाः के च शब्दनया इति दर्शयन्ति—

હવે આ નયોમાં અર્થનય શબ્દનય જણાવે છે.

एतेषु चत्वारः प्रथमे,
अर्थनिरूपणप्रवणत्वादर्थनयाः ॥ ७-४४ ॥

शेषास्तु त्रयः शब्दवाच्यार्थगोचरतया

शब्दनयाः ॥ ७-४५ ॥

सूत्रार्थ-આ નૈગમાદિ સાત નયમાં પહેલા ચાર નયો અર્થનું નિરૂપણ કરતા હોવાથી અર્થનયો કહેવાય છે. તથા બાકી ત્રણ નયો શબ્દથી વાચ્યાર્થને વિષય કરનાર હોવાથી શબ્દનયો છે.

एतेषु-नैगमादिषु सप्तसु नयेषु । **प्रथमे**-आद्याः ॥ ४४ ॥

टीकार्थ-एतेषु=નૈગમાદિ સાતનયોમાં, **प्रथमे**= પૂર્વના (શરૂઆતના) અને બાકીના ત્રણ નયો શબ્દના વાચ્યાર્થને વિષય કરતા હોવાથી શબ્દ નયો કહેવાય છે.

कः पुनरत्र बहुविषयः को वाऽल्पविषयो नय इति विवेचयन्ति—

पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः परः

परस्तु परिमितविषयः॥ ७-४६॥

सूत्रार्थ-નૈગમાદિ સાતે નયમાં પહેલા પહેલા નયો અધિક અધિક વિષયવાળા છે અને પછી પછીના નયો અલ્પ અલ્પ વિષયવાળા છે.

प्रचुरगोचरः—अधिकविषयावगाही ॥ ४६ ॥

टीकार्थ- प्रचुरगोचरः=અધિક વિષયને ગ્રહણ કરનાર...

तत्र नैगमसंग्रहयोः न संग्रहो बहुविषयो नैगमात्परः किं तर्हि नैगम एव संग्रहात्पूर्व इत्याहुः—

હવે તે અધિક વિષય બતાવે છે. :-

सन्मात्रगोचरात् संग्रहाद् नैगमो

भावाभावभूमिकत्वाद् भूमविषयः ॥ ७-४७ ॥

सूत्रार्थ-સત્તામાત્રના વિષયવાળા સંગ્રહનયની અપેક્ષાએ ભાવ અને અભાવ (સત્ ને અસત્) બન્નેના વિષયવાળો હોવાથી નૈગમનય અધિક વિષયવાળો છે.

संग्रहनयो हि सन्मात्रविषयत्वाद् भावावगाह्येव, नैगमस्तु भावाभाव-विषयत्वादुभयावगाहीति बहुविषयः ॥ ४७ ॥

ટીકાર્થ-ખરેખર સંગ્રહનય સત્તાને જ વિષય કરનાર હોવાથી ભાવ પદાર્થને જ અવગાહન કરે છે. પરંતુ નૈગમનય ભાવ અને અભાવ એમ ઉભય વિષયવાલો હોવાથી બહુવિષયવાળો છે.

संग्रहाद् व्यवहारो बहुविषय इति विपर्ययमपास्यन्ति—

सद्विशेषप्रकाशकाद् व्यवहारतः संग्रहः
समस्तसत्समूहोपदर्शकत्वाद् बहुविषयः ॥ ७-४८ ॥

સૂત્રાર્થ-સત્ વિશેષોને જણાવનાર એવા વ્યવહારની અપેક્ષાએ સત્સામાન્યના સમૂહને જણાવનાર હોવાથી સંગ્રહ બહુ વિષયવાળો છે.

व्यवहारो हि कतिपयान् सत्त्वविशिष्टान् पदार्थान् प्रकाशयतीत्यल्पविषयः, संग्रहस्तु समस्तं सद्विशिष्टं वस्तु प्रकाशयतीति भूमविषयः ॥४८॥

ટીકાર્થ-ખરેખર વ્યવહારએ કેટલાક સત્ત્વવિશિષ્ટોને એટલે કે સત્ત્વથી વિશિષ્ટ એવા પદાર્થોને પ્રકાશ કરે છે એથી અલ્પવિષયવાળો છે. વળી સંગ્રહ તો સત્થી વિશિષ્ટ સમસ્ત વસ્તુને પ્રકાશે છે તેથી ઘણા વિષયવાળો છે.

व्यवहारात् ऋजुसूत्रो बहुविषय इति विपर्यासं निरस्यन्ति—

वर्तमानविषयाद्दजुसूत्राद्
व्यवहारस्त्रिकालविषयावलम्बित्वादनल्पार्थः ॥ ७-४९ ॥

સૂત્રાર્થ-વર્તમાન વિષયવાળો ઋજુસૂત્ર નય હોવાથી ત્રણે કાળના વિષયને અવલંબન કરનાર વ્યવહારનય બહુ વિષયવાળો છે.

ऋजुसूत्रो वर्तमानक्षणस्थायिनः पदार्थान् प्रकाशयतीत्यल्पविषयः, व्यवहारस्तु कालत्रयवर्तिपदार्थजातमवलम्बत इति बहुविषयः॥ ४९ ॥

ટીકાર્થ- ઋજુસૂત્ર-નય વર્તમાનક્ષણસ્થાયી પદાર્થોને પ્રકાશે છે. તેથી અલ્પવિષયવાળો છે અને વળી વ્યવહાર ત્રણેયકાળમાં રહેલા પદાર્થના સમૂહને અવલંબન કરે છે તેથી બહુવિષયવાળો છે.

ऋजुसूत्राच्छब्दो बहुविषय इत्याशङ्कामपसारयन्ति—

कालादिभेदेन भिन्नार्थोपदर्शिनः
शब्दादृजुसूत्रस्तद्विपरीतवेदकत्वाद् महार्थः ॥ ७-५० ॥

सूत्रार्थ-કાલાદિભેદવડે ભિન્ન અર્થને દેખાડનારા શબ્દનય કરતા ઋજુસૂત્ર તેનાથી વિપરીત ને જણાવનાર હોવાથી મોટા વિષયવાળો છે.

शब्दनयो हि कालादिभेदेन पदार्थभेदमङ्गीकरोतीत्यल्पविषयः, ऋजुसूत्रस्तु कालादिभेदेष्यभिन्नमर्थं प्रदर्शयतीत्यनल्पार्थः ॥ ५० ॥

टीकार्थ-કારણ કે શબ્દનય કાલાદિ ભેદદ્વારા પદાર્થભેદને સ્વીકારે છે તેથી અલ્પવિષયવાળો છે જ્યારે ઋજુસૂત્ર નય તો કાલાદિભેદથી અભિન્ન એવા અર્થને દેખાડે છે માટે ઘણા અર્થવાળો છે.

शब्दात्समभिरूढो महार्थ इत्यारेकां पराकुर्वन्ति—

प्रतिपर्यायशब्दमर्थभेदमभीप्सतः

समभिरूढाच्छब्दस्तद्विपर्ययानुयायित्वात् प्रभूतविषयः ॥५१॥

सूत्रार्थ-દરેક પર્યાયવાચી શબ્દને ભિન્ન વાચ્યાર્થવાળા ઇચ્છનાર સમભિરૂઢનયની અપેક્ષાએ શબ્દનય તેનાથી વિપરીતતાને અનુસરતો હોવાથી ઘણાવિષયવાળો છે.

पर्यायशब्दानां व्युत्पत्तिभेदेन भिन्नार्थतामभ्युपगच्छतीति समभिरूढोऽल्पविषयः, शब्दनयस्तु पर्यायशब्दानां व्युत्पत्तिभेदेनाप्यभिन्नार्थतामङ्गीकरोतीति बहुविषयः ॥ ५१ ॥

टीकार्थ-પર્યાયવાચી શબ્દોને વ્યુત્પત્તિ-ભેદવડે ભિન્ન પદાર્થપણે સ્વીકારે છે તેથી સમભિરૂઢ અલ્પ વિષયવાળો છે વળી શબ્દનય તો પર્યાયવાચી શબ્દોનો વ્યુત્પત્તિ ભેદદ્વારા અભિન્ન અર્થનો સ્વીકાર કરે છે. તેથી ઘણા વિષયવાળો છે.

समभिरूढादेवंभूतो बहुविषय इत्यप्याकूतं प्रतिक्षिपन्ति—

प्रतिक्रियं विभिन्नमर्थं प्रतिजानानादेवंभूतात्

समभिरूढस्तदन्यार्थस्थापकत्वाद् महागोचरः ॥ ७-५२ ॥

सूत्रार्थ-દરેક ક્રિયાને વિભિન્ન અર્થવાળી માનનાર એવંભૂત નયની અપેક્ષાએ સમભિરૂઢનય તેનાથી અન્યથા (વિપરીત) અર્થનો સ્થાપક હોવાથી મોટા વિષયવાળો છે.

क्रियाभेदेनार्थभेदमभ्युपगच्छत एवंभूतात् क्रियाभेदेऽप्यर्थाऽभेदं प्रतिपादयन् समभिरूढोऽनल्पविषयः ॥ ५२ ॥

टीकार्थ-ક્રિયાના ભેદથી અર્થના ભેદને સ્વીકારતા એવંભૂતનયથી ક્રિયાના ભેદમાં અર્થના અભેદને જણાવનાર સમભિરૂઢનય ઘણા વિષયવાળો છે.

अथ यथा नयवाक्यं प्रवर्तते तथा प्रकाशयन्ति—

જે રીતે નયવાક્ય પ્રવર્તે છે તેમ જણાવે છે=(નયવાક્યની પ્રવૃત્તિ જણાવે છે.)

नयवाक्यमपि स्वविषये प्रवर्तमानं
विधि-प्रतिषेधाभ्यां सप्तभङ्गीमनुव्रजति ॥ ७-५३ ॥

सूत्रार्थ-પોતાના વિષયમાં પ્રવૃત્તિ કરનાર નયવાક્ય પણ વિધિ અને નિષેધની વિવક્ષાવડે સપ્તભંગીનું રૂપ પામે છે.

यथा प्रमाणवाक्यं विधि-प्रतिषेधाभ्यां प्रवर्तमानं सप्तभङ्गीमनुगच्छति, तथैव नयवाक्यमपि स्वविषये-स्वप्रतिपाद्ये प्रवर्तमानं विधिप्रतिषेधाभ्यां— परस्परविभिन्नार्थनययुग्मसमुत्थविधि-निषेधाभ्यां कृत्वा सप्तभङ्गीत्वमनुगच्छति ॥ ५३ ॥

टीकार्थ-જેમ પ્રમાણવાક્ય વિધિ અને પ્રતિષેધ વડે પ્રવર્તતુ સપ્તભંગીને અનુસરે છે તેમજ નયવાક્ય પણ સ્વવિષયમાં- એટલે પોતાના પ્રતિપાદ્ય વિષયમાં પ્રવર્તતુ વિધિ અને પ્રતિષેધ વડે એટલે કે પરસ્પર ભિન્ન અર્થવાળા એવા બે નયોથી ઉત્પન્ન થયેલ એવા વિધિ અને નિષેધ વડે કરીને સપ્તભંગી પણાને અનુસરે છે.

विशेषार्थ-નય સપ્તભંગીના દરેક ભંગમાં **स्यात्** અને **एवकार** નો પ્રયોગ થાય છે તોપણ વિકલા-દેશ-સ્વરૂપવાળી નય સપ્તભંગી સકલાદેશ સ્વભાવવાળી પ્રમાણ સપ્તભંગીથી જુદી છે નયસપ્તભંગી વિકલાદેશ સ્વરૂપવાળી છે કારણ કે તે વસ્તુના અંશમાત્રને જ જણાવનાર છે જ્યારે પ્રમાણ સપ્તભંગી સકલાદેશ સ્વભાવવાળી છે કારણકે તે પદાર્થના સંપૂર્ણ સ્વરૂપને જણાવનાર છે માટે બંને સપ્તભંગીમાં આટલો તફાવત છે.

एवं नयस्य लक्षणसंख्याविषयान् व्यवस्थाप्येदानीं फलं स्फुटयन्ति—

નયના ફલની વ્યવસ્થા જણાવે છે.

प्रमाणवदस्य फलं व्यवस्थापनीयम् ॥ ७-५४ ॥

सूत्रार्थ-પ્રમાણના ફલની વ્યવસ્થાની જેમ આ નયના ફલની વ્યવસ્થા કરી લેવી.

अयमर्थः— यथा प्रमाणात् प्रमाणफलं भिन्नाऽभिन्नं, तथैव नयान्नय-फलमपि भिन्नाऽभिन्नमेव। यथा प्रमाणस्याऽऽनन्तर्येण फलं वस्त्वज्ञाननिवृत्तिः, तथैव नयस्यापि वस्त्वंशाज्ञाननिवृत्तिः फलम्। यथा प्रमाणस्य पारम्पर्येण हानोपादानोपेक्षाबुद्धयः फलं, तथा नयस्यापि वस्त्वंशविषयकहानोपादानो-पेक्षाबुद्धयः फलमिति प्रमाणवन्नयस्यापि फलं व्यवस्थापनीयम् ॥ ५४ ॥

टीकार्थ- આ પ્રમાણે તાત્પર્યાર્થ છે- જેમ પ્રમાણથી પ્રમાણનું ફલ ભિન્નાભિન્ન છે તેમ જ નયથી નયનું ફલ પણ ભિન્નાભિન્નજ છે. જેમ પ્રમાણનું અનન્તરથી ફલ વસ્તુસંબંધી અજ્ઞાનનો નાશ છે તેમ નયોનું પણ અનન્તર (તાત્કાલિક-સાક્ષાત્) ફલ પદાર્થના એક અંશ સંબંધી અજ્ઞાનનિવૃત્તિરૂપ છે. જેમ પ્રમાણનું પરંપરાફલ (ફલનું ફલ) (સંપૂર્ણ પદાર્થ વિષયક) ઉપાદાન-દાહાન- ઉપેક્ષા બુદ્ધિ છે તેવી જ રીતે નયોનું પણ પરંપરા ફલ વસ્તુના અંશવિષયક હાન-ઉપાદાન અને ઉપેક્ષાબુદ્ધિ છે માટે પ્રમાણના ફલની જેમ નયનું ફલ પણ વ્યવસ્થા કરવા યોગ્ય છે (નિશ્ચય કરવા યોગ્ય છે)

अथ प्रमातारं स्वरूपतो व्यवस्थापयन्ति—

પ્રમાણ અને નયમાં વ્યાપક એવા પ્રમાતા (આત્મા)નું સ્વરૂપ જણાવે છે.

प्रमाता प्रत्यक्षादिप्रसिद्ध आत्मा ॥ ७-५५ ॥

सूत्रार्थ-પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પ્રસિદ્ધ એવો આત્મા પ્રમાતા છે.

'प्रत्यक्षादि' इत्यत्राऽऽदिपदेन अनुमानादीनां संग्रहः। तत्र प्रत्यक्षेण तावद् 'अहं सुखी' 'अहं दुखी' इत्यादिप्रतीत्या सुखाद्याधारतयाऽहंप्रत्ययगोचरः शरीरादिविलक्षण आत्मा सिध्यति। अनुमानेन यथा—चैतन्यं तन्वादि-विलक्षणाऽऽश्रयाश्रितम्, तत्र (शरीरादिषु) बाधकोपपत्तौसत्यां कार्यत्वा-न्यथाऽनुपपत्तेः। न तावदयं हेतुविशेष्याऽसिद्धः, घटपटादिज्ञानानां-कादाचित्कत्वेन पटादिवत् कार्यत्वप्रसिद्धेः। न च विशेषणाऽसिद्धः,

'शरीरेन्द्रियविषयाः चैतन्यधर्माणो न भवन्ति, रूपादिमत्वात्, भौतिकत्वाद् वा, घटवद्' इत्यनुमानेन शरीरादिषु चैतन्यस्य बाधितत्वात्। नाप्यव्यभिचारी विरुद्धो विपक्षादत्यन्तव्यावृत्तत्वात्। ''उपयोगलक्षणो जीवः'' इत्यादि-स्वरूपेणाऽऽगमेनाप्यात्मनः सिद्धिर्भवतीति ॥ ५५ ॥

टीकार्थ-[અહીં આત્મા (પ્રમાતા) સંબંધી સ્વરૂપમાં અન્ય અન્ય દર્શનકારોમાં વિસંવાદ છે] પ્રત્યક્ષ વિગેરે=આદિપદવડે અનુમાન આગમ વિગેરેનો સંગ્રહ કરવો. તેમાં પ્રત્યક્ષથી એટલે માનસ પ્રત્યક્ષથી 'હું સુખી છું' 'હું દુઃખી છું' વિગેરે પ્રતીતિ દ્વારા સુખવિગેરેના આધાર દ્વારા અહં (હું) એવા બોધના વિષય સ્વરૂપ શરીર ઇન્દ્રિય વિગેરેથી વિલક્ષણ એટલે કે ભિન્ન એવો આત્મા સિદ્ધ થાય છે તાત્પર્ય આ પ્રમાણે :- અનુભવમાં આવતા સુખ દુઃખ આનંદ વિગેરે સ્વતંત્ર અનુભવાતા નથી પરંતુ હું સુખી છું એરીતે મતુપ્ પ્રત્યયના અર્થના સંબંધ સાથે જ અનુભવાય છે તેથી તેમાં હું પ્રત્યય બોધક એ આત્મા માનસ પ્રત્યક્ષ દ્વારા પ્રસિદ્ધ થાય છે. આ ઘટ છે એવા જ્ઞાનની જેમ આ સુખ છે એવું જ્ઞાન અનુભવાતું નથી પણ 'હું સુખી છું' એવું જે જ્ઞાન થાય છે તે આત્માનું બોધક છે

અનુમાનથી આત્મા સિદ્ધ થાય છે. જેમ કે–ચૈતન્ય, શરીરાદિથી (શરીર-ઇન્દ્રિય અને વિષયથી) વિલક્ષણ એવા ભિન્ન (કોઇ) આશ્રયમાં આશ્રિત છે, કારણ કે શરીર વિગેરેમાં (ચૈતન્યને) આશ્રય માનતા બાધક દોષ આવે છે. [મડદામાં શરીર છે ચેતના નથી]તેથી ચૈતન્યનું કાર્યત્વ ઘટી શકે નહીં અર્થાત્ ચૈતન્યનો આશ્રય શરીરાદિથી વિલક્ષણ (આત્મા) માનવામાં આવે તો જ કાર્યરૂપે થઇ શકે છે.

હવે આ અનુમાનના હેતુમાં 'बाधकोपपत्तौ' તે વિશેષણ છે અને 'कार्यत्वान्यथाऽनुपपत्तेः' આ વિશેષ્ય છે. તેથી અનુમાનમાં જે પક્ષ ચૈતન્ય છે તેમાં વિશેષ્ય એવું ''कार्यत्वान्यथानुपपत्तेः'' હેતુ અંશ રહેતો નથી માટે વિશેષ્યાસિદ્ધ હેત્વાભાસ થશે આવું કોઇક કહે છે. [કારણ કે ચૈતન્ય અનાદિ અનંત છે તેથી કાર્ય ન કરે, તે કૃત્રિમ નથી માટે કાર્યત્વ ધર્મ નથી એટલે કે ઉત્પત્તિવાળુ નથી આથી કાર્યત્વ એવું વિશેષ્ય, પક્ષમાં રહેતુ નથી] તેનો પ્રત્યુત્તર આપતા ગ્રન્થકારશ્રી કહે છે આ હેતુ વિશેષ્યાસિદ્ધ નથી (કારણ કે કાલભેદે

ચૈતન્ય (જ્ઞાન) પણ ઉત્પત્તિવાળુ છે) ઘટજ્ઞાન-પટજ્ઞાન વિગેરે જ્ઞાનો ક્યારેક ક્યારેક થતા હોવાથી વસ્ત્રવિગેરેની જેમ એમાં કાર્યત્વની સિદ્ધિ થાય છે. તેથી ઘટસબંધી જ્ઞાન=ચૈતન્યમાં પણ કાર્યતા પ્રસિદ્ધ છે કારણ કે તે ઘટીયજ્ઞાન પટીયજ્ઞાન કોઈક સમયે થતા હોવાથી હેતુ વિશેષ્યાસિદ્ધ નથી.

હવે આ અનુમાનમાં વિશેષણાસિદ્ધ હેત્વાભાસ થાય છે આવી કોઈ શંકા કરે છે. કારણકે શરીર અને ઈન્દ્રિયો જ્ઞાનનું કારણ છે માટે બાધક દોષ દેખાતો નથી આથી ચૈતન્યમાં "बाधकोपपत्तौ" હેતુનોઅંશ જે વિશેષણ છે.તે રહેતુ નથી તો આવી દલીલની સામે ગ્રન્થકાર સમાધાન આપે છે. કે અમારો હેતુ વિશેષણાસિદ્ધનથી. કારણકે શરીર ઈન્દ્રિય અને વિષયો, ચૈતન્યના ધર્મો નથી (શરીરાદિ ઉપાધિવાળા છે માટે ચૈતન્યધર્મ નથી) ઘટની જેમ, જેમ ઘડો વર્ણાદિવાળો હોવાથી, અને ભૌતિક હોવાથી, ચૈતન્ય નથી તેમ શરીર ઈન્દ્રિય વિગેરે વર્ણવાળા હોવાથી, ભૌતિક હોવાથી ચૈતન્ય નથી (શરીરપાંચ ભૂતોથકી બનેલું હોવાથી ચૈતન્ય નથી) આવા પ્રકારના અનુમાન દ્વારા શરીર વિગેરેમાં ચૈતન્ય બાધક થાય છે તેથી અમારો હેતુ વિશેષણાસિદ્ધ નથી. તથા અમારો આ હેતુ વિરૂદ્ધ કે અનૈકાન્તિક પણ નથી કારણ કે સપક્ષ અને વિપક્ષ બંનેમાં રહે તે વ્યભિચારી કહેવાય અને જે વિપક્ષમાં રહે તે વિરૂદ્ધ કહેવાય છે પરંતુ અમારો હેતુ વિપક્ષ એટલે શરીરાદિમાં રહેનાર રૂપાદિ વિપક્ષથી અત્યંત વ્યાવૃત્ત છે. એટલે કે વિપક્ષમાં ક્યાંય રહેતો નથી માટે તે અનૈકાન્તિક કે વિરૂદ્ધ પણ નથી માટે અનુમાન દ્વારા પ્રમાતા એવો આત્મા સિદ્ધ થાય છે. તથા उपयोग-लक्षणो जीवः ઈત્યાદિ આગમવચનવડે પણ આગમ-પ્રમાણદ્વારા આત્માની સિદ્ધિ થાય છે.

अथात्मनः परपरिकल्पितस्वरूपप्रतिषेधाय स्वाभिमतधर्मान् वर्णयन्ति—

આત્માનું બીજા દર્શનકારોએ માનેલું સ્વરૂપ નિષેધ કરવા સ્વમાન્ય સ્વરૂપ બતાવે છે.

चैतन्यस्वरूपः, परिणामीः, कर्ता, साक्षाद्भोक्ता,
स्वदेहपरिमाणः, प्रतिक्षेत्रं भिन्नः,
पौद्गलिकाऽदृष्टवांश्चायम् ॥ ७-५६ ॥

સૂત્રાર્થ-'આ આત્મા ચૈતન્ય સ્વરૂપે છે.' પરિણામી છે, કર્ત્તા છે સાક્ષાત્-ભોક્તા છે. પોતાના દેહ પ્રમાણ છે, આત્મા દરેક શરીરમાં ભિન્ન છે. પુદ્ગલના બનેલા કર્મવાળો છે.

''चैतन्यस्वरूपः,'' इत्यनेन जडाऽऽत्मवादिनां नैयायिकादीनां निरासः। ''परिणामी'' इत्यनेन कूटस्थनित्यतावादिनां सांख्यादीनां तिरस्कारः। ''कर्त्ता साक्षाद्भोक्ता'' इतिविशेषणद्वयेन कापिलमतं पराकृतम्। ''स्वदेहपरिमाणः'' इत्यनेन व्यापकाऽऽत्मवादिनां नैयायिकादीनां प्रतिक्षेपः। ''प्रतिक्षेत्रं भिन्नः'' इत्यनेनैकाऽऽत्मवादिनामद्वैतवेदान्तिनां खण्डनम्। 'पौद्गलिकादृष्टवांश्चायम्' इत्यनेनादृष्टस्याऽपौद्गलिकत्वमभ्युपगच्छतां नैयायिकादीनां निरासः ॥ ५६ ॥

ટીકાર્થ-'આત્મા ચૈતન્ય સ્વરૂપ છે' તેવું જણાવવા વડે જડસ્વરૂપવાળા પ્રમાતાને માનનારા નૈયાયિકો વિગેરેનું ખંડન છે. 'આત્મા પરિણામી છે' આ કથનવડે કૂટસ્થનિત્યવાદી એવા સાંખ્યાદિનું ખંડન થાય છે. 'આત્મા કર્તા છે અને સાક્ષાત્ભોક્તા છે' આ બે વિશેષણ જણાવવા દ્વારા કપિલ (સાંખ્ય)ના મતનો નિરાસ થાય છે.

'પોતે પ્રાપ્ત કરેલ શરીર જેવડો આત્મા છે' આવું લખવાવડે આત્માને લોકવ્યાપક માનનારા નૈયાયિક વિગેરેનો તિરસ્કાર કરાયો છે.'દરેક શરીરમાં આત્મા જુદો છે' એવું જણાવવાવડે આત્માને એક માનવાવાળા અદ્વૈતવાદીઓનો પ્રતિક્ષેપ છે તથા 'પુદ્ગલના બનેલા કર્મવાળો આત્મા છે' આવું બતાવવાવડે અદૃષ્ટ (પુન્ય-પાપ કર્મ-નસીબ) ને અપૌદ્ગલિક માનનારા નૈયાયિક વિગેરેનું ખંડન છે.

अथात्मन एव विशेषणान्तरमाहुः—

આત્માનું સ્વરૂપ જણાવે છે.

तस्योपात्तपुंस्त्रीशरीरस्य सम्यग्ज्ञानक्रियाभ्यां कृत्स्नकर्मक्षयस्वरूपा सिद्धिः ॥ ७-५७ ॥

સૂત્રાર્થ-પુરુષ કે સ્ત્રીના શરીરને ધારણ કરનારા તે આત્માને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા=સ્વરૂપ ચારિત્રવડે સમસ્તકર્મના ક્ષયરૂપ મુક્તિ-થાય છે.

तस्य-निर्दिष्टस्वरूपस्याऽऽत्मनः, उपात्तपुंस्त्रीशरीरस्य=गृहीतपुरुषस्त्री-

शरीरस्य। इदं विशेषणं स्त्रीनिर्वाणद्वेषिणां दिगम्बराणां मतमत्यसितुं, नपुंसकस्य मोक्षाऽभावज्ञापनार्थं च। ''सम्यग्ज्ञान-क्रियाभ्याम्'' इतिद्वन्द्वेन सम्यग्ज्ञान-क्रिययोः समुचित्य कारणत्वं प्रत्येकस्येति प्रदर्शितम्। सम्यग्ज्ञानपदेनैव सम्यग्दर्शनस्यापि प्राप्तत्वात् पृथक्त्वेन न निदर्शितम्। ज्ञान-क्रिययोः सम्यक्त्वविशेषणप्रदानेन मिथ्याज्ञानपूर्विज्ञकायाः कन्दमूलादिभक्षणरूपाया वा क्रियाया मोक्षकारणत्वं निरस्तं भवति। ''कृत्स्नकर्मक्षयस्वरूपा सिद्धिः'' इत्यनेन नैयायिकाभिमतज्ञानादिगुणोच्छेदरूपायाः सिद्धेर्निरासः ॥ ५७ ॥

टीकार्थ-'तस्य'= જેના સ્વરૂપનો નિર્દેશ (સૂત્ર-૫૬)માં કર્યો છે તે આત્માને તથા 'ગ્રહણ કર્યું છે સ્ત્રી કે પુરુષનું શરીર જેને' (એવો આત્મા સિદ્ધિ પામે છે) આ વિશેષણ સ્ત્રીમુક્તિના દ્વેષી (સ્ત્રીનો મોક્ષ ન થાય તેવી માન્યતા વાળા) દિગમ્બરોના સિદ્ધાન્તનું ખંડન કરવા માટે છે તથા નપુંસકને મોક્ષનો અભાવ જણાવવા માટે છે. 'સમ્યગ્જ્ઞાન અને ક્રિયાવડે' એ પ્રમાણે બંનેના જોડકાવડે સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા દ્વારા બંનેનું સમુચિત એટલે સાથે રહીને તે મોક્ષના કારણ છે તેમ બતાવ્યું છે. સમ્યગ્ જ્ઞાનપદવડે જ સમ્યગદર્શનની પણ પ્રાપ્તિ થાય છે માટે જુદુ ગ્રહણ કર્યું નથી. જ્ઞાન અને ક્રિયાની પૂર્વે સમ્યગ્ વિશેષણ મૂકવાથી મિથ્યા=અજ્ઞાન પૂર્વકની જે ક્રિયા અથવા કંદમૂળ ભક્ષણવિગેરે સ્વરૂપક્રિયાદ્વારા મોક્ષ પ્રાપ્તિની કારણતા ખંડિત થાય છે. 'સકલકર્મના ક્ષય સ્વરૂપ સિદ્ધિ છે' એમ જણાવવાવડે નૈયાયિકોએ સ્વીકારેલ જ્ઞાનાદિગુણોના ઉચ્છેદરૂપ સિદ્ધિનું ખંડન થાય છે.

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते श्रीवादिदेवसूरिसंदृब्धे श्री प्रमाणानयतत्त्वाऽऽलोके नयतदाभासाऽत्मस्वरूपनिर्णायको नाम सप्तमः परिच्छेदः ।

એ પ્રમાણે બાલબોધિની નામની ટિપ્પણીવડે શોભતા એવા વાદિદેવસૂરીએ રચેલા શ્રી પ્રમાણનયતત્ત્વાલોકમાં નયો તેના આભાસો અને આત્મસ્વરૂપનું નિર્ણય કરનાર સાતમો પરિચ્છેદ.

■ ● ■

अष्टमः परिच्छेद

प्रमाणनयतत्त्वं व्यवस्थाप्य संप्रति तत्प्रयोगभूमिभूतं वस्तुनिर्णयाभिप्रायोपक्रमं वादं वदन्ति—

પ્રમાણ અને નયની વ્યવસ્થા કરીને તે બંનેના પ્રયોગ દ્વારા પદાર્થનો નિર્ણય જ્યાં કરવામાં આવે છે. તે વાદનું વર્ણન કરતા જણાવે છે.

विरूद्धयोर्धर्मयोरेकधर्मव्यवच्छेदेन स्वीकृत-
तदन्यधर्मव्यवस्थापनार्थं साधनदूषणवचनं वादः ॥ ८-१ ॥

સૂત્રાર્થ-પરસ્પર વિરોધી એવા બે ધર્મોમાંથી એક ધર્મનો નિષેધ કરીને પોતાને માન્ય એવા બીજા ધર્મની વ્યવસ્થા કરવા માટે સાધન અને દૂષણવચનનું કથન કરવું તે વાદ કહેવાય છે.

एकाधिकरणैककालयो-विरूद्धयोर्धर्मयोर्मध्यादेकधर्मव्यवच्छेदेन, एकस्य-कथञ्चिन्नित्यत्वस्य एकान्तनित्यत्वस्य वा धर्मस्य, व्यवच्छेदेन=निराकरणेन, स्वीकृततदन्यधर्मस्य कथञ्चिन्नित्यत्वस्य वा व्यवस्थापनार्थं, साधन-दूषणवचनं—स्वपक्षस्य साधनवचनं, परपक्षस्य च दूषणवचनं वाद इत्यभिधीयते ॥ १ ॥

ટીકાર્થ- એક અધિકરણમાં એકજ કાલમાં પરસ્પર વિરૂદ્ધ દેખાતા એવા બે ધર્મોની મધ્યમાંથી એકધર્મનો વ્યવચ્છેદ કરવાદ્વારા એટલે કથંચિત્ નિત્યત્વ અથવા કથંચિત્ અનિત્યત્વ એવા ધર્મનું ખંડન કરવા દ્વારા, એકાન્તે નિત્યત્વ અથવા તો પોતે સ્વીકારેલા ધર્મથી બીજા કથંચિત્ નિત્યત્વ ધર્મની વ્યવસ્થા કરવા માટે સાધન એટલે કે સ્વપક્ષનું સાધન વચન અને દૂષણ એટલે પરપક્ષનું દૂષણવચન કહે તે વાદ કહેવાય છે એટલે કે બોલનાર વ્યક્તિ પોતાની વાતનું મંડન કરે તે -સાધનવચન અને બીજાની વાતમાં ખંડન કરે તે દૂષણવચન તે વાદ કહેવાય છે.

अङ्गनियमभेदप्रदर्शनार्थं वादे प्रारम्भकभेदौ वदन्ति—

વાદની શરુઆત કરનાર કોણ હોય છે તે બતાવે છે.

प्रारम्भकश्चात्र जिगीषुः तत्त्वनिर्णिनीषुश्च ॥ ८-२ ॥

સૂત્રાર્થ-અહીં વાદનાં પ્રારંભક જિગીષુ અને તત્ત્વનિર્ણિનીષુ એમ બે પ્રકારે છે.

अत्र—वादे। प्रारम्भकः- वादस्य प्रारम्भकः— वादीति यावत्। जिगीषुः- जयेच्छावान्, तत्त्वनिर्णिनीषुश्च—तत्त्वनिर्णियेच्छावांश्च भवतीति शेषः ॥ २ ॥

टीकार्थ-अत्र= વાદમાં प्रारम्भकः= વાદી (૧) जिगीषुः= વાદમાં વિજયમેળવવાની ઇચ્છાવાળો (૨) तत्त्वनिर्णिनीषुः= તત્વનો નિર્ણય કરવાની ઇચ્છાવાળો એમ બે પ્રકારના હોય છે.

तत्र जिगीषोः स्वरूपमाहुः—

જિગીષુનું સ્વરૂપ બતાવે છે.

स्वीकृतधर्मव्यवस्थापनार्थं साधन-दूषणाभ्यां परं पराजेतुमिच्छुर्जिगीषुः ॥ ८-३ ॥

સૂત્રાર્થ- સ્વીકારેલા ધર્મની સિદ્ધિ કરવા માટે સાધનવચન અને દૂષણવચન દ્વારા અન્યનો પરાજય કરવાની ઇચ્છાવાળો જિગીષુ કહેવાય છે.

स्वीकृतो यो धर्मः कथञ्चिन्नित्यत्वादिस्तस्य व्यवस्थापनार्थं साधनदूषणाभ्यां—स्वपक्षसाधनेन परपक्षदूषणेन च; परं—प्रतिवादिनं पराजेतुमिच्छुर्जिगीषुः ॥ ३ ॥

टीकार्थ-પોતે સ્વીકારેલો એવો ધર્મ જે કથંચિત્ નિત્યત્ય વિગેરેની સ્થાપના કરવા માટે સાધન અને દૂષણવાલું વચન=પોતાના પક્ષના સાધન વડે અને પરપક્ષના દૂષણવડે परं=પ્રતિવાદીને જીતવાની ઇચ્છાવાળો જિગીષુ છે.

अथ तत्त्वनिर्णिनीषोः स्वरूपं निरूपयन्ति—

તત્વનિર્ણિનીષુ નું સ્વરૂપ બતાવે છે.

तथैव तत्त्वं प्रतिष्ठापयिषुस्तत्त्वनिर्णिनीषुः ॥ ८-४ ॥

તે જ રીતે તત્ત્વની પ્રતિષ્ઠા (સ્થાપના) કરવાની ઇચ્છાવાળો તત્ત્વનિર્ણિનીષુ કહેવાય છે.

तथैव—स्वीकृतधर्मव्यवस्थापनार्थं, साधन-दूषणाभ्यां कथञ्चिन्नित्यत्वादिस्वरूपं तत्त्वं प्रतिष्ठापयितुमिच्छुस्तत्त्वनिर्णिनीषुः ॥ ४ ॥

टीकार्थ-तथैव= પોતે સ્વીકારેલા ધર્મની વ્યવસ્થા કરવાને માટે પોતાના પક્ષમાં સાધન અને પરપક્ષમાં દૂષણ આપવા વડે કથંચિત્-નિત્યત્વ વિગેરેના સ્વરૂપવાળા તત્ત્વને સ્થાપન કરવાની ઇચ્છાવાલો જે વાદી તે તત્વનિર્ણિનીષુ કહેવાય છે.

તે તત્ત્વનિર્ણિનીષુના ભેદો તથા સ્વરૂપ બતાવે છે.

अयं च द्वेधा—स्वात्मनि परत्र च ॥ ८-५ ॥

सूत्रार्थ-આ તત્ત્વનિર્ણિનીષુ પોતાના આત્મામાં અને પરમાં તત્વનો નિર્ણય કરવાની ઇચ્છાવાળો એમ બે પ્રકારે જાણવો.

'अयं च-तत्वनिर्णिनीषुः, द्वेधा—द्विप्रकारः, स्वाऽऽत्मनि परत्र च। कश्चित् तत्त्वेषु सन्देहात् स्वात्मनि तत्त्वनिर्णयमिच्छति, कश्चित् तु परोपकारैकपरायणतया परत्र-अन्याऽऽत्मनि तत्त्वनिर्णयमभिकाङ्क्षतीति॥ ५॥

टीकार्थ- આ તત્ત્વનિર્ણિનીષુ બે પ્રકારે છે. (૧) સ્વાત્મનિ (૨) પરત્ર કોઇક જીવને તત્ત્વમાં સંદેહ હોવાથી પોતાનામાં તત્ત્વનો નિર્ણય ઇચ્છે છે. વળી કોઇક જીવ પરોપકાર પરાયણ હોવાથી પરત્ર=બીજાના આત્મામાં તત્ત્વનો નિર્ણય કરાવવા ઇચ્છે છે.

स्वात्मनि तत्त्वनिर्णिनीषुमुदाहरन्ति—

आद्यः शिष्यादिः ॥ ८-६ ॥

आद्यः—स्वात्मनि तत्त्वनिर्णिनीषुः शिष्यादिः। आदिपदेन मित्रादयो ग्राह्याः ॥ ६ ॥

सूत्रार्थ-टीकार्थ—પોતાના આત્મામાં તત્વનો નિર્ણય કરવાની ઇચ્છાવાળા શિષ્ય વિગેરે છે અને આદિપદથી મિત્ર સહાધ્યાયી વિગેરે જાણવા.

परत्र तत्त्वनिर्णिनीषुमुदाहरन्ति—

द्वितीयो गुर्वादिः ॥ ८-७ ॥

द्वितीयः—परत्र तत्त्वनिर्णिनीषुः ॥ ७ ॥

सूत्रार्थ-टीकार्थ- બીજા એટલે કે પરમાં તત્ત્વનો નિર્ણયકરાવવાની ઇચ્છાવાળા ગુરુ વિગેરે છે.

द्वितीयस्य भेदावभिदधति—

પરત્રતત્ત્વનિર્ણિનીષુના પ્રકારો જણાવે છે.

अयं द्विविधः- क्षायोपशमिकज्ञानशाली केवली च॥ ८-८ ॥

सूत्रार्थ-પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિકજ્ઞાનશાલી તથા કેવલી એમ બે પ્રકારે છે.

अयं परत्र तत्त्वनिर्णिनीषुर्गुर्वादिः, द्विविधः—द्विप्रकारः। ज्ञानावरणीयस्य कर्मणः क्षयोपशमेनोत्पन्नं यत् मतिश्रुतावधि—मनःपर्यायरूपं ज्ञानं यस्यास्ति स क्षायोपशमिकज्ञानशाली एकः। ज्ञानावरणीस्य कर्मणः क्षयेणोत्पन्नं यत् केवलज्ञानं तद्वान् केवली द्वितीयः। तदेवं चत्वारः प्रारम्भका वादिनः—१ जिगीषुः, २ स्वात्मनि तत्वनिर्णिनीषुः, ३ परत्र तत्त्वनिर्णिनीषु-क्षायोपशमज्ञानशाली, ४ परत्र तत्वनिर्णिनीषुकेवली चेति ॥ ८ ॥

टीकार्थ-આ પરમાં તત્ત્વનો નિર્ણય કરાવવાની ઇચ્છાવાળા ગુરુવિગેરે બે પ્રકારે છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું એવું જે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન અને મનઃ પર્યવરૂપ જ્ઞાન જેની પાસે છે તે ક્ષાયોપશમિક જ્ઞાનશાલી પ્રથમભેદે છે.

(૨) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું જે કેવલજ્ઞાન તે જ્ઞાન વાળા કેવલી તે બીજો ભેદ છે. એટલે ઉપર જણાવ્યા મુજબ વાદના પ્રારંભક વાદીના ચાર પ્રકારો થયા. (૧) જિગીષુ (૨) સ્વાત્મનિતત્ત્વનિર્ણિનીષુ (૩) ક્ષાયોપશમિક જ્ઞાનવાળા પરત્ર તત્ત્વર્નિણિનીષુ (૪) કેવલજ્ઞાનવાળા પરત્ર તત્વનિર્ણિનીષુ.

પ્રતિવાદીના ભેદો-પ્રભેદો બતાવે છે.

एतेन प्रत्यारम्भकोऽपि व्याख्यातः ॥ ८-९ ॥

सूत्रार्थ-(પ્રારંભકના કથનથી) પ્રત્યારંભકની પણ વ્યાખ્યા થઈ ગઇ તેમ જાણવું.

एतेन—प्रारम्भकभेदप्रभेदप्रतिपादनेन, प्रत्यारम्भकोऽपि व्याख्यातः—प्रतिवादिनोऽपि भेद-प्रभेदा वर्णिता एवेत्यर्थः।

एवं च प्रत्यारम्भकस्यापि, १ जिगीषु, २ स्वात्मनि तत्त्वनिर्णिनीषुः, ३ परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमिकज्ञानशाली, ४ परत्र तत्त्वनिर्णिनीषुकेवली चेति चत्वारो भेदाः। तत्र यद्यपि आरम्भकप्रत्यारम्भकयोः परस्परवादे षोडश भेदाः प्राप्नुवन्ति, तथाहि—

१ जिगीषोः जिगीषुणा,

२ स्वात्मनि तत्त्वनिर्णिनीषुणा,

३ परत्र तत्वनिर्णिनीषुक्षायोपशमज्ञानशालिना,

४ परत्र तत्त्वनिर्णिनीषुकेवलिना चेति चत्वारः।

एवं स्वात्मनि तत्त्वनिर्णिनीषोः,

५ जिगीषुणा,

६ स्वात्मनि तत्त्वनिर्णिनीषुणा,

७ परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमज्ञानशालिना,

८ परत्र तत्त्वनिर्णिनीषुकेवलिना चेति चत्वारः। एवमेव परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमिकज्ञानशालिनः। परत्र तत्त्वनिर्णिनीषुकेवलिनश्च जिगीषुप्रभृतिभिश्चतुर्भिस्सह मिलित्वा अष्टौ इति षोडशभेदाः। तथापि—

१ जिगीषोः स्वात्मनि तत्त्वनिर्णिनीषुणा,

२ स्वात्मनि तत्त्वनिर्णिनीषोर्जिगीषुणा,

३ स्वात्मनितत्त्वनिर्णिनीषोः स्वात्मनि तत्त्वनिर्णिनीषुणा,

४ केवलिनः केवलिना च सह वादो न सम्भवतीति षोडश भेदेभ्यश्चतुरो भेदान् पातयित्वा द्वादशैव भेदा अवशिष्यन्ते ॥ ९ ॥

टीकार्थ- एतेन= પ્રારંભક એવા વાદીના ભેદ-પ્રભેદનું પ્રતિપાદન કરવાવડે કરીને પ્રત્યારંભક એટલે પ્રતિવાદી ના પણ ભેદો અને પ્રભેદો નું પણ વિવરણ

થયેલું જાણવું અને આ પ્રમાણે થવાથી આરંભકથી પ્રતિકૂલ આરંભકરનાર પ્રત્યારંભકના પણ (૧) જિગીષુ (૨) સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ (૩) પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષયોપશમજ્ઞાનશાલી (૪) પરત્ર તત્ત્વનિર્ણિનીષુ કેવલી એ પ્રમાણે ચાર ભેદો થયા તેમાં જોકે આરંભકવાદી અને પ્રત્યારંભક પ્રતિવાદીના પરસ્પરવાદમાં સોળભેદો થાય છે. તે આ પ્રમાણે :-

૧. જિગીષુની સાથે જિગીષુ

૨. જિગીષુની સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ

૩. જિગીષુની સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષયોપશમિક-જ્ઞાનશાલી.

૪. જિગીષુની સાથે પરત્ર-તત્ત્વ-નિર્ણિનીષુ-કેવલી

૫. સ્વાત્મનિ-તત્ત્વનિર્ણિનીષુની સાથે જિગીષુ

૬. સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુની સાથે સ્વાત્મનિ-તત્ત્વનિર્ણિનીષુ

૭. સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુની સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષાયોપશમિક જ્ઞાનશાલી

૮. સ્વાત્મનિ-તત્ત્વનિર્ણિનીષુની સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ કેવલી

૯. પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક-જ્ઞાનશાલીની સાથે જિગીષુ

૧૦. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક-જ્ઞાનશાલીની સાથે સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ

૧૧. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષાયોપશમિક-જ્ઞાનશાલીની સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષાયોપશમિક-જ્ઞાનશાલી

૧૨. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષાયોપશમિક-જ્ઞાનશાલીની-સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-કેવલી

૧૩. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ કેવલી સાથે જિગીષુ

૧૪. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ કેવલી સાથે સ્વાત્મનિ-તત્ત્વનિર્ણિનીષુ.

૧૫. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-કેવલી સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-ક્ષયોપશમિકજ્ઞાની

૧૬. પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-કેવલી સાથે પરત્ર-તત્ત્વનિર્ણિનીષુ-કેવલજ્ઞાની.

આ પ્રમાણે ૧૬ ભેદો છે તો પણ બીજો ભાંગો જિગીષુની સાથે સ્વાત્મનિ

તત્ત્વનિર્ણિનીષુ તથા પાંચમો ભાંગો-સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુની સાથે જિગીષુ તથા છટ્ઠો ભાંગો-સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુની સાથે સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ અને સોળમો ભાંગો પરત્ર-તત્ત્વનિર્ણિનીષુની કેવલીની સાથે કેવલજ્ઞાની આ ચાર ભાંગામાં વાદ સંભવતો નથી તેથી તે ચાર ભેદોને છોડીને બાર ભેદો જ (વાદમાં) બાકી રહે છે.

વિશેષાર્થ- બીજા આદિ ભંગમાં વાદ કેમ નથી થતો તેનું કથન પ્રમાણે છેઃ- (૨) જિગીષુની સાથે સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ આમાં વાદી જિગીષુ છે તથા પ્રતિવાદી તત્ત્વનિર્ણિનીષુ છે. પ્રતિવાદી પોતાનામાં તત્ત્વના નિર્ણયની કરાવવાની ઇચ્છાવાળો છે. પરંતુ વાદી જીતવાની ઇચ્છાવાળો હોવાથી પ્રતિવાદીના આત્મામાં તત્ત્વનો નિર્ણય કરાવી શકતો નથી પોતે જીતવાનો જ ઇચ્છુક હોવાથી, માટે આ બીજા ભંગમાં વાદ થઇ શકે નહીં. (૫) સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુની સાથે જિગીષુ આમાં વાદી પોતાના આત્મામાં તત્ત્વનો નિર્ણયકરવાની ઇચ્છાવાળો છે. અને આમે પ્રતિવાદી જીતવાનો ઇચ્છુક હોય તો, વાદી જીતવાની ઇચ્છાવાળા પ્રતિવાદીની સાથે વાદ ન કરે કારણ કે વાદીને કોઇને જીતવામાં રસ નથી પરંતુ પોતાના આત્મામાં તત્વનો નિર્ણય કરવામાં જ રસ છે માટે પાંચમો ભાંગો વાદને માટે યોગ્ય નથી (૬) સ્વાત્મનિ તત્ત્વ નિર્ણિનીષુની સામે સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ આ ભાંગામાં વાદી અને પ્રતિવાદી બંને પોતાનામાં જ તત્ત્વના નિર્ણાયક છે માટે તત્ત્વનો નિર્ણય થાય તો ભલે ન થાય તો ભલે પરંતુ વાદ કરતા નથી. (૧૬) કેવલીની સાથે કેવલી આ છેલ્લા ભંગમાં વાદી અને પ્રતિવાદી બંને કેવલી હોવાથી વાદ સંભવતો નથી.

अङ्गनियममेव निवेदयन्ति—

દરેક ભાંગામાં ચાર અંગમાંથી કેટલા અંગો ઘટી શકે તે જણાવે છે.

तत्र प्रथमे प्रथम-तृतीय-तुरीयाणां चतुरङ्ग एव, अन्यतमस्याप्यङ्गस्यापाये जय-पराजयव्यवस्थादि दौःस्थ्याऽऽपत्ते ॥ ८-१० ॥

સૂત્રાર્થ- ઉપરોક્ત ચાર પ્રકારના પ્રારંભકમાંથી પહેલા વાદીમાં=જિગીષુ વાદી હોય ત્યારે પ્રથમ=જિગીષુ ત્રીજો=પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષયોપશમિક

જ્ઞાનશાલી અને ચોથો=પરત્ર તત્ત્વનિર્ણિનીષુ કેવલીરૂપ પ્રત્યારંભ-પ્રતિવાદી હોય તો તેઓનો વાદ ચાર અંગ વાળો હોય છે. કારણ કે કોઈ પણ એક ન હોય તો જયપરાજયની વ્યવસ્થા દુષ્કરબનવાની આપત્તિ આવે....

अयमर्थः—तत्र चतुर्षु प्रारम्भकेषु वादिषु मध्ये यदा जिगीषुः प्रारम्भको वादी भवति, एवं जिगीषुः, परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमज्ञानशाली, परत्र तत्त्वनिर्णिनीषुके वली वा प्रतिवादी भवति तदा वादिप्रतिवादि-सभ्य-सभापतिलक्षणश्चतुरङ्ग एव वादो भवति। एषु अन्यतमस्याप्यपाये-अभावे सति जय-पराजयव्यवस्था एव न स्यात्, वादिनो जिगीषुत्वेन शाठ्यकलहादि-सम्भवात् ॥ १० ॥

टीकार्थ- तत्र=त्यां प्रारंभक એવા ચારવાદીની મધ્યમાંથી જ્યારે જિંગીષુ પ્રારંભક વાદી હોય ત્યારે તેની સાથે જિગીષુ પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાનશાલી અથવા પરત્ર તત્વનિર્ણિનીષુ કેવલી આ ત્રણે પ્રતિવાદી હોય ત્યારે વાદી-પ્રતિવાદી સભ્ય અને સભાપતિ સ્વરૂપ ચાર અંગવાળો વાદ થાય છે. અર્થાત્ જિગીષુવાદી હોય ત્યારે આ ચાર અંગ હોવા જોઈએ કોઈ પણ એક અંગનો અભાવ થયે છતે જય અને પરાજયની વ્યવસ્થા થાય નહીં વાદી જિગીષુ હોવાના કારણ લુચ્ચાઈ-જુઠ-માયા કલહ વિ.હોઈ શકે છે. તેથી વાદીને નિર્ણય આપવા સભ્ય સભાપતિની આવશ્યકતા છે.

अनयैव नीत्या जिगीषुमिव स्वात्मनि तत्त्वनिर्णिनीषुमपि प्रत्यस्य वादिता प्रतिवादिता वा न सङ्गच्छत इति पारिशेष्यात् तृतीय-तुरीययोरेव वादः सम्भवतीत्यभिदधते—

બીજા ભાંગામાં કેટલા અંગો જોઈએ તે જણાવે છે.

द्वितीये तृतीयस्य कदाचिद् द्व्यङ्गः कदाचित् त्र्यङ्गः ॥ ११ ॥

सूत्रार्थ- બીજા નંબરનાં પ્રારંભક એવાવાદીમાં ત્રીજા નંબરનો પ્રતિવાદી હોય ત્યારે બે અંગ હોય છે અને ક્યારેક ત્રણ અંગ હોય છે.

द्वितीये—स्वात्मनि तत्त्वनिर्णिनीषौ वादिनि सति, तृतीयस्य परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमज्ञानशालिनः, कदाचिद् द्व्यङ्गः-द्वे वादिप्रतिवादिलक्षणे अङ्गे यस्य द्व्यङ्गो वादो भवति। कदाचित् त्र्यङ्गः—वादि प्रतिवादि-सभ्यलक्षणस्त्र्यङ्गो वा वादो भवति ।

अयमर्थः— यदा परत्र तत्त्वनिर्णिनीषुक्षायोपशमज्ञानशाली प्रतिवादी स्वयमेव वादिनि जयपराजयनिरपेक्षतया तत्त्वनिर्णयं कर्तुं समर्थः, तदा इतरस्य सभ्य-सभापतिरूपस्याङ्गद्वयस्याभावाद् द्व्यङ्ग एव वादो भवति। यदा तु कृतप्रयत्नेनापि प्रतिवादिन वादिनि तत्त्वनिर्णयो न कर्तुं शक्यते तदा तन्निर्णयार्थं सभ्यानामपेक्ष्यमाणत्वात् त्र्यङ्गो वादो भवति। स्वपरोपकारायैव प्रवृत्तयोरनयोः शाठ्यकलहाऽऽद्यसम्भवेन सभापतेरनपेक्षणीयत्वादिति भावः ॥ ११ ॥

टीकार्थ–स्वात्मनि तत्त्वनिर्णिनीषु એ બીજા નંબરનો વાદી હોતે છતે ત્રીજા એટલે પરત્ર તત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાનશાલી, એવા પ્રતિવાદી ને ક્યારેક બે અંગ એટલે કે વાદી અને પ્રતિવાદી સ્વરૂપ બે અંગ છે જેને એવો બે અંગવાળો વાદ થાય છે. અને ક્યારેક ત્રણ અંગ=વાદી પ્રતિવાદી અને સભ્યરૂપ ત્રણ અંગવાળો વાદ થાય છે.

તેનો અર્થ આ પ્રમાણે છેઃ- જ્યારે પરત્ર તત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાનશાલી એવા પ્રતિવાદી સ્વયં જ વાદીમાં જય અને પરાજયની અપેક્ષા વિના તત્વનો નિર્ણય કરવામાં સમર્થ હોય ત્યારે ઇતર એવા સભ્ય અને સભાપતિરૂપ બે અંગનો અભાવ હોવાથી બે અંગવાળો જ વાદ થાય છે. પરંતુ જ્યારે કરાયો છે પ્રયત્ન જેણે એવા પ્રતિવાદી વડે વાદી એવા સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુમાં તત્ત્વનો નિર્ણય કરાવવાને માટે શક્ય ન હોય ત્યારે તેના નિર્ણયમાં સભ્યોની અપેક્ષા હોવાથી ત્રણ અંગવાળો વાદ થાય છે. વાદી અને પ્રતિવાદીની પ્રવૃત્તિ સ્વ-ઉપકારને માટે જ હોય છે માટે ત્યાં શઠતા ઝગડો-વિગેરેની સંભાવના ન હોવાથી સભાપતિની અપેક્ષા રહેતી નથી.

द्वितीय एव वादिनी चतुर्थस्याङ्गनियममाहुः—

तत्रैव द्व्यङ्गस्तुरीयस्य ॥ ८-१२॥

सूत्रार्थ– ત્યાં બીજાની સાથે જ ચોથો પ્રતિવાદી હોય તો બે અંગવાળો વાદ થાય છે.

तत्रैव-स्वात्मनि-तत्त्वनिर्णिनीषौ-वादिनि सति,तुरीयस्य परत्र तत्त्व-निर्णिनीषोः केवलिनः द्व्यङ्गः-वादि-प्रतिवादीलक्षणो द्व्यङ्ग एव वादो भवतीत्यर्थः ॥ १२॥

સૂત્રાર્થ-તત્રૈવ=સ્વાત્મનિ તત્વનિર્ણિનીષુ એવા વાદી હોતે છતે તુરીયસ્ય=પરત્ર તત્ત્વનિર્ણિનીષુ કેવલી એવા પ્રતિવાદીનો બે અંગવાળો=વાદી પ્રતિવાદી સ્વરૂપ જ વાદ થાય છે કેવલી જ પ્રતિવાદી હોવાના કારણે વાદીમાં તત્ત્વનો નિર્ણય અવશ્ય કરી આપે છે માટે સભ્ય કે સભાપતિની જરૂર રહેતી નથી.

तृतीयाऽङ्गनियममाहुः—

ત્રીજા ભાંગામાં કેટલા અંગો હોય તે જણાવે છે.

तृतीये प्रथमादीनां यथायोगं पूर्ववत् ॥ ८-१३॥

સૂત્રાર્થ-પરત્ર - તત્ત્વનિર્ણિનીષુ - ક્ષાયોપશમિક - જ્ઞાનશાલી એવા ત્રીજા ભાંગામાં જિગીષુ આદિ પ્રતિવાદીનું યથાયોગ્ય પૂર્વની જેમ જાણવું.

तृतीये -परत्र तत्त्वनिर्णिनीषौ क्षायोपशमज्ञानशालिनि वादिनि सति, जिगीषोः प्रतिवादिनश्चतुरङ्गः, स्वात्मनि तत्त्वनिर्णनीषोः, परत्र तत्त्वनिर्णिनीषोः, क्षायोपशमज्ञानशालिनश्च प्रतिवादिनो द्व्यङ्गः, कदाचित् त्र्यङ्गः, परत्र तत्त्वनिर्णिनीषोः केवलिनो द्व्यङ्गः एव वादो भवतीत्यर्थः ॥ १३॥

ટીકાર્થ-તૃતીયે=પરત્ર તત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિકજ્ઞાનશાલી એવા વાદી હોય ત્યારે જિગીષુ એવા પ્રતિવાદીનો ચાર અંગવાલો વાદ થાય છે. અને (પરત્ર તત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિકી વાદીમાં) સ્વાત્મનિ તત્વનિર્ણિનીષુ અને પરત્ર તત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિકજ્ઞાનશાલી એવા પ્રતિવાદીનો ક્યારેક બે અંગવાળો અને ક્યારેક ત્રણ અંગવાળો વાદ થાય છે અને પરત્ર તત્ત્વનિર્ણિનીષુ કેવલી એવા પ્રતિવાદીનો બે અંગવાળો જ વાદ હોય છે.

तुरीयेऽङ्गनियममाहुः—

ચોથા ભાંગામાં કેટલા અંગો જોઈએ તે જણાવે છે.

तुरीये प्रथमादीनामेवम् ॥ ८-१४ ॥

સૂત્રાર્થ-ચોથા ભાંગામાં પ્રથમવિગેરે પ્રતિવાદીઓની જેમ જ વાદ જાણવો.

परत्र तत्त्वनिर्णिनीषौ केवलिनि वादिनि सति प्रथमस्य-जिगीषोः चतुरङ्गो वादो भवति तथाचोक्तम् ।

"प्रारम्भकापेक्षतया यदेवमङ्गव्यवस्था लभते प्रतिष्ठाम् ।
संचिन्त्य तस्मादमुमादरेण प्रत्यारभेत प्रतिभाप्रगल्भः ॥ इति १४ ॥"

टीकार्थ-પરત્ર તત્ત્વનિર્ણિનીષુ કેવલી એવા વાદી હોય ત્યારે પ્રથમ પ્રતિવાદી જિગીષુનો ચાર અંગ વાળો વાદ થાય છે. (અને આદિથી બીજા અને ત્રીજા એટલે કે સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ તથા પરત્ર તત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાનશાલી એવા પ્રતિવાદીનો વાદ બે અંગવાળો હોય છે.)

આ પ્રમાણે કહ્યું છે કે પ્રારંભકની અપેક્ષા (વાદીની અપેક્ષા)એ ઉપર મુજબની અંગ વ્યવસ્થા પ્રતિષ્ઠાને (યશને) પામે છે. તેથી આ અંગની વ્યવસ્થાનો વિચારકરીને પ્રતિભાશાલી બુદ્ધિમાન આદરપૂર્વક પ્રત્યારંભ (પ્રતિવાદ) કરે છે.

चतुरङ्गो वाद इत्युक्तम्, कानि पुनश्चत्वार्यङ्गानि ? इत्याहुः—

ચાર અંગો ક્યા ક્યાં છે તે જણાવે છે.

वादि-प्रतिवादि सभ्य-सभापतयश्चत्वार्यङ्गानि ॥ ८-१५ ॥

वादस्येति शेषः ॥ १५ ॥

સૂત્રાર્થ-ટીકાર્થ-વાદના ૧. વાદી ૨. પ્રતિવાદી ૩. સભ્યો અને ૪. સભાપતિ આ ચાર અંગો જાણવાં

अथैतेषां लक्षणं कर्म च कीर्तयन्ति—

વાદી અને પ્રતિવાદી કેવા હોય છે તે જણાવે છે.

प्रारम्भक-प्रत्यारम्भकावेव
मल्लप्रतिमल्लन्यायेन वादिप्रतिवादिनौ ॥ ८-१६ ॥

સૂત્રાર્થ- મલ્લ અને પ્રતિમલ્લના ન્યાયથી પ્રારંભક અને પ્રત્યારંભક જ વાદી અને પ્રતિવાદી કહેવાય છે.

यौ प्रारम्भक-प्रत्यारम्भकपदाभ्यां पूर्वमुक्तौ तावेव वादिप्रतिवादि, शब्दाभ्यां व्यपदिश्येते ॥ १६ ॥

टीकार्थ- જે પૂર્વે પ્રારંભક અને પ્રત્યારંભક પદવડે કહેવાયા છે તે જ વાદી અને પ્રતિવાદી શબ્દદ્વારા કહેવાય છે. એટલે કે કુશળતા પૂર્વક કુસ્તીમાટે

આહ્વાન કરનાર મલ્લ અને પ્રતિકાર કરનાર પ્રતિમલ્લ કહેવાય છે તેમ વાદમાં પણ વાદની શરૂઆત કરનાર વાદી અને તેનો પડકાર કરનાર (પ્રત્યારંભક) પ્રતિવાદી કહેવાય છે.

વાદી અને પ્રતિવાદીનું કાર્ય શું છે? તે જણાવે છે.

प्रमाणतः स्वपक्षस्थापन-
प्रतिपक्षप्रतिक्षेपावनयोः कर्म ॥ ८-१७ ॥

સૂત્રાર્થ-પ્રમાણપૂર્વક સ્વપક્ષનું સ્થાપન કરવું અને પરપક્ષનું ખંડન કરવું એ વાદી અને પ્રતિવાદી ઉભયનું કર્તવ્ય છે.

वादिना स्वपक्षस्य स्थापनं प्रतिवादिपक्षस्य खण्डनं चेति द्वितयं कर्तव्यम्। एवं प्रतिवादिनापि स्वपक्षस्थापनं वादिपक्षप्रतिक्षेपश्चेति द्वयं कर्तव्यम् । अन्यतरस्याप्यभावे तत्त्वनिर्णय एव न स्यादिति भावः । - तदुक्तम् :-

"मानेन पक्ष-प्रतिपक्षयोः क्रमात् प्रसाधनक्षेपणकेलिकर्मठौ ।
वादेऽत्र मल्ल-प्रतिमल्लनीतितो वदन्ति वादि-प्रतिवादिनौ बुधाः ॥ १७ ॥

टीकार्थ- વાદી વડે પ્રમાણદ્વારા પોતાના પક્ષનું સ્થાપન, અને પ્રતિવાદીના પક્ષનું ખંડન, એ પ્રમાણે બે પ્રકારે કર્તવ્ય છે. એજ પ્રમાણે પ્રતિવાદી દ્વારા પણ પોતાના પક્ષનું સ્થાપન અને વાદીના પક્ષનું ખંડન, એમ બે પ્રકારે કાર્ય છે. આ બેમાંથી કોઇ પણ એકનો અભાવ હોય તો તત્ત્વનો નિર્ણય ન થાય. તે જ વાત કહી છે–અહીં વાદમાં પ્રમાણથી ક્રમશઃ સ્વપક્ષની સિદ્ધિ અને પરપક્ષનું ખંડન કરવાની ક્રીડામાં કુશલપુરુષોને, પંડિતપુરુષો મલ્લ અને પ્રતિમલ્લના ન્યાયથી, વાદી અને પ્રતિવાદી કહે છે.

સભ્યોનું લક્ષણ (સ્વરૂપ) જણાવે છે.

वादिप्रतिवादिसिद्धा न्ततत्त्वनदीष्णत्व-धारणाबाहुश्रुत्यप्रतिभा-
क्षान्ति-माध्यस्थ्यैरुभयाभिमताः सभ्याः ॥ ८-१८ ॥

સૂત્રાર્થ-વાદી અને પ્રતિવાદી એ બંનેના સિદ્ધાન્તના તત્ત્વ જાણવામાં કુશળતાવાળા ધારણાશક્તિવાળા, બુહશ્રુતવાળા, પ્રતિભાશાલી, ક્ષમાશીલ (શાન્ત પ્રકૃતિવાલા), માધ્યસ્થસ્વભાવના કારણે વાદી અને પ્રતિવાદી બંને દ્વારા માન્ય હોય છે તેઓ સભ્યો કહેવાય છે.

नदीष्णत्वं -कुशलत्वं, शेषं स्पष्टम् ॥ १८ ॥

टीकार्थ-नदीष्णत्वं=કુશળતા, બાકીનું સ્પષ્ટ છે.

સભ્યો શું કાર્ય કરવાનું છે તે જણાવે છે.

वादि-प्रतिवादिनोर्यथायोगं वादस्थानककथाविशेषाङ्गीकारणाऽग्रवादोत्तरवादनिर्देशः, साधकबाधकोक्तिगुणदोषावधारणं, यथावसरं तत्त्वप्रकाशनेन कथाविरमणं, यथासम्भवं सभायां कथाफलकथनं चैषां कर्माणि ॥ ८-१९ ॥

सूत्रार्थ-વાદી અને પ્રતિવાદીના વાદ સ્થાનનો અને વિષયનો નિર્ણયકરવો (આજે કઇ કથા સંબંધી વાદ કરવો તે નક્કી કરવા દ્વારા)કથા વિશેષનો સ્વીકાર કરાવવો, પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનો (વાદી-અગ્રેસર અને ઉત્તરવાદ-પ્રતિવાદી કોને કરવો તેનો) નિર્દેશ કરવો. વાદી અને પ્રતિવાદી એ કહેલા સાધક અને બાધકપ્રમાણનાં વચનોમાં ગુણદોષનું અવધારણ=નક્કી કરવું, અવસર આવે ત્યારે (જો વાદી અને પ્રતિવાદી અથવા બંને મૂળવિષયનો ત્યાગ કરીને આડા અવળા થઈને સમય પસાર કરવા માટે ચર્ચા કરે ત્યારે) તત્ત્વને જણાવવા દ્વારા વાદને સમાપ્ત કરવો યથાયોગ્ય(જ્યાં જ્યાં કોઈ સંભવ લાગે ત્યાં ત્યાં) કથાના ફલની (જય પરાજયની) ઘોષણા કરવી એ સભ્યોના કર્તવ્યો છે. (ટુંકમાં સભ્યો વકિલ જેવા છે પ્રતિવાદી કે વાદીને ખોટી રીતે બોલવા ન દે, ખોટો સમય ન બગાડવા દે, અઘટિત કંઈ ન થાય તેનું ધ્યાન સભ્યો રાખે છે)

यदा वादि-प्रतिवादिनौ स्वयमनङ्गीकृतपक्षप्रतिपक्षौ प्रवर्तेते तदा 'त्वया शब्दस्य नित्यत्वं साधनीयं, त्वया च कथञ्चिन्नित्यत्वम् ' इत्येवंरूपयोः पक्ष-प्रतिपक्षयोरङ्गीकारणा, सर्वानुवादेन वा वक्तव्यम्'' इत्येवंरूपस्य कथाविशेष-स्याङ्गीकारणा, 'अनेन प्रथमं वक्तव्यमनेन पश्चात्' इत्यग्रवादोत्तरवादनिर्देशः, वादि-प्रतिवादिभ्यामभिहितयोः साधकबाधकवचनयोर्गुणदोषावधारणं, यदा एकेन प्रतिपादितमपि तत्त्वमन्येननाभ्युपगम्यते, यदा वा द्वावपि तत्त्वपरा-ङ्मुखमुदीरयन्तौ न विरमतः तदा तत्त्वप्रकाशनेनतयोर्विरमणं, जय-पराजयादिरूपं वादफलकथनं चैषां-सभ्यानां कर्माणि कर्तव्यानि ॥ १९ ॥

टीकार्थ-સભ્યોના કાર્યો જ્યારે પોતાની રીતે પક્ષ અને પ્રતિપક્ષ નથી સ્વીકાર્યો એવા વાદીઓ અને પ્રતિવાદી પ્રવર્તે છે ત્યારે "તારા વડે શબ્દનું

નિત્યપણું સાધવા યોગ્ય છે" "તારે કથંચિત્ નિત્યત્વ સાધવાનું છે" એવા સ્વરૂપવાળા પક્ષ અને પ્રતિપક્ષ તે અંગીકાર કરાવે છે. અથવા "સર્વના અનુવાદ દ્વારા બોલવા યોગ્ય છે" (વાદના સમયે સર્વે કથન કરીને બોલવું) ઇત્યાદિ સ્વરૂપ કથાવિશેષોનો બંનેને સ્વીકાર કરાવવો તથા "આનાવડે પ્રથમ કથન કરવું (પૂર્વપક્ષ) અને આનાવડે પછીથી બોલવું (ઉત્તરપક્ષ) સ્વરૂપ અગ્રવાદ અને ઉત્તરવાદનો નિર્દેશ કરે છે. તથા વાદી અને પ્રતિવાદી બન્નેએ કહેલા સાધક અને બાધક વચનમાં ગુણ દોષનો નિશ્ચય કરે છે. જ્યારે એકે પ્રતિપાદિત કરેલ તત્ત્વને બીજો (મોહથી અથવા દૂરાગ્રહથી) ન સ્વીકારે ત્યારે અથવા બન્ને પણ તત્ત્વથી પરાઙ્મુખ (ભષ્ટ)થઈને વાદ કરે પણ વાદનો અંત લાવે નહીં ત્યારે તત્ત્વને જણાવવા દ્વારા બન્નેને અટકાવે છે તથા જય અને પરાજય વિગેરે સ્વરૂપ વાદના ફલનું કથન કરે છે. આ બધા સભ્યોના કાર્યો છે.

સભાપતિ નું સ્વરૂપ જણાવે છે. તથા તેનું કાર્ય બતાવે છે.

प्रज्ञाऽऽज्ञैश्वर्य-क्षमा-माध्यस्थसम्पन्नःसभापतिः ॥ ८-२० ॥

वादि-सभ्याभिहितावधारणं कलहव्यपोहादिकं चास्य कर्म ॥ ८-२१ ॥

सूत्रार्थ-પ્રજ્ઞા=બુદ્ધિશાલી, આજ્ઞા=જેની આજ્ઞા જગતમાન્ય કરતું હોય તે, ઐશ્વર્ય=પ્રભાવ-ઠકુરાઇ, ક્ષમા=શાન્તપ્રકૃતિવાળા માધ્યસ્થ્ય વિગેરેગુણોથી યુક્ત હોય તે સભાપતિ કહેવાય છે. વાદી અને સભ્યોવડે કહેલી વાતનું અવધારણ કરવું કલહને દૂર કરવો વિગેરે કાર્યો સભાપતિના છે.

वादि-प्रतिवादिभ्यां सभ्यैश्च कथितस्यावधारणं, कलहनिराकरणम्, आदिना पारितोषिकवितरणादिकं चास्य सभापतेः कर्म-कर्तव्यम् ॥ २१ ॥

टीकार्थ-વાદી અને પ્રતિવાદી તથા સભ્યોવડે કહેવાયેલી વાતને ધારણકરવી કલહ દૂર કરવો, આદિ પદથી ઇનામનું વિતરણ કરવું, પ્રતિજ્ઞાનું પાલન કરાવવું વિગેરે સભાપતિના કાર્યો છે.

अथ जिगीषुवादे कियत्कक्षं वादिप्रतिवादिभ्यां वक्तव्यमिति निर्णेतुमाहुः-

જિગીષુ વાદ ક્યાં સુધી ચલાવવો તે જણાવે છે.

सजिगीषुकेऽस्मिन् यावत्सभ्यापेक्षं स्फूर्तौ वक्तव्यम् ॥ २२ ॥

सूत्रार्थ–બંન્નેમાં એક પણ જિગીષુ હોતે છતે સભ્યોને તત્ત્વ સાંભળવાની આકાંક્ષા પર્યંત તથા સભ્યોની સ્ફૂર્તિ હોય ત્યાં સુધી બોલવું.

जिगीषुणा जिगीषुभ्यां जिगीषुभिर्वा सह वर्तत इति सजिगीषुकेऽस्मिन् वादे, यावत् सभ्या अपेक्षन्ते स्फूर्तौ सत्यां-प्रतिपादनोत्साहे सति, तावद् वक्तव्यम् ॥ २२ ॥

टीकार्थ–એક બે કે અનેક જિગીષુની સાથે વર્તે છે=ત્યારે જિગીષુ સહિત એવા આ વાદમાં જ્યાં સુધી સભ્યો (વાદી-પ્રતિવાદીની સ્વપક્ષ સિદ્ધ કરવાની તથા પરપક્ષનું ખંડન કરવાની શક્તિ તેમજ અશક્તિની પરીક્ષા કરવા માટે) અપેક્ષા રાખે ત્યાં સુધી તથા સ્ફૂર્તિ એટલે કે પ્રતિપાદન કરવામાં ઉત્સાહ હોય ત્યાં સુધી વાદ ચલાવવા યોગ્ય છે.

अथ तत्त्वनिर्णिनीषुवादे कियत्कक्षं वादिप्रतिवादिभ्यां वक्तव्यमिति निर्णेतुमाहुः—

તત્ત્વનિર્ણિનીષુના વાદની સમયમર્યાદા બતાવે છે.

उभयोस्तत्त्वनिर्णिनीषुत्वे यावत्तत्त्वनिर्णयं यावत्स्फूर्ति च वाच्यम् ॥ ८-२३ ॥

सूत्रार्थ–બન્ને તત્ત્વના નિર્ણયની ઇચ્છાવાળા હોય તો તત્ત્વનો નિર્ણય થાય ત્યાં સુધી અને સ્ફૂર્તિ હોય ત્યાં સુધી બોલવું જોઇએ (વાદ કરવા યોગ્ય છે.)

उभयो :- वादि-प्रतिवादिनोस्तत्त्वनिर्णीनीषुत्वे यावता तत्त्वनिर्णयो भवति तावत् स्फूर्तौ सत्यां वक्तव्यम्, अनिर्णये वा यावत्स्फूरति तावद्वक्तव्यम् ॥ २३ ॥

टीकार्थ–ઉભય એટલે કે વાદી અને પ્રતિવાદીને તત્ત્વનિર્ણયની ઇચ્છા હોતે છતે જ્યાં સુધી તત્વનો નિર્ણય થાય અને જ્યાં સુધી સ્ફૂર્તિ રહે ત્યાં સુધી વાદ કરવા યોગ્ય છે. તત્ત્વનો નિર્ણય ન થયો હોય તો જ્યાં સુધી સ્ફૂર્તિ રહે ત્યાંસુધી વાદ કરવા યોગ્ય છે.

छात्राणामुपकाराय रामगोपालशर्मणा ।

वसु-सिध्यङ्क-भूम्यब्दे (१९८८) टिप्पणीयं विनिर्मिता ॥

इति बालबोधिन्याख्यया टिप्पण्या विभूषिते श्रीवादिदेवसूरिसंदृब्धे प्रमाणनयतत्त्वाऽऽलोके वाद-वादि-सभ्य-सभापतिस्वरूपनिर्णायको नामाष्टमः परिच्छेदः ।

[तत्समाप्तौ समाप्तोऽयं ग्रन्थः ।]

વિદ્યાર્થીના ઉપકારને માટે રામગોપાલ શર્માવડે ૧૯૮૮માં ટિપ્પણી બનાવાઈ.

એ પ્રમાણે બાલબોધિની નામની ટિપ્પણી વડે શોભતા એવા તથા વાદિદેવસૂરીજીએ રચેલા પ્રમાણનય તત્ત્વાલોક નામનાગ્રન્થમાં વાદ-વાદી-સભ્ય સભાપતિના સ્વરૂપ નો નિર્ણય કરનાર આઠમો પરિચ્છેદ પૂર્ણ થયો...

આ પ્રમાણે બાલબોધિની નામની ટિપ્પણી વડે શોભતા એવા અને વાદિદેવસૂરીશ્વરજીએ રચેલા પ્રમાણનય તત્ત્વાલોક નામના ગ્રન્થનો આઠ પરિચ્છેદનો લઘુટીકાનો વિદુષી સાધ્વી શ્રી સત્યરેખાશ્રીજીના શિષ્યા સાધ્વી મહાયશાશ્રીએ સ્વાભ્યાસાર્થે ગુર્જરભાષાનુવાદ કરેલો પૂર્ણ થયો.

■ ● ■

મુખપૃષ્ઠ-પરિચય

અનેકાંતવાદ સર્વનયોના સમૂહરૂપ છે નૈગમાદિ સર્વનયોને સમાનરૂપે જુએ છે જેમ છૂટા મોતીઓને એક દોરો જોડે ત્યારે તે મોતીઓ 'હાર' હૂલામણા નામને પામે છે એ પ્રમાણે ભિન્ન ભિન્ન અર્થવાળા નયો સ્યાદ્વાદરૂપી દોરીથી ગુંથવાથી 'શ્રુતપ્રમાણ' નામને પામે છે.

श्री सिद्धसेन दिवाकर पादाः-उदधाविव सर्वसिन्धवः
समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः।
न च तासु भवान् दृश्यते ।
प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

જેમ સમુદ્રમાં બધી નદીઓ મળે છે તેમ હે નાથ ! તારામાં (તારા વચનમાં) સર્વદૃષ્ટિઓ (બધા-દર્શનો-નયો) સમાવેશ પામે છે તે વિભક્ત નદીઓમાં જેમ સમુદ્ર દેખાતો નથી તેમ તે દર્શનોમાં તું દેખાતો નથી.

Created By : Kirit Graphics (079) (O) 5352602 (R) 6622806